॥ ॐ ॥

॥ अर्हम् ॥

વાદીવેતાલ શ્રીશાંતિસૂરિવિરચિત

# चेइयवंदणमहाभासं

## (ચૈત્યવંદન મહાભાષ્ય)

ગુજરાતી ભાવાનુવાદ



ભાવાનુવાદકાર

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

શ્રી ધરણેંદ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રીદાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરીશ્વરેભ્યો નમઃ
ऐं नमः

ગુજરાતી ભાવાનુવાદ સહિત

# चेइयवंदणमहाभासं

## (ચૈત્યવંદન મહાભાષ્ય)

**રચયિતા**

વાદીવેતાલ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શાંતિસૂરિ મહારાજા

**ભાવાનુવાદકાર**

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ના પટ્ટાલંકાર
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મ. ના પટ્ટપ્રદ્યોતક
પ.પૂ. આચાર્યદેવ શ્રીલલિતશેખર સૂરીશ્વરજી મ. ના વિનેયરત્ન

**પૂજ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરિ મહારાજ**

સંપાદક : પૂ.મુ. શ્રી ધર્મશેખર વિ.મ.


**પ્રકાશક**

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
C/o. હિંદુસ્તાન મિલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ
મુંબઈ-આગ્રા રોડ, ભિવંડી ૪૨૧ ૩૦૫ (જીલ્લો થાણા)

**મુદ્રક**

*ટાઈપસેટીંગ 'ત્રીસલા પ્રીંટર્સ'*
*બોરીવલી (વે), ✆ : ૮૬૨ ૨૮૪૪*
***અરિહંત પેપર એન્ડ પ્રિન્ટ*** મલાડ (વે), ✆:૮૬૫ ૯૫૨૭.

**કિંમત-૧૫૦ રૂપિયા**

વિ.સં. ૨૦૫૫. વીર સં. ૨૫૨૫. ઈ.સ. ૧૯૯૯. નકલ - ૧૦૦૦


**વિશેષ સૂચના**

આ પુસ્તક જ્ઞાન દ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચુકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહિ, વાંચવા માટે પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

## ❀ પ્રકાશકીય વક્તવ્ય ❀

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટની સ્થાપના થયા બાદ ટૂંક સમયમાં જ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી રાજશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબ દ્વારા સંપાદિત અનુવાદિત નિત્ય ઉપયોગી સાધના સંગ્રહ, યોગબિંદુ અને યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથના પ્રકાશનનો લાભ મળ્યો. હવે આ વર્ષે તેઓશ્રીના ભાવાનુવાદથી યુક્ત આ **"ચૈત્યવંદન મહાભાષ્ય"** ગ્રંથનું પ્રકાશન કરતાં અમારો આનંદોદધિ ઉછાળા મારી રહ્યો છે.

આ પ્રકાશન માટે **શ્રી સાવર-કુંડલા શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘ-શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢી, શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ આરાધના ભુવન (વિરાર) તથા ચંદ્રાવતીબેન બાલુભાઈ ખીમચંદ ઝવેરી રીલીજીયસ ટ્રસ્ટ (મલાડ)** તરફથી જ્ઞાનનિધિમાંથી આર્થિક સહકાર પ્રાપ્ત થયો છે તે બદલ આ ટ્ર. તેસંઘનો આભાર માને છે.

ભવિષ્યમાં પણ અમને આવા પ્રકાશનોનો લાભ મળતો રહે અને સાતક્ષેત્રની ભક્તિ માટે પૂજ્યોનું માર્ગદર્શન મળતું રહે એવી અભ્યર્થના.

### ☆ હવે પછી પ્રકાશિત થનારા ગ્રંથો ☆

(૧) યતિલક્ષણ સમુચ્ચય (ભાવાનુવાદ સહિત)

(૨) હીરપ્રશ્ન-પ્રશ્નોત્તર સમુચ્ચય (ભાવાનુવાદ સહિત)

(૩) સિદ્ધહેમશબ્દાનુશાસન (મધ્યમવૃત્તિ)

✍ **લિ. શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

## ❀ ભાવાનુવાદકારનું સંસ્મરણ ❀

અત્યાર સુધીમાં મેં જે જે ગ્રંથનો અનુવાદ કર્યો છે તે બધા ગ્રંથો ઉપર સંસ્કૃત ટીકા હતી. પણ આ ગ્રંથ ઉપર ટીકા નથી. આથી આ ગ્રંથના અનુવાદનો પ્રારંભ કરતાં પહેલાં કેવળ મૂળ શ્લોકોનો અનુવાદ કેવી રીતે કરી શકીશ? એવી શંકાના વાદળો મારા મનોગગન ઉપર ઘેરાઈ ગયા. પણ મારા આદ્ય અને સર્વાધિક પરમોપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની અને નિઃસ્પૃહતાનીરધિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્યકૃપાના પ્રભાવનું સ્મરણ થતાં જ એ વાદળો દૂર સુદૂર હડસેલાઈ ગયા. ખરેખર ! ધાર્યા કરતાં અલ્પ સમયમાં આ અનુવાદ તૈયાર થઈ ગયો. આથી આ પ્રસંગે આ બે મહાપુરુષોનું પ્રણિધાન કરું છું.

અનુવાદની સુવાચ્ય અક્ષરોમાં પ્રેસકોપી તૈયાર કરનારા મારા પ.પૂ. ગુરુદેવશ્રી **(આચાર્ય ભગવંત શ્રી લલિતશેખર સૂરીશ્વરજી મ.)**ને ભાવભરી વંદના કરું છું. પ્રસ્તુત અનુવાદ કરવા માટે પત્રથી અને મૌખિક પ્રેરણા કરીને મને પ્રસ્તુત ગ્રંથનું અધ્યયન કરવાની ઉત્તમ તક આપનારા નિપુણમતિ **આચાર્ય શ્રી હેમભૂષણસૂરિજી** પણ આ પ્રસંગે સ્મૃતિપથમાં આવ્યા વિના રહેતા નથી. **મુનિશ્રી ધર્મશેખર વિજયજીએ** આ ગ્રંથનું સંપાદન કાર્ય કરીને મારો ઘણો બોજ ઓછો કરી નાખ્યો છે. **મુનિશ્રી હર્ષશેખર વિજયજીએ** ફાઈનલ પ્રૂફો ચીવટથી તપાસીને ઘણી અશુદ્ધિઓને દૂર કરી છે.

ચૈત્યવંદનમહાભાષ્યની જે જે ગાથાની સંસ્કૃત ટીકા બીજા ગ્રંથમાંથી પ્રાપ્ત થઈ તે તે ગાથાની સંસ્કૃત ટીકા આ ગ્રંથમાં લીધી છે, અને તે ટીકાનો અનુવાદ પણ કર્યો છે. તે તે ગાથાની ટીકા જે ગ્રંથની હોય તે ગ્રંથના નામનો અને ગાથાનંબરનો પણ આમાં નિર્દેશ કર્યો છે.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી વિરુદ્ધ કંઈ પણ મારાથી લખાયું હોય તો તે બદલ ત્રિવિધ ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

વિ.સં. ૨૦૫૪, ચૈ.સુ. ૯ રવિવાર
હાલારી વિશા ઓસવાલ મહાજન વાડી
મુંબઈ-દાદર

# અમે આભારી છીએ

અમે આભારી છીએ કે જેમણે
સમ્યક શ્રુતભક્તિમાં
પોતાના જ્ઞાન નિધિનો
સદુપયોગ કર્યો છે.

**શ્રી સાવર કુંડલા શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘ**
**શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢી**
**શ્રી સંઘવી જગજીવન જેઠાભાઈ શ્વે.મૂ. જૈન ઉપાશ્રય.**
સાંવરકુંડલા-૩૬૪૫૧૫ (સૌરાષ્ટ્ર)

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ આરાધના ભુવન**
ન્યુ હરિ કો.ઓ.હા. સોસાયટી
સુમન કોમ્પલેક્ષ, આગાસી રોડ,
વિરાર (વેસ્ટ) - ૪૦૧૩૦૩

**શ્રી ચંદ્રાવતીબેન બાલુભાઈ ખીમચંદ રીલીજીયસ ટ્રસ્ટ**
રત્નપુરી, ગૌશાળાલેન, મલાડ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૯૭

# ❀ વાદીવેતાલ આચાર્યશ્રી શાંતિસૂરિનો પરિચય ❀

યુગપ્રધાન આચાર્ય હારિલ સૂરિના ગચ્છમાં થયેલા આચાર્ય વટેશ્વરસૂરિથી થારાપદ્ર ગચ્છ નીકળ્યો. જેમાં અનેક વિદ્વાન આચાર્યો થયા. થારાપદ્રગચ્છમાં વિજયસિંહ નામે આચાર્ય હતા. તેઓ ચૈત્યવાસી હતા. તે સંપત્કર (શાંતૂ) મહેતાના ચૈત્યમાં રહેતા હતા. એક દિવસ રાધનપુર પાસેના ઊણ ગામમાં તેઓ ગયા. ત્યાંના દેરાસરના દર્શન કર્યા પછી તેમની નજર એક છોકરા ઉપર પડી, તેનાં લક્ષણોમાં પ્રભાવકતાનાં સ્પષ્ટ ચિહ્નો વરતાતાં હતાં.

એ છોકરો ઊણ નિવાસી શ્રીમાલી શેઠ ધનદેવ અને તેની પત્ની ધનશ્રીનો ભીમ નામે પુત્ર હતો. ભીમ બચપણથી જ તીક્ષ્ણબુદ્ધિવાળો હતો. તેનું વિશાળ ભાલ, ઢીંચણ સુધીના લાંબા હાથ અને બીજાં અનેક લક્ષણોથી એ તેજસ્વી લાગતો હતો. આચાર્યશ્રી ધનદેવ શેઠ પાસે ગયા અને સંઘના કલ્યાણ માટે એમના પુત્રની માગણી કરી. શેઠે મોટો લાભ થતો જાણીને પોતાનો પુત્ર તેમને સોંપ્યો. આચાર્યશ્રીએ તેને દીક્ષા આપી. મુનિ શાંતિભદ્ર નામ રાખ્યું. તેમને શાસ્ત્રો-સિદ્ધાંતો ભણાવીને આચાર્ય શ્રી શાંતિસૂરિ નામથી પ્રસિદ્ધ કર્યા. છેવટે તેમને ગચ્છનો ભાર સોંપી અનશન લઈ સ્વર્ગવાસ કર્યો.

આચાર્ય શાંતિસૂરિએ રાજગચ્છીય મહાતાર્કિક આચાર્ય અભયદેવ સૂરિ પાસે તર્કશાસ્ત્ર અને થારાપદ્રીયગચ્છના આચાર્ય સર્વદેવસૂરિ પાસેથી જિનાગમનું જ્ઞાન મેળવ્યું હતું. પાટણ જઈ રાજા ભીમદેવ (સં. ૧૦૭૮ થી સં. ૧૧૨૦)ની રાજસભામાં પોતાની પ્રતિભા વડે 'કવીન્દ્ર' અને 'વાદિચક્રવર્તી'નાં માનદ બિરુદો મેળવ્યાં હતાં.

ધારામાં ભોજરાજની પંડિતસભાના પ્રધાન કવિ ધનપાલે 'તિલકમંજરીકથા'ની રચના કરી હતી. તે માટે તેમણે મહેન્દ્રસૂરિને પૂછ્યું કે, 'આ કથાનું સંશોધન કોણ કરી શકે?' આચાર્યશ્રીએ વાદિવેતાલ શાંતિસૂરિનું નામ આપ્યું. કવિશ્રી એ માટે પાટણ આવ્યા અને સર્વપ્રથમ એમના એક શિષ્ય સાથે વાર્તાલાપ કરવા લાગ્યા. વાર્તાલાપથી તેમને ખાતરી થઈ કે, આવા વિદ્વાન શિષ્યોના ગુરુ વિદ્યાસાગર હોય એમાં નવાઈ નથી જ. તેમણે આચાર્યશ્રીને ધારા પધારવા વિનંતિ કરી અને પોતે સાથે રહીને તેમને સં. ૧૦૮૩ લગભગમાં ધારા નગરી તરફ લઈ ગયો.

એક રાતે સરસ્વતીએ આચાર્યશ્રીને આશીર્વાદ આપ્યો કે, 'તમે તમારો હાથ ઊંચો કરી વાદ કરશો તો તમને દરેક સ્થાને વિજય મળશે.'

ધારા પહોંચતાં અગાઉના મુકામે રાજા ભોજરાજે તેમની સામે આવીને જણાવ્યું કે, 'ધારાની સભામાં ઉદ્‌ભટ વાદીઓ છે, તેમાંના જેટલા વાદીઓને આપ જીતશો તેટલા લાખ માલવી દ્રમ્મ તમને આપીશ. જોઉં છું કે ગુજરાતના જૈન સાધુઓમાં વિદ્વત્તાનું કેટલું સામર્થ્ય છે?'

આચાર્યશ્રીએ ભોજની સભાના ૮૪ જેટલા વાદીઓનો જીતી લીધા.

પછી તો બીજા ૫૦૦ વાદીઓ શાસ્ત્રાર્થ માટે ધારામાં આવી ચડ્યા. શ્રીશાંતિસૂરિ આ બધા વાદીઓને જીતી લેશે એવા વિચારથી દ્રવ્યનો આંકડો ગણતાં રાજા વિમાસણમાં

પડી ગયો. કવીશ્વર ધનપાલે રાજાનું મન પારખી તોડ કાઢ્યો કે, આચાર્યશ્રીનું નામ શાંતિ છે, પણ તે વાદીઓના સામે વેતાલ જેવા છે તેથી હવે વધુ વાદ કરવાની જરૂર નથી. રાજાએ આચાર્યશ્રીને ૮૪ લાખ માલવી દ્રમ્મ આપવાના હતા, જેનું ગુજરાતી નાણું ૧૨ લાખ થાય. તે દ્રવ્યથી ધારામાં જૈનમંદિરો બાંધવામાં આવ્યાં. કવીશ્વરે પોતાના તરફથી ૬૦૦૦ દ્રમ્મ આપ્યા. તે આચાર્યશ્રીની આજ્ઞાથી થરાદના જૈનમંદિર માટે મોકલવામાં આવ્યા. થરાદના સંઘે તે દ્રમ્મમાંથી આદિનાથના દેરાસરમાં ડાબી તરફ એક દેરી કરાવી અને રથ બનાવ્યો.

આચાર્યશ્રીએ 'તિલકમંજરી' માં ઉત્સૂત્રપ્રરૂપણા ન રહે એટલા પૂરતું સંશોધન કરી આપ્યું. રાજાએ આચાર્યશ્રીને 'વાદિવેતાલ'નું માનવંતુ બિરુદ આપી ગુજરાતના સમર્થ વિદ્વાનની કદર કરી.

આચાર્યશ્રીના શિષ્ય પુણ્યભદ્રે સં. ૧૦૮૪માં થરાદમાં રામસેનના રાજા રઘુસેનના જિનાલયમાં ભગવાન આદિનાથની પ્રતિષ્ઠા કરી હતી અને તે જ દેરાસરમાં ડાબી તરફ કવિ ધનપાલે આપેલી રકમમાંથી દેરી બનાવાઈ હતી.

આચાર્ય શાંતિસૂરિ રાજા ભીમદેવની વિનંતિથી ધારાથી વિહાર કરીને કવિ ધનપાલની સાથે પાટણ પધાર્યા. અહીં પાટણમાં શેઠ જિનદેવે પોતાના પુત્ર પદ્મદેવને સાપ કરડવાથી તેને જમીનમાં દાટી રાખ્યો હતો. આચાર્યશ્રીએ તેને બહાર કઢાવી અમૃત ચિંતવી હાથથી સ્પર્શ કર્યો અને પદ્મદેવનું ઝેર ઊતરી ગયું. શેઠ જિનદેવે આચાર્યશ્રીને ભારે ઉત્સવપૂર્વક પોતાને ઘેર પધરાવી ઉપાશ્રયે પહોંચાડ્યા.

આચાર્યશ્રી પોતાના ૩૨ શિષ્યોને પાટણમાં ન્યાયનો અભ્યાસ કરાવતા હતા. વડગચ્છના આચાર્ય મુનિચંદ્રસૂરિ નાડોલથી વિહાર કરી પાટણની ચૈત્યપરિપાટી કરવા માટે પાટણ પધાર્યા. તેઓ એક દિવસે ભગવાન ઋષભદેવનાં દર્શન કરી આચાર્ય શાંતિસૂરિ પાઠ આપી રહ્યા હતા ત્યારે તેમની પાસે આવી, નમસ્કાર કરીને બેસી ગયા. એ સમયે બૌદ્ધ દર્શનના પ્રમેયોનો પાઠ ચાલતો હતો. આચાર્ય મુનિચંદ્રે અહીં ૧૦ દિવસ રહી, પાઠ સમયે હાજરી આપી એ પાઠને વિના પુસ્તકે એકાગ્રતાથી અવધારણ કરી લીધો, પરંતુ આચાર્યશ્રીના શિષ્યો એ પાઠને ધારી ન શક્યા. આથી આચાર્યશ્રીને ભારે ખેદ થયો. આ. મુનિચંદ્રે આ જોઈ આચાર્યશ્રીની આજ્ઞા મેળવી એ દશ દિવસનો પાઠ અનુક્રમે કહી સંભળાવ્યો. આ સાંભળી આચાર્યશ્રીએ એકદમ ઊભા થઈ ઉત્સાહથી તેમને આલિંગન કર્યું અને કહ્યું : 'ખરેખર, તું તો ધૂળમાં ઢંકાયેલું રત્ન છે, તું મારી પાસે રહીને અભ્યાસ કર.' આચાર્યશ્રીને ખ્યાલ હતો કે, પાટણમાં સંવેગી મુનિઓને રહેવા માટે સ્થાન મળતું નથી, તેથી તેમણે આચાર્ય મુનિચંદ્રને ટંકશાળની પાછળ એક ઘરમાં રાખ્યા અને તેમને છયે દર્શનોનો અભ્યાસ કરાવ્યો. આચાર્ય મુનિચંદ્રે વિના પરિશ્રમે તે ધારી લીધો. એ દિવસથી પાટણમાં ચૈત્યવાસીઓ તરફથી સુવિહિત સાધુઓને સુલભતાથી વસતી મળવા લાગી. આ ઘટના સં. ૧૦૯૪ લગભગમાં બની હોય એવો સંભવ છે.

કૌલ મતનો આચાર્ય ધર્મ પંડિત કવીશ્વર ધનપાલની સૂચના મુજબ વાદિવેતાલ આચાર્ય શ્રીશાંતિસૂરિ પાસે પાટણ આવ્યો. તેમની સાથે વાદ કરવાની શરૂઆત કરી. તેણે

પ્રથમ પ્રશ્નચક્ર ચલાવ્યું, આચાર્યશ્રીએ પોતાને દેવ અને પંડિતને કૂતરો બનાવે એવો જવાબ આપ્યો. પછી તો પંડિતે વિતંડાવાદ શરૂ કર્યો. આચાર્યશ્રીએ તે પાઠને અક્ષરશઃ સંભળાવ્યો. તેમજ તેના યોગપટ વગેરે લઈ હૂબહુ તેની નકલરૂપે અંગચેષ્ટા કરી બતાવી. પંડિતે તેમના ચરણમાં મસ્તક ઝુકાવીને કહ્યું : 'કવીશ્વર ધનપાલે જેવા કહ્યા હતા તેવા જ તમે વિદ્વાન છો.' આચાર્યશ્રી સ્વભાવતઃ શાંત હતા. તેથી તે પણ શાંત બની ગયો.

આચાર્યશ્રીએ એક દ્રવિડના વિદ્વાનને પણ જીતી લઈ શાંત બનાવ્યો હતો.

## ❀ ધર્મ પ્રચાર ❀

આચાર્યશ્રીએ ૪૧૫ રાજકુમારોને જૈન બનાવ્યા. ધૂળનો કોટ પડી જવાની ભવિષ્યવાણી કહી સંભળાવી. ૭૦૦ શ્રીમાલી કુટુંબને બચાવી લીધા અને તેઓને દૃઢ જૈનધર્મી બનાવ્યા.

આચાર્ય શાંતિસૂરિના ઉપદેશથી ડીડક શ્રીમાલી જૈન બન્યા હતા. તેમણે ભગવાન આદીશ્વરનું ચૈત્ય બંધાવ્યું હતું અને તે મહીરોલ ગોત્રનાં હતા. સમય જતાં તેઓ પલ્લીવાલગચ્છના બન્યા હતા. (-જૈનપુસ્તંકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૩૫)

તેમણે જે ગ્રંથો બનાવ્યા છે તેની નોંધ નીચે મુજબ છે—

(૧) **ઉત્તરજ્ઝયણ-પાઈયટીકા**—તેમણે અન્ય વૃત્તિઓ હોવા છતાં પૂર્ણતલ્લગચ્છના આચાર્ય ગુણસેનની વિનંતિથી પાટણમાં ભિન્નમાલ વંશીય મહામાત્ય શાંતૂના ચૈત્યગૃહમાં રહી સ્વાધ્યાયવ્યાસંગથી વાદશક્તિના કિલ્લા સમી ઉત્તરાધ્યયનની ટીકા બનાવી છે, જેનું બીજું નામ 'પાઈયટીકા' છે. આચાર્ય વાદિદેવસૂરિએ આ ટીકાના આધારે જ સિદ્ધરાજની સભામાં દિગંબરાચાર્ય કુમુદચંદ્રને હરાવ્યો હતો. (૨) **જીવવિયારપયરણ-ગાથા : ૫૧** (૩) **સંઘાચારચૈત્યવંદનભાષ્ય**-તેનું બીજું નામ 'સંઘસામાચારભાષ્ય' પણ છે. ગાથા : ૯૧૦. (૪) **ધમ્મરયણપયરણ**—(ધર્મશાસ્ત્ર) (૫) **પર્વપંજિકા(અર્હદભિષેકવિધિ)**—તેનું સાતમું પર્વ 'બૃહત્‌શાંતિ' છે. (૧) **અંગવિજ્જા**—તેનો ઉદ્ધાર કર્યો. (૨) **તિલકમંજરી**—કવિ ધનપાલે રચેલી આ કથાનું સંશોધન કર્યું.

આચાર્યશ્રીના વ્યાખ્યાનમાં નાગિની દેવી આવતી હતી અને ગુરુએ વાસક્ષેપ નાખેલા પાટલાં પર બેસતી હતી. એક દિવસે આચાર્યશ્રી વાસક્ષેપ નાખવાનું ભૂલી ગયા, ત્યારે દેવીએ તરત જણાવ્યું કે, 'ભગવન્ ! હવે આપ છ મહિના જીવશો, તે પહેલાં આપે ગચ્છની વ્યવસ્થા અને પરભવની સાધના કરી લેવી જોઈએ.'

આચાર્યશ્રીને ૩૨ શિષ્યો હતા. તેમાંથી મુનિ વીરભદ્ર, મુનિ શાલિભદ્ર અને મુનિ સર્વદેવને બીજે દિવસે તેમણે આચાર્ય બનાવ્યા. આમાં આચાર્ય વીરભદ્ર તો રાજપુરીમાં જ કાલધર્મ પામ્યા. તેમની શિષ્યપરંપરા ચાલી નહીં; પરંતુ તે સિવાયના બંને આચાર્યોની શિષ્યપરંપરા લાંબા કાળ સુધી ચાલી છે.

અંતે આચાર્ય શાંતિસૂરિ શેઠ યશના પુત્ર સોઢે કાઢેલા ગિરનાર તીર્થના યાત્રાસંઘ સાથે ગિરનાર પધાર્યા. ત્યાં તેમણે ભૂખ, તરસ અને ઊંઘનો ત્યાગ કરી ૨૫ દિવસનું અનશન કર્યું અને સં. ૧૦૯૬ના જેઠ સુદિ ૯ ને મંગળવારે કૃત્તિકા નક્ષત્રમાં સમાધિપૂર્વક કાલધર્મ પામી સ્વર્ગગમન કર્યું. ટૂંકમાં તેઓ અનશન સ્વીકારીને દેવ થયા.

(જૈન પરંપરાનો ઇતિહાસ બીજા ભાગમાંથી સાભાર ઉદ્‌ધૃત.)

# ❀ મૂર્તિપૂજાનું મહત્વ ❀

**પ્રશ્ન :-** સાક્ષાત્ ભગવાન તો મોક્ષમાં છે. ભગવાનની મૂર્તિ તો પથ્થર રૂપ છે. આથી ભગવાનની મૂર્તિની પૂજાથી શો લાભ?

**ઉત્તર :-** આના સમાધાન માટે પહેલાં આપણે એ વિચારવું જોઈએ કે સાક્ષાત્ ભગવાનની પૂજા શા માટે કરવાની છે? સાક્ષાત્ ભગવાનની પૂજા શા માટે કરવાની છે એ સમજાઈ જાય તો ભગવાનની મૂર્તિની પૂજાથી શો લાભ એ પ્રશ્ન જ ન રહે.

(૧) ભગવાનની પૂજામાં એક હેતુ એ છે કે ભગવાન ઉપકારી હોવાથી તેમના પ્રત્યે કૃતજ્ઞતા પ્રદર્શિત કરવી જોઈએ અને બહુમાનભાવ વ્યક્ત કરવો જોઈએ. તો જેમ સાક્ષાત્ ભગવાનની પૂજાથી કૃતજ્ઞતા પ્રદર્શિત થાય છે અને બહુમાન વ્યક્ત થાય છે, તેમ ભગવાનની મૂર્તિની પણ પૂજાથી કૃતજ્ઞતા પ્રદર્શિત થાય છે અને બહુમાન વ્યક્ત થાય છે. જેમ માણસના પેટમાં ખોરાક જાય અને પાચન થઈને તેનું લોહી થાય એ માટે મુખ દ્વારા પેટમાં ખોરાક નાખે છે. પણ કેન્સરનાં દર્દીનું ગળું બંધ થાય છે તો પેટમાં કાણું પાડીને એ કાણા દ્વારા પેટમાં ખોરાક નાખીને પણ એ કાર્ય સિદ્ધ કરાય છે. જેને વિટામિનવાળો ખોરાક મળતો નથી, તે વિટામિનની ટીકડીઓ વાપરીને પણ વિટામિનોની પૂરતી કરીને શક્તિ મેળવી શકે છે. તેવી રીતે સાક્ષાત્ ભગવાન ન હોય ત્યારે ભગવાનની મૂર્તિની પૂજાથી પણ કૃતજ્ઞતા પ્રદર્શિત કરી શકાય છે, અને બહુમાન ભાવ વ્યક્ત કરી શકાય છે.

આથી જ દેશનેતા વગેરેના ફોટાઓ ઉપર લોકો ફુલમાળા વગેરે પહેરાવે છે. સ્વર્ગસ્થ માતા-પિતા વગેરેની મૃત્યુતિથિએ માતા-પિતા વગેરેના ફોટાઓ ઉપર ફૂલમાળા પહેરાવીને ધૂપ વગેરે કરે છે. છાપામાં ફોટો છાપીને શ્રદ્ધાંજલિ આપે છે. વડાપ્રધાન રાજીવગાંધી તેમની માતાના મૃત્યુના દિવસે તેમની સમાધિના સ્થાને ફૂલો મૂકતાં હતાં.

દ્રોણાચાર્યે એકલવ્યને ધનુર્વિદ્યા શિખવાડવાની ના પાડી તો એકલવ્ય દ્રોણાચાર્યની મૂર્તિ બનાવીને તેની પૂજા દ્વારા ગુરુઉપર બહુમાન વ્યક્ત કરીને ધનુર્વિદ્યા શીખી ગયો. જે કાર્ય સાક્ષાત્ ગુરુથી થાય તે જ કાર્ય તેણે ગુરુની મૂર્તિથી સિદ્ધ કરી લીધું.

(૨) ભગવાનની પૂજાનો બીજો હેતુ એ છે કે ભગવાનની ઓળખાણ થાય. જેમ કોઈનો છોકરો ગુમ થાય તો છાપામાં તેનો ફોટો આપે છે, પોલીસોને ખબર આપીને પોલીસોને પણ ફોટાઓ આપે છે. કારણ કે આનાથી બીજાઓ તેને ઓળખી શકે. તેવી રીતે સરકારનો ગુનો કરીને નાશતા-ભાગતાઓને પકડવા સરકાર છાપાઓમાં તેમના ફોટા આપીને લોકોને એ માણસો દેખાય તો ખબર આપવાનું કહે છે. એટલે જેમ ફોટાઓ અસલ વસ્તુને ઓળખવાનું સાધન છે, તેમ મૂર્તિ પણ ભગવાનને ઓળખવાનું-જાણવાનું સાધન છે. ભગવાનની મૂર્તિ દ્વારા ભગવાનની ઓળખાણ થાય છે.




મૂળનાયક શ્રીધર્મનાથ સ્વામિ (સાવરકુંડલા)

(૩) ભગવાનની મૂર્તિથી ભગવાન બનવાની પ્રેરણા મળે છે. જેમને ભગવાનના સ્વરૂપનું સામાન્ય પણ સાચું જ્ઞાન છે તેમને શ્રી જિનમૂર્તિના દર્શનથી ભગવાન યાદ આવ્યા વિના રહેતા નથી. આથી મૂર્તિ ભગવાનને યાદ કરવાનું એક આલંબન છે. ભગવાન યાદ આવે એટલે એમના ગુણો યાદ આવે. ભગવાનની મૂર્તિ જોઈને "સવિ જીવ કરું શાસન રસી" એ ભાવના, વિષયસુખો પ્રત્યે અનાસક્તભાવ, ઉપસર્ગોમાં ધીરતા, વીતરાગતા, કેવલજ્ઞાન, ધર્મતીર્થની સ્થાપના, દરરોજ બે પહોર સુધી ધર્મદેશના વગેરે ગુણો યાદ આવે. મૂર્તિને જોઈને ભગવાનના ગુણો યાદ આવતાં મારે પણ તેવા બનવું જોઈએ એમ યોગ્ય જીવોને વિચાર આવે. પછી તેવા કેવી રીતે બની શકાય તે જાણીને તેવા બનવા માટે શક્ય પ્રયત્ન કરે. એ પ્રયત્નથી સમય જતાં તે પણ ખરેખર ભગવાન બની જાય.

એક વ્યાવહારિક પ્રસંગ આ વિષયની પુષ્ટિ કરે છે. થોડા વખત પહેલાં સેંડો નામનો મહાન પહેલવાન થઈ ગયો. એ પહેલવાન બન્યો એનું મૂળ કારણ મૂર્તિદર્શન છે. એ જ્યારે દશ વર્ષનો હતો ત્યારે તેના પિતા સાથે રોમનું મ્યુઝીયમ જોવા ગયો હતો. ત્યાં પ્રાચીન કાળના મહાન યોદ્ધાઓનાં બાવલાં તેણે જોયા. આ જોઈને તેણે પિતાને પૂછ્યું: પિતાજી ! આ કોનાં બાવલાં છે? પિતાજીએ કહ્યું: પ્રાચીન રોમન લોકોનાં આ બાવલાં છે. હાલમાં તેવા પુરુષો નથી. સેંડોએ પૂછ્યું: તે લોકો આવા પહેલવાન કેવી રીતે બની શક્યા હતા ? પિતાએ કહ્યું: વ્યાયામ, પૌષ્ટિક ખોરાક વગેરેથી તેવા બન્યા હતા. સેંડોએ તેવા પહેલવાન બનવાનો નિર્ણય કર્યો. હવે તેણે પહેલવાન બનવા અંગેના વિવિધ ગ્રંથોનો અભ્યાસ શરૂ કર્યો. એ વિષયના જાણકારો પાસેથી જ્ઞાન મેળવ્યું. પછી શરીરને બલવાન બનાવવા વ્યાયામ, કસરત વગેરે શરૂ કર્યું. સમય જતાં તે બધા પહેલવાનોમાં મુખ્ય પહેલવાન બની ગયો.

જેમ અહીં સેંડોને પહેલવાન પૂતળાના દર્શનથી પહેલવાન બનવાનો વિચાર આવ્યો અને પ્રયત્ન કરીને તે પહેલવાન બન્યો; તેમ લઘુકર્મી યોગ્ય જીવોને ભગવાનની મૂર્તિનાં દર્શનથી ભગવાન જેવા બનવાનું મન થાય છે. પછી ભગવાન જેવા કેવી રીતે બની શકાય તે જાણીને અને શક્ય પ્રયત્ન કરીને ભગવાન જેવા બની જાય છે. આથી આધ્યાત્મિક સાધના માટે મૂર્તિ અનિવાર્ય છે.

(૪) ભગવાનની મૂર્તિને જોતાં ભગવાનનું સ્મરણ થાય છે. ભગવાનનું સ્મરણ થતાં તેમનું જીવન યાદ આવે છે. તેમનું જીવન યાદ આવતાં તેમના ઉપકારની સ્મૃતિ થાય છે. લોકો તેમના ઉપકારીનો કે સ્નેહીનો ફોટો જુએ છે ત્યારે તેમનો ઉપકાર યાદ આવે છે એ આજે પણ પ્રત્યક્ષ અનુભવ થાય છે. ઘણીવાર તો સ્નેહીનો ફોટો જોઈને રડવું આવી જાય છે. ઈંદિરાગાંધી સર્વ પ્રથમ પ્રધાન પદે નિમાયા ત્યારે તેમના પિતાની સમાધિના સ્થાને ગયા અને ફૂલો ચઢાવ્યા ત્યારે તેમને રડવું આવી ગયું હતું. એકવાર એક શ્રાવકે પોતાની પત્નીનો ફોટો બતાવતાં મને કહ્યું કે સાહેબ ! હું જે ધર્મ પામ્યો છું તે આ મારા

ધર્મપત્નીનો પ્રતાપ છે. આમ બોલતાં તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

મૂર્તિ પણ પૂજનીય છે એ વિષે ભાવનગરના રાજકુમારનો પ્રસંગ જાણવા જેવો છે. એ રાજકુમારની ઉંમર સાતવર્ષની હતી ત્યારે તેના પિતાનો સ્વર્ગવાસ થયો. આથી રાજકુમારને, અન્ય રાજપરિવારને અને ભાવનગરના રાજ્યને સંભાળવાની જવાબદારી પ્રભાશંકર પટ્ટણીના શિરે આવી. પ્રભાશંકર પટ્ટણી ભાવનગરના રાજાના અતિશય પ્રીતિપાત્ર હતા અને મુખ્ય સલાહકાર હતા. રાજકુમારને વિવિધ વિષયોનું સંગીન શિક્ષણ મળે એ માટે પ્રભાશંકરભાઈએ રાજમહેલમાં ભણાવવા આવવા માટે તે તે વિષયના નિષ્ણાત શિક્ષકોની નિમણુંક કરી. રાજકુમાર તેમની પાસે અભ્યાસ કરવા લાગ્યો. એકવાર એક અંગ્રેજ શિક્ષક મૂર્તિપૂજાથી વિરુદ્ધ વાતો કુમારને કહી રહ્યો હતો. પ્રભાશંકરભાઈએ આ જાણ્યું. તેઓ તુરત ત્યાં ગયા. મૂર્તિપૂજા સત્ય છે એ વાત રાજકુમારના મગજમાં ઠસાવવા રાજકુમારને કહ્યું: આપની પાટીમાં મારું નામ લખો. રાજકુમારે તેમ કર્યું. પછી પ્રભાશંકરભાઈએ કહ્યું: હવે આપ આ નામ ઉપર થૂંકો. રાજકુમારે કહ્યું: એ કદી ન બને. આપ મારા મુરબ્બી છો. પ્રભાશંકરભાઈએ કહ્યું: પણ આપ મારા ઉપર ક્યાં થૂંકી રહ્યા છો! માત્ર પથ્થરની પાટી ઉપર લખાયેલા સામાન્ય અક્ષરો પર થૂંકવાનું છે. અક્ષર તો જડ છે. રાજકુમારે કહ્યું: આ અક્ષરો કાંઈ સામાન્ય અક્ષરો નથી. મારા પૂજનીયના નામના સૂચક અક્ષરો છે. આ અક્ષરો ઉપર થૂંકવું એટલે આપના નામ ઉપર થૂંકવું. પૂજનીયના નામ ઉપર થૂંકવું એ તો મહાપાપ ગણાય.

કુમારના મગજમાં મૂર્તિપૂજાની પૂજનીયતાને અધિક ઠસાવવા પ્રભાશંકરભાઈએ ફરી કુમારને કહ્યું: સામે દિવાલ ઉપર ટીંગાતા મહારાજા સાહેબના ફોટાને નીચે ઉતારી એના ઉપર બૂટનો પ્રહાર કરો. કુમારે કહ્યું: અરરર! એવું તે કરાતું હશે. પ્રભાશંકર ભાઈએ પૂછ્યું: શા માટે ન કરાય? એ મહારાજા પોતે તો છે નહિ. કેનવાસના કપડા ઉપર ચીતરેલું સામાન્ય ચિત્ર જ છે.

કુમારે કહ્યું: હા, એ ચિત્ર ખરું. પણ તે ચિત્ર કોનું છે ? મારા પિતાજીનું છે. મારા પિતાજીના ચિત્રને બૂટ મારવી એ મારા પિતાજીને જ બુટ મારવા બરાબર છે. આથી હું એને બૂટ ન મારી શકું. હવે પ્રભાશંકરભાઈએ મૂળ વાત ઉપર આવતાં કહ્યું: આવું જ મૂર્તિપૂજાનું છે. મૂર્તિની પૂજા એ ખરેખર તો મૂળ વ્યક્તિની જ પૂજા છે. એટલે ભગવાનની મૂર્તિની પૂજા એ ભગવાનની જ પૂજા છે.

મૂર્તિપૂજા કોઈએ નવી ઉપજાવેલી નથી, અનાદિકાળથી છે. જ્યારે ભગવાન સાક્ષાત્ વિદ્યમાન હોય છે ત્યારે પણ મૂર્તિપૂજા હોય છે. કારણ કે ભગવાન સાક્ષાત્ હોય ત્યારે પણ કોઈ એક જ ક્ષેત્રમાં હોય, એટલે તે સિવાયના ક્ષેત્રમાં ભક્તો ભગવાનની મૂર્તિ બનાવીને તેની પૂજા કરતા હતા.

## ❀ મૂર્તિપૂજાના વિરોધીઓ પણ મૂર્તિ પૂજા કરે છે ❀

મૂર્તિપૂજાનો વિરોધ કરનાર પણ એક યા બીજી રીતે મૂર્તિપૂજા કરે છે.

(૧) મુસલમાનો મસજિદમાં પીરની આકૃતિને પુષ્પ-ધૂપ વગેરેથી પૂજે છે. તાજિયા બનાવી એની સામે નૃત્ય વગેરે કરે છે. મક્કા-મદીના જઈને ત્યાં રહેલ એક ગોળ કાળા પથ્થરને ચુંબન કરીને પોતાનાં પાપોનો નાશ થયો એમ માને છે.

(૨) ઈસાઈઓ (ક્રિશ્ચિયનો) પણ દેવળમાં ઈશુની શૂળી ઉપર લટકતી મૂર્તિ (ક્રોસ) રાખે છે. તે મૂર્તિને પૂજ્યભાવથી જુએ છે. તેની સમક્ષ પ્રાર્થના કરે છે. શિર ઉપરથી ટોપી ઉતારી નમસ્કાર કરે છે. પુષ્પહાર ચઢાવે છે.

(૩) કબીર, નાનક, રામચરણ આદિ સંતોના અનુયાયીઓએ પોતપોતાના પૂજ્યોની સમાધિ બનાવી છે. એ સમાધિની પુષ્પાદિથી શ્રદ્ધાંજલિ આપવા દ્વારા પૂજા કરે છે. લોકો દૂર દૂરથી એ સમાધિનાં દર્શન કરવા આવે છે.

(૪) પારસીઓ પોતાના ઈષ્ટ અગ્નિદેવની પૂજા કરે છે, તેની સામે વાજા વગાડે છે, પુષ્પ, ઘી આદિથી હોમ કરે છે, સૂર્યને પણ પૂજે છે.

## ❀ મૂર્તિ પણ ઉપકારક છે ❀

**પ્રશ્નઃ-** મૂર્તિ જડ છે. આથી જેમ માટીની ગાયને દોહવાથી દૂધ ન મળે તેમ જડ મૂર્તિની પૂજાથી ચેતનને કશો લાભ ન થાય.

**ઉત્તરઃ-** માટીની ગાયને દોહવાથી દૂધ ભલે ન મળે, પણ તેને જોવાથી સાચી ગાયની ઓળખ થાય છે. કોઈ જંગલીને ગાય કેવી હોય તેની ખબર ન હોય તો માટીના આકારની ગાય બનાવીને સાચી ગાયની ઓળખ કરાવી શકાય છે. તેમ જિનમૂર્તિથી ભાવ અરિહંતની ઓળખાણ થાય છે. આથી મૂર્તિનાં દર્શન-કરવાં જોઈએ.

**પ્રશ્નઃ-** મૂર્તિનાં દર્શનથી ભાવ અરિહંતની ઓળખાણ થાય છે. આથી તેનાં દર્શન કરવાં જોઈએ. પણ તેની પૂજા શા માટે ?

**ઉત્તરઃ-** મૂર્તિ ભાવઅરિહંતની ઓળખાણ કરાવે છે, માટે ઉપકારક છે. માની લો કે તમને મહેનત કરવા છતાં નોકરી મળતી નથી. એવામાં કોઈ તમને જેને નોકરની જરૂર હોય એવા શેઠની ઓળખાણ કરાવી આપે અને નોકરી મળી જાય તો શેઠની ઓળખાણ કરાવી આપનાર ઉપકારી ખરો કે નહિ ? ખરો. બસ તેમ જિનપ્રતિમા ભાવ જિનની ઓળખાણ કરાવી આપે છે માટે ઉપકારક છે. આથી તેની પૂજા પણ કરવી જોઈએ.

આમ અનેક રીતે ભગવાનની મૂર્તિપૂજાથી લાભ જ છે.

## ❀ ભગવાનની મૂર્તિની પૂજા ભગવાનની જ પૂજા છે. ❀

પરમાર્થથી તો મૂર્તિની પૂજા એ ભગવાનની જ પૂજા છે. આ વિષયને અકબર-બિરબલના એક પ્રસંગથી વિચારીએ.

એકવાર અકબર બાદશાહે રાજદરબારમાં મોટી સભા ભરી. એ સભામાં જુદા જુદા દેશના એકબીજાથી ચઢિયાતા પંડિતો હતા, કુશળ મંત્રીઓ હતા, સામંત રાજાઓ હતા, મોટા મોટા શેઠિયાઓ હતા. રાજાના સિંહાસન પાસે બિરબલ બેઠો હતો. આ વખતે ધર્મની ચર્ચા નીકળતાં અકબરે બિરબલને પૂછ્યું: કેમ બિરબલજી ! તમે પથ્થર પૂજક છો ને? બિરબલ: હા, નામવર ! હું પથ્થરપૂજક છું. અકબર: શું પથ્થર પૂજવાથી ખુદા પ્રસન્ન થાય? બિરબલ: હા. અકબર: પથ્થરમાં ક્યાં ખુદા હોય છે, જેથી તે પ્રસન્ન થાય. બિરબલ: નામવર ! ચર્ચાથી આ વાત સમજાવવામાં ઘણો સમય જશે, છતાં કદાચ આપના મગજમાં આ વાત ન પણ બેસે. આથી અનુભવથી આ વાત આપને પછી સમજાવીશ. અકબર: સારું, અનુભવથી સમજાવજે. આ પ્રમાણે નક્કી થયા પછી બિરબલે રાજ્યના મહાન કલાકાર પાસે અકબરનું સુંદર ચિત્ર તૈયાર કરાવ્યું. એક ચતુર સ્ત્રીને સાધ્વી જેવી બનાવીને કહ્યું કે અકબરના રાજ દરબારે જવાના રસ્તામાં એક ઓટલા ઉપર આ ચિત્રની સામે ધૂપ-દીપ આદિ તથા બાદશાહની સ્તુતિ કરજે. આ સ્ત્રીએ દરરોજ તે પ્રમાણે કરવા માંડ્યું. એક વખત રાજાની દૃષ્ટિ તેના ઉપર પડી. અકબરે તેને પુછ્યું: અરે બાઈ ! તું મારી પૂજા અને સ્તુતિ કેમ કરે છે? ખુદાની કર ને ! હું તો સામાન્ય માનવી છું. મોત મને ય અહીંથી લઈ જશે. ખુદાની પૂજા સ્તુતિ કરીશ તો તું મોતથી મુક્ત બનીશ. બાઈએ કહ્યું: નામવર ! અન્ય રાજાઓ કરતાં આપ ઘણાં સારાં છો આથી આપને મળીને આપની સમક્ષ આપની સ્તુતિ પૂજા કરવાનું મન થાય છે. પણ હું સામાન્ય નારી આપને શી રીતે મળી શકું ? આથી મારા ભાવને વ્યક્ત કરવા આપનું ચિત્ર બનાવીને તેની ભક્તિ-સ્તુતિ કરું છું. અકબર: હું તારા ઉપર ખુશ છું. આવતી કાલે તને ઈનામ આપીશ. બીજા દિવસે સમય થતાં સભા મળી. અકબરે બિરબલને કહ્યું: આજે એક યુવતિને ઈનામ આપવાનું છે. બિરબલ: કેમ ? અકબર: એ રોજ મારી ભક્તિ-સ્તુતિ કરે છે. બિરબલ: એ બાઈ આપની ભક્તિ-સ્તુતિ નથી કરતી, કિંતુ કાગળની કરે છે. શું આપ અને કાગળ એક જ છો ? આ સાંભળી અકબર વિચારમાં પડી ગયો. જેમ લોઢું ગરમ હોય ત્યારે ટીપવાથી બરોબર ઘાટ ઘડી શકાય, તેમ પોતાની વાતને ઠસાવવાનો મોકો જોઈને બીરબલે કહ્યું: નામવર ! આપ તે દિવસે રાજદરબારમાં પથ્થરપૂજાનો નિષેધ કરી રહ્યા હતા. તે જ પથ્થરપૂજાનો અત્યારે સ્વીકાર નથી કરી રહ્યા? હિંદુઓના ધર્મની એ જ ખૂબી છે. સર્વ ધર્મક્રિયાઓમાં મનના ભાવ જ મુખ્ય ભાગ ભજવે છે. પથ્થર આદિની મૂર્તિમાં ભક્તના ભાવથી જ ભગવાન આવી જાય છે. મૂર્તિ દ્વારા ભગવાનની જ પૂજા કરે છે. જો પથ્થરની પૂજા કરાતી હોય તો હે ભગવાન ! મારું કલ્યાણ કરો વગેરે ન બોલે, કિન્તુ હે પથ્થરદેવ ! મારું કલ્યાણ કરો

વગેરે બોલે. આપ જેમ આપના ચિત્રની પૂજાથી પ્રસન્ન થયા તેમ મૂર્તિપૂજાથી ભગવાન (ભગવાનના સેવક દેવો) ભક્ત ઉપર પ્રસન્ન થાય છે. માટે ભગવાનની મૂર્તિની પૂજા એ પથ્થરની પૂજા નથી, કિંતુ ભગવાનની પૂજા છે. મૂર્તિની અભિષેક આદિથી ભક્તિ કરતાં, વંદન-નમસ્કાર કરતાં, સ્તુતિ આદિ કરતાં ભક્તના મનમાં તો એમજ હોય છે કે હું ભગવાનની ભક્તિ, વંદન-નમસ્કાર કે સ્તુતિ કરું છું. એટલે મૂર્તિની ભક્તિ, વંદન-નમસ્કાર કે સ્તુતિથી ભગવાનની જ ભક્તિ, વંદન કે સ્તુતિ થાય છે.

પથ્થરની મૂર્તિમાં મંત્રોચ્ચાર આદિ શાસ્ત્રોક્ત વિધિ કર્યા બાદ એ મૂર્તિ ભગવાન બની જાય છે. આ વિષયને આપણે એક વ્યાવહારિક દૃષ્ટાંતથી સમજીએ. યુવતિ લગ્ન પહેલાં કન્યા કહેવાય છે. લગ્નવિધિ થયા પછી એ યુવતિ વધૂ બની જાય છે. લગ્ન પહેલાં જે યુવતિ કન્યા કહેવાતી હતી અને બધા જેને કન્યા રૂપે જ જોતા હતા તે જ યુવતિ લગ્નિવિધિ બાદ કોઈની વધૂ બની જાય છે અને બધા તેને વધૂ રૂપે જુએ છે. તેમ અહીં પથ્થરની મૂર્તિ પણ મંત્રોચ્ચાર આદિથી અધિવાસના થતાં ભગવાન બની જવાથી પૂજનીય બની જાય છે. કાગળના ટુકડા ઉપર રૂપિયાની છાપ લાગ્યા પછી તે કાગળનો ટુકડો રહેતો નથી. તેને કોઈ બાળકના હાથમાં ન આપે. કારણ કે બાળક તેને કાગળ સમજે. તેમ અજ્ઞાન લોકો મૂર્તિને પથ્થરનો ટુકડો સમજે. કાપડનો ટુકડો કહેવાતું વસ્ત્ર દેશનો ત્રિરંગી ઝંડો બને છે ત્યારે કાપડનો ટુકડો મટીને જનવંદનીય ધ્વજ બની જાય છે. રજપૂત તલવારને લોઢાનો ટુકડો ન માને. કારણ કે તેની કિંમત સમજે છે. એને મન અમૂલ્ય વસ્તુ છે. તે બધું જતું કરશે, પણ તલવાર નહિ જવા દે. કારણ કે રક્ષણ કરનાર છે. તેમ અજ્ઞાન લોકો મૂર્તિને પથ્થરનો ટુકડો માને. પણ સમજુ લોકો પથ્થરનો ટુકડો ન માને, કિંતુ દેવ માને.

## ❀ *ભગવાનની પૂજા એટલે એમના ગુણી આત્માની પૂજા* ❀

ભગવાન ગુણોના સમૂહ રૂપ છે. એટલે ભગવાનની પૂજા એટલે એમના શરીરની નહિ, કિંતુ એમના ગુણી આત્માની પૂજા. જ્યારે ભગવાન સાક્ષાત્ વિદ્યમાન હોય ત્યારે પણ એમના ગુણીઆત્માની પૂજા થાય છે. પણ એમનો આત્મા દેખાતો નથી એટલે બાહ્ય શરીરના માધ્યમ દ્વારા એમના આત્માની પૂજા થાય છે. તેવી રીતે શરીર સહિત ભગવાન વિદ્યમાન ન હોય ત્યારે તેમની મૂર્તિના માધ્યમથી તેમના ગુણી આત્માની પૂજા થાય છે. એટલે મૂર્તિપૂજા એ ખૂદ ભગવાનની પૂજા છે.

***પ્રશ્ન :-*** મૂર્તિ જડ છે. આથી જેમ માટીની ગાયને દોહવાથી દૂધ ન મળે તેમ જડમૂર્તિની પૂજાથી ચેતનને કશો લાભ ન થાય.

***ઉત્તર :-*** જેમ પથ્થરની ગાય દૂધ ન આપે તેમ ગાયનું નામ પણ દૂધ ન આપે. આથી ભગવાનનું નામ પણ ન લેવું જોઈએ. મૂર્તિના વિરોધીઓ લોગસ્સ વગેરે સૂત્રમાં ભગવાનના નામનું કીર્તન કરે છે. જેઓ મૂર્તિસમક્ષ ક્રિયા કરતા નથી, પણ ઈશાન ખૂણા

તરફ ક્રિયા કરે છે તેમણે આ વિચારવાની જરૂર છે. ઈશાનખૂણા તરફ ક્રિયા કરતાં ભગવાન દેખાતા નથી, કિંતુ ઈશાન ખુણો દેખાય છે. આમ છતાં મનમાં એમ રહે છે કે શ્રીસીમંધરસ્વામી ઈશાન ખૂણા તરફ છે માટે હું શ્રી સીમંધરસ્વામીની સમક્ષ ક્રિયા કરું છું. તેમ મૂર્તિ સમક્ષ પણ ક્રિયા કરતાં હું ભગવાનની સમક્ષ ક્રિયા કરું છું એમ મનમાં રહે છે. તથા મૂર્તિ પ્રત્યક્ષ દેખાતી હોવાથી મૂર્તિની સમક્ષ ક્રિયા કરવામાં વધારે સારો ભાવ આવે છે. ઈશાનખૂણા તરફ ક્રિયા કરવામાં ભગવાન ઘણા દૂર છે એમ મનમાં થાય છે. જ્યારે મૂર્તિની સમક્ષ ક્રિયા કરવામાં ભગવાન સામે જ બિરાજમાન છે એમ થાય છે. આથી મૂર્તિની સમક્ષ ક્રિયા કરવામાં વધારે લાભ થાય છે.

### ❀ *મૂર્તિપૂજામાં હિંસાનું પાપ અલ્પ અને ધર્મ અધિક* ❀

આજે કેટલાકો હિંસાના નામે મૂર્તિપૂજાનો વિરોધ કરે છે એ યોગ્ય નથી. જો સૂક્ષ્મદૃષ્ટિથી હિંસા અને અહિંસાને સમજવામાં આવે તો સ્પષ્ટ ખ્યાલમાં આવી જાય કે મૂર્તિપૂજામાં વાસ્તવિક હિંસા નથી. અહિંસાના અને હિંસાના હેતુ, સ્વરૂપ અને અનુબંધ એમ ત્રણ પ્રકાર છે.

**હેતુ અહિંસા :-** જયણા રાખવી, એટલે કે જીવો ન મરે તેની કાળજી રાખવી (=ઉપયોગ રાખવો), એ હેતુ અહિંસા છે.

**હેતુ હિંસા :-** જયણા ન રાખવી, એટલે કે જીવો મરે તેની કાળજી ન રાખવી (=ઉપયોગ ન રાખવો) એ હેતુ હિંસા છે. હેતુ એટલે કારણ, હિંસાનુ મુખ્ય કારણ અજયણા છે. જીવો ન મરે તેની કાળજી ન રાખવી એ અજયણા છે.

**સ્વરૂપ અહિંસા :-** જીવો ન મરે કે જીવોને દુઃખ ન થાય તે સ્વરૂપ અહિંસા.

**સ્વરૂપ હિંસા :-** જીવો મરે કે જીવોને દુઃખ થાય તે સ્વરૂપ હિંસા.

**અનુબંધ અહિંસા :-** અનુબંધ એટલે પરિણામ. જે પ્રવૃત્તિથી પરિણામે અહિંસા થાય તે અનુબંધ અહિંસા.

**અનુબંધ હિંસા :-** જે પ્રવૃત્તિથી પરિણામે હિંસા હોય, જેનું ફળ હિંસા હોય, તે અનુબંધ હિંસા. હેતુ હિંસા અને હેતુ અહિંસામાં મારાથી જીવહિંસા ન થઈ જાય તેની કાળજી (=તેનો ઉપયોગ) છે કે નહિ તેની મુખ્યતા છે. સ્વરૂપ હિંસા અને સ્વરૂપ અહિંસામાં જીવો મર્યા છે કે નહિ તેની મુખ્યતા છે. અનુબંધ હિંસા અને અનુબંધ અહિંસામાં ધ્યેયની મુખ્યતા છે. એટલે અહિંસાનું પાલન કરવામાં ધ્યેય શું છે અને થઈ રહેલી હિંસામાં ધ્યેય શું છે તેની મુખ્યતા છે.

આ ત્રણ પ્રકારની હિંસામાં હેતુ હિંસા અને અનુબંધ હિંસા પારમાર્થિક હિંસા છે. તેમાં પણ અનુબંધહિંસા મુખ્ય હિંસા છે. હવે ત્રણ પ્રકારની હિંસા અને અહિંસામાં કોને કેટલી અને કેવી રીતે હિંસા અને અહિંસા હોય તે વિચારીએ.

(૧) જેના અંતરમાં અહિંસાના ભાવ નથી, તેવો જીવ ઉપયોગ વિના ચાલે અને જીવ મરી જાય તો તેને ત્રણે પ્રકારની હિંસા લાગે. અંતરમાં અહિંસાના ભાવ ન હોવાથી અનુબંધ હિંસા લાગે. ઉપયોગ વિના ચાલવાથી હેતુ હિંસા લાગે. જીવ મર્યા હોવાથી સ્વરૂપહિંસા પણ લાગે. (૨) જો અહીં જીવ ન મરે તો સ્વરૂપહિંસા સિવાય બે પ્રકારની હિંસા લાગે. સંસારમાં રહેલા લગભગ બધા જ જીવોને ક્યારેક ત્રણે પ્રકારની તો ક્યારેક બે પ્રકારની હિંસા લાગ્યા કરે છે. (૩) હવે જો તે જીવ (જેના અંતરમાં અહિંસાના ભાવ નથી તે) ઉપયોગ પૂર્વક ચાલે અને જીવો ન મરે તો તેને એક જ અનુબંધ હિંસા લાગે.

***પ્રશ્ન*** :- અંતરમાં અહિંસાના ભાવ ન હોય છતાં મારાથી જીવો ન મરે તેવા ઉપયોગ પૂર્વક ચાલે એ શી રીતે બને ? મારાથી જીવો ન મરે તેવો ઉપયોગ જ સૂચવે છે કે અંતરમાં અહિંસાના ભાવ છે.

***ઉત્તર*** :- આ વિષયને બહુ સૂક્ષ્મદૃષ્ટિથી સમજવાની જરૂર છે. મારાથી જીવો ન મરે એવા ઉપયોગ માત્રથી અહિંસાના પરિણામ છે એ નક્કી ન થાય. અહિંસાના પરિણામ છે કે નહિ તે જાણવા અહિંસાનું પાલન શા માટે કરે છે તે જાણવું જોઈએ. જેના અંતરમાં અહિંસાના પાલનમાં મોક્ષનો કે સ્વકર્તવ્યપાલનનો આશય હોય તેના જ અંતરમાં અહિંસાના પરિણામ હોય. જેના અંતરમાં અહિંસાના પાલનમાં ઉક્ત આશય ન હોય, કિન્તુ અન્ય કોઈ ભૌતિક આશય હોય, તો જીવ ઉપયોગ પૂર્વક ચાલતો હોય છતાં તેનામાં અહિંસાના પરિણામ ન હોય. બગલો પાણીમાં અને પારધિ જમીન ઉપર જરાય અવાજ ન થાય તેવા ઉપયોગ પૂર્વક ચાલે છે. પણ તેના અંતરમાં અહિંસાના પરિણામ નથી. અભવ્ય જીવો ચારિત્રનું પાલન સુંદર કરે છે. મારાથી કોઈ જીવ મરી ન જાય તેની બહુ કાળજી રાખે છે. દરેક પ્રવૃત્તિ ઉપયોગ પૂર્વક કરે છે. છતાં તેમાં અહિંસાના પરિણામ નથી. કારણકે તેનું ધ્યેય ખોટું છે. ચારિત્રના પાલનથી (=અહિંસાના પાલનથી) તેને સંસારનાં સુખો જોઈએ છે. સંસારસુખ માટે જે જીવો અહિંસાનું પાલન કરે તેને સંસારનાં સુખો મળે અને પરિણામે તે જીવો વધારે પાપ કરનારા બને એથી પરિણામે હિંસા વધે.

આથી સંસારસુખની પ્રાપ્તિ વગેરે દુન્યવી આશયથી અહિંસાનું પાલન કરનાર જીવો ઉપયોગ પૂર્વક પ્રવૃત્તિ કરે અને કોઈ જીવ ન મરે એથી તેમને હેતુ અહિંસા અને સ્વરૂપ અહિંસા હોય, પણ અનુબંધ અહિંસા ન હોય. આવી હેતુ અહિંસાથી હિંસા વધવા દ્વારા દુઃખ વધે.

(૪) જેના અંતરમાં અહિંસાના પરિણામ થયા છે તે મુનિ વગેરે જીવો ઉપયોગ પૂર્વક ચાલે અને જીવો ન મરે તો તેમને ત્રણે પ્રકારની અહિંસા હોય છે. ત્રણમાંથી એક પણ પ્રકારની હિંસા ન હોય. (૫) હવે જો (જેના અંતરમાં અહિંસાના પરિણામ છે) તે જીવ ઉપયોગ પૂર્વક ચાલે છતાં જીવ મરી જાય ત્યારે તેને હેતુ અને અનુબંધ એ બે અહિંસા હોય, પણ સ્વરૂપ અહિંસા ન હોય. અંતરમાં અહિંસાના પરિણામ છે માટે અનુબંધ

અહિંસા છે. ઉપયોગ પૂર્વક ચાલે છે માટે હેતુ અહિંસા છે. જીવ મરી જવાથી સ્વરૂપથી = બાહ્યથી હિંસા થઈ હોવાથી સ્વરૂપ અહિંસા નથી. (૬) હવે જો તે જીવ પ્રમાદના કારણે ઉપયોગ પૂર્વક ન ચાલે, છતાં જીવ ન મરે તો અનુબંધ અને સ્વરૂપ એ બે અહિંસા હોય. પણ હેતુ અહિંસા ન હોય. કારણ કે હિંસાનો હેતુ (=કારણ) પ્રમાદ રહેલો છે. આ જીવમાં અપ્રમાદ નથી, પ્રમાદ છે. (૭) હવે જો તે જીવ ઉપયોગપૂર્વક ન ચાલે અને જીવ મરી જાય તો તેને સ્વરૂપ અને હેતુ એ બે અહિંસા ન હોય, પણ અનુબંધ અહિંસા હોય. કારણ કે પ્રમાદ થઈ જવા છતાં અને જીવ મરી જવા છતાં અંતરમાં પરિણામ તો અહિંસાના જ છે.

***પ્રશ્ન*** :- ઉપયોગપૂર્વક ચાલે છતાં જીવો મરી જાય એ કેવી રીતે બને ?

***ઉત્તર*** :- ઉડતા પતંગિયા વગેરે જીવો સહસા પગનીચે આવી જાય ત્યારે અથવા સાધુ નદી ઉતરતા હોય વગેરે પ્રસંગે આવું બને. અહિં અનુબંધ અહિંસા હોય.

જે જીવ જિનવચન પ્રત્યે શ્રદ્ધાળુ બનીને મોક્ષના આશયથી યતના પૂર્વક જિનપૂજા કરે તેને માત્ર સ્વરૂપ હિંસા લાગે, હેતુ કે અનુબંધ હિંસા ન લાગે. હવે જો યતના વિના જિનપૂજા કરે તો હેતુ અને સ્વરૂપ એ બંને હિંસા લાગે. પણ અનુબંધ હિંસા ન જ લાગે. કારણ કે હિંસાના ભાવ નથી, ભાવ તો જિનપૂજાના જ છે. પુષ્પાદિથી જિનપૂજા કરતી વખતે જીવોને સામાન્ય કિલામણા વગેરે હિંસા થવા છતાં પૂજકને પુષ્પાદિકના જીવો પ્રત્યે હિંસક ભાવ ન હોય, કિંતુ દયાભાવ હોય.

યતનાથી જિનપૂજા કરનારને હિંસાનો અનુબંધ થતો નથી, અહિંસાનો અનુબંધ થાય છે. આ વિષે અધ્યાત્મસારમાં કહ્યું છે કે--

सतामस्यास्कस्याश्चिद् यतना भक्तिशालिनाम् ।
अनुबन्धो ह्यहिंसाया जिनपूजादिकर्मणि ॥

"યતનાપૂર્વક કરાતી જિનભક્તિથી શોભતા સત્પુરુષોના જિનપૂજાદિ કાર્યોમાં થતી હિંસાથી અહિંસાનો અનુબંધ થાય છે=હિંસાથી પણ અહિંસાનું ફળ મળે છે."

साधूनामप्रमत्तानां सा चाहिंसानुबन्धिनी ।
हिंसानुबन्धविच्छेदाद् गुणोत्कर्षो यतस्ततः ॥

"અપ્રમત્તમુનિઓની નદી ઉતરવા વગેરેની ક્રિયામાં થતી હિંસા અહિંસાનો અનુબંધ કરાવે છે. તેવી હિંસાથી હિંસાનો અનુબંધનો વિચ્છેદ થઈ જતો હોવાથી (અપ્રતિબદ્ધવિહાર વગેરે) ગુણોની વૃદ્ધિ થાય છે."

જો આ પ્રમાણે હિંસા-અહિંસાના પ્રકારો ન સમજે અને કેવળ બાહ્ય અહિંસાજ જોવામાં આવે તો મુનિ પણ અહિંસક ન બની શકે. કારણકે સૂક્ષ્મ હિંસા તો મુનિને પણ લાગે છે. જીવ વીતરાગ બને છે (=સર્વજ્ઞ બને છે) ત્યાર પછી પણ મોક્ષમાં ન જાય ત્યાં સુધી સૂક્ષ્મ હિંસા ચાલુ હોય. જો બાહ્યથી કોઈ પણ જાતની હિંસા ન થાય તો અહિંસક ભાવ આવે એમ માનવામાં આવે તો એકેન્દ્રિય જીવો બાહ્યથી કોઈ હિંસા કરતા નથી. તેથી તે જીવો અહિંસક બનવા જોઈએ. પણ તેમ નથી.

માટે હિંસા-અહિંસામાં ભાવની (=ધ્યેયની અને પરિણામની) પ્રધાનતા છે. જિનપૂજામાં સામાન્ય હિંસા થવા છતાં તેનાથી પરિણામે લાભ થાય છે. આ વિષયને શાસ્ત્રમાં કૂવાના દૃષ્ટાંતથી સમજાવવામાં આવ્યો છે. અહીં નુકશાન કરતાં લાભ વધારે થાય છે. કૂવો ખોદવામાં શરીર કાદવથી ખરડાય છે, કપડાં મેલાં થાય છે, શ્રમ-ક્ષુધા-તૃષા વગેરેનું દુઃખ વેઠવું પડે છે. પણ કૂવો ખોદાયા પછી તેમાંથી પાણી નીકળતાં તૃષા આદિ દૂર થવાથી કૂવો ખોદવાની પ્રવૃત્તિ લાભકારી બને છે. તે પ્રમાણે જિનપૂજા માટે સ્નાનાદિ કરવામાં પ્રારંભમાં અલ્પ હિંસા રૂપ સામાન્ય દોષ લાગવા છતાં પછી પૂજાથી થયેલા શુભભાવો દ્વારા વિશિષ્ટ અશુભ કર્મોની નિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થતો હોવાથી પરિણામે લાભ થવાથી સ્નાનાદિની પ્રવૃત્તિ લાભકારી છે. વ્યવહારમાં પણ જે પ્રવૃત્તિમાં થોડું નુકશાન હોવા છતાં અધિક લાભ હોય તો તે પ્રવૃત્તિ કરવા જેવી મનાય છે. લોકો કરે પણ છે. લોકો જ્યારે વેપાર કરે છે ત્યારે પહેલાં વ્યય કરવો પડે છે. છતાં લોકો પૈસા ગુમાવી દીધા એમ માનતા નથી. કારણ કે જેટલો વ્યય થાય તેનાથી અધિક લાભ ભવિષ્યમાં થવાનો છે. તેમ જિનપૂજાથી પણ પરિણામે સર્વથા હિંસાથી નિવૃત્તિ થાય છે.

## ❀ ચૈત્ય શબ્દનો અર્થ ❀

મૂર્તિપૂજાનો નિષેધ કરનારાઓ પૌષધશાળા વગેરે બનાવે છે, બીજા ગામ આદિમાં રહેલા મુનિઓને વંદન કરવા વાહનનો ઉપયોગ કરે છે, સાધર્મિક ભક્તિ માટે રસોડું વગેરે કરે છે. આમાં પણ હિંસા તો થાય છે. મૂર્તિપૂજાના નિષેધકો શાસ્ત્રમાં જિનમૂર્તિ કે જિનમંદિરના અર્થમાં આવતા ચૈત્ય શબ્દનો જ્ઞાન કે સાધુ અર્થ કરે છે તે બરોબર નથી. ચૈત્યશબ્દનો અર્થ જિનમંદિર કે જિનમૂર્તિ થાય છે. અથવા ભગવાન જે (અશોક) વૃક્ષ નીચે બેશીને દેશના આપે છે તે વૃક્ષને ચૈત્ય કહેવામાં આવે છે. આથીજ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે સ્વરચિત શબ્દકોષમાં કહ્યું છે કે – "चैत्यो जिनौकस्तद्बिम्बं, चैत्यो जिनसभातरुः" ચૈત્ય શબ્દ જિનમંદિર કે જિનમૂર્તિ અર્થમાં છે. જે વૃક્ષની નીચે બેશીને ભગવાન ધર્મદેશના આપે છે. તે (અશોક) વૃક્ષને પણ ચૈત્ય કહેવામાં આવે છે.

## ❀ જિનપૂજાથી થતા લાભો ❀

(૧) જેટલો સમય જિનપૂજા થાય તેટલો સમય પાપોથી બચી જવાય છે.

(૨) આત્મામાં સુંદર ભાવો જાગે છે. એથી અશુભ કર્મોની નિર્જરા થવા સાથે પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. અશુભ કર્મોની નિર્જરાથી સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે અને પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી વિશિષ્ટ ભૌતિક સુખોની પ્રાપ્તિ થાય છે.

(૩) ભવિષ્યમાં ચારિત્રની પ્રાપ્તિથી સર્વથા સંસારના આરંભોથી નિવૃત્તિ થાય છે.

(૪) બીજા જીવોને ધર્મ પમાડી શકાય છે.

સૌ કોઈ જિનમૂર્તિના આલંબનથી સમ્યગ્દર્શનાદિ ગુણો મેળવીને મુક્તિપદને શીઘ્ર પામો એ જ એક મંગલ કામના.

## ❀ પ્રસ્તુત ગ્રંથમાં નિમ્નોક્ત વર્ણન અત્યંત મનનીય છે ❀

એક પણ જિનબિંબનાં દર્શન કરતાં હૃદયમાં આનંદ થાય છે અને અધિક અધિક જિનબિંબોનાં દર્શનથી આનંદ અતિશય વધે છે. શુદ્ધબુદ્ધિવાળા જીવોને આ (અધિક પ્રતિમાનાં દર્શનથી આનંદ) પ્રાયઃ અનુભવ સિદ્ધ છે. અધિક પ્રતિમાનાં દર્શનથી જેમનું મન મલિન થાય છે, તેમની અજ્ઞાનતાનું પ્રદર્શન થાય છે, તેમનું અજ્ઞાન ઉઘાડું થાય છે, અર્થાત્ અધિક પ્રતિમાઓને જોઈને મન મલિન થાય છે તેનું કારણ અજ્ઞાનતા છે. (૬૭-૬૮)

સિંહાસન ઉપર બેઠેલા અરિહંત પાદપીઠ ઉપર પગ મૂકીને અને હાથની યોગમુદ્રા ધારણ કરીને દેશના આપે છે. આથી જ ઉત્તમ આચાર્યો આ મુદ્રાથી વ્યાખ્યાન કરે છે. પણ તેઓ (બે હાથ વડે મુખ ઉપર) મુખવસ્ત્રિકાને ધારણ કરે છે. કારણ કે આચાર્યો તીર્થંકર નથી, કિંતુ તીર્થંકર સમાન છે. (૮૪-૮૫)

શ્રમણસંઘના સાચા કે ખોટા દોષોને છુપાવે છે તે નિર્મળ યશ-કીર્તિ પામીને જલદી મોક્ષ પામે છે. જેવી રીતે ધાન્ય કણોના રક્ષણ માટે પરાળનું (જેમાં અનાજના ડુંડા હોય તેવી લાંબી સોટીઓનું) પણ યત્નથી રક્ષણ કરવામાં આવે છે, તેવી રીતે શાસનની મલિનતાના ભયથી કુશીલની (=અનુચિત આચરણ કરનારની) પણ રક્ષા કરવી જોઈએ, અર્થાત્ એના અનુચિત આચરણને છુપાવવો જોઈએ. (શ્રમણસંઘના અનુચિત આચરણનો છાપાઓ દ્વારા કે પ્રત્રિકા આદિ દ્વારા પ્રચાર કરનારાઓએ આ વાતને ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે.) (૧૩૫-૧૩૬)

શ્રાવક ઘી, દૂધ અને દહીંથી મિશ્રિત સુગંધી જલ આદિથી જિનની પ્રક્ષાલ પૂજા કરે. પર્વ દિવસોમાં જો ગીત-વાજિંત્ર આદિનો સંયોગ હોય તો ગીત-વાજિંત્ર આદિ (આડંબર) પૂર્વક પ્રક્ષાલપૂજા કરે. આવી પૂજા શાસન પ્રભાવના કરનારી છે. (૨૦૨)

પ્રત્યેક પર્વ દિવસે સાધુઓએ અને શ્રાવકોએ શક્તિ હોય તો સર્વ મંદિરોમાં ચૈત્યવંદન કરવું જોઈએ. (૭૯૨)

મોક્ષાર્થીઓએ શુભ ભાવની વૃદ્ધિ થાય એ માટે સદા સંપૂર્ણ (ઉત્કૃષ્ટ) ચૈત્યવંદન કરવું જોઈએ અને ગૃહસ્થોએ તો વિશેષથી (ખાસ) સંપૂર્ણ ચૈત્યવંદન કરવું જોઈએ. (૭૯૬)

ચારિત્રમાં રહેલાઓને સઘળીય ક્રિયા ચૈત્યવંદન જ છે. કારણ કે તત્ત્વના જ્ઞાતાઓ આજ્ઞા પાલનને જ ચૈત્યવંદન કહે છે. ચરણ-કરણમાં વિરોધ ન આવે તે રીતે સાધુઓ ન્યૂન કે અધિક ચૈત્યવંદન કરે છે. અન્ય ક્રિયામાં પણ તેમના પરિણામ ચૈત્યવંદન સંબંધી જ છે. (૭૯૯-૮૦૦)

સૂત્રાર્થમાં સંશયવાળા જેઓ બીજા ગીતાર્થોને બરોબર પૂછતા નથી, ઉપર ઉપરથી થોડું થોડું ભણીને પંડિત બનેલા તેઓ શુદ્ધ માર્ગથી ભ્રષ્ટ થાય છે. (૮૩૩)

## ❀ પ્રસ્તુત ગ્રંથનો સંક્ષિપ્ત સાર ❀

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષમાર્ગ છે. આ ત્રણમાં સર્વ પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. આથી સર્વ પ્રથમ સમ્યગ્દર્શનને મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. આથી જ તત્ત્વાર્થાધિગમ ગ્રંથના પ્રથમ સૂત્રમાં સમ્યગ્દર્શન શબ્દનો ઉલ્લેખ સર્વ પ્રથમ કરવામાં આવ્યો છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર હોઈ શકે છે, પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર ન જ હોય. સમ્યગ્દર્શન રહિત જ્ઞાન અને ચારિત્ર સરકારના સિક્કા વિનાના નાણા સમાન છે.

અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન ચોરની ચતુરાઈ સમાન છે. ચોરની ચતુરાઈનો ઉપયોગ શેમાં થાય? એ ચતુરાઈનો સદુપયોગ થાય કે દુરુપયોગ થાય? ચોરની ચતુરાઈથી સ્વ-પરને નુકશાન જ થાય. શ્રદ્ધારહિત જ્ઞાની સ્વ-પરનું જેટલું અહિત ન કરે તેટલું ઓછું ! ઈતિહાસનાં પાનાં આપણને કહે છે કે, શ્રદ્ધા રહિત જ્ઞાનીએ જેટલું સ્વ-પરનું અહિત કર્યું છે, તેટલું શ્રદ્ધારહિત અજ્ઞાનીએ નથી કર્યું. શાસ્ત્રો સ્પષ્ટ કહે છે કે વિશેષબોધથી રહિત શ્રદ્ધાળુ હિત સાધી શકે છે, પણ શ્રદ્ધારહિત વિશિષ્ટ જ્ઞાની પણ હિત સાધી શકતો નથી. આમ અપેક્ષાએ જ્ઞાનથી પણ શ્રદ્ધાની મહત્તા વધારે છે. માટે જ મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનનો સર્વ પ્રથમ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મોક્ષને નગર તરીકે ઓળખીએ તો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર મોક્ષ નગરમાં લઈ જનારી રેલવે છે અને સમ્યગ્દર્શન એ રેલવેમાં બેસવાની ટિકિટ છે. ટિકિટ વિના રેલ્વેમાં મુસાફરી થઈ શકે નહિ, કદાચ કરે તો પણ ટી.ટી. આવે એટલે તેને નીચે ઊતરી જવું પડે. તેમ પ્રસ્તુતમાં કેટલીક વાર જીવ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્રના બળે સ્વર્ગમાં ઠેઠ નવ ગ્રૈવેયક સુધી જઈ આવે છે, પણ ત્યાથી પુનઃ અવશ્ય નીચે ઊતરવું પડે છે. સમ્યગ્દર્શન વિના મોક્ષ સુધી તો ન જ જઈ શકાય.

આથી મોક્ષના સાધકે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય, પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન અધિક નિર્મલ બને એ માટે પ્રયત્ન કરવો જોઈએ. સમ્યગ્દર્શનની પ્રાપ્તિના અને સમ્યગ્દર્શનને નિર્મલ બનાવવાના જિનવાણી શ્રવણ, પરમાત્મ પૂજા અને સાધુસેવા વગેરે અનેક ઉપાયો છે. પ્રસ્તુત ગ્રંથમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવનાર અને પ્રાપ્ત સમ્યગ્દર્શનને નિર્મળ બનાવનાર પરમાત્મ પૂજાનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. પરમાત્મપૂજાના દ્રવ્યપૂજા અને ભાવપૂજા એમ બે પ્રકાર છે. જલ વગેરે દ્રવ્યોથી થતી પૂજા દ્રવ્ય પૂજા છે. દ્રવ્ય વિના અંતરના ભાવથી થતી પૂજા ભાવપૂજા છે. જલપૂજા વગેરે દ્રવ્યપૂજા છે. ચૈત્યવંદન ભાવપૂજા છે. પ્રસ્તુત ગ્રંથમાં આ બંને પ્રકારની પૂજાનું વર્ણન છે. પણ મુખ્યતયા ચૈત્યવંદન રૂપ ભાવપૂજાનું વર્ણન છે. ચૈત્યવંદનનું વિસ્તારથી વર્ણન હોવાથી જ આ ગ્રંથનું **"ચૈત્યવંદન**

**મહાભાષ્ય"** એવું નામ છે. આ ગ્રંથનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે છે-

૧૧મી ગાથામાં કેવો જીવ વંદન કરવાને યોગ્ય છે તે જણાવીને વંદનનો કાળ જણાવ્યો છે. આના અનુસંધાનમાં ભાવાનુવાદમાં પંચાશક ગ્રંથની ગાથાઓથી વંદન કરવા માટે કોણ યોગ્ય છે તે જણાવીને દ્રવ્યવંદન અને ભાવવંદનનાં લક્ષણો જણાવ્યાં છે. દરેક સાધકે આ લક્ષણોને બરોબર સમજીને પોતાની વંદના ભાવવંદના બને એ માટે પ્રયત્ન કરવો જોઈએ. વંદનનો કાળ જણાવતાં કહ્યું છે કે— સવારે સૂર્યોદય બાદ, બપોરે મધ્યાહ્ને અને સાંજે સૂર્યાસ્ત પહેલાં એમ ત્રિકાળ ચૈત્યવંદન કરવું જોઈએ.

૧૨-૧૩-૧૪ ગાથાઓમાં જિનને કરાતા વંદનને જિનવંદન ન કહેતાં 'ચૈત્યવંદન' કેમ કહેવામાં આવે છે તેનું સ્પષ્ટીકરણ કર્યું છે.

૧૫ થી ૨૫ સુધીની ગાથાઓમાં આચરણા પણ જિનાજ્ઞારૂપ છે એ સિદ્ધ કર્યું છે. કેવી આચરણા જિનાજ્ઞા રૂપ છે એમ જણાવતાં કહ્યું છે કે- અજ્ઞાતમૂળવાળી પણ આચરણા જો હિંસાથી રહિત, શુભધ્યાનને ઉત્પન્ન કરનારી અને આચાર્યોની પરંપરાથી પ્રાપ્ત થયેલી હોય તો સૂત્રની જેમ પ્રમાણ છે.

૨૬ થી ૧૫૨ સુધીની ગાથાઓમાં આચરણાથી થતી કેટલીક પ્રવૃત્તિઓમાં નિર્દોષતાનું સમર્થન કર્યું છે. જેમ કે- (૧) એક મંદિરમાં અનેક જિનબિંબો બિરાજમાન કરવામાં દોષ નથી. (૨) એક જિનબિંબ મોટું હોય અને બીજા બિંબો નાનાં હોય તેમાં કોઈ દોષ નથી. (૩) એક બિંબની પૂજા આદરથી વિશેષ રીતે કરાય અને બીજાં બિંબોની પૂજા અલ્પ કરાય તો તેમાં દોષ નથી. (૪) પ્રક્ષાલનું પાણી જિનબિંબોને પરસ્પર સ્પર્શે તેમાં દોષ નથી. (૫) એક પટ્ટમાં કે એક પથ્થરમાં અનેક જિનબિંબોનું નિર્માણ નિર્દોષ છે. (૬) જિન વીતરાગ હોવા છતાં આભૂષણો વગેરેથી પૂજા કરવામાં દોષ નથી. (૭) એકવાર ચઢાવેલાં વસ્ત્ર-આભૂષણો ફરી ચઢાવવામાં બાધ નથી.

૧૫૪ થી ૧૭૩ સુધીની ગાથાઓમાં ચૈત્યવંદનના નવભેદ જણાવ્યા છે.

૧૭૪ થી ૧૭૮ સુધીની ગાથાઓમાં અધિકારીના ભેદથી ત્રણ પ્રકારની વંદના બતાવી છે.

ચૈત્યવંદનનો વિધિ જણાવવા માટે ૧૭૯ થી ૨૫૪ સુધી દશત્રિકનું વર્ણન કર્યું છે. તેમાં અનેક વિષયોનું બોધપ્રદ વર્ણન છે.

૨૬૧ ગાથામાં ચૈત્યવંદનથી થતા લાભનો નિર્દેશ કર્યો છે.

૨૬૩ થી ૮૭૪ સુધીની ગાથાઓમાં સર્વોત્કૃષ્ટ દેવવંદનનો વિધિ અને તેમાં આવતાં સૂત્રોના અર્થો જણાવ્યા છે.

## પ્રસ્તુત ગ્રંથમાં સર્વોત્કૃષ્ટ ચૈત્યવંદનની વિધિ આ પ્રમાણે છે—

### ❀ સર્વોત્કૃષ્ટ ચૈત્યવંદનની વિધિ ❀

| ક્રમ | વિધિ | નિર્દિષ્ટ ગાથાઓ |
|---|---|---|
| ૧ | સ્તુતિઓ બોલવી. | ૨૬૭ |
| ૨ | પંચાંગ પ્રણિપાત કરવો. | ૨૬૮ |
| ૩ | નમુત્થુણં સૂત્ર બોલવું. | ૨૬૮ |
| ૪ | પંચાંગ પ્રણિપાત કરવો. | ૩૬૩ |
| ૫ | ઈરિયાવહિયા કરવી. | ૩૬૪ |
| ૬ | ચૈત્યવંદન બોલવું. | ૩૯૦ |
| ૭ | નમુત્થુણં સૂત્ર બોલવું. | ૩૯૦ |
| ૮ | (ભગવાન્ હં આદિ બોલીને) આચાર્ય આદિને વંદના કરવી. | ૩૯૦ |
| ૯ | અરિહંત ચેઈયાણં સૂત્ર બોલવું. | ૩૯૧ |
| ૧૦ | અન્નત્થ સૂત્ર બોલીને કાયોત્સર્ગ કરવો. | ૪૨૭ |
| ૧૧ | કાયોત્સર્ગમાં નવકારનું ચિંતન કરવું. | ૪૯૭ |
| ૧૨ | નમો અરિહંતાણં બોલીને કાયોત્સર્ગ પારવો. | ૪૯૭ |
| ૧૩ | નમોऽર્હત્૦ બોલીને સ્તુતિ કહેવી. | ૪૯૮ |
| ૧૪ | લોગસ્સ સૂત્ર બોલવું. | ૫૦૬ |
| ૧૫ | સવ્વલોએ અરિહંત ચેઈયાણં૦ અન્નત્થ૦ બોલીને કાયોત્સર્ગમાં નવકારનું ચિંતન. | ૬૪૯ |
| ૧૬ | કાયોત્સર્ગ પારીને નમોऽર્હત્૦ બોલીને સ્તુતિ કહેવી. | ૬૫૦ |
| ૧૭ | પુક્ખરવરદીવડ્ઢે સૂત્ર બોલવું. | ૬૫૨ |
| ૧૮ | સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ બોલીને કાયોત્સર્ગમાં નવકારનું ચિંતન. | ૭૦૧ |
| ૧૯ | કાયોત્સર્ગ પારીને શ્રુતની સ્તુતિ કહેવી. | ૭૦૨ |
| ૨૦ | સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર બોલવું. | ૭૧૦ |
| ૨૧ | વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ બોલીને કાયોત્સર્ગમાં નવકારનું ચિંતન. | ૭૭૫ |

૨૨ કાયોત્સર્ગ પારીને નમોઽર્હત્ બોલીને યક્ષ વગેરે દેવની સ્તુતિ બોલવી. ૭૮૮

૨૩ ફરી પૂર્વવત્ નમુત્થુણં વગેરે સૂત્રો બોલીને ચારથોયોથી વંદન કરવું. ૭૮૯

૨૪ નમુત્થુણં અને જાવંતિ સૂત્ર બોલવા. ૮૩૪-૫

૨૫ ખમાસમણું આપીને જાવંત કેવિ સાહૂ સૂત્ર બોલવું. ૮૩૮

૨૬ સ્તવન બોલવું. ૮૪૦

૨૭ નમુત્થુણં સૂત્ર બોલવું. ૮૪૪

૨૮ જય વીયરાય સૂત્ર બોલવું. ૮૪૫-૭-૮

ઉક્તવિધિમાં અને વર્તમાન પ્રચલિત ઉત્કૃષ્ટ દેવવંદનની વિધિમાં થોડો ફેરફાર છે. જેમકે—

(૧) સકલકુશલવલ્લિ સૂત્ર બોલવાનું આમાં જણાવ્યું નથી.

(૨) નમુત્થુણં સૂત્ર બોલ્યા પછી ઈરિયાવહિયા કરવાનું લખ્યું છે.

(૩) ચૈત્યવંદન એકજ વખત આવે છે, વર્તમાનમાં ત્રણ વખત ચૈત્યવંદન બોલાય છે.

(૪) આચાર્યાદિને વંદન હમણાં થતું નથી. (પ્રતિક્રમણમાં થાય છે.)

(૫) થોયના એક જોડામાં નમોઽર્હત્૦ ત્રણ વખત છે. વર્તમાનમાં બે વખત બોલાય છે.

અહીં સ્તુતિઓ બોલ્યા પછી પંચાંગ પ્રણિપાત કરવાનું જે કહ્યું છે તે નમુત્થુણં સૂત્ર બોલતી વખતે પ્રારંભમાં જ નમોઽથુ એ બે પદો બોલતાં બે ઢીંચણ, બે હાથ અને મસ્તકને ભૂમી ઉપર લગાડવા રૂપ હોવું જોઈએ.

નમુત્થુણં સૂત્ર પછી જે પંચાંગ પ્રણિપાત કરવાનું લખ્યું છે તે નમુત્થુણં સૂત્રના અંતે "સવ્વે તિવિહેણ વંદામિ" બોલતાં ઉક્ત રીતે પંચાંગ પ્રણિપાત સંભવે છે.

સર્વોત્કૃષ્ટ ચૈત્યવંદનનો વિધિ બતાવ્યા પછી ૮૮૦ થી ૯૦૦ સુધીની ગાથાઓમાં રૂપિયાના દૃષ્ટાંતથી ચૈત્યવંદનમાં શુદ્ધભાવ અને શુદ્ધક્રિયાની ઘટના કરી છે. વચ્ચે ૮૮૭ થી ૮૯૦ સુધીની ગાથાઓમાં પ્રાસંગિક પ્રીતિ આદિ ચાર અનુષ્ઠાનોનું નિરૂપણ કર્યું છે.

૯૦૧ ગાથામાં ભાવ વિના પણ જિનબિંબના વારંવાર દર્શનથી થતા લાભમાં શ્રાવક પુત્રનું દૃષ્ટાંત જણાવ્યું છે.

૯૦૫ થી ૯૧૦ ગાથાઓમાં સંઘનું માહાત્મ્ય, સંઘની અવજ્ઞાથી અશુભ ફળની પ્રાપ્તિ અને સંઘના ગૌરવથી શુભ ફળની પ્રાપ્તિ વગેરેનો નિર્દેશ કરીને ગ્રંથ પૂર્ણ કર્યો છે.

## વિષયાનુક્રમણિકા


| ગાથા | વિષય |
|---|---|
| ૧-૯ | મંગલ વગેરે અનુબંધચતુષ્ટય |
| ૧૦ | ચૈત્યવંદન કરવાનો હેતુ |
| ૧૧ | ચૈત્યવંદનનો અધિકારી |
| ૧૧ | ચૈત્યવંદનનો કાળ. |
| ૧૨-૧૪ | ચૈત્યવંદન શબ્દનો અર્થ. |
| ૧૫-૨૩ | આચરણા પણ સૂત્રની જેમ પ્રમાણ છે. |
| ૨૪ | આચરણાને જીત કેમ કહેવામાં આવે છે. |
| ૨૫ | કેવી આચરણા પ્રમાણ છે ? |
| ૨૬-૩૨ | એક જ પટ્ટમાં એકથી વધારે બિંબો કરાવી શકાય. |
| ૩૩ | આચરણાને દૂષિત ન કરવી જોઇએ. |
| ૩૪ | વ્યક્તિપ્રતિષ્ઠા વગેરે ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા. |
| ૩૫ | અવસરણ પ્રતિષ્ઠા |
| ૩૬-૪૫ | એક પટ્ટમાં કે પથ્થરમાં અને એક મંદિરમાં પણ એકથી વધારે બિંબો ન કરાવવા જોઈએ તે અંગે શિષ્યની દલીલો. |
| ૪૬-૪૭ | **શિષ્યની દલીલોનું નિરાકરણ.** |
| ૪૮-૪૯ | એકમંદિરમાં અનેક બિંબો કરાવી શકાય. |
| ૫૦-૫૧ | સુજ્ઞોને જિનબિંબોમાં સ્વામી-સેવક બુદ્ધિ થતી નથી. |
| ૫૨ | એક જ જિનબિંબને વંદનાદિ કરવામાં આશાતના ન થાય. |
| ૫૩ | એક જિનબિંબની વિશેષ પૂજા કરવામાં બીજા જિનો વિષે અવજ્ઞાનો પરિણામ હોતો નથી. |
| ૫૪-૫૬ | ઉચિત પ્રવૃત્તિ આશાતના નથી. અનેક પ્રિતમાઓનો નિષેધ મોટી આશાતના છે. |

| ગાથા | વિષય |
|---|---|
| ૫૭-૫૮ | બિંબોનો નિષેધ કરવામાં મહાપાપ લાગે. |
| ૫૯-૬૬ | અવજ્ઞા વગેરે પાંચ પ્રકારની આશાતના. |
| ૬૭ | અધિક જિનબિંબોનાં દર્શનથી અધિક આનંદ. |
| ૬૮ | અધિક પ્રતિમાના દર્શનથી મન મલિન થવામાં અજ્ઞાનતા કારણ છે. |
| ૬૯-૭૬ | પ્રક્ષાલજલ આદિનો જિનબિંબોને પરસ્પર સ્પર્શ લોકવિરુદ્ધ નથી. |
| ૭૭-૭૮ | અશરીરી અરિહંતોની મૂર્તિ બનાવવાનું કારણ. |
| ૭૯ | પ્રતિમાના કાયોત્સર્ગ અને પર્યંક એ બે સંસ્થાન. |
| ૮૦ | કયા ભગવાન કયા સંસ્થાનમાં મુક્તિ પામ્યા. |
| ૮૧ | અંતિમ સમયે જે સંસ્થાન હોય તે જ સંસ્થાન મોક્ષમાં હોય. |
| ૮૨ | પ્રતિમાઓમાં પ્રાતિહાર્ય વગેરેના નિર્માણનું કારણ. |
| ૮૪ | તીર્થંકરો યોગમુદ્રામાં દેશના આપે. |
| ૮૫ | આચાર્યો યોગમુદ્રામાં વ્યાખ્યાન કરે છે. |
| ૮૬ | પરસ્પર જલસ્પર્શથી આશાતનાની કલ્પનાએ મોટી આશાતના છે. |
| ૮૭ | મલરહિત પણ જિનબિંબનું પ્રક્ષાલન કરવાનું કારણ. |
| ૮૯ | સ્નાનજલ નિર્માલ્ય નથી. |
| ૯૦ | દેવો એક જ અંગલૂછણા થી ૧૦૮ પ્રતિમાઓને લૂંછે છે. |
| ૮૧ | આદરથી કરાતું જિનસ્નાન શુભ ફલ આપે છે. |
| ૮૨-૮૫ | પરસ્પર જલસ્પર્શથી આશાતના ન થાય તેનું દૃષ્ટાંતથી સમર્થન. |
| ૮૬-૧૦૧ | કર્મક્ષયનું કારણ ભાવવિશુદ્ધિ છે એ વિષયનું દૃષ્ટાંતથી સમર્થન. |
| ૧૦૨ | કેવા પરિણામ શુદ્ધ હોય ? |

| ગાથા | વિષય |
|---|---|
| ૧૦૩ | કલુષિત મનવાળો જીવ નિર્દોષમાં પણ દોષની કલ્પના કરે. રાબડીની ઊલટી કરનાર બાલકનું દૃષ્ટાંત. |
| ૧૦૪ | શંકાથી કલુષિત ચિત્તવાળો સાધુ શુદ્ધ પણ આહારને અશુદ્ધ કરે. |
| ૧૦૫ | શુભ શકુન પણ અપશુકનની કલ્પનાથી અશુભ ફળ આપે. |
| ૧૦૫ | સૂત્રથી અવિરુદ્ધ ક્રિયાને દોષિત કહેનાર ઘણાના ભાવને કલુષિત કરે છે. |
| ૧૦૭ | મુગ્ધ ધર્માર્થી લોક નવી વાતને સહેલાઈથી સ્વીકારી લે. |
| ૧૦૮ | અસદ્ આગ્રહવાળો પુરુષ પોતાની ખોટી માન્યતાનો પ્રચાર કેમ કરે છે તેનું કથન. |
| ૧૦૯ | ધર્માર્થીએ શાસ્ત્રમાં શું કહ્યું છે તે જાણવું જોઈએ. |
| ૧૧૦ | સ્વમતિ પ્રમાણે થતી ધર્મપ્રવૃત્તિ સંસારનું કારણ બને. |
| ૧૧૧ | ધર્માર્થીએ ધર્મક્રિયાને સ્વમતિથી ન કરવી જોઈએ અને સ્વમતિથી મૂકવી પણ ન જોઈએ. |
| ૧૧૩ | જિનબિંબને ઘી-દૂધથી પ્રક્ષાલ કરી શકાય. |
| ૧૧૪-૧૨૬ | આચરણાને પ્રમાણ માનવામાં પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ. |
| ૧૨૮ | આઠ પ્રકારના શાસન પ્રભાવકો. |
| ૧૨૯ | સ્વયુક્તિથી રચેલું પણ શાસન પ્રભાવના કરનારું હોય તો સારું જાણવું. |
| ૧૩૦ | કદાગ્રહથી અસત્ય કહેનારાઓને લોકમાં ઓળખાવવા જોઈએ. |
| ૧૩૧-૧૩૨ | સંઘની અવજ્ઞા કરતો કદાગ્રહી જમાલિ સમાન છે. |
| ૧૩૩-૧૩૪ | સંઘની કોઈ વ્યક્તિનું અનુચિત આચરણ જોઈને સંઘની અવહીલના કરનાર જીવ ભવે ભવે સર્વ લોકથી અવપહીલના કરવા યોગ્ય બને છે. |
| ૧૩૫ | શ્રમણસંઘના દોષોને છુપાવનાર યશકીર્તિને પામીને જલદી મોક્ષ પામે છે. |

| ગાથા | વિષય |
|---|---|
| ૧૩૬ | શાસનની મલિનતા ન થાય એ માટે અનુચિત આચરણને છુપાવવો જોઈએ. |
| ૧૩૭ | સંઘની આશાતના ન કરવાનો દૃષ્ટાંતપૂર્વક ઉપદેશ. |
| ૧૩૮-૧૪૪ | જિનબિંબની સ્નાન આદિથી પૂજા ન કરવા સંબંધી પૂર્વપક્ષ ઉત્તરપક્ષ. |
| ૧૪૫-૧૫૬ | એકવાર ચઢાવેલાં વસ્ત્રાદિ બીજીવાર ચઢાવી શકાય. |
| ૧૪૮-૪૫૨ | અહીં આચરણાની વિચારણા અપ્રસ્તુત નથી. |
| ૧૫૩-૧૬૦ | ચૈત્યવંદનના જઘન્ય-જઘન્ય વગેરે નવ પ્રકારો. |
| ૧૬૨ | શક્તિસંપન્ને ઉભયકાલ ત્રણ પ્રકારનું ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું જોઈએ. |
| ૧૬૩-૧૬૪ | છ ચૈત્યવંદનો ચૈત્યપરિપાટીઆદિમાં દેશ-કાલ પ્રમાણે કરવા જોઈએ. |
| ૧૬૬ | પંચાશકમાં કહેલા ચૈત્યવંદનના ત્રણ પ્રકાર. |
| ૧૬૭-૧૭૨ | ચૈત્યવંદન ના જઘન્ય વગેરે ભેદો. |
| ૧૭૩ | ચૈત્યવંદનના નવ ભેદો સૂત્રપાઠ અને ક્રિયાની અપેક્ષાએ છે. |
| ૧૭૪ | અધિકારીની અપેક્ષાએ ચૈત્યવંદનના ત્રણ ભેદો. |
| ૧૭૫-૧૭૬ | અપુનર્બંધકની વ્યાખ્યા અને લક્ષણ. |
| ૧૭૭ | સમ્યગ્દૃષ્ટિ વગેરેની વ્યાખ્યા. |
| ૧૮૦-૧૮૧ | દશત્રિક |
| ૧૮૩-૧૮૪ | જિનમંદિરે જવાનો વિધિ |
| ૧૮૫-૧૮૭ | પાંચ અભિગમ |
| ૧૮૮ | નિસીહિત્રિક-મંદિરમાં પ્રવેશતાં ત્રણ વાર નિસીહિ બોલે. |
| ૧૮૯ | અર્ધાવનત પ્રણામ કે પંચાંગ પ્રણિપાત. |

| ગાથા | વિષય |
|---|---|
| ૧૯૦-૧૯૨ | પ્રદક્ષિણાત્રિક |
| ૧૯૩ | પ્રણામત્રિક |
| ૧૯૪ | પ્રતિમા ઉપરથી નિર્માલ્યને દૂર કરે. |
| ૧૯૫ | જિનમંદિરપ્રમાર્જન. |
| ૧૯૬ | કોઈએ સારા વૈભવથી પૂજા કરી હોય તો બિંબ વિશેષ શોભાવાળું બને તેમ કરે. |
| ૧૯૭-૧૯૮ | મૂલનાયકની વિશેષથી પૂજા ઉચિત છે. |
| ૨૦૦ | પૂજા ત્રિક |
| ૨૦૧ | મુખકોશથી નાસિકા બાંધીને પૂજા કરવી જોઈએ. |
| ૨૦૨ | ઘી-દૂધ-દહીંથી મિશ્રિત સુગંધી જલથી પૂજા કરે. |
| ૨૦૨ | પર્વદિવસોમાં ગીત-વાજિંત્રઆદિ પૂર્વક પૂજા કરે. |
| ૨૦૯-૨૧૨ | પંચોપચારા વગેરે ત્રણ પ્રકારની પૂજા. |
| ૨૧૩-૨૧૫ | વિઘ્નોપશમની આદિ ત્રણ પ્રકારની પૂજા. |
| ૨૧૬ | સંપૂર્ણ પૂજા ન થઈ શકે તો અક્ષત આદિથી પૂજા કરવી. |
| ૨૧૯-૨૨૫ | અવસ્થાત્રિક |
| ૨૨૬-૨૨૮ | દિશિ ત્રિક-ત્રણ દિશામાં જોવાનો ત્યાગ. |
| ૨૨૯-૨૩૦ | પ્રમાર્જનત્રિક |
| ૨૩૧-૨૩૪ | આલંબનત્રિક (સૂત્ર-અર્થ-પ્રતિમા) |
| ૨૩૫-૨૪૦ | મુદ્રાત્રિક |
| ૨૪૧-૨૪૫ | એકી સાથે વર્ણાદિત્રણેમાં ઉપયોગ થઈ શકે. |
| ૨૪૬ | પ્રદક્ષિણા આપતાં સ્તોત્રનો પાઠ થઈ શકે. |
| ૨૪૭-૨૫૧ | પ્રણિધાનત્રિક |
| ૨૫૩-૨૫૪ | બીજું પ્રણિધાનત્રિક |

| ગાથા | વિષય |
|---|---|
| ૨૬૧ | ચૈત્યવંદનથી થતા લાભો. |
| ૨૬૩-૨૬૯ | ચૈત્યવંદનનો વિધિ. |
| ૨૭૦-૨૭૨ | વ્યાખ્યાના સંહિત વગેરે છ પ્રકારો. |
| ૨૭૩-૨૭૫ | પ્રણિપાત સ્તવમાં સંપદા અને પદો. |
| ૨૭૬-૩૬૨ | પ્રણિપાતસ્તવની વ્યાખ્યા. |
| ૨૭૮ | આઠ પ્રતિહાર્ય. |
| ૩૧૪ | અરિહંત વિચરે ત્યાં સો યોજન સુધીમાં રોગ અને ઇતિ વગેરે ઉપદ્રવો નાશ પામે. |
| ૩૨૦ | ભગવાન જડનું હિત કરનારા કેવી રીતે ? |
| ૩૩૦ | ચરણ-કરણના સિંતેર પ્રકારો. |
| ૩૩૮ | ધર્મનું અનર્થ શું ? |
| ૩૬૦ | અંતે નમો પદનો પ્રયોગ કરવામાં પુનરુક્તિ દોષ નથી. |
| ૩૬૧ | अरिहंताणं એમ બહુવચનનો પ્રયોગ શા માટે ? |
| ૩૬૨ | जे अ अईआ० એ ગાથા શા માટે ? |
| ૩૬૩ | वंदामि પદ બોલતાં પંચાંગ પ્રણિપાત કરે. |
| ૩૬૪ | नमुत्थु णं સુત્ર બોલ્યા પછી ઈરિયાવહિયા કરે. |
| ૩૬૬ | ઈરિયાવહિયા સૂત્રમાં સંપદા અને પદો. |
| ૩૬૭-૩૮૧ | ઈરિયાવહિયા સૂત્રની વ્યાખ્યા. |
| ૩૮૩ | કાઉસ્સગ્ગ કરવાનાં કારણો. |
| ૩૮૪-૩૮૮ | "તસ્સ ઉત્તરી" સૂત્રની વ્યાખ્યા. |
| ૩૯૦-૩૯૧ | ઈરિયાવહિયા કર્યા પછી ચૈત્યવંદન કહે, પછી આચાર્યાદિને વંદન કરે, પછી અરિહંત એઈયાણં સૂત્ર કહે. |
| ૩૯૨-૩૯૪ | અરિહંત૦ સૂત્રમાં વાક્ય-સંપદા-પદોની સંખ્યા. |

| ગાથા | વિષય |
|---|---|
| ૩૯૫-૪૨૫ | અરિહંત૦ સૂત્રની વ્યાખ્યા. |
| ૪૦૦ | સાધુ-શ્રાવકને બોધિલાભ હોવા છતાં માગણી કેમ ? |
| ૪૦૩-૪૦૫ | સાધુઓ સાક્ષાત્ પૂજા-સત્કાર કેમ કરતા નથી ? |
| ૪૦૭-૪૧૫ | પૂજા-સત્કાર દ્રવ્યસ્તવ હોવાથી સાધુઓને પૂજા-સત્કારનું ફળ મેળવવા કાયોત્સર્ગ કરવો એ યોગ્ય નથી એ વિષે પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ. |
| ૪૨૫ | કરાતું કાર્ય કરેલું ગણાય. |
| ૪૨૬-૪૨૭ | કાયોત્સર્ગમાં આગારો રાખવાનો હેતુ. |
| ૪૨૮-૪૬૭ | અન્નત્થ સૂત્રની વ્યાખ્યા. |
| ૪૫૩-૪૭૭ | આગારો રાખવા અયોગ્ય છે એ વિષે પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ. |
| ૪૭૮-૪૯૬ | કાયોત્સર્ગના દોષોનું વર્ણન. |
| ૪૯૭-૫૦૬ | કાયોત્સર્ગ કર્યા પછીનો ચૈત્યવંદનનો વિધિ. |
| ૫૦૭ | લોગસ્સ સૂત્રમાં શ્લોક-ગાથા-પદ-સંપદાની સંખ્યા. |
| ૫૦૮-૬૩૮ | લોગસ્સ સૂત્રની વ્યાખ્યા. |
| ૬૩૮ | વંદે, વંદામિ એવા વારંવારના પ્રયોગમાં પુનરુક્તિ દોષ નથી. |
| ૬૩૯-૬૪૧ | સવ્વલોએ અરિહંત ચેઈયાણં સૂત્ર બોલવાનો હેતુ. |
| ૬૪૨-૬૪૩ | સવ્વલોએ પદનો અર્થ. |
| ૬૪૪-૬૪૮ | ઉર્ધ્વલોક આદિમાં રહેલા ચૈત્યોનું વર્ણન. |
| ૬૪૯ | સવ્વલોએ અરિહંત૦ સૂત્ર બોલ્યા પછીનો વિધિ. |
| ૬૫૦ | લોગસ્સ અને પુક્ખરવર૦ સૂત્ર બોલવાનો હેતુ. |
| ૬૫૩-૭૦૦ | પુક્ખરવરદી૦ સૂત્રની વ્યાખ્યા. |
| ૭૦૧-૭૦૨ | પુક્ખર૦ સૂત્ર બોલ્યા પછીનો વિધિ. |
| ૭૦૩-૭૦૪ | કયા સૂત્રમાં કોને વંદન કર્યું છે તેનું વર્ણન. |

| ગાથા | વિષય |
|---|---|
| ૭૦૫ | 'દ્રવ્ય' ની વ્યાખ્યા. |
| ૭૦૬ | શ્રુત તીર્થંકરનામ કર્મના બંધનું કારણ છે. |
| ૭૦૮-૭૦૯ | 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્ર બોલવાનો હેતુ. |
| ૭૧૧-૭૧૪ | 'સિદ્ધાણં૦' સૂત્રની વ્યાખ્યા. |
| ૭૪૪ | શાસ્ત્રવચનના અર્થવાદ-વિધિવાદ-અનુવાદ એમ ત્રણ પ્રકાર. |
| ૭૫૫-૭૬૪ | સ્ત્રીમુક્તિસિદ્ધાંતની સ્થાપના. |
| ૭૬૮ | સુકૃતની વારંવાર અનુમોદના કરવાથી પુણ્ય અનુબંધવાળું બને. |
| ૭૭૫ | 'વેયાવચ્ચગરાણં' સૂત્ર બોલવાનો હેતુ. |
| ૭૭૬-૭૭૮ | 'વેયાવચ્ચગરાણં' સૂત્રની વ્યાખ્યા. |
| ૭૭૯-૭૮૭ | દેવો અવિરતિવાળા હોવા છતાં. તેમને ઉદ્દેશીને કરાતો કાયોત્સર્ગ સંગત છે. |
| ૭૮૮ | કાયોત્સર્ગ પછીનો વિધિ. |
| ૭૮૯ | ફરી પણ પૂર્વની જેમ નમુન્થુણં સૂત્રથી પ્રારંભી બધા સૂત્રો બોલીને ચાર થોયોથી વંદન કરે. |
| ૭૯૦-૭૯૪ | ફરીવાર વંદન કરવામાં પુનરુક્તિ દોષ નથી. |
| ૭૯૨ | પર્વતિથિએ સર્વમંદિરોમાં ચૈત્યવંદન કરવું જોઈએ. |
| ૭૯૫ | મુનિઓએ બે વાર અવશ્ય ચૈત્યવંદન કરવું જોઈએ. |
| ૭૯૬ | મુનિઓએ ઉત્સર્ગથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું જોઈએ, ગૃહસ્થોએ. તો ખાસ ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું જોઈએ. |
| ૭૯૯ | ચારિત્રમાં રહેલાઓને સઘળી ય ક્રિયા ચૈત્યવંદન જ છે. |
| ૮૦૧ | ગૃહસ્થોને ચૈત્યવંદન કરે ત્યાં સુધી જ ચૈત્યવંદનનો ભાવ હોય. |
| ૮૦૩ | પુષ્ટ કારણોથી નાનું ચૈત્યવંદન કરે તો પણ સંપૂર્ણ ચૈત્યવંદન નું ફળ પામે. |

| ગાથા | વિષય |
|---|---|
| ૮૦૪-૮૦૫ | ઉત્કષ્ટ ચૈત્યવંદનનો મનોરથ પણ ન કરનારનું સંસારમાં ભ્રમણ. |
| ૮૦૬ | આજીવિકાની મુશ્કેલી અસમાધિ ન કરે તો ગૃહસ્થે ત્રિકાળ ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું જોઈએ. |
| ૮૦૭ | ફક્ત ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જ ન કહેતાં નવ ચૈત્યવંદન કેમ કહ્યા ? |
| ૮૧૪ | પૂજા કરવાના ભાવોલ્લાસથી પૂજા કર્યા વિના પણ સ્વર્ગની પ્રાપ્તિમાં વૃદ્ધાનું દૃષ્ટાંત. |
| ૮૧૫ | વંદન કરવાના ભાવોલ્લાસથી વંદન કર્યા વિના પણ સ્વર્ગની પ્રાપ્તીમાં દેડકાનું દૃષ્ટાંત. |
| ૮૧૬-૮૨૧ | પર્વદિવસોમાં વંદન-પૂજન વગેરે ધર્મ ક્રિયા વિશેષથી કરવી જોઈએ. |
| ૮૨૨-૮૨૯ | तिन्नि वा कड्ढइ० એ ગાથાનો પરમાર્થ. |
| ૮૩૫ | બીજી વાર ચાર થોયોથી વંદન કર્યા પછીનો વિધિ. |
| ૮૩૬ | જાવંતિ ચેઈઆઈ સૂત્રની વ્યાખ્યા. |
| ૮૩૭ | જાવંતિ ચેઈઆઈ સૂત્ર કહેવાનું પ્રયોજન. |
| ૮૩૮ | જાવંતિ૦ કહ્યા પછી ખમાસમણું આપીને 'જાવંત કે વિ સાહૂ' સૂત્ર બોલે. |
| ૮૩૯ | જાવંત કે વિ સાહૂ૦ સૂત્રનો અર્થ. |
| ૮૪૦ | જાવંત૦ સૂત્ર કહ્યા પછી સ્તવસ્તોત્ર કહે. |
| ૮૪૧ | સ્તવ-સ્તોત્રની વ્યાખ્યા. |
| ૮૪૪ | સ્તવ-સ્તોત્ર કહ્યા પછીનો વિધિ. |
| ૮૪૫ | શક્રસ્તવ પછી ઈષ્ટ ફલની પ્રાર્થના કરે. |
| ૮૪૬-૮૪૯ | વિવિધ ઈષ્ટફલની પ્રાર્થના. |
| ૮૫૩ | ભાવવંદનાનું લક્ષણ. |

| ગાથા | વિષય |
|---|---|
| ૮૫૪-૮૭૩ | પ્રણિધાન નિદાનરૂપ નથી. |
| ૮૭૬-૮૭૭ | કયા કારણથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન ન કરે. |
| ૮૮૦-૮૮૫ | રૂપિયાના દૃષ્ટાંતથી શુદ્ધ-અશુદ્ધ ચૈત્યવંદનનો વિચાર. |
| ૮૮૭-૮૯૩ | પ્રીતિ આદિ ચાર પ્રકારનું અનુષ્ઠાન. |
| ૮૯૪ | પ્રીતિ અનુષ્ઠાન કરનારને વચન અનુષ્ઠાન આદિની અવશ્ય પ્રાપ્તિ થાય. |
| ૮૯૫ | પ્રીતિ આદિ ચારે ય અનુષ્ઠાનો મોક્ષનું કારણ છે. |
| ૮૯૬-૮૯૭ | બીજા રૂપિયા સમાન અનુષ્ઠાન એકાંતે દુષ્ટ નથી. |
| ૮૯૮-૮૯૯ | ત્રીજા રૂપિયા સમાન અનુષ્ઠાન અનર્થકારી છે. |
| ૯૦૦-૯૦૧ | શુદ્ધભાવ-શુદ્ધવિધિથી રહિત ક્રિયા ક્યારેક શુભનું કારણ બને. |
| ૯૦૫ | સંઘનો મહિમા. |
| ૮૦૬ | સંઘની અવજ્ઞાથી દુઃખપ્રાપ્તિમાં દૃષ્ટાંત. |
| ૯૦૭ | સંઘનું ગૌરવ કરવાથી થતા લાભમાં દૃષ્ટાંત. |

**પરિશિષ્ટ - ૧**

**અકારાદિઅનુક્રમણિકા**


✠ ✠ ✠

શ્રીધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિગુરુભ્યો નમઃ

**ऐं नमः**

## वादिवेताल श्रीशान्तिसूरिविरचितं

# चैत्यवन्दनमहाभाष्यम्

**पणमह पणमंतसुरा-ऽसुरिंदमणिमउडघट्टपयपीढं ।**
**सिप्प-कला-ऽऽगम-सिवमग्गदेसयं जिणवरं उसहं ॥१॥**

प्रणमत प्रणमत्सुरा-ऽसुरेन्द्रमणिमुकुटघृष्टपदपीठम् ।
शिल्प-कला-ऽऽगम-शिवमार्गदेशकं जिनवरमृषभम् ॥१॥

પ્રણામ કરતા એવા સુરેંદ્રો અને અસુરેંદ્રોના મણિજડિત મુકુટથી જેમનું પાદપીઠ સ્પર્શાયેલું છે અને જેઓ શિલ્પ, કલા, આગમ અને મોક્ષમાર્ગના ઉપદેશક છે એવા શ્રી ઋષભજિનવરને તમે પ્રણામ કરો.

**વિશેષાર્થઃ**— શ્રી ઋષભદેવે સંસારમાં રાજ્યાવસ્થામાં લોકોને ઘટનિર્માણ વગેરે સો શિલ્પો શિખવાડ્યા, પુરુષોની ૭૨ કળાઓ અને સ્ત્રીઓની ૬૪ કળાઓ શિખવાડી. દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન પામીને દ્વાદશાંગીરૂપી આગમની અર્થથી રચના કરી. પછી જીવન પર્યંત દરરોજ બે પ્રહર મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. (૧)

**संगमयामरगयऽमाणमाणमायंगमद्दणमयंदं ।**
**पणमह वीरं तित्थस्स नायगं वद्धमाणस्स ॥२॥**

संगमकाऽमरगताऽमानमानमातङ्गमर्दनमृगेन्द्रम् ।
प्रणमत वीरं तीर्थस्य नायकं वर्त्तमानस्य ।।२।।

સંગમદેવમાં રહેલા અતિશય માનરૂપી હાથીનું મર્દન કરવા માટે સિંહ સમાન અને વર્તમાન તીર્થના નાયક એવા શ્રી વીરને તમે પ્રણામ કરો.

**વિશેષાર્થઃ**— ઇંદ્રે ધ્યાનમાં રહેલા શ્રી વીરવિભુના સત્ત્વની પ્રશંસા કરવા માટે દેવોની સમક્ષ કહ્યું કે— ધ્યાનમાં રહેલા વીરપ્રભુને ધ્યાનથી ચલાયમાન કરવા દેવો પણ સમર્થ નથી. માનકષાયને આધીન બનેલો સંગમ નામનો દેવ આ પ્રશંસા સહન કરી શક્યો નહિ. આથી તેણે પ્રભુની પાસે આવીને પ્રભુને ધ્યાનથી ચલાયમાન કરવા એક રાતમાં વીસ ઉપસર્ગો કર્યા. પણ પ્રભુ જરાય ચલાયમાન ન થયા. પછી પણ છ મહિના સુધી અનેક ઉપસર્ગો કર્યા. પ્રભુએ આ બધું સહન કરીને સંગમના માનકષાયનું મર્દન કર્યું. (૨)

**संसारगहिरसायरपडंतजंतूण तारणप्पवणे ।**
**तीयाऽणागय-संते, वंदे सव्वे वि तित्थयरे ।।३।।**

संसारगभीरसागरपतज्जन्तूनां तारणप्रवणान् ।
अतीता-ऽनागत-सतो वन्दे सर्वानपि तीर्थकरान् ।।३।।

સંસારરૂપી ગંભીર સાગરમાં પડતા જીવોને તારવામાં તત્પર એવા અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણે કાળના સઘળા ય તીર્થંકરોને હું વંદન કરું છું. (૩)

**जम्मुहमहद्दहाओ, दुवालसंगी महानई वूढा ।**
**ते गणहरकुलगिरिणो, सव्वे वंदामि भावेण ।।४।।**

यन्मुखमहाद्रहाद् द्वादशाङ्गी महानदी व्यूढा ।
तान् गणधरकुलगिरीन् सर्वान् वन्दे भावेन ।।४।।

જેમના મુખરૂપ મહાદ્રહમાંથી દ્વાદશાંગીરૂપી મહાનદી નીકળી છે તે સર્વ ગણધર રૂપી કુલગિરિઓને હું ભાવથી વંદન કરું છું.

**વિશેષાર્થઃ**— જંબુદ્વીપના ભરત વગેરે સાત ક્ષેત્રોના આંતરામાં છ કુલગિરિ(= કુલપર્વતો) આવેલા છે. તેમાં લઘુહિમવંત કુલગિરિના પદ્મદ્રહમાંથી

ગંગા, સિંધુ અને રોહિતાંશા એ ત્રણ નદીઓ નીકળે છે. મહાહિમવંત કુલગિરિના મહાપદ્મદ્રહમાંથી રોહિતા અને હરિકાંતા નદી નીકળે છે. નિષેધ કુલગિરિના તિગિચ્છી દ્રહમાંથી હરિસલિલા નદી નીકળે છે. નીલવંત કુલગિરિના કેશરીદ્રહમાંથી નારીકાંતા નદી નીકળે છે. રુક્મિ કુલગિરિના મહાપુંડરીક દ્રહમાંથી નરકાંતા અને રૂપ્યકૂલા એ બે નદીઓ નીકળે છે. શિખરી પર્વતના પુંડરીક દ્રહમાંથી સુવર્ણકૂલા, રક્તા અને રક્તવતી એ ત્રણ નદીઓ નીકળે છે. આ બધી નદીઓ સમુદ્રમાં જઈને ભળી જાય છે.

જેમ આ રીતે કુલ ગિરિઓના મહાદ્રહમાંથી મહાનદીઓ નીકળે છે તેમ ગણધરોના મુખમાંથી દ્વાદશાંગી નીકળે છે. (૪)

**नमिऊण समणसंघं, संघायारं समासओ वुच्छं ।**
**चेइयवंदणविसयं, सुत्तायरणाऽणुसारेणं ॥५॥**

नत्वा श्रमणसङ्घं सङ्घाचारं समासतो वक्ष्ये ।
चैत्यवन्दनविषयं सूत्राऽऽचरणानुसारेण ॥५॥

શ્રી શ્રમણસંઘને નમીને ચૈત્યવંદન સંબંધી સંઘાચારને સૂત્ર અને આચરણાના અનુસારે સંક્ષેપથી કહીશ.

**વિશેષાર્થઃ**— દરેક ગ્રંથના પ્રારંભમાં મંગલ, વિષય, પ્રયોજન અને સંબંધ એ ચારનો નિર્દેશ હોય છે. આ ચારને અનુબંધ ચતુષ્ટય કહેવામાં આવે છે.

**મંગલઃ**— કોઈ પણ ઈષ્ટ કાર્યનો પ્રારંભ કરતાં પહેલાં ઈષ્ટદેવને નમસ્કાર કરવો એવો શિષ્ટપુરુષોનો આચાર છે. તથા શુભ કાર્યોમાં ઘણાં વિઘ્નો આવવાનો સંભવ છે. ઈષ્ટદેવને નમસ્કાર કરવાથી વિઘ્નોનો નાશ થાય છે. ઈષ્ટદેવને નમસ્કાર કરવો એ મંગલ છે. અહીં ગ્રંથકારે શિષ્ટાચારનું પાલન કરવા અને વિઘ્નોના વિનાશ માટે ઉક્ત પાંચ ગાથાઓથી મંગલ કર્યું છે.

**પૂર્વપક્ષઃ**— ગ્રંથના પ્રારંભમાં વાચિક નમસ્કાર રૂપ મંગલ વાક્યનો ઉલ્લેખ કર્યા વિના જ માનસિક નમસ્કાર, તપશ્ચર્યા આદિ અન્ય મંગલથી જ વિઘ્નોનો વિનાશ થઈ જવાથી ઈષ્ટકાર્યની સિદ્ધિ થઈ જશે. આથી ગ્રંથનું કદ

વધારનારા વાચિક નમસ્કારની જરૂર નથી.

**ઉત્તરપક્ષઃ**– વાત સત્ય છે. માનસિક નમસ્કાર આદિથી વિઘ્નવિનાશ થઈ જતો હોવા છતાં જો ગ્રંથના પ્રારંભમાં ઈષ્ટદેવનમસ્કારરૂપ મંગલ વાક્યનો ઉલ્લેખ ન કરવામાં આવે તો કોઈક પ્રમાદી શિષ્ય ઈષ્ટદેવનમસ્કારરૂપ મંગલ કર્યા વિના જ ગ્રંથનું અધ્યયન, શ્રવણ વગેરે કરે, આથી તેને વિઘ્નો આવવાનો સંભવ હોવાથી તેની તે ગ્રંથમાં પ્રવૃત્તિ ન થાય. ગ્રંથમાં મંગલ વાક્યનો ઉલ્લેખ કરવાથી પ્રમાદી શિષ્ય પણ મંગલ વાક્યના પાઠપૂર્વક અધ્યયન આદિ કરે. એ મંગલવચનથી થયેલા દેવ સંબંધી શુભ ભાવથી વિઘ્નો દૂર થવાથી શાસ્ત્રમાં નિર્વિઘ્ને પ્રવૃત્તિ થાય છે. ગ્રંથના પ્રારંભમાં વાચિક નમસ્કાર કરવાથી બીજો લાભ એ થાય છે કે આ શાસ્ત્ર અમુક દેવે કહેલા આગમને અનુસરનારું છે માટે ઉપાદેય છે એવી બુદ્ધિ થાય છે. આથી શિષ્ય તેમાં પ્રવૃત્તિ કરે છે. આમ શિષ્ય પ્રવૃત્તિ માટે પણ ગ્રંથના પ્રારંભમાં મંગલવાક્યનો ઉલ્લેખ કરવાની જરૂર છે. કહ્યું છે કે–

> मंगलपुव्वपत्तो, पमत्तसीसोवि पारमिह जाई ।
> सत्थे विसेसणाणा, तु गोरबादिह पयट्टेजा ॥१॥

"ગ્રંથના પ્રારંભમાં મંગલવચનના ઉલ્લેખથી પ્રમાદી શિષ્ય પણ મંગલપૂર્વક પ્રવૃત્તિ કરીને શાસ્ત્રના પારને પામે છે, તથા વિશેષ પ્રકારના (આ શાસ્ત્ર અમુક દેવે કહેલ આગમને અનુસરનારું છે એવા) જ્ઞાનથી ગૌરવપૂર્વક શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરે.

**વિષયઃ**– બુદ્ધિશાલી પુરુષો આ ગ્રંથમાં પોતાને ઈષ્ટ વિષય છે એમ જાણ્યા વિના ગ્રંથનું વાંચન કરે નહિ, એથી બુદ્ધિશાલી પુરુષો ગ્રંથને વાંચે એ માટે ગ્રંથનો વિષય (= અભિધેય) કહેવો જોઈએ. આથી ગ્રંથકારે **"ચૈત્યવંદન સંબંધી સંઘાચારને કહીશ"** એમ કહીને આ ગ્રંથના વિષયનો નિર્દેશ કર્યો છે. ચૈત્યવંદન સંબંધી સંઘાચાર આ ગ્રંથનો વિષય છે = અભિધેય છે.

**પ્રયોજનઃ**– વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા બુદ્ધિશાલી પુરુષો જે શાસ્ત્રમાં કોઈ પ્રયોજન (= શાસ્ત્રને રચવાનો હેતુ) જણાવવામાં ન આવ્યું હોય તેમાં

પ્રવૃત્તિ કરતાં નથી. આથી વિચાર પૂર્વક પ્રવૃત્તિ કરનારા પુરુષો શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરે એ માટે પ્રયોજન કહેવું જોઈએ. આથી ગ્રંથકારે **"સંક્ષેપથી કહીશ"** એમ કહીને ગ્રંથરચનાનું પ્રયોજન જણાવ્યું છે. પૂર્વાચાર્યોએ વિસ્તારથી કહ્યું છે. હું સંક્ષેપથી કહીશ. સંક્ષિપ્ત ગ્રંથનું પઠન આદિ સુખ પૂર્વક થઈ શકે અને જલદી થઈ શકે વગેરે કારણોથી શ્રોતાઓ વિસ્તૃત ગ્રંથને છોડી આ ગ્રંથમાં પ્રવૃત્તિ કરે. મંદમતિ જીવોને ચૈત્યવંદન સંબંધી સંઘાચારનો બોધ થાય એ પણ આ ગ્રંથ રચનાનું પ્રયોજન છે. આ પ્રયોજન ગ્રંથકારે નવમી ગાથામાં જણાવ્યું છે.

**પ્રયોજનનું વિશેષ વર્ણનઃ–** પ્રયોજન અનંતર અને પરંપર એમ બે પ્રકારે છે. એ બંને પ્રકારના પ્રયોજનના કર્તા અને શ્રોતાની અપેક્ષાએ બે પ્રકાર છે. આથી પ્રયોજનના કુલ ચાર ભેદ થયા.

**કર્તાનું અનંતર પ્રયોજન–** શિષ્યોને સંક્ષેપથી ચૈત્યવંદન સંબંધી સંઘાચારનો બોધ.

**કર્તાનું પરંપર પ્રયોજન–** પરોપકાર દ્વારા કર્મક્ષયથી મોક્ષ.

**શ્રોતાનું અનંતર પ્રયોજન–** સહેલાઈથી ચૈત્યવંદન સંબંધી સંઘાચારનો બોધ.

**શ્રોતાનું પરંપર પ્રયોજન–** (ચારિત્ર આદિથી) મોક્ષ પ્રાપ્તિ.

**સંબંધઃ–** ગ્રંથના પ્રારંભમાં સંબંધ પણ કહેવો જોઈએ. "આ ગ્રંથનું આ ફળ છે" એવો જે યોગ (= ગ્રંથનો ફલની સાથેનો સંબંધ) તે સંબંધ કહેવાય છે. પ્રસ્તુતમાં સાધ્ય-સાધન સંબંધ છે. સાધ્ય એટલે જે સિદ્ધ કરવાનું હોય (= પ્રાપ્ત કરવાનું હોય) તે. બીજા શબ્દોમાં કહીએ તો સાધ્ય એટલે પ્રયોજન=ફળ. સાધ્યને જે સિદ્ધ કરી આપે= પ્રાપ્ત કરી આપે તે સાધન. પ્રસ્તુતમાં ચૈત્યવંદન સંબંધી સંઘાચારનો બોધ સાધ્ય=પ્રયોજન છે. આ ગ્રંથ તેનું સાધન છે. આમ ગ્રંથનો ફળની સાથે સંબંધ તે સાધ્ય-સાધન સંબંધ. મૂળ ગાથામાં સાધ્ય-સાધન રૂપ સંબંધનો સાક્ષાત્ નિર્દેશ કર્યો નથી. પણ મૂળ ગાથામાં પ્રયોજનનો નિર્દેશ કર્યો છે. પ્રયોજનના નિર્દેશથી સાધ્ય-સાધનરૂપ સંબંધનો પણ નિર્દેશ થઈ ગયો છે.

**"સૂત્ર અને આચરણના અનુસારે કહીશ"** એમ કહીને ગ્રંથકારે આ ગ્રંથમાં મારી સ્વતંત્ર બુદ્ધિથી નહિ, કિંતુ વીતરાગ પ્રણીત શાસ્ત્રોના અનુસારે અને (સંવિગ્ન ગીતાર્થ મહાપુરુષોએ કરેલી) આચરણાના અનુસારે કહીશ એમ જણાવ્યું છે. આનાથી ગ્રંથકારે એ પણ સૂચિત કર્યું છે કે– જેમ સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રો પ્રમાણ છે તેમ આચરણા પણ પ્રમાણ છે. આ વિષે પંચવસ્તુક ગ્રંથમાં (ગા. ૪૭૬) કહ્યું છે કે– "અશઠ (રાગ-દ્વેષથી રહિત) એવા પ્રામાણિક કોઈ ગીતાર્થે કોઈ તેવા પુષ્ટ આલંબનથી સ્વરૂપથી અસાવદ્ય (= પાપથી રહિત) એવું જે કાંઈ આચરણ કર્યું હોય અને યોગ્ય હોવાથી જ તેનો અન્યગીતાર્થોએ નિષેધ ન કર્યો હોય તે આચરણ કહેવાય. આમ, આ આચરણા ઘણાઓને સંમત હોય."

આ વિષે ધર્મરત્ન પ્રકરણમાં (ભાગ ૨. ગા. ૮૦) માર્ગાનુસારિણી ક્રિયાની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે– અહીં માર્ગ એટલે મુક્તિનો માર્ગ. મુક્તિ માર્ગના બે ભેદ છે. (૧) શાસ્ત્રમાં કહેલા આચારો. (૨) સંવિગ્ન ગીતાર્થોએ આચરેલું હોય તે. આવા પ્રકારના મોક્ષમાર્ગને અનુસરનારી ક્રિયા તે માર્ગાનુ-સારિણી ક્રિયા.

**સંઘાચારઃ**– સંઘ એટલે જિનાજ્ઞાને શિરસાવંદ્ય કરનાર સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ. સંઘે પાળવાના આચારો તે સંઘાચાર.(૫)

**संघो महाणुभावो, अमरिंद-णरिंदवंदिओ एसो ।**
**तित्थयरेहि वि नियमा, पणमिज्जइ देसणारंभे ।।६।।**

सङ्घो महानुभावोऽमरेन्द्र-नरेन्द्रवन्दित एषः ।
तीर्थकरैरपि नियमात्प्रणम्यते देशनारम्भे ।।६।।

દેવેન્દ્રોથી અને ચક્રવર્તીઓથી વંદાયેલા અને મહાપ્રભાવવંત એવા સંઘને તીર્થંકરો પણ દેશનાના પ્રારંભમાં નિયમા નમસ્કાર કરે છે.

**વિશેષાર્થઃ**– તીર્થંકર ભગવંતો દેશનાના પ્રારંભમાં नमो तित्थस्स એમ કહીને શ્રીસંઘને નમસ્કાર કરે છે. તીર્થંકરો નીચેના ત્રણ કારણોથી સંઘને નમસ્કાર કરે છે.

(૧) સંઘવાત્સલ્ય આદિથી તીર્થંકર નામકર્મનો બંધ થતો હોવાથી તીર્થંકરપણામાં સંઘ નિમિત્ત છે. જો સંઘ જ ન હોય તો કોનું વાત્સલ્ય કરે ? સંઘ તીર્થંકરપણામાં નિમિત્ત હોવાથી તીર્થંકરનો ઉપકારી છે. ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતાનું પાલન કરવું જોઈએ. નમસ્કાર દ્વારા સંઘનો વિનય કરવાથી કૃતજ્ઞતાધર્મનું પાલન થાય છે.

(૨) લોકો મોટા માણસો જેની પૂજા કરે તેની પૂજા કરે છે. આથી તીર્થંકર સંઘને નમસ્કાર કરે તો લોકો તીર્થંકરે પણ સંઘપૂજા કરી છે માટે આપણે તો અવશ્ય સંઘપૂજા કરવી જોઈએ એમ વિચારીને સંઘપૂજા કરે.

(૩) ધર્મનું મૂળ વિનય છે એ સૂચન કરવા. (૪) સંઘ તીર્થંકરને પણ પૂજ્ય હોવાથી પચીસમો તીર્થંકર કહેવાય છે. આથી પહેલા નંબરમાં તીર્થંકર પૂજ્ય છે, અને બીજા નંબરમાં સંઘપૂજ્ય છે. (૬)

**ता एयसमायारो, कित्तिज्जंतो वि कुणइ कल्लाणं ।**
**पोसेइ पुन्नमउलं, वायगगंथे जओ भणियं ॥७॥**

ततं एतत्समाचारः कीर्त्यमानोऽपि करोति कल्याणम् ।
पोषयति पुण्यमतुलं वाचकग्रन्थे यतो भणितम् ॥७॥

સંઘ તીર્થંકરને પણ પૂજ્ય હોવાથી સંઘના આચારોનું કથન (= વર્ણન) પણ કલ્યાણને કરે છે, અને અનુપમ પુણ્યને પોષે છે. કારણકે વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજના ગ્રંથમા (પ્ર. ર. ગા. ૧૨માં) નીચે પ્રમાણે (હવે પછીની આઠમી ગાથામાં કહેવાશે તે પ્રમાણે) કહ્યું છે.

**વિશેષાર્થ:**– સંઘના આચારોનું કથન પણ કલ્યાણને કરે છે એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે-- સંઘના આચારોનું પાલન તો કલ્યાણને કરે જ છે, કિંતુ સંઘના આચારોનું માત્ર કથન (= વર્ણન કે ઉપદેશ) પણ કલ્યાણને કરે છે. (૭)

**जे तित्थयरपणीया, भावा तयणंतरेहि परिकहिआ ।**
**बहुसो वि तेसि परिकित्तणेण पुन्नं लहइ पुट्ठिं ॥८॥**

ये तीर्थकरप्रणीता भावास्तदनन्तरैः परिकथिताः ।
बहुशोऽपि तेषां परिकीर्त्तनेन पुण्यं लभते पुष्टिम् ।।८।।

તીર્થંકરો વડે રચાયેલા અને તીર્થંકરો પછી થયેલા ગણધર વગેરે મહાપુરુષોથી કહેવાયેલા જીવાદિભાવોને (= પદાર્થોને) વારંવાર પણ કહેવાથી પુણ્ય પુષ્ટ બને છે.

**વિશેષાર્થઃ**— કોઈ અહીં પ્રશ્ન કરે કે— પૂર્વના મહાપુરુષોએ સંઘના આચારોનું વર્ણન કર્યું જ છે. એથી તમારી આ શાસ્ત્ર રચના પિષ્ટપેષણ (= કહેલી વાતને ફરી કહેવી) રૂપ હોવાથી પુનરુક્તિનો દોષ નહિ આવે ? આ પ્રશ્નના ઉત્તરમાં અહીં જવાબ આપ્યો છે કે તીર્થંકરોએ રચેલા જીવાદિ ભાવોનું વારંવાર વર્ણન કરવાથી પણ પુણ્ય પુષ્ટ બને છે. આથી પુનરુક્તિનો દોષ નથી. (૮)

**अइगरुयभत्तिबहुमाणचोइओ मंदबुद्धिबोहत्थं ।**
**सूरिपरंपरपत्तं, कित्तेमि अहं पि तं तत्तो ॥९॥**

अतिगुरुकभक्तिबहुमानचोदितो मन्दबुद्धिबोधार्थम् ।
सूरिपरम्पराप्राप्तं कीर्त्तयाम्यहमपि तं ततः ।।९।।

**હવે ગ્રંથરચનાનો હેતુ જણાવે છે—**

તેથી (= તીર્થંકરોએ રચેલા જીવાદિભાવોનું વારંવાર પણ વર્ણન કરવાથી પુણ્ય પુષ્ટ બનતું હોવાથી) સંઘ પ્રત્યે મારા હૃદયમાં રહેલ અતિશય ભક્તિ-બહુમાનથી પ્રેરાયેલો હું પણ મંદમતિવાળા જીવોના બોધ માટે આચાર્યોની પરંપરાથી પ્રાપ્ત થયેલા સંઘના આચારોને કહું છું.

**વિશેષાર્થઃ**— આ શ્લોકમાં ગ્રંથકારે રચનાના બે હેતુ જણાવ્યા છે. (૧) તીર્થંકરોએ કહેલા જીવાદિ ભાવોનું વારંવાર પણ વર્ણન કરવાથી પુણ્યપુષ્ટિ થતી હોવાથી પોતાના પુણ્યની પુષ્ટિ માટે આ ગ્રંથની રચના છે.

(૨) મંદમતિ મનુષ્યોના બોધ માટે આ ગ્રંથની રચના છે. (૯)

**अहिगारिणा उ काले, कायव्वा वंदणा जिणाईणं ।**
**दंसणसुद्धिनिमित्तं, कम्मक्खयमिच्छमाणेण ॥१०॥**

अधिकारिणा तु काले कर्त्तव्या वन्दना जिनादीनाम् ।
दर्शनशुद्धिनिमित्तं कर्मक्षयमिच्छता ।।१०।।

કર્મક્ષયને ઈચ્છતા એવા અધિકારીએ દર્શનની શુદ્ધિ નિમિત્તે કાળે જિનાદિને વંદના કરવી જોઈએ.

**વિશેષાર્થ:**— આ ગાથામાં ત્રણ બાબતો જણાવી છે.

(૧) વંદના કોણે કરવી જોઈએ એ પ્રશ્નના સમાધાનમાં જણાવ્યું છે કે વંદના કરવા માટે જે અધિકારી (યોગ્ય) હોય તેણે વંદના કરવી જોઈએ.

(૨) વંદના શા માટે કરવી જોઈએ ? એ પ્રશ્નના સમાધાન માટે અહીં જણાવ્યું છે કે— સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે વંદના કરવી જોઈએ. તથા "કર્મક્ષયને ઈચ્છતા" એમ કહીને કર્મક્ષય માટે વંદના કરવી જોઈએ એમ જણાવ્યું છે.

(૩) વંદના ક્યારે કરવી જોઈએ એ પ્રશ્નના ઉત્તરમાં અહીં કહ્યું છે કે— શાસ્ત્રમાં વંદનાનો જે કાળ બતાવ્યો છે, તે કાળે વંદના કરવી જોઈએ. (૧૦)

**संघेगयरो जीवो, अहिगारी वंदणाएँ तत्तेणं ।**
**कालो य तिन्नि संझा, सामन्नेणेत्थ विन्नेओ ॥११॥**

सङ्घैकतरो जीवोऽधिकारी वन्दनायां तत्त्वेन ।
कालश्च तिस्रः सन्ध्याः सामान्येनात्र विज्ञेयः ।।११।।

પરમાર્થથી સંઘનો કોઈ પણ જીવ વંદનાનો અધિકારી છે = વંદના કરવા માટે યોગ્ય છે. સામાન્યથી ત્રણ સંધ્યા વંદનાનો કાળ જાણવો.

**વિશેષાર્થ:**— દશમી ગાથામાં અધિકારીએ વંદના કરવી જોઈએ એમ કહ્યું છે આથી અહીં વંદનાનો અધિકારી કોણ છે તે જણાવ્યું છે. આ વિષે પંચાશક ગ્રંથમાં ચૈત્યવંદન પંચાશકની સાતમી ગાથામાં નીચે મુજબ જણાવ્યું છે—

एते अहिगारिणो इह, ण उ सेसा दव्वओ वि जं एसा ।
इयरीइ जोगयाए, सेसाण उ अप्पहाण त्ति ॥७॥

અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત અને સર્વવિરત એ ચાર પ્રકારના જીવો ભાવવંદન માટે યોગ્ય છે. (ण उ सेसा =) બાકીના માર્ગાભિમુખ, માર્ગપતિત, સકૃદ્બંધક અને બીજા બધા મિથ્યાદૃષ્ટિઓ વંદન માટે અયોગ્ય છે. આ જીવો ભાવવંદના માટે તો અધિકારી-યોગ્ય નથી, પણ દ્રવ્યવંદના માટે પણ યોગ્ય નથી. કારણકે દ્રવ્યવંદના પણ તો જ થઈ શકે, જો તે દ્રવ્યવંદના ભવિષ્યમાં ભાવવંદના કરાવવાનું સામર્થ્ય ધરાવતી હોય.

**ભાવાર્થઃ**– દ્રવ્યવંદનાના બે પ્રકાર છે. (૧) પ્રધાન દ્રવ્યવંદના અને (૨) અપ્રધાન દ્રવ્યવંદનાઃ જે દ્રવ્યવંદના ભાવવંદનાનું કારણ બને તે પ્રધાન દ્રવ્યવંદના. જે દ્રવ્યવંદના ભાવવંદનાનું કારણ ન બને તે અપ્રધાન દ્રવ્યવંદના.. તેમાં પ્રધાન દ્રવ્યવંદનાવાળા જીવો વંદનાના અધિકરી છે. કારણ કે તે જીવો દ્રવ્યવંદના કરતાં કરતાં ભાવવંદનાને કરનારા બની જાય છે. આથી અપુનર્બંધક જીવોની વંદના દ્રવ્યવંદના હોવા છતાં પ્રધાન દ્રવ્યવંદના હોવાથી તે જીવો વંદનાના અધિકારી છે. (सेसाण उ) જ્યારે માર્ગાભિમુખ વગેરે જીવોની વંદના (अपहाणा) અપ્રધાન દ્રવ્યવંદના છે. આથી તે જીવો દ્રવ્યવંદના કરતાં કરતાં ભાવવંદના કરનારા બનવાના જ નથી. કારણકે તેમનામાં હજી જોઈએ તેટલો કર્મમલનો ઘટાડો થયો હોતો નથી. આથી તે જીવો ભાવવંદનાની વાત તો દૂર રહી, દ્રવ્યવંદનાના પણ અધિકારી નથી.

પંચાશક ગ્રંથમાં ચૈત્યવંદન પંચાશકની નવમી ગાથામાં દ્રવ્યવંદના અને ભાવવંદનાનાં લક્ષણો જણાવ્યાં છે. તે આ પ્રમાણે–

लिंगा ण तिए भावो, ण तयत्थालोयणं ण गुणरागो ।
णो विम्हओ ण भवभयमियवच्चासो य दोण्हं पि ॥९॥

(૧) ચૈત્યવંદનમાં ઉપયોગનો અભાવ, (૨) સૂત્રોના અર્થોની વિચારણાનો અભાવ, (૩) વંદનીય અરિહંત આદિના ગુણો ઉપર બહુમાનનો

અભાવ, (૪) સંસારમાં પરિભ્રમણ કરતાં ક્યારે પણ ન મળી હોય તેવી જિનવંદના કરવા મળી છે ઈત્યાદિ આનંદનો અભાવ, (૫) સંસાર ભયનો અભાવ. આ દ્રવ્યવંદનાનાં લક્ષણો છે. આનાથી વિપરીત લક્ષણો ભાવવંદનાના છે. અર્થાત્ ઉપયોગ, અર્થવિચારણા, ગુણબહુમાન, આનંદ અને સંસારભય ભાવવંદનાનાં લક્ષણો છે. કારણકે अनुपयोगो द्रव्यम् = ઉપયોગનો અભાવ દ્રવ્ય છે એવું શાસ્ત્રવચન છે. આમાં ઉપયોગ સામાન્ય લક્ષણ છે. બાકીનાં લક્ષણો તેના (ઉપયોગરૂપ સામાન્યના) વિશેષરૂપ છે.

દશમી ગાથામાં કાળે ચૈત્યવંદન કરવું જોઈએ એમ કહ્યું છે. આથી અહીં ચૈત્યવંદન કાળ જણાવ્યો છે. સવાર, બપોર અને સાંજ એમ ત્રણ સંધ્યા વંદનાનો કાળ છે, અર્થાત્ સવારે, બપોરે અને સાંજે એમ ત્રણ વખત ચૈત્યવંદન કરવું જોઈએ. સવારે સૂર્યોદય બાદ, બપોરે મધ્યાહ્ન કાળે અને સાંજે સૂર્યાસ્ત પહેલાં ચૈત્યવંદન કરવું જોઈએ. (૧૧)

**भावजिणप्पमुहाणं, सव्वेसिं चेव वंदणा जइ वि ।**
**जिणचेइयाण पुरओ, कीरइ चिइवंदणा तेण ॥१२॥**

भावजिनप्रमुखानां सर्वेषां चैव वन्दना यद्यपि ।
जिनचैत्यानां पुरतः क्रियते चैत्यवन्दना तेन ।।१२।।

જો કે ભાવજિન આદિ સર્વ જિનોને જ વંદના કરાય છે. તો પણ જિનચૈત્યોની સમક્ષ વંદના કરાતી હોવાથી એ વંદનાને ચૈત્યવંદના કહેવાય છે.

**વિશેષાર્થઃ**– "ભાવજિન આદિ" એ સ્થળે આદિ શબ્દથી નામજિન, સ્થાપનાજિન અને દ્રવ્યજિન સમજવા.

વંદના જિનને કરાતી હોવાથી એ વંદનાને જિનવંદના કહેવી જોઈએ, તો પછી એ વંદનાને ચૈત્યવંદના કેમ કહેવામાં આવે છે ? એ પ્રશ્નનો ઉત્તર આ ગાથામાં કહેવામાં આવ્યો છે. અહીં ચૈત્ય એટલે મૂર્તિ કે બિંબ. વંદના જિનચૈત્યોની=જિનબિંબોની સમક્ષ કરાતી હોવાથી ચૈત્યવંદના કહેવાય છે. (૧૨)

**जिणबिंबाभावे पुण, ठवणागुरुसक्खिया वि कीरंती ।**
**चिइवंदण च्चिय इमा, नायव्वा निउणबुद्धीहिं ॥१३॥**

जिनबिम्बाभावे पुनः स्थापनागुरुसाक्षिक्यपि क्रियमाणा ।
चैत्यवन्दना खल्विमा ज्ञातव्या निपुणबुद्धिभिः ।।१३।।

જિનબિંબના અભાવમાં સ્થાપનાગુરુની સાક્ષીએ પણ કરાતી આ જિનવંદનાને નિપુણ બુદ્ધિવાળા પુરુષોએ ચૈત્યવંદના જ જાણવી.

**વિશેષાર્થઃ**— જિનબિંબ સમક્ષ કરાતી હોવાથી જિનવંદનાને ચૈત્યવંદના કહેવામાં આવે છે, એમ બારમી ગાથામાં કહ્યું છે. આથી પ્રશ્ન થાય કે જે જિનવંદના સ્થાપનાગુરુની સાક્ષીએ કરાય તે જિનવંદના ચૈત્યવંદના કેમ કહેવાય ? કારણકે તે વંદના જિનબિંબની સમક્ષ થતી નથી. આ પ્રશ્નના ઉત્તરમાં અહીં જણાવ્યું કે સ્થાપનાગુરુની સાક્ષીએ પણ કરાતી જિનવંદનાને ચૈત્યવંદના જ જાણવી. (કારણકે હૃદયમાં તો હું જિનબિંબોને વંદન કરું છું એવો ભાવ રહેલો હોય છે.) (૧૩)

**अहवा जत्थ वि तत्थ वि, पुरओ परिकप्पिऊण जिणबिंबं ।**
**कीरइ बुहेहिं एसा, नेया चिइवंदणा तम्हा ॥१४॥**

अथवा यत्रापि तत्रापि पुरतः परिकल्प्य जिनबिंम्बम् ।
क्रियते बुधैरेषा ज्ञेया चैत्यवन्दना तस्मात् ।।१४।।

અથવા કુશળ પુરુષો જ્યાં ત્યાં પણ પોતાની સમક્ષ જિનબિંબને કલ્પીને જિનવંદના કરે છે, તેથી તેને ચૈત્યવંદના જાણવી. (૧૪)

**तीसे करणविहाणं, नज्जइ सुत्ताणुसारओ किं पि ।**
**संविग्गायरणाओ, किंची उभयं पि तं भणिमो ॥१५॥**

तस्याः करणविधानं ज्ञायते सूत्रानुसारतः किमपि ।
संविग्नाचरणातः किञ्चिदुभयमपि तद्भणामः ।।१५।।

ચૈત્યવંદન કરવાનો કોઈક વિધિ સૂત્રાનુસારે અને કોઈક વિધિ

સંવિગ્નોની આચરણાના અનુસારે જાણવામાં આવે છે. આથી અમે અહીં એ બંનેના અનુસારે ચૈત્યવંદનનો વિધિ કહીએ છીએ. (૧૫)

**पुच्छइ सीसो भयवं !, सुत्तोइयमेव साहिउं जुत्तं ।**
**किं वंदणाहिगारे, आयरणा कीरइ सहाया ? ॥१६॥**

पृच्छति शिष्यो भगवन् ! सूत्रोदितमेव कथयितुं युक्तम् ।
किं वन्दनाधिकारे आचरणा क्रियते सहाया ?॥१६॥

**અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે**– હે ભગવંત ! સૂત્રમાં જે કહ્યું હોય તે જ કહેવું યોગ્ય છે. વંદનાના અધિકારમાં આચરણાને સહાયક કેમ કરવામાં આવે છે ? અર્થાત્ આચરણાના આધારે વંદનવિધિ કેમ કહેવામાં આવે છે ? (૧૬)

**आयरिओ–**
**दीसइ सामन्नेणं, वुत्तं सुत्तम्मि वंदणविहाणं ।**
**नज्जइ आयरणाओ, विसेसकरणक्कमो तस्स ॥१७॥**

आचार्यः–
दृश्यते सामान्येनोक्तं सूत्रे वन्दनविधानम् ।
ज्ञायते आचरणातो विशेषकरणक्रमस्तस्य ॥१७॥

**આચાર્ય જવાબ આપે છે**– ચૈત્યવંદન કરવાનો વિધિ સૂત્રમાં સામાન્યથી કહેલો જોવામાં આવે છે. (વિશેષથી કહેલો જોવામાં આવતો નથી.) ચૈત્યવંદનનો વિશેષથી કરવાનો ક્રમ આચરણાથી જણાય છે=જાણી શકાય છે. (૧૭)

**सूयणमेत्तं सुत्तं, आयरणाओ य गम्मइ तयत्थो ।**
**सीसायरियक्कमेण हि , नज्जंते सिप्पसत्थाइं ॥१८॥**

सूचनमात्रं सूत्रमाचरणातश्च गम्यते तदर्थः ।
शिष्याचार्यक्रमेण हि ज्ञायन्ते शिल्पशास्त्राणि ॥१८॥

(કારણકે) જે માત્ર સૂચન કરે તે સૂત્ર એવી સૂત્રશબ્દની વ્યાખ્યા છે.

(આથી સૂત્રથી સામાન્ય અર્થ જણાય, વિશેષ અર્થ ન જણાય.) સૂત્રનો વિશેષ અર્થ આચરણાથી જણાય છે. શિલ્પશાસ્ત્રો શિષ્ય-આચાર્યની પરંપરાથી જાણી શકાય છે. (૧૮)

**अन्नं च–**

**अंगो-वंग-पइन्नयभेया सुअसागरो खलु अपारो ।**
**को तस्स मुणइ मज्झं, पुरिसो पंडिच्चमाणी वि ? ॥१९॥**

अन्यच्च –

अङ्गो-पाङ्ग-प्रकीर्णकभेदात् श्रुतसागरः खल्वपारः ।
कस्तस्य जानाति मध्यं पुरुषः पण्डितमानी अपि ? ।।१९।।

**વળી બીજું**– અંગ, ઉપાંગ અને પ્રકીર્ણકનાં ભેદવાળો શ્રુતરૂપી સાગર અપાર છે. આથી પોતાને પંડિત માનનાર પણ કયો પુરુષ તેના મધ્યને=ઊંડાણને જાણી શકે ?

**વિશેષાર્થઃ**– આચારાંગ વગેરે (અગિયાર) શાસ્ત્રોની અંગ સંજ્ઞા છે. પ્રજ્ઞાપના વગેરે (બાર) શાસ્ત્રોની ઉપાંગ સંજ્ઞા છે. ગચ્છાચાર વગેરે (દશ) શાસ્ત્રોની પ્રકીર્ણક સંજ્ઞા છે. (૧૯)

**किंतु सुहज्झाणजणगं, जं कम्मखयावहं अणुट्ठाणं ।**
**अंगसमुद्दे रुद्दे, भणियं चिय तं तओ भणियं ॥२०॥**

किन्तु शुभध्यानजनकं यत्कर्मक्षयावहमनुष्ठानम् ।
अङ्गसमुद्रे रौद्रे भणितं खलु तत्ततो भणितम् ।।२०।।

આમ છતાં જે અનુષ્ઠાન શુભ ધ્યાન જનક છે અને કર્મક્ષયને લાવનારું (કરનારું) છે તે અનુષ્ઠાન વિશાળ અંગરૂપી સમુદ્રમાં કહેલું જ છે. આથી આવું અનુષ્ઠાન વિશાળ અંગરૂપ સમુદ્રમાં કહેલું છે એમ જાણવું.

**વિશેષાર્થઃ**– ચૈત્યવંદન શાસ્ત્રવિહિત છે=શાસ્ત્રીય છે, અશાસ્ત્રીય નથી, એવો આ ગાથાનો ભાવાર્થ છે. (૨૦)

**सव्वप्पवायमूलं, दुवालसंगं जओ समक्खायं ।**
**रयणायरतुल्लं खलु, ता सव्वं सुंदरं तम्मि ॥२१॥**

सर्वप्रवादमूलं द्वादशाङ्गं यतः समाख्यातम् ।
रत्नाकरतुल्यं खलु तस्मात्सर्वं सुन्दरं तस्मिन् ॥२१॥

બૌદ્ધ, શૈવ, વૈશેષિક અને અક્ષપાદ વગેરે અન્યદર્શનીઓની પ્રરૂપણાનું મૂળ કારણ આચારાંગ આદિ બાર અંગો છે. બાર અંગો સમુદ્ર સમાન છે. માટે અન્યદર્શનોમાં જે કાંઈ સુંદર છે તે બધું બાર અંગોનું છે, અર્થાત્ બાર અંગોમાંથી અન્ય દર્શનોમાં ગયેલું છે.

**વિશેષાર્થ:**– આનાથી ગ્રંથકાર એ કહેવા માગે છે કે જો અન્યદર્શનોમાં જે કાંઈ સુંદર છે તે બાર અંગોનું છે, તો પછી જૈનદર્શનમાં જે કાંઈ સુંદર અનુષ્ઠાન હોય તે બાર અંગોનું હોય = બાર અંગોમાંથી જ કહેવાયેલું હોય, એમાં તો કહેવાનું જ શું હોય ? (૨૧)

**वोच्छिन्ने मूलसुए, बिंदुपमाणम्मि संपइ धरंते ।**
**आयरणाओ नज्जइ, परमत्थो सव्वकज्जेसु ॥२२॥**

व्युच्छिन्ने मूलश्रुते बिन्दुप्रमाणे सम्प्रति ध्रियमाणे ।
आचरणातो ज्ञायते परमार्थः सर्वकार्येषु ॥२२॥

મૂલશ્રુત (લગભગ બધું) નાશ પામ્યું છે. હમણાં ધારણ કરવામાં આવતું શ્રુત બિંદુ પ્રમાણ છે. (આથી) સર્વકાર્યોમાં પરમાર્થ આચરણાથી જણાય છે. (૨૨)

**भणियं च–**
**बहुसुयकमाणुपत्ता, आयरणा धरइ सुत्तविरहे वि ।**
**विज्झाए वि पईवे, नज्जइ दिट्ठं सुदिट्ठीहिं ॥२३॥**

भणितं च–
बहुश्रुतक्रमानुप्राप्ताऽऽचरणा ध्रियते सूत्रविरहेऽपि ।
विध्यातेऽपि प्रदीपे ज्ञायते दृष्टं सुदृष्टिभिः ॥२३॥

કહ્યું છે કે– સૂત્રના વિરહમાં પણ બહુશ્રુતોની પરંપરાથી પ્રાપ્ત થયેલી આચરણા ધારણ કરાય છે. સારી આંખોથી જે જોયેલું હોય તે દીપક બુઝાઈ જાય તો પણ જણાય છે=દેખાય છે. (૨૩)

**जीवियपुव्वं जीवइ, जीविस्सइ जेण धम्मियजणम्मि ।**
**जीयं ति तेण भन्नइ, आयरणा समयकुसलेहिं ॥२४॥**

जीवितपूर्वं जीवति जीविष्यति येन धार्मिकजने ।
'जी(वि)तम्' इति तेन भण्यते आचरणा समयकुशलैः ॥२४॥

આચરણા ધાર્મિક લોકમાં પૂર્વે જીવતી હતી, વર્તમાનમાં જીવે છે અને ભવિષ્યમાં જીવશે માટે શાસ્ત્રમાં કુશલ પુરુષો આચરણાને જીવિત=જીત એ પ્રમાણે કહે છે.

**વિશેષાર્થ:**– આચરણાને શાસ્ત્રમાં જીત કહેવામાં આવે છે. જીત અને જીવિત એ બેનો પ્રાકૃત ભાષામાં એક જ અર્થ છે. જે જીવે તે જીત કે જીવિત કહેવાય. આચરણા સદા જીવે છે=હોય છે. માટે આચરણાને જીત કહેવામાં આવે છે. (૨૪)

**तम्हा अनायमूला, हिंसारहिया सुझाणजणणी य ।**
**सूरिपरंपरपत्ता, सुत्त व्व पमाणमायरणा ॥२५॥**

तस्मादज्ञातमूला हिंसारहिता सुध्यानजननी च ।
सूरिपरम्पराप्राप्ता सूत्रमिव प्रमाणमाचरणा ॥२५॥

તેથી અજ્ઞાત મૂળવાળી, હિંસાથી રહિત, શુભધ્યાનને ઉત્પન્ન કરનારી અને આચાર્યોની પરંપરાથી પ્રાપ્ત થયેલી આચરણા સૂત્રની જેમ પ્રમાણ છે.

**વિશેષાર્થ:**– અજ્ઞાત મૂળવાળી એટલે ક્યારથી શરૂ થઈ અને કોણે શરૂ કરી તે જાણવામાં ન આવ્યું હોય તેવી. (૨૫)

**जह एगं जिणबिंबं, तिन्नि व पंच व तहा चउव्वीसं ।**
**सत्तरसयं पि केई, कारेंति विचित्तपणिहाणा ॥२६॥**

यथैकं जिनबिम्बं त्रीणि वा पञ्च वा तथा चतुर्विंशतिम् ।
सप्ततिशतमपि केऽपि कारयन्ति विचित्रप्रणिधानात्(नाः) ।।२६।।

જેવી રીતે કોઈ એક, ત્રણ કે પાંચ બિંબ કરાવે છે, તેવી રીતે કોઈ ચોવીસ કે એકસો સિત્તેર પણ જિનબિંબ કરાવે છે. કારણકે જીવોના આશયો (= અધ્યવસાયો) વિવિધ પ્રકારના હોય છે. (૨૬)

**जिणरिद्धिदंसणत्थं, एगं कारेइ कोइ भत्तिजुओ ।**
**पायडियपाडिहेरं, देवागमसोहियं चेव ॥२७॥**

जिनर्द्धिदर्शनार्थमेकं कारयति कोऽपि भक्तियुतः ।
प्रकटितप्रातिहार्यं देवागमशोभितं चैव ।।२७।।

ભક્તિથી યુક્ત કોઈ જીવ જિનની ઋદ્ધિના દર્શન માટે પ્રાતિહાર્યવાળું અને દેવોના આગમનથી શોભિત એવું એક જિનબિંબ કરાવે છે.

**વિશેષાર્થઃ**– જિનની ઋદ્ધિના દર્શન માટે એટલે પ્રતિમાને જોતાં પ્રભુની અષ્ટપ્રાતિહાર્ય વગેરે બાહ્ય ઋદ્ધિનાં દર્શન થાય એ માટે. દેવાગમનથી શોભિત એટલે દેવો ભગવાનની ભક્તિ કરી રહ્યા છે તેવો દેખાવ જેમાં હોય તેવું જિનબિંબ. (૨૭)

**दंसण-नाण-चरित्ता-ऽऽराहणकज्जे जिणत्तिअं कोइ ।**
**परमेट्ठिनमोक्कारं, उज्जमियं कोइ पंच जिणे ॥२८॥**

दर्शन-ज्ञान-चारित्राऽऽराधनकार्ये जिनत्रिकं कोऽपि ।
परमेष्ठिनमस्कारमुद्यमितं कोऽपि पञ्च जिनान् ।।२८।।

કોઈ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના નિમિત્તે ત્રણ જિનબિંબ કરાવે છે. પરમેષ્ઠિ નમસ્કારની (નમસ્કાર મહામંત્રની) આરાધના પૂર્ણ કરી હોય એ નિમિત્તે કોઈ પાંચ જિનબિંબ કરાવે છે. (૨૮)

**कल्लाणयतवमहवा, उज्जमियं भरहवासभावि त्ति ।**
**बहुमाणविसेसाओ, केई कारेंति चउवीसं ॥२९॥**

कल्याणकतपोऽथवोद्यामितं भरतवर्षभाविन इति ।
बहुमानविशेषात्केऽपि कारयन्ति चतुर्विंशतिम् ।।२९।।

અથવા કલ્યાણક તપની આરાધના પૂર્ણ કરી હોય એ નિમિત્તે ભરતક્ષેત્રમાં ચોવીસ તીર્થંકરો થાય છે એમ બહુમાન વિશેષથી કોઈ ચોવીસ જિનબિંબોને કરાવે છે. (૨૯)

**उक्कोस सत्तरिसयं, नरलोए विहरइ त्ति भत्तीए ।**
**सत्तरिसयं पि कोइ, बिंबाणं कारइ धणड्ढो ॥३०॥**

उत्कृष्टं सप्ततिशतं नरलोके विहरतीति भक्त्या ।
सप्ततिशतमपि कोऽपि बिम्बानां कारयति धनाढ्यः ।।३०।।

મનુષ્યલોકમાં ઉત્કૃષ્ટથી એકસો સિત્તેર તીર્થંકરો વિચરે છે એવી ભક્તિથી કોઈ શ્રીમંત એકસો સિત્તેર પણ જિનબિંબો કરાવે છે. (૩૦)

**इय बहुविहबिंबाइं, सूरीहिं पइट्ठियाइँ दीसंति ।**
**भवियाणंदकराइं, पभावगाइं पवयणस्स ॥३१॥**

इति बहुविधबिम्बानि सूरिभिः प्रतिष्ठितानि दृश्यन्ते ।
भविका(व्या)नन्दकराणि प्रभावकाणि प्रवचनस्य ।।३१।।

આ પ્રમાણે ભવ્ય જીવોને આનંદ પમાડનારાં અને પ્રવચનના પ્રભાવક એવાં વિવિધ પ્રકારનાં જિનબંબો આચાર્યોથી પ્રતિષ્ઠિત કરાયેલાં દેખાય છે. (૩૧)

**सुत्ते पुण अट्ठसयं, सासयभवणाण देवछंदेसु ।**
**सुव्वइ जिणपडिमाणं, न निसेहो अन्नहाकरणे ॥३२॥**

सूत्रे पुनरष्टशतं शाश्वतभवनानां देवच्छन्देषु ।
श्रूयते जिनप्रतिमानां न निषेधोऽन्यथाकरणे ।।३२।।

સૂત્રમાં તો શાશ્વતભવનોના દેવછંદકોમાં એકસો આઠ જિનબિંબ છે એમ સંભળાય છે, પણ આ સિવાય બીજી રીતે કરવામાં નિષેધ નથી.

**વિશેષાર્થઃ**— દેવછંદક એટલે જિનબિંબોને બિરાજમાન કરવાની પીઠિકા (કે ઓટલો). **"પણ આ સિવાય બીજી રીતે કરવામાં નિષેધ નથી"** એ કથનનો ભાવ એ છે કે પ્રતિમા કરાવવાની અહીં જે સંખ્યા બતાવી તે સિવાયની સંખ્યાનો નિષેધ નથી, ઉક્ત સંખ્યાથી વધારે કે ઓછી સંખ્યામાં પણ જિનબિંબો કરાવી શકાય છે. (૩૨)

**ता सुत्ताऽपडिसिद्धा, पवयणसोहावहा चिरपवत्ता ।**
**सच्चा न दूसिअव्वा, आयरणा मुत्तिकामेहिं ॥३३॥**

तस्मात्सूत्राऽप्रतिषिद्धा प्रवचनशोभावहा चिरप्रवृत्ता ।
सत्या न दूषयितव्याऽऽचरणा मुक्तिकामैः ।।३३।।

આથી મુક્તિકામી જીવોએ સૂત્રમાં અપ્રતિષિદ્ધ, પ્રવચનની શોભાને કરનારી, અને ઘણા કાળથી પ્રવૃત્ત થયેલી સત્ય આચરણાને દૂષિત ન કરવી જોઈએ. (૩૩)

**जइ एवं किं भणिया, तिविहा हरिभद्दसूरिणा सुत्ते ।**
**जिणबिंबस्स पइट्ठा ?, जं भणिओ तत्थ एसत्थो ॥३४॥**

यद्येवं किं भणिता त्रिविधा हरिभद्रसूरिणा सूत्रे ।
जिनबिम्बस्य प्रतिष्ठा ? यद्भणितस्तत्रैषोऽर्थः ।।३४।।

જો આ પ્રમાણે છે (= ગમે તેટલી પ્રતિમાઓ કરાવી શકાય છે) તો શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ષોડશક પ્રકરણગ્રંથમાં (આઠમા ષોડશકમાં બીજી-ત્રીજી ગાથામાં) જિનબિંબની પ્રતિષ્ઠા ત્રણ પ્રકારની કેમ કહી ? કારણકે ત્યાં (ષોડશકમાં) આ (નીચે કહેવાશે તે) અર્થ કહ્યો છે. (૩૪)

**वत्तिपइट्ठा एगा, खित्तपइट्ठा महापइट्ठा य ।**
**एग-चउवीस-सत्तरसयाण सा होइ अणुकमसो ॥३५॥**

व्यक्तिप्रतिष्ठैका क्षेत्रप्रतिष्ठा महाप्रतिष्ठा च ।
एक-चतुर्विंशति-सप्ततिशतानां सा भवत्यनुक्रमशः ।।३५।।

વ્યક્તિ પ્રતિષ્ઠા, ક્ષેત્રપ્રતિષ્ઠા અને મહાપ્રતિષ્ઠા એમ ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા છે. તે ક્રમશઃ એક, ચોવીસ, અને એકસો સિત્તેર જિનબિંબોની જાણવી, અર્થાત્ એક જિનબિંબની પ્રતિષ્ઠા તે વ્યક્તિ પ્રતિષ્ઠા છે, ચોવીસ જિનબિંબોની પ્રતિષ્ઠા એ ક્ષેત્ર પ્રતિષ્ઠા છે અને એકસો સિત્તેર જિનબિંબોની પ્રતિષ્ઠા એ મહાપ્રતિષ્ઠા છે. (૩૫)

**भन्नइ तिविहपइट्ठा उवलक्खणमेव तत्थ तं भणियं ।**
**अवधारणविरहाओ, ओसरणाइपइट्ठाओ ॥३६॥**

भण्यते त्रिविधप्रतिष्ठोपलक्षणमेव तत्र तद्भणितम् ।
अवधारणविरहादवसरणादिप्रतिष्ठाः ॥३६॥

ઉક્ત પ્રશ્નનો જવાબ કહેવાય છે— ત્યાં કહેલી ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા અવસરણ પ્રતિષ્ઠા વગેરે પ્રતિષ્ઠાઓનું ઉપલક્ષણ છે. કારણકે ત્યાં ત્રણ પ્રકારની જ પ્રતિષ્ઠા છે એવું અવધારણ કર્યું નથી.

**વિશેષાર્થઃ**— (स्वज्ञापकत्वे सति स्वेतरज्ञापकत्वमुपलक्षणत्वम्) પોતાને જણાવવા સાથે (પોતાના જેવા જ) બીજાને પણ જણાવે તે ઉપલક્ષણ કહેવાય. અહીં ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા અવસરણપ્રતિષ્ઠા વગેરે પ્રતિષ્ઠાને પણ જણાવે છે. અવસરણ એટલે સમવસરણ. સમવસરણમાં ચાર દિશામાં પ્રભુજી બિરાજમાન હોય છે. એથી ચાર જિનબિંબોની પ્રતિષ્ઠા એ અવસરણ પ્રતિષ્ઠા છે. (૩૬)

**चोयगो—**
**सव्वमसंगयमेयं, रूढं जमणेगबिंबकारवणं ।**
**आसायणा महंती, जं पयडा दीसए एत्थ ॥३७॥**

चोदकः-
सर्वमसंगतमेतद्रूढं यदनेकबिम्बकारणम् ।
आशातना महती यत्प्रकटा दृश्यतेऽत्र ॥३७॥

**અહીં શિષ્ય પ્રશ્ન કરે છે—**

અનેક બિંબો કરાવવાનું જે રૂઢ થયું છે તે બધું અસંગત છે. કારણકે

એમાં મોટી આશાતના પ્રગટ (= પ્રત્યક્ષ) દેખાય છે. (૩૭)

**बिंबं महंतमेगं, सेसाणि लहूणि कारयंतेण ।**
**गरुयलहुत्तं तेसिं, पयडिज्जइ समगुणाणं पि ॥३८॥**

बिम्बं महदेकं शेषाणि लघूनि कारयता ।
गुरुकलघुत्वं तेषां प्रकट्यते समगुणानामपि ।।३८।।

અનેક બિંબો કરાવનાર મનુષ્ય એક બિંબ મોટું કરાવે છે અને બીજાં બિંબો નાનાં કરાવે છે. આનાથી એક ભગવાન મોટા અને બીજા ભગવાન નાના એવો ભેદ પ્રગટ થાય છે. બધા જ ભગવાન સમાન ગુણવાળા હોવા છતાં આમાં નાના-મોટાનો ભેદ પ્રગટ થાય છે. (૩૮)

**पूआवंदणमाई, काऊणेगस्स सेसकरणम्मि ।**
**नायग-सेवगभावो, होइ कओ लोगनाहाणं ॥३९॥**

पूजावन्दनादि कृत्वैकस्य शेषकरणे ।
नायक-सेवकभावो भवति कृतो लोकनाथानाम् ।।३९।।

એક મોટા જિન બિંબની પૂજા-વંદના કરીને બાકીના જિનબિંબોની પૂજા-વંદના વગેરે કરવામાં તીર્થંકરોનો સ્વામી-સેવક ભાવ કરાયેલો થાય છે. મોટા ભગવાન સ્વામી અને નાના ભગવાન તેમના સેવક એમ સ્વામી-સેવક ભાવ કરાયેલો થાય છે. (૩૯)

**एगस्सायरसारा, कीरइ पूआऽवरेसि थोवयरी ।**
**एसावि महाऽवन्ना, लक्खिज्जइ निउणबुद्धीहिं ॥४०॥**

एकस्यादरसारा क्रियते पूजाऽपरेषां स्तोकतरा ।
एषाऽपि महाऽवज्ञा लक्ष्यते निपुणबुद्धिभिः ।।४०।।

એક બિંબની આદરપૂર્વક પૂજા કરાય અને બીજા બિંબોની અતિ અલ્પ પૂજા કરાય એ પણ મોટી અવજ્ઞા છે એમ સૂક્ષ્મબુદ્ધિવાળા જીવો જુએ છે=માને છે. (૪૦)

**ण्हाणोदगाइसंगो, लोगविरुद्धो परुप्परं तेसिं ।**
**लोगोत्तमभावाओ, बहु मन्निज्जइ न हु बुहेहिं ॥४१॥**

स्नानोदकादिसङ्गो लोकविरुद्धः परस्परं तेषाम् ।
लोकोत्तमभावाद् बहु मन्यते न खलु बुधैः ॥४१॥

પ્રક્ષાલના પાણી આદિનો જિનબિંબોને પરસ્પર સંગ (= સ્પર્શ) થાય છે. આ લોકવિરુદ્ધ છે. જિનેશ્વરો લોકમાં ઉત્તમ છે. જિનેશ્વરો લોકમાં ઉત્તમ હોવાથી કુશલપુરુષોને લોકવિરુદ્ધ આ સંગ (= જલનો પરસ્પર સ્પર્શ) જરાય ઈષ્ટ નથી. (૪૧)

**अह कोइ सबुद्धीए, ण्हवेइ एगं न सेसबिंबाणि ।**
**पंतिगयवंचणं पिव, मन्ने एयं महापावं ॥४२॥**

अथ कोऽपि स्वबुद्ध्या स्नपयत्येकं न शेषबिम्बानि ।
पङ्क्तिगतवञ्चनमिव मन्ये एतन्महापापम् ॥४२॥

હવે કોઈક પોતાની બુદ્ધિથી એક જિનબિંબનું પ્રક્ષાલન કરે છે, અને બીજા જિનબિંબોનું પ્રક્ષાલન કરતો નથી. પંક્તિગત વંચનની જેમ આ મોટું પાપ છે એમ હું માનું છું.

**વિશેષાર્થ:**— પંક્તિગત વંચન એટલે એક પંક્તિમાં રહેલાઓને છેતરવા. પંક્તિગત વંચનનો આ શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે છે:— એક સ્થળે સમાન ગુણવાળા ઘણા મનુષ્યો એકઠા થયા હોય તેમાં એકનો આદર કરવો અને બીજાઓનો આદર ન કરવો, એકનું બહુમાન કરવું અને બીજાઓનું બહુમાન ન કરવું, અથવા અમુક જ મનુષ્યોને કોઈ વસ્તુ ભેટ રૂપે આપવી અને બીજાઓને ન આપવી એ પંક્તિગત વંચન છે. આને લોકભાષામાં પંક્તિભેદ કહેવામાં આવે છે. પ્રસ્તુતમાં એક બિંબનું પ્રક્ષાલન કરવું અને બીજા જિનબિંબોનું પ્રક્ષાલન ન કરવું એ પંક્તિભેદ છે, એમ પ્રશ્નકારનું કહેવું છે. (૪૨)

**विणिवारिउं न सक्का, एवं आसायणा बहुपगारा ।**
**ता एगबिंबकरणं, सेयं मन्नामि गुरुराह ॥४३॥**

विनिवारयितुं न शक्यैवमाशातना बहुप्रकारा ।
तस्मादेकबिम्बकरणं श्रेयो मन्ये गुरुराह ।।४३।।

અનેક બિંબ કરવામાં આ પ્રમાણે થતી અનેક પ્રકારની આશાતનાને દૂર કરવાનું અશક્ય છે. તેથી એક બિંબ કરવું એ શ્રેયસ્કર છે એમ હું માનું છું. ગુરુ આનો (નીચે પ્રમાણે) ઉત્તર આપે છે. (૪૩)

**एवं जिणभवणम्मि वि, बीयं बिंबं न कारियं जुत्तं ।**
**तत्थ वि संभवइ जओ, पुव्वोइयदोसरिंछोली ☆ ॥४४॥**

एवं जिनभवनेऽपि द्वितीयं बिम्बं न कारितं युक्तम् ।
तत्रापि संभवति यतः पूर्वोदितदोषपङ्क्तिः ।।४४।।

☆ देशीप्राकृतशब्दोऽयम्, तथा च– 'रिंछोली पंतीए ।' देशीनाममालायां सप्तमे वर्गे सप्तम्यां गाथायाम् ।'ओली माला राई रिंछोली आवली पंती' ।।१०६।। पाइअलच्छीनाममाला.

એ પ્રમાણે હોય તો જિનમંદિરમાં પણ બીજું બિંબ ન કરાવવું એ યુક્ત છે. કારણકે ત્યાં પણ પૂર્વોક્ત દોષશ્રેણિ (= અનેક દોષો) સંભવે છે.

**વિશેષાર્થ:**– પ્રશ્નકારનો આશય એ છે કે એક જ પત્થરમાં અનેક જિનબિંબો ન હોવા જોઈએ. અથવા એક જ પટ્ટમાં અનેક જિનબિંબો ન હોવા જોઈએ. જેમકે- વર્તમાનમાં વચ્ચે એક ભગવાન અને ઉપરના ભાગમાં બે બાજુ પર્યંકાસનવાળી બે મૂર્તિઓ અને નીચેના ભાગમાં કાયોત્સર્ગ મુદ્રાવાળી બે મૂર્તિઓ એમ પંચતીર્થી પ્રતિમા હોય છે, અથવા ધાતુની પ્રતિમાઓમાં વચ્ચે એક પ્રતિમા અને તેની આજુબાજુ ત્રેવીસ પ્રતિમા એમ ચોવીસના પટ્ટ હોય છે, અથવા સિદ્ધચક્રના એક જ ગટામાં અરિહંત વગેરેની અનેક મૂર્તિઓ હોય છે, તેમ અનેક મૂર્તિઓ ન હોવી જોઈએ, અર્થાત્ છૂટી ન કરી શકાય તેવી રીતે અનેક પ્રતિમાઓ ભેગી ન રાખવી જોઈએ. આવી અનેક મૂર્તિઓમાં પૂર્વોક્ત દોષો થાય છે.

આના જવાબમાં ગુરુ કહે છે કે એ પ્રમાણે તો જિનમંદિરમાં પણ બીજું બિંબ ન કરાવવું જોઈએ. કારણકે ત્યાં પણ પૂર્વોક્ત દોષોનો સંભવ છે. (૪૪)

**भणइ परो सच्चमिणं, सम्मयमेयं पि सुहुमबुद्धीणं ।**
**भन्नइ गुरुणा सुंदर !, सुत्तविरुद्धं इमं वयणं ॥४५॥**

भणति परः सत्यमिदं सम्मतमेतदपि सूक्ष्मबुद्धीनाम् ।
भण्यते गुरुणा सुन्दर ! सूत्रविरुद्धमिदं वचनम् ।।४५।।

ગુરુનો આ જવાબ સાંભળીને પ્રશ્નકાર કહે છે કે– જિનમંદિરમાં પણ બીજું બિંબ ન કરાવવું જોઈએ એ સાચું છે. સૂક્ષ્મબુદ્ધિવાળા પુરુષોને આ પણ સંમત છે. ગુરુ આનો જવાબ આપે છે- હે સુંદર ! આ વચન (= જિન મંદિરમાં બીજું બિંબ ન કરાવવું જોઈએ એવું વચન) સૂત્રવિરુદ્ધ છે. (૪૫)

**अट्ठसयं पडिमाणं, सासयभवणेसु वन्नियं सुत्ते ।**
**अट्ठावयम्मि चउवीस मज्झगेहे ततो बाहिं ॥४६॥**

अष्टशतं प्रतिमानां शाश्वतभवनेषु वर्णितं सूत्रे ।
अष्टापदे चतुर्विंशतिर्मध्यगेहे ततो बहिः ।।४६।।

**चउमुह-तिदार-मुहपेच्छ-मंडवा थूभ-पडिम-चिइरुक्खे ।**
**इंदज्झय-पुक्खरिणी, पत्तेयं चउसु वि दिसासु ॥४७॥**

चतुर्मुख-त्रिद्वार-मुखप्रेक्षा-मण्डपाः स्तूप-प्रतिमा-चैत्यवृक्षाः ।
इन्द्रध्वज-पुष्करिणी प्रत्येकं चतसृष्वपि दिक्षु ।।४७।।

શાસ્ત્રમાં શાશ્વતભવનોમાં એકસો આઠ પ્રતિમાઓ હોય છે, એમ કહ્યું છે, તથા અષ્ટાપદ તીર્થમાં મધ્યગૃહમાં ચોવીસ જિનમૂર્તિઓ છે. તેની બહાર ચારેય દિશામાં પ્રત્યેક દિશામાં ચતુર્મુખ, ત્રિદ્વાર, મુખમંડપ, પ્રેક્ષામંડપ, સ્તૂપ, પ્રતિમા, ચૈત્યવૃક્ષ, ઈંદ્રધ્વજ અને વાવડી હોય છે.

**વિશેષાર્થઃ**– અષ્ટાપદ તીર્થમાં ચતુર્મુખ વગેરે નીચે પ્રમાણે છે–

ભરત મહારાજાએ પ્રભુની સંસ્કાર ભૂમિની નજીકમાં ત્રણ ગાઉ ઊંચો સિંહનિષદ્યા નામે રત્નમય પ્રાસાદ બનાવ્યો. તેની ચોતરફ ચાર દ્વાર કરાવ્યા. તથા ચોતરફ ચાર વિશાળ મુખ મંડપો કરાવ્યા. તે ચાર મુખમંડપોની

આગળ ચાર પ્રેક્ષામંડપો કરાવ્યા. પ્રેક્ષામંડપોની આગળ એક એક મણિપીઠિકા રચી. તેની ઉપર રત્નના ચૈત્યસ્તૂપ કરાવ્યા. દરેક ચૈત્યસ્તૂપની પાસે દરેક દિશાએ મોટી મણિપીઠિકા રચી. તે મણિપીઠિકાની ઉપર ચૈત્યસ્તૂપની સન્મુખ પાંચસો ધનુષ્યના પ્રમાણવાળી રત્નનિર્મિત ઋષભ, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન એ નામની ચાર પર્યંકાસનવાળી જિન પ્રતિમાઓ સ્થાપન કરી. દરેક ચૈત્યસ્તૂપની આગળ માણિક્યરત્નની પીઠિકાઓ રચી. તે દરેક પીઠિકા ઉપર એક એક ચૈત્યવૃક્ષ રચ્યું. દરેક ચૈત્યવૃક્ષની પાસે બીજી એક એક મણિપીઠિકા રચી. અને તેની ઉપર એક એક ઈંદ્રધ્વજ રચ્યો. દરેક ધ્વજની આગળ નંદા નામની વાવડી રચી. સિંહનિષધા નામના મહાચૈત્યના મધ્યભાગમાં મોટી મણિપીઠિકા બનાવી. તેના મધ્યભાગમાં સમવસરણની જેમ વિચિત્ર રત્નમય એક દેવછંદક રચ્યો. તે દેવછંદકની ઉપર દરેક પ્રભુના પોતપોતાના દેહના માન પ્રમાણ અને પોતપોતાના દેહના વર્ણવાળી રત્નમય ચોવીસ જિનપ્રતિમાઓ સ્થાપી. (ત્રિ.શ.પુ.ચ.પર્વ ૧ના આધારે). (૪૬-૪૭)

**नंदीसरे वि दीवे, एसो चिय बाहिरो परीवारो ।**
**वन्निज्जइ सिद्धंते, पडिमट्ठसयं च मज्झम्मि ॥४८॥**

नन्दीश्वरेऽपि द्वीपे एष एव बाह्यः परिवारः ।
वर्ण्यते सिद्धान्ते प्रतिमाष्टशतं च मध्ये ।।४८।।

નંદીશ્વરદ્વીપમાં પણ બાહ્ય પરિવાર આ જ (અષ્ટાપદમાં છે તે જ) છે, અને મધ્યમાં એકસો આઠ પ્રતિમા છે, એમ સિદ્ધાંતમાં વર્ણન છે. (૪૮)

**इय सुत्तपमाणाओ, आयरणाओ य एगभवणम्मि ।**
**सइ सामत्थे जुत्तं, कारवणमणेगबिंबाणं ॥४९॥**

इति सूत्रप्रमाणादाचरणातश्चैकभवने ।
सति सामर्थ्ये युक्तं कारणमनेकबिम्बानाम् ।।४९।।

આ પ્રમાણે સૂત્રપ્રમાણથી અને આચરણાથી એક જિનમંદિરમાં શક્તિ હોય તો અનેક જિનબિંબોનું કરાવવું યુક્ત છે. (૪૯)

**नायग-सेवगबुद्धी, न होइ एएसु जाणगजणस्स ।**
**पेच्छंतस्स समाणं, परिवारं पाडिहेराइ ॥५०॥**

नायक-सेवकबुद्धिर्न भवत्येतेषु ज्ञायकजनस्य ।
प्रेक्षमाणस्य समानं परिवारं प्रातिहार्यादिम् ॥५०॥

સર્વ તીર્થંકરોનો પ્રાતિહાર્ય વગેરે પરિવાર સમાન છે એમ જોનારા જાણકાર લોકને આ જિનબિંબોમાં સ્વામી-સેવક બુદ્ધિ થતી નથી. (૫૦)

**ववहारो पुण पढमं, पइट्ठिओ मूलनायगो एस ।**
**अवणिज्जइ सेसाणं, नायगभावो न उण तेण ॥५१॥**

व्यवहारः पुनः प्रथमं प्रतिष्ठितो मूलनायक एषः ।
अपनीयते शेषाणां नायकभावो न पुनस्तेन ॥५१॥

પહેલા પ્રતિષ્ઠિત થયેલા આ જિન મૂલનાયક છે એવો વ્યવહાર થાય છે. પણ તે વ્યવહારથી બીજા જિનોનો સ્વામીભાવ જતો રહેતો નથી. (૫૧)

**वंदण-पूयण-बलिढोयणेसु एगस्स कीरमाणेसु ।**
**आसायणा न दिट्ठा, उचियपवित्तिस्स पुरिसस्स ॥५२॥**

वन्दन-पूजन-बलिढौकनेष्वेकस्य क्रियमाणेषु ।
आशातना न दृष्टोचितप्रवृत्तेः पुरुषस्य ॥५२॥

એક જ જિનબંબિનું વંદન-પૂજન કરવામાં અને એક જ જિનબિંબની આગળ નૈવેદ્ય ધરવામાં ઉચિત પ્રવૃત્તિ કરનારા પુરુષને આશાતનારૂપ દોષ લાગે એવું જોવામાં જાણવામાં આવ્યું નથી. (૫૨)

**कल्लाणगाइकज्जा, एगस्स विसेसपूअकरणे वि ।**
**नावन्नापरिणामो, धम्मियलोअस्स सेसेसु ॥५३॥**

कल्याणकादिकार्यादेकस्य विशेषपूजाकरणेऽपि ।
नावज्ञापरिणामो धार्मिकलोकस्य शेषेषु ॥५३॥

કલ્યાણક આદિ નિમિત્તથી એકની વિશેષ પૂજા કરવામાં પણ ધાર્મિક લોકને બીજા જિનો વિષે અવજ્ઞાનો પરિણામ હોતો નથી. (૫૩)

**जह मिम्मयपडिमाए, पूआ पुप्फाइएहिँ खलु उचिया ।**
**कणयाइनिम्मिआणं, उचियतमा मज्जणाई वि ॥५४॥**

यथा मृन्मयप्रतिमायाः पूजा पुष्पादिभिः खलूचिता ।
कनकादिनिर्मितानामुचिततमा मज्जनादयोऽपि ॥५४॥

જેવી રીતે માટીની પ્રતિમાની પૂજા પુષ્પ આદિથી જ કરવી ઉચિત છે તેવી રીતે સુવર્ણાદિની પ્રતિમાઓની પ્રક્ષાલ વગેરે પૂજા પણ અતિશય ઉચિત છે. (૫૪)

**उचियपवित्ती सव्वा, बुहेण आसायणा न वत्तव्वा ।**
**तयभावे पडिसेहो, पडिमाणाऽऽसायणा गरुई ॥५५॥**

उचितप्रवृत्तिः सर्वा बुधेनाशातना न वक्तव्या ।
तदभावे प्रतिषेधः प्रतिमानामाशातना गुर्वी ॥५५॥

સમજુ માણસે સર્વપ્રકારની ઉચિત પ્રવૃત્તિને આશાતના ન કહેવી. આશાતના ન થાય એ માટે અનેક પ્રતિમાઓનો નિષેધ કરવો એ પ્રતિમાઓની મોટી આશાતના છે.

**વિશેષાર્થઃ**— તદભાવે = આશાતનાના અભાવમાં. અહીં વ્યાકરણના નિયમથી હેતુ અર્થમાં સપ્તમી વિભક્તિ છે. એથી "આશાતના ન થાય એ માટે" એવો અર્થ થાય. (૫૫)

**जं वायगेण भणियं, अंगुट्ठपमाणबिंबकारी वि ।**
**सग्गा-ऽपवग्गसंसग्गसुत्थिओ नियमओ होइ ॥५६॥**

यद् वाचकेन भणितमङ्गुष्ठप्रमाणबिम्बकार्यपि ।
स्वर्गा-ऽपवर्गसंसर्गसुस्थितो नियमतो भवति ॥५६॥

કારણકે વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજાએ કહ્યું છે કે— અંગુઠા પ્રમાણ બિંબને કરાવનાર પણ નિયમા સ્વર્ગ-મોક્ષનો સંબંધ થવાથી સુખી થાય છે. (૫૬)

**कारवणे पुन्नं विव, बिंबाण निवारणे महापावं ।**
**लाभच्छेयं सुंदर !, सम्मं भावेंति मज्झत्था ॥५७॥**

कारणे पुण्यमिव बिम्बानां निवारणे महापापम् ।
लाभच्छेदं सुन्दर ! सम्यग्भावयन्ति मध्यस्थाः ॥५७॥

જેવી રીતે બિંબોને કરાવવામાં પુણ્ય થાય છે તેવી રીતે બિંબોનો નિષેધ કરવામાં મહાપાપ લાગે છે. હે સુંદર ! મધ્યસ્થ પુરુષો લાભ-હાનિનો બરોબર વિચાર કરે છે. (૫૭)

**मिच्छासायणदंसी !, न मुणसि बिंबंतरायमइपावं ।**
**विंधसि सरेण वालं, चुक्कसि तं मंदरगिरिस्स ॥५८॥**

मिथ्याशातनादर्शिन् ! न जानासि बिम्बान्तरायमतिपापम्।
विध्यसि शरेण व्यालं भ्रश्यसे त्वं मन्दरगिरेः ॥५८॥

તું ખોટી આશાતનાઓને જુએ છે, પણ બિંબના અંતરાય રૂપ મહા પાપને જાણતો નથી=જોતો નથી. આ તો એવું થયું કે - તું બાણથી હિંસક પશુને વીંધી નાખે છે, પણ મેરુ પર્વત ઉપરથી નીચે પટકાય છે.

**વિશેષાર્થઃ**– હિંસક પ્રાણી સામે મળે ત્યારે હિંસક પ્રાણીને બાણથી ન વીંધે તો હિંસક પશુથી પોતાનો મૃત્યુ થાય જ એવો નિયમ નથી. કોઈક રીતે હિંસક પશુથી બચી જવાની ઘણી સંભાવના છે. પણ મેરુ પર્વતના શિખર ઉપરથી નીચે પડવાથી અવશ્ય મૃત્યુ થાય. એમાં બચવાની કોઈ શક્યતા નથી. પ્રસ્તુતમાં આ દૃષ્ટાંતની ઘટના આ પ્રમાણે છે-

પ્રશ્નકારે પૂર્વે જિનબિંબોની જે ખોટી આશાતનાઓ બતાવી તેમાંથી બચવાનો હજી ઉપાય છે, પણ અધિક બિંબ ન કરાવાય એવા ઉપદેશથી બીજાઓને બિંબ કરાવવાનો અંતરાય કરવામાં થતા મહાપાપથી કોઈ છૂટકારો ન થાય. જિનબિંબની ખોટી આશાતનાઓ હિંસક પશુના સ્થાને છે. અને જિનબિંબોનો અંતરાય મેરુ પર્વત ઉપરથી પતન પામવા સમાન છે. (૫૮)

अन्नं च–

**आसायणा अवन्ना, अणायरो भोग दुप्पणीहाणं ।**
**अणुचियवित्ती सव्वा, वज्जेयव्वा पयत्तेण ॥५९॥**

अन्यच्च –

आशातानाऽवज्ञाऽनादरो भोगो दुष्प्रणिधानम् ।
अनुचितवृत्तिः सर्वा वर्जयितव्या प्रयत्नेन ।।५९।।

**વળી બીજું–**

અવજ્ઞા, અનાદર, ભોગ, દુષ્પ્રણિધાન અને અનુચિત પ્રવૃત્તિ એ પાંચ જિનાશાતના છે. સાધકે આ બધી આશાતનાનો પ્રયત્નથી ત્યાગ કરવો જોઈએ. (૫૯)

**पायपसारण पल्लत्थिबंधणं बिंबपट्ठिदाणं च ।**
**उच्चासणसेवणया, जिणपुरओ भन्नइ अवन्ना ॥६०॥**

पादप्रसारणं पर्यस्तिबन्धनं बिम्बपृष्ठिदानं च ।
उच्चासनसेवनता जिनपुरतो भण्यतेऽवज्ञा ।।६०।।

જિનની સમક્ષ પગ પસારીને બેસવું, પલાઠી વાળવી, બિંબને પુંઠ કરવી, બિંબથી ઊંચા આસને બેસવું એ અવજ્ઞા રૂપ આશાતના છે. (૬૦)

**जारिसतारिसवेसो, जहा तहा जम्मि तम्मि कालम्मि ।**
**पूयाइ कुणइ सुन्नो, अणायरासायणा एसा ॥६१॥**

यादृक्ताद्दग्वेशो यथा तथा यस्मिँस्तस्मिन् काले ।
पूजादि करोति शून्योऽनादराऽऽशातनैषा ।।६१।।

જેવો તેવો વેશ પહેરવો, અર્થાત્ હલકો વેશ પહેરીને જિનમંદિરમાં જવું, ગમે તે રીતે (= મર્યાદા સાચવ્યા વિના) મંદિરમાં જવું, ગમે તે કાળે (= પૂજનના કાળ સિવાય) પૂજા વગેરે કરવું, ભાવશૂન્ય પૂજા વગેરે કરવું એ અનાદરરૂપ આશાતના છે. (૬૧)

**भोगो दसप्पयारो, कीरंतो जिणवरिंदभवणम्मि ।**
**आसायण त्ति बाढं, वज्जेयव्वो जओ वुत्तं ॥६२॥**

भोगो दशप्रकारः क्रियमाणो जिनवरेन्द्रभवने ।
आशातनेति बाढं वर्जयितव्यो यत उक्तम् ।।६२।।

જિનેશ્વર ભગવંતના ભવનમાં કરાતો દશ પ્રકારનો ભોગ આશાતના કરનારો છે. માટે અત્યંત ત્યાગ કરવા યોગ્ય છે. જેથી (હવે કહેવાશે તે ) કહ્યું છે. (૬૨)

**तम्बोल-पाण-भोयण-वाणह-थीभोग-सुयण-निट्ठुयणं ।**
**मुत्तु-च्चारं जूयं, वज्जे जिणमंदिरस्संतो ॥६३॥**

ताम्बूल-पान-भोजनो-पान-त्स्त्रीभोग-स्वपन-निष्ठीवनम् ।
मूत्रो-च्चारं द्यूतं वर्जयेज्जिनमन्दिरस्यान्तः ।।६३।।

તંબોલ ખાવું, પાણી પીવું, ભોજન કરવું, પગરખાં પહેરવા, સ્ત્રીસેવન કરવું, સૂવું, થૂંકવું-શ્લેષ્મ ફેંકવું, પેશાબ કરવો, ઝાડો કરવો. જુગાર ખેલવો આ દશ પ્રકારના ભોગનો જિનમંદિરમાં (= જિનમંદિરની હદમાં) ત્યાગ કરવો. (૬૩)

**रागेण व दोसेण व, मोहेण व दूसिया मणोवित्ती ।**
**दुप्पणिहाणं भन्नइ, जिणविसए तं न कायव्वं ॥६४॥**

रागेण वा द्वेषेन वा मोहेन वा दुष्टा(दूषिता) मनोवृत्तिः ।
दुष्प्रणिधानं भण्यते जिनविषये तन्न कर्त्तव्यम् ।।६४।।

રાગથી, દ્વેષથી કે મોહથી બગડેલો મનનો પરિણામ દુષ્પ્રણિધાન કહેવાય. જિનમંદિરમાં દુષ્પ્રણિધાન ન કરવું જોઈએ.

**વિશેષાર્થઃ**— વિષય એટલે સ્થાન. જિનનો વિષય એટલે જિનનું સ્થાન, જિનનું સ્થાન એટલે જિનમંદિર. (૬૪)

**विकहा धरणयदाणं, कलहविवायाइगेहकिरियाओ ।**
**अणुचियवित्ती सव्वा, परिहरियव्वा जिणगिहम्मि ॥६५॥**

विकथा धरणकदानं कलहविवादादिगेहक्रियाः ।
अनुचितवृत्तिः सर्वा परिहर्त्तव्या जिनगृहे ।।६५।।

જિનમંદિરમાં વિકથા કરવી, ધરણાં દેવાં કે લાંઘણ કરીને બેસવું, કલહ કે વિવાદ વગેરે ઘરની ક્રિયાઓ કરવી, આ બધી અનુચિત્તવૃત્તિ છે. જિનમંદિરમાં આ બધી અનુચિતવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. (૬૫)

**जइ आसायणभीरू, सुंदर ! एयाओ परिहरिज्जासु ।**
**अलियासायणसंकी, मा जिणभवणाइँ दूसेसु ॥६६॥**

यद्याशातनाभीरुः सुन्दर ! एताः परिहर ।
अलीकाशातनाशङ्की मा जिनभवनानि दूषय ।।६६।।

હે સુંદર! જો તું આશાતનાનો ભીરુ છે તો આ (પૂર્વોક્ત પાંચ) આશાતનાઓનો ત્યાગ કર. આશાતનાની ખોટી શંકા કરીને જિનમંદિરોને દૂષિત ન કર. (૬૬)

**एगम्मि वि जिणबिंबे, दिट्ठे हिययस्स होइ आणंदो ।**
**अहियाहियदंसणओ, अइप्पमाणो पवित्थरइ ॥६७॥**

एकस्मिन्नपि जिनबिम्बे दृष्टे हृदयस्य भवत्यानन्दः ।
अधिकाधिकदर्शनतोऽतिप्रमाणः प्रविस्तृणोति ।।६७।।

એક પણ જિનબિંબનાં દર્શન કરતાં હૃદયમાં આનંદ થાય છે, અને અધિક અધિક જિનબિંબોનાં દર્શનથી આનંદ અતિશય વધે છે. (૬૭)

**अणुहवसिद्धं एयं, पायं भव्वाण सुद्धबुद्धीणं ।**
**मयलिज्जइ जाण मणो, अन्नाणवियंभियं तेसिं ॥६८॥**

अनुभवसिद्धमेतत्प्रायो भव्यानां शुद्धबुद्धीनाम् ।
मलिन्यते येषां मन अज्ञानविजृम्भितं तेषाम् ।।६८।।

શુદ્ધ બુદ્ધિવાળા ભવ્યજીવોને આ (૬૭મી ગાથામાં જે કહ્યું તે) પ્રાયઃ અનુભવથી સિદ્ધ છે. અધિક પ્રતિમાનાં દર્શનથી જેમનું મન મલિન થાય છે,

તેમની અજ્ઞાનતાનું પ્રદર્શન થાય છે = તેમનું અજ્ઞાન ઉઘાડું થાય છે.

**વિશેષાર્થઃ**— અધિક પ્રતિમાઓને જોઈને મન મલિન થાય છે તેનું કારણ અજ્ઞાનતા છે. (૬૮)

**जो एगचेइअगिहे, जिणबिंबविह्नवणे गुणो भणिओ ।**
**चउवीसवट्टयाइसु, सो चेव बुहेण विन्नेओ ॥६९॥**

य एकचैत्यगृहे जिनबिम्बविधापने गुणो भणितः ।
चतुर्विंशतिपट्टकादिषु स एव बुधेन विज्ञेयः ।।६९।।

એક જિનમંદિરમાં જિનબિંબ કરાવવામાં જેટલો લાભ કહ્યો છે તેટલો જ લાભ ચોવીસીના પટ્ટ આદિમાં પણ કુશળ પુરુષોએ જાણવો. (૬૯)

**जं पुण लोगविरुद्धं, ण्हाणुदयाईण संगमे भणसि ।**
**तत्थ वि मज्झत्थमणो, निसुणसु साहेमि परमत्थं ॥७०॥**

यत्पुनर्लोकविरुद्धं स्नानोदकादीनां संगमे भणसि ।
तत्रापि मध्यस्थमना निःश्रृणु कथयामि परमार्थम् ।।७०।।

વળી પ્રક્ષાલજલ આદિનો જિનબિંબોને પરસ્પર સંગ (= સ્પર્શ) થાય છે એ લોક વિરુદ્ધ છે એમ તું જે કહે છે તે વિષે પણ હું પરમાર્થ કહું છું, તે મધ્યસ્થ મનવાળો થઈને તું સાંભળ. (૭૦)

**असुइमलपूरियंगा, खलिमलकलुसीकयं सिणाणजलं ।**
**अहिमाणधणा पुरिसा, अन्नोन्नं नेव विसहंति ॥७१॥**

अशुचिमलपूरिताङ्गाः कल्मलकलुषीकृतं स्नानजलम् ।
अभिमानधनाः पुरुषा अन्योन्यं नैव विषहन्ते ।।७१।।

અશુચિમલથી પૂર્ણ શરીરવાળા અને અભિમાનરૂપી ધનવાળા પુરુષો શરીરે ઘસેલા વિવિધ ચૂર્ણના મલથી મલિન કરાયેલું સ્નાનજલ પરસ્પર એકબીજાને સ્પર્શે તેને સહન કરતા જ નથી.

**વિશેષાર્થ**:– શબ્દકોશમાં खलि શબ્દનો તલ વગેરેનું સ્નેહરહિત ચૂર્ણ એવો અર્થ છે. પ્રસ્તુતમાં સ્નાન કરતાં પહેલાં શરીરને સ્વચ્છ કરવા શરીરમાં ચોળેલાં વિવિધ ચૂર્ણ વિવક્ષિત છે. આને ચાલુ ભાષામાં ખેર કહેવામાં આવે છે. સનત્કુમાર ચક્રવર્તીની સજ્ઝાયમાં કહ્યું છે કે–

અબ શું નિરખો લાલ રંગીલે, ખેર ભરી મુજ કાયા.

નાહી ધોઈ જબ છત્ર ધરાવું, તબ જો જો મોરી કાયા રે.... રંગીલા (૭૧)

**जुत्तो सो ववहारो, समाणपुरिसाण असुइदेहाणं ।**
**सुहपोग्गलघडिआणं, पडिमाण न जुज्जए वोत्तुं ॥७२॥**

युक्तः स व्यवहारः समानपुरुषाणामशुचिदेहानाम् ।
शुभपुद्गलघटितानां प्रतिमानां न युज्यते वक्तुम् ।।७२।।

અશુચિ શરીરવાળા સમાન પુરુષોને સ્નાનજલનો પરસ્પર સ્પર્શ ન થાય તે વ્યવહાર યુક્ત છે. શુભ પુદ્ગલોથી ઘડાયેલી પ્રતિમાઓ માટે પરસ્પર સ્નાનજલનો સ્પર્શ થાય એ લોકવિરુદ્ધ છે અને આશાતના છે એમ કહેવું યુક્ત નથી. (૭૨)

**जलमज्झे घोलंतं, नरपडिबिंबं न दूसए उदयं ।**
**पडिमाजलं पि एवं, अन्नोन्नं लग्गमाणं पि ॥७३॥**

जलमध्ये घुर्णमानं नरप्रतिबिम्बं न दूषयेदुदकम् ।
प्रतिमाजलमप्येवमन्योन्यं लगदपि ।।७३।।

જેવી રીતે પાણીમાં પડતો મનુષ્યનો પડછાયો પાણીને દૂષિત કરતો નથી; તેવી રીતે પ્રતિમાનું પાણી પણ પરસ્પર લાગતું હોવા છતાં પ્રતિમાને દૂષિત કરતું નથી. (૭૩)

**पडिमापडिबिंबाणं, भेओ विउसाण सम्मओ नेय ।**
**जं एगत्था सद्दा, एए अभिहाणकंडेसु ॥७४॥**

प्रतिमा-प्रतिबिम्बयोर्भेदो विदुषां सम्मतो नैव ।
यदेकार्थाः शब्दा एतेऽभिधानकाण्डेषु ।।७४।।

પ્રતિમા અને પડછાયો એ બેમાં ભેદ છે, એ વિદ્વાનોને સંમત નથી જ. કારણકે અભિધાનચિંતામણી ગ્રંથમાં અભિધાન કાંડમાં આ (નીચેની ગાથામાં કહેવાશે તે) શબ્દો એક અર્થવાળા કહ્યાં છે. (૭૪)

**पडिबिंबं पडिरूवं, पडिमाणं पडिकियं पडिच्छंदं ।**
**पडिकायं च पडितणुं, [१] भणंति पडिजायणं [२]छायं ॥७५॥**

प्रतिबिम्बं प्रतिरूपं प्रतिमानं प्रतिकृतं प्रतिच्छन्दः ।
प्रतिकायं च प्रतितनु भणन्ति प्रतियातनां छायाम् ।।७५।।

१. "भणिंति" इत्यपि ।। २. अभिधानवचनानि चैवम् – "पडिमा पडिबिंबं" (६६०) **पाइअलच्छीनाममाला** । "प्रतिमानं प्रतिबिम्बं प्रतिमा प्रतियातना प्रतिच्छाया। प्रतिकृतिरर्चा पुंसि प्रतिनिधिः।।" -- **अमरकोशे** २० वर्गे ३६ श्लोकः । "अर्चा तु प्रतेर्मा यातना निधिः ।।९९।। (सणंग नं. १४६३) छाया छन्द कायो रूपं बिम्बं मान-कृती अपि ।।" **श्रीअभिधानचिन्तामणौ**. सामान्यकाण्डे ।

છાયાને પ્રતિબિંબ, પ્રતિરૂપ, પ્રતિમાન, પ્રતિકૃત, પ્રતિચ્છંદ, પ્રતિકાય, પ્રતિતનુ અને પ્રતિયાતના કહે છે, અર્થાત્ આ બધા શબ્દો "છાયા"ના પર્યાયવાચી છે. (૭૫)

**जइ ता ससरीराण वि, पडिबिंबं नेव दूसए उदयं ।**
**असरीराण जिणाणं, बिंबे काऽऽसायणासंका ? ॥७६॥**

यदि तावत् सशरीराणामपि प्रतिबिम्बं नैव दूषयेदुदकम् ।
अशरीराणां जिनानां बिम्बे काऽऽशातनाशङ्का ? ।।७६।।

જો શરીરી પણ જીવોનું પ્રતિબિંબ પાણીને દૂષિત ન જ કરે તો અશરીરી એવા જિનોનાં બિંબોમાં પરસ્પર લાગતા પાણીથી આશાતનાની શંકા શી કરવી ? અર્થાત્ આશાતનાની શંકા ન કરવી. (૭૬)

**जं पुण असरीराणं, अंगोवंगाइसंगया मुत्ती ।**
**तत्थ वि निमित्तमेयं, उवइट्ठं पुव्वसूरीहिं ॥७७॥**

यत्पुनरशरीराणामङ्गोपाङ्गादिसंगता मूर्त्तिः ।
तत्रापि निमित्तमेतदुपदिष्टं पूर्वसूरिभिः ।।७७।।

અશરીરી અરિહંતોની અંગ-ઉપાંગથી યુક્ત મૂર્તિ બનાવવામાં આવે છે તેમાં પણ પૂર્વાચાર્યોએ આ (=હવે પછીની ગાથામાં કહેવાશે તે) કારણ કહ્યું છે. (૭૭)

**अरहंता भगवंता, असरीरा निम्मला सिवं पत्ता ।**
**तेसिं [1]संभरणत्थं, पडिमाओ एत्थ कीरंति ॥७८॥**

अर्हन्तो भगवन्तोऽशरीरा निर्मलाः शिवं प्राप्ताः ।
तेषां संस्मरणार्थं प्रतिमा अत्र क्रियन्ते ।।७८।।

१. संभवणत्थं इत्यपि पाठः ।

શરીરરહિત અને નિર્મલ એવા અરિહંત ભગવાન મોક્ષને પામ્યા છે. તેમનું સ્મરણ કરવા માટે અહીં તેમની પ્રતિમા કરાય છે. (૭૮)

**उद्धट्ठाणठियाओ, अहवा पलियंकसंठिआ ताओ ।**
**मुत्तिगयाणं तेसिं, जं तइयं नत्थि संठाणं ॥७९॥**

ऊर्ध्वस्थानस्थिता अथवा पल्यङ्कसंस्थितास्ताः ।
मुक्तिगतानां तेषां यत्तृतीयं नास्ति संस्थानम् ।।७९।।

જિનપ્રતિમાઓ કાયોત્સર્ગ સંસ્થાનમાં રહેલી અને પર્યંક સંસ્થાનમાં રહેલી એમ બે પ્રકારની હોય છે. કારણકે મુક્તિમાં ગયેલા અરિહંતોનું આ બે સિવાય ત્રીજું સંસ્થાન નથી.

**વિશેષાર્થઃ–** સંસ્થાન એટલે શરીરની વિશેષ પ્રકારની આકૃતિ. સંસ્થાનને આસન કે મુદ્રા પણ કહેવામાં આવે છે.

જમણી જાંઘ અને સાથળની વચ્ચે (= ઢીંચણ ઉપર) ડાબો પગ સ્થપાય, ડાબી જાંઘ અને સાથળની વચ્ચે જમણો પગ સ્થપાય અને નાભિ પાસે ડાબા હાથની હથેળી જમણા હાથની હથેળી ઉપર રખાય તે પર્યંક આસન છે. પર્યંકઆસન લગભગ પદ્માસન જેવું હોય છે. પર્યંક આસનમાં નાભિ પાસે ડાબા હાથની હથેળી જમણા હાથની હથેળી ઉપર રાખવામાં આવે છે. પદ્માસનમાં આ ન હોય. પર્યંક આસન અને પદ્માસનમાં આટલો જ ભેદ છે, બાકી બધું સમાન હોય છે. (૭૯)

भणियं च–

**उसभो अरिट्ठनेमी, वीरो पलियंकसंठिया सिद्धा ।**

**अवसेसा तित्थयरा, उद्धट्ठाणेण उवयंति ॥८०॥**

भणितं च–

ऋषभोऽरिष्टनेमिर्वीरः पल्यङ्कसंस्थिताः सिद्धाः ।

अवशेषास्तीर्थकरा ऊर्ध्वस्थानेनोपयान्ति ॥८०॥

કહ્યું છે કે–

ઋષભદેવ, નેમિનાથ અને વીરપ્રભુ પર્યંક સંસ્થાનમાં સિદ્ધ થયા. બાકીના તીર્થંકરો કાયોત્સર્ગ સંસ્થાનથી મુક્તિમાં ગયા. (૮૦)

**जं संठाणं तु इहं, भवं चयंतस्स चरिमसमयम्मि ।**

**आसी य पएसघणं, तं संठाणं तहिं तस्स ॥८१॥**

यत्संस्थानं त्विह भवं त्यजतश्चरमसमये ।

आसीच्च प्रदेशघनं तत्संस्थानं तत्र तस्य ॥८१॥

**व्याख्या—** यत् संस्थानमत्रैव 'भवं' संसारं मनुष्यभवं वा त्यजतः सतश्चरमसमये आसीत् प्रदेशघनं तदेव संस्थानं तत्र तस्य भवति, त्रिभागेन रन्ध्रापूरणादिति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्तिगाथा-९६९)

અહીં ભવને છોડતા જે જીવનું અંતિમ સમયે જે સંસ્થાન હોય તે જ જીવનું આત્મપ્રદેશોથી ઘન થયેલું તે જ સંસ્થાન મોક્ષમાં હોય.

**વિશેષાર્થઃ**– નાક, કાન વગેરેની પોલાણમાં આત્મપ્રદેશો હોતા નથી. જીવ મોક્ષમાં જતાં પહેલાં સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી ધ્યાનથી એ ખાલી ભાગો આત્મપ્રદેશોથી પૂરીને આત્મપ્રદેશોને ઘન = સંકુચિત બનાવે છે. માટે અહીં "આત્મપ્રદેશોથી ઘન થયેલું" એમ જણાવ્યું છે. (૮૧)

**मुत्तिपयसंठियाण वि, परिवारो पाडिहेरपामोक्खो ।**

**पडिमाण निम्मविज्जइ, अवत्थतियभावणनिमित्तं ॥८२॥**

मुक्तिपदसंस्थितानामपि परिवारः प्रातिहार्यप्रमुखः ।
प्रतिमानां निर्माप्यतेऽवस्थात्रिकभावनानिमित्तम् ।।८२।।

અરિહંતો મુક્તિપદમાં રહેલા હોવા છતાં પણ પ્રતિમાઓમાં અરિહંતોના પ્રાતિહાર્ય વગેરે પરિવારનું જે નિર્માણ કરવામાં આવે છે, તે અવસ્થાત્રિકને ભાવવા માટે છે. (૮૨)

**जं पुण भणंति केई, ओसरणजिणस्स रूवमेयं तु ।**
**जणववहारो एसो, परमत्थो एरिसो एत्थं ॥८३॥**

यत्पुनर्भणन्ति केऽपि अवसरणजिनस्य रूपमेतत्तु ।
जनव्यवहार एष परमार्थ ईदृशोऽत्र ।।८३।।

કેટલાકો કહે છે કે– પ્રતિમામાં પ્રાતિહાર્ય વગેરે પરિવારનું નિર્માણ એ સમવસરણમાં બિરાજમાન જિનનું સ્વરૂપ છે, અર્થાત્ સમવસરણમાં બિરાજમાન જિનનું સ્વરૂપ જણાવવા માટે પ્રતિમામાં પ્રાતિહાર્ય વગેરેની રચના કરવામાં આવે છે એમ કેટલાકોનું કહેવું છે. પણ આ (= પ્રાતિહાર્ય વગેરેનું નિર્માણ એ સમવસરણમાં બિરાજમાન જિનનું સ્વરૂપ છે એ કથન) લોક વ્યવહાર છે, અર્થાત્ લોકો એ પ્રમાણે કહે છે. પણ આમાં પરમાર્થ આ (નીચેની ગાથામાં કહેવાશે તે) છે. (૮૩)

**सिंहासणे निसन्नो, पाए ठविऊण पायपीढम्मि ।**
**करधरियजोगमुद्दो, जिणनाहो देसणं कुणइ ॥८४॥**

सिंहासने निषण्णः पादौ स्थापयित्वा पादपीठे ।
करधृतयोगमुद्रो जिननाथो देशनां करोति ।।८४।।

સિંહાસન ઉપર બેઠેલા અરિહંત પાદપીઠ ઉપર પગ મૂકીને અને હાથની યોગમુદ્રા ધારણ કરીને દેશના આપે છે.

**વિશેષાર્થઃ–** હથેળીઓને કમળના ડોડાના આકારે ભેગી મેળવી, ડાબા હાથની આંગળીઓ જમણા હાથની આંગળીઓમાં એવી રીતે ભરાવવી કે

જેથી ડાબો અંગુઠો જમણા અંગુઠાની સામો જોડાયેલો રહે, અને ડાબી પહેલી આંગળી જમણી પહેલી બીજી આંગળીની વચ્ચે આવે. તથા ડાબા કાંડાથી કોણી સુધીનો ભાગ પણ તે વખતે કમળના નાળની પેઠે યથાયોગ્ય સાથે રાખવો, અને તે પ્રમાણે સંયુક્ત અથવા અસંયુક્ત બન્નેય કોણીઓ પેટ ઉપર અથવા નાભિ ઉપર સ્થાપવી, અને હથેળીઓનો રચેલો કોશાકાર કાંઈક નમાવેલા મસ્તકથી કાંઈક દૂર રાખવો તે યોગમુદ્રા છે. (૮૪)

**तेणं चिय सूरिवरा, कुणंति वक्खाणमेयमुद्दाए ।**
**जं ते जिणपडिरूवा, धरंति मुहपोत्तियं नवरं ॥८५॥**

तेन खलु सूरिवराः कुर्वन्ति व्याख्यानमेतन्मुद्रया ।
यत्ते जिनप्रतिरूपा धरन्ति मुखवस्त्रिकां नवरम् ।।८५।।

આથી જ ઉત્તમ આચાર્યો આ મુદ્રાથી વ્યાખ્યાન કરે છે. પણ તેઓ (બે હાથ વડે મુખ ઉપર) મુખવસ્ત્રિકાને ધારણ કરે છે. કારણકે આચાર્યો તીર્થંકર નથી, કિંતુ તીર્થંકર સમાન છે. (૮૫)

**सिद्धपडिमासु एवं, एगंतसुईसु असुइसंकप्पो ।**
**आसायणभीरूण वि, गुरुतरमासायणं कुणइ ॥८६॥**

सिद्धप्रतिमास्वेवमेकान्तशुचिषु अशुचिसंकल्पः ।
आशातनाभीरूणामपि गुरुतरमाशातनां करोति ।।८६।।

એકાંતે પવિત્ર એવી સિદ્ધપ્રતિમાઓમાં આ પ્રમાણે અપવિત્રતાની કલ્પના આશાતનાથી ભય પામનારાઓને પણ મોટી આશાતના કરે છે.

**વિશેષાર્થ:**— આશાતનાથી ભય પામનારાઓ પણ જો (પરસ્પર પાણીના સ્પર્શથી) પ્રતિમાઓમાં અપવિત્રતાની કલ્પના કરે તો મોટી આશાતના કરનારા બને છે એવો અહીં ભાવ છે. (૮૬)

**मलरहियाणं ण्हाणं, कीरइ पूआनिमित्तमेएसिं ।**
**न उ मलविगमनिमित्तं, सम्ममिणं भावियव्वं तु ॥८७॥**

मलरहितानां स्नानं क्रियते पूजानिमित्तमेतेषाम् ।
न तु मलविगमनिमित्तं सम्यगिदं भावयितव्यं तु ।।८७।।

મલરહિત જિનબિંબોને પૂજા માટે (= શ્રાવકોને પ્રભુપૂજાનો લાભ મળે એ માટે) પ્રક્ષાલ કરવામાં આવે છે, નહિં કે મેલને દૂર કરવા માટે. આ બરોબર વિચારવું. (૮૭)

**ता एसो परमत्थो, सहावविमलाण जिणवरचिंईणं ।**
**ण्हाणजलं अन्नोन्नं, लग्गं न हु कुणइ तं दोसं ॥८८॥**

तदेष परमार्थः स्वभावविमलानां जिनवरचितीनाम् ।
स्नानजलमन्योन्यं लग्नं न खलु करोति तं दोषम् ।।८८।।

તેથી પરમાર્થ આ છે કે– સ્વરૂપથી નિર્મલ એવી અરિહંત પ્રતિમાઓનું પરસ્પર લાગેલું = સ્પર્શેલું સ્નાનજલ આશાતના દોષને કરતું નથી. (૮૮)

**निम्मल्लं पि न एवं, भन्नइ निम्मल्ललक्खणाऽभावा ।**
**भोगविणट्ठं दव्वं, निम्मल्लं बिंति गीयत्था ॥८९॥**

निर्माल्यमपि नैवं भण्यते निर्माल्यलक्षणाभावात् ।
भोगविनष्टं द्रव्यं निर्माल्यं ब्रुवन्ति गीतार्थाः ।।८९।।

એ પ્રમાણે સ્નાનજલ નિર્માલ્ય પણ નથી. કારણકે નિર્માલ્યનું લક્ષણ તેમાં ઘટતું નથી. જે દ્રવ્ય ભોગવિનષ્ટ (= ફરી ઉપયોગમાં ન આવી શકે તેવું) હોય તેને ગીતાર્થો નિર્માલ્ય કહે છે. (૮૯)

**एत्तो च्चिय एगाए, कासाईए जिणेंदपडिमाणं ।**
**अट्ठसयं लूहंता, विजयाई वन्निआ समए ॥९०॥**

इतः खलु एकया काषाय्या जिनेन्द्रप्रतिमानाम् ।
अष्टशतं मृजन्तः विजयादयो वर्णिताः समये ।।९०।।

આથી જ વિજયદેવ વગેરે દેવો એક જ અંગલૂછણાથી એક સો આઠ પ્રતિમાઓને લુંછે છે એમ શાસ્ત્રમાં વર્ણન આવે છે.

**વિશેષાર્થઃ**— શબ્દકોશમાં कासाय શબ્દનો લાલ રંગથી રંગેલ વસ્ત્ર વગેરે એવો અર્થ છે. પણ અહીં દેવો જે વસ્ત્રથી પ્રતિમાજીને લુંછે છે તે વસ્ત્રની कासाइ એવી સંજ્ઞા છે, અને તેનો પ્રયોગ સ્ત્રીલિંગમાં થાય છે. આથી પ્રસ્તુતમાં कासाइ શબ્દનો ભાવાર્થ અંગલુંછણું થાય. (૯૦)

**भत्तिब्भरनिब्भरमाणसेहिँ सव्वायरेण कीरंतं ।**
**सुहफलयं जिणमज्जणमासायणलक्खणाभावा ॥९१॥**

भक्तिभरनिर्भरमानसैः सर्वादरेण क्रियमाणम् ।
शुभफलदं जिनमज्जनमाशातनालक्षणाभावात् ।।९१।।

ભક્તિસમૂહથી ભરપૂર મનવાળા જીવોથી પૂર્ણ આદરથી કરાતું જિનસ્નાન શુભ ફલને આપે છે. કેમ કે તેમાં આશાતનાનું લક્ષણ ઘટતું નથી. (૯૧)

**जइ पडिबिंबनिमित्ता, हुंता आसायणा तओ कीस ।**
**जक्खपडिमाइरूवो, परिवारो आगमे सिट्ठो ? ॥९२॥**

यदि प्रतिबिम्बनिमित्ता अभविष्यन्नाशातनाः ततः कस्मात् ।
यक्षप्रतिमादिरूपः परिवार आगमे शिष्टः ? ।।९२।।

જો (બીજી) મૂર્તિના નિમિત્તે આશાતના થતી હોય તો યક્ષની પ્રતિમા વગેરે પરિવાર આગમમાં કેમ કહેવાયો છે ? (૯૨)

**कह वा तित्थयरोवरि, कीरइ [1] मालाधराइपरिवारो ? ।**
**न य सो निह्नवियव्वो, सोहानासाइदोसाओ ॥९३॥**

कथं वा तीर्थकरोपरि क्रियते मालाधरादिपरिवारः ? ।
न च स निह्नोतव्यः शोभानाशादिदोषात् ।।९३।।

१. मालाधरः प्रतिमाया उपरि रचनाविशेष : ।

અથવા તીર્થંકરનાં ઉપરના ભાગમાં માલાધારી દેવ વગેરે પરિવાર કેમ કરાય છે ? એ પરિવારનો અપલાપ થઈ શકે તેમ નથી, અર્થાત્ એ પરિવાર ન રાખવો જોઈએ એમ નિષેધ કરી શકાય તેમ નથી. કારણકે પરિવાર ન હોય

તો પ્રતિમાની શોભા ન રહે વગેરે દોષો લાગે. (૯૩)

**जिणजलसंगनिवारणपरियरनीरं कहं तु रक्खेसि ? ।**
**न्हवणे वा तं न कुणसि, करेसि उज्जालणे नियमा ॥९४॥**

जिनजलसङ्गनिवारणपरिकरनीरं कथं तु रक्षसि ? ।
स्नपने वा तन्न करोषि करोषि उज्ज्वालने नियमात् ।।९४।।

જિનોને પરસ્પર જલનો સંગ (= સ્પર્શ) ન થવો જોઈએ એમ જિનજલસંગના નિવારણમાં અમે તને પૂછીએ છીએ કે પરિવારના પાણીનું તું રક્ષણ કેવી રીતે કરીશ ? અર્થાત્ જિનસ્નાનની સાથે પરિવારને પણ સ્નાન કરાવવામાં આવે છે, અને તેનું પાણી જિનને સ્પર્શે છે. તેનું નિવારણ તું કેવી રીતે કરીશ ? કદાચ તું (દરરોજ) જિનને સ્નાન કરાવતી વખતે પરિવારને સ્નાન ન કરાવે તો પણ પ્રતિમાને ઉજ્જવળ રાખવા માટે તો તું (વિશેષ દિવસોમાં) નિયમા પરિવારને સ્નાન કરાવે છે. (તે પાણી જિનને સ્પર્શે છે.) (૯૪)

**अह तं न करेसि तुमं, चिइमालिन्नं उवेहमाणस्स ।**
**महती तओ अवन्ना, तओ वि आसायणा नऽन्ना ॥९५॥**

अथ तन्न करोषि त्वं चैत्यमालिन्यमुपेक्षमाणस्य ।
महती ततोऽवज्ञा ततोऽपि आशातना नान्या ।।९५।।

હવે જો પ્રતિમામાલિન્યની ઉપેક્ષા કરીને તું પરિવારને સ્નાન ન કરાવે તો તેનાથી મોટી અવજ્ઞા થાય. તેનાથી મોટી આશાતના બીજી કોઈ નથી.

**विशेषार्थः—** પ્રતિમાના પરિવારને સ્નાન કરાવવામાં આવે તો એ પાણી જિનપ્રતિમાને સ્પર્શે. આથી પ્રતિમા અપવિત્ર બને. આમ વિચારીને પરિવારને સ્નાન ન કરાવવાથી પ્રતિમા મલિન બને. કારણકે પરિવારને સ્નાન ન કરાવવાથી પરિવાર મલિન બને. પરિવાર પ્રતિમાની સાથે સંબંધવાળો છે. એથી પરિવાર મલિન બને તો પ્રતિમા પણ મલિન બને. આથી પરિવારને સ્નાન ન કરાવવામાં પ્રતિમાના માલિન્યની ઉપેક્ષા થાય છે. માટે અહીં કહ્યું કે— જો

પ્રતિમાના માલિન્યની ઉપેક્ષા કરીને તું પરિવારને સ્નાન ન કરાવે તો તેનાથી મોટી અવજ્ઞા થાય. પ્રતિમા મલિન બને એ મોટી અવજ્ઞા છે. (૯૫)

**अत्रं च–**

**लोयकरणेण पीडं, उप्पायंतो वि सुद्धपरिणामो ।**
**जह सुद्धमणो समणो, होइ दढं निज्जराभागी ॥९६॥**

अन्यच्च –

लोचकरणेन पीडां उत्पादयन्नपि शुद्धपरिणामः ।
यथा शुद्धमनाः श्रमणो भवति दृढं निर्जराभागी ।।९६।।

**વળી બીજું–**

જેવી રીતે શુદ્ધ પરિણામવાળો અને શુદ્ધ મનવાળો સાધુ બીજા સાધુનો લોચ કરીને બીજા સાધુને પીડા ઉત્પન્ન કરતો હોવા છતાં અતિશય નિર્જરાનો ભાગી થાય છે. (૯૬)

**जह वा कुसलो विज्जो, लंघण-कडुगोसहाइदाणेणं ।**
**विहियारोग्गो पावइ, इच्छियमत्थं च कित्तिं च ॥९७॥**

यथा वा कुशलो वैद्यो लङ्घन-कटुकौषधादिदानेन ।
विहितारोग्यः प्राप्नोतीच्छितमर्थं च कीर्तिं च ।।९७।।

અથવા જેવી રીતે કુશલ વૈદ્ય દર્દીને લાંઘણ અને કટુ ઔષધ વગેરે આપીને નિરોગી કરે છે, તેથી ઈચ્છિત ધનને અને કીર્તિને પામે છે. (૯૭)

**एवं सुहभावजुअं, ण्हाणं उज्जालणं च पडिमाणं ।**
**भत्तीए कीरंतं, कम्मक्खयकारणं चेव ॥९८॥**

एवं शुभभावयुतं स्नानमुज्ज्वालनं च प्रतिमानाम् ।
भक्त्या क्रियमाणं कर्मक्षयकारणं चैव ।।९८।।

એવી રીતે શુભભાવથી કરાતું પ્રતિમાઓનું સ્નાન અને નિર્મલતા અવશ્ય કર્મક્ષયનું કારણ છે. (૯૮)

**आहरणं पुण एत्थं, वीरजिणिंदस्स कन्नसल्लाइं ।**
**अवणेत्तु सुहं पत्ता, सिद्धत्थवणी-खरयवेज्जा ॥९९॥**

आहरणं पुनरत्र वीरजिनेन्द्रस्य कर्णशल्यानि ।
अपनीय सुखं प्राप्तौ सिद्धार्थवणिक्-खरकवैद्यौ ॥९९॥

આ વિષયમાં સિદ્ધાર્થ નામના વણિકનું અને ખરક નામના વૈદ્યનું દૃષ્ટાંત છે. તે બંને શ્રી વીરજિનેંદ્રના બે કાનોમાંથી શલ્યને દૂર કરીને સુખને પામ્યા. (૯૯)

**तह बाहिओ न भयवं, संगमयविमुक्ककालचक्केणं ।**
**जह जणियभेरवरवं, नीणिज्जंतेसु सल्लेसु ॥१००॥**

तथा बाधितो न भगवान् संगमकविमुक्तकालचक्रेण ।
यथा जनितभैरवरवं नीयमानेषु शल्येषु ॥१००॥

સંગમે મૂકેલા કાલચક્રથી ભગવાન તેવી પીડા પામ્યા ન હતા કે જેવી પીડા શલ્ય કાઢતી વખતે પામ્યા હતા. શલ્ય કાઢતી વખતે ભગવાનથી ભયંકર બૂમ પડાઈ ગઈ હતી. (સંગમે કાલચક્ર મૂક્યું ત્યારે આવું બન્યું ન હતું.) (૧૦૦)

**तहविहविसुद्धभावा, जाया कल्लाणभायणं दो वि ।**
**तम्हा भावविसुद्धी, कम्मक्खयकारणं नेया ॥१०१॥**

तथाविधविशुद्धभावाज्जातौ कल्याणभाजनं द्वावपि ।
तस्माद्भावविशुद्धिः कर्मक्षयकारणं ज्ञेया ॥१०१॥

(ભગવાનને દુઃખ આપવા છતાં) તે બંને તેવા પ્રકારના વિશુદ્ધ ભાવના કારણે કલ્યાણનું ભાજન બન્યા. આથી ભાવવિશુદ્ધિ કર્મક્ષયનું કારણ છે એમ જાણવું.

**વિશેષાર્થ:**-- પ્રભુએ સન્માની ગામે પધારી ઉદ્યાનમાં કાયોત્સર્ગ કર્યો. ત્યાં એક ગોવાળ બળદોને પ્રભુ પાસે મૂકીને ગામમાં ગયો. બળદો ચરતાં ચરતાં બહુ દૂર જતા રહ્યા. ગોવાળે બળદોને ત્યાં ન જોયા એટલે પ્રભુને પૂછ્યું કે બળદો

ક્યાં ગયા? પ્રભુ મૌન હોવાથી ન બોલ્યા. બળદોને શોધવા ગોવાળ દૂર સુધી ગયો. ઘણું ફરવા છતાં બળદો ન મળવાથી તે શ્રીવીરપ્રભુ જ્યાં કાયોત્સર્ગમાં હતા ત્યાં જ ફરીવાર આવ્યો. તે પ્રભુની પાસે પહોંચ્યો તે પહેલાં જ બળદો ચારો ચરીને પ્રભુની પાસે આવી ગયા હતા. આથી ગોવાળે વિચાર્યું કે બળદો ક્યાં છે તેની આને ખબર હતી, છતાં મને ન કહ્યું, અને નિરર્થક મને રખડાવ્યો. આમ વિચારીને પ્રભુ ઉપર ગુસ્સે થયેલા તેણે પ્રભુના બન્ને કાનમાં કાષ્ઠનાં ખીલા એવી રીતે નાખ્યા, કે બેના છેડા અંદર પરસ્પર મળ્યા અને બહારથી દેખાય નહિ એ રીતે બરાબર કાપી નાખ્યા. આ કર્મ પ્રભુએ ત્રિપૃષ્ઠના ભવમાં ક્રોધથી શય્યાપાલકના કાનમાં ઉકાળેલું સીસું રેડીને જે કર્મ બાંધ્યું હતું, તે વર્તમાનમાં ઉદયમાં આવ્યું. એ જ શય્યાપાલક ભવમાં ભટકતો આ ગોવાળ થયો હતો, તેથી પૂર્વવૈરથી તેણે ખીલા ઠોક્યા. એ પીડાને સમભાવે સહતા પ્રભુ એકદા સિદ્ધાર્થ વણિકને ઘેર ભિક્ષાર્થે પધાર્યા. ત્યાં આવેલા ખરક નામના વૈદ્યે પ્રભુના કાનમાં ખીલા છે એમ જાણ્યું અને પછી વણિક સાથે ઉદ્યાનમાં તે પ્રભુ પાસે આવ્યો. બન્નેએ મળીને ઘણા કષ્ટે બે સાણસાથી ખેંચીને ખીલા કાઢ્યા. તે ખેંચતી વખતે પ્રભુથી એવી મોટી ચીસ પડી કે સઘળું ઉદ્યાન ભયાવહ બન્યું. (૧૦૧)

**जो मंदराग-दोसो, परिणामो सुद्धओ तओ होइ ।**
**मोहम्मि य पबलम्मि, न मंदया हंदि ! एएसिं ॥१०२॥**

यो मन्दराग-द्वेषः परिणामः शुद्धकस्ततो भवति ।
मोहे च प्रबले न मन्दता हन्त ! एतेषाम् ।।१०२ ।।

જે પરિણામમાં રાગ-દ્વેષ મંદ હોય તે પરિણામ શુદ્ધ હોય છે. મોહ જ્યારે પ્રબલ હોય ત્યારે રાગ-દ્વેષ મંદ થતા નથી. (૧૦૨)

**जो मोहकलुसियमणो, कुणइ अदोसे वि दोससंकप्पं ।**
**सो अप्पाणं वंचइ, [१] पेयावमगो वणिसुउ व्व ॥१०३॥**

यो मोहकलुषिमनाः करोत्यदोषेऽपि दोषसंकल्पम् ।
स आत्मानं वञ्चयते पेयावमको वणिक्सुत इव ।।१०३।।

•१. पेयां वर्मात इति पेयात्मकः ।

મોહથી કલુષિત મનવાળો જે જીવ નિર્દોષમાં પણ દોષની કલ્પના કરે છે તે જીવ રાબડીની ઊલટી કરનાર વણિકપુત્રની જેમ પોતાને છેતરે છે.

**વિશેષાર્થઃ**— રાબડીની ઊલટી કરનાર વણિકપુત્રનો પ્રસંગ આ પ્રમાણે છે—

એક નગરમાં એક શેઠ હતા. તેની પત્ની બાળકને જન્મ આપી મૃત્યુ પામી. આથી શેઠે બીજી વાર લગ્ન કર્યા. બીજી પત્નીએ એક બાળકને જન્મ આપ્યો. માતા બંને બાળકો પ્રત્યે સમભાવ રાખે છે. બાળકો પાઠશાળામાં ભણતા હતા. સ્નેહવાળી માતાએ કોઈ જુએ નહિ એટલા માટે એકાંતમાં તે બંનેને મતિ-બુદ્ધિને વધારનારી ઔષધયુક્ત અડદની રાબ પીવા માટે આપી. રાબને પીતાં પીતાં સાવકા પુત્રે વિચાર્યું કે ખરેખર! આ મરેલી માખીઓ છે. મને મારી નાખવા માટે આમ કર્યું છે. આવી શંકાથી તેણે રાબ પીધી. પહેલાં માનસિક દુઃખ થાય. પછી શારીરિક દુઃખ થાય. આથી શંકાના કારણે તેને ઊલટીઓ થવા લાગી અને છેવટે તે મૃત્યુ પામ્યો. એથી તે આ લોકના ભોગસુખોનો ભાગી ન થયો. બીજાએ વિચાર્યું કે મારી માતા અહિત ન ચિંતવે. શંકા વિના તેણે રાબ પીવાનું શરૂ કર્યું. રાબ તેના શરીરમાં પરિણમી ગઈ. તેનું શરીર આરોગ્યવાળું થયું. તે ઘણી વિદ્યાઓ ભણ્યો. એથી તે આ લોકના ભોગોનો ભાગી થયો.

માતા સાવકી હોવા છતાં એને તેના પ્રત્યે સ્નેહ હતો એ એનાં સ્નેહ ભરેલાં કાર્યોથી જણાઈ આવતું હતું, એટલે પરમાર્થથી શંકા કરવાનું કોઈ કારણ ન હતું. શંકાનું કારણ ન હોવા છતાં શંકા કરીને તે જેવી રીતે આ લોકના અનર્થને પામ્યો, તેવી રીતે જિનમતમાં શંકા કરનારો જીવ પરલોકના અનેક અનર્થોનું સ્થાન થાય. (૧૦૩)

**सुद्धं पि भत्तपाणं, कुणइ असुद्धं असुद्धसंकप्पो ।**
**संकाकलुसियचित्तो, एसणनिरवेक्खभावो वा ॥१०४॥**

शुद्धमपि *भक्तपानं करोत्यशुद्धमशुद्धसंकल्पः ।
शङ्काकलुषितचित्त एषणनिरपेक्षभावो वा ॥१०४॥

શંકાથી કલુષિત ચિત્તવાળો સાધુ અશુદ્ધની કલ્પના કરીને શુદ્ધ પણ ભાત-પાણીને અશુદ્ધ કરે છે, અથવા એષણાથી નિરપેક્ષ ભાવવાળો (= ભિક્ષા લેતી વખતે આ આહાર દોષિત છે કે નિર્દોષ છે એવા ઉપયોગ વિનાનો) સાધુ શુદ્ધ પણ ભાત-પાણીને અશુદ્ધ કરે છે.

**વિશેષાર્થઃ**— એષણાના (આહાર ગ્રહણ કરતી વખતે લાગતા) દશ દોષોમાં શંકિત નામનો દોષ છે. તેનો અર્થ આ પ્રમાણે છે— શંકિત એટલે શંકાવાળું. જે આહારમાં આધાકર્મ આદિ દોષની શંકા થાય તે આહાર શંકિત દોષવાળો કહેવાય.

અથવા જે આહારમાં જે દોષની શંકા પડે તે આહાર લેવાથી કે વાપરવાથી તે જ દોષ લાગે. જેમકે આહાર શુદ્ધ હોવા છતાં આધાકર્મ દોષની શંકા પડે તો તે આહાર લેવામાં કે વાપરવામાં આવે તો આધાકર્મ દોષ લાગે. અહીં ચાર ભાંગા છે. તે આ પ્રમાણે— (૧) શંકા પૂર્વક વહોરે અને શંકાપૂર્વક વાપરે. (૨) શંકા પૂર્વક વહોરે, શંકા રહિત બનીને વાપરે. (૩) શંકા વિના વહોરે, અને શંકાપૂર્વક વાપરે. (૪) શંકા વિના વહોરે અને શંકા વિના વાપરે. ગ્રહણ કરતી વખતે શંકિત હોવા છતાં વાપરતી વખતે નિઃશંક બની જાય તો તે આહાર શુદ્ધ ગણાય. આથી ચાર ભાંગાઓમાં પહેલો અને ત્રીજો ભાંગો અશુદ્ધ છે. બીજો અને ચોથો ભાંગો શુદ્ધ છે. એષણાથી નિરપેક્ષ ભાવમાં શુદ્ધ પણ આહાર અશુદ્ધ બને, અર્થાત્ નિર્દોષ આહાર વાપરવા છતાં જો દોષનો ઉપયોગ ન રાખે તો દોષ લાગે, એ વિષે દૃષ્ટાંત આ પ્રમાણે છે—

એક ગામમાં ભદ્રક બુદ્ધિવાળો શ્રાવક હતો. તેને સાધુ-સાધ્વીની ભક્તિ ઉપર અતિશય રુચિ હતી, તેણે સાધુ-સાધ્વીઓને વહોરાવવા માટે ભોજન તૈયાર કરાવ્યું, અને માત્ર નામથી સાધુ હોય તેવા વેષધારી સાધુઓને પાત્રા ભરી ભરીને વહોરાવ્યું. નજીકના બીજા ગામમાં રહેનાર ગુણ વગરના સાધુએ આ વાત સાંભળી. આથી તે બીજા દિવસે ત્યાં ગયો. શ્રાવકે આવવાનું કારણ પૂછ્યું, તેણે કહ્યું: અહીં આવવામાં તમારી ઉદારતા સિવાય બીજું કોઈ કારણ નથી. ગયા દિવસે સાધુભક્તિ માટે બનાવેલા પક્વાનો ખલાશ થઈ ગયા હતા. એ દિવસે તેના ઘરે જમાઈ વગેરે

ઘણા મહેમાનો આવ્યા હતા. આથી તેમના માટે પક્વાન વગેરે અનેક વાનગીઓ તૈયાર કરી હતી. શ્રાવકે પાત્રા ભરાય તેટલો આહાર વહોરાવ્યો. સાધુએ પોતાના સ્થાને જઈને તે આહાર વાપર્યો.

અહીં સાધુએ નિર્દોષ આહાર વાપર્યો હોવા છતાં નિર્દોષ આહાર લેવાનો ઉપયોગ ન હતો. ચાહીને જ દોષિત આહાર લેવા ગયો હતો. આથી સાધુ દોષિત છે. (૧૦૪)

**अवसउणकप्पणाए, सुंदरसउणो असुंदरं फलइ ।**
**इय सुंदरा वि किरिया, असुहफला मलिणहिययस्स ॥१०५॥**

अपशकुनकल्पनया सुन्दरशकुनमसुन्दरं फलति ।
इति सुन्दराऽपि क्रियाऽशुभफला मलिनहृदयस्य ।।१०५।।

શુભ શકુન પણ અપશકુનની કલ્પનાથી અશુભ ફળ આપે છે. એ પ્રમાણે શુભ પણ ક્રિયા મલિન હૃદયવાળાને અશુભ ફળ આપે છે.

**વિશેષાર્થ:**– શુભ શકુન પણ અશુભ શકુનની કલ્પનાથી અશુભ ફળ આપે છે એ વિષે દૃષ્ટાંત આ પ્રમાણે છે– બે યુવાનો પોતપોતાના કામ માટે ઘરમાંથી બહાર નીકળ્યા. બહાર નીકળતાં જ એક મુનિરાજ સામે મળ્યા. આથી એક યુવાને વિચાર્યું કે અહો ! પૂજ્ય સાધુ મહાત્મા સામે મળ્યા છે એથી મને સારા શકુન થયા છે, આથી મારું કામ થઈ જશે. ખરેખર ! તેનું કામ થઈ ગયું. બીજા યુવાને વિચાર્યું કે– નીકળતાંજ આ મુંડિયો સામે મળ્યો એથી અપશુકન થયા છે. આથી મારું કામ નહિ થાય. ખરેખર ! તેનું કામ ન થયું. (૧૦૫)

**सुत्ताविरुद्धकिरियं, खिंसंतो नियघडियजुत्तीहिं ।**
**पंडियमाणी पुरिसो, कलुसइ भावं बहुजणस्स ॥१०६॥**

सूत्राविरुद्धक्रियां क्षिपन् निजकघटितयुक्तिभिः ।
पण्डितमानी पुरुषः कलुषयति भावं बहुजनस्य ।।१०६।।

પોતાને પંડિત માનનાર જે પુરુષ સૂત્રથી અવિરુદ્ધ ક્રિયાને પોતાની

કલ્પેલી યુક્તિઓથી તિરસ્કારે છે = દોષિત કહે છે તે પુરુષ ઘણા લોકોના ભાવને કલુષિત કરે છે. (૧૦૬)

**धम्मत्थी मुद्धजणो, अउव्वभणियम्मि लग्गइ सुहेण ।**
**फुडमेयं मोहिज्जइ लोहिल्लो अलियवाईहिं ॥१०७॥**

धर्मार्थी मुग्धजनोऽपूर्वभणिते लगति सुखेन ।
स्फुटमेतन्मोह्यते लोभी अलीकवादिभिः ।।१०७।।

જે અપૂર્વ (= નવું) કહેવામાં આવે તેને ધર્માર્થી મુગ્ધલોક સુખપૂર્વક વળગી રહે છે = માની લે છે: લોકમાં આ વાત સ્પષ્ટ છે કે જુઠ્ઠું બોલનારાઓથી લોભી માણસ મુગ્ધ કરાય છે=છેતરાય છે.

**વિશેષાર્થઃ–** લોકમાં કહેવત છે કે "જ્યાં લોભી માણસો વસતા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે." આ કહેવતનો ભાવ એ છે કે લોભી માણસો લોભના કારણે ધૂતારા માણસોથી છેતરાતા હોય છે. ધૂતારાઓ ખોટું ખોટું પ્રલોભન આપીને લોભી માણસોને ઠગે છે. તેવી રીતે ધર્મના વિષયમાં નવું નવું કહેનારાઓ મુગ્ધ ધર્માર્થી લોકને ઠગે છે. મુગ્ધ લોકમાં સત્યાસત્યનો વિચાર કરવાની તાકાત હોતી નથી, એથી કોઈ નવી વાત મૂકે એટલે વિચાર્યા વિના તે વાતને માની લેતા હોય છે. નવી વાત કહેનારને મુગ્ધ ધર્માર્થી લોક પાસે નવી વાતનો સ્વીકાર કરાવવા માટે મહેનત કરવી પડતી નથી, કારણકે મુગ્ધ ધર્માર્થી લોક નવી વાતને સહેલાઈથી સ્વીકારી લેતો હોય છે. માટે અહીં કહ્યું કે– જે અપૂર્વ કહેવામાં આવે તેને ધર્માથી મુગ્ધ લોક સુખપૂર્વક વળગી રહે છે = માની લે છે. (૧૦૭)

**कह नाम भवारन्ने, चिरकालं परियडिस्समेगागी ।**
**इय मेलइ जणसत्थं, नियए बोहे असग्गाही ॥१०८॥**

कथं नाम भवारण्ये चिरकालं पर्यटिष्याम्येकाकी ।
इति मेलयति जनसार्थं निजके बोधेऽसद्ग्राही ।।१०८।।

સંસારરૂપી જંગલમાં હું એકલો લાંબા કાળ સુધી કેવી રીતે ભ્રમણ

કરીશ ? (બીજા સથવારા હોય તો સારું રહે, એકલવાયું ન લાગે) આમ વિચારીને અસદ્ આગ્રહવાળો પુરુષ પોતાના બોધમાં (= પોતાની ખોટી માન્યતામાં) જનસમૂહને ભેળવે છે.

**વિશેષાર્થઃ—** અસદ્ આગ્રહવાળો પુરુષ પોતાની ખોટી માન્યતાનો પ્રચાર કેમ કરે છે એ વાતને ગ્રંથકારે અહીં વ્યંગથી કહી છે. (૧૦૮)

**धम्मत्थिणा हु पढमं, आगमतत्तं मणे धरेयव्वं ।**
**तत्थ पुण पयडमेयं, भणियं परमत्थपेच्छीहिं ॥१०९॥**

धर्मार्थिना खलु प्रथममागमतत्त्वं मनसि धर्तव्यम् ।
तत्र पुनः प्रकटमेतद्भणितं परमार्थप्रेक्षिभिः ।।१०९।।

ધર્માર્થી જીવે પહેલાં શાસ્ત્ર તત્ત્વને મનમાં ધારણ કરવું જોઈએ, અર્થાત્ શાસ્ત્રમાં શું કહ્યું છે તે લક્ષમાં લેવું જોઈએ. અને પરમાર્થને જોનારાઓએ શાસ્ત્રમાં આ (નીચેની ગાથામાં કહેવાશે તે) સ્પષ્ટ કહ્યું છે. (૧૦૯)

**समइपवित्ती सव्वा, आणाबज्झ त्ति भवफला चेव ।**
**तित्थयरुद्देसेण वि, न तत्तओ सा तदुद्देसा ॥११०॥**

स्वमतिप्रवृत्तिः सर्वा आज्ञाबाह्येति भवफला चैव ।
तीर्थकरोद्देशेनापि न तत्त्वतः सा तदुद्देशा ।।११०।।

अथ किमेवमाज्ञायाः प्राधान्यमुद्घुष्यते इत्याह— 'समती' त्यादि, स्वमतिप्रवृत्तिः- आत्मबुद्धिपूर्विका चेष्टा सर्वा-समस्ता द्रव्यस्तवभावस्तवविषया आज्ञाबाह्या आप्तोपदेशशून्या इति हेतोः भवफलैव— संसारनिबन्धनमेव, आज्ञाया एव भवोत्तारहेतुषु प्रमाणत्वादिति। ननु या तीर्थकरानुद्देशवती सा भवफला युक्ता, नत्वितरा, जिनपक्षपातस्य महाफलत्वादित्याशंक्याह— तीर्थकरोद्देशेनापि—जिनालम्बनेनापि,— आस्तां ततोऽन्यत्र, स्वमतिप्रवृत्तिर्भवफलैवेति प्रकृतं, कुत एवं ? यतो न तत्त्वतो— न परमार्थेन सा तीर्थकरोद्देशवती स्वमतिप्रवृत्तिः तस्मिन् तीर्थकरे उद्देशः— प्रणिधानं यस्यां सा तदुद्देशा, य एव ह्याज्ञया प्रवर्तते स एव हि जिनसमुद्दिश्य प्रवर्तत इत्यभिधीयते, नापरः, इति गाथार्थः (पञ्चाशके ८/१३)

સાધુધર્મ સંબંધી કે શ્રાવકધર્મ સંબંધી જે કાંઈ પ્રવૃત્તિ સ્વમતિ પ્રમાણે થાય તે આજ્ઞારહિત હોવાથી સંસારનું કારણ બને છે. કારણકે સંસારને પાર પામવાનાં સાધનોમાં આજ્ઞા જ પ્રમાણ છે, અર્થાત્ સંસારનો પાર પામવાનાં સાધનો પણ આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરવામાં આવે તો જ સંસારનો પાર પમાડનારાં બને છે.

**પ્રશ્નઃ—** જિનના ઉદ્દેશથી રહિત પ્રવૃત્તિ સ્વમતિ મુજબ કરે તો સંસારનું કારણ બને એ બરોબર છે, પણ જિનને ઉદ્દેશીને=જિને આ કરવાનું કહ્યું છે તેમ જિનનું આલંબન લઈને જે પ્રવૃત્તિ કરવામાં આવે તે સંસારનું કારણ શી રીતે બને? કારણકે તેમાં જિન ઉપર પક્ષપાત છે. જિન ઉપર પક્ષપાત મહાફલવાળું છે.

**ઉત્તરઃ—** જિનને ઉદ્દેશીને થતી પ્રવૃત્તિ પણ જો સ્વમતિ મુજબ હોય તો પરમાર્થથી તે પ્રવૃત્તિ જિનના ઉદ્દેશવાળી નથી. જ્યાં સ્વમતિ હોય ત્યાં જિનનો ઉદ્દેશ=જિનનું આલંબન હોય જ નહિ. જે આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરે તે જ જિનને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરે છે અને તેને જ જિન પ્રત્યે પક્ષપાત છે. જે સ્વમતિ મુજબ પ્રવૃત્તિ કરે છે તે પરમાર્થથી જિનને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરતો નથી, અને એથી તેને જિન પ્રત્યે પક્ષપાત પણ નથી. આથી જિનને ઉદ્દેશીને પણ થતી સ્વમતિમુજબ પ્રવૃત્તિ સંસારનું જ કારણ બને છે. ("જિને આ કરવાનું કહ્યું છે" એવી બુદ્ધિથી થતી પ્રવૃત્તિ જિનને ઉદ્દેશીને (= જિનના ઉદ્દેશવાળી) છે. પણ "જિને એ કેવી રીતે કરવાનું કહ્યું છે" એ મહત્ત્વનું છે. "જિને જે કરવાનું કહ્યું છે" અને "જે પ્રમાણે કરવાનું કહ્યું છે" એ બેમાં "જે પ્રમાણે કરવાનું કહ્યું છે" તે મહત્ત્વનું છે. જિને જે કરવાનું કહ્યું છે તે કરે, પણ જે પ્રમાણે કરવાનું કહ્યું છે તે પ્રમાણે ન કરે તો લાભ ન થાય, બલ્કે નુકશાન થાય એ પણ સંભવિત છે. એટલે જિને જે કરવાનું કહ્યું છે તે જિને જે પ્રમાણે કરવાનું કહ્યું છે તે પ્રમાણે ન કરતાં સ્વમતિ મુજબ કરવામાં આવે તો તેમાં વાસ્તવિક જિનનો ઉદ્દેશ નથી, અર્થાત્ દેખાવથી=બાહ્યથી જિનનો ઉદ્દેશ છે, પણ પરમાર્થથી જિનનો ઉદ્દેશ નથી. જ્યાં પરમાર્થથી જિનનો ઉદ્દેશ ન હોય ત્યાં જિન પ્રત્યે પક્ષપાત પણ ન હોય. જિને આ કરવાનું કહ્યું છે તેમ જિનનું આલંબન લઈને થતી કોઇપણ ધર્મપ્રવૃત્તિ જિનના ઉદ્દેશવાળી છે. અથવા જિનને આશ્રયીને થતી જિનભવન નિર્માણ જિનબિંબ પ્રતિષ્ઠા, જિનબિંબપૂજા વગેરે જિનભક્તિ સંબંધી પ્રવૃત્તિ જિનના ઉદ્દેશવાળી છે.) (૧૦૦)

**कयमेत्थ पसंगेणं, नोवाएयं न या वि मोत्तव्वं ।**
**समईएऽणुट्ठाणं, परिणामविसुद्धकामेहिं ॥१११॥**

कृतमत्र प्रसङ्गेन नोपादेयं न चापि मोक्तव्यम् ।
स्वमत्याऽनुष्ठानं परिणामविशुद्धकामैः ।।१११।।

અહીં પ્રાસંગિક વર્ણન આટલું બસ છે. વિશુદ્ધ પરિણામની કામનાવાળા ધર્માર્થીઓએ અનુષ્ઠાનને (= ધર્માચરણને) સ્વમતિથી ન સ્વીકારવું જોઈએ અને સ્વમતિથી મૂકવું પણ ન જોઈએ.

**વિશેષાર્થઃ**— અનુષ્ઠાનને સ્વમતિથી ન સ્વીકારવું જોઈએ, કિંતુ જિનાજ્ઞાથી સ્વીકારવું જોઈએ, અર્થાત્ અનુષ્ઠાન સ્વમતિ મુજબ ન કરવું જોઈએ, કિંતુ જિનાજ્ઞા મુજબ કરવું જોઈએ. એવી રીતે અનુષ્ઠાનને પોતાની મતિથી ખોટું માનીને ન મૂકી દેવું જોઈએ. હા, જે અનુષ્ઠાન જિનાજ્ઞાથી વિરુદ્ધ હોય તે મૂકી દેવું જોઈએ. પણ જે અનુષ્ઠાન જિનાજ્ઞા મુજબનું હોવા છતાં પોતાની મતિકલ્પનાથી ખોટું માનીને ન મૂકવું જોઈએ. (૧૧૧)

**पुव्वपुरिसप्पवन्ने, मज्जणसलिले जिणेंदबिंबाणं ।**
**अन्नोन्नं लग्गंते, कलुसं चित्तं न कायव्वं ॥११२॥**

पूर्वपुरुषप्रपन्ने मज्जनसलिले जिनेन्द्रबिम्बानाम् ।
अन्योन्यं लगति कलुषं चित्तं न कर्त्तव्यम् ।।११२।।

પૂર્વપુરુષોએ સ્વીકારેલા જિનેંદ્ર બિંબોના સ્નાન જલમાં જલ પરસ્પર લાગે છે (એથી પ્રતિમા અપવિત્ર થાય છે) એ પ્રમાણે ચિત્તને કલુષિત ન કરવું. (૧૧૨)

**घय-खीरमज्जणाइ वि, वायगगंथेसु पयडमुवइट्ठं ।**
**पूयंतरायभीया, धम्मियपुरिसा न वारेंति ॥११३॥**

घृत-क्षीरमज्जनाद्यपि वाचकग्रन्थेषु प्रकटमुपदिष्टम् ।
पूजान्तरायभीता धार्मिकपुरुषा न वारयन्ति ।।११३।।

વાચકશ્રી ઉમાસ્વાતિ મહારાજાના ગ્રંથોમાં (પ્રશમરતિ પ્રકરણ ગાથા ૩૦૫માં) જિનબિંબને ઘી-દૂધથી સ્નાન કરાવવું વગેરે સ્પષ્ટ ઉપદેશ આપ્યો છે. પૂજાનો અંતરાય થવાના ભયથી ધાર્મિક પુરુષો એનો (ઘી-દૂધથી થતા

સ્નાનનો) નિષેધ કરતા નથી. (૧૧૩)

**आह जह पुव्वपुरिसा, पमायओ कह वि निवडिया कूवे ।**
**ता किं संपयपुरिसा, नियमा तत्थेव निवडंतु ? ॥११४॥**

आह यदि पूर्वपुरुषाः प्रमादतः कथमपि निपतिताः कूपे ।
तस्मात्किं साम्प्रतपुरुषा नियमात्तत्रैव निपतन्तु ?॥११४॥

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે– પૂર્વપુરુષો પ્રમાદથી કોઈ પણ રીતે કૂવામાં પડ્યા તો શું વર્તમાનકાલીન પુરુષો પણ નિયમા કૂવામાં પડે ? (૧૧૪)

**जइ आजम्मदरिद्दा, जच्चंधा विविहरोगतवियंगा ।**
**आसि नरा पुरिमिल्ला, ता किं अम्हे वि तह होमो ? ॥११५॥**

यद्याजन्मदरिद्रा जात्यन्धा विविधरोगतप्ताङ्गाः ।
आसन्नराः पुराणास्तस्मात्किं वयमपि तथा भवामः ? ॥११५॥

પૂર્વપુરુષો જન્મથી દરિદ્ર, જન્મથી અંધ અને વિવિધ રોગોથી દુઃખી શરીરવાળા હતા તો શું અમે પણ તેવા થઈએ ? (૧૧૫)

**जइ ताव जार-चोरा, मंसासी जीवघायगा कूरा ।**
**अम्ह कुले आसि नरा, अम्ह वि धम्मो न तो जुत्तो ? ॥११६॥**

यदि तावज्जार-चौरा मांसाशिनो जीवघातकाः क्रूराः ।
अस्माकं कुले आसन्नरा अस्माकमपि धर्मो न ततो युक्तः? ॥११६॥

જો અમારા કુળમાં પૂર્વે માણસો જાર, ચોર, માંસભક્ષી, જીવઘાતક અને ક્રૂર હતા તો શું અમારે પણ ધર્મ કરવો યોગ્ય નથી ? (૧૧૬)

**आयरिओ–**

**भद्द ! तुमं वायाडो, बाढं वुग्गाहिओ सि केणाऽवि ।**
**जंपसि जं वा तं वा, तेणेवं मोहगहगहिओ ॥११७॥**

आचार्यः–

भद्र ! त्वं वाचाटो बाढं व्युद्ग्राहितोऽसि केनापि ।
जल्पसि यद्वा तद्वा तेनैवं मोहग्रहगृहीतः ।।११७।।

**આચાર્ય પ્રત્યુત્તર આપે છેઃ–**

હે ભદ્ર ! તું વાચાલ છે. કોઈકે તને અત્યંત ભરમાવી દીધો છે. જેથી મોહ રૂપી ગ્રહથી ગ્રહણ કરાયેલો તું આ પ્રમાણે જેમ-તેમ બોલે છે. (૧૧૭)

**अन्नट्ठा दिट्ठंता, न जोइयव्वा बुहेण अन्नत्थ ।**
**नो खलु चरणाहरणं, रेहइ कन्ने वि संठवियं ॥११८॥**

अन्यार्था दृष्टान्ता न योजयितव्या बुधेनान्यत्र ।
नो खलु चरणाभरणं राजति कर्णेऽपि संस्थापितम् ।।११८।।

કુશલ પુરુષે અન્ય અર્થવાળા દૃષ્ટાંતો અન્ય અર્થમાં ન જોડવા જોઈએ. પગે પહેરવાનું આભૂષણ કાનમાં પહેરવામાં આવે તો શોભતું નથી. (૧૧૮)

**धम्माभिमुहो पुरिसो, न मुयइ जो कुलकमागयं मिच्छं ।**
**तस्स इमे दिट्ठंता, सिट्ठा दिट्ठंतवेईहिं ॥११९॥**

धर्माभिमुखः पुरुषो न मुञ्चति यः कुलक्रमागतं मिथ्यात्वम् ।
तस्येमे दृष्टान्ताः शिष्टा दृष्टान्तवेदिभिः ।।११९।।

તેં જે દૃષ્ટાંતો કહ્યાં તે દૃષ્ટાંતો દૃષ્ટાંતોને જાણનારાઓએ ધર્મ સન્મુખ થયેલો જે પુરુષ કુલક્રમથી આવેલ મિથ્યાત્વને મૂકતો નથી તેને સમજાવવા માટે કહ્યાં છે. (૧૧૯)

**तुममणवज्जं किरियं, धम्मियजणसंमयं चिराइन्नं ।**
**दिट्ठंतेहिं इमेहिं, उज्झसि ता सुट्ठु मूढो सि ॥१२०॥**

त्वमनवद्यां क्रियां धार्मिकजनसम्मतां चिराचीर्णाम् ।
दृष्टान्तैरेभिरुज्झसि तस्मात् सुष्ठु मूढोऽसि ।।१२०।।

તું આ દૃષ્ટાંતોથી નિર્વદ્ય (= પાપ રહિત), ધાર્મિક લોકને સમ્મત અને

ઘણા કાળથી આચરેલી ક્રિયાનો ત્યાગ કરે છે, તેથી અત્યંત મૂઢ છે. (૧૨૦)

**अह भणति सुत्तवुत्तं, जुत्तं काउं किमन्नपुरिसेहिं ।**
**सच्चमिणं सइ सुत्ते, अम्हाण वि संमयं एयं ॥१२१॥**

अथ भणति सूत्रोक्तं युक्तं कर्त्तुं किमन्यपुरुषैः ।
सत्यमिदं सति सूत्रे अस्माकमपि सम्मतमेतत् ॥१२१॥

હવે તું એમ કહે છે કે અન્ય પુરુષોથી શું કામ છે ?=અન્ય પુરુષોની આચરણાથી શું કામ છે ? જે સૂત્રમાં કહ્યું હોય તે કરવું જોઈએ. જો સૂત્ર હોય તો તારું આ કહેવું સાચું છે, અને અમને પણ એ સંમત છે. (૧૨૧)

**नवरं पुच्छामि अहं, तं सुत्तं केण विरइयं भणसि ? ।**
**जइ गणहरपमुहेहिं, ते आसि न व त्ति कह मुणसि ? ॥१२२॥**

नवरं पृच्छामि अहं तत्सूत्रं केन विरचितं भणसि ? ।
यदि गणधरप्रमुखैस्ते आसन्न वेति कथं जानासि ? ॥१२२॥

પણ હું તને પૂછું છું કે સૂત્ર કોનું રચેલું તું કહે છે ? જો તું એમ કહે કે ગણધર વગેરેએ રચેલું સૂત્ર કહું છું. તો હું તને પૂછું છું કે તે ગણધરો વગેરે હતા કે નહિ તે તું કેવી રીતે જાણે છે ? (૧૨૨)

**जइ गुरुपरंपराए, तेसिं वयणम्मि कह णु पत्तियसि ? ।**
**अह सच्चवाइणो ते, कह णु असच्चं तयाइन्नं ? ॥१२३॥**

यदि गुरुपरम्परया तेषां वचने कथं नु प्रत्येषि ।
अथ सत्यवादिनस्ते कथं नु असत्यं तदाचीर्णम् ? ॥१२३॥

હવે જો તું એમ કહે કે તે હું ગુરુ પરંપરાથી જાણું છું, તો હું તને પૂછું છું કે તું એમના વચનમાં વિશ્વાસ કેમ મૂકે છે ? હવે જો તું એમ કહે કે તે બધા સત્યવાદી હતા, તેથી તેમના વચનમાં વિશ્વાસ મૂકું છું. તો હું તને પૂછું છું કે જો તે સત્યવાદી હતા તો તેમનું આચરેલું અસત્ય કેવી રીતે હોય ? (૧૨૩)

**एगंतापामन्ने, तेसिं संविग्गगीयपुरिसाणं ।**
**तित्थे तित्थयरम्मि य, उप्पज्जइ संसओ नियमा ॥१२४॥**

एकान्ताप्रामाण्ये तेषां संविग्नगीतपुरुषाणाम् ।
तीर्थे तीर्थकरे च उत्पद्यते संशयो नियमात् ।।१२४।।

જો તે સંવિગ્ન ગીતાર્થ પુરુષોને એકાંતે અપ્રામાણિક માનવામાં આવે તો તીર્થમાં અને તીર્થકરમાં અવશ્ય સંશય ઉત્પન્ન થાય.

**વિશેષાર્થઃ**– તીર્થંકર થયા અને તેમણે તીર્થની સ્થાપના કરી એ બીના ગુરુ પરંપરાથી જ જાણી શકાય છે કારણકે એ બીનાને વર્તમાનના કોઈ પુરુષે પ્રત્યક્ષ જોઈ નથી. જો ગુરુપરંપરા અપ્રામાણિક હોય તો તેમણે કહેલી તીર્થંકર થયા અને તીર્થની સ્થાપના કરી એ વાતમાં અવશ્ય સંશય થાય. (૧૨૪)

**जं भणसि सुत्तवुत्तं, पमाणमेयं पि वयणमेत्तं ते ।**
**जं जीयव्ववहारं, मुच्चसि तं सुत्तपयडं पि ॥१२५॥**

यद्भणसि सूत्रोक्तं प्रमाणमेतदपि वचनमात्रं ते ।
यज्जीतव्यवहारं मुञ्चसि तत्सूत्रप्रकटमपि ।।१२५।।

સૂત્રમાં કહેલું પ્રમાણ છે એમ તું જે કહે છે તે પણ તારું વચનમાત્ર છે. અર્થાત્ તે તું હૃદયથી નથી કહેતો, કિંતુ માત્ર વચનથી કહે છે. કારણકે સૂત્રમાં જીતવ્યવહાર સ્પષ્ટ કહેલો હોવા છતાં તું તે જીતવ્યવહારને મૂકી દે છે. (૧૨૫)

**गणहर-पुव्वधराईरइयं सुत्तं ति सच्चमेवेयं ।**
**तं मग्गमणुसरंतं, पमाणमो नवरमन्नं पि ॥१२६॥**

गणधर-पूर्वधरादिरचितं सूत्रमिति सत्यमेवैतत् ।
तन्मार्गमनुसरत् प्रमाणं तु नवरमन्यदपि ।।१२६।।

ગણધર અને પૂર્વધર વગેરેએ જે રચેલું હોય તે સૂત્ર છે, એ સાચું જ છે. કિંતુ બીજું પણ જે મોક્ષમાર્ગને અનુસરતું હોય તે પણ પ્રમાણ જ છે. (૧૨૬)

**तित्थं पभावयंता, संपइ कइणो वि सुंदरा चेव ।**
**जम्हा जिणेंदसमए, पभावगा ते पढिज्जंति ॥१२७॥**

तीर्थं प्रभावयन्तः संप्रति कवयोऽपि सुन्दराश्चैव ।
यस्माज्जिनेन्द्रसमये प्रभावकास्ते पठ्यन्ते ॥१२७॥

હમણાં શાસનની પ્રભાવના કરતા કવિઓ પણ સુંદર જ છે. કારણકે જિનેંદ્રના શાસ્ત્રમાં કવિઓ પ્રભાવક કહેવાય છે. (૧૨૭)

**[१] पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य ।**
**विज्जासिद्धो य कवी, अट्ठेव पभावगा भणिआ ॥१२८॥**

प्रावचनिको धर्मकथी वादी नैमित्तिकस्तपस्वी च ।
विद्यासिद्धश्च कविरष्टैव प्रभावका भणिताः ॥१२८॥

१. इयं गाथा अग्रेऽपि ९०८ तमी ।

પ્રાવચની, ધર્મકથક, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, યોગસિદ્ધ અને કવિ એ આઠને શાસનપ્રભાવક કહ્યા છે.

**પ્રાવચનીઃ—** તે તે કાળે વિદ્યમાન સર્વ આગમના સૂત્ર-અર્થ અને મર્મના જાણ-જ્ઞાનીગુરુ.

**ધર્મકથકઃ—** નંદિષેણ મહાત્માની જેમ આક્ષેપણી, વિક્ષેપણી, સંવેગજનની અને નિર્વેદિની એ ચાર પ્રકારની કથા દ્વારા શ્રોતાના સંદેહને દૂર કરી આકર્ષણ વગેરે કરનારા વ્યાખ્યાનની લબ્ધિવાળા જ્ઞાનીગુરુ.

**વાદીઃ—** વાદ શક્તિને પામેલા. વાદી, પ્રતિવાદી, સભાજન અને મધ્યસ્થ એ ચાર પ્રકારની રાજસભામાં ધર્મવાદ કરીને વિજય પામનારા શ્રીમલ્લવાદી સૂરિ વગેરે.

**નૈમિત્તિકઃ—** પૂ. શ્રી ભદ્રબાહુ ગુરુની જેમ અષ્ટાંગ નિમિત્તના જાણ, શાસનની પ્રભાવના માટે ભૂત-ભવિષ્ય ભાવોને યથાર્થ જણાવનારા.

**તપસ્વીઃ**– શ્રી ખંધકસૂરિની જેમ કોઈ પૌદ્‌ગલિક ઈચ્છા વિના કેવળ નિર્જરા માટે સમતા પૂર્વક અઠ્ઠમ, અઠ્ઠાઈ, માસક્ષમણ વગેરે ઘોર તપ કરનારા.

**વિદ્યાવાનઃ**– પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાઓને સાધી તેના પ્રભાવે શ્રી જિનશાસનની પ્રભાવના કરનારા.

**યોગસિદ્ધઃ**– વિવિધ યોગોની સિદ્ધિ કરીને યોગચૂર્ણથી અંજન, પાદલેપ, લલાટે તિલક વગેરે દ્વારા ભૂત-પ્રેતાદિને વશ કરનારા અને અનેક દુઃસાધ્ય કાર્યોની સિદ્ધિ કરનારા.

**કવિઃ**– કાવ્ય લબ્ધિથી વિશિષ્ટ કાવ્યોની રચના દ્વારા શ્રી સિદ્ધસેન દિવાકરની જેમ રાજા મહારાજાદિને પણ ધર્મ પમાડનારા. (૧૨૮)

**पवयणपभावणकरं, सजुत्तिरइयं पि सोहणं नेयं ।**
**[२] रोसा णेंतो रयणं, खारो पि पसंसिओ लोए ॥१२९॥**

प्रवचनप्रभावनाकरं स्व(स)युक्तिरचितमपि शोभनं ज्ञेयम् ।
रोषाद् नयन् रत्नं क्षारोऽपि प्रशंसितो लोके ॥१२९॥

२. क्षारोऽपि समुद्रो रोषाद् रत्नं नयन् लोके प्रशस्यते, इति तत्त्वमनुमीयते ।

સ્વયુક્તિથી (= સ્વપ્રતિભાથી) રચેલું પણ જો શાસનની પ્રભાવના કરનારું હોય તો સારું જ જાણવું. ખારી ભૂમિના કારણે ખારો પણ સમુદ્ર રત્નોને લઈ જતો હોવાથી (રત્નોને ધારણ કરતો હોવાથી) લોકમાં પ્રશંસાને પામ્યો છે.

**વિશેષાર્થઃ**– रोष નો ક્રોધ અર્થ પ્રસિદ્ધ છે. શબ્દરત્નમહોદધિ કોશમાં रोषण શબ્દનો અર્થ ખારી ભૂમિ કર્યો છે. रोषण શબ્દ रुष् ધાતુથી બનેલો છે रोष શબ્દ પણ रुष् ધાતુથી બનેલો છે. એટલે જેમ रोषण શબ્દનો ખારી ભૂમિ એવો અર્થ થાય તેમ रोष શબ્દનો પણ ખારી ભૂમિ અર્થ થાય. આમ સમજીને અનુવાદમાં રોષ શબ્દનો ખારી ભૂમિ એવો અર્થ કર્યો છે. रोष શબ્દનો ક્રોધ અર્થ કરીને ઘટી શકતો હોય તો ઘટાડવો.

ગ્રંથકારના સમયે શ્રદ્ધાસંપન્ન કવિઓની કેટલાકો ટીકા-નિંદા કરતા હશે. એમને જવાબ આપવા કવિઓ સંબંધી પ્રસ્તુત વર્ણન હશે એમ જણાય છે. (૧૨૯)

**जो जो अ सुअग्गाहो, पडिवक्खो तस्स तस्स भणियव्वो ।**
**जत्तो वायइ पवणो, [3]परियत्थी (?) दिज्जए तत्तो ॥१३०॥**

यो यश्च श्रुतग्राहः प्रतिपक्षः तस्य तस्य भणितव्यः ।
यतो वाति पवनः द्वारं दीयते ततः ॥१३०॥

३. अयं शब्दो देश्यप्राकृतगतो द्वारवाची, गवाक्ष-वाची वा अवगम्यते ।

જે જે શ્રુતને સમજનારા છે = જાણનારા છે તેના તેના વિરોધીને કહેવા જોઈએ. જે તરફથી પવન વાતો હોય તે તરફના દરવાજા બંધ કરવામાં આવે છે.

**વિશેષાર્થઃ**— જે તરફથી પવન વાતો હોય તે તરફના દરવાજા બંધ કરવાથી ઘરમાં કચરો આવતો નથી. તે પ્રમાણે જે પુરુષો શ્રુતનો બોધ ધરાવનારા મહાપુરુષોના વિરોધી હોય = કદાગ્રહથી અસત્ય કહેતા હોય તેમને લોકમાં ઓળખાવવા જોઈએ અર્થાત્ આ પુરુષો અસત્ય કહેનારા છે એમ લોકમાં જાહેર કરવું જોઈએ. જેથી મુગ્ધ ધર્મીજનોના આત્મામાં અસત્યરૂપી કચરો પ્રવેશે નહિ. (૧૩૦)

**संघं अवमन्नंतो, जाणगमाणी जणो असग्गाही ।**
**कहमवि भिन्नं मन्नइ, जमालिपमुहाणमप्पाणं ॥१३१॥**

संघमवमन्यमानो ज्ञायकमानी जनोऽसद्ग्राही ।
कथमपि भिन्नं मन्यते जमालिप्रमुखेभ्य आत्मानम् ॥१३१॥

સંઘની અવજ્ઞા કરતો, પોતાને જ્ઞાની માનતો અને કદાગ્રહી મનુષ્ય પોતાને કોઈ પણ રીતે જમાલિ વગેરેથી ભિન્ન માને છે.

**વિશેષાર્થઃ**— આવો મનુષ્ય પોતાને જમાલિ વગેરેથી ભિન્ન ભલે માને, પણ પરમાર્થથી તે જમાલિ વગેરેથી ભિન્ન નથી. જમાલિ વગેરે જેવો જ છે, એમ ગ્રંથકારનો કહેવાનો આશય છે. (૧૩૧)

**संसिज्जइ नियकिरिया, दूसिज्जइ सयलसंघववहारो ।**
**कत्तो एत्तो वि परा, विमाणणा हंदि ! संघस्स ? ॥१३२॥**

शस्यते निजक्रिया दूष्यते सकलसंघव्यवहारः ।
कुत इतोऽपि परा विमानना हन्त ! संघस्य ? ॥१३२॥

પોતાની ક્રિયાને વખાણવી અને સકલ સંઘના વ્યવહારને દોષિત કરવો (= આ ખોટું છે એમ દૂષણ આપવું) એનાથી પણ અધિક સંઘની અવજ્ઞા બીજી કઈ હોઈ શકે ? અર્થાત્ આનાથી અધિક બીજી કોઈ સંઘની અવજ્ઞા નથી. (૧૩૨)

**जो जिणसंघं हीलइ, संघावयवस्स दुक्कयं दट्ठुं ।**
**सव्वजणहीलणिज्जो, भवे भवे होइ सो जीवो ॥१३३॥**

यो जिनसङ्घं हेलति सङ्घावयवस्य दुष्कृतं दृष्ट्वा ।
सर्वजनहेलनीयो भवे भवे भवति स जीवः ॥१३३॥

સંઘના અવયવનું (= સંઘની અમુક વ્યક્તિઓનું) અનુચિત આચરણ જોઈને જે જીવ સંપૂર્ણ જિનસંઘની અવહીલના કરે છે, તે જીવ ભવે ભવે સર્વલોકથી અવહીલના કરવા યોગ્ય બને છે. (૧૩૩)

**जइ कम्मवसा केई, असुहं सेवंति किमिह संघस्स ? ।**
**विट्टालिज्जइ गंगा, कयाइ किं वासवारेहिं ? ॥१३४॥**

यदि कर्मवशात्केऽपि अशुभं सेवन्ते किमिह सङ्घस्य ? ।
विटाल्यते गङ्गा कदापि किं वासवारैः ? ॥१३४॥

જો કર્મવશથી કેટલાકો અનુચિત આચરણ કરે તો એમાં સંઘને શું ? સંઘનો શો દોષ ? શું કુતરાઓ વડે ક્યારેય ગંગા અપવિત્ર કરાય છે ?

**વિશેષાર્થઃ—** ગંગા નદી અત્યંત પવિત્ર છે. ક્યારેક કોઈ સ્થળે કુતરો આવીને તેમાં પેશાબ કરી જાય કે પાણી પી જાય તો પણ ગંગા નદી અપવિત્ર બનતી નથી. તેમ પ્રસ્તુતમાં સંઘમાં કેટલીક વ્યક્તિઓ અનુચિત આચરણ કરે

તેથી આખો સંઘ દોષિત બની જતો નથી. (૧૩૪)

**जो पुण संतासंते, दोसे गोवेइ समणसंघस्स ।**
**विमलजसकित्तिकलिओ, सो पावइ निव्वुइं तुरियं ॥१३५॥**

यः पुनः सतोऽसतो दोषान् गोपायति श्रमणसङ्घस्य ।
विमलयशःकीर्तिकलितः स प्राप्नोति निर्वृतिं त्वरितम् ।।१३५।।

વળી જે શ્રમણસંઘના સાચા કે ખોટા દોષોને છૂપાવે છે તે નિર્મલ યશકીર્તિ પામીને જલદી મોક્ષને પામે છે. (૧૩૫)

**जह कणरक्खणहेउं, रक्खिज्जइ जत्तओ पलालं पि ।**
**सासणमालिन्नभया, तहा कुसीलं पि गोवेज्जा ॥१३६॥**

यथा कणरक्षणहेतु रक्ष्यते यत्नतः पलालमपि ।
शासनमालिन्यभयात्तथा कुशीलमपि गोपायेत् ।।१३६।।

જેવી રીતે ધાન્યકણોના રક્ષણ માટે પરાળનું (જેમાં અનાજના ડૂંડા હોય તેવી લાંબી સોટીઓનું) પણ યત્નથી રક્ષણ કરવામાં આવે છે, તેવી રીતે શાસનની મલિનતાના ભયથી કુશીલની = અનુચિત આચરણ કરનારની પણ રક્ષા કરવી જોઈએ, અર્થાત્ એના અનુચિત આચરણને છૂપાવવો જોઈએ.

**विशेषार्थः**— શ્રમણસંઘના અનુચિત આચરણનો છાપાઓ દ્વારા કે પત્રિકા આદિ દ્વારા પ્રચાર કરનારાઓએ આ વાતને ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે. (૧૩૬)

**भणियस्स तत्तमेयं, संघस्सासायणा न कायव्वा ।**
**सोउं सगरसुआणं, दुव्विसहं दुक्खरिंछोलिं ॥१३७॥**

भणितस्य तत्त्वमेतत्सङ्घस्याशातना न कर्तव्या ।
श्रुत्वा सगरसुतानां दुर्विषहां दुःखपङ्क्तिम् ।।१३७।।

અહીં જે કાંઈ કહ્યું તેનો સાર એ છે કે— સગરપુત્રોની દુઃખે કરીને સહન

કરી શકાય તેવી દુઃખશ્રેણિને સાંભળીને સંઘની આશાતના ન કરવી જોઈએ.

**વિશેષાર્થઃ**– અષ્ટાપદતીર્થની રક્ષા કરવામાં એકી સાથે મૃત્યુ પામેલા ૬૦ હજાર સગર પુત્રોનો પૂર્વભવનો વૃત્તાંત આ ગ્રંથની ૯૦૬મી ગાથાના વિશેષાર્થમાં જણાવ્યો છે. (૧૩૭)

**अन्नो भणेज्ज कोई, ओसरणठियस्स वीयरागस्स ।**
**इंदाइएहिँ न कया, मज्जण-मल्लाइणा पूआ ॥१३८॥**

अन्यो भणेत्कोऽपि समवसरणस्थितस्य वीतरागस्य ।
इन्द्रादिकैर्न कृता मज्जन-माल्यादिना पूजा ।।१३८।।

**વળી બીજો કોઈ કહે છે કે**– સમવસરણમાં બિરાજમાન તીર્થંકરની ઈંદ્ર આદિએ સ્નાન-પુષ્પ આદિથી પૂજા કરી નથી. (૧૩૮)

**जिणपडिछंदो पडिमा, संपइ तासिं पि सा न खलु जुत्ता ।**
**रागाइसयपगासणमसंगयं वीयरागस्स ॥१३९॥**

जिनप्रतिच्छन्दः प्रतिमा सम्प्रति तासामपि सा न खलु युक्ता ।
रागातिशयप्रकाशनमसंगतं वीतरागस्य ।।१३९।।

પ્રતિમા તીર્થંકર તુલ્ય છે. આથી હમણાં પ્રતિમાની પણ પૂજા કરવી એ અયુક્ત છે. વીતરાગના અતિશય રાગને પ્રગટ કરવો = પ્રસિદ્ધ કરવો એ અસંગત છે.

**વિશેષાર્થઃ**– વીતરાગની સ્નાન આદિથી પૂજા કરવાથી આ દેવ અતિશય રાગી છે એવી પ્રસિદ્ધિ થાય છે, એવો અહીં ભાવ છે. (૧૩૯)

**भणइ गुरू मुत्ताणं, रागो आरोविओ वि नारुहइ ।**
**न हि निद्दड्ढे बीए, होइ पुणो अंकुरुप्पत्ती ॥१४०॥**

भणति गुरुर्मुक्तानां राग आरोपितोऽपि नाऽऽरोहति ।
न हि निर्दग्धे बीजे भवति पुनरङ्कुरोत्पत्तिः ।।१४०।।

ગુરુ ઉત્તર આપે છે– રાગથી મુક્ત બનેલાઓમાં રાગનું આરોપણ કરવામાં આવે તો પણ તેમનામાં રાગની ઉત્પત્તિ થતી નથી. બીજ બળી જતાં તેમાંથી ફરી અંકુરની ઉત્પત્તિ થતી નથી. (૧૪૦)

**पूआइदंसणाओ, रागित्तपकप्पणा न धन्नाणं ।**
**जायइ भावुल्लासो, कल्लाणपरंपरामूलं ॥१४१॥**

पूजादिदर्शनाद्रागित्वप्रकल्पना न धन्यानाम् ।
जायते भावोल्लासः कल्याणपरम्परामूलम् ।।१४१।।

પુણ્યશાલી જીવોને તીર્થંકરની પૂજા વગેરે જોઈને આ તીર્થંકર રાગી છે એવી કલ્પના થતી નથી, બલકે ભાવોલ્લાસ પ્રગટે છે. આ ભાવોલ્લાસ કલ્યાણની પરંપરાનું મૂળ છે. (૧૪૧)

**जिणभवणबिंबपूआ, कीरंति जिणाण नो कए किंतु ।**
**सुहभावणानिमित्तं, बुहाण इयराण बोहत्थं ॥१४२॥**

जिनभवनबिम्बपूजा क्रियते जिनानां नो कृते किन्तु ।
शुभभावनानिमित्तं बुधानां इतरेषां बोधार्थम् ।।१४२।।

જિનમંદિર અને જિનબિંબપૂજા જિન માટે કરવામાં આવતા નથી. કિંતુ કુશલપુરુષોને શુભભાવ પ્રગટે એ માટે અને બીજાઓને બોધ આપવા માટે કરવામાં આવે છે. (૧૪૨)

**भणियं च–**
**चेईहरेण केई, पसंतरूवेण केई बिंबेण ।**
**पूआइसया अन्ने, बुज्झंति तहोवएसेण ॥१४३॥**

भणितं च–
चैत्यगृहेण केऽपि प्रशान्तरूपेण केऽपि बिम्बेन ।
पूजातिशयादन्ये बुध्यन्ते तथोपदेशेन ।।१४३।।

કહ્યું છે કે–

કોઈ જિનમંદિરે જોઈને, કોઈ પ્રશાંત સ્વરૂપવાળા જિનબિંબને જોઈને, બીજા કોઈ વિશેષ પ્રકારની પૂજા જોઈને અને કોઈ ઉપદેશથી પ્રતિબોધ પામે છે. (૧૪૩)

**ता पुप्फ-गंध-भूसण-विचित्तवत्थेहिं पूयणं निच्चं ।**
**जह रेहइ तह सम्मं, कायव्वं सुद्धचित्तेहिं ॥१४४॥**

तत्पुष्प-गन्ध-भूषण-विचित्रवस्त्रैः पूजनं नित्यम् ।
यथा राजते तथा सम्यक् कर्तव्यं शुद्धचित्तैः ।।१४४।।

આથી શુદ્ધચિત્તવાળા બનીને નિત્ય પુષ્પ-સુગંધિપદાર્થ-આભૂષણ-વિવિધ વસ્ત્રોથી જિનમૂર્તિ શોભે તેમ સારી રીતે પૂજા કરવી જોઈએ. (૧૪૪)

**अन्ने बेंति अजुत्तं, [१] पुणरुत्तं वत्थ-भूसणाईणं ।**
**आरोवणं जिणाणं, उज्झियनिम्मल्लपायाणं ॥१४५॥**

अन्ये ब्रुवतेऽयुक्तं पुनरुक्तं वस्त्र-भूषणादीनाम् ।
आरोपणं जिनानामुज्झितनिर्माल्यप्रायाणाम् ।।१४५।।

१. पुणरुत्तं कृतकरणे ८-२-१११ इति सिद्धहेमसूत्रप्रामाण्याद् अव्ययमेतत् ।

**બીજાઓ કહે છે કે**— જિનોને એકવાર ચઢાવેલાં = (પહેરાવેલાં) વસ્ત્રો અને આભૂષણો બીજીવાર ચઢાવવા એ અયુક્ત છે કારણકે એકવાર ચઢાવી દીધા હોવાથી હલકાં અને નિર્માલ્ય જેવા થઈ ગયાં છે.

**વિશેષાર્થ:**— उज्झिय શબ્દ દેશ્ય શબ્દ છે. એનો અર્થ "હલકું કરાયેલું" એવો છે. (૧૪૫)

**पडिवुत्तं चेव इमं, पुव्वं निम्मल्ललक्खणाभावा ।**
**भोगविणट्ठं दव्वं, निम्मल्लं वज्जरंतेण ॥१४६॥**

प्रत्युक्तं चैवेदं पूर्वं निर्माल्यलक्षणाभावात् ।
भोगविनष्टं द्रव्यं निर्माल्यं कथयता ।।१४६।।

આનો જવાબ પૂર્વે (૮૯મી ગાથામાં) આપી દીધો છે. પૂર્વે કહેલું છે

કે— જે દ્રવ્ય ભોગ વિનષ્ટ (= ફરી ઉપયોગમાં ન આવી શકે તેવું) હોય તેને ગીતાર્થો નિર્માલ્ય કહે છે. નિર્માલ્યનું આ લક્ષણ વસ્ત્રો અને આભૂષણોમાં ઘટતું નથી. (માટે એક વાર ચઢાવેલાં વસ્ત્રો અને આભૂષણો ફરી ચઢાવી શકાય.) (૧૪૬)

**अलमेत्थ वित्थरेणं, आइन्नं एवमाइ बहुभेअं ।**
**सव्वं न दूसिअव्वं, विसुद्धधम्मं महंतेण ॥१४७॥**

अलमत्र विस्तरेण आचीर्णमेवमादि बहुभेदम् ।
सर्वं न दूषयितव्यं विशुद्धधर्मं काङ्क्षता ।।१४७।।

અહીં અધિક વિસ્તારની જરૂર નથી. આ પ્રમાણે આચરણા અનેક પ્રકારની છે. વિશુદ્ધ ધર્મના અભિલાષી જીવે બધીય આચરણાને દૂષિત ન કરવી જોઈએ = બધી જ આચરણા ખોટી છે એમ ન માનવું જોઈએ. (૧૪૭)

**आह परो जिणवंदणविहाणमारंभिऊण किं जुत्तं ? ।**
**अप्पत्थुयमाढविअं, आइन्नवियारणं एयं ॥१४८॥**

आह परो जिनवन्दनविधानमारभ्य किं युक्तम् ?
अप्रस्तुतमारब्धमाचीर्णविचारणमेतत् ।।१४८।।

**અહીં કોઈ કહે છે કે**— ચૈત્યવંદનની વિધિ શરૂ કરીને અપ્રસ્તુત એવી આચરણાની વિચારણા શરૂ કરી તે શું યુક્ત છે ? (૧૪૮)

**नापत्थुयमेत्थ जओ, एयं चिय अंतरंगमुवइट्ठं ।**
**भावविसुद्धिसरूवं, पढमं ता वंदणविहाणं ॥१४९॥**

नाप्रस्तुतमत्र यत एतत्खलु अन्तरङ्गमुपदिष्टम् ।
भावविशुद्धिस्वरूपं प्रथमं ततो वन्दनविधानम् ।।१४९।।

અહીં આચરણાની વિચારણા અપ્રસ્તુત નથી, કારણકે ભાવવિશુદ્ધિને વંદનાના ફળનું આંતરિક કારણ કહ્યું છે, વિધિ બાહ્ય કારણ છે. આથી પહેલાં ભાવવિશુદ્ધિનું સ્વરૂપ કહેવું જોઈએ, અને પછી વંદન વિધિ કહેવી જોઈએ. (૧૪૯)

**कुग्गाहदूसियमणो, समुज्जमंतो वि बज्झकिच्चेसु ।**
**विहिवंदणाणुरूवं, फलं न पावेइ दुब्बुद्धी ॥१५०॥**

कुग्राहदूषितमनाः समुद्यच्छन्नपि बाह्यकृत्येषु ।
विधिवन्दनानुरूपं फलं न प्राप्नोति दुर्बुद्धिः ॥१५०॥

કદાગ્રહથી દૂષિત મનવાળો જીવ બાહ્ય કર્તવ્યોમાં સમ્યક્ ઉદ્યમ કરતો હોવા છતાં (= વિધિપૂર્વક વંદન કરતો હોવા છતાં) વિધિપૂર્વકના વંદનનું જેવું ફળ મેળવવું જોઈએ તેવું ફળ મેળવતો નથી. કારણકે કદાગ્રહના કારણે તે દુર્બુદ્ધિવાળો છે, અર્થાત્ અશુદ્ધ ભાવવાળો છે, તેનામાં ભાવની વિશુદ્ધિ નથી. (૧૫૦)

**कोटरजलंतजलणो, आसिच्चंतो वि वारिधाराहिं ।**
**विद्धिं तरू न पावइ, किलिट्ठचित्तस्स तह धम्मो ॥१५१॥**

कोटरज्वलज्ज्वलन आसिच्यमानोऽपि वारिधाराभिः ।
वृद्धिं तरुर्न प्राप्नोति क्लिष्टचित्तस्य तथा धर्मः ॥१५१॥

જેની બખોલમાં અગ્નિ રહેલો છે એવું વૃક્ષ પાણીની ધારાઓથી સિંચાતું હોવાં છતાં વધતું નથી. તેવી રીતે ક્લિષ્ટ ચિત્તવાળાનો ધર્મ વધતો નથી. (૧૫૧)

**तम्हा कुग्गाहविसं, वमित्तु पसमामयं च पाऊणं ।**
**मज्झत्थमणो मइमं, करेज्ज चिइवंदणं विहिणा ॥१५२॥**

तस्मात्कुग्राहविषं वमित्वा प्रशमामृतं च पीत्वा ।
मध्यस्थमना मतिमान् कुर्याच्चैत्यवन्दनां विधिना ॥१५२॥

માટે બુદ્ધિમાન પુરુષે કદાગ્રહરૂપી વિષને વમીને, પ્રશમરૂપી અમૃતનું પાન કરીને રાગ-દ્વેષ રહિત મનવાળા થઈને વિધિપૂર્વક ચૈત્યવંદન કરવું જોઈએ. (૧૫૨)

**चिइवंदणा तिभेया, जहन्न उक्कोस मज्झिमा चेव ।**
**एक्केक्का वि तिभेया, जेट्ठ विजेट्ठा कणिट्ठा य ॥१५३॥**

चैत्यवन्दना त्रिभेदा जघन्या उत्कृष्टा मध्यमैव ।
एकैकाऽपि त्रिभेदा ज्येष्ठा विज्येष्ठा कनिष्ठा च ।।१५३।।

ચૈત્યવંદનના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકાર છે. તે દરેક ચૈત્યવંદનના પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકાર છે.

**વિશેષાર્થઃ**— અહીં જણાવ્યા પ્રમાણે ચૈત્યવંદનના કુલ નવ ભેદો થયા. તે આ પ્રમાણે—

જઘન્ય-જઘન્ય, જઘન્ય-મધ્યમ, જઘન્ય-ઉત્કૃષ્ટ
મધ્યમ-જઘન્ય, મધ્યમ-મધ્યમ, મધ્યમ-ઉત્કૃષ્ટ.
ઉત્કૃષ્ટ-જઘન્ય, ઉત્કૃષ્ટ-મધ્યમ, ઉત્કૃષ્ટ-ઉત્કૃષ્ટ
જ્યેષ્ઠ એટલે ઉત્કૃષ્ટ, વિજ્યેષ્ઠ એટલે મધ્યમ, કનિષ્ઠ એટલ જઘન્ય. (૧૫૩)

**एगनमोक्कारेणं, होइ कणिट्ठा जहन्निआ एसा ।**
**जहसत्तिनमोक्कारा, जहन्निया भन्नइ विजेट्ठा ॥१५४॥**

एकनमस्कारेण भवति कनिष्ठा जघन्यका एषा ।
यथाशक्तिनमस्कारा जघन्यका भण्यते विज्येष्ठा ।।१५४।।

**स च्चिय सक्कथयंता, नेया जिट्ठा जहन्नियासन्ना ।**
**स च्चिय इरिआवहिआसहिआ सक्कथयदंडेहिं ॥१५५॥**

सा खलु शक्रस्तवान्ता ज्ञेया ज्येष्ठा जघन्यकासंज्ञा ।
सैवेर्यापथिकीसहिता शक्रस्तवदण्डैः ।।१५५।।

**मज्झिमकणिट्ठिगेसा, मज्झिम(वि)जेट्ठा उ होइ सा चेव ।**
**चेइयदंडयथुइएगसंगया सव्वमज्झिमया ॥१५६॥**

मध्यमकनिष्ठिकैषा मध्यम(वि)ज्येष्ठा तु भवति सा चैव ।
चैत्यदण्डकस्तुत्येकसंगता सर्वमध्यमिका ।।१५६।।

**मज्झिमजेट्ठा स च्चिय, तिन्नि थुईओ सिलोयतियजुत्ता ।**
**उक्कोसकणिट्ठा पुण, स च्चिय सक्कत्थयाइजुया ॥१५७॥**

मध्यमज्येष्ठा सा खलु तिस्रः स्तुतयः श्लोकत्रिकयुक्ता ।
उत्कृष्टकनिष्ठा पुनः सैव शक्रस्तवादियुता ।।१५७।।

**थुइजुयलजुयलएणं, दुगुणियचेइयथयाइदंडा जा ।**
**सा उक्कोसविजेट्ठा, निद्दिट्ठा पुव्वसूरीहिं ।।१५८।।**

स्तुतियुगलयुगलकेन द्विगुणितचैत्यस्तवादिदण्डा या ।
सा उत्कृष्टविज्येष्ठा निर्दिष्टा पूर्वसूरिभिः ।।१५८।।

**थोत्तपणिवायदंडगपणिहाणतिगेण संजुआ एसा ।**
**संपुन्ना विन्नेया, जेट्ठा उक्कोसिआ नाम ।।१५९।।**

स्तोत्रप्रणिपातदण्डकप्रणिधानत्रिकेण संयुता एषा ।
संपूर्णा विज्ञेया ज्येष्ठा उत्कृष्टिका नाम ।।१५९।।

ગાથા ૧૫૪ થી ગાથા ૧૫૯ સુધીનો અર્થ નીચે પ્રમાણે છે—

| | | | | |
|---|---|---|---|---|
| જઘન્ય | જઘન્ય | એક | નમસ્કાર | (૧૫૪ પૂર્વાર્ધ) |
| જઘન્ય | મધ્યમ | અનેક | નમસ્કાર | (૧૫૪ ઉત્તરાર્ધ) |
| જઘન્ય | ઉત્કૃષ્ટ | અનેક | નમસ્કાર + નમુત્થુણં | (૧૫૫ પૂર્વાર્ધ) |

| | | | |
|---|---|---|---|
| મધ્યમ | જઘન્ય | નમસ્કાર + ઈરિયાવહિયા + નમુત્થુણં | (૧૫૫ ઉત્તરાર્ધ) |
| મધ્યમ | મધ્યમ | નમસ્કાર + ઈરિયાવહિયા + નમુત્થુણં + અરિહંત ચેઈ. + એક થોય | (૧૫૬ ઉત્તરાર્ધ) |
| મધ્યમ | ઉત્કૃષ્ટ | ત્રણ થોય + સિદ્ધાણં બુદ્ધાણંની ત્રણ ગાથા | (૧૫૭ પૂર્વાર્ધ) |
| ઉત્કૃષ્ટ | જઘન્ય | ત્રણ થોય + સિદ્ધાણં બુદ્ધાણં + નમુત્થુણં + જયવીયરાયની ત્રણ ગાથા | (૧૫૭ ઉત્તરાર્ધ) |
| ઉત્કૃષ્ટ | મધ્યમ | આઠ થોય | (૧૫૮ પૂર્વાર્ધ) |
| ઉત્કૃષ્ટ | ઉત્કૃષ્ટ | આઠ થોય + સ્તોત્ર + નમુત્થુણં + જાવંતિ૦-જાવંત-જયવીયરાય૦ | (૧૫૯ પૂર્વાર્ધ) |

**વિશેષાર્થ:**— અહીં નમસ્કારનો અર્થ જણાવ્યો નથી. ચૈત્યવંદન લઘુભાષ્યમાં નમસ્કારનો અર્થ આ પ્રમાણે જણાવ્યો છે— અહીં નમસ્કાર એટલે (૧) માત્ર અંજલિબદ્ધ પ્રણામ કરવા, (૨) અથવા નમો જિણાણં પદ બોલવું, (૩) અથવા

એક શ્લોકથી સ્તુતિ કરવી, (૪) અથવા અનેક શ્લોકથી સ્તુતિ કરવી, (૫) અથવા નમુત્થુણં સૂત્ર બોલવું. આ પાંચેય પ્રકારથી જઘન્ય જઘન્ય ચૈત્યવંદન થાય છે.

स्तुतियुगलयुगलकेन એ પદનો આઠ થોયથી એમ અર્થ થાય છે. તે આ પ્રમાણે– પહેલી ત્રણ સ્તુતિઓ વંદનરૂપ હોવાથી વંદના સ્તુતિ રૂપે એક જ સ્તુતિ ગણાય છે. અને ચોથી સ્તુતિ અનુશાસ્તિરૂપ હોવાથી બીજી સ્તુતિ ગણાય છે. આમ ચાર સ્તુતિનું એક સ્તુતિયુગલ થયું. બીજી ચાર સ્તુતિનું બીજું યુગલ થયું. युगलयुगलक એટલે બે યુગલ. આમ स्तुतियुगलयुगलक એટલે આઠ થોયો.

ઉત્કૃષ્ટ-ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં સ્તોત્રનો ઉલ્લેખ છે. આ સ્તોત્ર એટલે વર્તમાનમાં આઠ થોયના દેવવંદનમાં ત્રીજું ચૈત્યવંદન બોલવામાં આવે છે એ હોવું જોઈએ. ૧૫૯મી ગાથામાં આવેલા પ્રણિધાન ત્રિકથી જાવંતિ૦, જાવંત૦, જયવીયરાય૦ એ ત્રણ સૂત્રો વિવક્ષિત છે. (૧૫૪ થી ૧૫૯)

**एसा नवप्पयारा, आइन्ना वंदणा जिणमयम्मि ।**
**कालोचियकारीणं, अणग्गहाणं सुहा सव्वा ॥१६०॥**

एषा नवप्रकारा आचीर्णा वन्दना जिनमते ।
कालोचितकारिणामनाग्रहाणां शुभा सर्वा ॥१६०॥

જિનમતમાં આ નવ પ્રકારનું ચૈત્યવંદન આચરાયેલું છે. કદાગ્રહથી રહિત અને કાલોચિત કરનારાઓને સર્વ પ્રકારનું ચૈત્યવંદન શુભ છે.

**વિશેષાર્થ:**-- કાલોચિત કરનારાઓ એટલે જે કાળે જે કાર્ય કરવાનું ઉચિત હોય તે કાળે તે કાર્ય કરનારાઓ. આનાથી ગ્રંથકાર એ કહેવા માગે છે કે ચૈત્યવંદન સમયસર કરવું જોઈએ. (૧૬૦)

**उक्कोसा तिविहा वि हु, कायव्वा सत्तिओ उभयकालं ।**
**सड्ढेहिं उ सविसेसं, जम्हा तेसिं इमं सुत्तं ॥१६१॥**

उत्कृष्टा त्रिविधाऽपि खलु कर्तव्या शक्तित उभयकालम् ।
श्राद्धैस्तु सविशेषं यस्मात्तेषामिदं सूत्रम् ।।१६१।।

શક્તિ હોય તો ઉભયકાલ (= સવાર-સાંજ) ત્રણે પ્રકારનું ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું જોઈએ. તેમાં પણ શ્રાવકોએ તો વિશેષ (= ખાસ) કરવું જોઈએ. કારણકે શ્રાવકો માટે આ (= નીચેની ગાથામાં કહેવાશે તે) સૂત્ર છે.

**વિશેષાર્થ:**— ત્રણે પ્રકારનું એટલે ત્રણ પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારનું. (૧૬૧)

**वंदइ उभओकालं, पि चेइयाइं थय-थुईपरमो ।**
**जिणवरपडिमागर-धूव-पुप्फ-गंधच्चणुज्जुत्तो ।।१६२।।**

वन्दते उभयकालमपि चैत्यानि स्तव-स्तुतिपरमः ।
जिनवरप्रतिमा अगर-धूप-पुष्प-गन्धार्चनोद्युक्तः ।।१६२।।

સ્તવન-સ્તુતિમાં તત્પર તથા ચંદન, ધૂપ, પુષ્પ અને સુગંધીપદાર્થોથી જિનવરની પ્રતિમાઓની પૂજા કરવામાં ઉદ્યમવાળો શ્રાવક ઉભયકાલ પ્રતિમાઓને વંદન કરે છે. (૧૬૨)

**सेसा पुण छब्भेया, कायव्वा देसकालमासज्ज ।**
**समणेहिं सावएहिं, चेइयपरिवाडिमाईसु ।।१६३।।**

शेषा पुनः षड्भेदा कर्तव्या देशकालमासाद्य ।
श्रमणैः श्रावकैः चैत्यपरिपाट्यादिषु ।।१६३।।

બાકીનાં છ પ્રકારનાં ચૈત્યવંદનો સાધુઓએ અને શ્રાવકોએ દેશ-કાલ પ્રમાણે ચૈત્યપરિપાટિ આદિમાં કરવાં જોઈએ. (૧૬૩)

**भणियं च—**
**निस्सकडमनिस्सकडे, वा वि चेइए सव्वहिं थुई तिन्नि ।**
**वेलं व चेइयाणि वा, नाउं एक्केक्किया वा वि ।।१६४।।**

भणितं च—

निश्राकृतेऽनिश्राकृते वाऽपि चैत्ये सर्वत्र स्तुतयस्तिस्रः ।
वेलां वा चैत्यानि वा ज्ञात्वा एकैकिका वापि ।।१६४।।

'निश्राकृते' गच्छप्रतिबद्धे 'अनिश्राकृते वा' तद्विपरीते चैत्ये सर्वत्र तिस्रः स्तुतयो दीयन्ते । अथ प्रतिचैत्यं स्तुतित्रये दीयमाने वेलाया अतिक्रमो भवति, भूयांसि वा तत्र चैत्यानि, ततो वेलां चैत्यानि वा ज्ञात्वा प्रतिचैत्यमेकैका स्तुतिर्दातव्येति (कल्पभाष्य प्रथम उद्देशो गाथा - १८०४)

કહ્યું છે કે–

કોઈ એક ગચ્છનું મંદિર હોય કે સર્વ ગચ્છો માટે સાધારણ મંદિર હોય, એ બધાં મંદિરોમાં ત્રણ સ્તુતિથી ચૈત્યવંદન કરવું. સમય અને ચૈત્યોને જાણીને, અર્થાત્ ચૈત્યો ઘણાં હોય અને બધે ત્રણ સ્તુતિ કરવાથી સમય પહોંચે તેમ ન હોય તો બધે એક એક સ્તુતિથી ચૈત્યવંદન કરે. (૧૬૪)

**एएसिं भेयाणं, उवलक्खणमेव वन्निया तिविहा ।**
**हरिभद्दसूरिणा वि हु, वंदणपंचासए एवं ।।१६५।।**

एतेषां भेदानां उपलक्षणमेव वर्णिता त्रिविधा ।
हरिभद्रसूरिणाऽपि खलु वन्दनपञ्चाशके एवम् ।।१६५।।

શ્રીહરિભદ્રસૂરિ મહારાજે કહેલું ત્રણ પ્રકારનું ચૈત્યવંદન આ નવ ભેદોનું ઉપલક્ષણ જ છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે (પંચાશક ગ્રંથમાં) ચૈત્યવંદન પંચાશકમાં આ પ્રમાણે (= નીચેની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) કહ્યું છે.

**વિશેષાર્થઃ**– જે પોતાને જણાવવા સાથે બીજાને પણ જણાવે તે ઉપલક્ષણ કહેવાય. શ્રીહરિભદ્રસૂરિ મહારાજે કહેલા ચૈત્યવંદનના ત્રણ પ્રકાર ઉપલક્ષણ હોવાથી અહીં કહેલા નવ ભેદોને પણ જણાવે છે. (૧૬૫)

**नवकारेण जहन्ना, दंडयथुइजुयल मज्झिमा नेया ।**
**संपुन्ना उक्कोसा, विहिणा खलु वंदणा तिविहा ।।१६६।।**

नमस्कारेण जघन्या दण्डकस्तुतियुगला मध्यमा ज्ञेया ।
संपूर्णा उत्कृष्टा विधिना खलु वन्दना त्रिविधा ।।१६६।।

**व्याख्या—** 'नवकारे' त्यादि, नमस्कारेण— 'सिद्धमरूवमणिंदियमक्किय-मणवज्जमच्चुयं वीरं । पणमामि सयलतिहुयणमत्थयचूडामणिं सिरसा ।।१।।" इत्यादि पाठपूर्वकनमस्क्रियालक्षणेन करणभूतेन क्रियमाणा जघन्या— स्वल्पा पाठक्रिययोरल्पत्वाद्वन्दना भवतीति गम्यम्, उत्कर्षादित्रिभेदमित्युक्त्वाऽपि जघन्यायाः प्रथमभिधानं तदादिशब्दस्य प्रकारार्थत्वान्न दुष्टम्, तथा दण्डकश्च 'अरिहंतचेइयाणं' इत्यादि, स्तुतिश्च प्रतीता, तयोर्युगलं- – युग्ममेते एव वा युगलं दण्डकस्तुतियुगलम्, इह च प्राकृतत्वेन प्रथमैकवचनस्य तृतीयैकवचनस्य वा लोपो द्रष्टव्यः, मध्यमा— अजघन्योत्कृष्टा पाठक्रिययोस्तथाविधत्वात्, एतच्च व्याख्यानमिमां कल्पगाथामुपजीव्य कुर्वन्ति, तद्यथा— निस्सर्मनिस्सकडे, वावि चेइए सव्वहिं थुई तिण्णि । वेलं व चेइयाणि वा, नाउं एक्किक्किया वावि ।।१।।" यतो दन्डकावसाने एका स्तुतिर्दीयत इति दण्डकस्तुतिरूपं युगलं भवति, अन्येत्वाहुः— दण्डकैः- शक्रस्तवादिभिः पञ्चभिः, स्तुतियुगलेन च— समयभाषया स्तुतिचतुष्टयेन च रूढेन मध्यमा ज्ञेया— बोद्धव्या, तथा संपूर्णा— परिपूर्णा, सा च प्रसिद्धदण्डकैः पञ्चभिः स्तुतित्रयेण प्रणिधानपाठेन च भवति, चतुर्थस्तुतिः किलार्वाचीनेति, किमित्याह— उत्कृष्यत इत्युत्कर्षा–उत्कृष्टा, इदं च व्याख्यानमेके— "तिण्णि वा कड्ढई जाव, थुईओ तिसिलोगिया । ताव तत्थ अणुण्णायं, कारणेण परेणवि ।।१।।" इत्येतां कल्पभाष्यगाथां "पणिहाणं मुत्तसुत्तीए" इति च वचनमाश्रित्य कुर्वन्ति, अपरेत्वाहुः-पञ्चशक्रस्तवपाठोपेता संपूर्णेति, विधिना— पञ्चविधाभिगमप्रदक्षिणात्रय- पूजादिलक्षणेन विधानेन, खलुर्वाक्यालङ्कारेऽवधारणे वा, तत्प्रयोगं च दर्शयिष्यामः, वन्दना— चैत्यवन्दना, त्रिविधा त्रिभिः प्रकारैरेव भवतीति, इह केचिदाहुः— प्रदक्षिणात्रयं भावार्हत एव वाचनाग्रन्थेषु दृश्यते न चैत्यानाम्, अतस्तेषां न विधेयमिति, अत्रोच्यते, यद्यपि तत् तेषां न दृश्यते तथापि जीवाभिगमवृत्तौ विजयदेववक्तव्यतायां हरिभद्राचार्येण दर्शितं अतस्तत्प्रणीतेऽत्र प्रकरणे तत्प्रकाशितमस्माभिः, किंच-शक्रस्तवपाठः पञ्चविधाभिगमश्च भावार्हत्प्रतिपत्तिः, सा च यथा चैत्येषु भावार्हत्त्वमारोप्य विधीयते तथा प्रदक्षिणात्रयमपि विधेयम्, अन्यथा चैत्याश्रयेण पञ्चविधाभिगमस्याप्यनभिहितत्वेन न विधेयता स्यात्, विधीयते चासाविति। तदा(था) दीक्षादानावसरे चतुर्मासकादिपर्वदिनेषु च चैत्यानां तद्विदधानाः कथमन्यत्र तन्निषेद्धुमर्हन्तीति गाथार्थः ।।२।। (पञ्चाशक ३/२)

નમસ્કારથી જઘન્ય ચૈત્યવંદન થાય છે. અરિહંત ચેઈઆણં અને સ્તુતિ એ બે મધ્યમ ચૈત્યવંદન છે. સંપૂર્ણ વંદન ઉત્કૃષ્ટ ચૈત્યવંદન છે, અર્થાત્ પાંચ દંડક, આઠ થોય, સ્તવન અને ત્રણ પ્રણિધાનસૂત્રથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે.

આ ત્રણ પ્રકારનું ચૈત્યવંદન વિધિપૂર્વક કરવું જોઈએ. (૧૬૬)

અહીં પંચાશકની ટીકાનો અર્થ આ પ્રમાણે છે–

"કૃતકૃત્ય, રૂપરહિત, ઈંદ્રિયરહિત, ક્રિયારહિત, પાપરહિત, મૃત્યુરહિત અને સકલત્રિભુવનના મસ્તકચૂડામણિ એવા શ્રીવીરને મસ્તકથી પ્રણામ કરું છું." ઈત્યાદિ (સ્તુતિ) પાઠ બોલીને કરાતી નમસ્કારક્રિયા જઘન્ય વંદના છે. કારણ કે આમાં પાઠ અને ક્રિયા અલ્પ છે.

**પ્રશ્ન :-** પહેલી ગાથામાં ઉત્કૃષ્ટ વગેરે ત્રણ પ્રકારના વંદનને કહીશ એમ કહ્યું છે. અહીં પહેલાં ઉત્કૃષ્ટ વંદનનો ઉલ્લેખ છે તો આ બીજી ગાથામાં પહેલાં ઉત્કૃષ્ટવંદનાને ન જણાવતાં જઘન્યવંદના જણાવી તે અનુચિત નથી?

**ઉત્તર :-** ના. કારણ કે ત્યાં आदि શબ્દનો પ્રકાર અર્થ હોવાથી અનુચિત નથી. (જેમ વંદનાનો ઉત્કૃષ્ટવંદના એક પ્રકાર છે તેમ જઘન્યવંદના પણ એક પ્રકાર છે.)

(णवकारेण जहण्णा) સ્તુતિપૂર્વક નમસ્કાર જઘન્ય વંદન છે. (दंडगथुइजुयल मज्झिमा) અરિહંતચેઈયાણં અને સ્તુતિ એ બે મધ્યમ વંદન છે.

(નમુત્થુણં, અરિહંતચેઈયાણં, લોગસ્સ પુક્ખરવરદીવડ્ઢે, સિદ્ધાણં-બુદ્ધાણં એ પાંચની દંડક સંજ્ઞા છે. અહીં એક દંડક અને એક સ્તુતિ એ બે મળીને મધ્યમવંદન છે. એટલે 'દંડક' શબ્દથી અરિહંતચેઈયાણં સમજી શકાય છે..કારણ કે તેના પછી સ્તુતિ આવે છે.)

મધ્યમ ચૈત્યવંદનની આ વ્યાખ્યા નીચેની બૃહત્કલ્પની ગાથાના આધારે કરે છે.

निस्सकडमनिस्से वा, वि चेइए सव्वहिं थुई तिन्नि ।
वेलं च चेइयाणि य, णाउं एक्किक्किया वा वि ॥१८०४॥

"કોઈ એક ગચ્છનું મંદિર હોય કે સર્વ ગચ્છ માટે સાધારણ મંદિર હોય-એ બધા મંદિરોમાં ત્રણ સ્તુતિથી ચૈત્યવંદન કરવું. સમય અને ચૈત્યોને જાણીને, અર્થાત્ ચૈત્યો ઘણાં હોય અને બધે ત્રણ સ્તુતિ કરવાથી સમય પહોંચે તેમ ન હોય તો બધે એક એક સ્તુતિથી ચૈત્યવંદન કરે."

(આ ગાથાની સાક્ષી આપવાનો ભાવ એ છે કે આમાં મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારનું ચૈત્યવંદન બતાવ્યું છે. તેમાં ત્રણ સ્તુતિથી ચૈત્યવંદન ઉત્કૃષ્ટ છે અને એક સ્તુતિથી મધ્યમ છે. કારણ કે એક સ્તુતિથી થતા ચૈત્યવંદનમાં અરિહંતચેઈયાણં રૂપ એક દંડક સૂત્ર અને એક સ્તુતિ થાય છે.)

કેટલાક કહે છે કે– પાંચ દંડક સૂત્ર અને ચાર સ્તુતિથી મધ્યમ ચૈત્યવંદન થાય છે.

(संपुण्णा उक्कोसा=) સંપૂર્ણ વંદન ઉત્કૃષ્ટ ચૈત્યવંદન છે, અર્થાત્ પાંચ દંડક સૂત્ર, ત્રણ સ્તુતિ અને પ્રણિધાન (જયવીયરાય)ના પાઠથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે.

**પ્રશ્નઃ-** પાંચ દંડકથી થતા દેવવંદનમાં ચાર સ્તુતિ આવે છે. જ્યારે અહીં ત્રણ સ્તુતિ કેમ કહી છે ?

**ઉત્તરઃ-** કેટલાક ત્રણ સ્તુતિ જ માને છે, ચોથી સ્તુતિ અર્વાચીન (-નવી થયેલી) છે એમ માને છે. આથી અહીં ત્રણ સ્તુતિ માનનારના મત પ્રમાણે ત્રણ સ્તુતિ કહી છે.

**પ્રશ્નઃ-** કેટલાક ત્રણ સ્તુતિ શાના આધારે માને છે ?

**ઉત્તરઃ-** વ્યવહાર ભાષ્યની નીચેની ગાથાના આધારે માને છે.

तिन्नि वा कड्ढई जाव, थुईओ तिसिलोगिया ।
ताव तत्थ अणुन्नायं, कारणेण परेणऽवि (उ० ९ गा० ७३)

"સાધુઓને મુખ્યતયા દેવવંદનમાં શ્રુતસ્તવ (પુક્ખર-વરદીવડ્ઢે) પછી (સિદ્ધાણં બુદ્ધાણંની) ત્રણ શ્લોક પ્રમાણ ત્રણ સ્તુતિઓ કહેવાય ત્યાં સુધી જિનમંદિરમાં રહેવાની અનુજ્ઞા છે. કારણ હોય તો તેથી વધારે સમય સુધી પણ રહેવાની અનુજ્ઞા છે."

('तिन्नि वा कड्ढई' એ ગાથામાં કહેલી ત્રણ સ્તુતિઓ "સિદ્ધાણં બુદ્ધાણં"ની છે એમ માનીને કોઈ ચોથી સ્તુતિ (-થોય) અર્વાચીન છે એમ કહે છે. પણ તે

ઠીક નથી. तिन्नि वा कड्ढई એ ગાથામાં કહેલી ત્રણ સ્તુતિઓ પ્રણિધાન (જયવીયરાય) સૂત્રની માનવી જોઈએ.

તથા પૂ૦ અભયદેવસૂરિ મહારાજે चतुर्थस्तुतिः किलार्वाचीना એમ किल શબ્દનો પ્રયોગ કરીને ત્રણ સ્તુતિના મત પ્રત્યે પોતાની અરુચિ વ્યક્ત કરી છે. પૂ૦ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ મહારાજે 'અનેકાર્થ સંગ્રહ'માં કહ્યું છે કે- वार्तासंभाव्ययोः किल हेत्वरुच्योरलीके च વાર્તા, સંભાવના, હેતુ, અરુચિ અને અસત્ય એ પાંચ અર્થોમાં 'કિલ' શબ્દનો પ્રયોગ થાય છે.

તથા પ્રસ્તુત ચૈત્યવંદન મહાભાષ્ય ગાથા ૭૭૨-૭૭૩-૭૭૪ અને સંઘાચાર ભાષ્ય ગાથા ૩૫ની વૃત્તિ વગેરે પ્રાચીન ગ્રંથોના આધારે પણ ચાર થોયનું સમર્થન થાય છે.)

**પ્રશ્નઃ-** ચૈત્યવંદનમાં પ્રણિધાન (-જયવીયરાય) સૂત્ર શાના આધારે બોલે છે?

**ઉત્તરઃ-** पणिहाणं मुत्तसुत्तीए "(ચૈત્યવંદનમાં) મુક્તાશુક્તિ મુદ્રાથી પ્રણિધાન સૂત્ર કહેવુ" એ પાઠના આધારે પ્રણિધાન સૂત્ર બોલે છે.

કેટલાક (વર્તમાનમાં પૌષધ આદિમાં જે દેવવંદન થાય છે તે) પાંચ નમુત્થુણંથી ઉત્કૃષ્ટ વંદન થાય છે એમ કહે છે.

આ રીતે ચૈત્યવંદન ત્રણ પ્રકારે છે. ચૈત્યવંદન પાંચ અભિગમ, ત્રણ પ્રદક્ષિણા, પૂજા આદિ વિધિપૂર્વક કરવું જોઈએ.

**પ્રશ્નઃ-** આગમગ્રંથોમાં ભાવ અરિહંતને જ ત્રણ પ્રદક્ષિણા આપવાનું જણાય છે, જિનપ્રતિમાને નહિ, આથી જિનપ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા નહિ આપવી જોઈએ.

**ઉત્તરઃ-** જો કે આગમગ્રંથોમાં જિનપ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા આપવાનું જણાતું નથી, પણ જીવાભિગમની ટીકામાં વિજયદેવના પ્રકરણમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે જિનપ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા આપવાનું જણાવ્યું છે, આથી તેમણે જ રચેલા આ પ્રકરણમાં અમે (- શ્રી અભયદેવસૂરિ મહારાજે) પણ એ કહ્યું છે. તથા શક્રસ્તવનો (નમુત્થુણંનો) પાઠ અને પાંચ અભિગમ ભાવ અરિહંતની ભક્તિરૂપ છે, છતાં તે જિનપ્રતિમામાં ભાવ અરહિતનું આરોપણ કરીને

કરાય છે; તેવી રીતે ત્રણ પ્રદક્ષિણા પણ આપવી જોઈએ. આગમોમાં ભાવ અરિહંતને ત્રણ પ્રદક્ષિણા આપવાનું કહ્યું હોવાથી જો પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા ન આપી શકાય તો પાંચ અભિગમ પણ આગમોમાં ભાવ અરિહંતને ઉદ્દેશીને કહ્યા હોવાથી જિનપ્રતિમા આગળ ન કરી શકાય. જ્યારે પાંચ અભિગમો જિનપ્રતિમા સમક્ષ પણ કરવામાં આવે છે, તથા દીક્ષા આપતી વખતે અને ચોમાસી આદિ પર્વ દિવસોમાં જિનપ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા આપનારા તે લોકો તે સિવાય (દીક્ષા અને ચોમાસી આદિ પર્વ દિવસ સિવાય) તેનો નિષેધ કેવી રીતે કરી શકે ?

**नवकारेण जहन्ना, जहन्नयजहन्निया इमाऽक्खाया ।**
**दंडयएगथुईए, विन्नेया मज्झमज्झमिया ॥१६७॥**

नमस्कारेण जघन्या जघन्यकजघन्यिका इयमाख्याता ।
दण्डकैकस्तुत्या विज्ञेया मध्यमध्यमिका ॥१६७॥

નમસ્કારથી જઘન્ય ચૈત્યવંદન થાય છે. નમસ્કારથી થતા આ જઘન્ય ચૈત્યવંદનને જઘન્ય-જઘન્ય કહ્યું છે. નમુત્થુણં, અરિહંત ચેઈઆણં અને એક થોયથી મધ્યમ-મધ્યમ ચૈત્મવંદન જાણવું. (૧૬૭)

**संपुन्ना उक्कोसा, उक्कोसुक्कोसिया इमा सिट्ठा ।**
**उवलक्खणं खु एयं, दोण्हं दोण्हं सजाईए ॥१६८॥**

संपूर्णा उत्कृष्टा उत्कृष्टोत्कृष्टिका इयं शिष्टा ।
उपलक्षणं खल्वेतद् द्वयोर्द्वयोः सजात्योः ॥१६८॥

સંપૂર્ણ ચૈત્યવંદન ઉત્કૃષ્ટ ચૈત્યવંદન છે. આ ચૈત્યવંદનને ઉત્કૃષ્ટ-ઉત્કૃષ્ટ કહ્યું છે. અહીં કહેલા જઘન્ય-જઘન્ય, મધ્યમ-મધ્યમ અને ઉત્કૃષ્ટ-ઉત્કૃષ્ટ પ્રકાર સ્વજાતિના બે બે પ્રકારના ઉપલક્ષણ છે, અર્થાત્ જઘન્ય-જઘન્ય ચૈત્યવંદનથી જઘન્ય-મધ્યમ અને જઘન્ય-ઉત્કૃષ્ટ ચૈત્યવંદન પણ સમજી લેવાં. મધ્યમ-મધ્યમ ચૈત્યવંદનથી મધ્યમ-જઘન્ય અને મધ્યમ ઉત્કૃષ્ટ ચૈત્યવંદન પણ સમજી લેવાં. ઉત્કૃષ્ટ-ઉત્કૃષ્ટ ચૈત્યવંદનથી ઉત્કૃષ્ટ-જઘન્ય અને ઉત્કૃષ્ટ-મધ્યમ ચૈત્યવંદન પણ

સમજી લેવાં. (૧૬૮)

**अन्ने भणंति–**

**पणिवायदंडगेणं, एगेण जहन्नवंदणा नेया ।**
**तद्दुगतिगेण मज्झा, उक्कोसा चउहिं पंचहिं वा ॥१६९॥**

अन्ये भणन्ति–

प्रणिपातदण्डकेन एकेन जघन्यवन्दना ज्ञेया ।
तद्द्विकत्रिकेण मध्या उत्कृष्टा चतुर्भिः पञ्चभिर्वा ।।१६९।।

**બીજાઓ કહે છે**– એક પ્રણિપાત સૂત્રથી જઘન્ય ચૈત્યવંદન જાણવું. બે કે ત્રણ પ્રણિપાતથી મધ્યમ અને ચાર કે પાંચ પ્રણિપાતથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું. (૧૬૯)

**हत्थसयाओ मज्झे, इरियावहियाअभावओ दुन्नि ।**
**एवं उक्कोसाए, चउरो पंच व मुणेयव्वा ॥१७०॥**

हस्तशतान्मध्ये ईर्यापथिक्यभावतो द्वे ।
एवं उत्कृष्टायां चत्वारः पञ्च वा ज्ञातव्याः ।।१७०।।

સો હાથની અંદર ઈરિયાવહિયા કરવાની ન હોવાથી બે પ્રણિપાત થાય. એ પ્રમાણે ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં ચાર કે પાંચ પ્રણિપાત જાણવા. (૧૭૦)

**भणिऊण नमुक्कारे, सक्कत्थयदंडयं अ पढिऊणं ।**
**इरियं पडिक्कमंते, दो चउरो वा वि पणिवाया ॥१७१॥**

भणित्वा नमस्कारान् शक्रस्तवदण्डकं च पठित्वा ।
ईर्यां प्रतिक्राम्यन् द्वौ चत्वारो वापि प्रणिपाताः ।।१७१।।

નમસ્કાર કહીને, શક્રસ્તવરૂપ દંડક કહીને, ઈરિયાવહિયા કરે તો બે કે ચાર પ્રણિપાત થાય.

**વિશેષાર્થ:**– ૧૭૦મી ગાથામાં સો હાથની અંદર ઈરિયાવહિયા કરવાની

ન હોવાથી એમ જે કહ્યું તેનો માત્ર શબ્દાર્થ વિચારવામાં આવે તો સો હાથની અંદર મંદિર હોય ત્યાં ઈરિયાવહિયા વિના ચૈત્યવંદન કરી શકાય. પણ શાસ્ત્રોમાં અનેક સ્થળે ઈરિયાવહિયા વિના ચૈત્યવંદન ન કરી શકાય એવા પાઠો આવે છે. આથી અહીં માત્ર શબ્દાર્થ ન લેતાં ભાવાર્થ લેવો જોઈએ. અહીં ભાવાર્થ આ પ્રમાણે જણાય છે– એક સ્થળે ઈરિયાવહિયા કરવા પૂર્વક ચૈત્યવંદન કર્યા પછી બીજા સ્થળે સો હાથની અંદર ચૈત્યવંદન કરવું હોય તો ઈરિયાવહિયા કર્યા વિના પણ કરી શકાય.

અહીં "ઈરિયાવહિયાના અભાવથી બે પ્રણિપાત થાય" એમ જણાવ્યું છે. એનો અર્થ એ થયો કે ઈરિયાવહિયા કરવામાં આવે તો ત્રણ પ્રણિપાત થાય. આની ઘટના આ પ્રમાણે છે— અહીં પ્રણિપાત શબ્દથી માત્ર નમુત્થુણં સૂત્ર વિવક્ષિત નથી, કિંતુ નમુત્થુણં સૂત્ર અને ખમાસમણ (=ઈચ્છામિ ખમાસમણો) સૂત્ર પણ વિવક્ષિત છે. આથી ઈરિયાવહિયા કરે તો એક પ્રણિપાત ગણાય. મધ્યમ ચૈત્યવંદનમાં ઈરિયાવહિયા + બે નમુત્થુણં એમ ત્રણ પ્રણિપાત થાય. જો ઇરિયાવહિયા ન કરે તો બે પ્રણિપાત થાય. અથવા ઈરિયાવહિયા + ૧ નમુત્થુણં એમ પણ બે પ્રણિપાત થાય. ઈરિયાવહિયા + ત્રણ નમુત્થુણંથી ચાર પ્રણિપાત થાય. અથવા ઈરિયાવહિયા વિના ચાર નમુત્થુણંથી ચાર પ્રણિપાત થાય. ઈરિયાવહિયા + ચાર નમુત્થુણંથી પાંચ પ્રણિપાત થાય. (૧૭૧)

**एयं पि जुत्तिजुत्तं, आइन्नं जेण दीसए बहुसो ।**
**नवरं नवभेयाणं, नेयं उवलक्खणं तं पि ॥१७२॥**

एतदपि युक्तियुक्तं आचीर्णं येन दृश्यते बहुशः ।
नवरं नवभेदानां ज्ञेयं उपलक्षणं तदपि ।।१७२।।

આ (બીજાઓએ કહેલા ત્રણ પ્રકાર) પણ યુક્તિયુક્ત છે. કારણ કે અનેકવાર આચરાયેલું જોવાય છે. કિંતુ એને પણ નવભેદોનું ઉપલક્ષણ જાણવું. (૧૭૨)

**पाढकिरियाणुसारा, भणिया चिइवंदणा इमा नवहा ।**
**अहिगारिविसेसा पुण, तिविहा सव्वा वि जं भणियं ॥१७३॥**

पाठक्रियानुसाराद् भणिता चैत्यवन्दनेयं नवधा ।
अधिकारिविशेषात्पुनः त्रिविधा सर्वाऽपि यद् भणितम् ।।१७३।।

સૂત્રપાઠ અને ક્રિયાના અનુસારે આ નવપ્રકારનું ચૈત્યવંદન કહ્યું છે. પણ અધિકારી વિશેષની (અધિકારીના ભેદની) અપેક્ષાએ અહીં કહેલ સર્વ પ્રકારનું ચૈત્યવંદન ત્રણ પ્રકારનું જાણવું. કારણકે નીચે પ્રમાણે (= હવે પછીની ગાથામાં કહેવાશે તે) કહ્યું છે. (૧૭૩)

**अहवा वि भावभेया, ओहेणं अपुणबंधगाईणं ।**
**सव्वा वि तिहा नेया, सेसाणमिमी न जं समए ॥१७४॥**

अथवाऽपि भावभेदादोघेन अपुनर्बन्धकादीनाम् ।
सर्वाऽपि त्रिधा ज्ञेया शेषाणामियं व यत्समये ।।१७४।।

अथ प्रकारान्तरेण वन्दनायास्त्रैविध्यमाह 'अहे' त्यादि, अथवाऽपीति निपातः पूर्वोक्तप्रकारापेक्षया प्रकारान्तरत्वद्योतनार्थः, भावभेदात् – परिणामविशेषाद् गुणस्थाकविशेषसंभवात्प्रमोदमात्ररूपाद्वा वन्दनाधिकारिजीवगतास्त्रिधा विज्ञेयेति सम्बन्धः, ओघेन–सामान्येन विवक्षितपाठक्रियाल्पत्वादितयेत्यर्थः, केषामित्याह– अपुनर्बन्धकादीनाम्– अपुनर्बन्धकप्रभृतिकानां वन्दनाधिकारिणां, तत्रापुनर्बन्धको व्याख्यातपूर्वः, आदिशब्दाद् अविरतसम्यग्दृष्टिदेशसर्वविरतिग्रहः सर्वाऽपि– नमस्कारादिभेदेन जघन्यादिप्रकारा अपि, आस्तामेका काचिदिति, तत्रापुनर्बन्धकस्य जघन्या, तत्परिणामस्य विशुद्ध्यपेक्षया जघन्यत्वात्, अविरतसम्यग्दृष्टेर्मध्यमा, तत्परिणामस्य विशुद्धिमङ्गीकृत्य मध्यमत्वात्, सामान्यविरतस्य तूत्कृष्टा, तत्परिणामस्य तथाविधत्वादेवेति, अथवाऽपुनर्बन्धकस्यापि त्रिधा प्रमोदरूपभावत्रैविध्याद, एव-मितरयोरपीति, अथापुनर्बन्धकादीनामिति कस्मादुक्तं ? मार्गाभिमुखादेरपि भावभेदसद्भावादित्यत्राह–शेषाणाम्–अपुनर्बन्धकादिव्यतिरिक्तानां सकृद्बन्धकमार्गाभिमुखमार्गपतिततदितर-मिथ्यादृशाम्, 'इमीति' इयमधिकृता भावभेदेन भेदवती वन्दना, पाठादिभेदवती तु स्यादपि, न-नैव, यद्-यस्मात्, समये-सिद्धान्ते, भणितेति शेषः, तेषां तद्योग्यताविकलत्वादिति गाथार्थः ।।३।। (पञ्चाशक ३/३)

અથવા સામાન્યથી અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધરનું (सव्वावि–) પૂર્વે જણાવેલ જઘન્યાદિ સર્વ વંદન પરિણામના ભેદથી ત્રણ પ્રકારે જાણવું, અર્થાત્ અપુનર્બંધકનું વંદન પૂર્વે જણાવેલ ત્રણ પ્રકારના વંદનમાંથી ગમે તે પ્રકારનું હોય, પણ તે જઘન્ય ચૈત્યવંદન છે. અપુનર્બંધક જઘન્ય વંદન કરે તો તે વંદન તો જઘન્ય છે જ, પણ મધ્યમ અને ઉત્કૃષ્ટ વંદન

કરે તો પણ તેના તે બંને ચૈત્યવંદન જઘન્ય છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ આદિની અપેક્ષાએ એના પરિણામની વિશુદ્ધિ ઓછી હોય છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિનું જઘન્યાદિ ત્રણે પ્રકારનું વંદન મધ્યમ છે. કારણકે તેના પરિણામની વિશુદ્ધિ અપુનર્બંધકથી વધારે અને દેશવિરતિધર આદિથી ઓછી એમ મધ્યમ હોય છે. દેશવિરત અને સર્વવિરતનું જઘન્યાદિ ત્રણે પ્રકારનું વંદન ઉત્કૃષ્ટ છે. કારણકે અપુનર્બંધક અને અવિરત સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ એ બેના પરિણામ અધિક વિશુદ્ધ હોય છે.

અથવા અપુનર્બંધક આદિ પ્રત્યેકને આશ્રયીને પણ વંદનના ત્રણ પ્રકાર થઈ શકે છે. તે આ પ્રમાણે– અપુનર્બંધક જઘન્યાદિ ત્રણ પ્રકારના વંદનમાંથી ગમે તે વંદન જો મંદ ઉલ્લાસથી કરે તો તે વંદન જઘન્ય, મધ્યમ ઉલ્લાસથી કરે તો તે વંદન મધ્યમ, અને ઉત્કૃષ્ટ ઉલ્લાસથી કરે તો તે ઉત્કૃષ્ટ છે. આ પ્રમાણે અવિરત, દેશવિરત અને સર્વવિરતમાં પણ જાણવું.

**પ્રશ્ન:**– અહીં અપુનર્બંધક આદિ ચારને ત્રણ પ્રકારની વંદના હોય એમ કહ્યું. તો શું સકૃદ્બંધક આદિને ન હોય ?

**ઉત્તર:**– ના, કારણકે શાસ્ત્રમાં (सेसाण) સકૃદ્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત અને તે સિવાયના બીજા પણ મિથ્યાદૃષ્ટિને (इमी) આ = ભાવથી ભેદવાળી વંદના ન હોય એમ કહ્યું છે. કારણકે તે તેવી યોગ્યતાથી રહિત છે. તેમને પાઠભેદવાળી વંદના હોય. (૧૭૪)

**मिच्छत्तुक्कोसठिई, न बंधिही अपुणबंधगो तेण ।**
**समयकुसलेहिँ सो पुण, इमेहिँ लिंगेहिँ नायव्वो ॥१७५॥**

मिथ्यात्वोत्कृष्टस्थितिं न भन्त्स्यति अपुनर्बन्धकः तेन ।
समयकुशलैः स पुनः एभिर्लिङ्गैर्ज्ञातव्यः ॥१७५॥

જે જીવ મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિને હવે ક્યારેય નહિ બાંધશે, એથી તે જીવને શાસ્ત્રજ્ઞાતાઓએ અપુનર્બંધક કહ્યો છે. અપુનર્બંધક જીવ આ (= હવે પછીની ગાથામાં કહેવાશે તે) લિંગોથી જાણી શકાય છે. (૧૭૫)

**पावं न तिव्वभावा, कुणइ न बहु मन्नए भवं घोरं ।**
**उचियट्ठिइं च सेवइ, सव्वत्थ वि अपुणबंधो त्ति ॥१७६॥**

पापं न तीव्रभावात् करोति न बहु मन्यते भवं घोरम् ।
उचितस्थितिं च सेवते सर्वत्रापि अपुनर्बन्ध इति ।।१७६।।

'अपुनर्बन्धकादीनामियं भवती' त्युक्तमतस्तॉल्लक्षणतो निरूपयन्नपुनर्बन्धकं तावदाह– 'पावं' त्यादि, पापम् अशुद्धं कर्म, तत्कारणत्वाद्धिंसाद्यपि पापं, तत् न-नैव, तीव्रभावाद्-गाढसंक्लिष्टपरिणामात्, करोति-विधत्ते, अत्यन्तोत्कटमिथ्यात्वादिक्षयोपशमेन लब्धात्मनैर्मल्यविशेषत्वात्, तीव्रेतिविशेषणादापन्नमतीव्रभावात्करोत्यपि तथाविधकर्मदोषात्, तथा न बहु मन्यते- न बहुमानविषयीकरोति, भवं-संसारम्, घोरं-रौद्रं, तस्य घोरत्वावगमात्, तथा उचितस्थितिम्, चशब्दः समुच्चये, सेवते-भजते कर्मलाघवात्, सर्वत्रापि, आस्तामेकत्र देशकालावस्थापेक्षया समस्तेष्वपि देवातिथिमाता- पितृप्रभृतिषु मार्गानुसारिताभिमुखत्वेन, मयूरशिशुदृष्टान्ताद्, अपुनर्बन्धकः– उक्तनिर्वचनो जीवः, इत्येवंविधक्रियालिङ्गो भवति, इति गाथार्थः ।।तृतीयपञ्चाशकगाथा–४।।

અપુનર્બંધક આદિને આ ચૈત્યવંદના હોય એમ કહ્યું. આથી અપુનર્બંધક આદિના લક્ષણોનું નિરૂપણ કરતા ગ્રંથકાર પહેલાં અપુનર્બંધકનું લક્ષણ કહે છે–

અપુનર્બંધક જીવ હિંસાદિ પાપ તીવ્રભાવથી = ગાઢ સંક્લિષ્ટ પરિણામથી ન કરે, ભયંકર સંસાર ઉપર બહુમાન ન રાખે, દેશ-કાલ આદિ સંયોગોની અપેક્ષાએ દેવ, ગુરુ, અતિથિ, માતા-પિતા, આદિ બધા વિશે ઔચિત્યનું પાલન કરે = દેવાદિને અનુરૂપ સેવા ભક્તિ કરે.

**પ્રશ્નઃ**– અપુનર્બંધક તીવ્રભાવથી પાપ ન કરે તેનું શું કારણ ?

**ઉત્તરઃ**– અત્યંત પ્રબળ મિથ્યાત્વ આદિ કર્મોના ક્ષયોપશમથી આત્મામાં અમુક પ્રકારની નિર્મળતા થઈ હોવાથી અપુનર્બંધક જીવ તીવ્રભાવથી પાપ ન કરે. તેવા પ્રકારના કર્મના ઉદયથી પાપ કરે, પણ મંદ ભાવથી કરે.

અપુનર્બંધક જીવના લક્ષણમાં આવેલા પાપ શબ્દનો મુખ્ય અર્થ અશુદ્ધ (અશુભ) કર્મ છે. આમ છતાં હિંસાદિ અશુભ કર્મનું કારણ હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી હિંસાદિ પણ પાપ છે.

**પ્રશ્નઃ**– અપુનર્બંધકને સંસાર ઉપર બહુમાન કેમ ન હોય ?

**ઉત્તર:**— તેને ભવની ભયાનકતાનું ભાન થઈ ગયું હોય છે.

અપુનર્બંધક જીવ માર્ગાનુસારીપણાની સન્મુખ હોવાથી તેનામાં આ ગુણો સ્વાભાવિક હોય છે.

**પ્રશ્ન:**— અપુનર્બંધકમાં ગુણો સ્વાભાવિક હોય છે એ બરોબર છે, પણ માર્ગાનુસારીપણાની સન્મુખ અવસ્થા સ્વાભાવિક હોય કે કોઈના ઉપદેશથી-પ્રેરણાથી આવે ?

**ઉત્તર:**— તેનામાં મયૂરશિશુના દૃષ્ટાંતથી માર્ગાનુસારીપણું સ્વાભાવિક હોય છે. જેમ મોરના બચ્ચાને ચિતરવાની જરૂર પડતી નથી, તે પોતાની યોગ્યતાથી સ્વાભાવિકપણે જ રંગીન હોય છે, તેમ અપુનર્બંધક જીવ તેના આત્મામાં થયેલા કર્મહ્રાસથી સ્વાભાવિકપણે જ માર્ગાનુસારીપણાની સન્મુખ હોય છે. (૧૭૬)

**तत्थत्थे रोयंतो, सम्मद्दिट्ठी असग्गहविमुक्को ।**
**देसे-यरविरइजुओ, चारित्ती तुलियसामत्थो ॥१७७॥**

तत्रार्थान् रोचयन् सम्यग्दृष्टिरसद्ग्रहविमुक्तः ।
देशे-तरविरतियुतश्चारित्री तुलितसामर्थ्यः ॥१७७॥

તેમાં (સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર, સર્વવિરતિધર એ ત્રણમાં) જે અસદ્ આગ્રહથી રહિત હોય અને જિનોક્ત પદાર્થોની શ્રદ્ધા કરતો હોય તે સમ્યગ્દૃષ્ટિ છે. પોતાની શક્તિનો નિર્ણય કરીને જે દેશવિરતિથી યુક્ત હોય તે દેશચારિત્રી છે, અને સર્વવિરતિથી યુક્ત હોય તે સર્વચારિત્રી છે. (૧૭૭)

**अहिगारीणमिमेसिं, विन्नेया वंदणा तिहा कमसो ।**
**हीणा मज्झु-क्कोसा, सेसाणहिगारिणो चेव ॥१७८॥**

अधिकारिणामेषां विज्ञेया वन्दना त्रिधा क्रमशः ।
हीना-मध्यो-त्कृष्टाः शेषा अनधिकारिणश्चैव ॥१७८॥

આ ચાર અધિકારીઓનું ચૈત્યવંદન ક્રમશ: જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનું જાણવું. (અપુનર્બંધકનું જઘન્ય, સમ્યગ્દૃષ્ટિનું મધ્યમ, દેશવિરતિ-સર્વવિરતિધરનું ઉત્કૃષ્ટ જાણવું.) બાકીના સકૃદ્બંધક વગેરે જીવો

ચૈત્યવંદનના અધિકારી જ નથી. (૧૭૮)

**चिइवंदणासरूवं, भणियं वोच्छं विहाणमेत्ताहे ।**
**तं पुण संपुन्नाए, संपुन्नं होइ एवं तु ॥१७९॥**

चैत्यवन्दनास्वरूपं भणितं वक्ष्ये विधानमिदानीम् ।
तत्पुनः संपूर्णायाः संपूर्णं भवत्येवं तु ।।१७९।।

ચૈત્યવંદનનું સ્વરૂપ કહ્યું. હવે ચૈત્યવંદનની વિધિ કહીશ. સંપૂર્ણમાં સંપૂર્ણ (= સર્વોત્કૃષ્ટ સંપૂર્ણ કે સર્વથા સંપૂર્ણ) વિધિ આ પ્રમાણે (= નીચેની ગાથાઓમાં કહેવાશે તે પ્રમાણે) છે. (૧૭૯)

**तिन्नि निसीही तिन्नि य, पयाहिणा तिन्नि चेव य पणामा ।**
**तिविहा पूआ य तहा, अवत्थतियभावणं चेव ॥१८०॥**

तिस्रो नैषेधिक्यः तिस्रश्च प्रदक्षिणाः त्रय एव च प्रणामाः ।
त्रिविधा पूजा च तथा अवस्थात्रिकभावनं चैव ।।१८०।।

**तिदिसिनिरक्खणविरई, पयभूमिपमज्जणं च तिक्खुत्तो ।**
**वन्नाइतियं मुद्दातियं च तिविहं च पणिहाणं ।।१८१।।**

त्रिदिग्निरीक्षणविरतिः पदभूमिप्रमार्जनं च त्रिकृत्वः ।
वर्णादित्रिकं मुद्रात्रिकं च त्रिविधं च प्रणिधानम् ।।१८१।।

ત્રણ નિસીહિ, ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ, ત્રણ પ્રકારની પૂજા, ત્રણ અવસ્થા ભાવવી, ત્રણ દિશામાં નિરીક્ષણનો ત્યાગ કરવો, ત્રણ વાર પાદભૂમિનું પ્રમાર્જન, વર્ણાદિ ત્રણ, ત્રણ મુદ્રા અને ત્રણ પ્રકારનું પ્રણિધાન- આ ચૈત્યવંદનનો વિધિ છે. (૧૮૦-૧૮૧)

**[1]एयासिं गाहाणं, आयरियपरंपरेण पत्ताणं ।**
**भावत्थो साहिज्जइ, सुहावबोहाहिँ गाहाहिं ॥१८२॥**

एतासां गाथानां आचार्यपरम्परया प्राप्तानाम् ।
भावार्थः कथ्यते सुखावबोधाभिर्गाथाभिः ।।१८२।।

२. अग्रेतनं गाथाद्वयं (१८०-१८१ गाथा) श्रीहरिभद्रसूरिवरतोऽपि प्राचीनमवसीयते, 'एयासिं गाहाणं आयरियपरंपरेण पत्ताणं' इति ग्रन्थकारवचनात्।

આચાર્યોની પરંપરાથી આવેલી આ બે ગાથાઓનો ભાવાર્થ સુખપૂર્વક સમજી શકાય તેવી (નીચેની) ગાથાઓથી કહેવાય છે. (૧૮૨)

**इड्ढीपत्तो सड्ढो, मज्जण-भूसणसमुज्जलसरीरो ।**
**सयलपरिवारकलिओ, विहवोचियवाहणारूढो ॥१८३॥**

ऋद्धिप्राप्तः श्राद्धो मज्जन-भूषणसमुज्ज्वलशरीरः ।
सकलपरिवारकलितो विभवोचितवाहनारूढः ॥१८३॥

**गंधव्वगीय-वाइयकल-काहलरोलमुहलियदियंतो ।**
**तित्थुन्नइं कुणंतो, वच्चइ जिणमंदिरदुवारं ॥१८४॥**

गन्धर्वगीत-वादित्रकल-काहलकोलाहलमुखरितदिगन्तः ।
तीर्थोन्नतिं कुर्वन् व्रजति जिनमन्दिरद्वारम् ॥१८४॥

ધનવાન શ્રાવક સ્નાન-આભૂષણોથી શરીરને સુશોભિત કરીને સકલ પરિવારની સાથે, પોતાના વૈભવને ઉચિત વાહન ઉપર બેસીને, દિવ્યગીત અને ઉત્તમ વાજિંત્રોને વગડાવતો અને (અનુકંપાદાન આદિથી) શાસનની પ્રભાવના કરતો જિનમંદિરના દ્વાર પાસે જાય.

**વિશેષાર્થઃ**— અનુવાદમાં ૧૮૪મી ગાથાના પૂર્વાર્ધનો માત્ર ભાવાર્થ લખ્યો છે. શબ્દાર્થ આ પ્રમાણે છે— ગંધર્વ=દેવોનો ગવૈયો. ગંધર્વગીત એટલે દિવ્યગીત. કલ એટલે અવ્યક્ત મધુર ધ્વનિ. વાદિત્રકલ એટલે વાંજિત્રોનો મધુર ધ્વનિ. કાહલ એટલે રણશીંગું કે નગારું. રોલ એટલે અવાજ. કાહલ-રોલ એટલે રણશીંગાનો કે નગારાનો અવાજ. મુખરિત એટલે કોલાહલમય. દિગંત એટલે દિશાઓનો અંત. સર્વ શબ્દોનો અન્વય આ પ્રમાણે છે— દિવ્યગીતથી, વાજિંત્રોના મધુર ધ્વનિથી અને રણશીંગાના અવાજથી કોલાહલમય કરાયા છે દિશાઓના અંતો જેના વડે એવો શ્રાવક. (૧૮૩-૧૮૪)

**जिणदिट्ठिगोयरगओ, ससंभमं वाहणा समोयरइ ।**
**मुंचइ य वाहणाइं, राया उण रायककुहाइं ॥१८५॥**

जिनदृष्टिगोचरगतः ससंभ्रमं वाहनात्समवतरति ।
मुञ्चति च वाहनादि राजा पुना राजककुधानि ।।१८५।।

જિનનાં દર્શન થતાં જ સંભ્રમપૂર્વક વાહનથી નીચે ઉતરે અને પગરખાં વગેરેનો ત્યાગ કરે. રાજા છત્ર વગેરે રાજચિહ્નોનો ત્યાગ કરે. (૧૮૫)

**तंबोलं कुसुमाइं, वोसिरइ करेइ उत्तरासंगं ।**
**तो अहिगयगाहाए, अत्थो अवयरइ एत्ताहे ।।१८६।।**

ताम्बूलं कुसुमानि व्युत्सृजति करोति उत्तरासङ्गम् ।
ततोऽधिकृतगाथाया अर्थोऽवतरतीदानीम् ।।१८६।।

તંબોલ અને (પોતાના ઉપભોગ માટે રાખેલાં) પુષ્પોનો ત્યાગ કરે. પછી ઉત્તરાસંગ કરે. હવે પ્રસ્તુત (૧૮૦મી) ગાથાનો અર્થ આવે છે = શરૂ થાય છે. (૧૮૬)

**वच्चइ दुवारनियडं, काऊण य पाणिसंपुडं सीसे ।**
**अद्धावणयपणामं, करेइ रोमंचियसरीरो ।।१८७।।**

व्रजति द्वारनिकटं कृत्वा च पाणिसंपुटं शीर्षे ।
अर्द्धावनतप्रणामं करोति रोमाञ्चितशरीरः ।।१८७।।

પછી દ્વારની પાસે જાય અને મસ્તકે બે હાથ જોડી રોમાંચિત શરીરવાળો તે અર્ધાવનત પ્રણામ કરે.

**વિશેષાર્થઃ**— હર્ષના કારણે જેના શરીરમાં રુંવાટા ખડાં થઈ ગયા હોય તે રોમાંચિત શરીરવાળો છે. (૧૮૭)

**पविसंतो चेव बलाणयम्मि कुज्जा निसीहिया तिन्नि ।**
**घरवावारं सव्वं, इन्हि न काहामि भावेंतो ।।१८८।।**

प्रविशन्नेव बलानके कुर्यान्नैषेधिकीः तिस्रः ।
गृहव्यापारं सर्वं इदानीं न करिष्यामि भावयन् ।।१८८।।

દરવાજામાં પ્રવેશ કરતાં જ "હવે હું ઘરની કોઈ પ્રવૃત્તિ કરીશ નહિ" એમ ચિંતવતો તે ત્રણ નિસીહિ કહે = નિસીહિ, નિસીહિ, નિસીહિ એમ ત્રણ વાર બોલે. (૧૮૮)

**अद्धावणयपणामं, तत्तो काऊण भुवणनाहस्स ।**
**पंचंगं वा काउं, भत्तिब्भरनिब्भरमणेणं ॥१८९॥**

अर्द्धावनतप्रणामं ततः कृत्वा भुवननाथस्य ।
पञ्चाङ्गं वा कृत्वा भक्तिभरनिर्भरमनसा ॥१८९॥

પછી ભક્તિના સમૂહથી ભરપૂર મન વડે જિનેશ્વરને અર્ધાવનત પ્રણામ કે પંચાંગ પ્રણિપાત કરે. (૧૮૯)

**पूयंगपाणिपरिवारपरिगओ गहिरमहुरघोसेण ।**
**पढमाणो जिणगुणगणनिबद्धमंगल्लवित्ताइं ॥१९०॥**

पूजाङ्गपाणिपरिवारपरिगतो गभीरमधुरघोषेण ।
पठन् जिनगुणगणनिबद्धमाङ्गल्यवृत्तानि ॥१९०॥

**करधरियजोगमुद्दो, पए पए पाणिरक्खणाउत्तो ।**
**देज्जा पयाहिणतिगं, एगग्गमणो जिणगुणेसु ॥१९१॥**

करधृतयोगमुद्रः पदे पदे प्राणिरक्षणायुक्तः ।
दद्यात् प्रदक्षिणात्रिकं एकाग्रमना जिनगुणेषु ॥१९१॥

ત્યારબાદ પૂજાનાં ઉપકરણો જેમના હાથમાં છે તેવા પરિવારની સાથે, જેમાં જિનગુણોના સમૂહનું વર્ણન હોય તેવા માંગલિક શ્લોકોને ગંભીર અને મધુર સ્વરથી બોલતો, હાથની યોગમુદ્રા કરીને, પગલે પગલે જીવના રક્ષણમાં ઉપયોગવાળો અને જિનગુણોમાં એકાગ્રમનવાળો તે ત્રણ પ્રદક્ષિણા આપે. (૧૯૦-૧૯૧)

**गिहिचेइएसु न घडइ, इयरेसु वि जइ वि कारणवसेणं ।**
**तह वि न मुंचइ मइमं, सया वि तक्करणपरिणामं ॥१९२॥**

गृहचैत्येषु न घटते इतरेष्वपि यद्यपि कारणवशेन ।
तथापि न मुञ्चति मतिमान् सदाऽपि तत्करणपरिणामम् ॥१९२॥

ઘરમંદિરોમાં કે બીજાં પણ મંદિરોમાં જો કોઈ કારણથી પ્રદક્ષિણા આપવાનું શક્ય ન હોય તો પણ મતિમાન પુરુષ સદાય પ્રદક્ષિણા આપવાના પરિણામને ન મૂકે. (૧૯૨)

**तत्तो निसीहियाए, पविसित्ता मंडवम्मि जिणपुरओ ।**
**महिनिहियजाणुपाणी, करेइ विहिणा पणामतियं ॥१९३॥**

ततो नैषेधिक्या प्रविश्य मण्डपे जिनपुरतः ।
महिनिहितजानुपाणिः करोति विधिना प्रणामत्रिकम् ।।१९३।।

પછી નિસીહિપૂર્વક મંડપમાં પ્રવેશ કરીને જિનસમક્ષ જમીન ઉપર બે ઢીંચણ અને બે હાથ મૂકીને વિધિપૂર્વક ત્રણ પ્રણામ કરે. (૧૯૩)

**तयणु हरिसुल्लसंतो, कयमुहकोसो जिणंदपडिमाणं ।**
**अवणेइ रयणिवसियं, निम्मल्लं लोमहत्थेणं ॥१९४॥**

तदनु हर्षोल्लसन् कृतमुखकोशो जिनेन्द्रप्रतिमानाम् ।
अपनयति रजनी-उषितं निर्माल्यं रोमहस्तेन ।।१९४।।

પછી હર્ષથી ઉલ્લાસ પામતો તે મોઢે મુખકોશ બાંધીને જિનેંદ્રપ્રતિમાઓના રાતવાસી નિર્માલ્યને (મોરપીંછી વગેરે) પીંછીથી દૂર કરે. (૧૯૪)

**जिणगिहपमज्जणं तो, करेइ कारेइ वा वि अन्नेण ।**
**जिणबिंबाणं पूअं, करेइ तत्तो जहाजोगं ॥१९५॥**

जिनगृहप्रमार्जनं ततः करोति कारयति वाऽप्यन्येन ।
जिनबिम्बानां पूजां करोति ततो यथायोगम् ।।१९५।।

ત્યારબાદ જિનમંદિરનું પ્રમાર્જન પોતે જાતે કરે અથવા બીજા પાસે કરાવે, ત્યારબાદ યથાયોગ્ય જિનબિંબોની પૂજા કરે. (૧૯૫)

**अह पुव्वं चिय केणइ, हवेज्ज पूया कया सुविभवेण ।**
**तदपि सविसेससोहं, जह होइ तहा तहा कुज्जा ॥१९६॥**

अथ पूर्वमेव केनापि भवेत्पूजा कृता सुविभवेन ।
तामपि सविशेषशोभां यथा भवति तथा तथा कुर्यात् ।।१९६।।

હવે જો પૂર્વે કોઈએ પણ સારા વૈભવથી પૂજા કરી હોય તો તે બિંબ પણ જેમ વિશેષ શોભાવાળું બને તેમ કરે. (૧૯૬)

**उचियत्तं पूआए, विसेसकरणं तु मूलबिंबस्स ।**
**जं पडइ तत्थ पढमं, जणस्स दिट्ठी सह मणेण ॥१९७॥**

उचितत्वं पूजाया विशेषकरणं तु मूलबिम्बस्य ।
यत्पतति तत्र प्रथमं जनस्य दृष्टिः सह मनसा ।।१९७।।

મૂલબિંબની (= મૂલનાયકની) વિશેષથી પૂજા કરવી તે ઉચિત છે. કારણકે લોકની મનસંહિત દૃષ્ટિ સર્વ પ્રથમ મૂલબિંબ ઉપર પડે છે. (૧૯૭)

**कयकिच्चाण जिणाणं, पूआ भवियाण भावजणणत्थं ।**
**सो पुण होइ विसिट्ठे, पलोइए मूलबिंबम्मि ॥१९८॥**

कृतकृत्यानां जिनानां पूजा भव्यानां भावजननार्थम् ।
स पुनर्भवति विशिष्टे प्रलोकिते मूलबिम्बे ।।१९८।।

કૃતકૃત્ય બનેલા જિનોની પૂજા ભવ્ય જીવોના (શુભ)ભાવ ઉત્પન્ન કરવા માટે છે. તે ભાવ વિશિષ્ટ મૂલબિંબને જોવાથી થાય છે.

**વિશેષાર્થઃ**— અંગરચનાથી રહિત મૂલબિંબને જોવાથી જે ભાવ ઉત્પન્ન થાય છે તેના કરતાં અંગરચનાથી યુક્ત મૂલબિંબને જોવાથી અધિક ભાવ ઉત્પન્ન થાય છે આવો અહીં તાત્પર્યાર્થ છે. (૧૯૮)

**अंगम्मि पढमपूया, आमिसपूआ तओ भवे बीया ।**
**तइया थुइ-थोत्तगगय, तासिं सरूवं इमं होइ ॥१९९॥**

अङ्गे प्रथमपूजा आमिषपूजा ततो भवेद् द्वितीया ।
तृतीया स्तुति-स्तोत्रकगता तासां स्वरूपमिदं भवति ।।१९९।।

પહેલી અંગ પૂજા, બીજી આમિષ પૂજા અને ત્રીજી સ્તુતિ-સ્તોત્ર પૂજા એમ ત્રણ પ્રકારની પૂજા છે. એ ત્રણ પ્રકારની પૂજાનું સ્વરૂપ આ (નીચેની ગાથાઓમાં કહેવાશે તે) છે. (૧૯૯)

**वत्था-ऽऽहरण-विलेवणसुगंधिगंधेहिं धूव-पुप्फेहिं ।**
**कीरइ जिणंगपूआ, तत्थ विही एस नायव्वो ॥२००॥**

वस्त्रा-ऽऽभरण-विलेपनसुगन्धिगन्धैर्धूप-पुष्पैः ।
क्रियते जिनाङ्गपूजा तत्र विधिरेष ज्ञातव्यः ।।२००।।

વસ્ત્ર, આભૂષણ, વિલેપન, સુગંધી પદાર્થો, ધૂપ અને પુષ્પોથી જિનની અંગ પૂજા કરાય છે. અંગ પૂજા કરવામાં વિધિ આ (= નીચેની ગાથામાં કહેવાશે તે) જાણવો. (૨૦૦)

**वत्थेण बंधिऊणं, नासं अहवा जहा समाहीए ।**
**वज्जेयव्वं ति तया, देहम्मि वि कंडुयणमाई ॥२०१॥**

वस्त्रेण बन्धयित्वा नासामथवा यथा समाधिना ।
वर्जयितव्यमिति तदा देहेऽपि कण्डूयनादि ।।२०१।।

'वत्थेणे' त्यादि, वस्त्रेण-वसनेन बद्ध्वा-आवृत्य नासां-नासिकां, अथवेति विकल्पार्थः, यथासमाधि-समाधानानतिक्रमेण, यदि हि नासाबन्धे-ऽसमाधानं स्यात्तदा तामबद्ध्वाऽपीत्यर्थः, सर्वयत्नेन कार्यमित्यनुवर्तते । तथा वर्जयितव्यं-परिहर्तव्यं । तुशब्दः पुनःशब्दार्थः, तस्य चैवं प्रयोगः– तदा तु–तदानीं पुनः, पूजाकाल इत्यर्थः, किं तदित्याह– देहेऽपि-शरीरेऽपि, चेष्टापरिहारदुष्करत्वप्रतिपादनार्थोऽपिशब्दः, कण्डूयनादिः- –खर्जूविनोदनप्रभृतिः, आदिशब्दात् सिंधानोत्सर्ग विकथाकरणादिपरिग्रहः। इति गाथार्थः (पञ्चाशक ४/२०)

મુખકોશથી નાસિકા બાંધીને પૂજા કરવી જોઈએ. (જેથી દુર્ગંધી શ્વાસોશ્વાસ, થૂંક આદિ પ્રભુને ન લાગે) જો નાસિકા બાંધવાથી અસમાધિ થતી હોય તો નાસિકા બાંધ્યા વિના પણ પૂજા થઈ શકે. પૂજા આદિ કરતી વખતે શરીરને ખંજવાળવું, નાકમાંથી શ્લેષ્મ કાઢવાં, વિકથા કરવી વગેરે ક્રિયાનો ત્યાગ કરવો જોઈએ.

શરીરને ખંજવાળવું વગેરે ક્રિયાનો ત્યાગ દુષ્કર છે એ જણાવવા માટે ગાથામાં अपि શબ્દનો પ્રયોગ કર્યો છે.

**વિશેષાર્થઃ**— બિમાર કે સુકુમાર શરીરવાળા માટે આ એક અપવાદ છે. અપવાદ એટલે સંકટની સાંકળ. તેનો ન છૂટકે જ ઉપયોગ કરવો જોઈએ. આથી મુખકોશ બાંધવાથી થોડી તકલીફ થતી હોય તો પણ તે તકલીફ સહન થઈ શકતી હોય તો મુખ બાંધીને જ પૂજા કરવી જોઈએ. તકલીફના કારણે અસમાધિ થતી હોય તો જ છૂટ લેવી જોઈએ. "મુખકોશ બાંધ્યા વિના પણ પૂજા થઈ શકે" એવું જાણીને વગર કારણે મુખકોશ બાંધ્યા વિના પૂજા કરનાર વિરાધનાનો ભાગી બને છે. (૨૦૧)

**घय-दुद्ध-दहिय-गंधोदयाइण्हाणं पभावणाजणगं ।**
**सइ गीइं-वाइयाईसंजोगे कुणइ पव्वेसु ॥२०२॥**

घृत-दुग्ध-दधि-गन्धोदकादिस्नानं प्रभावनाजनकम् ।
सति गीत-वादित्रादिसंयोगे करोति पर्वसु ।।२०२।।

શ્રાવક ઘી, દૂધ અને દહીંથી મિશ્રિત સુગંધી જલ આદિથી જિનની પ્રક્ષાલ પૂજા કરે. પર્વ દિવસોમાં જો ગીત-વાજિંત્ર આદિનો સંયોગ હોય તો ગીત-વાજિંત્ર આદિ (આડંબર) પૂર્વક પ્રક્ષાલ પૂજા કરે. આવી પૂજા શાસનપ્રભાવના કરનારી છે. (૨૦૨)

**एमाइ अंगपूया, कायव्वा नियमओ ससत्तीए ।**
**सामत्थाभावम्मि उ, धरेज्ज तक्करणपरिणामं ॥२०३॥**

एवमाद्यङ्गपूजा कर्तव्या नियमतः स्वशक्त्या ।
सामर्थ्याभावे तु धारयेत् तत्करणपरिणामम् ।।२०३।।

ઈત્યાદિ અંગપૂજા સ્વશક્તિથી અવશ્ય કરવી જોઈએ. શક્તિ ન હોય તો અંગ પૂજા કરવાના પરિણામને ધારણ કરે = ભાવના રાખે. (૨૦૩)

**जो पंचवन्नसत्थिय-बहुविहफल-भक्ख-दीवदाणाई ।**
**उवहारो जिणपुरओ, कीरइ सा आमिससवज्जा ॥२०४॥**

यः पञ्चवर्णस्वस्तिक-बहुविधफल-भक्ष्य-दीपदानादिः ।
उपहारो जिनपुरतः क्रियते साऽऽमिषसपर्या ।।२०४।।

પાંચવર્ણનો સ્વસ્તિક કરવો, વિવિધ પ્રકારનાં ફળો અને ભક્ષ્ય વસ્તુઓ ધરવી, દીપક કરવો ઈત્યાદિ ઉપહાર કરાય (= પૂજન સામગ્રી જિનસમક્ષ ધરાય) એ આમિષ પૂજા છે.

**વિશેષાર્થઃ**– દેવસમક્ષ પૂજન સામગ્રી મૂકવી-ધરવી તે ઉપહાર કહેવાય છે. (૨૦૪)

**गंधव्वनट्ट वाइय-लवणजला-ऽऽरत्तियाइ जं किच्चं ।**
**आमिसपूयाए च्चिय, सव्वं पि तयं समोयरइ ॥२०५॥**

गन्धर्वनाट्य-वादित्र-लवणजला-ऽऽरात्रिकादि यत्कृत्यम् ।
आमिषपूजायामेव सर्वमपि तत्समवतरति ।।२०५।।

ગીત ગાવા, નૃત્ય કરવું, વાજિંત્રો વગાડવાં, લૂણ ઉતારવું, જલ (= જલપાત્ર) ધરવું, આરતિ ઉતારવી ઈત્યાદિ જે કર્તવ્ય છે તે બધાનો આમિષ પૂજામાં સમાવેશ થાય છે.

**વિશેષાર્થઃ**– અહીં જણાવેલા આમિષ પૂજાના સ્વરૂપથી જણાય છે કે અહીં અગ્રપૂજાને જ આમિષ પૂજા કહી છે. સંસ્કૃત શબ્દકોશમાં ગંધર્વશબ્દનો દેવોનો ગવૈયો એવો અર્થ જણાવ્યો છે. પણ પ્રસ્તુતમાં ગંધર્વ શબ્દથી ગીત વિવક્ષિત છે. (૨૦૫)

**पूयादुगं पि एयं, उचियं न हु साहु-साहुणिजणस्स ।**
**सावयजणस्स नियमा, उचियं सामग्गिसब्भावे ॥२०६॥**

पूजाद्विकमप्येतदुचितं न खलु साधु-साध्वीजनस्य ।
श्रावकजनस्य नियमादुचितं सामग्रीसद्भावे ।।२०६।।

આ બંને પ્રકારની પૂજા સાધુ-સાધ્વીઓને યોગ્ય નથી. પૂજાની સામગ્રી હોય તો શ્રાવકોને અવશ્ય યોગ્ય છે = શ્રાવકોએ અવશ્ય કરવી જોઈએ. (૨૦૬)

**थुइपूआ विन्नेया, वंदणकरणोच्चियम्मि देसम्मि ।**
**ठाऊण जिणाभिमुहं, पढणं जहसत्ति वित्ताणं ॥२०७॥**

स्तुतिपूजा विज्ञेया वन्दनकरणोचिते देशे ।
स्थित्वा जिनाभिमुखं पठनं यथाशक्ति [1]वृत्तानाम् ।।२०७।।

१. वृत्तानां छन्दसाम् ।

ચૈત્યવંદન કરવાને યોગ્ય સ્થાનમાં ઊભા રહીને યથાશક્તિ (જિનગુણો વગેરેનું વર્ણન જેમાં હોય તેવા) શ્લોકો બોલવા તે સ્તુતિ પૂજા છે. (૨૦૭)

**अन्ना वि तिहा पूया, भणिया सत्थंतरेसु सड्ढाणं ।**
**पूयासोलसए जं, भणियमिणं पुव्वसूरीहिं ॥२०८॥**

अन्याऽपि त्रिधा पूजा भणिता शास्त्रान्तरेषु श्राद्धानाम् ।
पूजाषोडशके यद्भणितमिदं पूर्वसूरिभिः ।।२०८।।

અન્ય શાસ્ત્રોમાં શ્રાવકો માટે બીજી રીતે પણ ત્રણ પ્રકારની પૂજા કહી છે. કારણકે પૂજાષોડશકમાં પૂર્વસૂરિઓએ (= શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ) આ (હવે પછીની ગાથાઓમાં કહેવાશે તે) કહ્યું છે. (૨૦૮)

**पंचोवयारजुत्ता, पूया अट्ठोवयारकलिया य ।**
**इड्ढिविसेसेण पुणो, भणिया सव्वोवयारा वि ॥२०९॥**

पञ्चोपचारयुक्ता पूजाऽष्टोपचारकलिता च ।
ऋद्धिविशेषेण पुनर्भणिता सर्वोपचाराऽपि ।।२०९।।

પંચોપચારા, અષ્ટોપચારા, અને સર્વોપચારા એમ ત્રણ પ્રકારની પૂજા કહી છે. તેમાં સર્વોપચારા પૂજા વિશિષ્ટ ઋદ્ધિને આશ્રયીને છે = વિશિષ્ટ ઋદ્ધિવાળા શ્રાવકો કરી શકે તેવી છે.

**વિશેષાર્થઃ–** ઉપચાર એટલે પૂજાની સામગ્રી. જેમાં પૂજાની સામગ્રી પાંચ હોય તે પંચોપચારા. જેમાં પૂજાની સામગ્રી આઠ હોય તે અષ્ટોપચારા. જેમાં પૂજાની સામગ્રી સઘળી (= ઘણી) હોય તે સર્વોપચારા. (૨૦૯)

**तहियं पंचुवयारा, कुसुम-ऽक्खय-गंध-धूव-दीवेहिं ।**

**फल-जल-नेवज्जेहिं, सहऽट्ठरूवा भवे सा उ ॥२१०॥**

तथेयं पञ्चोपचारा कुसुमा-क्षत-गन्ध-धूप-दीपैः ।

फल-जल-नैवेद्यैः सहाऽष्टरूपा भवेत्सा तु ।।२१०।।

પુષ્પ, અક્ષત, ગંધ (= ચંદન), ધૂપ અને દીપથી પંચોપચારા પૂજા થાય છે. ફલ, જલ અને નૈવેદ્યની સાથે પુષ્પાદિ પાંચથી અષ્ટોપચારા પૂજા થાય છે. (૨૧૦)

**अन्ने अट्ठुवयारं, भणंति अट्ठंगमेव पणिवायं ।**

**सो पुण सुए न दीसइ, न य आइन्नो जिणमयम्मि ॥२११॥**

अन्येऽष्टोपचारां भणन्त्यष्टाङ्गमेव प्रणिपातम् ।

स पुनः श्रुते न दृश्यते न चाचीर्णो जिनमते ।।२११।।

બીજાઓ અષ્ટાંગ પ્રણિપાતને જ અષ્ટોપચારા પૂજા કહે છે. તે પ્રકાર શાસ્ત્રમાં દેખાતો નથી. અને જિનશાસનમાં કોઈથી આચરાયેલો પણ નથી.

**વિશેષાર્થઃ**— પ્રણિપાત એટલે ખમાસમણું. આપણે પાંચ અંગો જમીનને સ્પર્શે તે રીતે પ્રણિપાત કરીએ છીએ. જૈનેતરોમાં આઠ અંગો જમીનને સ્પર્શે તે રીતે પ્રણિપાત કરવામાં આવે છે, અર્થાત્ દંડની જેમ લાંબા સૂઈને પ્રણિપાત કરવામાં આવે છે. તે આઠ અંગો આ પ્રમાણે છે— મસ્તક, છાતી, પેટ, પીઠ, બે હાથ, અને બે જંઘા. ષોડશક પ્રકરણમાં પૂજા ષોડશકની ત્રીજી ગાથાની ટીકામાં પંચાંગ પ્રણિપાતને પંચોપચારા અને અષ્ટાંગ પ્રણિપાતને અષ્ટોપચારા પૂજા કહી છે. પ્રસ્તુત ગ્રંથમાં અષ્ટાંગ પ્રણિપાત પ્રત્યે અરુચિભાવ જણાવ્યો છે. (૨૧૧)

**सव्वोवयारजुत्ता, ण्हाण-ऽच्चण-नट्ट-गीयमाईहिं ।**

**पव्वाइएसु कीरइ, निच्चं वा इड्ढिमंतेहिं ॥२१२॥**

सर्वोपचारयुक्ता स्नाना-ऽर्चन-नृत्य-गीतादिभिः ।

पर्वादिकेषु क्रियते नित्यं वा ऋद्धिमद्भिः ।।२१२।।

ઋદ્ધિમાન શ્રાવકો વડે દરરોજ કે પર્વ વગેરે દિવસોમાં સ્નાન, સન્માન, નૃત્ય, ગીત આદિથી જે પૂજા કરાય તે સર્વોપચારા પૂજા છે. (૨૧૨)

અહીં ષોડશકપ્રકરણની ગાથા, તેની ટીકા અને તેનો ગુજરાતી ભાવાર્થ આ પ્રમાણે છે–

पञ्चोपचारयुक्ता काचिच्चाष्टोपचारयुक्ता स्यात् ।
ऋद्धिविशेषादन्या प्रोक्ता सर्वोपचारेति ।।९-३।।

एका पञ्चोपचारयुक्ता– पञ्चभिः जानुद्वय-करद्वयोत्तमाङ्गलक्षणै-रुपचारैर्युक्तेति कृत्वा, पञ्चभिः उपचारैः = अभिगमैः युक्तेति वा कृत्वा । काचित् अष्टोपचारयुक्ता = अष्टभिरङ्गैः शीर्षोरउदरपृष्ठबाहुद्वयोरुद्वयल- क्षणैरुपचारोऽस्यामिति हेतोः । अन्या ऋद्धिविशेषात् दशार्णभद्रादिन्यायेन सर्वोपचारा = सर्वैः प्रकारैः अन्तःपुरहस्त्यश्व-रथादिभिः "सव्वबलेणं सव्वसमुदएणं सव्वविभूइए सव्वविभूसाए सव्वआयरेण" (औप. ३१) इत्याद्यागमादुपचारो विनयोऽस्यामिति कृत्वा । (षोडशक ९/३)

બે જાનુ અને બે હાથ અને મસ્તક એ પાંચ અંગરૂપ પાંચ ઉપચારથી પૂજા પંચોપચારા છે. મસ્તક, છાતી પેટ, પીઠ, બે હાથ અને બે જંઘા એ આઠ અંગોથી જેમાં ઉપચાર = વિનય થાય તે અષ્ટોપચારા પૂજા છે. વિશેષ ઋદ્ધિથી દશાર્ણભદ્ર આદિના દૃષ્ટાંતથી અંતઃપુર, હાથી, અશ્વ, રથ આદિ સર્વ પ્રકારોથી જેમાં ઉપચાર = વિનય થાય તે સર્વોપચારા પૂજા છે.

આ વિષે ઔપપાતિક આગમસૂત્રના सव्वबलेणं વગેરે પાઠનો ભાવ આ પ્રમાણે છે–જિનમંદિરે જનાર ઋદ્ધિમાન શ્રાવક સર્વ સૈન્યથી, સર્વ સમુદાયથી, સર્વ વિભૂતિથી, સર્વ વિભૂષાથી અને સર્વ આદરથી જિનમંદિરે જાય.

**तहा–**

**विग्घोवसामिगेगा, अब्भुदयपसाहणी भवे बीया ।**
**नेव्वणसाहणी तह, फलया उ जहत्थनामेहिं ॥२१३॥**

तथा–

विघ्नोपशामिकैकाऽभ्युदयप्रसाधनी भवेद् द्वितीया ।
निर्वाणसाधनी तथा फलदा तु यथार्थनामभिः ।।२१३।।

અહીં ષોડશક ગ્રંથની ગાથા, ટીકા અને ટીકાનો અર્થ આ પ્રમાણે છે–

विघ्नोपशमन्याद्या गीताऽभ्युदयप्रसाधनी चान्या ।
निर्वाणसाधनीति च फलदा तु यथार्थसंज्ञाभिः ।।९/१०।।

विघ्नानुपशमयतीति विघ्नोपशमनी आद्या काययोगसारा गीता = कथिता। अभ्युदयं प्रसाधयतीति अभ्युदयप्रसाधनी च अन्या=अपरा वाग्योगप्रधाना। निर्वाणं साधयतीति (निर्वाणसाधनी) च मनोयोगसारा, फलदा तु फलदैव एकैका यथार्थसंज्ञाभिः = अन्वर्थाभिधानैः, एतासां समन्तभद्रा, सर्वमङ्गला, सर्वसिद्धिफला इत्येतान्यप्यन्वर्थनामानि गीयन्ते। तथेह प्रथमा प्रथमाऽवञ्चकयोगात् सम्यग्दृष्टेर्भवति, द्वितीया तु द्वितीयावञ्चकयोगादुत्तरगुणधारिणः, तृतीया च तृतीयावञ्चकयोगात् परमश्रावकस्यैव प्रथमकरणभेदेन ग्रन्थ्यासन्नस्य च धर्ममात्रफलैवेयं सद्योगादिभावादनुबन्धासिद्धेश्चेत्ययं पूजाविंशिकायां विशेषः ।। (षोडशक ९/१०)

પહેલી વિઘ્નોપશમની, બીજી અભ્યુદય પ્રસાધની અને ત્રીજી નિર્વાણ સાધની એમ ત્રણ પ્રકારની પૂજા છે. આ ત્રણ પૂજા યથાર્થ નામવાળી છે, તેથી નામ પ્રમાણે ફલ આપનારી છે. વિઘ્નોપશમની પૂજા વિઘ્નોને શાંત કરે છે. અભ્યુદય પ્રસાધની પૂજા આલોક-પરલોકનાં સુખો સાધી આપે છે. નિર્વાણ સાધની પૂજા મોક્ષને સાધી આપે છે.

પહેલી પૂજામાં કાયયોગની પ્રધાનતા છે. કારણ કે પૂજક જાતે કાયાથી પૂજા કરે છે. બીજી પૂજામાં વચનયોગની પ્રધાનતા છે, કારણ કે બીજાઓને કહીને પૂજાની સામગ્રી મંગાવે છે. ત્રીજી પૂજામાં મનોયોગની પ્રધાનતા છે. કારણ કે મનથી સામગ્રી મેળવે છે.

આ ત્રણ પૂજાનાં અનુક્રમે સમન્તભદ્રા, સર્વમંગલા અને સર્વસિદ્ધિફલા એ ત્રણ નામો પણ છે. આ નામો પણ યથાર્થ (= નામ પ્રમાણે ફલ આપનારાં) છે. (તે આ પ્રમાણે- સર્વ પ્રકારનું કલ્યાણ કરે તે સમંતભદ્રા. સર્વ પ્રકારનું મંગલ કરે તે સર્વ મંગલા. સર્વ પ્રકારની સિદ્ધિ રૂપ ફલ જેનાથી થાય તે સર્વસિદ્ધિફલા.)

પહેલી વિઘ્નોપશમની પૂજા પહેલા યોગાવંચકથી સમ્યગ્દષ્ટિને હોય છે. બીજી અભ્યુદય પ્રસાધની પૂજા બીજા ક્રિયાવંચક યોગથી ઉત્તરગુણધારી શ્રાવકને હોય છે. ત્રીજી નિર્વાણ સાધની પૂજા ત્રીજા ફલાવંચક યોગથી પરમશ્રાવકને હોય છે.

પ્રથમ કરણભેદથી (= ચરમયથાપ્રવૃત્તિકરણથી) ગ્રંથિદેશે આવેલા જીવને આ પૂજા ધર્મમાત્ર ફલવાળી હોય છે. અર્થાત્ આ પૂજાના પ્રભાવથી ભવિષ્યમાં તેને સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રાપ્ત થશે. કારણ કે તેને સદ્યોગ વગેરેનો સદ્ભાવ છે, પણ અનુબંધની પ્રાપ્તિ થતી નથી. આ વિશેષતા વિંશતિવિંશિકા ગ્રંથની પૂજાવિંશિકામાં જણાવેલ છે. (૨૧૩)

**पवरं पुप्फाईयं, पढमाए ढोयए उ तक्कारी ।**
**आणेइ अन्नओ वि हु, निओगओ बीयपूजाए ॥२१४॥**

प्रवरं पुष्पादिकं प्रथमायां ढौकते तु तत्कारी ।
आनयत्यन्यतोऽपि खलु नियोगतो द्वितीयपूजायाम् ।।२१४।।

અહીં ષોડશક ગ્રંથની ગાથા, ટીકા અને ટીકાનો અર્થ આ પ્રમાણે છે—

प्रवरं पुष्पादि सदा चाद्यायां सेवते तु तद्दाता ।
आनयति चान्यतोऽपि नियमादेव द्वितीयायाम् ।।९/११।।

प्रवरं-प्रधानं पुष्पादि-पुष्प-गन्धमाल्यादि सदा च-सर्वदैव आद्यायां-प्रथमपूजायां सेवते तु-सेवत एव, स्वहस्तेन ददात्येवेत्यर्थः, तद्दाता-तत्पूजाकर्ता, आनयति च वचनेन अन्यतोऽपि हि क्षेत्रान्तरात् प्रस्तुतं पुष्पादि नियमादेव-निश्चयादेव द्वितीयायां पूजायाम् (षोडशक ९/११)

પૂજા કરનારો પહેલી પૂજામાં શ્રેષ્ઠ પુષ્પો વગેરે અર્પણ કરે છે, અર્થાત્ શ્રેષ્ઠ પુષ્પો વગેરેથી જાતે પૂજા કરવી એ પહેલી વિઘ્નોપશમની પૂજા છે. પૂજા કરનારો બીજી પૂજામાં અન્યક્ષેત્રમાંથી પણ શ્રેષ્ઠ પુષ્પાદિ પૂજન સામગ્રીને અવશ્ય મંગાવે છે, અર્થાત્ બીજા ક્ષેત્રમાંથી પણ શ્રેષ્ઠ પુષ્પાદિ પૂજન સામગ્રી મંગાવીને કરાતી પૂજા બીજી અભ્યુદય સાધની પૂજા છે. (૨૧૪)

**भुवणे वि सुंदरं जं, वत्था-ऽऽहरणाइवत्थु संभवइ ।**
**तं मणसा संपाडइ, जिणम्मि एगग्गथिरचित्तो ॥२१५॥**

भुवनेऽपि सुन्दरं यद्वस्त्रा-ऽऽभरणादिवस्तु संभवति ।
तन्मनसा संपादयति जिने एकाग्रस्थिरचित्तः ।।२१५।।

જિનમાં જ સ્થિર ચિત્તવાળો જીવ ત્રીજી પૂજામાં ત્રણે લોકમાં વસ્ત્ર-આભૂષણ વગેરે જે સુંદર વસ્તુ હોય તેને મનથી મેળવે છે, અર્થાત્ માનસિક વિચારથી શ્રેષ્ઠ વસ્તુને મેળવીને કરાતી પૂજા એ ત્રીજી નિર્વાણ સાધની પૂજા છે. (૨૧૫)

ષોડશક ગ્રંથની ગાથા, ટીકા અને ટીકાનો અર્થ આ પ્રમાણે છે—

त्रैलोक्यसुंदरं यन्मनसाऽऽपादयति तत्तु चरमायां
अखिलगुणाधिक--सद्योगसारसद्ब्रह्मयागपरः ।।९/१२।।

त्रैलोक्ये-त्रिषु लोकेषु सुन्दरं-प्रधानं यत् पारिजातकुसुमादि नन्दनवनगतं तत्तु- तदेव मनसा-अन्तःकरणेन आपादयति-उपनयति चरमायां-निर्वाणसाधन्यां,'तद्दाते'त्य त्राप्यभिसम्बध्यते । अयमेव विशिष्यते अखिलैः गुणैरधिकं सद्योगानां- सद्धर्मव्यापाराणां सारं-फलकल्पं अजरामरत्वेन हेतुना यत् सद् ब्रह्म-परमात्मस्वरूपं तस्य यागः-यजनं-पूजनं, तत्परः-तदेकदत्तबुद्धिः । अखिलगुणाधिकस्य हि पूजाऽखिलगुणाधिकं पूजोपकरणं मनसि निधायाऽतिशयितपरितोषाय बुद्धिमता विधेयेत्यर्थः (षोडशक ९/१२)

પૂજક ત્રીજી પૂજામાં નંદન વનમાં રહેલા ત્રિલોકસુંદર એવા પારિજાતના ફૂલ વગેરેને મનથી લાવે છે. અર્થાત્ મનથી વિચારે કે હું નંદનવનમાં ગયો અને ત્યાંથી પારિજાતના ફૂલ વગેરેને લઈ આવ્યો. એ પુષ્પો વગેરેથી પરમાત્માની પૂજા કરી.

પૂજક કેવો હોવો જોઈએ તે શ્લોકના ઉત્તરાર્ધથી જણાવે છે- બધા ગુણોથી ચઢિયાતું, સુંદર ધર્મ પ્રવૃત્તિના ફળસમાન અને અજરામરપણાના કારણે સદ્ એવું જે પરમાત્મસ્વરૂપ બ્રહ્મ, તે બ્રહ્મની પૂજામાં જ એક દત્તચિત્તવાળો પૂજક હોય.

અહીં ભાવાર્થ એ છે કે — બુદ્ધિમાન પૂજકે પોતાને વિશિષ્ટ આનંદ ઉપજે એ માટે સર્વગુણોથી શ્રેષ્ઠ એવા પરમાત્મ સ્વરૂપ બ્રહ્મની પૂજા સર્વ ગુણોથી શ્રેષ્ઠ એવાં પૂજાનાં ઉપકરણોને મનમાં લાવીને કરવી જોઈએ.

**निच्चं चिय संपुन्ना, जइ वि हु एसा न तीरए काउं ।**
**तह वि अणुचिट्ठिअव्वा, अक्खइ-दीवाइदाणेण ॥२१६॥**

नित्यमेव संपूर्णा यद्यपि खल्वेषा न तीर्यते (शक्यते) कर्तुम् ।
तथाऽप्यनुष्ठातव्याऽक्षत-दीपादिदानेन ।।२१६।।

જો દરરોજ સંપૂર્ણ પૂજા કરવાનું શક્ય ન બને તો પણ અક્ષત મૂકવા, દીપક કરવો ઈત્યાદિથી પૂજા કરવી. (પણ પૂજા મૂકવી નહિ.) (૨૧૬)

**भावेज्ज अवत्थतियं, पिंडत्थ-पयत्थ-रूवरहियत्तं ।**
**छउमत्थ-केवलित्तं, मुत्तत्तं चेव तस्सत्थो ।।२१७।।**

भावयेताऽवस्थात्रिकं पिण्डस्थ-पदस्थ-रूपरहितत्वम् ।
छद्मस्थ-केवलित्वं मुक्तत्वं चैव तस्यार्थः ।।२१७।।

જિનની પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત એ ત્રણ અવસ્થાઓનું ચિંતન કરે. પિંડસ્થ અવસ્થા એટલે છદ્મસ્થ અવસ્થા. પદસ્થ અવસ્થા એટલે કેવલી અવસ્થા. રૂપાતીત અવસ્થા એટલે મુક્ત-અવસ્થા. (૨૧૭)

**उभयकरधरियकलसा, गयगयसुरवइपुरस्सरा तियसा ।**
**गायंता वायंता, उवरि जिणंदस्स निम्मविया ।।२१८।।**

उभयकरधृतकलशा गजगतसुरपतिपुरस्सरास्त्रिदशाः ।
गायन्तो वादयन्त उपरि जिनेन्द्रस्य निर्मिताः ।।२१८।।

**ठावंति मणे नूणं, संपइ अम्हारिसस्स लोयस्स ।**
**जम्मणसमयपयट्टं, मज्जणमहिमासमारंभं ।।२१९।।**

स्थापयन्ति मनसि नूनं संप्रत्यस्मादृशस्य लोकस्य ।
जन्मसमयप्रवृत्तं मज्जनमहिमासमारम्भम् ।।२१९।।

જિન પ્રતિમાની ઉપરના ભાગમાં કોતરેલા બે હાથમાં કળશને ધારણ કરનારા દેવો, હાથી ઉપર બેઠેલા ઈંદ્ર વગેરે દેવો, ગાયન કરતા દેવો અને વાજિંત્રોને વગાડતા દેવો જિનના જન્મ સમયે થયેલા સ્નાત્ર મહોત્સવના પ્રસંગને ખરેખર ! હમણાં અમારા જેવા લોકના મનમાં સ્થાપિત કરે છે.

**વિશેષાર્થ:**— પિંડસ્થ અવસ્થાના જન્મ અવસ્થા, રાજ્ય અવસ્થા અને શ્રમણ

અવસ્થા એમ ત્રણ ભેદ છે. તેમાં અહીં બે ગાથાઓમાં જન્મ અવસ્થા જણાવી છે. જિનપ્રતિમાની ઉપર કોતરેલા વિવિધ પ્રકારના દેવને જોઈને પ્રભુના જન્મ સમયે દેવોએ કરેલા સ્નાત્ર મહોત્સવને યાદ કરીને જન્મ અવસ્થાનું ચિંતન કરવું, તથા ઈંદ્રો વગેરે ભગવાનની આવી ભક્તિ કરે છે છતાં ભગવાનના અંતરમાં એ બદલ જરાય ગર્વ થતો નથી ઈત્યાદિ વિચારવું. રાજ્ય-અવસ્થા અને શ્રમણ-અવસ્થા ક્રમશઃ ૨૨૦ અને ૨૨૧મી ગાથામાં કહેશે, (૨૧૮-૨૧૯)

**वत्था-ऽऽहरण-विलेवण-मल्लेहिं विभूसिओ जिणवरिंदो ।**
**रायसिरिमणुहवंतो, भाविज्जइ भवियलोएण ॥२२०॥**

वस्त्रा-ऽऽभरण-विलेपन-माल्यैर्विभूषितो जिनवरेन्द्रः ।
राज्यश्रियमनुभवन् भाव्यते भव्यलोकेन ॥२२०॥

વસ્ત્ર, આભૂષણ, વિલેપન, પુષ્પમાળા વગેરેથી વિભૂષિત જિનવરેન્દ્ર ભવ્યલોક વડે રાજ્યલક્ષ્મીને અનુભવતા ચિંતવાય છે.

**વિશેષાર્થઃ**– વસ્ત્ર વગેરેને જોઈને પ્રભુની રાજ્ય અવસ્થાનું ચિંતન કરવું. તથા ભગવાન રાજ્ય કરતા હોવા છતાં વિરાગભાવમાં રહે છે. ચારિત્રમોહનીય કર્મો ખપાવવા માટે જ અનિચ્છાએ રાજ્ય ચલાવે છે વગેરે વિચારવું. (૨૨૦)

**अवगयकेसं सीसं, मुहं च दिट्ठं पि भुवणनाहस्स ।**
**साहेइ समणभावं, छउमत्थो एस पिंडत्थो ॥२२१॥**

अपगतकेशं शीर्षं मुखं च दृष्टमपि भुवननाथस्य ।
कथयति श्रमणभावं छद्मस्थ एष पिण्डस्थः ॥२२१॥

ભુવનનાથનું જોવાયેલું કેશરહિત મસ્તક અને મુખ શ્રમણભાવને કહે છે. આ ત્રણ પ્રકારની છદ્મસ્થ અવસ્થા એ પિંડસ્થ અવસ્થા છે.

**વિશેષાર્થઃ**– ભગવાનના કેશરહિત મસ્તક અને મુખને જોઈને પ્રભુની શ્રમણ અવસ્થાનું ચિંતન કરવું. તથા ભગવાન દીક્ષા લીધા પછી અપ્રમત્તપણે ચારિત્રનું પાલન કરે છે, ઘોર પરિસહો સહન કરે છે, વગેરે

વિચારવું. (૨૨૧)

**[1] कंकिल्लि कुसुमवुट्ठी दिव्वज्झुणि चमरिधारिणो उभओ ।**
**सिंहासण भामंडल दुंदुहि छत्तत्तयं चेव ॥२२२॥**

कङ्केलिः कुसुमवृष्टिः दिव्यध्वनिः चामरधारिण उभयतः ।
सिंहासनं भामण्डलं दुन्दुभिः छत्रत्रयं चैव ।।२२२।।

१. अशोकवृक्षवाचकोऽयं शब्दो देश्यप्राकृतः, तथा च 'कंकेल्ली अ असोए' – देशीनाममालायां द्वितीयवर्गे १२ श्लोकः ।

**इय पाडिहेररिद्धी, अणन्नसाहारणा पुरा आसि ।**
**केवलियनाणलंभे, तित्थयरपयम्मि पत्तस्स ॥२२३॥**

इति प्राहिहार्यऋद्धिरनन्यसाधारणा पुराऽऽसीत् ।
केवलिकज्ञानलाभे तीर्थकरपदे प्राप्तस्य ।।२२३।।

તીર્થંકરપદને પામેલા જિનને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થતાં અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, બંને બાજુ ચામરધરનારા, સિંહાસન, ભામંડલ, દુંદુભિ અને ત્રણ છત્ર આવી પ્રાતિહાર્ય ઋદ્ધિ પહેલાં હતી. આ પ્રાતિહાર્ય ઋદ્ધિ તીર્થંકર સિવાય બીજા કોઈને ન હોય.

**વિશેષાર્થઃ**– અશોકવૃક્ષ વગેરે પ્રાતિહાર્યને જોઈને પ્રભુની કેવલી-અવસ્થાનું ચિંતન કરવું. તથા કેવલજ્ઞાન પ્રાપ્ત થતાં ભગવાન ધર્મતીર્થની સ્થાપના કરે છે. દરરોજ બે પહોર દેશના આપીને અનેક જીવોને ધર્મ પમાડે છે, વગેરે વિચારવું. (૨૨૨-૨૨૩)

**पलियंकसन्निसन्नो, उद्धट्ठाणट्ठिओ य किर भयवं ।**
**एए दो आयारा, अरूवभावे जिणवराणं ॥२२४॥**

पर्यङ्कसन्निषण्ण ऊर्ध्वस्थानस्थितश्च किल भगवान् ।
एतौ द्वावाकारावरूपभावे जिनवराणाम् ।।२२४।।

ભગવાન પર્યંક આસને બેઠેલા હોય છે. અથવા કાયોત્સર્ગમાં ઊભા રહેલા હોય છે. જિનવરોની રૂપાતીત અવસ્થા ભાવવામાં આ બે આકારોનું ચિંતન કરવું.

**વિશેષાર્થ:**— ભગવાનના આ બે આકારને જોઈને રૂપાતીત = સિદ્ધ અવસ્થાનું ચિંતન કરવું તે આ પ્રમાણે— પ્રભુ આ બે મુદ્રામાંથી કોઈ એક મુદ્રામાં રહીને સિદ્ધ થયા છે. આવા પ્રભુ જન્મ-મરણથી રહિત છે. સર્વ પ્રકારના દુઃખોથી મુક્ત છે: અનંત અવ્યાબાધ સુખના ભોક્તા છે, વગેરે સિદ્ધ અવસ્થાનું ચિંતન કરવું. (૨૨૪)

**एवमवत्थाण तियं, सम्मं भावेज्ज वंदणासमए ।**
**जिणबिंबविहियनिच्चलनयणजुओ सुद्धपरिणामो ॥२२५॥**

एवमवस्थानां त्रिकं सम्यग् भावयेत् वन्दनासमये ।
जिनबिम्बविहितनिश्चलनयनयुगः शुद्धपरिणामः ॥२२५॥

શુદ્ધ પરિણામવાળો શ્રાવક ચૈત્યવંદનના સમયે જિનબિંબ ઉપર બે ચક્ષુઓને સ્થિર કરીને આ પ્રમાણે ત્રણ અવસ્થાઓનું સમ્યક્ ચિંતન કરે. (૨૨૫)

**एत्तो य वाम-दाहिण-पच्छिमदिसिदंसणं परिहरेज्जा ।**
**तिदिसिनिरक्खणविरई, एवं चिय होइ नायव्वा ॥२२६॥**

एतस्माच्च वाम-दक्षिण-पश्चिमदिग्दर्शनं परिहरेत् ।
त्रिदिग्निरीक्षणविरतिरेवमेव भवति ज्ञातव्या ॥२२६॥

આથી (= બે ચક્ષુઓને જિનબિંબ ઉપર સ્થિર કરવાની હોવાથી) ડાબી-જમણી-પાછળની એ ત્રણ દિશામાં જોવાનો ત્યાગ કરે. આ પ્રમાણે જ ત્રણ દિશામાં નિરીક્ષણનો ત્યાગ જાણવો, અર્થાત્ આ છઠ્ઠું ત્રિક જાણવું. (૨૨૬)

**आलोयचलं चक्खुं, मणो व्व तं दुक्करं थिरं काउं ।**
**रूवेहिं तहिं खिप्पइ, सभावओ वा सयं चलइ ॥२२७॥**

आलोकचलं चक्षुर्मन इव तद् दुष्करं स्थिरं कर्त्तुम् ।
रूपैस्तैः क्षिप्यते स्वभावतो वा स्वयं चलति ॥२२७॥

મનની જેમ આંખ જોવામાં ચંચલ છે. તેથી તેને સ્થિર કરવી એ દુષ્કર છે. આંખ રૂપોથી આકર્ષાય છે. અથવા સ્વભાવથી જ ચલિત થાય છે. (૨૨૭)

**तह वि हु नामियगीवो, विसेसओ दिसितियं न पेहेज्जा ।**
**तत्थ उवओगभावे, वंदणपरिणामहाणी उ ॥२२८॥**

तथाऽपि खलु नामितग्रीवो विशेषतो दिक्त्रिकं न प्रेक्षेत ।
तत्रोपयोगभावे वन्दनपरिणामहानिस्तु ।।२२८।।

તો પણ ડોકને નમાવીને (= વાળીને) વિશેષથી ત્રણ દિશાઓમાં ન જુએ. ત્રણ દિશાઓમાં ઉપયોગ રહે તો ચૈત્યવંદનના પરિણામમાં હાનિ થાય. (૨૨૮)

**ठाऊण उचियदेसे, चिइवंदणकरणजोगभूभाए ।**
**दिट्ठीए पेहेत्ता, विहिणा उभओ पमज्जिज्जा ॥२२९॥**

स्थित्वोचितदेशे चैत्यवन्दनकरणयोगभूभागे ।
दृष्ट्या प्रेक्ष्य विधिनोभतः प्रमार्जयेत् ।।२२९।।

ચૈત્યવંદન કરવાને યોગ્ય ભૂમિપ્રદેશમાં, અર્થાત્ ચૈત્યવંદન કરવાની ભૂમિમાં, યોગ્ય સ્થાને રહીને દૃષ્ટિથી જોઈને બંને બાજુ (= આગળ-પાછળ) વિધિથી પ્રમાર્જન કરે. (૨૨૯)

**सममिउपम्हलचेलंचलेण सड्ढो पमज्जणं कुणइ ।**
**तिक्खुत्तो बि-तिवारं, साहू रयहरदसग्गेहिं ॥२३०॥**

सममृदुपक्ष्मलचेलाञ्चलेन श्राद्धः प्रमार्जनं करोति ।
त्रिकृत्वो द्वि-त्रिवारं साधू रजोहर(ण)दशाग्रैः ।।२३०।।

શ્રાવક સમાન અને કોમળ દશીવાળા વસ્ત્રના છેડાથી અને સાધુ રજોહરણની દશીઓના અગ્રભાગથી ત્રણવાર બેથી ત્રણ વખત પ્રમાર્જન કરે.

**વિશેષાર્થઃ**— पक्ष्मन् એટલે દશીઓ. पक्ष्मन् શબ્દને वत् અર્થમાં ल પ્રત્યય લાગતાં पक्ष्मल શબ્દ બને છે. पक्ष्मल એટલે દશીઓવાળું. सम અને मृदु

એ पक्ष्मन् શબ્દના વિશેષણો છે. દશીઓ સમાન હોવી જોઈએ, એટલે કે લાંબી-ટૂંકી ન હોવી જોઈએ. અથવા सम શબ્દનો સુંદર અર્થ પણ કરી શકાય. (૨૩૦)

**भावेज्ज य वंदंतो, वन्नाइतियं मणम्मि एगग्गो ।**
**तं पुण भणंति मुणिणो, वन्नत्थालंबणसरूवं ॥२३१॥**

भावयेत् च वन्दमानो वर्णादित्रिकं मनस्येकाग्रः ।
तं पुनर्भणन्ति मुनयो वर्णार्थालम्बनस्वरूपम् ।।२३१।।

ચૈત્યવંદન કરતો જીવ એકાગ્રચિત્તવાળો બનીને મનમાં વર્ણાદિ ત્રિકનું ચિંતન કરે. વર્ણાદિ ત્રિકને મુનિઓ વર્ણ-અર્થ-આલંબન સ્વરૂપ કહે છે.

**વિશેષાર્થઃ—** વર્ણાદિ ત્રિક એટલે વર્ણ-અર્થ અને આલંબન, વર્ણ એટલે અક્ષર, શબ્દ કે સૂત્ર. અર્થ એટલે સૂત્રોનો અર્થ. જેની સમક્ષ ચૈત્યવંદન કરાય તે પ્રતિમાજી વગેરે આલંબન છે. (૨૩૧)

**थुइदंडाईवन्ना, उच्चरियव्वा फुडा सुपरिसुद्धा ।**
**सर-वंजणाइभिन्ना, सपयच्छेया उचियघोसा ॥२३२॥**

स्तुतिदण्डादिवर्णा उच्चरितव्याः स्फुटाः सुपरिशुद्धाः ।
स्वर-व्यञ्जनादिभिन्नाः सपदच्छेदा उचितघोषाः ।।२३२।।

સ્તુતિ અને દંડક વગેરે સૂત્રોના સ્વર-વ્યંજન આદિના ભેદવાળા અક્ષરો સ્પષ્ટ, અતિશય શુદ્ધ, પદછેદ સહિત અને ઉચિત ધ્વનિપૂર્વક બોલવા જોઈએ.

**વિશેષાર્થઃ—** દંડક એટલે આલાવો. નમુત્થુણં વગેરે પાંચ સૂત્રોની દંડક સંજ્ઞા છે. **સ્પષ્ટ** = બીજાને બરોબર સમજાય તે રીતે બોલવું. **અતિશયશુદ્ધ** = કાનો-માત્રા વગેરે જે પ્રમાણે હોય તે પ્રમાણે ઉચ્ચાર કરવો. જ્યાં સ્વર હોય ત્યાં સ્વરનો ઉચ્ચાર કરવો અને જ્યાં વ્યંજન હોય ત્યાં વ્યંજનનો ઉચ્ચાર કરવો. જ્યાં સ્વર હોય ત્યાં વ્યંજનનો ઉચ્ચાર થાય તો અશુદ્ધ ઉચ્ચાર થાય. જેમકે— तम-तिमिर-पडल० એ સ્થળે तम ના સ્થાને तम् બોલવામાં આવે તો અશુદ્ધ ઉચ્ચાર થાય. તે રીતે જ્યાં વ્યંજન હોય ત્યાં સ્વરનો ઉચ્ચાર થાય તો અશુદ્ધ ઉચ્ચાર

થાય. જેમકે– तं धम्मचक्कवट्टिं એ સ્થળે तं ના સ્થાને तम એવો ઉચ્ચાર અશુદ્ધ છે. સૂત્ર બોલવામાં અક્ષર કે પદ રહી ન જાય તે રીતે સૂત્રો બોલવા જોઈએ. **પદછેદસહિત** = દરેક પદ છૂટું છૂટું બોલવું જોઈએ. એક પદનો અક્ષર બીજા પદની સાથે ન ભળવો જોઈએ. જેમકે– મન્નહ જિણાણં સજ્ઝાયમાં परोवयारो अ जयणा य એમ છે. એના બદલે परोवयारो अजयणा य એમ બોલે તો ખોટો અર્થ થાય. જયણાને બદલે અજયણા અર્થ થાય. અહીં अ ને પૂર્વના परोवयारो શબ્દની પછી બોલી, જરાક અટકી પછી जयणा શબ્દ છૂટો પડે તે રીતે બોલવું જોઈએ. **ઉચિત ધ્વનિ પૂર્વક** = બહુ મોટા અવાજે નહિ, તેમ બહુ મંદ અવાજે નહિ, કિંતુ મધ્યમ અવાજે સૂત્રો બોલવા જોઈએ. (૨૩૨)

**चिंतेयव्वो सम्मं, तेसिं अत्थो जहापरिन्नाणं ।**
**सुन्नहिययत्तमिहरा, उत्तमफलसाहगं न भवे ॥२३३॥**

चिन्तयितव्यः सम्यक् तेषामर्थो यथापरिज्ञानम् ।
शून्यहृदयत्वमितरथोत्तमफलसाधकं न भवेत् ।।२३३।।

સૂત્રોનો અર્થ બોધ પ્રમાણે સમ્યક્ વિચારવો જોઈએ. અન્યથા શૂન્યમનસ્કતા (= ઉપયોગનો અભાવ) થાય. શૂન્યમનસ્કતા ઉત્તમફલને સાધનારી ન થાય. (૨૩૩)

**भावारिहंतपमुहं, सरेज्ज आलंबणं पि दंडेसु ।**
**अहवा जिणबिंबाई, जस्स पुरो वंदणाऽऽरद्धा ॥२३४॥**

भावार्हत्-प्रमुखं स्मरेदालम्बनमपि दण्डेषु ।
अथवा जिनबिम्बादि यस्य पुरो वन्दनाऽऽरब्धा ।।२३४।।

દંડક સૂત્રોમાં સંકળાયેલા ભાવઅરિહંત વગેરે આલંબનનું પણ સ્મરણ કરે. અથવા જેની સમક્ષ ચૈત્યવંદન શરૂ કર્યું હોય તે જિનબિંબ આદિ આલંબનનું સ્મરણ કરે. (૨૩૪)

**कयपंचंगपणामो, साणंदो वंदणे पयट्टंतो ।**
**धारेज्ज धीरचित्तो, मुद्दाओ तिन्नि जं भणियं ॥२३५॥**

कृतपञ्चाङ्गप्रणामः सानन्दो वन्दने प्रवर्त्तमानः ।
धारयेद् धीरचित्तो मुद्रास्तिस्रो [1]यद्भणितम् ॥२३५॥

१. 'यद् भणितम्' इति पञ्चाशके यद् भणितमित्यवसेयम् ।

આનંદિત બનેલો, ધીર ચિત્તવાળો અને પંચાંગ પ્રણામ કરીને (= ખમાસમણું આપીને) ચૈત્યવંદનમાં પ્રવૃત્તિ કરતો જીવ ત્રણ મુદ્રાઓને ધારણ કરે. કારણ કે (હવે પછીની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) કહ્યું છે. (૨૩૫)

**पंचंगो पणिवाओ, थयपाढो होइ जोगमुद्दाए ।**
**वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए ॥२३६॥**

पञ्चाङ्गः प्रणिपातः स्तुतिपाठो भवति योगमुद्रायाम् ।
वन्दनं जिनमुद्रायां प्रणिधानं मुक्ताशुक्त्याम् ॥२३६॥

**व्याख्या**-पञ्चाङ्गान्यवयवा विवक्षितव्यापारवन्ति यत्र स पञ्चाङ्गः । प्रणिपातः प्रणिपातदण्डकपाठस्यादाववसाने च प्रणामो भवति कर्तव्य इति शेषः । यद्यपीह पञ्चाङ्गप्रणिपात इत्युक्तं तथापि पञ्चाङ्गमुद्रया प्रणिपात इति द्रष्टव्यम्, मुद्राणामेवाधिकृतत्वात्, तदुक्तं च- - पञ्चाङ्ग्या अपि मुद्रात्वमङ्गविन्यासविशेषरूपत्वाद् योगमुद्रावदिति । तथा स्तवपाठः शक्रस्तवादिस्तवनं भवति कर्तव्य इति शेषः । कयेत्याह– योगमुद्रया वक्ष्यमाणलक्षणया। ननु चतुर्विंशतिस्तवादेरेव पाठो योगमुद्रया विधेयो न तु शक्रस्तवस्य, "तं हि समाकुञ्चितवामजानुर्भूमिविन्यस्तदक्षिणजानुर्ललाटपट्टघटितकरकुड्मलः पठति" इति जीवाभिगमादिष्वभिधीयत इति ? सत्यम्, केवलं नानन्तरोक्तविशेषणयुक्त एव "तं पठतीति नियमोऽस्ति, "पर्यङ्कासनस्थः शिरोऽधिनिवेशितकरकोरकस्तं पठति" इत्यस्यापि ज्ञाताधर्मकथासु दर्शनात् । तथा हरिभद्राचार्येणापि चैत्यवन्दवृत्तौ "क्षितिनिहितजानुकरतलो भुवनगुरौ विनिवेशितनयनमानसः प्रणिपातदण्डकं पठति" इत्यस्य विध्यन्तरस्याभिधानात् । ततोऽस्य पाठे विविधविधिदर्शनात् सर्वेषां च तेषां प्रमाणग्रन्थोक्तत्वेन विनयविशेषभूतत्वेन च

निषेद्धुमशक्यत्वाद्योगमुद्रयापि शक्रस्तवपाठो न विरुध्यते, विचित्रत्वान्मुनिमतानाम्। न चैतानि परस्परमतिविरुद्धानि, सर्वैरपि विनयस्य दर्शितत्वादिति तथा 'वंदणत्ति' इहानुस्वारलोपो द्रष्टव्यः । तेन वंदणं 'अरिहंतचेइयाणं' इत्यादिदण्डकपाठेन जिनबिम्बादिस्तवनम् । जिनमुद्रयोपदेक्ष्यमाणलक्षणया । इयं च पादाश्रिता, योगमुद्रा च हस्ताश्रितेत्युभयोर्वन्दने प्रयोगः । तथा प्रणिधानं शुभार्थप्रार्थनारूपं विशिष्टचित्तैकाग्रतागर्भं 'जय वीयराय' इत्यादिपाठरूपं मुक्ताशुक्त्या निर्देक्ष्यमाणमुद्रया कर्तव्यम् । इति गाथार्थः ।।१७।। (पञ्चाशक ३/१७)

(पंचंगो पणिवाओ) નમુત્થુણ સુત્રને "પ્રણિપાત" (=નમસ્કાર) સૂત્ર કહેવામાં આવે છે. નમુત્થુણંમાં પ્રારંભમાં આવતું 'નમુત્થુણં પદ અને અંતે આવતું 'વંદામિ' પદ એ બે પદો નમુત્થુણંના એટલે કે પ્રણિપાત સૂત્રના હોવાથી એ બે પદોને પણ પ્રણિપાત કહેવામાં આવે છે. તથા ગાથામાં पंचंगो એ પ્રથમા વિભક્તિના સ્થાને તૃતીયા વિભક્તિ વિવક્ષિત છે. એટલે पंचंगो पणिवाओ એ બે પદોનો અર્થ આ પ્રમાણે થાય – 'નમુત્થુણં' અને 'વંદામિ' એ બે પદો पंचांगी (=બે ઢીંચણ, બે હાથ અને મસ્તક એ પાંચ અંગો જમીનને અડે તેમ નમાવવાથી થતી) મુદ્રાથી બોલવાં, જોકે મૂલ ગાથામાં મુદ્રા શબ્દનો ઉલ્લેખ કર્યો નથી, છતાં તે સમજી લેવો. કારણ કે અહીં મુદ્રાનો અધિકાર છે અને પંચાંગી એક પ્રકારની મુદ્રા છે. કહ્યું છે કે- पञ्चाङ्ग्या अपि मुद्रात्वमङ्गविन्यासविशेषरूपत्वाद् योगमुद्रावत् "પંચાંગી પણ મુદ્રા છે. કારણ કે તેમાં યોગ મુદ્રાની જેમ વિશિષ્ટ રીતે અંગોની રચના થાય છે."

(थयपाढो होई जोग मुद्दाए =) સ્તવપાઠ=નમુત્થુણં સૂત્ર યોગ મુદ્રાથી બોલવું.

**પ્રશ્ન :-** ચતુર્વિંશતિસ્તવ (લોગસ્સ) વગેરેનો પાઠ યોગમુદ્રાથી કહેવો જોઈએ, શક્રસ્તવનો નહિ. કારણ કે "ડાબો ઢીંચણ સંકોચીને (ઊંચો રાખીને) અને જમણો ઢીંચણ જમીન ઉપર સ્થાપીને તથા લલાટે અંજલિ કરીને શક્રસ્તવનો પાઠ કરે" એમ જીવાભિગમ વગેરેમાં કહેવામાં આવે છે.

**ઉત્તર :-** તમારું કહેવું સાચું છે. પણ તેવીજ રીતે શક્રસ્તવનો પાઠ કરે એવો નિયમ નથી. કારણ કે જ્ઞાતાધર્મકથાસૂત્રમાં "મસ્તકે અંજલી કરીને પર્યંકાસને

બેસીને શક્રસ્તવનો પાઠ કરે" એવો પાઠ પણ જોવામાં આવે છે. તથા આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પણ ચૈત્યવંદન વૃત્તિમાં (લલિત વિસ્તરા ટીકામાં) "બે ઢીંચણ અને હસ્તતલ જમીન ઉપર સ્થાપીને તથા દૃષ્ટિ અને મનને ભગવાન ઉપર સ્થાપીને નમુત્થુણં સૂત્ર કહે" એવી બીજી વિધિ કહી છે. આમ નમુત્થુણં બોલવામાં ભિન્ન ભિન્ન વિધિઓ છે. તે સર્વ વિધિઓ પ્રમાણ ભૂત ગ્રંથોમાં કહેલી હોવાથી અને વિનય વિશેષરૂપ હોવાથી કોઈ વિધિનો નિષેધ કરી શકાય નહિ. આથી યોગ મુદ્રાથી પણ શક્રસ્તવ બોલવામાં વિરોધ નથી. શક્રસ્તવ બોલવામાં મુનિઓના જે જુદા જુદા મતો છે એ બધા પરસ્પર બહુ વિરુદ્ધ નથી. કારણ કે બધાએ (એ રીતે) વિનય બતાવ્યો છે.

(वंदण जिणमुद्दाए=)'અરિહંત ચેઈયાણં' વગેરે સૂત્રો જિનમુદ્રાથી બોલીને જિનબિંબાદિનું સ્તવન કરવું. જિન મુદ્રાનું સ્વરૂપ હવે કહેવાશે. જિનમુદ્રા પગના આશ્રયવળી છે અને યોગ મુદ્રા હાથના આશ્રયવાળી છે, અર્થાત્ જિન મુદ્રા પગની છે, અને યોગ મુદ્રા હાથની છે. ચૈત્યવંદનમાં એ બંનેનો ઉપયોગ થાય છે.

(पणिहाणं मुत्तसुत्तीए=)પ્રણિધાન એટલે વિશિષ્ટ ચિત્તની એકાગ્રતાથી બોલાય છે અને શુભ અર્થની પ્રાર્થના રૂપે છે તે "જયવીયરાય" ઈત્યાદિ પાઠની પ્રણિધાન સંજ્ઞા છે. પ્રણિધાન મુક્તાશુક્તિ મુદ્રાથી કરવું.

મુક્તાશુક્તિમુદ્રા હવે કહેવાશે. (૨૩૬)

**दो जाणू दोन्नि करा, पंचमयं होइ उत्तमंगं तु ।**
**सम्मं संपणिवाओ, नेओ पंचंगपणिवाओ ॥२३७॥**

द्वौ जानू द्वौ करौ पञ्चमकं भवत्युत्तमाङ्गं तु ।
सम्यक् संप्रणिपातो ज्ञेयः पञ्चाङ्गप्रणिपातः ।।२३७।।

**व्याख्या** - जानुनी अष्ठीवन्तौ । द्वौ करौ हस्तौ । पञ्चममेव पञ्चमकं। भवति वर्तते । उत्तमाङ्गं तु शिर एव । इत्यनेन पञ्चाङ्ग इति व्याख्यातम् । अथ प्रणिपातव्याख्यानायाह- एतैरेव पञ्चभिरङ्गैः । सम्यक्- भक्तितो भून्यासतः यः संप्रणिपातः- प्रणामोऽसौ । ज्ञेयो ज्ञातव्यः । पञ्चाङ्गप्रणिपातः पूर्वोक्तनिर्वचनः । इति गाथार्थः (पञ्चाशक-३-१८)

બે ઢીંચણ બે હાથ અને મસ્તક એ પાંચ અંગોને ભક્તિપૂર્વક જમીનમાં સ્થાપન કરવાથી થતો પ્રણામ એ પંચાંગ પ્રણામ છે. (૨૩૭)

**अन्नोन्नंतरियंगुलिकोसागारेहिं दोहिं हत्थेहिं ।**
**पिट्टोवरि कुप्परसंठिएहिं तह जोगमुद्द त्ति ॥२३८॥**

अन्योन्यान्तरिताङ्गुलिकोशकाराभ्यां द्वाभ्यां हस्ताभ्याम् ।
उदरोपरि कूर्परस्थिताभ्यां तथा योगमुद्रेति ॥२३८॥

**व्याख्या-** 'अण्णोण्णे' त्यादि, अन्योन्येन परस्परेणान्तरिता व्यवहिता अङ्गुल्यः करशाखा ययोस्तौ तथा तौ कोशाकारौ च कमलकोरकाकृती उभयजोडनेनान्योन्यान्तरिताङ्गुलिकोशाकारौ ताभ्यां, द्वाभ्यां हस्ताभ्यां– कराभ्यां– करणभूताभ्यां । पुनः किंभूताभ्याम्? पिट्टस्य-उदरस्योपरि-ऊर्ध्वभागे कूर्पराभ्यां कुहणिकाभ्यां संस्थितौ व्यवस्थितौ यौ तौ तथा ताभ्यां पिट्टोपरिकूर्परसंस्थिताभ्यां । तथा तेन प्रकारेणाचरणागम्येन । अथवा पञ्चाङ्गप्रणिपातापेक्षया समुच्चयार्थस्तथाशब्दः । योगो हस्तयोर्योजनविशेषः समाधिर्वा, तत्प्रधाना मुद्राऽङ्गन्यासविशेषो विघ्नविशेषव्यपोहनसमर्थो योगमुद्रा । भवतीति गम्यते । इतिशब्दो योगमुद्रालक्षणसमाप्तिसंसूचक उपप्रदर्शनार्थो वा । इत्येवंप्रकारा योगमुद्रेत्यर्थः । इति गाथार्थः (पञ्चाशक , ३/१९)

બંને હાથની આંગળીઓને પરસ્પરના આંતરાઓની વચ્ચે રાખીને હથેળીનો આકાર કમળના ડોડા જેવો કરવાથી અને બંને હાથની કોણિઓને પેટ ઉપર રાખવાથી યોગમુદ્રા થાય છે. (આમાં બંને અંગુઠાઓ એક બીજાની સામે જોડાયેલા રહે તે રીતે રાખવા.) જે મુદ્રામાં યોગની મુખ્યતા છે તે યોગમુદ્રા. યોગ એટલે બે હાથની વિશિષ્ટ રચના. અથવા યોગ એટલે સમાધિ. મુદ્રા એટલે શરીરના અંગોની વિશિષ્ટ રચના. યોગની પ્રધાનતાવાળી મુદ્રા તે યોગમુદ્રા. યોગમુદ્રા અમુક પ્રકારના વિઘ્નોનો નાશ કરવામાં સમર્થ છે.

ગાથામાં રહેલો इति શબ્દ યોગમુદ્રાની સમાપ્તિનો સૂચક છે, અથવા ઉપપ્રદર્શનના અર્થમાં છે, અર્થાત્ આવા પ્રકારની યોગમુદ્રા છે એવા અર્થમાં છે. (૨૩૮)

**चत्तारि अंगुलाइं, पुरओ ऊणाइं जत्थ पच्छिमओ ।**
**पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा ॥२३९॥**

चत्वारोऽङ्गुलाः पुरत ऊना यत्र पश्चिमतः ।
पादयोरुत्सर्ग एषा पुनर्भवति जिनमुद्रा ॥२३९॥

**व्याख्या**-चत्वारीति संख्या । अङ्गुलानि प्रतीतानि । तानि च स्वकीयान्येव। पुरतोऽग्रतः । तथा ऊनानि किंचिदूनानि अङ्गुलान्येव । यत्र यस्यां मुद्रायां । पश्चिमतः पश्चिमभागे । पादयोश्चरणयोः, उत्सर्गः परस्परपरित्यागः संसर्गाभावो- ऽन्तरमित्यर्थः। एषाऽसौ । पुनःशब्दो योगमुद्रापेक्षया जिनमुद्राया वैलक्षण्यप्रतिपादनार्थः । भवति संपद्यते । जिनानामर्हतां कृतकायोत्सर्गाणां सत्का, जिना वा विघ्नजेत्री मुद्राऽङ्गन्यासविशेषो जिनमुद्रा । इति गाथार्थः (पञ्चाशक-३-२०)

બે પગ વચ્ચે આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અને પાછળના (= પાનીના) ભાગમાં ચાર આંગળથી કંઈક ઓછું અંતર રાખવાથી જિનમુદ્રા થાય છે. જિન એટલે અરિહંત. કાઉસ્સગ્ગમાં રહેલા જિનની મુદ્રા તે જિનમુદ્રા. અથવા જિન એટલે જિતનાર. મુદ્રા એટલે શરીરના અંગોની વિશિષ્ટ રચના. વિઘ્નોને જિતનારી મુદ્રા તે જિનમુદ્રા. ગાથામાં રહેલો પુનઃશબ્દ યોગમુદ્રાની અપેક્ષાએ જિનમુદ્રા જુદા પ્રકારની છે એ જણાવવા માટે છે. (૨૩૯)

**मुत्तासुत्ती मुद्दा, समा जहिं दो वि गब्भिया हत्था ।**
**ते पुण णिडालदेसे, लग्गा अन्ने अलग्ग त्ति ॥२४०॥**

मुक्ताशुक्तिर्मुद्रा समौ यत्र द्वावपि गर्भितौ हस्तौ ।
तौ पुनर्ललाटदेशे लग्नावन्येऽलग्नाविति ॥२४०॥

**व्याख्या**-मुक्ताशुक्तिरिव मुक्ताशुक्तिः । मुद्रा प्रतीता । इह स्थाने सा भवतीति वाक्यशेषो दृश्यः । समौ नान्योन्यान्तरिताङ्गुलितया विषमौ। यस्यां मुद्रायां। भवतः । ततः गर्भितावुन्नतमध्यौ न तु नीरन्ध्रौ । हस्तौ पाणी । इहैव लक्षणशेषमाह- तौ मुक्ताशुक्तिविधायकौ हस्तौ । पुनःशब्दो लक्षणान्तरत्वद्योतनार्थः । ललाटदेशे भाललक्षणे शरीरभागे । लग्नौ संबद्धौ कार्यौ । अन्ये त्वपरे पुनराचार्याः । अलग्नावसंबद्धौ

ललाटदेश एव । इति एतत् । आहुरिति शेषः । इति गाथार्थः (पञ्चाशक ३/२१)

બે હાથની આંગળીઓ પરસ્પર સામસામી અડેલી રાખી, અંદરથી બંનેય હથેળી પોલી રાખવી, જેથી બહારથી બંને હથેળીનો મધ્યભાગ ઊંચો રહે. આ પ્રમાણે રાખેલા બે હાથ સામસામે અડાડેલી બે મોતીની છીપના આકારે બને છે. આવા બે હાથ લલાટે લગાડવાથી અથવા બીજાઓના મતે લલાટથી દૂર રાખવાથી મુક્તાશુક્તિ મુદ્રા થાય છે. સામ સામે રહેલી મોતીની છીપ જેવી મુદ્રા તે મુક્તાશુક્તિ મુદ્રા. (૨૪૦)

**चोयगो–**

**वन्नाइसु उवओगो, जुगवं कह घडइ एगसमयम्मि ? ।**
**दो उवओगा समए, केवलिणो वि हु न जं इट्ठा ॥२४१॥**

चोदकः–

वर्णादिषूपयोगो युगपत्कथं घटत एकसमये ।
द्वावुपयोगौ समये केवलिनोऽपि खलु न यदिष्टौ ।।२४१।।

**શિષ્ય પ્રશ્ન કરે છે–**

વર્ણ, અર્થ અને આલંબન એ ત્રણમાં એકી સાથે એક સમયે ઉપયોગ કેવી રીતે ઘટે ? કારણકે કેવલીને પણ એક સમયમાં બે ઉપયોગ જિનમતમાં ઈષ્ટ નથી. (૨૪૧)

**आयरिओ–**

**कमसो वि संभवंता, जुगवं नज्जति ते वि भिन्ना वि ।**
**चित्तस्स सिग्घकारित्तणेण एगत्तभावाओ ॥२४२॥**

आचार्यः–

क्रमशोऽपि संभवन्तौ युगपज्ज्ञायेते तावपि भिन्नावपि ।
चित्तस्य शीघ्रकारित्वेनैकत्वभावात् ।।२४२।।

**આચાર્ય ઉત્તર આપે છે–**

બે ઉપયોગ ક્રમશઃ થાય છે = જુદા જુદા સમયે થાય છે. અને બંને

ઉપયોગ ભિન્ન છે. આમ છતાં ચિત્ત અતિશય શીઘ્ર કરનારું હોવાથી (= ઉપયોગનું પરાવર્તન અતિશય ઝડપથી થતું હોવાથી) તે બે ઉપયોગ એક જેવા થઈ જવાના કારણે જાણે એકી સાથે થાય છે એમ જણાય છે. (૨૪૨)

**भणियं च–**

**सव्वत्थ वि पणिहाणं, तग्गयकिरिया-भिहाण-वन्नेसु ।**
**अत्थे विसए य तहा, दिट्ठंतो छिन्नजालाए ॥२४३॥**

भणितं च–

सर्वत्रापि प्रणिधानं तद्गतक्रिया-भिधान-वर्णेषु ।
अर्थे विषये च तथा दृष्टान्तः छिन्नज्वालया ।।२४३।।

**व्याख्या**-सर्वत्रापि समस्तायामपि वन्दनायां । न केवलं तदन्त एवेत्यपिशब्दार्थः । प्रणिधानं चित्तस्योपयोगः कार्यं भवतीति शेषः । सामस्त्यमेव व्यक्तित आह- तत्र वन्दनायां गता आश्रितास्तद्गतास्ते च क्रियाभिधानवर्णाश्चेति विग्रहः । अतस्तेषु । तत्र क्रिया मुद्राविन्यास-मुखस्थगन-भूप्रमार्जन-कायोत्सर्ग–करणादिका, अभिधानानि पदानि, वर्णास्तदेकदेशा अकारादयः । उत्तरस्तथाशब्दः समुच्चयार्थोऽत्र द्रष्टव्यः । अर्थे अर्हदादिपदाभिधेये । तद्गते इति विशेषणमिहाप्यनुसर्तव्यम् । विषये वन्दनाया गोचरे दृष्टिगोचरे वा जिनबिम्बे । चशब्दः समुच्चयार्थ एव । अथैकदैकजीवस्यानेकोपयोगाभावान्न सर्वत्र क्रियादौ प्रणिधानं भवतीत्याशङ्क्याह– दृष्टान्तो निदर्शनम् छिन्नज्वालया इन्धनस्थाग्नित्रुटितार्चिषा । इहेति शेषः, अयमर्थः- यथा छिन्नज्वाला मूलज्वालायामसंबद्धतयोपलभ्यमानापि कथञ्चित्संबद्धेति प्रतिपद्यते तत्परमाणूनां परिणामान्तरापन्नानामवश्यंभावात् । यथा वा गृहान्तर्गतस्य दीपस्य गृहद्वारनिर्गता प्रभा व्यक्ततयाऽनुपलभ्यमानाप्यस्तीति प्रतिपद्यते, गृहान्तराभ्यन्तरे तस्या उपलभ्यमानत्वात्। इह च पक्षे प्रभा ज्वालोच्यते, सा च च्छिन्नाऽन्तरालेऽनुपलब्धेरिति। एवं क्रियादीनामेकत्रोपलभ्यमानमपि प्रणिधानमन्यत्राप्यव्यक्ततयाऽवसेयमिति । अथवा छिन्नज्वाला अलातज्वाला । तस्याः प्रतिनियतदेशवर्तित्वेन च्छिन्नत्वात् । सा च यथा नियतदेशस्थापि भ्राम्यमाणेऽलाते चक्राकारं दण्डाकारं वा दधती स्वावगाहक्षेत्रादन्यत्राप्याशुवृत्तेरव-

भासते। एवं प्रणिधानमपि स्वरूपेणैकत्र वर्तमानमाशुवृत्तेः सर्वत्रावभासत इत्यत्र साधूक्तं सव्वत्थ वि पणिहाणमिति गाथार्थः (पञ्चाशक - ३/२२)

**આ વિષે કહ્યું છે કે–**

સંપૂર્ણ ચૈત્યવંદનમાં ચૈત્યવંદન સંબંધી (૧) ક્રિયા, (મુદ્રા કરવી, મુખ આગળ મુહપત્તિ રાખવી, ભૂમિનું પ્રમાર્જન કરવું, કાયોત્સર્ગ કરવો વગેરે ક્રિયા.) (૨) સૂત્રોનાં પદો, (૩) અકારાદિ વર્ણો, (૪) સૂત્રોનો અર્થ, (૫) જિનપ્રતિમા, આ પાંચમાં ચિત્તનો ઉપયોગ રાખવો જોઈએ.

આ વિષયને સમજવા છિન્નજ્વાલાનું દૃષ્ટાંત છે. જેમ અગ્નિની મૂલજ્વાલામાંથી નવી નવી જ્વાલાઓ નીકળીને મૂલજ્વાલામાંથી છૂટી પડેલી દેખાતી હોવા છતાં મૂલજ્વાલા સાથે સંબંધવાળી માનવી પડે છે. કારણકે છૂટી પડેલી જ્વાલામાંના પરમાણુઓ રૂપાંતર પામીને ત્યાં અવશ્ય હોય છે, અર્થાત્ છૂટી પડેલી જ્વાલાના પરમાણુઓ રૂપાંતર પામી ગયા હોવાથી ત્યાં હોવા છતાં આપણને વ્યક્તરૂપે દેખાતા નથી. અથવા છિન્નજ્વાલા શબ્દનો અર્થ બીજી રીતે છે- એક ઘરમાં રહેલા દીવાની પ્રભા (સામેના) બીજા ઘરમાં દેખાય છે. અહીં પ્રભા મૂળઘરના બારણામાંથી નીકળીને આવી હોવા છતાં આપણને સ્પષ્ટ દેખાતી નથી, છતાં નીકળેલી છે એમ માનવું પડે. કારણકે મૂળ ઘરના બારણામાંથી નીકળ્યા વિના બીજા ઘરમાં આવે શી રીતે ? જેમ અહીં ઘરના બારણામાંથી નીકળેલી પ્રભા દેખાતી ન હોવા છતાં છે એમ માનવું પડે છે.

આ બીજા અર્થમાં જ્વાલા એટલે પ્રભા. છિન્નજ્વાલા એટલે છિન્નપ્રભા. પ્રભા છિન્ન છે = છેદાયેલી છે. કેમકે વચ્ચે દેખાતી નથી. તે પ્રમાણે પ્રસ્તુતમાં મનનો ઉપયોગ ક્રિયા વગેરે કોઈ એકમાં દેખાતો હોવા છતાં બીજે પણ અવ્યક્તરૂપે રહેલો જાણવો.

અથવા જ્વાલા એટલે ઉમાડિયાની જ્વાલા. એ જ્વાલા પ્રતિનિયત સ્થાનમાં રહેલી હોવાથી છિન્ન છે, અર્થાત્ છિન્ન એટલે પ્રતિનિયત સ્થાનમાં રહેલી. ઉમાડિયાની જ્વાલા નિયત સ્થાનમાં રહેલી હોવા છતાં ઉમાડિયાને ગોળ ભમાવવાથી ચક્રાકારને કે દંડાકારને ધારણ કરતી તે જ્વાલાભ્રમણ અતિશીઘ્ર થવાના કારણે

પોતાના નિયત ક્ષેત્રથી અન્યત્ર પણ દેખાય છે.

એવી રીતે મનનો ઉપયોગ પણ સ્વરૂપથી એક સ્થળે રહેલો હોવા છતાં ચિત્તની ગતિ અતિશીઘ્ર થતી હોવાથી બધા સ્થળે જણાય છે. માટે અહીં "બધા સ્થળે ઉપયોગ રાખવો" એ બરોબર કહ્યું છે. (૨૪૩)

**अहवा—**

**केवलिणो उवओगो, वच्चइ जुगवं समत्थनेएसु ।**
**छउमत्थस्स व एवं, अभिन्नविसयासु किरियासु ॥२४४॥**

अथवा—

केवलिन उपयोगो व्रजति युगपत्समस्तज्ञे(ने)येषु ।
छद्मस्थस्य वा एवमभिन्नविषयासु क्रियासु ॥२४४॥

**અથવા—**

કેવળીનો ઉપયોગ સર્વ જ્ઞેયોમાં એકી સાથે પ્રવર્તે છે. એ પ્રમાણે છદ્મસ્થનો પણ ઉપયોગ એક વિષયવાળી અનેક ક્રિયામાં એકી સાથે પ્રવર્તે છે. (૨૪૪)

**तथा चागमः—**

**भिन्नविसयं निसिद्धं, किरियादुगमेगया न एगम्मि ।**
**जोगतिगस्स वि भंगियसुत्ते किरिया जओ भणिया ॥२४५॥**

तथा चागमः—

भिन्नविषयं निषिद्धं क्रियाद्विकमेकदा नैकस्मिन् ।
योगत्रिकस्यापि भङ्गिकसूत्रे क्रिया यतो भणिता ॥२४५॥

**व्याख्या—** इह विलक्षणवस्तुविषयं क्रियाद्वयं निषिद्धम् एकदा, यथोत्प्रेक्षते सूत्रार्थं नयादिगोचरमटति च, तत्रोत्प्रेक्षायां यदोपयुक्तो न तदाटने, यदा चाटने न तदोत्प्रेक्षायामिति, कालस्य सूक्ष्मत्वाद्, विलक्षणविषया (?अविलक्षणविषया) तु योगत्रयक्रियाऽप्यविरुद्धा, यथोक्तम्–'भंगियसुयं गुणंतो वट्टइ तिविहेऽवि जोगंमी' त्यादि, (आवश्यकसूत्रनिर्युक्तिगाथा-१२२७)

આ વિષે આગમનો (આવ. સૂ. વંદન અ. ગાથા ૧૨૨૭) પાઠ આ પ્રમાણે છે—

ભિન્ન ભિન્ન વિષયવાળી બે ક્રિયાનો એકી સાથે (= એક સમયમાં) નિષેધ છે. પણ એક વિષયવાળી બે ક્રિયાનો એકી સાથે નિષેધ નથી. કારણકે ભંગિક સૂત્રમાં મન-વચન-કાયા એ ત્રણે યોગની ક્રિયા કહી છે.

**ટીકાર્થઃ**- ભિન્ન વિષયવાળી બે ક્રિયામાં એકી સાથે ઉપયોગનો નિષેધ છે. જેમકે સૂત્રાર્થનું નય વગેરે સંબંધી ચિંતન કરવું, અને પરિભ્રમણ કરવું એ બે ક્રિયા ભિન્ન વિષયવાળી છે. આથી જ્યારે ચિંતનમાં ઉપયોગ હોય ત્યારે પરિભ્રમણમાં ઉપયોગ ન હોય. જ્યારે પરિભ્રમણમાં ઉપયોગ હોય ત્યારે ચિંતનમાં ઉપયોગ ન હોય. કારણકે કાલ અત્યંત સૂક્ષ્મ છે. પણ સમાન વિષયવાળી તો ત્રણ યોગની પણ ક્રિયા વિરુદ્ધ નથી. કહ્યું છે કે— "ભંગિક શ્રુતને ગણતો સાધુ ત્રણે પ્રકારના યોગમાં વર્તે છે." (પ્રસ્તુતમાં સૂત્ર, અર્થ અને આલંબન એ ત્રણે એક જ ક્રિયા સંબંધી હોવાથી એ ત્રણેમાં એક સાથે ઉપયોગ રહેવામાં બાધ નથી.) (૨૪૫)

**एएण थोत्तपढणं, कुणंति नो जे पयाहिणं देंता ।**
**तेसिं पि कुमइसल्लं, उद्धरियं चेव दट्ठव्वं ॥२४६॥**

एतेन स्तोत्रपठनं कुर्वन्ति नो ये प्रदक्षिणां ददतः ।
तेषामपि कुमतिशल्यमुद्धरितमेव द्रष्टव्यम् ॥२४६॥

આનાથી (= એક સમયમાં ઉપયોગ સંબંધી કરેલા સમાધાનથી) જેઓ પ્રદક્ષિણા આપતી વખતે સ્તોત્રનો પાઠ કરતા નથી તેમનો પણ કુમતિરૂપ શલ્યનો ઉદ્ધાર કરાયેલો જ જાણવો.

**વિશેષાર્થઃ**— એકી સાથે બે ક્રિયામાં ઉપયોગ ન હોય એમ માનીને કેટલાકો પ્રદક્ષિણા આપતાં સ્તોત્રનો પાઠ ન કરાય એમ માને છે. તેમના એ મતનું ૨૪૨ થી ૨૪૫ સુધીની ગાથાઓમાં કરેલા વર્ણનથી ખંડન થઈ ગયું છે. (૨૪૬)

**तिविहं पणिहाणं पुण, मण-वइ-कायाण जं समाहाणं ।**
**राग-द्दोसाभावो, भावत्थो होइ एयस्स ॥२४७॥**

त्रिविधं प्रणिधानं पुनर्मनो-वाक्-कायानां यत्समाधानम् ।
राग-द्वेषाऽभावो भावार्थो भवत्येतस्य ।।२४७।।

મન-વચન-કાયાની સમાધિ એ ત્રણ પ્રકારનું પ્રણિધાન છે. રાગ-દ્વેષનો અભાવ એ પ્રણિધાન શબ્દનો ભાવાર્થ છે. (૨૪૭)

**अहवा–**
**चिंतइ न अन्नकज्जं, दूरं परिहरइ अट्ट-रोद्दाइं ।**
**एगग्गमणो वंदइ, मणपणिहाणं हवइ एयं ॥२४८॥**

अथवा–
चिन्तयते नान्यकार्यं दूरं परिहरत्यार्त्त-रौद्रे ।
एकाग्रमना वन्दते मनःप्रणिधानं भवत्ये(तन्)वम् ।।२४८।।

**અથવા**– ચૈત્યવંદન સિવાય બીજા કાર્યનો વિચાર ન કરે, આર્ત-રૌદ્રધ્યાનનો દૂરથી ત્યાગ કરે, અને એકાગ્ર ચિત્તે ચૈત્યવંદન કરે એ મન પ્રણિધાન છે. (૨૪૮)

**विगहा-विवायरहितो, वज्जिंतो मूय-ढड्डरं सद्दं ।**
**वंदइ सपयच्छेयं, वायापणिहाणमेतं तु ॥२४९॥**

विकथा-विवादरहितो वर्जयन्मूक-ढड्डरं शब्दम् ।
वन्दते सपदच्छेदं वाक्प्रणिधानमेतत्तु ।।२४९।।

વિકથા અને વિવાદ ન કરે, મૂક અને ઢડ્ઢર શબ્દનો ત્યાગ કરે, અને પદછેદ પૂર્વક ચૈત્યવંદનનાં સૂત્રો બોલે એ વચન પ્રણિધાન છે.

**વિશેષાર્થઃ**– મૂંગા માણસની જેમ સૂત્રોનો સ્પષ્ટ ઉચ્ચાર ન કરવો એ મૂક શબ્દ દોષ છે. બહુ મોટા અવાજે સૂત્રો બોલવા એ ઢડ્ઢર શબ્દ દોષ છે. આ

બે દોષો ગુરુવંદનના બત્રીસ દોષોમાં આવે છે. પદછેદ શબ્દનો અર્થ ૨૩૨મી ગાથામાં જણાવ્યો છે. (૨૪૯)

**पेहंत-पमज्जंतो, करेइ उट्ठुण-निसीयणाईयं ।**
**वावारंतररहिओ, वंदइ इय कायपणिहाणं ॥२५०॥**

प्रेक्षमाण-प्रमार्जयन् करोत्युत्थान-निषदनादिकम् ।
व्यापारान्तररहितो वन्दत इति कायप्रणिधानम् ।।२५०।।

બેશવું, ઉઠવું વગેરે ક્રિયા જોઈને અને પુંજીને કરે, તથા ચૈત્યવંદન સિવાયની અન્ય ક્રિયાનો ત્યાગ કરે એ કાયપ્રણિધાન છે. (૨૫૦)

**एयं पुण तिविहं पि हु, वंदंतेणाइओ उ कायव्वं ।**
**जम्हा दहं-तियसारा, सुवंदणा होइ एवं तु ॥२५१॥**

एतत्पुनस्त्रिविधमपि खलु वन्दमानेनाऽऽदितस्तु कर्त्तव्यम् ।
यस्माद्दश-त्रिकसारा सुवन्दना भवत्येवं तु ।।२५१।।

વંદન કરનારાએ પ્રારંભથી જ આ ત્રણ પ્રકારનું પ્રણિધાન કરવું જોઈએ. કારણકે આ પ્રમાણે જ (= પ્રણિધાન કરવાથી જ) દશત્રિકની પ્રધાનતાવાળી સુવંદના થાય છે. (૨૫૧)

**भणियं च–**
**इय दह-तियपरिसुद्धं, वंदणयं जो जिणाण तिक्कालं ।**
**कुणइ नरो उवउत्तो, सो पावइ सासयं ठाणं ॥२५२॥**

भणितं च–
इति दश-त्रिकपरिशुद्धं वन्दनकं यो जिनानां त्रिकालम् ।
करोति नर उपयुक्तः स प्राप्नोति शाश्वतं स्थानम् ।।२५२।।

**કહ્યું છે કે–**

ઉપયોગવાળો જે મનુષ્ય જિનોને આ પ્રમાણે દશત્રિકથી વિશુદ્ધ એવું વંદન ત્રિકાલ કરે છે, તે શાશ્વત સ્થાનને (= મોક્ષપદને) પામે છે. (૨૫૨)

**अन्नं पि तिप्पयारं, वंदणपेरंतभावि पणिहाणं ।**
**जम्मि कए संपुन्ना, उक्कोसा वंदणा होइ ॥२५३॥**

अन्यदपि त्रिप्रकारं वन्दनपर्यन्तभावि प्रणिधानम् ।
यस्मिन् कृते संपूर्णोत्कृष्टा वन्दना भवति ॥२५३॥

ચૈત્યવંદનના અંતે થનારું બીજું પણ ત્રણ પ્રકારનું પ્રણિધાન છે કે જે કર્યે છતે સંપૂર્ણ ઉત્કૃષ્ટ વંદન થાય છે. (૨૫૩)

**चेइयगय साहुगयं, नायव्वं तह य पत्थणारूवं ।**
**एयस्स पुण सरूवं, सविसेसं उवरि वोच्छामि ॥२५४॥**

चैत्यगतं साधुगतं ज्ञातव्यं तथा च प्रार्थनारूपम् ।
एतस्य पुनः स्वरूपं सविशेषमुपरि वक्ष्ये ॥२५४॥

ચૈત્યવંદનના અંતે થનારું ત્રણ પ્રકારનું પ્રણિધાન ચૈત્યવંદન સંબંધી (જાવંતિ ચેઈઆઈ), સાધુ સંબંધી (જાવંત કેવિ સાહૂ), અને પ્રાર્થના સ્વરૂપ (જય વીયરાય) જાણવું. એનું વિશેષ સ્વરૂપ હવે પછી કહીશ. (૨૫૪)

**वंदणविहाणमेयं, संखेवेणं मए समक्खायं ।**
**अभणियपुव्वं सेसं, अवसरपत्तं भणिस्सामि ॥२५५॥**

वन्दनविधानमेतत्संक्षेपेण मया समाख्यातम् ।
अभणितपूर्वं शेषमवसरप्राप्तं भणिष्यामि ॥२५५॥

મેં આ પ્રમાણે સંક્ષેપથી ચૈત્યવંદનની આ વિધિ કહી. બાકી રહેલી વિધિ કે જેને પૂર્વે કહી નથી તેને કહેવાનો અવસર આવશે ત્યારે (૨૬૩ વગેરે ગાથાઓમાં) કહીશ. (૨૫૫)

**अन्नथाऽभणियं पि हु, आयरणाओ मए इमं भणियं ।**
**जडभावदूसियाणं, भव्वाणमणुग्गहट्ठाए ॥२५६॥**

अन्यत्राऽभणितमपि खल्वाचरणातो मयेदं भणितम् ।
जडभावदूषितानां भव्यानामनुग्रहार्थम् ॥२५६॥

અન્યશાસ્ત્રોમાં નહિ કહેલું હોવા છતાં જડતાથી દૂષિત થયેલા ભવ્ય જીવોના અનુગ્રહ માટે આચરણાથી મેં આ કહ્યું છે.

**વિશેષાર્થઃ**— અન્ય શાસ્ત્રોમાં નહિ કહેલું પણ આ ગ્રંથમાં જે જે કહ્યું છે તે બધું આચરણાથી આવેલું કહ્યું છે, અને જડ એવા ભવ્ય જીવોના અનુગ્રહ માટે કહ્યું છે. (૨૫૬)

**सूरिपरंपरपत्तो, अत्थो सत्थे न गंथिओ जाव ।**
**ता घेत्तुं दाउं वा, न तीरए मंदबुद्धीहिं ॥२५७॥**

सूरिपरंपराप्राप्तोऽर्थः शास्त्रे न ग्रथितो यावत् ।
तावद् ग्रहीतुं दातुं वा न तीर्यते (शक्यते) मन्दबुद्धिभिः ।।२५७।।

સૂરિપરંપરાથી આવેલો અર્થ જ્યાં સુધી શાસ્ત્રમાં ગુંથવામાં ન આવ્યો હોય ત્યાં સુધી મંદબુદ્ધિવાળા જીવો તે અર્થને ગ્રહણ કરવા કે બીજાને આપવા માટે સમર્થ બનતા નથી. (૨૫૭)

**सुहगहण-धारणत्थं, तेसिं एयं समासओ रइयं ।**
**फुडवियडपायडत्थं, भणामि सुत्तत्थमेत्ताहे ॥२५८॥**

सुखग्रहण-धारणार्थं तेषामेतत्समासतो रचितम् ।
स्फुटविकटप्रकटार्थं भणामि सूत्रार्थमिदानीम् ।।२५८।।

મંદબુદ્ધિવાળા જીવો એ (= સૂરિપરંપરાથી આવેલા) અર્થને સુખપૂર્વક ગ્રહણ કરી શકે અને ધારણ કરી શકે એ માટે સંક્ષેપથી આ શાસ્ત્ર રચ્યું છે. હવે સ્પષ્ટ અને વિસ્તૃત અર્થ પ્રગટ કરવા માટે આ સૂત્રોના અર્થને કહું છું. (૨૫૮)

**सो पुण [१] पुव्वकईहिं, भणिओ च्चिय ललियवित्थराईसु ।**
**किंतु महामइगम्मो, दुरवगम्मो पागयजणस्स ॥२५९॥**

स पुनः पूर्वकविभिर्भणितः खलु ललितविस्तरादिषु ।
किन्तु महामतिगम्यो दुरवगम्यः प्राकृतजनस्य ।।२५९।।

१. पूर्वकविभिः श्रीहरिभद्रादिभिः ।

તે અર્થ પૂર્વ કવિઓએ "લલિત વિસ્તરા" વગેરેમાં કહેલો જ છે. પણ તે અર્થ તીવ્રમતિમાન પુરુષો વડે જાણી શકાય તેવો હોવાથી સામાન્ય લોક માટે દુર્બોધ છે. (૨૫૯)

**दुक्कररोया विउसा, बाला भणियं पि नेव बुज्झंति ।**
**तो मज्झिमबुद्धीणं, हियत्थमेसो पयासो मे ॥२६०॥**

दुष्कररोचा विदुषा बाला भणितमपि नैव बुध्यन्ते ।
ततो मध्यमबुद्धीनां हितार्थमेष प्रयासो मे ।।२६०।।

બાલ જીવોને રુચિ કરાવવી દુષ્કર છે. બાલ જીવો વિદ્વાનોએ કહેલું પણ સમજતાં જ નથી. તેથી મધ્યમ બુદ્ધિવાળા જીવોના હિત માટે મારો આ પ્રયત્ન છે.

**વિશેષાર્થ:**– વિદ્વાનો તો લલિત વિસ્તરા આદિગ્રંથોથી સૂત્રોના અર્થો જાણી લેશે. બાલજીવો = તદ્દન અજ્ઞાન જીવો સમજાવવા છતાં સમજી શકે નહિ. આથી મધ્યમ બુદ્ધિવાળા જીવો માટે આ ગ્રંથની રચના કરી છે. (૨૬૦)

**जं सम्मवंदणाए, जायइ जीवस्स सुंदरो भावो ।**
**तत्तो पुण कम्मखओ, तओ वि सव्वं सुकल्लाणं ॥२६१॥**

यत्सम्यग्वन्दनायां जायते जीवस्य सुन्दरो भावः ।
ततः पुनः कर्मक्षयस्ततोऽपि सर्वं सुकल्याणम् ।।२६१।।

સમ્યક્ ચૈત્યવંદનથી જીવને શુભ ભાવ થાય છે. શુભ ભાવથી કર્મક્ષય થાય છે. કર્મક્ષયથી સર્વપ્રકારનું સુકલ્યાણ થાય છે.

**વિશેષાર્થ:**– લલિતવિસ્તરા ટીકામાં પ્રારંભમાં જ આ જ ભાવનો શ્લોક સંસ્કૃતમાં છે. તે આ પ્રમાણે–

चैत्यन्दनतः सम्यक्, शुभो भावः प्रजायते ।
तस्मात् कर्मक्षयः सर्वं, ततः कल्याणमश्नुते ॥

ગમે તેવા ચૈત્યવંદનથી શુભ ભાવ ન થાય, કિંતુ સારી રીતે કરેલા ચૈત્યવંદનથી શુભ ભાવ થાય. માટે અહીં સમ્યક્ ચૈત્યવંદનથી એમ કહ્યું છે.

**પ્રશ્નઃ**— અહીં કલ્યાણ થાય એમ ન કહેતાં સુકલ્યાણ થાય છે એમ સુઅક્ષરનો પ્રયોગ કેમ કર્યો ?

**ઉત્તરઃ**— કલ્યાણના સુકલ્યાણ અને કુકલ્યાણ એવા બે ભેદ છે. મોહનીય કર્મના ક્ષય (= ક્ષયોપશમાદિ) પૂર્વક થતા કર્મક્ષયથી સુકલ્યાણ થાય અને મોહનીયકર્મના ક્ષય વિના થતા કર્મક્ષયથી કુકલ્યાણ થાય. કારણકે મોહનીયકર્મના ક્ષય (=ક્ષયોપશમાદિ) વિના થતા કલ્યાણથી (= સુખથી) પરિણામે દુઃખની પ્રાપ્તિ થાય છે. આથી અહીં કુકલ્યાણનો નિષેધ કરવા માટે સુકલ્યાણ એમ સુઅક્ષરનો પ્રયોગ કર્યો છે.

**પ્રશ્નઃ**— સુકલ્યાણ થાય એમ ન કહેતાં સર્વ પ્રકારનું સુકલ્યાણ થાય છે એમ "સર્વપ્રકારનું" શા માટે કહ્યું ?

**ઉત્તરઃ**— સુકલ્યાણના ભૌતિક અને આધ્યાત્મિક એમ બે ભેદ છે. ભૌતિક સુકલ્યાણના પણ મનુષ્યગતિનાં સુખો અને દેવગતિનાં સુખો એમ બે પ્રકારના છે. એમાં પણ અનેક તરતમતા હોય છે. આધ્યાત્મિક સુકલ્યાણમાં પણ અનેક તરતમતા હોય છે. આ સર્વ પ્રકારનું સુકલ્યાણ ચૈત્યવંદનથી થાય છે, એ જણાવવા માટે "સર્વ પ્રકારનું" એમ કહ્યું છે.

ગાથામાં આવેલ यद् પદનો "જેથી = જે કારણથી" એવો અર્થ છે. અને એનો સંબંધ ૨૬૨મી ગાથા સાથે છે. વાક્યની ક્લિષ્ટતા થવાના ભયથી અનુવાદમાં यद् પદનો અર્થ કર્યો નથી. સુજ્ઞોએ સ્વયં સમજી લેવો (૨૬૧)

**सम्मजिणवंदणं पुण, विहाण-अत्थावबोहओ होइ ।**
**तत्थ विहाणं भणियं, सुत्तपयत्थं अओ वोच्छं ॥२६२॥**

संम्यग्जिनवन्दनं पुनर्विधाना-ऽर्थावबोधतो भवति ।
तत्र विधानं भणितं सूत्रपदार्थमतो वक्ष्ये ॥२६२॥

તથા સમ્યક્ચૈત્યવંદન વિધિ અને અર્થબોધથી થાય છે. (આથી વિધિ અને અર્થો કહેવા જોઈએ.) તેમાં વિધિ કહી દીધી છે. આથી હવે સૂત્રપદોના અર્થને કહીશ. (૨૬૨)

**इह साहू सड्ढो वा, चेइयगेहाइउचियदेसम्मि ।**
**जहजोगं कयपूओ, पमोयरोमंचियसरीरो ॥२६३॥**

इह साधुः श्राद्धो वा चैत्यगृहाद्युचितदेशे ।
यथायोगं कृतपूजः प्रमोदरोमाञ्चितशरीरः ।।२६३।।

**धन्नोऽहं कयपुन्नो, अणोरपारम्मि भवसमुद्दम्मि ।**
**जेण मए संपत्तं, जिणवंदणसुत्तबोहित्थं ॥२६४॥**

धन्योऽहं कृतपुण्योऽनवरपारे भवसमुद्रे ।
येन मया संप्राप्तं जिनवन्दनसूत्रबोहित्थम् ।।२६४।।

**एयं परमं तत्तं, कायव्वमिओ वि नाऽवरं भुवणे ।**
**विज्जं पिव मंतं पिव, विहिणाऽऽराहेमि ता एयं ॥२६५॥**

एतत्परमं तत्त्वं कर्त्तव्यमितोऽपि नापरं भुवने ।
विद्यामिव मन्त्रमिव विधिनाऽऽराधये तत एतत् ।।२६५।।

**एवं संवेगरसायणेण सुत्थीभवंतसव्वंगो ।**
**अइयारभीरुयाए, पडिलेह-पमज्जणुज्जुत्तो ॥२६६॥**

एवं संवेगरसायनेन स्व(सु)स्थीभवत्सर्वाङ्गः ।
अतिचारभीरुतया प्रतिलेख(न)-प्रमार्जनोद्युक्तः ।।२६६।।

**उद्दामसरं वेयालिओ व्व पढिऊण सुकइबद्धाइं ।**
**सपराणंदकराइं, मंगलचित्ताइं वित्ताइं ॥२६७॥**

उद्दामस्वरं वैतालिक इव पठित्वा सुकविबद्धानि ।
स्वपरानन्दकराणि मङ्गलचित्राणि वृत्तानि ।।२६७।।

**कयपंचंगपणामो, दाहिणजाणुं महीएँ विणिहट्टु ।**
**इयरं मणा अलग्गं, ठविऊण कयंजलीमउलो ॥२६८॥**

कृतपञ्चाङ्गप्रणामो दक्षिणजानुं मह्यां विनिधृत्य ।
इतरं मनागलग्नं स्थापयित्वा कृताञ्जलिमुकुलः ।।२६८।।

**जिणबिंबपायपंकयविणिवेसियनयणमाणसो धणियं ।**
**अक्खलियाइगुणजुयं, पणिवायथयं(तओ)पढइ ॥२६९॥**

जिनबिम्बपादपङ्कजविनिवेशितनयनमानसोऽत्यर्थम् ।
अस्खलितादिगुणयुतं प्रणिपातस्तवं ततः पठति ।।२६९।।

**'नमोऽत्थु णं अरहंताणं भगवंताणं' इत्यादि ॥**

पूर्णमूलम्--नमु(मो)ऽत्थु णं अर(रि)हंताणं, भगवंताणं ।।१।। आइगराणं, तित्थयराणं, सयंसंबुद्धाणं ।।२।। पुरिसुत्तमाणं, पुरिससिंहाणं, पुरिसवरपुंडरीआणं, पुरिसवरगंधहत्थीणं ।।३।। लोगुत्तमाणं, लोगनाहाणं, लोगहिआणं, लोगपईवाणं, लोगपज्जोअगराणं ।।४।। अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाणं, सरणदयाणं, बोहिदयाणं ।।५।। धम्मदयाणं, धम्मदेसयाणं, धम्मनायगाणं, धम्मसारहीणं, धम्मवरचाउरंतचक्कवट्टीणं ।।६।। अप्पडिहयवरनाणदंसणधराणं विअट्टछउमाणं ।।७।। जिणाणं, जावयाणं, तिन्नाणं, तारयाणं, बुद्धाणं, बोहयाणं, मुत्ताणं, मोअगाणं ।।८।। सव्वन्नूणं, सव्वदरिसीणं, सिव-मयल-मरुअ-मणंत-मक्खय-मव्वाबाह-मपुणराविति-सिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं, नमो जिणाणं जिअभयाणं ।।९।।

(૧) અહીં સાધુ કે શ્રાવક જિનમંદિર આદિમાં ચૈત્યવંદન કરવાને યોગ્ય સ્થાનમાં બેસીને ચૈત્યવંદન કરે.

(૨) શ્રાવક યથાયોગ્ય દ્રવ્યપૂજા કર્યા પછી ચૈત્યવંદન કરે.

(૩) સાધુ કે શ્રાવક કેવા ભાવવાળા થઈને ચૈત્યવંદન કરે તે કહે છે— હર્ષથી રોમાંચિત શરીરવાળા થઈને, હું ધન્ય છું, કૃતપુણ્ય છું, જેથી મેં અપાર ભવસમુદ્રમાં જિનને વંદન કરવાના સૂત્રરૂપી વહાણને પ્રાપ્ત કર્યું છે, આ (= જિનવંદન) પરમતત્ત્વ (= સારભૂત) છે, જગતમાં આ સિવાય બીજું કંઈ પણ કરવા જેવું નથી. તેથી જિનવંદનની વિદ્યાની જેમ કે મંત્રની જેમ (અપ્રમત્તભાવથી)

આરાધના કરું, આ પ્રમાણે સંવેગરૂપી રસાયણથી સ્વસ્થ સર્વ અંગોવાળા બનીને અતિચારથી ભય પામતો હોવાથી પ્રતિલેખન-પ્રમાર્જનમાં તત્પર બનીને સાધુ કે શ્રાવક ચૈત્યવંદન કરે.

(૪) ચૈત્યવંદન કરતાં પહેલાં શું કરે તે કહે છે– ચૈત્યવંદન કરતાં પહેલાં સ્વ-પરને આનંદ કરનારા, સુકવિએ રચેલા, મંગલ કરનારા વિવિધ શ્લોકોને મંગલ પાઠકની જેમ ઊંચા સ્વરે બોલે, અર્થાત્ વિવિધ સુંદર સ્તુતિઓ બોલે.

(૫) કેવી મુદ્રામાં ચૈત્યવંદન કરે તે કહે છે– પંચાંગ પ્રણામ કરીને જમણો ઢીંચણ ભૂમિ ઉપર સ્થાપીને ડાબો ઢીંચણ ભૂમિને કંઈક લાગેલો ન હોય તે રીતે રાખીને, અર્થાત્ ડાબા ઢીંચણને ભૂમિથી કંઈક અદ્ધર રાખીને, મસ્તકે અંજલિ કરીને, ચક્ષુ-મનને જિનબિંબના ચરણકમલમાં અત્યંત સ્થિર કરીને, ''નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં" ઈત્યાદિ પ્રણિપાત સ્તવને 'અસ્ખલિત' આદિ ગુણોથી યુક્ત બોલે.

**વિશેષાર્થઃ**– અસ્ખલિત આદિ ગુણો આ પ્રમાણે છે–

**અસ્ખલિતઃ**– અચકાયા વિના બોલવું, અર્થાત્ જેમ ખેડૂત હળ ખેડે છે ત્યારે પત્થર વગેરેના અવરોધથી હળ ખચકાય છે તેમ સૂત્રો બોલતાં ખચકાવું ન જોઈએ.

**અમીલિતઃ**– ઉતાવળથી પદો એકી સાથે ન બોલી જતાં દરેક પદ છૂટું છૂટું બોલવું.

**અવ્યત્યામ્રેડિતઃ**– જ્યાં અટકવાનું હોય ત્યાં જ અટકવું, ન અટકવાનું હોય ત્યાં ન અટકવું, અર્થાત્ સંપદા પ્રમાણે બોલવું.

**પ્રતિપૂર્ણઃ**— અનુસ્વાર, માત્રા વગેરે દબાઈ ન જાય તેમ શુદ્ધ બોલવું.

**પ્રતિપૂર્ણઘોષઃ**– ઉદાત્ત, અનુદાત્ત (ઊંચેથી, ધીમેથી, લંબાવીને કે ટૂંકાવીને) વગેરે જેવા ઉચ્ચારથી બોલવાનું હોય તેવા ઉચ્ચારથી બોલવું.

**કંઠોષ્ઠવિપ્રમુક્તઃ**— સૂત્રો બાલકની જેમ અસ્પષ્ટ ન બોલતાં સ્પષ્ટ બોલવાં.

**ગુરુવચનોપગતઃ**— સૂત્રો ગુરુ પાસેથી શિખેલાં હોવા જોઈએ. (૨૬૩ થી ૨૬૯)

**एयस्स उ वक्खाणं, संहियमाई कमेण छब्भेयं ।**
**पुव्वपुरिसेहिँ दिट्ठं, उवइट्ठं तह य एवं तु ॥२७०॥**

एतस्य तु व्याख्यानं संहितादि क्रमेण षड्भेदम् ।
पूर्वपुरुषैर्दृष्टमुपदिष्टं तथा चैवं तु ॥२७०॥

પૂર્વ પુરુષોએ સૂત્રનું વ્યાખ્યાન સંહિતા આદિ ક્રમથી છ પ્રકારનું કહેલું છે, અને તે પ્રમાણે જ વ્યાખ્યાન કરવાનો અન્યને ઉપદેશ આપ્યો છે. તે છ પ્રકાર આ પ્રમાણે (= નીચેની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) છે.

**વિશેષાર્થ:**— પહેલાં સંહિતા, પછી પદ, પછી પદાર્થ, એમ ક્રમશઃ વ્યાખ્યાન કરે. (૨૭૦)

**संहिया य पयं चेव, पयत्थो पयविग्गहो ।**
**चालणं पच्चवत्थाणं, वक्खाणं छव्विहं मयं ॥२७१॥**

संहिता च पदं चैव पदार्थः पदविग्रहः ।
चालनं प्रत्यवस्थानं व्याख्यानं षड्विधं मतम् ॥२७१॥

સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન એમ છ પ્રકારનું વ્યાખ્યાન બુધ જનોને સંમત છે.

**વિશેષાર્થ:**— **સંહિતા** = શુદ્ધ ઉચ્ચારપૂર્વક સંપૂર્ણ સૂત્ર બોલી જવું. **પદ** = એક એક પદ છૂટું બોલવું. तदन्तं पदम् (સિ. હે. શ. ૧-૧-૨૦) જે શબ્દના અંતે વિભક્તિ હોય તે પદ છે. **પદાર્થ** = એક એક પદનો અર્થ કહેવો. **પદવિગ્રહ** = સમાસવાળા દરેક પદનો વિગ્રહ કરવો. **ચાલના** = સૂક્ષ્મ તર્ક (= શંકા કે પૂર્વપક્ષ) કરવો. **પ્રત્યવસ્થાન** = ચાલનામાં કરેલી શંકાનું સમાધાન કરવું.

પ્રસ્તુતમાં ''નમુત્થુ ણં અરિહંતાણં'' આટલા સૂત્રની અપેક્ષાએ સંહિતા વગેરે આ પ્રમાણે છે—

(૧) **સંહિતા:**— નમુત્થુ ણં અરિહંતાણં એમ શુદ્ધ ઉચ્ચારથી સૂત્ર બોલવું.

(૨) **પદઃ**— નમો અત્થુ ણં અરિહંતાણં એમ એક એક પદ છૂટું બોલવું.

(૩) **પદાર્થઃ**— નમો પદનો અર્થ પૂજા છે. (નમસ્કાર એક પ્રકારની પૂજા જ છે) પૂજા એટલે દ્રવ્ય-ભાવ સંકોચ કરવો. દ્રવ્ય સંકોચ એટલે વિશિષ્ટ મુદ્રા દ્વારા મસ્તક વગેરેનો સંકોચ. મનની વિશુદ્ધિ ભાવ સંકોચ છે. અત્થુ એટલે થાઓ. થાઓ એ પ્રાર્થના છે. પ્રાર્થના એટલે જે વસ્તુ ન મળી હોય તેની માગણી. નમોऽસ્તુ એટલે મને ભાવ નમસ્કાર કરવાનું સામર્થ્ય મળો. 'ણં' નો કાંઈ અર્થ નથી. 'ણં' વાક્યના અલંકાર માટે = વાક્ય સુશોભિત બને એ માટે બોલાય છે. અરિહંત એટલે દેવ વગેરેથી કરાતા અતિશયરૂપ પૂજાને યોગ્ય.

(૪) **પદવિગ્રહઃ**— આમાં એકેય પદમાં સમાસ ન હોવાથી પદવિગ્રહ નથી.

(૫) **ચાલનાઃ**— પ્રાર્થના ઘટી શકતી નથી. કેમ કે પ્રાર્થના કરવા માત્રથી ઈષ્ટની સિદ્ધિ થતી નથી. માત્ર પ્રાર્થના કરવાથી ભાવ નમસ્કારનું સામર્થ્ય ન મળે—

(૬) **પ્રત્યવસ્થાનઃ**— પ્રાર્થના ઘટી શકે છે. કેમ કે પ્રાર્થનાથી ઈષ્ટની સિદ્ધિ થાય છે. શ્રદ્ધા પૂર્વક પ્રાર્થના કરવાથી ઈષ્ટ પ્રાપ્તિમાં વિઘ્નભૂત કર્મોનો ક્ષય થાય છે, અને એથી ઈષ્ટની પ્રાપ્તિ થાય છે. હા, પ્રાર્થનામાં પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ. પ્રાર્થનાથી ઈષ્ટની સિદ્ધિ થાય, પણ શ્રદ્ધા હોય તો. શ્રદ્ધાપૂર્વકની પ્રાર્થનાથી ઈષ્ટની સિદ્ધિ થાય છે. માટે પ્રાર્થના સફલ છે. (૨૭૧)

**अक्खलियसुत्तुच्चारणरूवा इह संहिया मुणेयव्वा ।**
**सा सिद्धि च्चिय नेया, विसुद्धसुत्तस्स पढणेण ॥२७२॥**

अस्खलितसूत्रोच्चारणरूपेह संहिता ज्ञातव्या ।
सा सिद्धिः खलु ज्ञेया विशुद्धसूत्रस्य पठनेन ।।२७२।।

અસ્ખલિતપણે સૂત્રનું (શુદ્ધ) ઉચ્ચારણ કરવું તેને અહીં સંહિતા જાણવી. તે સંહિતાને વિશુદ્ધ સૂત્ર બોલવા વડે સિદ્ધિ જ જાણવી.

**વિશેષાર્થઃ**— *સિદ્ધિ એટલે કાર્યની સિદ્ધિ. પ્રસ્તુતમાં સૂત્રના અર્થનો*

નિર્ણય કરવો એ કાર્ય છે. સ્ખલના રહિત વિશુદ્ધ સૂત્રોચ્ચાર અર્થ નિર્ણય રૂપ કાર્યની સિદ્ધિ થશે તેનો સૂચક છે. સ્ખલના રહિત વિશુદ્ધ સૂત્રોચ્ચાર અર્થનિર્ણય રૂપ કાર્યની સિદ્ધિનો સૂચક હોવાથી અહીં સંહિતાને સિદ્ધિ કહી છે. (૨૭૨)

**तह संपयनामाई, महापयाइं हवंति नव एत्थ ।**
**अत्थपयणा उ जम्हा, होइ पयं समयभासाए ॥२७३॥**

तथा संपन्नामानि महापदानि भवन्ति नवात्र ।
अर्थपदनात् तु यस्माद्भवति पदं समयभाषायाम् ।।२७३।।

પ્રણિપાત સ્તવમાં જેમની 'સંપદા' એવી સંજ્ઞા છે તે મહાપદો નવ છે, અર્થાત્ સંપદા નવ છે. કારણકે શબ્દશાસ્ત્રની ભાષામાં જે અર્થનું સ્થાન હોય = જેમાં અર્થ રહે તે પદ એવો અર્થ છે. સંપદામાં અર્થ રહે છે માટે સંપદા પદ છે = મહાપદ છે.

**વિશેષાર્થઃ**– શબ્દકોષમાં પદ શબ્દના જણાવેલા અનેક અર્થોમાં 'સ્થાન' અર્થ પણ છે. પદ અને પદન એ બંનેનો એકજ અર્થ છે. આથી અહીં પદન શબ્દનો 'સ્થાન' અર્થ થાય. (૨૭૩)

**आलावयरूवाइं, तेत्तीसं वन्नियाइं सूरीहिं ।**
**ताइं पुण एवं खलु, संपयनवगे विहत्ताइं ॥२७४॥**

आलापकरूपाणि त्रयस्त्रिंशद्वर्णितानि सूरिभिः ।
तानि पुनरेवं खलु संपन्नवके विभक्तानि ।।२७४।।

પદો સૂરિઓએ તેત્રીસ કહ્યાં છે. તે તેત્રીસ પદો નવ સંપદામાં આ પ્રમાણે (નીચેની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) વિભક્ત છે = વિભાગ કરેલા છે.

**વિશેષાર્થઃ**– અહીં પદોને આ ગાથામાં આલાપક સ્વરૂપ કહ્યા છે, ૨૭૫મી ગાથામાં પદોને આલાપ કહ્યા છે. પ્રાકૃતકોશમાં આલાપક શબ્દનો પેરેગ્રાફ, ફકરો એવો અર્થ થાય છે. આને જૈનસંઘમાં વર્તમાનમાં "આલાવો" કહેવામાં આવે છે. આલાવો અનેક પદોના સમૂહ રૂપ છે. એટલે સામાન્યથી તો જ્યાં અનેક પદો હોય ત્યાં આલાપક શબ્દનો પ્રયોગ થાય છે. પણ પ્રસ્તુતમાં એક

પદને પણ આલાપક કહેલ છે. (૨૭૪)

**दो तिय चउरो पंच य, पंच य पंच य दुगं चउक्कं च ।**
**तिन्नेव य आलावा, संपयनवगे अणुक्कमसो ॥२७५॥**

द्वौ त्रयश्चत्वारः पञ्च च पञ्च च पञ्च च द्वौ(द्विकं) चत्वारश्च(चतुष्कं च)।
त्रय एव चालापा संपन्नवकेऽनुक्रमशः ।।२७५।।

નવ સંપદામાં અનુક્રમે બે ત્રણ ચાર પાંચ પાંચ પાંચ બે ચાર ત્રણ પદો છે.

**વિશેષાર્થઃ**– નવ સંપદાનાં નામ આ પ્રમાણે છે– સ્તોતવ્ય, ઓઘહેતુ, વિશેષ હેતુ, ઉપયોગ, તદ્‌હેતુ, વિશેષોપયોગ, સ્વરૂપ, નિજસમફલદ, અને ફળ. સ્તોતવ્ય આદિ દરેક સંપદાનો અર્થ આ પ્રમાણે છે–

(૧) **સ્તોતવ્યઃ**– સ્તોતવ્ય એટલે સ્તુતિ કરવા યોગ્ય. સ્તુતિ કરવા યોગ્ય કોણ છે ? અર્થાત્ કોની સ્તુતિ કરવાની છે તે આ સંપદામાં જણાવ્યું છે.

(૨) **ઓઘહેતુઃ**– ઓઘ એટલે સામાન્ય. અરિહંત શા માટે સ્તોતવ્ય છે તેનાં સામાન્ય કારણો આ સંપદામાં જણાવ્યાં છે.

(૩) **વિશેષહેતુઃ**– અરિહંતો શા માટે સ્તોતવ્ય છે તેનાં વિશેષ કારણો આ સંપદામાં જણાવ્યાં છે.

(૪) **ઉપયોગઃ**– અરિહંત શા ઉપયોગમાં આવે છે ? શો ઉપકાર કરે છે ? તે આ સંપદામાં જણાવેલ છે.

(૫) **તદ્‌હેતુઃ**– અરિહંત કેમ ઉપયોગમાં આવે છે ? કેમ ઉપકાર કરે છે ? એનાં સામાન્ય કારણો આ સંપદામાં જણાવ્યાં છે.

(૬) **વિશેષોપયોગઃ**– આ સંપદામાં અરિહંતનો વિશેષ (=અસાધારણ) ઉપયોગ = ઉપકાર બતાવવામાં આવ્યો છે.

(૭) **સ્વરૂપઃ**– આ સંપદામાં અરિહંતનું અસાધારણ સ્વરૂપ જણાવવામાં આવ્યું છે.

(૮) **નિજસમફલદઃ**– આ સંપદામાં સ્તુતિનું ફલ બતાવ્યું છે. અરિહંતો પોતાને

જેવું ફલ મળ્યું છે તેવું જ ફળ સ્તુતિ કરનારને આપે છે, અર્થાત્ સ્તુતિ કરનારને પોતાના જેવા બનાવે છે તે જણાવવામાં આવ્યું છે.

**(૯) ફલઃ–** અરિહંતો સાધના દ્વારા જે ફળને પામ્યા તે ફલનું આ સંપદામાં વર્ણન છે. (૨૭૫)

**સંપદા અને પદોનું કોષ્ઠક**

| સંપદા | | સૂત્ર | પદ |
|---|---|---|---|
| ૧ | સ્તોતવ્ય | નમુ. અરિ. ભગ. | ૨ |
| ૨ | ઓઘહેતુ | આઈ. તિત્થ. સયંસં. | ૩ |
| ૩ | વિશેષહેતુ | પુરિ. પુરિ. પુરિ. પુરિ. | ૪ |
| ૪ | ઉપયોગ | લોગુ. લોગ. લોગ. લોગ. લોગ. | ૫ |
| ૫ | તદ્દહેતુ | અભય. ચક્ખુ. મગ્ગ. સરણ. બોહિ. | ૫ |
| ૬ | વિશેષોપયોગ | ધમ્મ. ધમ્મ. ધમ્મના. ધમ્મ. ધમ્મ. | ૫ |
| ૭ | સ્વરૂપ | અપ્પડિ. વિયટ્ટ. | ૨ |
| ૮ | નિજસમફલદ | જિણા. તિન્ના. બુદ્ધા. મુત્તા. | ૪ |
| ૯ | ફલ | સવ્વ. સવ્વ. સિવ. નમો જિણાણં જિઅ. | ૩ |

**एएसिं अत्थो पुण, नमो त्ति नमणं इमो मम पणामो ।**
**अत्थु त्ति होउ संपज्जउ त्ति णं वक्कलंकारे ॥२७६॥**

एतेषामर्थः पुनः 'नमः' इति नमनमयं मम प्रणामः ।
'अस्तु' इति भवतु संपद्यतामिति 'णं' वाक्यालङ्कारे ॥२७६॥

એ પદોનો અર્થ આ પ્રમાણે છે– नमो એટલે નમસ્કાર. આ મારો નમસ્કાર अत्थु = થાઓ. णं વાક્યાલંકારમાં છે = વાક્યને સુશોભિત બનાવવા માટે છે. (૨૭૬)

**होउ पणामो एसो, अरहंताणं ति एस संबंधो ।**
**अट्ठविहपाडिहेरं, अरहंती तेण अरहंता ॥२७७॥**

भवतु प्रणाम एषोऽर्हद्भ्य इत्येष संबन्धः ।
अष्टविधप्रातिहार्यमर्हन्ति तेनार्हन्तः ।।२७७।।

અરિહંતોને નમસ્કાર થાઓ એ પ્રમાણે સંબંધ છે. અષ્ટ પ્રાતિહાર્યને યોગ્ય છે માટે અરિહંત કહેવાય છે.

**વિશેષાર્થઃ**— સંસ્કૃતના *अर्हत्* શબ્દમાંથી પ્રાકૃતમાં *अरिहंत* શબ્દ બન્યો છે. अर्हत् એટલે યોગ્ય. કોને યોગ્ય ? અષ્ટ પ્રાતિહાર્યને યોગ્ય. જે અષ્ટ પ્રાતિહાર્યને યોગ્ય હોય તે અરિહંત કહેવાય. (૨૭૭)

**भणियं च—**

**[1] असोगरुक्खो सुरपुप्फवुट्ठी, दिव्वोज्झुणी चामरमासणं च ।**
**भामंडलं दुंदुहि याऽऽयवत्तं, सुपाडिहेराणि जिणाणमेव ॥२७८॥**

भणितं च—

अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यो ध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिश्चातपत्रं सुप्रातिहार्याणि जिनानामेव ।।२७८।।

१. अयं चैवं संस्कृतः श्लोकः—
"अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यो ध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम्" ।।

**કહ્યું છે કે—**

અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન, ભામંડલ, દુંદુભિ અને છત્ર આ આઠ સત્પ્રાતિહાર્યો અરિહંતોને જ હોય.

**વિશેષાર્થ—અશોકવૃક્ષઃ**— સમવસરણના મધ્યભાગમાં અરિહંતની કાયાથી બાર ગણું ઊંચું અને ચોતરફ એક યોજન વિસ્તૃત = પહોળું અશોકવૃક્ષ હોય છે. એનો રંગ લાલ હોય છે.

**સુરપુષ્પવૃષ્ટિઃ**— દેવો સમવસરણમાં ડીટાં નીચે રહે તે રીતે એક યોજન (= સમવસરણની ભૂમિ) સુધી ઘુંટણ જેટલી ઊંચાઈ થાય તેટલાં પુષ્પો વર્ષાવે છે.

**દિવ્યધ્વનિઃ**— ભગવાન માલકોશ રાગમાં દેશના આપે છે. ભગવાનના ધ્વનિને દેવો વીણા વગેરે વાજિંત્રોમાં પૂરે છે = વીણા વગેરે માલકોશ રાગમાં વગાડે છે. આથી ભગવાનનો ધ્વનિ દિવ્ય છે. તે ધ્વનિ યોજન સુધી પહોંચે છે.

**ચામરઃ**— ભગવાનની બંને બાજુ દેવો ચામર વીંજે છે.

**આસનઃ**— સમવસરણમાં આકાશ જેવા સ્વચ્છ સ્ફટિક રત્નનું આસન હોય છે. પ્રભુજી તેના પર બેસીને દેશના આપે છે. એ આસન સિંહના ચિહ્નવાળું હોવાથી સિંહાસન તરીકે ઓળખાય છે.

**ભામંડલઃ**— પ્રભુજીના મસ્તકની પાછળ ભામંડલ હોય છે. ભા એટલે તેજ. ભામંડલ એટલે તેજનું સૂર્યના જેવું ગોળાકાર મંડલ.

**દુંદુભિઃ**— દેવો આકાશમાં પ્રભુની આગળ દુંદુભિ વગાડે છે. દુંદુભિના અવાજથી ભગવાનના આગમનની ખબર પડતાં ચારે બાજુના પ્રદેશોમાં રહેલા લોકો પ્રભુના દર્શન-વંદન-ધર્મોપદેશ શ્રવણ માટે દોડી આવે છે.

**છત્રઃ**— સમવસરણમાં ભગવાનના મસ્તક ઉપર પછી પછીનું છત્ર મોટું હોય તે રીતે ત્રણ છત્ર હોય છે.

અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, અને દિવ્યધ્વનિ સિવાય પાંચ પ્રાતિહાર્યો વિહારમાં પણ ભગવાનની સાથે હોય છે. (૨૭૮)

**अरहंति वंदणनमंसणाणि अरहंति पूयसक्कारं ।**
**सिद्धिगमणं च अरिहा, अरहंता तेण वुच्चंति ॥२७९॥**

*अर्हन्ति वन्दन-नमस्यनान्यर्हन्ति पूजासत्कारम् ।*
सिद्धिगमनं चार्हाः अर्हन्तस्तेनोच्यन्ते ॥२७९॥

**व्याख्या—**'अर्ह पूजायाम्', अर्हन्तीति 'पचाद्यच्' कर्तरि अर्हाः, किमर्हन्ति? वन्दननमस्करणे, तत्र वन्दनं शिरसा, नमस्करणं वाचा, तथाऽर्हन्ति पूजासत्कारं, तत्र वस्त्रमाल्यादिजन्या पूजा, अभ्युत्थानादि सम्भ्रमः सत्कारः, तथा 'सिद्धिगमनं चार्हन्ति' सिद्ध्यन्ति- निष्ठितार्था भवन्त्यस्यां प्राणिन इति सिद्धिः- लोकान्तक्षेत्रलक्षणा, वक्ष्यति च-'इह बोंदिं चइत्ता णं तत्थ गंतूण सिज्झइ' तद्गमनं च प्रत्यर्हा इति, 'अरहंता तेण

वुच्चंति' प्राकृतशैल्या अर्हास्तेनोच्यन्ते, अथवा अर्हन्तीत्यर्हन्त इति गाथार्थः ।।९२१।। (आवश्यकसूत्रनिर्युक्तिगाथा-९२१)

વંદન-નમસ્કારને યોગ્ય છે, પૂજા- સત્કારને યોગ્ય છે, સિદ્ધિગતિમાં જવાને યોગ્ય છે. તે અરિહંત કહેવાય છે.

**ટીકાર્થઃ**— મસ્તકથી નમવું તે વંદન. નમસ્કાર થાઓ ઈત્યાદિ વાણીથી નમસ્કાર કરવો તે નમસ્કાર. વસ્ત્ર-માલ્ય આદિનું અર્પણ કરવું તે પૂજા. અભ્યુત્થાન આદિથી આદર કરવો તે સત્કાર. જેમાં જીવો કૃતકૃત્ય બને છે તે સિદ્ધિ. લોકના અંતે આવેલા ક્ષેત્રને (એક યોજનના છેલ્લા ગાઉના છેલ્લા છઠ્ઠા ભાગને) સિદ્ધિ કહેવામાં આવે છે. જ્યારે સર્વ કર્મોનો ક્ષય થાય ત્યારે શરીરને અહીં છોડીને લોકના અંતે આવેલા ક્ષેત્રમાં જઈને જીવ સિદ્ધ થાય છે. (૨૭૯)

**उत्तमगुणसंपन्ना अरिहा, जोग्ग त्ति तेसि ते अंता ।**
**भुवणे वि जेण नन्नो, तेहिंतो उत्तमो अत्थि ॥२८०॥**

उत्तमगुणसंपन्ना अर्हा योग्या इति तेषां तेऽन्ताः ।
भुवनेऽपि येन नान्यस्तेभ्य उत्तमोऽस्ति ।।२८०।।

જે ઉત્તમ ગુણોથી સંપન્ન (= યુક્ત) હોય તે અર્હ એટલે કે યોગ્ય કહેવાય છે. ઉત્તમ ગુણોથી સંપન્ન પુરુષોમાં તે છેલ્લા છે, અર્થાત્ સર્વાધિક ગુણથી સંપન્ન છે. કારણકે ત્રણે ભુવનમાં તેમનાથી અધિક ઉત્તમગુણ સંપન્ન બીજો કોઈ નથી. (૨૮૦)

**न रहंति न चिट्ठंती, भवम्मि जं तेण वा वि अरहंता ।**
**अहव रहो पच्छन्नं, अंतो वा नत्थि नाणस्स ॥२८१॥**

न वसन्ति न तिष्ठन्ति भवे यत्तेन वाप्यऽरहन्तः ।
अथवा रहः प्रच्छन्नमन्तो वा नास्ति ज्ञानस्य ।।२८१।।

અથવા रह એટલે વસવું. સંસારમાં નથી વસતા એટલે કે સંસારમાં રહેતા નથી તેથી અરિહંત કહેવાય છે. અથવા અરિહંત શબ્દ रहस् અને अन्त એ

બે શબ્દોથી બન્યો છે. रहस् એટલે ગુપ્ત. જેમના જ્ઞાનમાં કાંઈ ગુપ્ત નથી અને અંત નથી તે અરિહંત. અરિહંતોને કેવલજ્ઞાન હોય છે. એથી એમના જ્ઞાનમાં કોઈ વસ્તુ ગુપ્ત નથી. તથા કેવલજ્ઞાનનો અંત નથી માટે અંતથી રહિત છે. (૨૮૧)

**अहवा अरिणो सत्तू, हंतारो तेसि तेण अरिहंता ।**
**अट्ठविहकम्मपमुहा, ते नेया जेणिमं सुत्तं ॥२८२॥**

अथवाऽरयः शत्रवो हन्तारस्तेषां तेनाऽरिहन्ताः ।
अष्टविधकर्मप्रमुखास्ते ज्ञेया येनेदं सूत्रम् ।।२८२।।

અથવા અરિહંત શબ્દમાં અરિ અને હંત એમ બે શબ્દ છે. તેમાં અરિ એટલે શત્રુ. હંત એટલે હણનાર. શત્રુઓને હણનારા છે તેથી અરિહંત કહેવાય છે. અહીં આઠ પ્રકારના કર્મો વગેરેને શત્રુ જાણવા. કેમકે આ (નીચેની ગાથાઓ કહેવાશે તે) સૂત્ર છે. (૨૮૨)

**अट्ठविहं पि य कम्मं, अरिभूयं होइ सव्वजीवाणं ।**
**तं कम्ममरिं हंता, अरिहंता तेण वुच्चंति ॥२८३॥**

अष्टविधमपि च कर्म्मारिभूतं भवति सर्वजीवानाम् ।
तं कर्मारिं हन्ता अरिहन्ताः तेनोच्यन्ते ।।२८३।।

**व्याख्या–**'अष्टविधमपि' अष्टप्रकारमपि, अपिशब्दादुत्तरप्रकृत्यपेक्षयाऽनेकप्रकारमपि, चशब्दो भिन्नक्रमः, स चावधारणे, ज्ञानावरणादि, ततश्चाष्टविधं कर्मैव 'अरिभूतं' शत्रुभूतं भवति 'सर्वजीवानां' सर्वसत्त्वानामनवबोधादिदुःखहेतुत्वादिति भावः, पश्चार्द्धं पूर्ववत्, एवंविधा अरिहन्तार इति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्ति गाथा – ९२०)

જ્ઞાનાવરણીય વગેરે આઠેય પ્રકારનું કર્મ જ સર્વ જીવોનું શત્રુરૂપ છે. કારણ કે અજ્ઞાનતા વગેરે દુ:ખોનું કારણ છે. ઉત્તરપ્રકૃતિઓની અપેક્ષાએ કર્મ અનેક પ્રકારનું પણ છે. કર્મરૂપી શત્રુને હણનારા હોવાથી અરિહંત કહેવાય છે. (૨૮૩)

**राग-द्दोस कसाए, इंदियाणि वि पंच वि ।**
[1] **एए अरिणो हंता, अरिहंता तेण वुच्चंति ॥२८४॥**

राग-द्वेष-कषायाः इन्द्रियाण्यपि पञ्चापि ।
एतेषां अरीणां हन्तारः अरिहन्तारः तेनोच्यन्ते ।।२८४।।

२. 'अत्र प्राकृतशैल्या छान्दसत्वात् 'सुपां सुपि' इत्यादिलक्षणतः एतेषामरीणां हन्तारः' इत्यावश्यकटीकायां सूनुर्याकिन्या महत्तरायाः ।

રાગ-દ્વેષ, કષાય, પાંચેય ઇંદ્રિયો શત્રુ છે. રાગ-દ્વેષાદિ શત્રુઓને હણનારા હોવાથી અરિહંત કહેવાય છે. (૨૮૪)

**संसारवल्लरे जं, पुणो न रोहंति खीणकम्मत्ता ।**
**अरुहंता णं तेसिं, होउ नमो वा वि जं भणियं ॥२८५॥**

संसारवल्लरे यत्पुनर्न रोहन्ति क्षीणकर्मत्वात् ।
अरुहन्तः तेषां भवतु नमो वापि यद्भणितम् ।।२८५।।

**दड्ढम्मि जहा बीए, न होइ पुण अंकुरस्स उप्पत्ती ।**
**तह कम्मबीयविरहे, भवंकुरस्सावि नो भावो ॥२८६॥**

दग्धे यथा बीजे न भवति पुनरङ्कुरस्योत्पत्तिः ।
तथा कर्मबीजविरहे भवाङ्कुरस्यापि नो भावः ।।२८६।।

અથવા ઉગવું અર્થવાળા रुह् ધાતુથી અરિહંત શબ્દ બન્યો છે. સઘળાં કર્મો ક્ષીણ થઈ ગયા હોવાથી જે સંસારરૂપી જંગલમાં ફરી ઊગતા નથી = જન્મ પામતા નથી તે અરિહંત. તેમને નમસ્કાર થાઓ. આ વિષે કહ્યું છે કે— જેવી રીતે બીજ બળી જતાં તેમાંથી ફરી અંકુરની ઉત્પત્તિ થતી નથી, તે રીતે કર્મ રૂપી બીજના અભાવમાં ભવરૂપી અંકુરની પણ ઉત્પત્તિ થતી નથી. (૨૮૫-૨૮૬)

**नामाइचउब्भेया, अरहंता जिणमयम्मि सुपसिद्धा ।**
**भावपडिवत्तिहेउं, भगवंताणं ति तो भणियं ॥२८७॥**

नामादिचतुर्भेदा अर्हन्तो जिनमते सुप्रसिद्धाः ।
भावप्रतिपत्तिहेतुं भगवद्भ्य इति ततो भणितम् ।।२८७।।

નામ વગેરે ચાર પ્રકારના અરિહંતો જિનશાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે. એ ચાર પ્રકારમાંથી અહીં ભાવ અરિહંતનું ગ્રહણ કરવા માટે ભગવંતાણં એ પ્રમાણે

કહ્યું છે.

**વિશેષાર્થઃ**— અરિહંતનાં નામો તે નામ અરિહંત. અરિહંતની પ્રતિમાઓ તે સ્થાપના અરિહંત. અરિહંત બન્યા પહેલાની અને પછીની અવસ્થા તે દ્રવ્ય અરિહંત છે. તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યા પછી કેવલજ્ઞાન ન પામે ત્યાં સુધી તે આત્મા દ્રવ્ય અરિહંત કહેવાય છે. તથા નિર્વાણ પામ્યા પછી સિદ્ધાવસ્થામાં રહેલ અરિહંત પણ દ્રવ્ય અરિહંત કહેવાય છે. કારણકે ભાવ અરિહંતની પૂર્વની અવસ્થા અને પછીની અવસ્થા તે દ્રવ્ય અરિહંત કહેવાય છે. કેવલજ્ઞાન પામે ત્યારથી મોક્ષમાં ન જાય ત્યાં સુધી ભાવ અરિહંત કહેવાય. (૨૮૭)

**तत्थ भगो छब्भेओ, ईसरियाईण जं समग्गत्तं ।**
**ईसरियं रूव-जसो-सिरि-धम्म-पयत्तमेएसिं ॥२८८॥**

तत्र भगः ³षड्भेद ऐश्वर्यादीनां यत्समग्रत्वम् ।
ऐश्वर्यं रूप-यशः-श्री-धर्म-प्रयत्नमेतेषाम् ॥२८८॥

३. ऐश्वर्यस्य समग्रस्य रूपस्य यशसः श्रियः । धर्मस्याथ प्रयत्नस्य षण्णां भग इतीङ्गना ॥ इति प्रज्ञापनावृत्तौ भगवत्-शब्दविवेचने श्रीमलयो भगवान् ।

ભગવંતાણં પદમાં ભગ છ પ્રકારનો છે. ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્ન આ છનું સમગ્રપણું (= સંપૂર્ણપણું) તે ભગ કહેવાય છે.

**વિશેષાર્થઃ**— સમગ્ર (= ઉત્કૃષ્ટ) ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્ન આ છની 'ભગ' એવી સંજ્ઞા છે. આ છ ભગ જેને હોય તે ભગવંત કહેવાય. (૨૮૮)

**ईसरियं पि पहुत्तं, ससुरासुरमणुयजीवलोगस्स ।**
**एएसिं संपुन्नं, रूवं पि जमाऽऽगमे भणियं ॥२८९॥**

ऐश्वर्यमपि प्रभुत्वं ससुराऽसुरमनुजजीवलोकस्य ।
एतेषां संपूर्णं रूपमपि यदागमे भणितम् ॥२८९॥

**सव्वसुरा जइ रूवं, अंगुट्ठपमाणयं विउव्वेज्जा ।**
**जिणपायंगुट्ठं पइ, न सोहए तं जहिंगालो ॥२९०॥**

सर्वसुरा यदि रूपमङ्गुष्ठप्रमाणकं विकुर्युः ।
जिनपादाङ्गुष्ठं प्रति न शोभते तद् यथाऽङ्गारः ।।२९०।।

**व्याख्या**--कीदृग् भगवतो रूपमित्यत आह-- सर्वसुरा यदि रूपमशेषसुन्दररूपनिर्माणशक्त्या अङ्गुष्ठप्रमाणकं विकुर्वीरन् , तथापि जिनपादाङ्गुष्ठं प्रति न शोभते तद् यथाऽङ्गार इति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्तिगाथा – ५६९)

ઐશ્વર્ય એટલે પ્રભુતા. અરિહંત સુર-અસુર સહિત મનુષ્યરૂપ જીવલોકના પ્રભુ હોવાથી તેમનામાં સંપૂર્ણ પ્રભુતા છે. અરિહંતોનું રૂપ પણ સંપૂર્ણ = સર્વોત્કૃષ્ટ હોય છે. આગમમાં કહ્યું છે કે– "જો બધા દેવો ભેગા મળીને બધા દેવોનું રૂપ એકઠું કરીને તેમાંથી સાર ખેંચીને એક અંગુઠા પ્રમાણ રૂપ કરે તો તે રૂપ પ્રભુના પગના અંગુઠાના રૂપ આગળ અંગારાની જેમ શોભે નહિ, અર્થાત્ અંગારા જેવું ઝાંખું દેખાય." (૨૮૯-૨૯૦)

**भरियभुवणंतरालो, गोखीर-तुसार-हार-ससिधवलो ।**
**तेलोक्के गिज्जंतो, जसो वि एएसि पडिपुन्नो ॥२९१॥**

भरितभुवनान्तरालं गोक्षीर-तुषार-हार-शशिधवलम् ।
त्रैलोक्ये गीयमानं यशोऽप्येतेषां प्रतिपूर्णम् ।।२९१।।

અરિહંતોનું ભુવનના અંતરાલોને ભરી દેનારું, ગાયના દૂધ જેવું, હિમ જેવું, હાર જેવું, અને ચંદ્ર જેવું નિર્મલ અને ત્રણે લોકમાં ગવાતું યશ પણ સર્વોત્કૃષ્ટ હોય છે (૨૯૧)

**पायारो-सरणाई, बाहिरलच्छी इमेसि संपुन्ना ।**
**केवलियनाण-दंसणपामोक्खा अंतरंगा वि ॥२९२॥**

प्राकारा-ऽवसरणादिर्बाह्यलक्ष्मीरेषां संपूर्णा ।
*केवलिकज्ञान-दर्शनप्रमुखा अन्तरङ्गा अपि ।।२९२।।*

અરિહંતોની ત્રણ ગઢ અને સમવસરણ વગેરે બાહ્ય લક્ષ્મી સર્વોત્કૃષ્ટ હોય છે, અને કેવલજ્ઞાન-કેવલદર્શન વગેરે આંતરિક લક્ષ્મી પણ સર્વોત્કૃષ્ટ હોય છે. (૨૯૨)

**धम्मो वि हु एएसिं, संपुन्नो चेव हेउ-फलरूवो ।**
**जं तेहिंतो वि वरं, धम्मफलं तिहुयणे नत्थि ॥२९३॥**

धर्मोऽपि खल्वेतेषां संपूर्ण एव हेतु-फलरूपः ।
यत्तेभ्योऽपि वरं धर्मफलं त्रिभुवने नास्ति ।।२९३।।

અરિહંતોને હેતુરૂપ અને ફલરૂપ ધર્મ પણ સર્વોત્કૃષ્ટ જ હોય છે. કારણકે તેમને જે શ્રેષ્ઠ ધર્મફલ મળે છે તે ત્રણે ભુવનમાં નથી = ત્રણે ભુવનમાં કોઈનેય મળતું નથી.

**વિશેષાર્થ:**— સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ હેતુ રૂપ ધર્મ છે. સમ્યગ્દર્શન આદિની આરાધનાથી જે ફળ મળે તે ફલરૂપ ધર્મ છે. સમ્યગ્દર્શન આદિની આરાધનાથી આંતરિક અને બાહ્ય એમ બે પ્રકારના ફળની પ્રાપ્તિ થાય છે. ક્ષમાદિગુણોની પ્રાપ્તિ એ આંતરિક ફળ છે. સ્વર્ગાદિ બાહ્ય સુખોની પ્રાપ્તિ એ બાહ્ય ફળ છે. અરિહંતોને આ બંને પ્રકારનું ફળ સર્વોત્કૃષ્ટ મળે છે. ક્ષમાદિ ગુણો અરિહંતોમાં જેવા હોય છે તેવા બીજા કોઈમાં હોતા નથી. તીર્થંકરપદની પ્રાપ્તિ એ સર્વોત્કૃષ્ટ બાહ્ય ફળ છે. આ ફળ અરિહંતોને જ મળે છે.

અથવા પાંચ મહાવ્રતો એ હેતુ ધર્મ છે, અને ક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ ફલધર્મ છે. કેમ કે ક્ષમાદિ સાધ્ય છે અને પાંચ મહાવ્રતો તેનું સાધન = હેતુ છે. પાંચ મહાવ્રતો અને ક્ષમાદિ અરિહંતોમાં સર્વોત્કૃષ્ટ હોય છે. (૨૯૩)

**धम्मोज्जमो पयत्तो, संपुन्नो चेव लोगनाहाणं ।**
**करसंठिए वि मोक्खे, करेंति धम्मुज्जमं जेण ॥२९४॥**

धर्मोद्यमः प्रयत्नः संपूर्ण एव लोकनाथानाम् ।
करसंस्थितेऽपि मोक्षे कुर्वन्ति धर्मोद्यमं येन ।।२९४।।

લોકનાથ એવા અરિહંતોનો ધર્મમાં ઉદ્યમ કરવા રૂપ પ્રયત્ન પણ સર્વોત્કૃષ્ટ હોય છે. કારણકે મોક્ષ હાથમાં રહેલો હોવા છતાં ધર્મમાં ઉદ્યમ કરે છે. (૨૯૪)

**तित्थयरो चउनाणी, सुरमहिओ सिज्झियव्वयधुवम्मि ।**
**अणिगूहियबलविरिओ, सव्वत्थामेण उज्जमइ ॥२९५॥**

तीर्थकरश्चतुर्ज्ञानी सुरमहितः सेद्धव्यकध्रुवे ।
अनिगूहित-बलवीर्यः सर्वस्थाम्नोद्यच्छति ।।२९५।।

તીર્થંકર ચાર જ્ઞાનના ધણી હોય છે, દેવથી પૂજાયેલા હોય છે, અને અવશ્ય મોક્ષમાં જવાના હોય છે, છતાં બલ અને વીર્યને છૂપાવ્યા વિના સર્વ પ્રકારના પરાક્રમથી (મોક્ષ મેળવવા) ઉદ્યમ કરે છે. (૨૯૫)

**एसो छब्भेयभगो, विज्जइ जं तेसि तेण भगवंता ।**
**तेसिं लोगपहूणं, अत्थु नमो संपया पढमा ॥२९६॥**

एष षड्भेदभगो विद्यते यत्तेषां तेन भगवन्तः ।
तेषां लोकप्रभूणामस्तु नमः संपत्प्रथमा ।।२९६।।

આ છ પ્રકારનો ભગ અરિહંતોને હોય છે; માટે તે ભગવંત કહેવાય છે. લોકના પ્રભુ એવા તે અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. આ પહેલી સંપદા છે. (૨૯૬)

**इह पुण छट्ठविभत्ती, चउत्थिअत्थम्मि होइ दट्ठव्वा ।**
**पुव्वमुणीहिँ पढिज्जइ, जं पाइयलक्खणे एवं ॥२९७॥**

इह पुनः षष्ठीविभक्तिः चतुर्थ्यर्थे भवति द्रष्टव्या ।
पूर्वमुनिभिः पठ्यते यत्प्राकृतलक्षण एवम् ।।२९७।।

"અરિહંતાણં" પદમાં છટ્ઠી વિભક્તિ ચોથી વિભક્તિના અર્થમાં જાણવી. કારણકે પ્રાકૃત વ્યાકરણમાં પૂર્વ મુનિઓ આ પ્રમાણે (= નીચેની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) કહે છે. (૨૯૭)

**बहुवयणेण दुवयणं, छट्ठविभत्तीए भन्नइ चउत्थी ।**
**जह हत्था तह पाया, नमोऽत्थु देवाहिदेवाणं ॥२९८॥**

बहुवचनेन द्विवचनं षष्ठीविभक्तौ भण्यते चतुर्थी ।
यथा हस्तौ तथा पादौ नमोऽस्तु देवाधिदेवेभ्यः ।।२९८।।

બહુવચનથી જ દ્વિવચન, અને છઠ્ઠી વિભક્તિથી જ ચોથી વિભક્તિ કહેવાય છે. જેમકે– हत्था અને पाया અહીં બહુવચન છે. પણ બે હાથ અને બે પગ એવો અર્થ છે. नमोऽत्थु देवाहिदेवाणं = દેવાધિદેવોને નમસ્કાર થાઓ. અહીં છઠ્ઠી વિભક્તિ ચોથી વિભક્તિના અર્થમાં છે. (૨૯૮)

**आइगरा ते भणिया, जम्हा उप्पन्नकेवला सव्वे ।**
**आइं कुणंति नियमा, सुयधम्म-चरित्तधम्माणं ॥२९९॥**

आदिकरास्ते भणिता यस्मादुत्पन्नकेवलाः सर्वे ।
आदिं कुर्वन्ति नियमात् श्रुतधर्म-चारित्रधर्माणाम् ।।२९९।।

અરિહંતોને "આદિકર" કહ્યા છે. કેમ કે બધા અરિહંતો કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં નિયમા શ્રુતધર્મ અને ચારિત્રધર્મની આદિને કરે છે. અર્થાત્ શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મનો સર્વપ્રથમ ઉપદેશ આપે છે.

**વિશેષાર્થઃ**– જો કે દ્વાદશાંગી ક્યારેય ન હોય, ક્યારેય ન હતી અને ક્યારેય નહી હોય એવું બનતું નથી, અર્થાત્ દ્વાદશાંગી શાશ્વતી છે. પણ તે વાત અર્થની અપેક્ષાએ છે, અર્થાત્ અર્થની અપેક્ષાએ દ્વાદશાંગી શાશ્વતી છે. શબ્દની અપેક્ષાએ તો દરેક તીર્થંકરના શાસનમાં દ્વાદશાંગીની રચના થાય છે. તે રચનામાં તેમનો તેવો અતિશય હોવાથી અરિહંતો શ્રુતધર્મની આદિ કરનારા છે. (૨૯૯)

**जओ–**

**अत्थं भासइ अरिहा, सुत्तं गंथंति गणहरा निउणं ।**
**सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तइ ॥३००॥**

यतः–

अर्थं भाषतेऽर्हन् सूत्रं ग्रथ्नन्ति गणधराः निपुणम् ।
शासनस्य हितार्थाय ततः सूत्रं प्रवर्त्तते ।।३००।।

**व्याख्या**—गाथेयं प्रायो निगदसिद्धैव, चालना प्रत्यवस्थानमात्रं त्वभिधियते, कश्चिदाह– अर्थोऽनभिलाप्यः, तस्य अशब्दरूपत्वात्, अतस्तं कथमसौ भाषत इति, उच्यते, शब्द एव अर्थप्रत्यायनकार्यत्वाद् उपचारतः खलु अर्थ इति, यथा आचारवचनत्वाद् आचार इत्यादि, 'निपुणं' सूक्ष्मं बह्वर्थं च, नियतगुणं वा निगुणं, सन्निहिताशेषसूत्रणमिति यावत्, पाठान्तरं वा 'गणहरा निपुणा निगुणा वा' ।।९२।।(आवश्यकसूत्रनिर्युक्तिगाथा-९२)

**કારણકે—**

અરિહંતો અર્થને કહે છે. ગણધરો શાસનના હિત માટે નિપુણ (= નિર્દોષ) સૂત્રોની રચના કરે છે. ત્યારબાદ સૂત્ર પ્રવર્તે છે.

**વિશેષાર્થ:**— તીર્થંકરો પોતાના ગણધર શિષ્યોને उप्पन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा એ ત્રિપદી (= ત્રણ પદો) કહે છે. આનો અર્થ આ પ્રમાણે છે— વિશ્વના સમસ્ત પદાર્થો ઉત્પન્ન થાય છે, એ જ સમયે નાશ પામે છે, અને એ જ સમયે સ્થિર રહે છે. આ ત્રિપદી સાંભળતાં જ તીર્થંકરનામ કર્મના પ્રભાવથી અને ગણધરોની વિશિષ્ટ યોગ્યતાથી ગણધરોને શ્રુતજ્ઞાનાવરણ કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે. આથી તેઓ દ્વાદશાંગીની રચના કરે છે. અહીં તીર્થંકરોએ પહેલાં ત્રિપદી કહી, તેથી ગણધરોએ દ્વાદશાંગી રચી. માટે તીર્થંકરો શ્રુતધર્મની આદિ કરનારા છે.

આવશ્યકસૂત્રનિર્યુક્તિગાથાની ટીકા આ પ્રમાણે છે—

આ ગાથા પ્રાય: બોલવાથી અર્થ સમજાઈ જાય તેવી જ છે. તેથી માત્ર પ્રશ્ન-ઉત્તર કહેવાય છે.

**પ્રશ્ન**- અર્થ અનભિલાપ્ય છે= બોલી શકાતો નથી. કારણ કે અર્થ શબ્દ રૂપ નથી. (શબ્દ જ બોલી શકાય છે.) આથી તીર્થંકર અર્થને કેવી રીતે કહે?

**ઉત્તર**- શબ્દનું અર્થને જણાવવું એ કાર્ય છે. આથી કારણમાં કાર્યના ઉપચારથી શબ્દ જ અર્થ છે. જેમકે આચારાંગ સૂત્ર આચારના વચનવાળું હોવાથી આચાર કહેવાય છે.

નિપુણ એટલે સૂક્ષ્મ, અથવા ઘણા અર્થવાળું. ગણધરો સૂક્ષ્મ અથવા ઘણા અર્થવાળું સૂત્ર રચે છે.

અથવા 'નિગુણ' શબ્દ છે. નિયત ગુણવાળું તે નિગુણ, અર્થાત્ સર્વસૂત્રોની રચના જેમાં સારી રીતે રહેલી છે, એકેય સૂત્ર રચવાનું બાકી નથી, તેવું સૂત્ર ગણધરો રચે છે.

અથવા निपुणं પાઠના સ્થાને निपुणाः કે निगुणाः એવો પાઠ છે, અને તે ગણધરોનું વિશેષણ સમજવું. (૩૦૦)

**[1] सामाइयाइया वा, वय-जीवनिकायभावणा पढमं ।**
**एसो धम्मोवाओ, जिणेहिँ सव्वेहिँ उवइट्ठो ॥३०१॥**

सामायिकादिका वा व्रत-जीवनिकायभावना प्रथमम् ।
एष धर्मोपायो जिनैः सर्वैरुपदिष्टः ॥३०१॥

१. इयं गाथा आवश्यके २७१ तमा (पृ० १४०)

અથવા સામાયિક વગેરે વ્રતો, છ જીવનિકાય, ભાવના આ ધર્મનો ઉપાય (= સાધન) છે. ધર્મના આ ઉપાયોનો સર્વપ્રથમ ઉપદેશ અરિહંતોએ આપ્યો છે. (૩૦૧)

**तित्थं जिणेहि भणियं, संसारुत्तारकारणं संघो ।**
**चाउव्वन्नो नियमा, कुणंति तं तेण तित्थयरा ॥३०२॥**

तीर्थं जिनैर्भणितं संसारोत्तारकारणं सङ्घः ।
चातुर्वर्ण्यो नियमात् कुर्वन्ति तत् तेन तीर्थकराः ॥३०२॥

સંસારથી પાર ઉતરવાનું કારણ તે તીર્થ, અર્થાત્ જેનાથી સંસાર સમુદ્ર તરાય તે તીર્થ, એમ જિનોએ કહ્યું છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચાર પ્રકારનો સંઘ તીર્થ છે. અરિહંતો તે તીર્થને કરે છે માટે તીર્થંકર છે.

**વિશાષાર્થઃ**— તીર્થંકરો તીર્થને કરે છે ત્યારે ત્રણ કાર્ય થાય છે. (૧) ગણધરોની સ્થાપના. (૨) દ્વાદશાંગીની રચના. (૩) ચતુર્વિધ સંઘની સ્થાપના. (૩૦૨)

**सयमेव जओ सम्मं, बुद्धा नन्नेण बोहिया सव्वे ।**
**तेण सयंसंबुद्धा, तेसि नमो संपया बीया ॥३०३॥**

स्वयमेव यतः सम्यग्बुद्धा नान्येन बोधिताः सर्वे ।
तेन स्वयंसंबुद्धास्तेषां नमः संपद् द्वितीया ।।३०३।।

સર્વ અરિહંતો જાતે જ સમ્યગ્બોધ પામેલા હોય છે. બીજાના ઉપદેશથી બોધ પામેલા હોતા નથી, તેથી સ્વયંબુદ્ધ કહેવાય છે. તેમને નમસ્કાર થાઓ. આ બીજી સંપદા છે.

**विशेषार्थः–** જો કે તેમનો આત્મા પૂર્વના ભવોમાં તેવા પ્રકારના ગુરુઓથી બોધ પામેલો હોય છે, પણ તીર્થંકરના ભવમાં બીજાના ઉપદેશ વિના સ્વયં જ બોધ પામેલા હોય છે. જો કે તીર્થંકરના ભવમાં લોકાંતિક દેવો भयवं तित्थं पवत्तेह "હે ભગવંત ! તીર્થ પ્રવર્તાવો" એમ કહે છે. અને પછી ભગવાન દીક્ષા લે છે, પરંતુ કાલજ્ઞાપક વૈતાલિકના વચન પછી જ રાજા પ્રવૃત્તિ કરે, તેની માફક દેવો માત્ર વિનંતિ કરે એટલે તીર્થંકરો સ્વયં દીક્ષા ગ્રહણ કરે છે. લોકાંતિક દેવોનો વિનંતિ કરવાનો માત્ર આચાર છે, તીર્થંકરો દેવોના કહેવાથી કે ઉપદેશથી દીક્ષા લે છે એવું નથી. (૩૦૩)

**पुरिसा संसारिजिया, नर-नारय-तिरिय-देवगइवासी ।**
**सव्वेसि तेसि पुज्जा, हवंति पुरिसोत्तमा तम्हा ॥३०४॥**

पुरुषाः संसारिजीवा नर-नारक-तिर्यग्देवगतिवासिनः ।
सर्वेषां तेषां पूज्या भवन्ति पुरुषोत्तमास्तस्मात् ।।३०४।।

પુરુષો એટલે મનુષ્ય-નરક-તિર્યંચ-દેવગતિમાં રહેનાર જીવો. અરિહંતો તે બધાના પૂજ્ય હોવાથી પુરુષોત્તમ છે. (૩૦૪)

**बीहंति न चेव जओ, उवसग्ग-परीसहाण घोराणं ।**
**विअरंति असंकमणा, भन्नंति तओ पुरिससीहा ॥३०५॥**

बिभ्यति न चैव यत उपसर्ग-परीषहाणां घोराणाम् ।
विचरन्त्यशङ्कमनसो भण्यन्ते ततः पुरुषसिंहाः ।।३०५।।

અરિહંતો ઘોર ઉપસર્ગ-પરિષહોથી ભય પામતા નથી. નિઃશંકપણે

વિચરે છે, તેથી પુરુષસિંહ કહેવાય છે. (૩૦૫)

**पुरिसवरपुंडरीया, होंति जिणा पुंडरीयसाहम्मा ।**
**तं पुण वियारियव्वं, एवं सत्थत्थकुसलेहिं ॥३०६॥**

पुरुषवरपुण्डरीका भवन्ति जिनाः पुण्डरीकसाधर्म्यात् ।
तत्पुनर्विचारितव्यमेवं शास्त्रार्थकुशलैः ॥३०६॥

પુંડરીકની (= શ્રેષ્ઠ કમળની) સમાનતાથી અરિહંતો પુરુષવર પુંડરીક છે. શાસ્ત્રાર્થમાં કુશલ પુરુષોએ તે સમાનતા આ પ્રમાણે (નીચેની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) વિચારવી. (૩૦૬)

**पंके जायं सलिलेण वड्ढियं उवरि संठियं तेसिं ।**
**एगेणावि न छुप्पइ, जह पवरं पुंडरीयं तं ॥३०७॥**

पङ्के जातं सलिलेन वर्द्धितमुपरि संस्थितं तेषाम् ।
एकेनापि न स्पृश्यते यथा प्रवरं पुण्डरीकं तत् ॥३०७॥

**एवं खलु तित्थयरा, जाया संसारपंकमज्झम्मि ।**
**पंचविहकामभोगोदएण संपाविया विड्ढिं ॥३०८॥**

एवं खलु तीर्थकरा जाताः संसारपङ्कमध्ये ।
पञ्चविधकामभोगोदयेन संप्रापिता वृद्धिम् ॥३०८॥

**छुप्पंति न एक्केण वि, संपत्ता वीयरागपयमउलं ।**
**सासाइ सुरहिगंधं, वहंति वा पुंडरीयं व ॥३०९॥**

स्पृश्यन्ते नैकेनापि संप्राप्ता वीतरागपदमतुलम् ।
श्वासादि सुरभिगन्धं वहन्ति वा पुण्डरीकमिव ॥३०९॥

જેવી રીતે શ્રેષ્ઠ કમલ કાદવમાં ઉત્પન્ન થાય છે અને પાણીથી વધે છે, છતાં તે બંનેથી ઉપર રહે છે. કાદવ અને પાણી એ બેમાંથી એકથી પણ સ્પર્શાતું (= લેપાતું) નથી, તેવી રીતે તીર્થંકરો સંસાર રૂપી કાદવમાં ઉત્પન્ન થાય છે, અને પાંચ

પ્રકારના વિષય ભોગોના લાભથી વૃદ્ધિ પામે છે, છતાં અનુપમ વીતરાગપદને પામેલા અરિહંતો તે બેમાંથી એકથી પણ સ્પર્શાતા નથી = લેપાતા નથી, તેથી અરિહંતો પુરુષવર પુંડરીક કહેવાય છે. અથવા અરિહંતો પુંડરીકની જેમ શ્વાસ વગેરે સુગંધી ધારણ કરે છે, માટે પુરુષવર પુંડરીક છે. (૩૦૭ થી ૩૦૯)

**वड्ढंति य उवयारे, नर-तिरियाणं निरीहपरिणामा ।**
**धारिज्जंति व सिरसा, नरा-ऽमरीसेहिं नमिरेहिं ॥३१०॥**

वर्धन्ते चोपकारे नर-तिर्यञ्चोर्निरीहपरिणामाः ।
धार्यन्ते वा शिरसा नरा-ऽमरेशैर्नम्रैः ॥३१०॥

અથવા નિઃસ્પૃહપરિણામવાળા અરિહંતો મનુષ્ય-તિર્યંચોના ઉપકારમાં વૃદ્ધિ પામે છે, અર્થાત્ મનુષ્યો અને તિર્યંચો ઉપર અધિક અધિક ઉપકાર કરે છે. એથી અરિહંતો પુરુષવર-પુંડરીક છે. અથવા નમ્ર બનેલા મનુષ્ય-દેવો વડે મસ્તકે ધારણ કરાય છે માટે અરિહંતો પુરુષવર પુંડરીક છે.

**વિશેષાર્થઃ**— જેવી રીતે પુંડરીક સુગંધપ્રદાન આદિ દ્વારા મનુષ્ય-તિર્યંચો પર ઉપકાર કરે છે, તેવી રીતે અરિહંતો ધર્મપ્રદાન આદિ દ્વારા મનુષ્ય-તિર્યંચો ઉપર ઉપકાર કરે છે. અહીં ઉપકારગુણની સમાનતાથી અરિહંતોને પુંડરીક સમાન કહ્યા છે.

**પ્રશ્નઃ**— અરિહંતો મનુષ્ય-તિર્યંચો ઉપર ઉપકાર કરે છે એમ કહ્યું તો શું દેવો ઉપર ઉપકાર કરતા નથી ?

**ઉત્તરઃ**— અહીં બાહ્ય ઉપકારની અપેક્ષાએ કહ્યું છે. અરિહંતો મનુષ્યો-તિર્યંચો ઉપર નીચે પ્રમાણે બાહ્ય ઉપકાર કરે છે— [૧] વર્ષીદાનથી અનેક જીવોનુ દારિદ્રય ફેડે છે. (૨) અરિહંતો જ્યાં વિચરતા હોય ત્યાં સવાસો યોજનમાં (૧) પરસ્પર વૈર-વિરોધ (૨) ઉંદર વગેરેનો ઉપદ્રવ (૩) મારી (પ્લેગ કે કોલેરા) (૪) અતિવૃષ્ટિ (૫) અનાવૃષ્ટિ (૬) દુષ્કાળ (૭) સ્વ-પરદેશનો ભય ન થાય. (૩) અવસર્પિણીકાળમાં પ્રથમ તીર્થંકર લોકોને શિલ્પ આદિ બતાવીને ઉપકાર કરે છે. ઈત્યાદિ અનેક રીતે અરિહંતો મનુષ્ય-તિર્યંચ ઉપર બાહ્ય ઉપકાર કરે છે.

જેવી રીતે મનુષ્યો કમળને મસ્તકે ધારણ કરે છે તેવી રીતે મનુષ્યો વગેરે અરિહંતોની આજ્ઞા માનવા દ્વારા અરિહંતોને પોતાના મસ્તકે ધારણ કરે છે. અહીં મસ્તકે ધારણ કરવાની સમાનતાથી અરિહંતોને પુંડરીક જેવા કહ્યા છે. (૩૧૦)

**पुरिसा वि जिणा एवं, पत्ता वरपुंडरीयउवमाणं ।**
**जह गंधहत्थिउवमा, पत्ता तह संपयं वोच्छं ॥३११॥**

पुरुषा अपि जिना एवं प्राप्ता वरपुण्डरीकोपमानम् ।
यथा गन्धहस्त्युपमा प्राप्तास्तथा सांप्रतं वक्ष्ये ॥३११॥

અરિહંતો પુરુષ હોવા છતાં આ પ્રમાણે શ્રેષ્ઠ પુંડરીકની ઉપમાને પામ્યા છે. હવે અરિહંતો જે પ્રમાણે ગંધહસ્તીની ઉપમાને પામ્યા છે તે પ્રમાણે કહું છું. (૩૧૧)

**जह गंधहत्थिगंधं असहंता कुंजरा पलायंति ।**
**ढुक्कंति नेव समरे, एगस्स वि ते अणेगा वि ॥३१२॥**

यथा गन्धहस्तिगन्धमसहमानाः कुञ्जराः पलायन्ते ।
ढौकन्ते नैव समरे एकस्यापि तेऽनेके अपि ॥३१२॥

**इय जत्थ जिणो विहरइ, देसे जोयणसयाउ तत्तो उ ।**
**रोगो-वसग्गकरिणो, सव्वे दूरेण नासंति ॥३१३॥**

इति यत्र जिनो विहरति देशे योजनशतात् ततस्तु ।
रोगो-पसर्गकरिणः सर्वे दूरेण नश्यन्ति ॥३१३॥

જેવી રીતે ગંધહસ્તીની (= જેના શરીરમાંથી સદા ગંધ પ્રસરે છે તેવા હાથીની) ગંધને સહન નહિ કરી શકતા બીજા હાથીઓ પલાયન થઈ જાય છે, યુદ્ધમાં ગંધહસ્તી એક જ હોય છે, અને બીજા હાથીઓ અનેક હોય છે તો પણ તે હાથીઓ ગંધહસ્તીની પાસે આવતા જ નથી. તેવી રીતે જે દેશમાં અરિહંત વિચરે છે ત્યાં સો યોજન સુધી બધા રોગ-ઉપસર્ગરૂપી હાથીઓ દૂરથી ભાગી જાય છે.

**વિશેષાર્થઃ–** અહીં ઉપર અને નીચેની દિશાની વિવક્ષા વિના ચાર

દિશાની અપેક્ષાએ સો યોજન કહ્યા છે. ઉપર-નીચે ૧૨ા-૧૨ા યોજન અને પૂર્વ આદિ દરેક દિશામાં ૨૫ યોજન એમ સવાસો યોજન થાય. (૩૧૨-૩૧૩)

**तह्महि–**

**पुव्वुप्पन्ना रोगा, पसमंती ईति-वइर-मारीओ ।**
**अइवुट्ठि अणावुट्ठी, न होइ दुब्भिक्ख-डमरं वा ॥३१४॥**

तथाहि–

पूर्वोत्पन्ना रोगाः प्रशाम्यन्ति ईति-वैर-मार्यः ।
अतिवृष्टिरनावृष्टिर्न भवति दुर्भिक्ष-डमरं वा ।।३१४।।

**તે આ પ્રમાણે–**

પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો નાશ પામે છે. ઈતિ, વૈર, મારી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુર્ભિક્ષ અને ડમર ન થાય.

**વિશેષાર્થઃ**– **ઈતિ** = ઉંદર, તીડ વગેરેનો ઉપદ્રવ. **વૈર** = સ્ત્રી, ભૂમિ આદિના કારણે થયેલ વૈર-વિરોધ. **મારી** = ક્રૂરગ્રહ, દુષ્ટભૂત, ડાકણ, પ્લેગ વગેરેથી અકાલ મરણ. **અતિવૃષ્ટિ** = જરૂરિયાતથી વધારે વરસાદ કે અકાળે વરસાદ. **અનાવૃષ્ટિ** = જરૂરિયાતથી અતિશય ઓછો વરસાદ કે બિલકુલ વરસાદનો અભાવ. **દુર્ભિક્ષ** = દુકાળ. **ડમર** = સ્વ-પરદેશનું યુદ્ધ.

તીર્થંકર જે સ્થાનમાં પધારે તે સ્થાનમાં સવાસો યોજન સુધી જ્યારે પધારે તેનાથી છ મહિના પહેલાં થયેલા રોગ અને ઈતિ વગેરે નાશ પામે છે. અને વિહાર કરી ગયા પછી છ મહિના સુધી ન થાય. (૩૧૪)

**पुरिसवरगंधहत्थीण ताण सोंडीरभावकलियाणं ।**
**होउ पणामो एसो, चउप्पया संपया एसा ॥३१५॥**

पुरुषवरगन्धहस्तिभ्यस्तेभ्यः शौण्डीरभावकलितेभ्यः ।
भवतु प्रणाम एष चतुष्पदा संपदेषा ।।३१५।।

પરાક્રમથી યુક્ત અને પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન અરિહંતોને

આ નમસ્કાર થાઓ. આ ચાર પદવાળી સંપદા છે. (૩૧૫)

**लोगाईया पंच उ, आलावा संपया चउत्थी उ ।**
**तेसि पुण लोगसद्दो, जहजोगमणेगहा नेओ ॥३१६॥**

लोकादिकाः पञ्च त्वालापा संपच्चतुर्थी तु ।
तेषां पुनर्लोकशब्दो यथायोगमनेकधा ज्ञेयः ।।३१६।।

લોગુત્તમાણં વગેરે પાંચ આલાવાવાળી ચોથી સંપદા છે. એ પદોમાં લોકશબ્દ યથાયોગ્ય અનેક અર્થવાળો જાણવો. (૩૧૬)

**लोगस्स भव्वलोगस्स उत्तमाऽऽसन्नसिद्धिगामित्ता ।**
**लोगोत्तम त्ति तेसिं, तह चेव य लोगनाहाणं ॥३१७॥**

लोकस्य भव्यलोकस्योत्तमा आसन्नसिद्धिगामित्वात् ।
लोकोत्तमा इति तेभ्यः तथैव च लोकनाथेभ्यः ।।३१७।।

લોગુત્તમાણં પદમાં લોક એટલે ભવ્યલોક જાણવો. અરિહંતો નજીકના કાળમાં જ મોક્ષે જનારા હોવાથી ભવ્ય જીવો રૂપ લોકમાં ઉત્તમ છે. તથા અરિહંતો લોકના નાથ છે. (૩૧૭)

**एत्थं पि लोगसद्दो, बीयाहाणाइउचियभव्वेसु ।**
**ते नाहा तस्स जओ, जोगक्खेमंकरा नाहा ॥३१८॥**

अत्राऽपि लोकशब्दो बीजाधानाद्युचितभव्येषु ।
ते नाथास्तस्य यतो योग-क्षेमङ्करा नाथाः ।।३१८।।

લોગનાહાણં પદમાં લોક શબ્દ બીજાધાન આદિને યોગ્ય ભવ્ય જીવોના અર્થમાં છે. અરિહંતો બીજાધાન આદિને યોગ્ય ભવ્ય જીવો રૂપ લોકના નાથ છે. કારણકે જે યોગ-ક્ષેમને કરે તે નાથ કહેવાય છે. (૩૧૮)

**जोगो असंतदाणं, संतस्स उ पालणा भवे खेमं ।**
**बीयाहाणाइगुणे, देंति पालेंति य जिणिंदा ॥३१९॥**

योगोऽसद्दानं सतस्तु पालना भवेत्क्षेमम् ।
बीजाधानादिगुणान् ददति पालयन्ति च जिनेन्द्राः ।।३१९।।

જે વસ્તુ ન હોય તે આપવી એ યોગ છે. જે વસ્તુ હોય તેનું રક્ષણ કરવું તે ક્ષેમ છે. અરિહંતો બીજાધાન આદિ ગુણોને આપે છે, અને તેમનું રક્ષણ કરે છે. (૩૧૯)

**पंचत्थिकायमइयं, लोगं वरकेवलेण जाणेत्ता ।**
**अवितहमेव जणाणं, परूवयंति त्ति लोगहिया ॥३२०॥**

पञ्चास्तिकायमयं लोकं वरकेवलेन ज्ञात्वा ।
अवितथमेव जनानां प्ररूपयन्तीति लोकहिताः ।।३२०।।

લોગહિઆણં પદમાં લોક એટલે પંચાસ્તિકાય સ્વરૂપ લોક જાણવો. અરિહંતો શ્રેષ્ઠ કેવલજ્ઞાન વડે પંચાસ્તિકાય સ્વરૂપલોકને જાણીને લોકોને યથાવસ્થિત (= લોક જેવો છે તેવો જ) બતાવે છે. માટે અરિહંતો લોકહિત (= લોકનું હિત કરનારા) છે.

**વિશેષાર્થઃ–** લોક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એમ પાંચ અસ્તિકાય સ્વરૂપ છે, અર્થાત્ આ પાંચની 'લોક' એવી સંજ્ઞા છે.

**પ્રશ્નઃ–** હિત કે અહિત જીવોનું થાય, જડનું નહિ. તેથી ભગવાન ધર્માસ્તિકાય વગેરે જડનું હિત કરનારા કેવી રીતે છે ?

**ઉત્તરઃ–** અહીં જડ પદાર્થોનું યથાર્થ (= જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે) દર્શન કરવું અને યથાર્થ પ્રતિપાદન કરવું એ જડ પદાર્થનું હિત વિવક્ષિત છે. ભગવાન જડ પદાર્થોનુ કેવલજ્ઞાનથી યથાર્થ દર્શન કરે છે અને વાણીથી યથાર્થ પ્રતિપાદન કરે છે. માટે ભગવાન જડનું પણ હિત કરનારા છે. (૩૨૦)

**लोगो व जीवलोगो, सओ य परओ य अवायरक्खणओ ।**
**तस्सेगंतेण हिया, लोगहिया जिणवरा तेण ॥३२१॥**

लोको वा जीवलोकः स्वतश्च परतश्चापायरक्षणतः ।
तस्यैकान्तेन हिता लोकहिता जिनवरास्तेन ।।३२१।।

અથવા લોક એટલે જીવોરૂપી લોક. સ્વથી અને પરથી થનારા અપાયોથી રક્ષણ કરવાથી અરિહંતો એકાંતે લોકનું હિત કરનારા છે માટે લોકહિત છે.

**વિશેષાર્થઃ**– રોગાદિ અપાયો સ્વથી થનારા છે. ધનહરણ વગેરે પરથી થનારા અપાયો છે. અરિહંતો સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. મોક્ષમાર્ગની આરાધના કરનારા જીવો સર્વ કર્મોથી મુક્ત બનીને મોક્ષમાં જાય છે. મોક્ષમાં સ્વથી કે પરથી થનારા અપાયો ન હોય. માટે અરિહંતો લોકહિત=લોકનું હિત કરનારા છે. (૩૨૧)

**तह ते लोगपईवा, जम्हा सन्निहियसव्वसत्ताणं ।**
**दीवेंति पईवा इव, जीवाइपयत्थवत्थुगणं ।।३२२।।**

तथा ते लोकप्रदीपा यस्मात्सन्निहितसर्वसत्त्वानाम् ।
दीपयन्ति प्रदीपा इव जीवादिपदार्थवस्तुगणम् ।।३२२।।

અરિહંતો નજીકમાં રહેલા સર્વજીવોને (= વિશિષ્ટ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને) પ્રદીપની જેમ જીવાદિ પદાર્થો બતાવે છે માટે લોકપ્રદીપ છે = લોકમાં પ્રદીપ તુલ્ય છે.

**વિશેષાર્થઃ**– जीवाइपयत्थवत्थुगणं નો શબ્દાર્થ આ પ્રમાણે છે– જીવાદિ પદાર્થરૂપ વસ્તુ સમૂહ. ભાવાર્થ તો લખ્યા પ્રમાણે છે. (૩૨૨)

**अहवा संसयतामसमसेसमासन्नसन्निलोगस्स ।**
**अवणेंति मणगिहाओ, लोगपईवा तओ हुंति ।।३२३।।**

अथवा संशयतामसमशेषमासन्नसंज्ञिलोकस्य ।
अपनयन्ति मनोगृहाल्लोकप्रदीपास्ततो भवन्ति ।।३२३।।

અથવા નજીકમાં રહેલા સંજ્ઞી લોકના મનરૂપી ઘરમાંથી સઘળા સંશયરૂપી અંધકારને દૂર કરે છે. તેથી અરિહંતો લોક પ્રદીપ છે. (૩૨૩)

**लोगो वि सुद्धबुद्धी, सम्मद्दिट्ठी विसेसओ तस्स ।**
**अइसुहुमे वि पयत्थे, पज्जोयंता सुजुत्तीहिं ॥३२४॥**

लोकोऽपि शुद्धबुद्धिः सम्यग्दृष्टिर्विशेषतस्तस्य ।
अतिसूक्ष्मानपि पदार्थान् प्रद्योतयन्तः सुयुक्तिभिः ॥३२४॥

**लोय(ए) पज्जोयगरा, सूरा इव हुंति तेण तित्थयरा ।**
**संखेत्तविचित्तत्था, विन्नेया संपया एसा ॥३२५॥**

लोके प्रद्योतकराः सूरा इव भवन्ति तेन तीर्थंकराः ।
संक्षिप्तविचित्रार्था विज्ञेया संपदेषा ॥३२५॥

લોગપજ્જોઅગરાણં પદમાં લોક શબ્દથી શુદ્ધ બુદ્ધિવાળા વિશિષ્ટ સમ્યગ્દૃષ્ટિ જીવો રૂપ લોક જાણવો. આવા લોકને અરિહંતો સૂર્યની જેમ અતિસૂક્ષ્મ પણ પદાર્થો સુયુક્તિઓથી બતાવે છે, માટે લોક પ્રદ્યોત કરે છે. સંક્ષિપ્ત-વિવિધ અર્થવાળી આ (ચોથી) સંપદા જાણવી. (૩૨૪-૩૨૫)

**अभयाइपयत्थाणं, दायारो संपया य पंचमिया ।**
**पंचहिं पएहिं भणिया, अभयाइसरूवमेयं तु ॥३२६॥**

अभयादिपदार्थानां दातारः संपच्च पञ्चमिका ।
पञ्चभिः पदैर्भणिताऽभयादिस्वरूपमेतत्तु ॥३२६॥

અભય આદિ પદાર્થોને આપનારા એ પાંચમી સંપદા પાંચ પદોથી કહી છે. અભય આદિનું સ્વરૂપ આ પ્રમાણે (= હવે પછી ગાથાઓમાં કહેવાશે તે પ્રમાણે) છે. (૩૨૬)

**तिविहतिविहेण वहकरणविरईओ जेहिं सव्वकालं पि ।**
**दिन्नमभयं जिणाणं, अभयदयाणं नमो ताणं ॥३२७॥**

त्रिविधत्रिविधेन वधकरणविरतितः यैः सर्वकालमपि ।
दत्तमभयं जिनेभ्योऽभयदयेभ्यो नमस्तेभ्यः ॥३२७॥

ત્રિવિધ– ત્રિવિધથી વધ કરવાની વિરતિ વડે જેમણે સદાય (સર્વ જીવોને) અભય આપ્યું છે, તે અભયદાતા અરિહંતોને નમસ્કાર થાઓ. (૩૨૭)

**मोहंधो जंतुगणो, निम्मलसुयणाणचक्खुदाणेण ।**
**फुडदंसी जेहि कओ, चक्खुदयाणं नमो ताणं ॥३२८॥**

मोहान्धो जन्तुगणो निर्मलश्रुतज्ञानचक्षुर्दानेन ।
स्फुटदर्शी यैः कृतः चक्षुर्दयेभ्यो नमस्तेभ्यः ॥३२८॥

મોહથી અંધ બનેલા જીવસમૂહને જેમણે નિર્મલ શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુના દાનથી સ્પષ્ટ દેખતો કર્યો છે તે ચક્ષુદાતા અરિહંતોને નમસ્કાર થાઓ. (૩૨૮)

**अणुवकयपराणुग्गहपरेहि निव्वाणवरपुरीमग्गो ।**
**भवरन्ने जेहि कओ, ते मग्गदया जओ सुत्तं ॥३२९॥**

अनुपकृतपरानुग्रहपरैर्निर्वाणवरपुरीमार्गः ।
भवारण्ये यैः कृतस्ते मार्गदया यतः सूत्रम् ॥३२९॥

ઉપકાર ન કરનારા બીજાઓ ઉપર અનુગ્રહ કરવામાં તત્પર એવા જેમણે સંસાર રૂપી જંગલમાં મુક્તિરૂપી શ્રેષ્ઠ નગરીનો માર્ગ કર્યો છે તે માર્ગના દાતા છે. કારણકે નીચે મુજબ સૂત્ર છે. (૩૨૯)

**सम्मद्दंसणदिट्ठो, नाणेण य तेहि सुट्ठु उवलद्धो ।**
**चरण-करणेहि पहओ, नेव्वाणपहो जिणंदेहिं ॥३३०॥**

सम्यग्दर्शनदृष्टो ज्ञानेन च तैः सुष्ठूपलब्धः ।
चरणकरणैः प्रहतो निर्वाणपथो जिनेन्द्रैः ॥३३०॥

**व्याख्या–** 'सम्यग्दर्शनेन' अविपरीतदर्शनेन दृष्टः, ज्ञानेन च 'सुष्ठु' यथाऽवस्थितः तैरर्हद्भिर्ज्ञातः, चरणं च करणं चेत्येकवद्भावस्तेन 'प्रहतः' आसेवितः 'निर्वाणपथः' मोक्षमार्गो जिनेन्द्रैः । तत्र व्रतादि चरणं, पिण्डविशुद्ध्यादि च करणं, यथोक्तम्–'वय समणधम्म संजम वैयावच्चं च बंभगुत्तीओ णाणादितियं तव कोवनिग्गहाई चरणमेयं ॥१॥ पिंडविसोही समिई भावण पडिमा य इंदिय निरोहो । पडिलेहणगुत्तीओ अभिग्गहा चेव करणं तु ॥२॥ इति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्तिगाथा–११०)

અરિહંતોએ મોક્ષમાર્ગને સમ્યગ્દર્શનથી (=અવિપરીતદર્શનથી) જોયો છે, જ્ઞાનથી યથાવસ્થિત જાણ્યો છે, અને ચરણ-કરણ વડે આચર્યો છે.

**વિશેષાર્થઃ**– તેમાં વ્રતો વગેરે ચરણ છે અને પિંડવિશુદ્ધિ વગેરે કરણ છે. કહ્યું છે કે– ૫ મહાવ્રત, ૧૦ શ્રમણધર્મ, ૧૭ સંયમ, ૧૦ વૈયાવચ્ચ, ૯ બ્રહ્મચર્ય ગુપ્તિ, ૩ જ્ઞાનાદિ, ૧૨ તપ, ૪ ક્રોધાદિનિગ્રહ આ ચરણ છે. ૪ પિંડ વિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પ્રતિમા, ૫ ઈંદ્રિયનિરોધ, ૨૫ પ્રતિલેખના, ૩ ગુપ્તિ, ૪ અભિગ્રહ આ કરણ છે. (૩૩૦)

**भवभीयाण जियाणं, सरणागयवच्छला जओ ताणं ।**
**होंति जिणेंदा नियमा, सरणदया तेण वुच्चंति ॥३३१॥**

भवभीतानां जीवानां शरणागतवत्सला यतस्तेषाम् ।
भवन्ति जिनेन्द्रा नियमात् शरणदयास्तेनोच्यन्ते ॥३३१॥

શરણાગત વત્સલ અરિહંતો ભવથી ભય પામેલા જીવોનું નિયમા રક્ષણ કરનારા થાય છે, માટે અરિહંતો શરણદાતા કહેવાય છે.

**વિશેષાર્થઃ**– શરણાગતવત્સલ એટલે શરણે આવેલા જીવોને સ્નેહ આપનાર. જે શરણે આવે તેનું જ અરિહંતો રક્ષણ કરે. ભવથી ભય પામેલા જીવો જ અરિહંતના શરણે જાય. માટે અહીં ભવથી ભય પામેલા જીવોનું રક્ષણ કરનારા થાય છે એમ કહ્યું. (૩૩૧)

**बोही जिणेहि भणिया, भवंतरे सुद्धधम्मसंपत्ती ।**
**जिणसंथवेण लब्भइ, बोहिदया तेण वुच्चंति ॥३३२॥**

बोधिर्जिनैर्भणिता भवान्तरे शुद्धधर्मसं(प्राप्तिः)पत्तिः ।
जिनसंस्तवेन लभ्यते बोधिदयास्तेनोच्यन्ते ॥३३२॥

ભવાંતરમાં શુદ્ધધર્મની પ્રાપ્તિને અરિહંતોએ બોધિ કહી છે. અરિહંતોની ભાવપૂર્વક સ્તુતિ કરવાથી બોધિ પ્રાપ્ત કરી શકાય છે, માટે અરિહંતો બોધિદાતા કહેવાય છે. (૩૩૨)

**अह छट्ठसंपयाए, धम्माईयाणि पंच उ पयाणि ।**
**धम्मो चरित्तधम्मो, किरियापरिणामरूवो सो ॥३३३॥**

अथ षष्ठसंपदि धर्मादिकानि पञ्च तु पदानि ।
धर्मश्चारित्रधर्मः क्रियापरिणामरूपः सः ।।३३३।।

હવે છઠ્ઠી સંપદામાં ધર્મદાતા વગેરે પાંચ પદો છે. ધર્મ એટલે ચારિત્ર ધર્મ. ચારિત્રધર્મ ચારિત્રની ક્રિયા સ્વરૂપ અને ચારિત્રના પરિણામ સ્વરૂપ એમ બે પ્રકારે છે. (૩૩૩)

**दुविहो वि हु संपज्जइ, जम्हा जिणचलणसेवणरयाणं ।**
**गिज्जंति जाणएहिं, तम्हा ते तस्स दायारो ॥३३४॥**

द्विविधोऽपि खलु संपद्यते यस्माज्जिनचरणसेवनरतानाम् ।
गीयन्ते ज्ञायकैस्तस्मात्ते तस्य दातारः ।।३३४।।

જિનચરણોની સેવામાં તત્પર રહેનારાઓને બંને પ્રકારનો ચારિત્રધર્મ મળે છે એમ જ્ઞાનીઓ કહે છે. માટે અરિહંતો ધર્મના દાતા છે. (૩૩૪)

**परहियकरणेक्करया, जहजोगं उवइसंति जं धम्मं ।**
**तो धम्मदेसया ते, तेसिं चिय मे नमो होउ ॥३३५॥**

परहितकरणैकरता यथायोगमुपदिशन्ति यं धर्मम् ।
ततो धर्मदेशकास्ते तेभ्य एव मे नमो भवतु ।।३३५।।

પરહિત કરવામાં જ તત્પર અરિહંતો યથાયોગ્ય ધર્મનો ઉપદેશ આપે છે, તેથી અરિહંતો ધર્મદેશક છે. તેમને જ મારો નમસ્કાર થાઓ. (૩૩૫)

**सो पुण होइ विसिट्ठो, तेसिं आणाइ वट्टमाणाणं ।**
**धम्मस्स नायगाणं, तत्तो तेसिं मम पणामो ॥३३६॥**

स पुनर्भवति विशिष्टस्तेषामाज्ञायां वर्त्तमानानाम् ।
धर्मस्य नायकेभ्यस्ततस्तेभ्यो मम प्रणामः ।।३३६।।

તેમની આજ્ઞામાં રહેનારાઓને ચારિત્રધર્મ વિશિષ્ટ થાય છે. તેથી અરિહંતો ધર્મના નાયક છે. તેમને મારો નમસ્કાર થાઓ.(૩૩૬)

**जह सारही सुकुसलो, तह्म तह्म खेंडए रह-तुरंगे ।**
**जह नो होइ अवाओ, तुरंगमाणं रहस्सावि ॥३३७॥**

यथा सारथिः सुकुशलस्तथा तथा खेटयति रथ-तुरङ्गान् ।
यथा नो भवत्यपायस्तुरङ्गमाणां रथस्याऽपि ।।३३७।।

**एवं जिणुत्तमेहिं, वि उस्सग्ग-ऽववायपमुहजुत्तीहिं ।**
**एगंतहिओ धम्मो, उवइट्ठो धम्म-धम्मीणं ॥३३८॥**

एवं जिनोत्तमैरप्युत्सर्गा-ऽपवादप्रमुखयुक्तिभिः ।
एकान्तहितो धर्म उपदिष्टो धर्म-धर्मिणाम् ।।३३८।।

જેમ અત્યંત કુશલ સારથિ ઘોડાઓને અને રથને પણ અનર્થ ન થાય તે રીતે રથ અને ઘોડાઓને હાંકે છે, તેમ અરિહંતોએ ઉત્સર્ગ-અપવાદ વગેરે સંગતિઓથી ધર્મ અને ધર્મીઓનું એકાંતે હિત કરે તેવા ધર્મનો ઉપદેશ આપ્યો છે.

**પ્રશ્નઃ**– જેમ રથ ભાંગી જાય વગેરે રથનું અનર્થ થયું ગણાય તેમ પ્રસ્તુતમાં ધર્મનું અનર્થ શું ?

**ઉત્તરઃ**–અસંગત ધર્મનો ઉપદેશ એ ધર્મનું અનર્થ છે. અસંગત ધર્મનો ઉપદેશ આપવાથી લોકો આવો તે ધર્મ હોય ? એમ ધર્મનો અનાદર કરે. માટે અહીં "ઉત્સર્ગ-અપવાદ વગેરે સંગતિઓથી" એમ કહ્યું છે. (૩૩૭-૩૩૮)

**इह धम्मो होइ रहो, तुरंगमा तस्स धारगा पुरिसा ।**
**उभयहियमुवइसंता, जिणनाहा धम्मसारहिणो ॥३३९॥**

इह धर्मो भवति रथस्तुरङ्गमास्तस्य धारकाः पुरुषाः ।
उभयहितमुपदिशन्तो जिननाथा धर्मसारथयः ।।३३९।।

અહીં ધર્મ એ રથ છે અને ધર્મને ધારણ કરનારા પુરુષો અશ્વ છે. એ બંનેનું હિત કરે તેવા ધર્મનો ઉપદેશ આપનારા અરિહંતો ધર્મસારથિ છે. (૩૩૯)

**धम्मवरचाउरंताइचक्कवट्टीणमेस खलु अत्थो ।**
**इह चाउरंतसद्दो, भारहवासम्मि नायव्वो ॥३४०॥**

धर्मवरचातुरन्तादिचक्रवर्त्तिनामेष खल्वर्थः ।
इह चातुरन्तशब्दो भारतवर्षे ज्ञातव्यः ।।३४०।।

**उत्तरओ हिमवंतो, पुव्वावरदाहिणा तओ अंता ।**
**लवणसमुद्दं पत्ता, तो भरहं चाउरंतमिणं ॥३४१॥**

उत्तरतो हिमवान् पूर्वापरदक्षिणास्ततोऽन्ताः ।
लवणसमुद्रं प्राप्तास्ततो भरतं चातुरन्तमिदम् ।।३४१।।

धम्मवरचाउरंताइचक्कवट्टीणं એ પદનો અર્થ આ છે– चातुरन्त એટલે ચાર અંત. અહીં चातुरन्त શબ્દ ભરત ક્ષેત્ર સંબંધી જાણવો, અર્થાત્ ભરત ક્ષેત્રના ચાર અંતો જાણવા. ભરતક્ષેત્રનો એક અંત ઉત્તરમાં હિમવાન પર્વત આગળ આવે છે. ભરતના ત્રણ અંત પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ દિશામાં લવણસમુદ્ર આગળ આવે છે. આથી આ ચાતુરંત (= ચારઅંત) ભરતક્ષેત્રના છે. (૩૪૦-૩૪૧)

**एयस्स य भरहाई, अहिवइणो चक्कवट्टिणो हुंति ।**
**धम्मवरचाउरंते, तित्थयरा चक्कवट्टिसमा ॥३४२॥**

एतस्य च भरतादेरधिपतयश्चक्रवर्त्तिनो भवन्ति ।
धर्मवरचातुरन्ते तीर्थकराश्चक्रवर्त्तिसमाः ।।३४२।।

આ ચાતુરંતના ભરત વગેરે ચક્રવર્તીઓ અધિપતિ થાય છે. ધર્મરૂપી શ્રેષ્ઠ ચાતુરંતની અપેક્ષાએ તીર્થંકરો ચક્રવર્તી તુલ્ય છે.

**વિશેષાર્થઃ**–ધર્મ ચારગતિનો અંત લાવનાર હોવાથી ચાતુરંત છે. જેવી રીતે ભરતક્ષેત્ર સંબંધી ચાતુરંતના અધિપતિ ચક્રવર્તીઓ છે, તેવી રીતે ધર્મરૂપી શ્રેષ્ઠ ચાતુરંતના અધિપતિ તીર્થંકરો છે. માટે તીર્થંકરો ચક્રવર્તી તુલ્ય છે. (૩૪૨)

**अहवा चउदिसिधारं, चउरंतं चक्कमेव निद्दिट्ठं ।**
**दाण-तव-सील-भावणचउधारं धम्मचक्कमिणं ॥३४३॥**

अथवा चतुर्दिग्धारं चतुरन्तं चक्रमेव निर्दिष्टम् ।
दान-तपः-शील-भावनाचतुर्धारं धर्मचक्रमिदम् ।।३४३।।

અથવા ચાર દિશાઓને ધારણ કરનાર ચક્રને જ ચાતુરંત કહ્યું છે. આ ધર્મરૂપી ચક્ર દાન-શીલ-તપ-ભાવના એ ચારને ધારણ કરે છે.

**વિશેષાર્થઃ**— ચક્રવર્તી ચક્રની સહાયથી ભરતક્ષેત્રના ચાર અંત સુધી અધિપતિ બને છે. માટે અહીં ચક્રને ચાર દિશાઓને ધારણ કરનાર કહ્યું છે. જેવી રીતે ચક્ર ચાર દિશાઓને ધારણ કરે છે તેવી રીતે આ ધર્મરૂપ ચક્ર દાન-શીલ-તપ-ભાવના એ ચારને ધારણ કરે છે. કારણકે ધર્મ દાન-શીલ-તપ-ભાવના સ્વરૂપ છે. (૩૪૩)

**चउगइअंतकरं ता, धम्मो वि हु चाउरंतचक्कसमो ।**
**वट्टंति तेण वरधम्मचक्कवट्टी जिणा तम्हा ॥३४४॥**

चतुर्गत्यन्तकरं ततो धर्मोऽपि खलु चातुरन्तचक्रसमः ।
वर्त्तन्ते तेन वरधर्मचक्रवर्त्तिनो जिनास्तस्मात् ।।३४४।।

આ ધર્મચક્ર ચારગતિના અંતને કરે છે. આથી ધર્મ પણ ચાતુરંત ચક્ર સમાન છે. તેથી અરિહંતો શ્રેષ્ઠ ધર્મ ચક્રવર્તી છે.

**વિશેષાર્થઃ**— ૩૪૦-૩૪૧-૩૪૨ એ ત્રણ ગાથાઓમાં ચક્રવર્તીને પ્રધાન રાખીને અને ૩૪૩-૩૪૪ એ બે ગાથાઓમાં ચક્રને પ્રધાન રાખીને અરિહંતને ચક્રવર્તી તુલ્ય કહ્યા છે. (૩૪૪)

**अप्पडिहयमक्खलियं, वरं पहाणं ति खाइगत्तेण ।**
**केवलियनाण-दंसणधराण एसो मम पणामो ॥३४५॥**

अप्रतिहतमस्खलितं वरं प्रधानमिति क्षायिकत्वेन ।
केवलिकवरज्ञानदर्शनधरेभ्य एष मम प्रणामः ।।३४५।।

ભીંત આદિથી સ્ખલના નહિ પામવાના કારણે અસ્ખલિત છે. વર એટલે પ્રધાન. ક્ષાયિક હોવાના કારણે પ્રધાન છે. અપ્રતિહત અને

વર કેવલજ્ઞાન-કેવલદર્શનને ધારણ કરનારા અરિહંતોને આ મારો નમસ્કાર થાઓ. (૩૪૫)

**विणियट्टं ति पणट्ठं, छउमं चउघाइकम्मरूवं तु ।**
**जेसिं तेसि नमो मे, सत्तमिया संपया दुपया ॥३४६॥**

विनिवृत्तमिति प्रणष्टं छद्म चतुर्घातिकर्मरूपं तु ।
येभ्यस्तेभ्यो नमो मे सप्तमिका संपद् द्विपदा ।।३४६।।

વિનિવૃત્ત (= વિવૃત્ત) એટલે નાશ પામેલ. છદ્મ એટલે ચારઘાતિકર્મ. જેમના ચાર ઘાતીકર્મો નાશ પામ્યા છે તે અરિહંતોને મારો નમસ્કાર થાઓ. આ બે પદવાળી સાતમી સંપદા છે. (૩૪૬)

**णणु अट्ठ वि कम्माइं, जिणाण नट्ठाइँ किं चउक्केण ? ।**
**सच्चं ओसरणत्थे, पडुच्च छउमक्खओ भणिओ ॥३४७॥**

नन्वष्टापि कर्माणि जिनानां नष्टानि किं चतुष्केण ? ।
सत्यमवसरणार्थे प्रतीत्य छद्मक्षयो भणितः ।।३४७।।

**प्रश्नः–** અરિહંતોના આઠેય કર્મો નાશ પામ્યા છે. તો અહીં ચારઘાતી કર્મો નાશ પામ્યા છે એમ કેમ કહ્યું ?

**ઉત્તરઃ–** તમારું કહેવું સાચું છે. અહીં અરિહંત સમવસરણમાં બિરાજમાન છે એ અવસ્થાની અપેક્ષાએ (= ભાવ અરિહંતની અપેક્ષાએ) ચારઘાતી કર્મો નાશ પામ્યા છે એમ કહ્યું છે. (૩૪૭)

**रागद्दोसजयाओ, होंति जिणा जावया य अन्नेसिं ।**
**तिन्ना य भवसमुद्दं, अन्नेसिं तारया य जिणा ॥३४८॥**

राग-द्वेषजयाद् भवन्ति जिना जापकाश्चान्येषाम् ।
तीर्णाश्च भवसमुद्रमन्येषां तारकाश्च जिनाः ।।३४८।।

અરિહંતો સ્વયં રાગ-દ્વેષને જિતનારા હોવાથી જિન છે, અને બીજાઓને પણ જિતાડનારા હોવાથી જાપક છે. સ્વયં સંસાર સમુદ્રને તરી ગયા હોવાથી

તીર્ણ છે, અને બીજાઓને તારનારા હોવાથી તારક છે. (૩૪૮)

**बुद्धा अवगयतत्ता, अन्नेसिं बोहया य भगवंता ।**
**कम्मट्ठबंधणाओ, मुक्का तह मोयगा चेव ॥३४९॥**

बुद्धा अवगततत्त्वा अन्येषां बोधकाश्च भगवन्तः ।
कर्माष्टबन्धनान्मुक्तास्तथा मोचकाश्चैव ।।३४९।।

અરિહંતો સ્વયં તત્ત્વોને જાણનારા હોવાથી બુદ્ધ છે, અને બીજાઓને પણ તત્ત્વોનું જ્ઞાન કરાવનારા હોવાથી બોધક છે. સ્વયં આઠ કર્મોના બંધનથી મુક્ત બન્યા હોવાથી મુક્ત છે, અને બીજાઓને પણ મુક્ત કરાવનારા હોવાથી મોચક છે. (૩૪૯)

**एसा चउपयमाणा, अट्ठमिया संपया उ वक्खाया ।**
**नवमी तिपयपमाणा, सा सव्वन्नूणमिच्चाइ ॥३५०॥**

एषा चतुष्पदमानाऽष्टमिका संपत्तु व्याख्याता ।
नवमी त्रिपदप्रमाणा सा सर्वज्ञेभ्य इत्यादि ।।३५०।।

આ ચાર પદ પ્રમાણવાળી આઠમી સંપદાનું વ્યાખ્યાન કર્યું. નવમી સંપદા ત્રણ પદ પ્રમાણવાળી છે, અને તે સવ્વન્નૂણં ઈત્યાદિ છે. (૩૫૦)

**तत्थ जिणा भगवंतो, सव्वं जाणंति तेण सव्वन्नू ।**
**पासंति तेण सव्वं, तो सव्वदंसिणो हुंति ॥३५१॥**

तत्र जिना भगवन्तः सर्वं जानन्ति तेन सर्वज्ञाः ।
पश्यन्ति तेन सर्वं ततः सर्वदर्शिनो भवन्ति ।।३५१।।

તેમાં (=નવમી સંપદામાં) જિન ભગવંતો સઘળું જાણે છે, તેથી સર્વજ્ઞ છે. બધું જાણે છે તેથી બધું જુએ છે. બધું જુએ છે માટે સર્વદર્શી છે. (૩૫૧)

**एगो एसालावो, बीओ सिवमयलमाइओ एत्थ ।**
**तइओ नमो जिणाणं, जियभयाणं तु नायव्वो ॥३५२॥**

एक एष आलापो द्वितीयः शिवमचलमादिकोऽत्र ।
तृतीयो नमो जिनेभ्यो जितभयेभ्यस्तु ज्ञातव्यः ।।३५२।।

નવમી સંપદામાં આ (સવ્વન્નૂણં, સવ્વદરિસીણં) એક આલાવો છે. સિવ-મયલ વગેરે બીજો આલાવો છે. "નમો જિણાણં જિઅભયાણં" એ ત્રીજો આલાવો જાણવો. (૩૫૨)

**सिवमुवसग्गविउत्तं, सिद्धसरूवं पयं च सिद्धाणं ।**
**साहाविय-पाओगियचलणाभावाओ तं अचलं ॥३५३॥**

शिवमुपसर्गवियुक्तं सिद्धस्वरूपं पदं च सिद्धानाम् ।
स्वाभाविक-प्रायोगिकचलनाभावात्तदचलम् ।।३५३।।

સિદ્ધોનું સિદ્ધસ્વરૂપ સ્થાન શિવ છે = ઉપદ્રવોથી રહિત છે. સ્વાભાવિક કે પ્રાયોગિક ચલન ન હોવાથી તે સ્થાન અચલ છે.

**વિશેષાર્થઃ**— સિદ્ધસ્વરૂપ સ્થાનનો સ્વયં ચલાયમાન થવાનો સ્વભાવ ન હોવાથી સ્વાભાવિક ચલન નથી, તથા બીજાઓના પ્રયત્નથી પણ ચલાયમાન થતું ન હોવાથી પ્રાયોગિક ચલન પણ નથી, આથી અચલ છે. (૩૫૩)

**अरुयं रोगाभावा, अणंतनाणोवओगओऽणंतं ।**
**नासनिमित्ताभावा, नायव्वं अक्खयं तं तु ॥३५४॥**

अरुजं रोगाभावादनन्तज्ञानोपयोगतोऽनन्तम् ।
नाशनिमित्ताऽभावाज्ज्ञातव्यमक्षयं तत्तु ।।३५४।।

રોગ ન હોવાથી અરુજ છે. અનંતજ્ઞાનનો ઉપયોગ હોવાથી અનંત છે. નાશનું કારણ ન હોવાથી તે સ્થાન અક્ષય જાણવું. (૩૫૪)

**अव्वाबाहं भणियं, वाबाहाकारिकम्मविरहाओ ।**
**देह-मणोगयबाहाविरहियमाहारहीणत्ता ॥३५५॥**

अव्याबाधं भणितं व्याबाधाकारिकर्मविरहात् ।

देह-मनोगतबाधाविरहितमाधारहीनत्वात् ।।३५५।।

વ્યાબાધા (= પીડા) કરનાર કર્મોનો અભાવ હોવાથી તે સ્થાનને અવ્યાબાધ કહ્યું છે. શારીરિક-માનસિક બાધાઓનો આધાર શરીર અને મન છે. ત્યાં શરીર અને મન ન હોવાથી તે સ્થાન શરીર-મન સંબંધી બાધાઓથી = પીડાઓથી રહિત છે. (૩૫૫)

**नावत्तइ नागच्छइ, पुणो भवे तेण अपुणराविति ।**

**संसारहेउकम्माऽभावेण जओ इमं भणियं ।।३५६।।**

नाऽऽवर्तते नागच्छति पुनर्भवे तेनाऽपुनरावृत्ति ।

संसारहेतुकर्माऽभावेन यत इदं भणितम् ।।३५६।।

સિદ્ધસ્થાનમાં ગયેલો આત્મા સંસારના હેતુ એવાં કર્મોનો અભાવ હોવાથી ફરી સંસારમાં નથી આવતો, આથી તે સ્થાન અપુનરાવૃત્તિ છે. કારણકે આ (= નીચેની ગાથામાં કહેવાશે તે) કહ્યું છે. (૩૫૬)

**[१] दड्ढम्मि जहा बीए, न होइ पुणरंकुरस्स उप्पत्ती ।**

**तह कम्मबीयनासे, पुणब्भवो नत्थि सिद्धाणं ।।३५७।।**

दग्धे यथा बीजे न भवति पुनरङ्कुरस्योत्पत्तिः ।

तथा कर्मबीजनाशे पुनर्भवो नास्ति सिद्धानाम् ।।३५७।।

१. अनेन पद्येन सह तोलयन्तु इदं पद्यम्-'दग्धे बीजे यथात्यन्तं प्रादुर्भवति नाङ्कुरः । कर्मबीजे तथा दग्धे नारोहति भवाङ्कुरः' ।।-तत्त्वार्थ-दशमाध्यायेऽन्तिमसूत्रभाष्यप्रान्तभागेऽष्टमः श्लोकः।

જેવી રીતે બીજ બળી જતાં તેમાંથી ફરી અંકુરની ઉત્પત્તિ થતી નથી, તે રીતે કર્મરૂપી બીજનો નાશ થતાં સિદ્ધોનો ફરી જન્મ થતો નથી. (૩૫૭)

**सिज्झंति तत्थ जीवा, गम्मइ जीवेहिँ तेण सिद्धिगई ।**

**तं चेव नामधेयं, अभिहाणं तस्स ठाणस्स ।।३५८।।**

सिध्यन्ति तत्र जीवा गम्यते जीवैस्तेन सिद्धिगतिः ।

तदेव नामधेयमभिधानं तस्य स्थानस्य ।।३५८।।

તે-સ્થાનમાં જીવો સિદ્ધ થાય છે = કૃતકૃત્ય થાય છે, તથા કર્મમુક્ત આત્માઓ ત્યાં જાય છે, માટે તે સ્થાન સિદ્ધિગતિ કહેવાય છે, અને તે સ્થાનનું સિદ્ધિગતિ જ નામ છે. (૩૫૮)

**तं सम्मं पत्ताणं, कम्मखएणं ति एत्थ भावत्थो ।**
**इहरा वि जंति जम्हा, सुहुमा एगिंदिया तत्थ ॥३५९॥**

तत्सम्यक् प्राप्तानां कर्मक्षयेणेत्यत्र भावार्थः ।
इतरथाऽपि यान्ति यस्मात्सूक्ष्मा एकेन्द्रियास्तत्र ॥३५९॥

"કર્મક્ષયથી તે સ્થાનને સમ્યક્ પામેલા અરિહંતોને" એવો અહીં ભાવાર્થ છે. અન્યથા = કર્મક્ષય વિના સૂક્ષ્મ એકેંદ્રિય જીવો પણ ત્યાં જાય છે. સૂક્ષ્મ એકેંદ્રિય જીવો કર્મક્ષય વિના સિદ્ધિગતિમાં જાય છે, છતાં સિદ્ધિગતિને પામેલા કહેવાતા નથી. અરિહંતો કર્મક્ષયથી સિદ્ધિગતિમાં જતા હોવાથી સિદ્ધિગતિને પામેલા કહેવાય છે. (૩૫૯)

**तइयपयं पयडत्थं, नमो जिणाणं जियब्भयाणं ति ।**
**निगमणवयणं एयं, पुणरुत्तं नेव मंतव्वं ॥३६०॥**

तृतीयपदं प्रकटार्थं नमो जिनेभ्यो जितभयेभ्य इति ।
निगमनवचनमेतत्पुनरुक्तं नैव मन्तव्यम् ॥३६०॥

નમો જિણાણં જિઅભયાણં એ ત્રીજા પદનો અર્થ સ્પષ્ટ છે.

**પ્રશ્નઃ—** નમો પદ પ્રારંભમાં જ "નમુત્થુ ણં" એ પ્રમાણે કહેવાઈ ગયું છે. આથી અહીં નમો પદનો પ્રયોગ કર્યો એ પુનરુક્તિ છે.

**ઉત્તરઃ—** આ ઉપસંહાર વચન હોવાથી પુનરુક્તિ દોષ ન માનવો. (૩૬૦)

**एत्थं पुण बहुवयणं, पुरिसेगंतप्पवायनिम्महणं ।**
**सव्वेसिं पि जिणाणं, समगुणयाभावणनिमित्तं ॥३६१॥**

अत्र पुनर्बहुवचनं पुरुषैकान्तप्रवादनिर्मथनम् ।
सर्वेषामपि जिनानां समगुणताभावननिमित्तम् ॥३६१॥

અહીં બહુવચન પુરુષ એકાંતવાદના ખંડન માટે છે, તથા બધાય અરિહંતો સમાન ગુણવાળા છે એવી ભાવના માટે છે, અર્થાત્ બધાય અરિહંતો સમાન ગુણવાળા છે એવું જણાવવા માટે બહુવચન છે.

**વિશેષાર્થ:—** અહીં 'અરિહંતને' નમસ્કાર થાઓ એમ એકવચનનો પ્રયોગ કરવાને બદલે "અરિહંતોને" નમસ્કાર થાઓ એમ બહુવચનનો પ્રયોગ કેમ કર્યો ? એવા પ્રશ્નના સમાધાનમાં અહીં કહ્યું કે બહુવચન પુરુષ એકાંતવાદના ખંડન માટે છે. પુરુષ એકાંતવાદ એટલે જગતમાં એક જ પુરુષ = આત્મા છે એવો મત. આને દર્શનશાસ્ત્રમાં આત્માદ્વૈતમત કે પુરુષાદ્વૈતમત કહેવામાં આવે છે.

**આત્માદ્વૈતને માનવાનાં કારણો**

આત્માદ્વૈત એટલે આત્માનું અદ્વૈત. આત્માનું અદ્વૈત એટલે એક માત્ર આત્મા. શાસ્ત્રવચન છે કે ब्रह्मवद् ब्रह्मसंगतानां स्थितिः = બ્રહ્મ સાથે સંકળાયેલાની બ્રહ્મની જેમ સ્થિતિ હોય છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે— એક શુદ્ધ આત્મા તે બ્રહ્મ. આ બ્રહ્મ જગતનું મૂળ કારણ છે. એમાંથી જીવ અને જડ જગતનું સર્જન થાય છે, અને અમુક સમય પછી જીવ અને જગતનો લય થાય છે. અમુક સમય પછી ફરી બ્રહ્મમાંથી જીવ- જગતનું સર્જન થાય છે. ફરી લય થાય છે, ફરી સૃષ્ટિ થાય છે. આમ સૃષ્ટિ—લયનું ચક્ર ચાલ્યા કરે છે. (લ. વિ. मुत्ताणं मोअगाणं પદમાં)

**આ વિષે વેદાન્તીઓ આ પ્રમાણે કહે છે—**

ब्रह्म सत्यं जगन् मिथ्या = એક બ્રહ્મ જ સત્ય છે, જગત મિથ્યારૂપ છે. તથા—

सर्वं वै खल्विदं ब्रह्म, नेह नानाऽस्ति किञ्चन ।
आरामं तस्य पश्यन्ति, न तत्पश्यति कश्चन ॥

દેખાતું આ બધું બ્રહ્મસ્વરૂપ જ છે. એમાં કોઈ ભિન્ન ભિન્ન રૂપ નથી, અર્થાત્ બ્રહ્મથી અતિરિક્ત કોઈ વસ્તુ નથી. જે દેખાય છે તે બધું જ બ્રહ્મનો પ્રપંચ જ (= બ્રહ્મના પર્યાયો) દેખાય છે. પરંતુ બ્રહ્મને કોઈ જીવ દેખી શકતો નથી.

**પ્રશ્ન:—** બ્રહ્મથી ભિન્નરૂપે બધું પ્રત્યક્ષ દેખાય છે તેનું શું ?

**ઉત્તર:**— એ ભ્રમ છે. જેમ કોઈને છીપના ટુકડામાં ચાંદીનો ભ્રમ થઈ જાય, એથી છીપના ટુકડાને ચાંદી માની લે, તેમ બ્રહ્મથી ભિન્નરૂપે જે પ્રત્યક્ષ દેખાય છે તે ભ્રમ જ છે. (સ્યાદ્વાદમંજરી શ્લોક ૧૩ની ટીકા)

## આત્માદ્વૈતને માનવામાં આવતી આપત્તિઓ

અદ્વૈતવાદમાં એ પ્રશ્ન થાય કે જીવોને બ્રહ્મમાંથી છૂટા પાડનાર કોણ ? બ્રહ્મ સિવાય બીજી કોઈ વસ્તુ છે નહિ, કે જેને જીવના પૃથગ્ભાવનું કારણ કહી શકાય. જો બીજી વસ્તુ માનવામાં આવે તો અદ્વૈતવાદ ન રહે. એટલે જીવોનો પૃથગ્ભાવ થવામાં બ્રહ્મસત્તાને જ કારણ કહેવું પડશે. તેથી તો એ આપત્તિ આવશે કે કર્મથી મુક્ત બનેલા જે જીવો શુદ્ધબ્રહ્મમાં લય પામ્યા તે જીવો પાછા શુદ્ધ બ્રહ્મમાંથી છૂટા પડવાના. કેમ કે પૂર્વે છૂટા પડવામાં કારણભૂત તો બ્રહ્મસત્તા જ હતી, અને તે તો અત્યારે પણ છે જ. તો તેના બળે ફરી જીવો છૂટા કેમ ન પડે ? અર્થાત્ પડે જ. આમ થાય તો મુક્ત બનવાનો કોઈ અર્થ રહેતો નથી. મુક્ત બનવાની જીવની મહેનત નકામી બને.

**પૂર્વપક્ષ:**— એકવાર બ્રહ્મમાંથી અલગ પડવાનું થયું, પછી પુરુષાર્થ કરીને કર્મથી મુક્ત બનેલા જીવનો કાયમ માટે બ્રહ્મમાં લય થઈ જાય છે. ફરી પૃથગ્ભાવ થતો નથી. આથી મુક્ત બનવાની જીવની મહેનત નકામી બનતી નથી.

**ઉત્તરપક્ષ:**— અહીં પ્રશ્ન એ છે કે જીવ બ્રહ્મમાંથી અલગ થાય છે તે શુદ્ધબ્રહ્મમાંથી અલગ થાય છે કે અશુદ્ધબ્રહ્મમાંથી અલગ થાય છે ? જો શુદ્ધબ્રહ્મમાંથી અલગ થતો હોય તો અલગ થયેલા જીવમાં રાગાદિની અશુદ્ધિ ક્યાંથી આવી? બ્રહ્મ તો શુદ્ધ છે. હવે જો એમ કહેવામાં આવે કે અશુદ્ધબ્રહ્મમાંથી અલગ થાય છે તો એનો અર્થ એ થયો કે— જ્યારે લય થશે ત્યારે અશુદ્ધબ્રહ્મમાં લય થશે. આવો લય શા કામનો ? માટે વ્યક્તિરૂપે દરેક આત્મા ભિન્ન ભિન્ન છે = સ્વતંત્ર છે, અને કર્મસંયોગ આદિથી જીવોમાં ભેદ પડે છે એમ માનવું એ જ યુક્તિયુક્ત છે. આત્મા કર્મસંયોગના કારણે સંસારી થાય છે, અને કર્મવિયોગના કારણે મુક્ત થાય છે. આથી સંસારી અને મુક્ત એવા બે ભેદો વાસ્તવિક છે.

અરિહંતો ઘણા છે એમ જણાવવા માટે આવા આત્માદ્વૈત મતનું ખંડન કરવા અહીં 'અરિહંતાણં' એમ બહુવચન છે. (૩૬૧)

**विसयबहुत्ते किरिया, भावुल्लासाओ बहुफला होइ ।**
**पणिवायदंडगोवरि, भन्नइ तम्हा इमा गाहा ॥३६२॥**

विषयबहुत्वे क्रिया भावोल्लासाद् बहुफला भवति ।
प्रणिपातदण्डकोपरि भण्यते तस्मादियं गाथा ॥३६२॥

"जे [अ] अईआ सिद्धा" इत्यादि ॥

पूर्णमूलम् –

**जे अ अईआ सिद्धा, जे अ भविस्संतिऽणागए काले ।**
**संपइ अ वट्टमाणा, सव्वे तिविहेण वंदामि ॥**

વિષયના બહુપણામાં ભાવોલ્લાસથી ક્રિયા બહુફળવાળી થાય એ માટે બહુવચન છે. તેથી પ્રણિપાત દંડક પછી जे अ अईआ सिद्धा ઈત્યાદિ ગાથા છે.

**વિશેષાર્થ:**– અહીં જેને નમસ્કાર કરવાનો હોય તેને વિષય કહેવાય છે. અહીં અરિહંતોને નમસ્કાર કરવાનો છે. માટે અહીં વિષય એટલે અરિહંતો, અરિહંતોના બહુપણામાં એટલે ઘણા અરિહંતોને નમસ્કાર કરવામાં. એક અરિહંતને નમસ્કાર કરવાથી જે ફળ મળે તેના કરતાં ઘણા અરિહંતોને નમસ્કાર કરવાથી વધારે ફળ મળે. એકને બદલે અનેકને નમસ્કાર કરવામાં મનમાં એમ થાય કે હું એક જ નમસ્કાર ક્રિયાથી અનંતા અરિહંતોને નમસ્કાર કરી રહ્યો છું. આથી ભાવોલ્લાસ વધે છે. ભાવોલ્લાસ વધવાથી ફળ વધારે મળે. આમ નમસ્કાર કરનારને બહુ ફળ મળે એ માટે 'અરિહંતને' નમસ્કાર હો એમ એકવચનને બદલે 'અરિહંતોને' નમસ્કાર હો એમ બહુવચન છે.

તથા ઘણા અરિહંતોને નમસ્કાર કરવાથી ભાવોલ્લાસના કારણે બહુ ફળ મળે એ માટે जे अ अईआ सिद्धा ઈત્યાદિ ગાથા છે. આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે– "જે ભૂતકાળમાં સિદ્ધ થયા છે, જે ભવિષ્યમાં સિદ્ધ થશે અને જે વર્તમાનમાં વિદ્યમાન છે તે સર્વ અરિહંતોને મન-વચન-કાયાથી વંદન કરું છું.

આમાં ભૂતકાળના, ભવિષ્યકાળના અને વર્તમાનકાળના એમ ત્રણે કાળના સર્વ અરિહંતોને વંદન કરવામાં આવ્યું છે. (૩૬૨)

**एयाए भावत्थं, सुगमं सम्मं मणम्मि भावेंतो ।**
**मण-वयण-कायसारं, करेज्ज पंचंगपणिवायं ॥३६३॥**

एतस्या भावार्थं सुगमं सम्यगमनसि भावयन् ।
मनो-वचन-कायसारं कुर्यात् पञ्चाङ्गप्रणिपातम् ।।३६३।।

जे अ अईआ सिद्धा ઈત્યાદિ ગાથાનો ભાવાર્થ સુગમ છે. આ ગાથાના ભાવાર્થને મનમાં સમ્યગ્ વિચારતો સાધુ કે શ્રાવક મન-વચન-કાયાની પ્રધાનતાવાળું પંચાંગ પ્રણિપાત કરે. (૩૬૩)

**उट्ठित्तु असंभंतो, तिविहं पायंतरं पमज्जित्ता ।**
**जिणमुद्दाट्ठियचलणो, इरियावहियं पडिक्कमइ ॥३६४॥**

उत्थायाऽसंभ्रान्तस्त्रिविधं पादान्तरं प्रमृज्य ।
जिनमुद्रास्थितचरण ईर्यापथिकीं प्रतिक्रामति ।।३६४।।

પછી ભ્રાંતિથી રહિત તે પગના અંતરને પુંજીને ઊભો થાય. પછી પગની જિનમુદ્રા કરીને ઈર્યાપથિકીને પ્રતિક્રમે = ઈરિયાવહિયા કરે. (૩૬૪)

**सन्निहियं भावगुरुं, आपुच्छित्ता खमासमण-पुव्वं ।**
**इरियं पडिक्कमेज्जा, ठवणाजिणसक्खियं इहरा ॥३६५॥**

सन्निहितं भावगुरुमापृच्छ्य क्षमाश्रमण-पूर्वम् ।
ईर्यां प्रतिक्रामेत् स्थापनाजिनसाक्षिकमितरथा ।।३६५।।

નજીકમાં રહેલા ભાવગુરુને ખમાસમણ પૂર્વક પૂછીને ઈરિયાવહિયા કરે. જો નજીકમાં ભાવ ગુરુ ન હોય તો સ્થાપના જિનની સાક્ષીએ ઈરિયાવહિયા કરે. (૩૬૫)

सूत्रम् - इच्छामि इत्यादि ।।

इच्छामि पडिक्कमिउं इरियावहियाए विराहणाए गमणागमणे पाणक्कमणे बीअक्कमणे हरियक्कमणे ओसा-उत्तिंग-पणग-दग-मट्टि-मक्कडा संताणा संकमणे जे मे जीवा विराहिआ एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिआ, अभिहआ, वत्तिआ, लेसिआ, संघाइआ, संघट्टिआ, परिआविआ, किलामिआ, उद्दविआ ठाणाओ ठाणं संकामिआ, जीविआओ ववरोविआ तस्स मिच्छा मि दुक्कडं ॥

**इह वीसामा अट्ठ उ, पयाइं बत्तीस बेंति गीयत्था ।**
**तेसिं विरइविभागो, एएण कमेण विन्नेओ ॥३६६॥**

इह विश्रामा अष्टौ तु पदानि द्वात्रिंशद् ब्रुवन्ति गीतार्थाः ।
तेषां विरतिविभाग एतेन क्रमेण विज्ञेयः ॥३६६॥

આ સૂત્રમાં આઠ સંપદા અને બત્રીસ પદ છે એમ ગીતાર્થો કહે છે. તે પદોનો સંપદા વિભાગ આ (નીચે કહેવાશે તે) ક્રમથી જાણવો. (૩૬૬)

**दुग दुग चउरो सत्तग, इग पण दसगं इगं च विरईओ ।**
**इरियावहियासुत्ते, बत्तीसं हुंति आलावा ॥३६७॥**

द्विकं द्विकं चत्वारि सप्तकमेकं पञ्च दशकमेकं च विरतयः ।
ईर्यापथिकासूत्रे द्वात्रिंशद्भवन्त्यालापाः ॥३६७॥

ક્રમશઃ બે, બે, ચાર, સાત, એક, પાંચ, દશ, એક પદવાળી સંપદાઓ છે. ઈરિયાવહિયા સૂત્રમાં ૩૨ આલાવા (પદો) છે. (૩૬૭)

**एएसि पयाणत्थो, इच्छामि अहिलसामि पडिक्कमिउं ।**
**पडिकूलं वट्टेउं, नियत्तिउं एस भावत्थो ॥३६८॥**

एतेषां पदानामर्थ इच्छाम्यभिलषामि प्रतिक्रमितुम् ।
प्रतिकूलं वर्त्तितुं निवर्त्तितुमेष भावार्थः ॥३६८॥

આ પદોનો અર્થ આ પ્રમાણે છે— इच्छामि = ઈચ્છું છું. प्रतिक्रमितुं = પ્રતિકૂલ વર્તવાને, પ્રતિકૂલ વર્તવાને એટલે નિવર્તવાને = પાછો ફરવાને. इच्छामि प्रतिक्रमितुं એટલે હું પાછો ફરવાને ઈચ્છું છું એવો ભાવાર્થ છે. (૩૬૮)

**इरियावहियाएँ विराहणाएँ इरिया गइ त्ति तम्मग्गो ।**
**इरियावहो त्ति भन्नइ, इरियावहिया उ तप्पभवा ॥३६९॥**

ईर्यापथिक्यां विराधनायामीर्या गतिरिति तन्मार्गः ।
ईर्यापथ इति भण्यते, ईर्यापथिकी तु तत्प्रभवा ।।३६९।।

**भन्नइ विराहणा खलु, इच्छामि अहं तओ पडिक्कमिउं ।**
**गमणं नियठाणाओ, आगमणं अन्नओऽभिमयं ॥३७०॥**

भण्यंते विराधना खलु इच्छामि अहं ततः प्रतिक्रमितुम् ।
गमनं निजस्थानाद् आगमनमन्यतोऽभिमतम् ।।३७०।।

इरियावहियाए विराहणाए = इर्यापथिक्या विराधनाया : અહીં ઈર્યા એટલે ગતિ. પથ એટલે માર્ગ. ગતિનો = જવાનો માર્ગ તે ઈર્યાપથ કહેવાય છે. તેમાં થયેલી વિરાધના તે ઈર્યાપથિકી વિરાધના. જવાના માર્ગમાં થયેલી વિરાધનાથી (= જીવહિંસાદિ પાપથી) હું પાછો ફરવાને ઈચ્છું છું. गमणागमणे = गमनागमने ગમન એટલે પોતાના સ્થાનથી જવું. આગમન એટલે બીજા સ્થાનથી આવવું. ગમનાગમનનો આવો અર્થ ઈષ્ટ છે. (૩૬૯-૩૭૦)

**तम्मि उ पाणाईणं, अक्कमणे विगलइंदिया पाणा ।**
**बीयाणि सालिमाई, हरियाणि वणप्फइविसेसा ॥३७१॥**

तस्मिंस्तु प्राणादीनामाक्रमणे विकलेन्द्रियाः प्राणाः ।
बीजानि शाल्यादिः, हरितानि वनस्पतिविशेषाः ।।३७१।।

पाणक्कमणे = જવા-આવવામાં પ્રાણ આદિના આક્રમણમાં. પ્રાણ એટલે વિકલેંદ્રિય જીવો. बीयक्कमणे = ડાંગર વગેરે બીજોના આક્રમણમાં. हरियक्कमणे = વનસ્પતિ વિશેષ (= લીલી વનસ્પતિ) ના આક્રમણમાં. (૩૭૧)

**एसा तइया विरई, [१] ओसाउत्तिंगमाइया अवरा ।**
**तत्थोसा [२] सुपसिद्धा, उत्तिंगो कीडियानगरं ॥३७२॥**

एषा तृतीया विरतिः 'ओसाउत्तिङ्गा-'ऽऽदिका अपरा ।
तत्रोषा सुप्रसिद्धा उत्तिंगः कीटिकानगरम् ।।३७२।।

१. "णिसजल-हिमेसु ओसा" देशीनाममालायां प्रथमे वर्गे १६४ श्लोकः ।

२. "अवश्याय-उत्तिङ्ग-पनक-दग-मृतिका-मर्कटसंतानसंक्रमणे सति- अवश्यायो जलविशेषः, उत्तिङ्गा गर्दभाकृतयो जीवाः कीटिकानगराणि वा, पनकः फुल्लिः, दगमृत्तिका चिक्खल्लम्, अथवा दकग्रहणाद् अप्कायः, मृतिकाग्रहणात् पृथ्वीकायः, मर्कटसंतानः कोलिकजालम्" - **आवश्यके हरिभद्रवृत्तौ** (पृ० ५७३)

આ ત્રીજી સંપદા છે. ओसा-उत्तिंग વગેરે અન્ય (= ચોથી) સંપદા છે. તેમાં ओसा સુપ્રસિદ્ધ છે. (ओसा = અવશ્યાય. અવશ્યાય એટલે ઠારનું = ઝાંકળનું પાણી.) उत्तिंग = કીડીઓનો નગરો. (૩૭૨)

**हरतणुगमाहु अन्ने, पणओ ओल्ली दगं जलं मट्टी ।**
**पुढवीकाओ भणिओ, मक्कडगा कोलिया भणिया ॥३७३॥**

हरितनुकमाहुरन्ये पनक ओल्ली दकं जलं मृत्तिका ।
पृथिवीकायो भणितः, मत्कोटका कौलिका भणिताः ।।३७३।।

બીજાઓ उत्तिंग એટલે હરતનુગ એમ કહે છે. હરતનુગ એટલે ખેતરમાં વાવેલા ઘઉં આદિના પાંદડાઓ ઉપર થતા જલબિંદુઓ. पणग એટલે ઓલ્લી. ઓલ્લી એટલે પાંચેય રંગની લીલફૂગ. दग = (સચિત્ત) પાણી. मट्टी = પૃથ્વીકાય (= સચિત્ત માટી). मक्कडा = કોલિયા. કોલિયા એટલે કરોળિયો. (૩૭૩)

**संताणो समुदाओ, जालं वा तेसु विहियसंकमणे ।**
**एसा चउत्थविरई, विराहिया जे मए जीवा ॥३७४॥**

संतानः समुदायो जालं वा तेषु विहितसंक्रमणे ।
एषा चतुर्थीविरतिर्विराधिता ये मया जीवाः ।।३७४।।

संताण એટલે સમુદાય અથવા જાળ. તે બધામાં કરેલા સંક્રમણમાં. (સંક્રમણ એટલે ચાંપવું-દબાવવું. ઠારનું પાણી વગેરેને ચાંપવામાં-દબાવવામાં થયેલી વિરાધનાથી હું પાછો ફરવાને ઈચ્છું છું.) આ ચોથી સંપદા છે. जे मे जीवा विराहिया = જે કોઈ

જીવોને મેં વિરાધ્યા હોય = દુઃખ પમાડ્યું હોય. (૩૭૪)

**एगपया पंचमिया, छट्ठा एगिंदिया य पंचपया ।**
**विरइदुगं पि सुगमं, सत्तमिया अभिहयाईया ॥३७५॥**

एकपदा पञ्चमिका षष्ठी एकेन्द्रियाश्च पञ्चपदा ।
विरतिद्विकमपि सुगमं सप्तमिका अभिहताऽऽदिका ॥३७५॥

પાંચમી સંપદા એક પદ વાળી છે. છઠ્ઠી સંપદા एगिंदिया વગેરે પાંચપદવાળી છે. પાંચમી, છઠ્ઠી એ બંને સંપદાઓનો અર્થ સુગમ છે. अभिहया વગેરે સાતમી સંપદા છે. (૩૭૫)

**अभिमुह हया अभिहया, गाढक्कंता य वत्तिया नेया ।**
**अन्नोन्नं लिंगणयं, कारिया आलेसिया हुंति ॥३७६॥**

अभिमुखं हता अभिहता गाढाक्रान्ताश्च वर्तिता ज्ञेयाः ।
अन्योन्यं लिङ्गनकं कारिता आश्लेषिता भवन्ति ॥३७६॥

अभिहया = સામે આવતા જીવોને હણ્યા હોય = પગ વગેરેની ઠોકરથી ઈજા પમાડી હોય, वत्तिया = (પગ આદિથી) ગાઢ દબાવ્યા હોય, लेसिया = પરસ્પર આલિંગન કરાવ્યા હોય (= અથડાવ્યા હોય) (૩૭૬)

**संघाइया य पुंजीकय त्ति संघट्टिया व संपुट्ठा ।**
**परिआविया य ईसिं, कयपीडा बहु किलामियया ॥३७७॥**

संघातिताश्च पुञ्जीकृता इति संघट्टिता वा संस्पृष्टाः ।
परितापिताश्च ईषत्कृतपीडा बहु क्लमितकाः ॥३७७॥

संघाइया = ઢગલો કર્યો હોય (= ઘણા જીવોને એક-બીજાના શરીરો દબાય તેમ ભેગા કર્યા હોય.) संघट्टिया = સ્પર્શ્યા હોય. परियाविया = થોડી પીડા ઉપજાવી હોય, किलामिया = ઘણી પીડા ઉપજાવી હોય. (૩૭૭)

**उद्दविया कयमुच्छा, ठाणा ठाणंतरं च संग(क)मिया ।**
**पाणेहि विप्पमुक्का, जीवा ववरोविया भणिया ॥३७८॥**

उद्द्राविताः कृतमूर्छाः स्थानात् स्थानान्तरं च संग(क्र)मिताः ।
प्राणैर्विप्रमुक्ता जीवा व्यपरोपिता भणिताः ।।३७८।।

उद्दविया = મૂર્ચ્છિત કર્યા હોય. ठाणाओ ठाणं संकामिया = એક સ્થાનથી બીજા સ્થાને મૂક્યા હોય. जीवियाओ ववरोविया = પ્રાણથી મુક્ત કર્યા હોય (= મારી નાખ્યા હોય). (૩૭૮)

**तस्स य मिच्छा मि दुक्कडं ति आलावएण अट्ठमिया ।**
**एयाए पुण अत्थो, एसो भणिओ मुणिंदेहिं ॥३७९॥**

तस्य च मिथ्या मे दुष्कृतमिति आलापकेनाष्टमिका ।
एतस्याः पुनरर्थ एष भणितो मुनीन्द्रैः ।।३७९।।

तस्स मिच्छा मि दुक्कडं એ આલાવાથી આઠમી સંપદા કહી છે. જિનેશ્વરોએ આઠમી સંપદાનો આ (નીચેની ગાથામાં કહેવાશે તે) અર્થ કહ્યો છે. (૩૭૯)

**'मि'त्ति मिउमद्दवत्ते, 'छ'त्ति य दोसाण छायणे होइ ।**
**'मि'त्ति य मेराइ ठिओ, 'दु'त्ति दुगुंछामि अप्पाणं ॥३८०॥**

'मि'इति मृदुमार्दवत्वे, 'छ' इति च दोषाणां छादने भवति ।
'मि' इति च मर्यादायां स्थितः, 'दु' इति जुगुप्से आत्मानम् ।।३८०।।

**'क'त्ति कडं मे पावं, 'ड' त्ति य डेवेमि तं उवसमेण ।**
**एसो मि-च्छा-मि-दु-क्क-ड पयक्खरत्थो समासेण ॥३८१॥**

'क' इति कृतं मया पापम्, 'ड' इति च डीये(लङ्घयामि) तदुपशमेन।
एष मि-च्छा-मि-दु-क्क-ड-पदाक्षरार्थः समासेन ।।३८१।।

**व्याख्या** - 'मित्ति' मि इत्येतदक्षरं मृदुमार्दवत्वे भवतीति योगः । तत्र मृदोः कायतो विनयावनम्रस्य मार्दवस्य च भावतो नम्रताधर्मवतो भावो मृदुमार्दवत्वं। अथवा मृदु-मार्दवं यस्य स तथा, तस्य भावो मृदुमार्दवत्वं तत्र । 'छ त्ति य' इत्येतत्पुनरक्षरं । दोषाणामसंयमयोगलक्षणानां छादने स्थगने, अपुनरासेवन इत्यर्थः। भवति वर्तते । 'मे त्ति य' मे इत्येतच्चाक्षरं । 'मेराएँ त्ति' मर्यादायां चारित्ररूपायां स्थितो व्यवस्थितोऽहं,

अस्यार्थस्याभिधायकं । 'दु त्ति' दु इत्येतदक्षरं जुगुप्से निन्दाम्यात्मानं दुष्कृतकर्मकारिणमित्यत्रार्थे वर्तत इति । अयमर्थः- मृदुमार्दवे दोषाच्छादने मर्यादायां च स्थितः सन्नहमात्मानं निन्दामीति ।।१२।।

तथा 'क त्ति' क इत्येतदक्षरं कृतं विहितं मया नान्येन । पापं वितथासेवनरूपं इत्यत्रार्थे स्वदोषप्रतिपत्तिरूपे वर्तते । 'ड त्ति य' ड इत्येतच्चाक्षरं डिये लंघयामि, तत् पापं उपशमेन करणभूतेन इत्यत्रार्थे वर्तते । एषोऽनन्तरोक्तः । 'मिच्छा मि दुक्कडं त्ति' प्राकृतशैल्या गाथानुलोम्याच्च मिथ्या मे दुष्कृतमित्यत्र पदे यान्यक्षराणि वर्णास्तेषां योऽर्थोऽभिधेयः स तथा । समासेन संक्षेपेणेति । ननु कथं प्रत्येकमक्षराणामर्थवत्ता युक्ता, पदवाक्ययोरेवार्थदर्शनात् । अत्रोच्यते-प्रत्येकमप्यक्षराणामर्थोऽस्ति, अन्यथा तत्समुदायेऽप्यभावप्रसंगात् सिकतासु तैलवदिति। किं च संकेताधीन : पदानामर्थो दृष्टः, स च यदि वर्णानामपि तथा स्यात्तदा न काचित्क्षतिरिति । दृश्यते च मननात् त्राणाच्च मन्त्र इत्यादिषु । इति गाथाद्वयार्थः ।।१३।। (पञ्चाशक १२/१२-१३)

મિચ્છા મિ દુક્કડં પદમાં મિ, ચ્છા, મિ, દુ, ક્ક, ડં એમ છ અક્ષરો છે. દરેક અક્ષરનો અર્થ આ પ્રમાણે છે–

**મિ** = મૃદુતા (નમ્રતા), **ચ્છા** = દોષોનું આછાદન કરવું-રોકવા, અર્થાત્ ફરી ન કરવા, **મિ** = મર્યાદામાં (ચારિત્રના આચારોમાં) રહેલ, **દુ** = દુષ્કૃત કરનાર આત્માની નિંદા કરું છું. આ ચાર અક્ષરોનો સમુદિત અર્થ આ પ્રમાણે છે—કાયાથી અને ભાવથી નમ્ર બનીને થયેલી ભૂલ ફરી નહિ કરું એવા ભાવથી ચારિત્રના આચારોમાં રહેલો હું દુષ્કૃત્ય કરનારા મારા આત્માની નિંદા કરું છું.

**ક્ક** = મેં પાપ કર્યું છે એવી પાપની કબૂલાત, **ડં** = ઉપશમથી પાપને ઓળંગી જઉં છું, અર્થાત્ મેં પાપ કર્યું છે એવી કબૂલાત કરું છું અને ઉપશમભાવથી મારા કરેલા એ પાપથી રહિત બની જાઉં છું. મિચ્છા મિ દુક્કડં પદના અક્ષરોનો સંક્ષેપથી આ અર્થ છે.

**પ્રશ્નઃ-** સંપૂર્ણ પદ કે વાક્યનો અર્થ જોવામાં આવે છે, પદના પ્રત્યેક અક્ષરનો અર્થ જોવામાં આવતો નથી. આથી પ્રત્યેક અક્ષરનો અર્થ યોગ્ય નથી.

**ઉત્તરઃ-** પ્રત્યેક અક્ષરનો પણ અર્થ છે. જો પ્રત્યેક અક્ષરનો અર્થ ન હોય તો

અક્ષરોના સમુદાયમાં (પદમાં) પણ અર્થ ન હોય. જેમ કે રેતીના પ્રત્યેક કણિયામાં તેલ નથી તો તેના સમુદાયમાં પણ તેલ નથી. તથા પદોનો અર્થ સંકેત પ્રમાણે જોવામાં આવે છે. જે પદમાં જે સંકેત હોય તે પદનો તે અર્થ થાય છે. એમ વ્યવહારમાં જોવામાં આવે છે. તે પ્રમાણે અક્ષરોમાં પણ સંકેત હોવામાં કશો વાંધો નથી. અક્ષરોમાં પણ સંકેત હોય છે. જેમકે **મં** એટલે મનન કરવાથી અને **ત્ર** એટલે રક્ષણ કરનાર હોવાથી મંત્ર કહેવાય છે. અર્થાત્ જે મનન કરવાથી રક્ષણ કરે તે મંત્ર. અહીં મં અક્ષરમાં મનન એવો સંકેત છે અને ત્ર અક્ષરમાં રક્ષણ કરનાર એવો સંકેત છે. (૩૮૦-૩૮૧)

**इरियावहियासुत्तं, एत्तियमेत्तं अओ परं सेसं ।**
**उस्सग्गकरणसुत्तं, तस्स य एयारिसो अत्थो ॥३८२॥**

ईर्यापथिकीसूत्रमेतावन्मात्रम्, अतः परं शेषम् ।
उत्सर्गकरणसूत्रं तस्य च एतादृशोऽर्थः ।।३८२।।

ઈરિયાવિહયા સૂત્ર આટલું છે. હવે પછી બાકીનું કાયોત્સર્ગ કરવાનું સૂત્ર કહેવામાં આવે છે. તેનો આવો (= હવે કહેવાશે તેવો) અર્થ છે. (૩૮૨)

**तेसिं गमणागमाईसमत्थपावाण घायणणिमित्तं ।**
**उस्सग्गं ठामि अहं, उत्तरकरणाइहेऊहिं ॥३८३॥**

तेषां गमनाऽऽगमादिसमस्तपापानां घातननिमित्तम् ।
उत्सर्गं तिष्ठामि अहमुत्तरकरणादिहेतुभिः ।।३८३।।

તે ગમનાગમન આદિથી થયેલા સર્વ પાપોના નાશ નિમિત્તે ઉત્તરકરણ આદિ હેતુઓથી હું કાઉસ્સગ્ગ કરું છું. (૩૮૩)

**भणियं च–**
**खंडियविराहियाणं मूलगुणाणं सउत्तरगुणाणं ।**
**उत्तरकरणं कीरइ, जह सगड-रहंग-गेहाणं ॥३८४॥**

भणितं च–

खण्डितविराधितानां मूलगुणानां सोत्तरगुणानाम् ।
उत्तरकरणं क्रियते यथा शकट-रथाङ्ग-गेहानाम् ।।३८४।।

**व्याख्या:** 'खण्डितविराधितानां' खण्डिता:- सर्वथा भग्ना, विराधिता:- देशतो भग्ना मूलगुणानां - प्राणातिपातादिविनिवृत्तिरूपाणां सह उत्तरगुणै:- पिण्डविशुद्ध्यादिभिर्वर्त्तत इति सोत्तरगुणास्तेषामुत्तरकरणं क्रियते, आलोचनादिना पुन: संस्करणमित्यर्थ:, दृष्टान्तमाह यथा शकटरथाङ्गगेहानां गन्त्रीचक्रगृहाणामित्यर्थ:, तथा च शकटानां खण्डितविराधितानां अक्षावलकादिनोत्तरकरणं क्रियत इति (आवश्यकसूत्रनिर्युक्तिगाथा-१५०७)

કહ્યું છે કે–

જેવી રીતે ભાંગી ગયેલા ગાડામાં પૈડું નાખીને, ભાંગી ગયેલ રથમાં ખીલી લગાડીને અને ભાંગી ગયેલા ઘરમાં થાંભલો મૂકીને (વગેરે રીતે) ઉત્તરકરણ = પુન:સંસ્કરણ કરવામાં આવે છે (= સમારવામાં આવે છે) તેવી રીતે ખંડિત અને વિરાધિત ઉત્તરગુણ સહિત મૂલગુણોનું (આલોચન-પ્રાયશ્ચિત્ત આદિથી) ઉત્તરકરણ = પુન:સંસ્કરણ કરવામાં આવે છે. ખંડિત = સર્વથા ભાંગેલું. વિરાધિત = દેશથી ભાંગેલું. પ્રાણાતિપાતવિરમણ વગેરે મૂલગુણો છે. પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તરગુણો છે. (૩૮૪)

**पावं छिंदइ जम्हा, पायच्छित्तं तु भन्नइ तम्हा ।**
**पाएण वा वि चित्तं, सोहयइ तेण पच्छित्तं ॥३८५॥**

पापं छिद्यते यस्मात् प्रायश्चित्तं तु भण्यते तस्मात् ।
प्रायेण वापि चित्तं शोधयति तेन प्रायश्चित्तम् ।।३८५।।

अधुना 'पायश्चित्तकरणेनं' ति सूत्रावयवं व्याचिख्यासुराह 'पावं' गाहा—
**व्याख्या** — पावं-कर्मोच्यते तत् पापं छिनत्ति यस्मात् कारणात् प्राकृतशैल्या 'पायच्छित्तं' ति भण्यते, तेन कारणेन संस्कृते तु पापं छिनत्तीति पापच्छिदुच्यते, प्रायसो वा चित्तं-जीवं शोधयति-कर्ममलिनं विमलीकरोति तेन कारणेन प्रायश्चित्तमुच्यते, प्रायो वा-बाहुल्येन चित्तं स्वेन स्वरूपेण अस्मिन् सतीति प्रायश्चित्तं, प्रायोग्रहणं संवरादेरपि तथाविधचित्तसद्भावादिति गाथार्थ: (आवश्यकसूत्रनिर्युक्तिगाथा – १५०८)

પાપને = કર્મને છેદે તે પાપચ્છિદ્, પ્રાકૃતના કારણે પાપચ્છિદ્ શબ્દનું પ્રાયશ્ચિત્ત રૂપ બને છે. અથવા પ્રાયઃ ચિત્તને=કર્મથી મલિન જીવને નિર્મલ કરે છે તેથી પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

અથવા પ્રાયશ્ચિત્ત થયે છતે ચિત્ત પ્રાયઃ (ઘણા ભાગે) પોતાના સ્વરૂપમાં રહે છે માટે (પ્રાયઃ + ચિત્ત) પ્રાયશ્ચિત્ત કહેવાય છે. સંવર આદિથી પણ ચિત્ત પોતાના સ્વરૂપમાં રહે છે માટે અહીં પ્રાયઃશબ્દનો ઉલ્લેખ કર્યો છે. (૩૮૫)

**दव्वविसोही वत्थाइयाण खाराइदव्वसंजोगा ।**
**भावविसोही जीवस्स निंद-गरहाइकरणाओ ॥३८६॥**

द्रव्यविशोधिर्वस्त्रादिकानां क्षारादिद्रव्यसंयोगात् ।
भावविशोधिर्जीवस्य निन्दा-गर्हाऽऽदिकरणात् ॥३८६॥

ખાર આદિ દ્રવ્યના સંયોગથી થતી વસ્ત્ર આદિની વિશુદ્ધિ દ્રવ્યવિશુદ્ધિ છે. નિંદા-ગર્હા આદિ કરવાથી થતી આત્માની વિશુદ્ધિ એ ભાવવિશુદ્ધિ છે. (૩૮૬)

**कंटाइसल्लरहिओ, दव्वविसल्लो इहं सुही होइ ।**
**अइयारसल्लरहिओ, भावविसल्लो इह परत्थ ॥३८७॥**

कण्टादिशल्यरहितो द्रव्यविशल्य इह सुखी भवति ।
अतिचारशल्यरहितो भावविशल्य इह परत्र ॥३८७॥

વિશલ્ય=શલ્યથી રહિત. કાંટો વગેરે શલ્યથી રહિત જીવ દ્રવ્યથી વિશલ્ય છે, અને આ લોકમાં સુખી થાય છે. અતિચારરૂપ શલ્યથી રહિત જીવ ભાવથી વિશલ્ય છે અને આ લોકમાં તથા પરલોકમાં સુખી થાય છે. (૩૮૭)

**इच्चाइसुत्तविहिणा, काउस्सग्गं करेइ थिरचित्तो ।**
**ऊसासा पणुवीसं, पमाणमेयस्स निद्दिट्ठं ॥३८८॥**

इत्यादिसूत्रविधिना कायोत्सर्गं करोति स्थिरचित्तः ।
उच्छ्वासाः पञ्चविंशतिः प्रमाणमेतस्य निर्दिष्टम् ॥३८८॥

(ઉત્તરકરણ પ્રાયશ્ચિત્તકરણ દ્વારા થાય છે, માટે पायच्छित्त करणेणं પદ છે. પ્રાયશ્ચિત્તકરણ વિશુદ્ધિ દ્વારા થાય છે, માટે विसोहिकरणेणं પદ છે. વિશુદ્ધિકરણ શલ્યના અભાવમાં થાય છે, માટે विसल्लीकरणेणं પદ છે.

पावाणं कम्माणं निग्घायणट्ठाए = જ્ઞાનાવરણીયાદિ પાપ કર્મોના નાશ માટે ठामि काउसग्गं = કાયોત્સર્ગ કરું છું.)

ઈત્યાદિ સૂત્રોક્ત વિધિથી સ્થિર ચિત્તે કાયોત્સર્ગ કરે. કાયોત્સર્ગનું પ્રમાણ પચ્ચીસ શ્વાસોચ્છ્શ્વાસ કહ્યું છે. (૩૮૮)

**काऊण नमोक्कारं, अरिहंताणं ततो विहाणेण ।**
**पारियकाउस्सग्गो, चउवीसजिणत्थयं पढइ ॥३८९॥**

कृत्वा नमस्कारमर्हतां ततो विधानेन ।
पारितकायोत्सर्गः चतुर्विंशतिजिनस्तवं पठति ।।३८९।।

પછી વિધિથી અરિહંતને નમસ્કાર કરીને (=નમો અરિહંતાણં બોલીને) કાયોત્સર્ગ પારીને "લોગસ્સ" સૂત્ર બોલે. (૩૮૯)

**तो सक्कत्थयविहिणा, ठाऊणं मंगलत्थयं पढइ ।**
**भुज्जो सक्कत्थयंते, आयरिआई उ वंदेइ ॥३९०॥**

ततः शक्रस्तवविधिना स्थित्वा मङ्गलस्तवं पठति ।
भूयः शक्रस्तवान्ते आचार्यादींस्तु वन्दते ।।३९०।।

પછી શક્રસ્તવની મુદ્રામાં રહીને મંગલ સ્તવ (=ચૈત્યવંદન) કહે. ફરી (શક્રસ્તવ બોલીને) શક્રસ્તવના અંતે આચાર્ય આદિને વંદન કરે. (૩૯૦)

**उट्ठित्तु ठिओ संतो, पमोयरोमंच [1] चिंचइयगत्तो ।**
**चेइयगयथिरदिट्ठी, ठवणाजिणदंडयं पढइ ॥३९१॥**

उत्थाय स्थितः सन् प्रमोदरोमाञ्चमण्डित(पुलकित)गात्रः ।
चैत्यगतस्थिरदृष्टिः स्थापनाजिनदण्डकं पठति ।।३९१।।

१. चिंचइयं मण्डितम्–हेमव्याकरणे मण्डेश्चिञ्च-चिञ्चअ-चिञ्चिल्ल-रीड-टिविडिक्काः ।।८-४-११५।।

પછી ઉભો રહીને હર્ષના કારણે થયેલા રોમાંચથી સુશોભિત શરીરવાળો તે દૃષ્ટિને પ્રતિમા ઉપર સ્થિર કરીને 'અરિહંત ચેઈઆણં' સૂત્ર કહે. (૩૯૧)

**"अरिहंतचेइयाणं करेमि [2]काउस्सग्गं वंदणवत्तियाए"** इत्यादि सूत्रम् ।।

पूर्णमूलम्–**अरिहंतचेइयाणं करेमि काउस्सग्गं, वंदणवत्तियाए, पूअणवत्तिआए, सक्कारवत्तियाए, सम्माणवत्तियाए, बोहिलाभवत्तियाए, निरुवसग्गवत्तियाए, सद्धाए, मेहाए, धिईए, धारणाए, अणुप्पेहाए वड्ढमाणीए ठामि काउसग्गं ॥**

२. "कायः शरीरम्, तस्य उत्सर्गः– कृताऽऽकारस्य स्थान-मौन-ध्यानक्रियाव्यतिरेकेण क्रियान्तराध्यासमधिकृत्य परित्याग इत्यर्थः"– आवश्यकवृत्तौ (पृ० ७८७)

**एत्थ पुण वक्कछक्कं, महापयाइं हवंति अट्ठेव ।**
**आलावा चोयालीस होंति इमिणा विहाणेणं ॥३९२॥**

अत्र पुनर्वाक्यषट्कं महापदानि भवन्ति अष्टैव ।
आलापाश्चतुश्चत्वारिंशद् भवन्त्यनेन विधानेन ।।३९२।।

અરિહંત ચેઈઆણં ઈત્યાદિ સૂત્રમાં છ વાક્યો, આઠ સંપદા, ચુમાલીસ આલાવા આ રીતે (= નીચેની ગાથાઓમાં કહેવાશે તે રીતે) થાય છે. (૩૯૨)

**अब्भुवगमो निमित्तं, हेऊ एगवयणंत आगारा ।**
**बहुवयणंता य तहा, उस्सग्गपमाणवक्काइं ॥३९३॥**

अभ्युपगमो निमित्तं हेतुरेकवचनान्ता आकाराः ।
बहुवचनान्ताश्च तथा उत्सर्गप्रमाणवाक्यानि ।।३९३।।

અભ્યુપગમ, નિમિત્ત, હેતુ, એક વચનાંત આગારો, બહુવચનાંત આગારો અને કાયોત્સર્ગ પ્રમાણ એમ છ વાક્યો છે.

**विशेषार्थः**— 'अरिहंत चेइआणं करेमि काउस्सग्गं' એ અભ્યુપગમ

(=સ્વીકારું) વાક્ય છે. કારણકે આમાં કાયોત્સર્ગનો સ્વીકાર કરવામાં આવે છે. वंदणव०થી પ્રારંભી निरुव० સુધી નિમિત્ત વાક્ય છે. કારણકે આમાં કાયોત્સર્ગ કરવાનાં નિમિત્તો=કારણો બતાવ્યા છે. सद्धाएથી પ્રારંભી काउस्सग्गं સુધી હેતુ વાક્યો છે. अन्नत्थऊससिएणंથી પ્રારંભી पित्तमुच्छाए સુધી એક વચનાંત આગારો છે. પછીના ત્રણ બહુ વચનાંત આગારો છે. પછી કાયોત્સર્ગનું પ્રમાણ જણાવનાર વાક્ય છે. આમ છ વાક્યો છે. (૩૯૩)

**तिग छग सत्तग नवगं, तिग छग चउरो छगं च आलावा ।**
**नेआ कमसो अट्ठसु, पएसु तेसिं इमो अत्थो ॥३९४॥**

त्रिकं षट्कं सप्तकं नवकं त्रिकं षट्कं चत्वारः षट्कं च आलापाः।
ज्ञेयाः क्रमशोऽष्टसु पदेषु तेषामयमर्थः ।।३९४।।

આઠ સંપદાઓમાં ક્રમશઃ ૩, ૬, ૭, ૯, ૩, ૬, ૪, ૬ આલાવા = પદો જાણવા. તે પદોનો અર્થ આ (નીચેની ગાથાઓમાં કહેવાશે તે) છે. (૩૯૪)

**अरहंता पुव्वुत्ता, तेसिं पुण चेइयाइँ पडिमाओ ।**
**तव्वंदणाइहेउं, करेमि नियकायउस्सग्गं ॥३९५॥**

अर्हन्तः पूर्वोक्ताः तेषां पुनश्चैत्यानि प्रतिमाः ।
तद्वन्दनादिहेतुं करोमि निजकाय-उत्सर्गम् ।।३९५।।

**एसो पयसंटंको, करेमि अहयं विहेमि एत्ताहे ।**
**काओ भन्नई देहो, तस्सुस्सग्गं परिच्चायं ॥३९६॥**

एष पदसंटङ्कः करोमि अहकं विदधामि इदानीम् ।
कायो भण्यते देहः तस्योत्सर्गं परित्यागम् ।।३९६।।

અરિહંત શબ્દનો અર્થ પૂર્વે કહ્યો છે. અરિહંતોના ચૈત્યો એટલે પ્રતિમાઓ. તેમને વંદનાદિ કરવા માટે પોતાની કાયાનો ઉત્સર્ગ = ત્યાગ કરું છું. આ પ્રમાણે પદોનો સંબંધ છે. करेमि એટલે હમણાં હું કરું છું. કાયા દેહ કહેવાય છે, અર્થાત્ કાયા એટલે દેહ, તેનો ઉત્સર્ગ એટલે ત્યાગ. (૩૯૫-૩૯૬)

**वंदणवत्तियाए, वंदणयनिमित्तमेत्थ परमत्थो ।**
**एवं पूयणमाईनिमित्तमेसो विसेसोऽत्थ ॥३९७॥**

वन्दनवृत्तिकया वन्दनकनिमित्तमत्र परमार्थः ।
एवं पूजनादिनिमित्तमेष विशेषोऽत्र ॥३९७॥

वंदणवत्तियाए એટલે વંદન નિમિત્તે એવો અહીં ભાવાર્થ છે. એ પ્રમાણે પૂજન નિમિત્તે વગેરે પણ જાણવું. અહીં વિશેષ આ (નીચેની ગાથાઓમાં કહેવાશે તે) છે. (૩૯૭)

**वंदणमभिवायणयं, पसत्थमण-वयण-कायवावारो ।**
**मल्लाइअच्चणं पूयणं ति वत्थेहिं सक्कारो ॥३९८॥**

वन्दनमभिवादनकम्-प्रशस्तमनो-वचन-कायव्यापारः ।
माल्याद्यर्चनं पूजनमिति वस्त्रैः सत्कारः ॥३९८॥

વંદન એટલે પ્રણામ. વંદન એ મન-વચન-કાયાનો પ્રશસ્ત વ્યાપાર છે. પૂજન એટલે પુષ્પમાળા આદિથી પૂજા કરવી. સત્કાર એટલે વસ્ત્રાદિથી આદર કરવો. (૩૯૮)

**सम्माणो माणसपीइसंगयया उचियविणयपडिवत्ती ।**
**कीरंति किं निमित्तं, एए ? नणु बोहिलाभत्थं ॥३९९॥**

सन्मानो मानसप्रीतिसंगतता उचितविनयप्रतिपत्तिः ।
क्रियन्ते किं निमित्तमेते? ननु बोधिलाभार्थम् ॥३९९॥

સન્માન એટલે માનસિક પ્રીતિ પૂર્વક ઉચિત વિનયની પ્રવૃત્તિ. (અન્ય ગ્રંથોમાં સન્માન એટલે સ્તુતિ-સ્તવન એવો અર્થ કહ્યો છે.)

**પ્રશ્નઃ**— વંદન વગેરે શા માટે કરાય છે ?

**ઉત્તરઃ**— બોધિલાભ માટે કરાય છે. (૩૯૯)

**पेच्च जिणधम्मलाभो, बोहीलाभु त्ति तं पि हु किमत्थं ।**
**मग्गेह ? निरुवसग्गो मोक्खो तप्पावणनिमित्तं ॥४००॥**

प्रेत्य जिनधर्मलाभो बोधिलाभ इति तमपि खलु किमर्थम् ।
मार्गयत ? निरुपसर्गो मोक्षः तत्प्रापणनिमित्तम् ।।४००।।

બોધિલાભ એટલે પરલોકમાં જિનધર્મની પ્રાપ્તિ.

**પ્રશ્નઃ**– બોધીલાભની માગણી શા માટે કરો છો ?

**ઉત્તરઃ**– નિરુપસર્ગની પ્રાપ્તિ માટે. નિરુપસર્ગ એટલે મોક્ષ. મોક્ષની પ્રાપ્તિ થાય એ માટે બોધિલાભની માગણી કરવામાં આવે છે.

**વિશેષાર્થ– પૂર્વપક્ષઃ**– સાધુ અને શ્રાવકને બોધિલાભ છે જ, તેથી તે નિમિત્તે કાયોત્સર્ગ બિનજરૂરી છે. સિદ્ધને સાધવાનું હોતું નથી.

**ઉત્તરપક્ષઃ**– સાધુ-શ્રાવકને બોધિલાભ છે જ એ વાત સાચી છે, પણ એ ક્ષાયોપશમિક હોવાથી કદાચ ક્લિષ્ટ મોહનીય કર્મનો ઉદય થઈ જાય તો બોધિલાભ ચાલ્યો જાય એ સંભવિત છે. આથી મોહનીયકર્મના ઉદયથી બોધિલાભ આ ભવમાં કે પરભવમાં ચાલ્યો ન જાય એ નિમિત્તે કાયોત્સર્ગ જરૂરી છે. કાયોત્સર્ગ કરવાથી આત્મામાં શુભભાવ ઉત્પન્ન થાય છે. એ શુભભાવ અશુભકર્મને નિષ્ફળ બનાવે છે. જેવી રીતે અશુભભાવ પાપકર્મનો બંધ કરાવે છે, તેવી રીતે શુભભાવ બંધાયેલા કર્મની નિર્જરા વગેરે કરાવે છે.

કાયોત્સર્ગ કરવા છતાં જો શુભભાવ દૃઢ ન હોય = પ્રબલ ન હોય તો બોધિલાભ ચાલ્યો જાય એ પણ સંભવિત છે. આમ છતાં ગયેલો બોધિલાભ ફરી કાયોત્સર્ગ કરવાથી થયેલા પ્રબલ ભાવથી આવવાનો સંભવ છે.

આમ કાયોત્સર્ગથી અવિદ્યમાન બોધિલાભનો લાભ થાય છે, વિદ્યમાન બોધિલાભનું રક્ષણ થાય છે, અને ચાલ્યો ગયેલો બોધિલાભ ફરી આવે છે. માટે બોધિલાભ માટે કાયોત્સર્ગ જરૂરી છે.

**પ્રશ્નઃ**– ક્ષાયોપશમિક બોધિલાભવાળા જીવોને બોધિલાભ જવાનો સંભવ છે, પણ ક્ષાયિક બોધિલાભવાળાને જવાનો સંભવ નથી. તો તેના માટે કાયોત્સર્ગ બિનજરૂરી ગણાય ને?

**ઉત્તરઃ**– ક્ષાયિક બોધિલાભની અપેક્ષાએ પણ વિના વિલંબે ફળ (મોક્ષ) સાધી આપે એ હેતુએ બોધિલાભ માટે કાયોત્સર્ગ જરૂરી છે. એ જ ભવમાં અને એ જ ભવમાં પણ જલદી મોક્ષ સાધી આપે એવા બોધિલાભ માટે ક્ષાયિક બોધિલાભવાળા જીવને પણ કાયોત્સર્ગ જરૂરી છે.

**પૂર્વપક્ષઃ**– બોધિલાભ થાય એટલે મોક્ષ મળવાનો છે જ, તો પછી निरुवसग्गवत्तियाए એ પદ બિનજરૂરી છે.

**ઉત્તરઃ**– બોધિલાભ થયા પછી તરત જ મોક્ષ મળે એવો નિયમ નથી. આથી બોધિલાભ થયા પછી વિના વિલંબે મોક્ષની પ્રાપ્તિ થાય એ માટે निरुवसग्गवत्तियाए પદ પણ જરૂરી છે. (૪૦૦)

**पुच्छइ सीसो-जइ ता, पूयाइनिमित्तमेस उस्सग्गो ।**
**कीरइ ता तेसिं चिय, करणं जुत्तं सुबुद्धीणं ॥४०१॥**

पृच्छति शिष्यः- यदि तावत् पूजादिनिमित्तमेष उत्सर्गः ।
क्रियते ततस्तेषामेव करणं युक्तं सुबुद्धीनाम् ॥४०१॥

**અહીં શિષ્ય પ્રશ્ન કરે છે**– જો પૂજા આદિ માટે આ કાયોત્સર્ગ કરાય છે તો બુદ્ધિમાનોને પૂજા આદિનું કરવું ઉચિત છે. (૪૦૧)

**रंजिज्जइ मुद्धजणो, कज्जाकारीहिं महुरवयणेहिं ।**
**सव्वन्नुवीयरागे, कज्जपहाणेहि होत्तव्वं ॥४०२॥**

रज्यते मुग्धजनः कार्याऽकारिभिर्मधुरवचनैः ।
सर्वज्ञवीतरागे कार्यप्रधानैर्भवितव्यम् ॥४०२॥

કાર્યને ન કરનારાઓ મધુર વચનોથી મુગ્ધ લોકોને ખુશ કરે છે. (પણ) સર્વજ્ઞ વીતરાગના વિષયમાં કાર્યની પ્રધાનતાવાળા થવું જોઈએ, અર્થાત્ અરિહંતની ભક્તિ માત્ર બોલવામાં ન હોવી જોઈએ, કિંતુ સક્રિય ભક્તિ હોવી જોઈએ. (૪૦૨)

**पडिभणइ गुरू- सुंदर !, दुविहा वंदणविहाइणो पुरिसा ।**
**निग्गंथा य गिहत्था, तत्थ गिहत्था जहासत्तिं ॥४०३॥**

प्रतिभणति गुरुः- सुन्दर ! द्विविधा वन्दनविधायिनः पुरुषाः ।
निर्ग्रन्थाश्च गृहस्थाः तत्र गृहस्था यथाशक्ति ।।४०३।।

**नियमा कुणंति पूयं, सक्कारं वा जिणेंदचंदाणं ।**
**जं च न तरंति काउं, तस्स कए होंति उस्सग्गं ॥४०४॥**

नियमात् कुर्वन्ति पूजां सत्कारं वा जिनेन्द्रचन्द्राणाम् ।
यच्च न शक्नुवन्ति कर्तुं तस्य कृते भवति उत्सर्गः ।।४०४।।

ગુરુ ઉત્તર આપે છે– હે સુંદર ! વંદન કરનારા પુરુષો સાધુ અને ગૃહસ્થ એમ બે પ્રકારના છે. તેમાં ગૃહસ્થો જિનેશ્વરોની પૂજા કે સત્કાર યથાશક્તિ અવશ્ય કરે છે. જેઓ પૂજાદિ કરવાની શક્તિવાળા નથી તેમના માટે કાયોત્સર્ગ છે. (૪૦૩-૪૦૪)

**समणा महाणुभावा, समग्गसावज्जजोगपडिविरया ।**
**सुहपणिहाणनिमित्तं, पढंति आलावगे एए ॥४०५॥**

श्रमणा महानुभावाः समग्रसावद्ययोगप्रतिविरताः ।
शुभप्रणिधाननिमित्तं पठन्ति आलापकान् एतान् ।।४०५।।

સર્વસાવદ્યયોગોની વિરતિવાળા અને મહામહિમાવંત સાધુઓ શુભ પ્રણિધાન માટે આ આલાવાઓને કહે છે. (૪૦૫)

**अहवा–**

**निग्गंथाण न अत्थो, अत्थाभावे न पूय-सक्कारा ।**
**तप्फललाभनिमित्तं, करेंति तो वंदणुस्सग्गं ॥४०६॥**

अथवा–

निर्ग्रन्थानां न अर्थः, अर्थाभावे न पूजा-सत्कारौ ।
तत्फललाभनिमित्तं कुर्वन्ति ततो वन्दनोत्सर्गम् ।।४०६।।

અથવા નિર્ગ્રંથોની પાસે ધન હોતું નથી. ધનના અભાવમાં પૂજા-

સત્કાર ન થઈ શકે. તેથી પૂજા-સત્કારના ફલને મેળવવા માટે વંદન (આદિ) ના નિમિત્તે કાયોત્સર્ગ કરે છે. (૪૦૬)

**नणु पूआसक्कारा, नियमा दव्वत्थओ मुणिजणस्स ।**
**तप्पणिहाणमजुत्तं, तहाहि पयडं इमं सुत्तं ॥४०७॥**

ननु पूजा-सत्कारौ नियमाद् द्रव्यस्तवो मुनिजनस्य ।
तत्प्रणिधानमयुक्तं, तथाहि- प्रकटमिदं सूत्रम् ॥४०७॥

**શિષ્ય પ્રશ્ન કરે છે–** પૂજા-સત્કાર નિયમા દ્રવ્યસ્તવ છે. મુનિલોકને તેનું પ્રણિધાન અયુક્ત છે. તે આ પ્રમાણે– આ (નીચે કહેવાશે તે) સૂત્ર પ્રગટ છે. (૪૦૭)

**छज्जीवकायसंजमो, दव्वत्थए सो विरुज्झई कसिणो ।**
**तो कसिणसंजमविऊ, पुप्फाईयं न इच्छंति ॥४०८॥**

षड्जीवकायसंयमो द्रव्यस्तव एष विरुध्यते कृत्स्नः ।
ततः कृत्स्नसंयमवित् पुष्पादिकं न इच्छन्ति ॥४०८॥

**व्याख्या–** 'षड्जीवकायसंयम' इति षण्णां जीवनिकायानां पृथिव्यादिलक्षणानां संयमः- सङ्घट्टनादिना परित्यागः षड्जीवकायसंयमः, असौ हितं, यदि नामैवं ततः किमित्यत आह–'द्रव्यस्तवे' पुष्पादिसमभ्यर्चनलक्षणे 'स' षड्जीवकायसंयमः, किं?– 'विरुध्यते' न सम्यक् संपद्यते, 'कृत्स्नः' सम्पूर्ण इति , पुष्पादिसंलुञ्चनसङ्घट्टनादिना कृत्स्नसंयमानुपपत्तेः, यतश्चैवं 'ततः' तस्मात् 'कृत्स्नसंयमविद्वांस' इति कृत्स्नसंयमप्रधाना विद्वांसस्तत्त्वतः साधव उच्यन्ते, कृत्स्नसंयमग्रहणमकृत्स्नसंयमविद्वांस श्रावकाणां व्यपोहार्थं, ते किम् ? अत आह– 'पुष्पादिकं' द्रव्यस्तवं 'नेच्छन्ति' न बहु मन्यन्ते, यच्चोक्तं– 'द्रव्यस्तवे क्रियमाणे वित्तपरित्यागाच्छुभ एवाध्यवसाय' इत्यादि, तदपि यत्किञ्चिद्, व्यभिचारात् कस्यचिदल्पसत्त्वस्याविवेकिनो वा शुभाध्यवसायानुपपत्तेः, दृश्यन्ते च कीर्त्याद्यर्थमपि सत्त्वानां द्रव्यस्तवे प्रवृत्तिरिति, शुभाध्यवसायभावेऽपि तस्यैव भावस्तवत्वादितरस्य च तत्कारणत्वेनाप्रधानत्वमेव, 'फलप्रधानास्समारम्भा' इति न्यायात्, भावस्तव एव च सति तत्त्वतस्तीर्थस्योन्नतिकरणं, भावस्तव एव तस्य (भावस्तववत एव) सम्यगमरादिभिरपि पूज्यत्वमेनं (त्वात्तमेव च) दृष्ट्वा क्रियमाणमन्येऽपि सुतरां

प्रतिबुध्यन्ते शिष्टा इति स्वपरानुग्रहोऽपीहैवेति गाथार्थः (आवश्यकसूत्र निर्युक्तिगाथा - १९३)

છ જીવનિકાયના સંઘટ્ટનાદિનો ત્યાગ કરવો એ છ જીવનિકાય સંયમ છે. છ જીવનિકાયસંયમ જીવોનું હિત છે. પુષ્પાદિપૂજારૂપ દ્રવ્ય સ્તવમાં પુષ્પાદિને ચૂંટવા, સંઘટ્ટો કરવો વગેરે કારણે છ જીવનિકાય સંયમનું પૂર્ણ પાલન થતું નથી. તેથી સંપૂર્ણ સંયમની પ્રધાનતાવાળા સાધુઓ પુષ્પાદિ દ્રવ્યસ્તવને ઈચ્છતા નથી.

વળી દ્રવ્યસ્તવ કરવામાં ધનનો ત્યાગ થતો હોવાથી શુભ જ અધ્યવસાય થાય છે, ઈત્યાદિ જે કહ્યું તે પણ બરોબર નથી. કારણ કે તેવો નિયમ નથી. કોઈ અલ્પસત્ત્વવાળા અથવા અવિવેકી જીવને (ધનનો ત્યાગ થવા છતાં) શુભ અધ્યવસાય ન થાય. કીર્તિ આદિ માટે પણ જીવોની દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ દેખાય છે.

પુષ્પાદિપૂજાથી શુભ અધ્યવસાય થાય તો પણ છ જીવનિકાય સંયમ જ ભાવસ્તવ છે. પુષ્પાદિપૂજારૂપ દ્રવ્યસ્તવ ભાવસ્તવનું કારણ છે. આથી દ્રવ્યસ્તવ પ્રધાન નથી, ભાવસ્તવ પ્રધાન છે. કારણ કે કાર્યોના પ્રારંભો ફલની પ્રધાનતાવાળા હોય છે (= ફળ મળે તેવાં કાર્યોનો પ્રારંભ કરાય) એવો ન્યાય છે. આ ન્યાયથી ભાવસ્તવ પ્રધાન છે. પરમાર્થથી ભાવસ્તવ હોય ત્યારે જ તીર્થની ઉન્નતિ કરી શકાય છે. ભાવસ્તવવાળો જીવ જ દેવો આદિથી સમ્યગ્ પૂજ્ય બને છે. ભાવસ્તવને કરાતો જોઈને શિષ્ટ બીજાઓ પણ સારી રીતે પ્રતિબોધ પામે છે. આ પ્રમાણે સ્વ-પરનો ઉપકાર ભાવસ્તવમાં જ છે.

આ પ્રમાણે આવશ્યક સૂત્રમાં સાધુઓને દ્રવ્યસ્તવનો નિષેધ હોવાથી તેમને દ્રવ્યસ્તવ ન હોય. (૪૦૮)

**संजमविरुद्धकिच्चे, पणिहाणं नेव जुज्जए काउं ।**
**चिंतिज्जियसावज्जो, पणिहाणं कुणइ आरंभे ॥४०९॥**

संयमविरुद्धकृत्ये प्रणिधानं नैव युज्यते कर्तुम् ।
चिन्त्यमानसावद्यः प्रणिधानं करोति आरम्भे ।।४०९।।

સંયમથી વિરુદ્ધ કાર્યમાં પ્રણિધાન કરવું એ યોગ્ય નથી જ. સાધુ

પ્રારંભમાં સાવદ્યને વિચારતો પ્રણિધાન કરે છે. (૪૦૯)

**भन्नइ गुरुणा— भद्दय !, नेगंतेणेस संजमविरुद्धो ।**
**दव्वट्ठो दव्वत्थओ, नयट्ठे उ तिविहतिविहेण ॥४१०॥**

भण्यते गुरुणा भद्रक ! नैकान्तेनैष संयमविरुद्धः ।
द्रव्यार्थः द्रव्यस्तवो नयार्थे तु त्रिविधत्रिविधेन ॥४१०॥

**ગુરુ જવાબ આપે છે—** હે ભદ્ર ! દ્રવ્યસ્તવ એકાંતે સંયમથી વિરુદ્ધ નથી. પુષ્પાદિ દ્રવ્યોથી થતો સ્તવ દ્રવ્યસ્તવ છે. પ્રકારને આશ્રયીને તે દ્રવ્યસ્તવ ત્રિવિધ-ત્રિવિધથી છે, અર્થાત્ મન-વચન-કાયાથી કરવું-કરાવવું-અનુમોદવું એમ નવ ભાંગાથી છે. (૪૧૦)

**पूयाफलपरिकहणं, पमोयणा चोयणा मुणिवरेहिं ।**
**अणुमोयणं पि कीरइ, पमोय-उववूहणाइहिं ॥४११॥**

पूजाफलपरिकथनं प्रमोदना चोदना मुनिवरैः ।
अनुमोदनमपि क्रियते प्रमोद-उपबृंहणादिभिः ॥४११॥

મુનિવરો પૂજાના ફલને કહે છે, પૂજા જોઈને હર્ષ પામે છે, પૂજા કરવાની પ્રેરણા કરે છે, હર્ષ અને ઉપબૃંહણા વગેરેથી અનુમોદના પણ કરે છે. (૪૧૧)

**नंदीकरणे जिणपायपूयणं जं सुयम्मि उवइट्ठं ।**
**जिणबिंबाण पइट्ठा वि सूरिणा सूरिमंतेण ॥४१२॥**

नन्दिकरणे जिनपादपूजनं यत् श्रुते उपदिष्टम् ।
जिनबिम्बानां प्रतिष्ठाऽपि सूरिणा सूरिमन्त्रेण ॥४१२॥

નંદી કરવામાં જિનચરણોનું (વાસક્ષેપથી) પૂજન કરવાનું શ્રુતમાં કહ્યું છે. આચાર્ય સૂરિમંત્રથી જિનબિંબોની પ્રતિષ્ઠા પણ કરે છે. (૪૧૨)

**तम्हा नेगंतेणं, सावज्जो एस वज्जणिज्जो वा ।**
**एयं पुण विन्नेयं, एयालावगदुगाओ वि ॥४१३॥**

तस्माद् नैकान्तेन सावद्य एष वर्जनीयो वा ।
एतत् पुनर्विज्ञेयमेतदालापकद्विकादपि ।।४१३।।

તેથી દ્રવ્યસ્તવ એકાંતે સાવદ્ય નથી, અને એકાંતે ત્યાગ કરવા યોગ્ય નથી. આ વિગત આ બે આલાવાથી પણ જાણવી.

**વિશેષાર્થ:**– દ્રવ્યસ્તવ એકાંતે સાવદ્ય નથી અને એકાંતે ત્યાગ કરવા યોગ્ય નથી એ વિગત पूअणवत्तियाए અને सक्कारवत्तियाए એ બે આલાવાથી સિદ્ધ થાય છે. જો દ્રવ્યસ્તવ એકાંતે સાવદ્ય હોય અને એકાંતે ત્યાગ કરવા યોગ્ય હોય તો અરિહંત ચેઈઆણં સૂત્રમાં આ બે આલાવા ન હોય. (૪૧૩)

**जं पुण सुत्ते भणियं, [१] दव्वत्थए सो विरुज्झइ कसिणो ।**
**तव्विसयारंभपसंगदोसविणिवारणत्थं तं ॥४१४॥**

यत् पुनः सूत्रे भणितं द्रव्यस्तव एष विरुध्यते कृत्स्नः ।
तद्विषयारम्भप्रसङ्गदोषविनिवारणार्थं तत् ।।४१४।।

१. एतत्न्तु (४०८) दर्शितगाथायाः पूर्वार्धपादम् ।

સૂત્રમાં (આવશ્યક સૂત્ર ભાષ્ય ગાથા ૧૯૫માં) "સંયમમાં દ્રવ્યસ્તવ સંપૂર્ણ વિરુદ્ધ છે" એમ જે કહ્યું છે તે દ્રવ્યસ્તવ સંબંધી આરંભ કરવાના પ્રસંગરૂપ દોષના નિવારણ માટે કહ્યું છે, અર્થાત્ દ્રવ્યસ્તવ કરવા માટે સાધુને આરંભ-સમારંભનો નિષેધ કરવા માટે કહ્યું છે. (૪૧૪)

**दव्वत्थयाणुविद्धो, भणिओ भावत्थओ अओ चेव ।**
**गंथंतरेसु एवं, नेयव्वं निउणबुद्धीहिं ॥४१५॥**

द्रव्यस्तवानुविद्धो भणितो भावस्तवोऽतश्चैव ।
ग्रन्थान्तरेषु एवं नेतव्यं निपुणबुद्धिभिः ।।४१५।।

આથી જ (સાધુને એકાંતે દ્રવ્યસ્તવનો નિષેધ ન હોવાથી જ) અન્ય ગ્રંથોમાં ભાવસ્તવ દ્રવ્યસ્તવની સાથે સંકળાયેલો (=સાપેક્ષ) છે, એમ કહ્યું છે. સૂક્ષ્મ બુદ્ધિવાળાઓએ આ પ્રમાણે જાણવું. (૪૧૫)

**छव्विहनिमित्तमुत्तं, एत्तो भन्नंति हेउणो पंच ।**
**सद्धाए मेहाए, इच्चाईसत्तहिं पएहिं ॥४१६॥**

षड्विधनिमित्तमुक्तमितो भण्यन्ते हेतवः पञ्च ।
श्रद्धया मेधया इत्यादिसप्तभिः पदैः ।।४१६।।

છ પ્રકારનું નિમિત્ત કહ્યું . હવે सद्धाए मेहाए ઈત્યાદિ સાત પદોથી પાંચ હેતુઓ કહેવાય છે. (૪૧૬)

**सद्धा निओऽभिलासो, पराणुरोहाभिओगपरिमुक्को ।**
**तीए उ वड्ढमाणीएँ ठामि उस्सग्गमिय जोगो ॥४१७॥**

श्रद्धा निजोऽभिलाषः परानुरोधाभियोगपरिमुक्तः ।
तया तु वर्धमानया तिष्ठामि उत्सर्गमिति योगः ।।४१७।।

શ્રદ્ધા એટલે બીજાની દાક્ષિણ્યતા અને આજ્ઞાથી રહિત પોતાની ઈચ્છા, અર્થાત્ બીજાની દાક્ષિણ્યતાથી કે આજ્ઞાથી નહિ, કિંતુ મારી પોતાની ઈચ્છાથી કાયોત્સર્ગ કરું છું. વધતી એવી શ્રદ્ધાથી કાયોત્સર્ગ કરું છું એ પ્રમાણે સંબંધ છે. (૪૧૭)

**एवं चिय मेहाए, मज्जायाए जिणोवइट्ठाए ।**
**अहवा मेहा पन्ना, तीए न उ सुन्नभावेण ॥४१८॥**

एवमेव मेधया मर्यादया जिनोपदिष्टया ।
अथवा मेधा प्रज्ञा तया न तु शून्यभावेन ।।४१८।।

એ જ પ્રમાણે મેધાથી એટલે જિને કહેલી મર્યાદાથી, નહિ કે જેમ તેમ. અથવા મેધા એટલે બુદ્ધિ. બુદ્ધિપૂર્વક, નહિ કે શૂન્યચિત્તથી. (૪૧૮)

**चित्तसमाही धीई, तयन्नचिंताविउत्तमणवित्ती ।**
**धरणं तित्थयरगुणाण नियमणे धारणा वृत्ता ॥४१९॥**

चित्तसमाधिर्धृतिस्तदन्यचिन्तावियुक्तमनोवृत्तिः ।
धरणं तीर्थकरगुणानां निजमनसि धारणा उक्ता ।।४१९।।

ધૃતિ એટલે ચિત્તસમાધિ. ચિત્તસમાધિ એટલે સૂત્રથી અન્યના ચિંતનથી રહિત મનની વૃત્તિ, અર્થાત્ મનમાં કેવલ સૂત્રોનું જ ચિંતન હોય. ધારણા એટલે તીર્થંકરના ગુણોને પોતાના મનમાં ધારવા. (૪૧૯)

**अणुपेहा मंगलगस्स चिंतणं गुणगणाण वा भणिया ।**
**एयाहिँ वड्डमाणीहिँ ठामि उस्सग्गमिति सुगमं ॥४२०॥**

अनुप्रेक्षा मङ्गलकस्य चिन्तनं गुणगणानां वा भणिता ।
एताभिर्वर्धमानाभिस्तिष्ठामि उत्सर्गमिति सुगमम् ॥४२०॥

અનુપ્રેક્ષા એટલે અરિહંત મંગલ સ્વરૂપ છે એવું ચિંતન કરવું, અથવા અરિહંતોના ગુણસમૂહનું ચિંતન કરવું. વધતી એવી શ્રદ્ધા વગેરેથી કાયોત્સર્ગ કરું છું એ પ્રમાણે અર્થ સુગમ છે. (૪૨૦)

**एयासिं निद्देसो, एवं लाभक्कमेण विन्नेओ ।**
**सद्धाभावे मेहा, तब्भावे धिति उ इच्चाई ॥४२१॥**

एतासां निर्देश एवं लाभक्रमेण विज्ञेयः ।
श्रद्धाभावे मेधा, तद्भावे धृतिस्तु इत्यादि ॥४२१॥

શ્રદ્ધા આદિનો આ પ્રમાણે નિર્દેશ પ્રાપ્તિના ક્રમથી જાણવો. પહેલાં શ્રદ્ધાની પ્રાપ્તિ થાય તો મેધાની પ્રાપ્તિ થાય. મેધાની પ્રાપ્તિ થાય તો ધૃતિની પ્રાપ્તિ થાય ઈત્યાદિ. (૪૨૧)

**कारणरहियं कज्जं, घडाइयं जह न सिज्झइ कयाइ ।**
**एवं एयाहिँ विणा, काउस्सग्गस्स न हु सिद्धी ॥४२२॥**

कारणरहितं कार्यं घटादिकं यथा न सिध्यति कदापि ।
एवमेताभिर्विना कायोत्सर्गस्य न खलु सिद्धिः ॥४२२॥

જેવી રીતે કારણ વિના ઘટાદિ કાર્ય ક્યારેય થતું નથી, તેવી રીતે શ્રદ્ધા આદિ વિના કાયોત્સર્ગની સિદ્ધિ થતી નથી. (૪૨૨)

**आह-'करेमि' भणिता, पुणो वि 'ठामि' त्ति एत्थ किं भणियं ? ।**
**नहि अत्थ कोइ भेओ, किरियाजुयलस्स एयस्स ॥४२३॥**

आह– 'करोमि' भणित्वा पुनरपि 'तिष्ठामि' इत्यत्र किं भणितम् ? ।
नह्यत्र कश्चिद् भेदः क्रियायुगलस्यैतस्य ।।४२३।।

**प्रश्न**– સૂત્રના પ્રારંભમાં करेमि = 'કરું છું' એ પ્રમાણે કહીને ફરી સૂત્રના અંતે तिष्ठामि = 'કરું છું' એમ કેમ કહ્યું ? અહીં આ બંને ક્રિયામાં કોઈ ભેદ નથી. (૪૨૩)

**भन्नइ-किरियाकालो, निट्ठाकालो य हुंति सिय भिन्ना ।**
**किरियादुगेण इमिणा, निदंसिया एस भावत्थो ॥४२४॥**

भण्यते–क्रियाकालः निष्ठाकालश्च भवतः स्याद् भिन्नौ ।
क्रियाद्विकेनानेन निदर्शितौ एष भावार्थः ।।४२४।।

**ગુરુ ઉત્તર આપે છે**– ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ એમ બે કાળ ભિન્ન છે. આ બે ક્રિયાથી ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ એમ ભિન્ન બે કાલ જણાવ્યા છે એ ભાવાર્થ છે.

**विशेषार्थः**– પ્રારંભમાં करेमि = કરું છું એ સ્થળે ક્રિયાકાલ જણાવ્યો છે, એટલે કે હું કાયોત્સર્ગ કરવાની ક્રિયા કરું છું, એમ જણાવ્યું છે. સૂત્રના અંતે तिष्ठामि = 'કરું છું' એ સ્થળે નિષ્ઠાકાલ જણાવ્યો છે, એટલે કે ક્રિયાની નિષ્ઠાનો = સમાપ્તિનો કાળ જણાવ્યો છે, અર્થાત્ હું કાયોત્સર્ગમાં રહ્યો છું એમ જણાવ્યું છે. (૪૨૪)

**अकए काउस्सग्गे, निट्ठाकालो त्ति किं इमं जुत्तं ? ।**
**भन्नइ–आसन्नत्तेण कज्जमाणं कडं जम्हा ॥४२५॥**

अकृते कायोत्सर्गे निष्ठाकाल इति किमिदं युक्तम् ? ।
भण्यते- आसन्नत्वेन क्रियमाणं कृतं यस्मात् ।।४२५।।

**પ્રશ્નઃ**– કાયોત્સર્ગ કર્યા વિના નિષ્ઠાકાલ કહેવો = મેં કાયોત્સર્ગ કર્યો છે

એમ કહેવું એ શું યુક્ત છે ? કારણકે નિષ્ઠાકાળ તો 'અન્નત્થ' સૂત્ર બોલી રહ્યા પછી છે, અર્થાત્ અન્નત્થ સૂત્ર બોલી રહ્યા પછી કાયોત્સર્ગ કરેલો ગણાય.

**ઉત્તરઃ—** ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ એ બંને નજીક હોવાથી 'કરાતું' કાર્ય 'કરેલું' કહેવાય.

**વિશેષાર્થઃ—** ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ એ બંને નજીક હોવાથી અભિન્ન = એકરૂપ ગણાય એમ નિશ્ચય નય કહે છે. નિશ્ચયનયના મતે જે ક્રિયા કરવા માંડી તે કરી કહેવાય. જેમકે— ઘટ બનાવવાની ક્રિયા કરવા માંડી એટલે ઘટ બની ગયો કહેવાય.

**પ્રશ્નઃ—** આ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. ઘટ બનાવવાની ક્રિયા વખતે ઘટ ઉત્પન્ન થયેલો ક્યાં દેખાય છે ?

**ઉત્તરઃ—** અહીં સ્થૂલ દૃષ્ટિથી નહિ, કિંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી જોવાની જરૂર છે. કોઈ પણ વસ્તુ એક જ ક્ષણમાં સર્વાંશે ઉત્પન્ન થતી નથી, કિંતુ પ્રત્યેક ક્ષણે અંશે અંશે ઉત્પન્ન થતી આવે છે, અને એમ ક્રમશઃ ઉત્પન્ન થતાં છેલ્લો અંશ ઉત્પન્ન થતાં અખંડ વસ્તુ ઉત્પન્ન થઈ દેખાય છે. એટલે કહેવાય કે વસ્તુ અંશે અંશે દરેક ક્ષણે ઉત્પન્ન થઈ અને સર્વાંશે છેલ્લી ક્ષણે ઉત્પન્ન થઈ. આમ વસ્તુના સર્વ અંશો ઉત્પન્ન થવામાં સર્વ ક્ષણની ઉત્પાદન ક્રિયા કારણ છે. એટલે જ દરેક ક્ષણની ક્રિયા વસ્તુનો એક એક અંશ ઉત્પન્ન કરી જ રહી છે, એમ સિદ્ધ થાય છે.

**પ્રશ્નઃ—** એ રીતે તો વસ્તુનો અંશ જ ઉત્પન્ન થયો છે, વસ્તુ ઉત્પન્ન થઈ નથી.

**ઉત્તરઃ—** વસ્તુનો અંશ વસ્તુથી એકાંતે ભિન્ન નથી. એથી વસ્તુનો અંશ ઉત્પન્ન થયો એટલે વસ્તુ ઉત્પન્ન થઈ એમ કહેવાય.

૪૨૪મી ગાથામાં ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ ભિન્ન કહ્યા છે, તે વ્યવહાર નયની દૃષ્ટિએ કહ્યા. અહીં ક્રિયાકાલ અને નિષ્ઠાકાલને એક કહ્યા તે નિશ્ચયનયની દૃષ્ટિએ કહ્યા. વ્યવહારનય સ્થૂલદૃષ્ટિથી જુએ છે, એટલે તે નય વસ્તુ સંપૂર્ણ ઉત્પન્ન થાય ત્યારે જ ઉત્પન્ન થઈ એમ કહે છે. જે વખતે વસ્તુને ઉત્પન્ન થવાની ક્રિયા થઈ રહી છે તે વખતે વસ્તુ સંપૂર્ણ ઉત્પન્ન થઈ નથી. (૪૨૫)

**कायस्स परिच्चाओ, सव्वपयत्तेण कीरमाणो वि ।**
**अइदुन्निवारवावारभावओ होइ न हु सुद्धो ॥४२६॥**

कायस्य परित्यागः, सर्वप्रयत्नेन क्रियमाणोऽपि ।
अतिदुर्निवारव्यापारभावतो भवति न खलु शुद्धः ।।४२६।।

કાયોત્સર્ગમાં સર્વ પ્રયત્નથી કાયાનો ત્યાગ કરાતો હોવા છતાં બિલકુલ રોકી ન શકાય તેવી શરીરની પ્રવૃત્તિ થતી હોવાથી કાયોત્સર્ગ શુદ્ધ થતો નથી. (૪૨૬)

**तम्हा तस्सऽववाया, आगारा जिणवरेहि पन्नत्ता ।**
**[१]अन्नत्थूससिएणं, इच्चाइपएहिँ नवहिं तु ॥४२७॥**

तस्मात् तस्याऽपवादा आकारा जिनवरैः प्रज्ञप्ताः ।
अन्यत्रोच्छ्वसितेन, इत्यादिपदैर्नवभिस्तु ।।४२७।।

१. इमानि च नव पदानि--**अन्नत्थ ऊससिएणं, नीससिएणं, खासिएणं, छीएणं, जम्भाइएणं, उड्डुएणं, वायनिसग्गेणं, भमलिए, पित्तमुच्छाए, इत्यादि ।**

આથી જિનવરોએ "अन्नत्थ ऊससिएणं" ઈત્યાદિ નવપદોથી કાયોત્સર્ગમાં અપવાદો=આગારો (= છૂટ) કહ્યા છે. (૪૨૭)

**एत्थ य तइय विभत्ती, दट्ठव्वा पंचमीएँ अत्थम्मि ।**
**अन्नत्थ त्ति पयं पुण, पत्तेयं चेव जोएज्जा ॥४२८॥**

अत्र च तृतीया विभक्तिर्द्रष्टव्या पञ्चम्या अर्थे ।
अन्यत्रेति पदं पुनः प्रत्येकमेव योजयेत् ।।४२८।।

"अन्नत्थ ऊससिएणं" એ સૂત્રમાં ત્રીજી વિભક્તિ પાંચમી વિભક્તિના અર્થમાં જાણવી. અને अन्नत्थ (अन्यत्र) એવું પદ 'ઊસસિએણં' વગેરે દરેક પદની સાથે જોડવું. (૪૨૮)

**अन्नत्थूससियाओ, नीससियाओ स एस उस्सग्गो ।**
**एवं सव्वपएसु वि, नवरमिमो एत्थ भावत्थो ॥४२९॥**

अन्यत्रोच्छ्वसितात्, निःश्वसितात् स एष उत्सर्गः ।।
एवं सर्वपदेष्वपि नवरमयमत्र भावार्थः ।।४२९।।

ઉચ્છ્વસિત સિવાય આ કાયોત્સર્ગ છે, નિઃશ્વસિત સિવાય આ કાયોત્સર્ગ છે, એ પ્રમાણે સર્વ પદોમાં પણ જોડવું. અહીં ઉચ્છ્વસિત વગેરે પદોનો ભાવાર્થ આ (= હવે કહેવાશે તે) છે. (૪૨૯)

**सासस्स उड्डगमणं, ऊससियमहोगई उ निस्ससियं ।**
**एयं दुगं पि मोत्तुं उस्सग्गो एस मे होउ ॥४३०॥**

श्वासस्य ऊर्ध्वगमनमुच्छ्वसितम्, अधोगतिस्तु निःश्वसितम् ।
एतद् द्विकमपि मुक्त्वा उत्सर्ग एष मम भवतु ।।४३०।।

ઉચ્છ્વસિત એટલે શ્વાસનું ઊંચે જવું. નિઃશ્વસિત એટલે શ્વાસનું નીચે જવું, અર્થાત્ ઉચ્છ્વસિત એટલે નાક દ્વારા શ્વાસ લેવો અને નિઃશ્વસિત એટલે શ્વાસ મૂકવો. આ બંનેને છોડીને આ મારો કાઉસ્સગ્ગ થાઓ. (૪૩૦)

**जओ-**
**ऊसासं न निरुंभइ, आभिग्गहिओ वि किमुय चेट्ठा उ ।**
**सज्ज मरणं निरोहे, सुहुमुस्सासं तु जयणाए ॥४३१॥**

यतः-
उच्छ्वासं न निरुणद्धि आभिग्रहिकोऽपि किमुत चेष्टा तु ।
सद्यो मरणं निरोधे सूक्ष्मोच्छ्वासं तु यतनया ।।४३१।।

**व्याख्या-** उध्ध्र्व प्रबलः श्वास उच्छ्वासः तं 'न निरुंभइ' त्ति न निरुणद्धि, 'आभिग्गहिओवि' अभिगृह्यत इति अभिग्रहः, अभिग्रहेण निर्वृत्त आभिग्रहिकः-कायोत्सर्गस्तदव्यतिरेकात् तत्कर्त्ताऽप्याभिग्रहिको भण्यते, असावप्याभिभव-कायोत्सर्गकार्यपीत्यर्थः, 'किमुत चेट्ठा उ' त्ति किं पुनश्चेष्टाकायोत्सर्गकारी, स तु सुतरां न निरुणद्धि इत्यर्थः, किमित्यत आह- 'सज्जमरणं निरोहे' त्ति सद्यो मरणं निरोधे उच्छ्वासस्य, ततश्च 'सुहुमुस्सासं तु जयणाए' त्ति सूक्ष्मोच्छ्वासमेव यतनया मुञ्चति, नोल्बणं, मा भूत् सत्त्वघात इति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्तिगाथा- १५१०)

કારણકે—

અભિગ્રહધારી = પ્રતિમાધારી મુનિ પણ અભિભવ કાયોત્સર્ગમાં એટલે કે કોઈ ઉપસર્ગ વખતે કરાતા કાયોત્સર્ગમાં પણ શ્વાસોચ્છ્શ્વાસને રોકતા નથી. તો પછી ચેષ્ટામાં=સૂત્રનો ઉદ્દેશો કરવો વગેરે આરાધનાની ક્રિયાના કાયોત્સર્ગમાં તો પૂછવાનું જ શું ? શ્વાસને રોકવાથી તત્કાળ મૃત્યુ થાય. માટે શ્વાસોચ્છ્વાસની ક્રિયા રોકવી નહિ. પણ જીવઘાત ન થાય એ માટે યતના પૂર્વક સૂક્ષ્મ (= ધીમેથી) શ્વાસોચ્છ્શ્વાસની ક્રિયા કરવી. (૪૩૧)

**एवं च खासियाओ, छीयाओ जंभियाओ अन्नत्थ ।**
**नवरं इमेसु जयणा, कायव्वा होइ एवं तु ॥४३२॥**

एवं च कासितात् क्षुताद् जृम्भिताद् अन्यत्र ।
नवरम्- एषु यतना कर्तव्या भवति एवं तु ॥४३२॥

એ પ્રમાણે ખાંસી, છીંક, બગાસા સિવાય આ મારો કાયોત્સર્ગ થાઓ. કેવલ ખાંસી આદિમાં આ પ્રમાણે (= નીચેની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) યતના કરવી. (૪૩૨)

**खास-खुय-जिंभिए मा, हु सत्थमनिलोऽनिलस्स तिव्वुण्हो ।**
**असमाही य निरोहे, मा मसगाई य तो हत्थो ॥४३३॥**

कास-क्षुत-जृम्भिते मा खलु शस्त्रमनिलोऽनिलस्य तीव्रोष्णः ।
असमाधिश्च निरोधे मा मशकादिश्च ततो हस्तः ॥४३३॥

**व्याख्या–** इह कायोत्सर्गे कासक्षुतजृम्भितादीनि यतनया क्रियन्ते, किमिति?- – 'मा हु सत्थमणिलोऽणिलस्स तिव्वुण्हो' त्ति मा शस्त्रं भविष्यति कासितादिसमुद्भवोऽनिलो—वायुरनिलस्य-बाह्यस्थवायोः किंभूतः ?— तीव्रोष्णः, बाह्यानिलापेक्षया अत्युष्ण इत्यर्थः । न च न क्रियन्ते न च निरुध्यन्त एव न 'असमाहो य निरोहे' त्ति (सर्वथा रोधे) असमाधिश्च चशब्दात् मरणमपि सम्भाव्यते कासितादिनिरोधे सति 'मा मसगाई' त्ति मा मसकादयश्च कासितादिसमुद्भव- पवनश्लेष्माभिहता मरिष्यन्ति, जृम्भिते च वदनप्रवेशं करिष्यन्ति ततो हस्तोऽग्रतो दीयत इति यतनेयमिति गाथार्थः

(आवश्यकसूत्रनिर्युक्तिगाथा- १५११)

ખાંસી, છીંક, બગાસામાં મુખમાંથી નીકળેલો અતિશય ઉષ્ણ પવન બહાર રહેલા પવનનો શસ્ત્ર ન થાય, મચ્છર વગેરે જીવો ખાંસી અને છીંકથી ઉત્પન્ન થયેલા પવન અને સળેખમથી મરી ન જાય અને બગાસા વખતે મુખમાં પ્રવેશ ન કરે એ માટે મુખે હાથ (હાથમાં રહેલી મુહપત્તિ) રાખે.

**પૂર્વપક્ષઃ**— ખાંસી વગેરેને રોકી દે તો આ વિરાધના ન થાય.

**ઉત્તરપક્ષઃ**— ખાંસી વગેરેને રોકવામાં અસમાધિ થાય. (૪૩૩)

**खासियमाई पयडा, उड्डुइयं वायनिग्गमुग्गारो ।**
**वायनिसग्गो पवणस्स निग्गमो जो अवाणेण ॥४३४॥**

कासितादयः प्रकटाः 'उड्डुइयं' (उद्गतम्) वातनिर्गम उद्गारः ।
वातनिसर्गः पवनस्य निर्गमो योऽपानेन ।।४३४।।

ખાસિત આદિ શબ્દોનો અર્થ સ્પષ્ટ છે. उड्डुअ = ઓડકાર. वायनिसग्ग (वातनिसर्गः) એટલે અપાન દ્વારા વાયુનું છૂટવું, અર્થાત્ વાછૂટ થવી. (૪૩૪)

**भमली पित्तुदयाओ, भमंतमहिदंसणं निवडणं च ।**
**एवं तु पित्तमुच्छा, वि वेयणत्तं भमणरहियं ॥४३५॥**

भ्रमरी पित्तोदयाद् भ्रमद्महिदर्शनं निपतनं च ।
एवं तु पित्तमूर्च्छाऽपि वेदनत्वं(वेपनत्वं)भ्रमणरहितम् ।।४३५।।

ભમલી એટલે પિત્તના ઉદયથી (= પિત્ત થવાથી) ચક્કર આવવા. ચક્કર આવે એટલે પૃથ્વી ભમતી દેખાય અને શરીર નીચે પડી જાય. એ પ્રમાણે પિત્તમૂર્ચ્છામાં=પિત્તથી થતી મૂર્ચ્છામાં શરીરનું કંપન થાય છે, પણ ચક્કર ન હોય. (૪૩૫)

**एसु वि जिणेहिं जयणा, उवइट्ठाऽणत्थवारणनिमित्तं ।**
**कायव्वेसा विहिणा, इमेण सिद्धंतभणिएण ॥४३६॥**

एष्वपि जिनैर्यतना उपदिष्टाऽनर्थवारणनिमित्तम् ।
कर्तव्यैषा विधिना अनेन सिद्धान्तभणितेन ।।४३६।।

ઓડકાર આદિમાં પણ અનર્થને રોકવા માટે જિનોએ યતના કહી છે. આ (નીચેની ગાથામાં કહેવાશે તે) સિદ્ધાંત વચનથી વિધિથી યતના કરવી. (૪૩૬)

**वायनिसग्गु-ड्डोए, जयणा सद्दस्स नेव य निरोहो ।**
**उड्डोए वा हत्थो, भमली-मुच्छासु य निवेसो ॥४३७॥**

वातनिसर्गोद्गारे यतना शब्दस्य नैव च निरोधः ।
उद्गारे वा हस्तो भ्रमरी-मूर्च्छासु च निवेशः ।।४३७।।

१. उद्गतम्, वातनिसर्गश्च । **व्याख्या–** आह-निःश्वसितेनेति सूत्रावयवो न व्याख्यायते इति किमत्र कारणम् ?, उच्यते, उच्छ्वसितेन तुल्ययोगक्षेमत्वादिति, इदानीम् 'उद्गारितेने'त्यादि सूत्रावयवव्याचिख्यासयाऽऽह- वातनिसर्गः- उक्तस्वरूप उद्गारोऽपि, तत्रायं विधिः- यतना शब्दस्य क्रियते, न निसृष्टं मुच्यत इति, 'नेव य निरोहो' त्ति नैव च निरोधः क्रियते, असमाधिभावादेव, उद्गारे वा हस्तोऽन्तरे दीयते इति, 'भमलीमुच्छासु य निवेसो' मा सहसापतितस्यात्मविराधना भविष्यतीति गाथार्थः। (आवश्यकसूत्रनिर्युक्तिगाथा – १५१२)

વાછૂટ અને ઓડકારમાં શબ્દની યતના કરવી, અર્થાત્ અવાજ ન થાય તેમ અથવા અલ્પ અવાજ થાય તેવો પ્રયત્ન કરવો, પણ રોકવા નહિ. કારણ કે રોકવાથી અસમાધિ થાય. અથવા ઓડકારમાં મુખે હાથ = (હાથમાં રહેલી મુહપત્તિ) રાખવી. ઓચિંતા પડી જવાથી આત્મ વિરાધના ન થાય એ માટે ચક્કર અને મૂર્ચ્છામાં નીચે બેસી જવું. (૪૩૭)

**एसा चउत्थविरई, पंचमिए तिन्नि होंति आलावा ।**
**ते पुण बहुवयणंता, नेया सुहुमेहि इच्चाइ ॥४३८॥**

एषा चतुर्थी विरतिः पञ्चम्यां त्रयो भवन्ति आलापाः ।
ते पुनर्बहुवचनान्ता ज्ञेयाः 'सूक्ष्मैः' इत्यादि ।।४३८।।

મૂલમ્–'**सुहुमेहिं अंगसंचालेहिं, सुहुमेहिं खेलसंचालेहिं, सुहुमेहिं दिट्ठिसंचालेहिं' इति ।**

આ ચોથી સંપદા છે. પાંચમી સંપદામાં ત્રણ આલાવા છે. તે આલાવા બહુવચનાંત 'सुहुमेहिं' ઈત્યાદિ જાણવા. (૪૩૮)

**अंगाईसंचाला, लक्खालक्ख त्ति हुंति तो सुहुमा।**
**वीरियसजोगयाए, बाहिं अंतो य ते हुंति ॥४३९॥**

अङ्गादिसंचारा लक्ष्यालक्ष्या इति भवन्ति ततः सूक्ष्माः ।
वीर्यसयोगतया बहिरन्तश्च ते भवन्ति ।।४३९।।

અંગ આદિના સંચારો લક્ષ્યાલક્ષ્ય છે = કંઈક જાણી શકાય છે અને કંઈક જાણી શકાતા નથી, અર્થાત્ અત્યંત સ્પષ્ટ જાણી શકાતા નથી. માટે તે સંચારો સૂક્ષ્મ છે. તે સંચારો વીર્યના યોગથી શરીરની બહાર અને અંદર થાય છે. (૪૩૯)

**भणियं च–**
**वीरियसजोगयाए, संचारा सुहुमबायरा देहे।**
**बाहिं रोमंचाई, अंतो खेलाऽनिलाईया ॥४४०॥**

भणितं च–
वीर्यसयोगतया संचाराः सूक्ष्म-बादरा देहे ।
बही-रोमाञ्चादिः, अन्तः श्लेष्मा-ऽनिलादिकाः ।।४४०।।

**व्याख्या–** साम्प्रतं 'सूक्ष्मैरङ्गसञ्चारै' रित्यादिसूत्रावयवव्याचिख्यासयाऽऽह- वीर्यसयोगतया कारणेन संचाराः सूक्ष्मबादरा देहे अवश्यंभाविनो, वीर्यं वीर्यान्तरायक्षयोपशमक्षयजं खल्वात्मपरिणामो भण्यते, योगास्तु मनोवाक्कायास्तत्र वीर्यसयोगतयैवातिचाराः सूक्ष्मबादरा भवन्ति न केवलात् वीर्यादिति देह एव च भवति (?भवन्ति)नादेहस्य, तत्र बही रोमञ्चादय आदिशब्दादुत्कम्पग्रहः 'अन्तो खेलानिलादीया' अन्तः- मध्ये श्लेष्मानिलादयो विचरन्तीत्यर्थः, इति गाथार्थः । (आवश्यकसूत्र निर्युक्तिगाथा- १५१३)

**કહ્યું છે કે–**

વીર્ય અને યોગ એ બંને ભેગા મળવાથી શરીરમાં સૂક્ષ્મ અને બાદર સંચારો અવશ્ય થાય છે, કેવળ વીર્યથી નહિ. તેમજ દેહમાં જ સંચારો થાય છે. શરીર રહિતને સંચારો થતા નથી. બહાર રોમાંચ અને ઉત્કંપ તથા અંદર શ્લેષ્મ અને પવન વગેરે સંચારો થાય છે.

**વિશેષાર્થઃ–** વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી અને ક્ષયથી ઉત્પન્ન થતો આત્મપરિણામ વીર્ય કહેવાય છે. મન-વચન-કાયા એ ત્રણ યોગ છે. (૪૪૦)

**आलोयचलं चक्खुं, मणो व्व तं दुक्करं थिरं काउं ।**
**रूवेहिं तयं खिप्पइ, सहावओ वा सयं चलइ ॥४४१॥**

आलोकचलं चक्षुः, मन इव तद् दुष्करं स्थिरं कर्तुम् ।
रूपैस्तत् क्षिप्यते, स्वभावतो वा स्वयं चलति ॥४४१॥

अधुना 'सूक्ष्मैर्दृष्टिसञ्चारै'रिति सूत्रावयवं व्याख्यानयति–अवलोकनमालोकस्तस्मिन्नवलोके चलं अवलोकचलं दर्शनलालसमित्यर्थः, किं ? चक्षुः- नयनं, यतश्चैवमतो मनोवद् - अन्तःकरणमिव तच्चक्षुर्दुष्करं स्थिरं कर्तुं, न शक्यत इत्यर्थः, यतो रूपैस्तदाक्षिप्यते स्वभावतो वा - स्वभावेन वा नैसर्गिकेण स्वयं चलति, आत्मनैव चलतीति गाथार्थः । (आवश्यकसूत्रनिर्युक्तिगाथा-१५१४) .

આંખ જોવામાં ચંચલ છે, અર્થાત્ જોવાની લાલસાવાળી છે. તેથી તેને મનની જેમ સ્થિર કરવી એ દુષ્કર છે. કારણ કે આંખ રૂપથી આકર્ષાય છે. અથવા સ્વભાવથી જ સ્વયં ચલિત થાય છે. (૪૪૧)

**तह्म –**

**न कुणइ निमेसजत्तं (जुत्तं), तत्थुवओगे ण झाण झाएज्जा ।**
**एगनिसं(सिं) तु पवन्नो, ज्झायइ साहू अणिमिसच्छो वि ॥४४२॥ इत्यादि**

तथा –
न करोति निमेषयत्नं (युक्तं) तत्रोपयोगेन ध्यानं ध्यायेत् ।
एकनिशां तु प्रपन्नो ध्यायति साधुरनिमेषाक्षोऽपि ॥४४२॥ इत्यादि ॥

**व्याख्या**— यस्मादेवं तस्मात् न करोति निमेष (रोध) यत्नं कायोत्सर्गकारी, किमिति ?, - 'तत्थुवओगे ण झाण झाएज्ज' त्ति तत्र- निर्निमेषयत्ने य उपयोगस्तेन सता मा न ध्यानं ध्यायेत् अभिप्रेतमिति, 'एगनिसं' तु पवन्नो झायइ साहू अणिमिसच्छोऽवि' एकरात्रिकीं तु प्रतिमां प्रतिपन्नो महासत्त्वो ध्यायति समर्थः अनिमेषाक्षोऽपि-अनिमिषे अक्षिणी यस्य सः अनिमिषाक्षः निश्चलनयन इति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्ति-गाथा-१५१५)

તેથી કાયોત્સર્ગમાં રહેલા જીવે નિમેષને (=આંખને ઉઘાડ-બંધ કરવાની પ્રવૃત્તિને) રોકવામાં પ્રયત્ન ન કરવો. કારણ કે નિમેષને રોકવામાં પ્રયત્ન કરે તો તેનો ઉપયોગ નિમેષને (= આંખના પલકારાને) રોકવામાં રહેવાથી ઈષ્ટ ધ્યાન ન કરી શકે. હા, જેણે એક રાત્રિકી પ્રતિમાનો સ્વીકાર કર્યો હોય તે સાધુ નિશ્ચલ ચક્ષુવાળો બનીને પણ ધ્યાન કરે. કારણકે તે મહાસત્ત્વવંત હોવાથી નિમેષ વિના પણ ધ્યાન કરવા સમર્થ છે. (૪૪૨)

**एएसिं सव्वेसिं, अन्नत्थ ममेस होउ उस्सग्गो ।**
**न य नाम एत्तिएहिं, अन्नेहि वि एवमाईहिं ॥४४३॥**

एतेषां सर्वेषामन्यत्र ममैष भवतु उत्सर्गः ।
न च नाम एतावद्भिरन्यैरपि एवमादिभिः ॥४४३॥

मूलम्– **'एवमाइएहिं आगारेहिं अभग्गो अविराहिओ हुज्ज मे काउस्सग्गो'** इति।

**आगारेहि अभग्गो, होज्जा अविराहिओ ममुस्सग्गो ।**
**तत्थेए आगारा, आईसद्देण संगहिया ॥४४४॥**

आकारैरभग्नो भवेदविराधितो ममोत्सर्गः ।
तत्रैते आकारा आदिशब्देन संगृहीताः ॥४४४॥

આ (ઉચ્છ્વાસ વગેરે) બધા સિવાય મારો આ કાયોત્સર્ગ થાઓ. આટલા જ આગારોથી મારો કાયોત્સર્ગ અભંગ અને અવિરાધિત થાઓ એવું નથી, આદિ શબ્દથી બીજા પણ આગારોથી મારો કાયોત્સર્ગ અભગ્ન અને

અવિરાધિત થાઓ. તેમાં आदि શબ્દથી આ (હવે કહેવાશે તે) આગારોનો સંગ્રહ કર્યો છે. (૪૪૩-૪૪૪)

**अगणीउ व छिंदेज्ज व, बोहियखोभाइ दीहडक्को वा ।**
**आगारेहिं अभग्गो, उस्सग्गो एवमाईहिं ॥४४५॥**

अग्नयो वा छिन्द्याद् वा बोधिकक्षोभादि दीर्घदष्टो वा ।
आकारैरभग्न उत्सर्ग एवमादिभिः ॥४४५॥

**व्याख्या—** अधुना एवमादिभिराकारैरित्यादिसूत्रावयवव्याचिख्यासयाह- 'अगणि' त्ति यदा ज्योतिः स्पृशति तदा प्रावरणाय कल्पग्रहणं कुर्वतो न कायोत्सर्गभङ्गः, अह- नमस्कारमेवाभिधाय किमिति तद्ग्रहणं न करोति ? येन तद्भङ्गो न भवति, उच्यते, नात्र नमस्कारपारणमेवाविशिष्टं कायोत्सर्गमानं क्रियते, किं तु यो यत्परिमाणो यत्र कायोत्सर्ग उक्तस्तत ऊर्ध्वं परिसमाप्तेऽपि तस्मिन्नमस्कारमपठतो भङ्ग इत्यादि, अपरिसमाप्तेऽपि च पठतो भङ्ग एव, स चात्र न भवतीति, एवं सर्वत्र भावनीयं, 'छिंदिज्ज व' त्ति मार्जारीमूषकादिभिर्वा पुरतो यायात्, अत्राप्यग्रतः सरतो न कायोत्सर्गभङ्गः, 'बोहियखोभाइ' त्ति बोधिकाः- स्तेनकास्तेभ्यः क्षोभः- संभ्रमः, आदिशब्दाद्राजादिक्षोभः परिगृह्यते, तत्रास्थानेऽप्युच्चारयतो (ऽनुच्चारयतो) वा न कायोत्सर्गभङ्गो 'दीहडक्को व' त्ति सर्पदष्टे चात्मनि परे वा सहसा-अकाण्ड एवोच्चारयतः, तथैव आक्रियन्त इत्याकारास्तैराकारैरभग्नः स्यात् कायोत्सर्ग एवमादिभिरिति गाथार्थः ।।(आवश्यक सूत्रनिर्युक्तिगाथा-१५१५)।।

અગ્નિ, છેદ, બોધિકક્ષોભ આદિ કે દીર્ઘદષ્ટ ઈત્યાદિ આગારોથી કાયોત્સર્ગ અભગ્ન થાઓ. (અહીં આવશ્યકનિર્યુક્તિની ગાથાની ટીકામાં જણાવેલા અર્થો પ્રસ્તુત ભાષ્યની જ ગાથાઓમાં હવે પછી આવતા હોવાથી અહીં ટીકાનો અર્થ લખ્યો નથી.) (૪૪૫)

**अगणि त्ति पलीवणयं, उच्छिंदेज्ज व विराल-पुरिसाइं ।**
**बोहिय चोरविसेसा, तेसिं खोभे पलायणया ॥४४६॥**

अग्निरिति प्रदीपनकमुच्छिन्द्याद् वा बिडाल-पुरुषादि ।
बोधिकाः-चौरविशेषास्तेषां क्षोभे पलायनता ॥४४६॥

**અગ્નિઃ**— આગ લાગે ત્યારે આગથી બચવા બીજા સ્થળે જાય તો કાયોત્સર્ગ ન ભાંગે (અથવા જ્યોતિનો કે વિજળીનો સ્પર્શ થાય ત્યારે કામળી વગેરે ઓઢે કે ખસે તો કાયોત્સર્ગનો ભંગ ન થાય.)

**છેદઃ**— બિલાડી કે પુરુષ વગેરે પંચેંદ્રિય પ્રાણી પોતાના અને સ્થાપનાચાર્યજીના અંતરનો છેદ કરે, અર્થાત્ પંચેંદ્રિયની આડ પડે= પંચેન્દ્રિય જીવ પોતાની અને સ્થાપનાચાર્યની વચ્ચેથી જાય તો આડને રોકવા ખસીને સ્થાપનાચાર્યની નજીકમાં આવે તો કાયોત્સર્ગનો ભંગ ન થાય.

**બોધિકક્ષોભઃ**— મનુષ્યોને ચોરી જનારા= ઉઠાવી જનારા ચોરોને બોધિક કહેવામાં આવે છે. ક્ષોભ એટલે ભય. બોધિકક્ષોભ વખતે નાશી જવામાં કાયોત્સર્ગનો ભંગ ન થાય. (આદિ શબ્દથી રાજભય વગેરે સમજવું.) (૪૪૬)

**दीहो त्ति दीहपट्ठो, भुयंगमो तेण होज्ज जइ डक्को ।**
**तो तस्स पडीयारं, कारेज्ज करेज्ज वा जइ वि ॥४४७॥**

दीर्घ इति दीर्घपृष्ठो भुजंगमस्तेन भवेद् यदि दष्टः ।
ततस्तस्य प्रतीकारं कारयेत् कुर्याद् वा यद्यपि ॥४४७॥

**દીર્ઘદષ્ટઃ**— દીર્ઘ એટલે સાપ. દષ્ટ એટલે દશાયેલ = કરડાયેલ. સર્પ સ્વ-પરને કરડે ત્યારે તેનો પ્રતિકાર કરે કે કરાવે તો કાયોત્સર્ગનો ભંગ ન થાય.(૪૪૭)

**भग्गो सव्वविणट्ठो, विराहिओ देसनासमणुपत्तो ।**
**दोण्हं पि अभावाओ, उस्सग्गो होज्ज मम सुद्धो ॥४४८॥**

भग्नः सर्वविनष्टो विराधितो देशनाशमनुप्राप्तः ।
द्वयोरपि अभावादुत्सर्गो भवेद् मम शुद्धः ॥४४८॥

ભગ્ન એટલે સંપૂર્ણ નાશ પામેલો. વિરાધિત એટલે દેશથી નાશ પામેલો. બંનેના (સંપૂર્ણ નાશ અને દેશથી નાશ એ બંનેના) અભાવથી મારો કાયોત્સર્ગ શુદ્ધ થાઓ. (૪૪૮)

**सोलसभेयागारा, सव्वे चउहा समासओ होंति ।**
**आगंतुका य सहया, नियोगजा तह य बज्झा य ॥४४९॥**

षोडशभेदा आकाराः सर्वे चतुर्धा समासतो भवन्ति ।
आगन्तुकाश्च सहजा नियोजास्तथा च बाह्याश्च ॥४४९॥

આ પ્રમાણે સોળ પ્રકારના આગારો છે. આ બધા આગારો સંક્ષેપથી ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે– આગંતુક, સહજ, નિયોગજ અને બાહ્ય. (૪૪૯)

**आगंतुगा य दुविहा, अप्पनिमित्ता य बहुनिमित्ता य ।**
**खासिय-खुय-जंभाइय, अप्पनिमित्ता इमे तिन्नि ॥४५०॥**

आगन्तुकाश्च द्विविधा अल्पनिमित्ताश्च बहुनिमित्ताश्च ।
कासित-क्षुत-जृम्भादिका अल्पनिमित्ता इमे त्रयः ॥४५०॥

આગંતુક આગારો અલ્પ નિમિત્ત અને બહુ નિમિત્ત એમ બે પ્રકારના છે. (અલ્પનિમિત્તથી થાય તે અલ્પનિમિત્ત અને બહુનિમિત્તથી થાય તે બહુનિમિત્ત.) ખાંસી, છીંક અને બગાસું આ ત્રણ અલ્પનિમિત્ત છે. (૪૫૦)

**वायनिसग्गुडोया, भमली तह चेव पित्तमुच्छा य ।**
**एए य बहुनिमित्ता, अजिन्नपित्ताइबहुयत्ता ॥४५१॥**

वातनिसर्गोद्गता भ्रमरी तथैव पित्तमूर्छा च ।
एते च बहुनिमित्ता अजीर्ण-पित्तादिबहुकत्वात् ॥४५१॥

વાછૂટ, ઓડકાર, ચક્કર અને પિત્તમૂર્છા આ ચાર બહુ નિમિત્ત છે. કારણકે તેમાં નિમિત્તો અજીર્ણ અને પિત્ત વગેરે ઘણાં છે. (૪૫૧)

**ऊससियं नीससियं, दो सहजा तह निओगजा तिन्नि ।**
**खेलं-ग-दिट्ठि-संचालनामया सेसया बज्झा ॥४५२॥**

उच्छ्वसितं निःश्वसितं द्वौ सहजौ तथा नियोगजास्त्रयः ।
श्लेष्मा-ङ्ग-दृष्टि-संचालनामकाः शेषका बाह्याः ॥४५२॥

ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ એ બે આગારો સહજ છે. શ્લેષ્મસંચાર,

અંગસંચાર-અને દૃષ્ટિસંચાર એ ત્રણ અવશ્ય થનારા છે. બાકીના આગારો બાહ્ય છે = બહારના નિમિત્તથી થનારા છે. (૪૫૨)

**आह भुयणेक्कपहुणो, वंदणकज्जे पयट्टमाणस्स ।**
**सत्तवओ न हु जुत्तं, आयारपगप्पणं एयं ॥४५३॥**

आह भुवनैकप्रभोर्वन्दनकार्ये प्रवर्तमानस्य ।
सत्त्ववतो न खलु युक्तमाकारप्रकल्पनमेतत् ।।४५३।।

**અહીં શિષ્ય કહે છે કે–** જગતના અદ્વિતીય પ્રભુને વંદન કરવાના કાર્યમાં પ્રવૃત્ત થતા એવા સત્ત્વવંત જીવને આગારોની આ કલ્પના (= વિધાન) યુક્ત નથી. (૪૫૩)

**जिणवंदणापयट्टो, पाणच्चायं करेज्ज जइ जीवो ।**
**मोक्खो वा सग्गो वा, नियमेण करट्ठिओ तस्स ॥४५४॥**

जिनवन्दनाप्रवृत्तः प्राणत्यागं कुर्याद् यदि जीवः ।
मोक्षो वा स्वर्गो वा नियमेन करस्थितस्तस्य ।।४५४।।

જિનને વંદન કરવામાં પ્રવૃત્ત થયેલો જીવ જો પ્રાણત્યાગ કરે તો મોક્ષ કે સ્વર્ગ નિયમા તેના હાથમાં રહેલો છે. (૪૫૪)

**का भत्ती तित्थयरे ?, का वा एगग्गया मणे तस्स ? ।**
**जो वंदणापवत्तो, संभावइ देहसुह-दुक्खे ॥४५५॥**

का भक्तिस्तीर्थकरे ? का वा एकाग्रता मनसि तस्य ? ।
यो वन्दनाप्रवृत्तः संभावयति देहसुख-दुःखानि ।।४५५।।

(તેથી) જિનને વંદન કરવામાં પ્રવૃત્ત થયેલો જે જીવ સુખ-દુ:ખની સંભાવના કરે છે (કાયોત્સર્ગમાં મને અમુક સુખ થશે કે અમુક દુ:ખ થશે તો? એવી સંભાવના કરે છે) તેને તીર્થંકર વિશે ભક્તિ શી છે ? અને તેના મનમાં એકાગ્રતા ય શી છે ? અર્થાત્ તેને તીર્થંકર વિશે ભક્તિ નથી અને તેના મનમાં એકાગ્રતા ય નથી. (૪૫૫)

**आचार्यः–.**

**नो देहरक्खणट्ठा, आगारपरूवणा इमा किंतु ।**
**सुविशुद्धपालणट्ठा, भंगभया चेव भणियं च ॥४५६॥**

आचार्यः—
नो देहरक्षणार्थमाकारप्ररूपणा इयं किन्तु ।
सुविशुद्धपालनार्थं भङ्गभयाच्चैव भणितं च ।।४५६।।

**वयभंगो गुरुदोसो, थेवस्स य पालणा गुणकरी उ ।**
**गुरुलाघवं च नेयं, धम्मम्मि अओ य आगारा ॥४५७॥**

व्रतभङ्गो गुरुदोषः स्तोकस्य च पालना गुणकरी तु ।
गुरु-लाघवं च ज्ञेयं धर्मेऽतश्चाकाराः ।।४५७।।

**હવે આચાર્ય ઉત્તર આપે છે—**

આગારોની આ પ્રરૂપણા શરીરના રક્ષણ માટે નથી, કિંતુ કાયોત્સર્ગનું સુવિશુદ્ધ પાલન થાય એ માટે છે, અને ભંગના ભયથી છે, અર્થાત્ કદાચ કાયોત્સર્ગનો ભંગ થઈ જશે તો ? એવા ભયના કારણે છે. કહ્યું છે કે— નિયમભંગથી અશુભ કર્મબંધ વગેરે મોટા દોષો લાગે છે. કારણકે તેમાં ભગવાનની આજ્ઞાની વિરાધના છે. જ્યારે નાના પણ નિયમના પાલનથી કર્મનિર્જરા આદિ મહાન લાભ થાય છે. કારણકે તેમાં વિશુદ્ધ શુભ અધ્યવસાય હોય છે. ધર્મમાં લાભાલાભ જાણવો જોઈએ, અર્થાત્ ધર્મમાં લાભાલાભનો વિચાર કરી જે રીતે અધિક લાભ થાય તેમ કરવું જોઈએ. આથી જ પ્રત્યાખ્યાનમાં આગારો રાખવામાં આવ્યા છે.

**વિશેષાર્થઃ—** કાયોત્સર્ગ કર્યા પછી સર્પ કરડે એથી સખત પીડા થાય કે પ્રાણ જાય. આ વખતે પીડાને દૂર કરવાનો કે પ્રાણને બચાવવાનો ઉપાય ન કરવામાં આવે તો સંભવ છે કે અસમાધિ થાય. અસમાધિ થાય તો અશુભ કર્મબંધ વગેરે ઘણું અહિત થાય. પણ જો પીડા દૂર કરવાનો કે પ્રાણ બચાવવાનો ઉપાય કરવામાં આવે તો અસમાધિ ન થાય. એથી કર્મબંધ વગેરે અહિતથી બચી જવાય અને સમાધિ દ્વારા કે વિશેષ આરાધના દ્વારા કર્મનિર્જરા વગેરે હિત સાધી શકાય. કાયોત્સર્ગમાં આગારો હોય તો જ આવા પ્રસંગે પીડાથી બચવાનો ઉપાય કરીને અહિતથી બચી શકાય, અને

વિશેષ હિત સાધી શકાય. જો આગારો ન હોય અને કાયોત્સર્ગ પારે તો કાયોત્સર્ગ ભંગ થાય. કાયોત્સર્ગ ભંગથી પણ અશુભ કર્મબંધ વગેરે અહિત થાય. આમ અહિતથી બચવા અને હિત સાધવા માટે કાયોત્સર્ગમાં આગારો રાખેલા છે. આગારોથી આવા પ્રસંગે સમાધિ જળવાય અને વ્રતભંગ પણ ન થાય, એમ બે લાભ થાય. આમ લાભાલાભનો વિચાર કરીને અધિક લાભ થાય તેમ વર્તવું જોઈએ. માટે જ કાયોત્સર્ગમાં આગારો રાખવામાં આવ્યા છે. (૪૫૬-૪૫૭)

**किञ्च –**

**अविहिमरणं अकाले, सलहिज्जइ नेय धम्मियजणाणं ।**
**अप्पाणम्मि परम्मि य, जेण समो तेसि परिणामो ॥४५८॥**

किञ्च –

अविधिमरणमकाले श्लाघ्यते नैव धार्मिकजनानाम् ।
आत्मनि परे च येन समस्तेषां परिणामः ॥४५८॥

**વળી—**

ધાર્મિક લોકોનું અકાલે અવિધિથી થતું મરણ નથી જ વખણાતું. કારણકે ધાર્મિક લોકોનો પોતાનામાં અને પરમાં સમાન પરિણામ હોય છે.

**વિશેષાર્થઃ–** કાયોત્સર્ગમાં જો શ્વાસનિરોધ આદિથી મૃત્યુ થાય તો તે મૃત્યુ અકાળ મૃત્યુ ગણાય, અને અવિધિવાળું મૃત્યુ ગણાય. (૪૫૮)

**जओ भणियं –**

**भावियजिणवयणाणं, महत्तरहियाण नत्थि उ विसेसो ।**
**अप्पाणम्मि परम्मि य, तो वज्जे पीडमुभओऽवि ॥४५९॥**

यतो भणितम् –

भावितजिनवचनानां महत्तरहृदयानां नास्ति तु विशेषः ।
आत्मनि परे च ततो वर्जयेत् पीडामुभतोऽपि ॥४५९॥

**કારણ કે કહ્યું છે કે–**

જિનવચનથી ભાવિત થયેલા અને ઉદાર હૃદયવાળા ધાર્મિક લોકોને પોતાનામાં અને પરમાં કોઈ ભેદ નથી. તેથી સ્વ-પર બંનેને પીડા આપવાનો ત્યાગ કરવો જોઈએ.

**વિશેષાર્થઃ–** અહીં ગ્રંથકારનો કહેવાનો આશય એ છે કે– જેમ બીજા જીવોને પીડા ન આપવી જોઈએ તેમ પોતાને પણ પીડા ન આપવી જોઈએ. અકાળે અવિધિથી મરણ પામવામાં પોતાને પીડા આપવાનું થાય છે. કારણ કે અકાળે અવિધિથી મરણ પામવામાં અસમાધિ થાય. અસમાધિ એટલે જ પીડા. અસમાધિથી જીવ વર્તમાનમાં દુઃખી થાય છે અને અશુભ કર્મબંધ દ્વારા ભવાંતરમાં પણ દુઃખી થાય છે.

અજ્ઞાન ધાર્મિક લોકો બીજાને પીડા ન આપવી જોઈએ એ હજી સમજી શકે છે, પણ પોતાને પીડા ન આપવી જોઈએ એ સમજી શકતા નથી. આથી બીજાને પીડા આપવાનું છોડી દેનારાઓ પણ અજ્ઞાનતાના કારણે પોતાને પીડા આપનારા બને છે. આવા અજ્ઞાન ધાર્મિકોને નજર સામે રાખીને ગ્રંથકારે પોતાને પણ પીડા ન આપવી જોઈએ એ વિશે ભાર મૂકવા માટે ૪૫૭-૪૫૮ એ બે ગાથાઓ કહી છે. (૪૫૯)

**अह सत्तमविरईए, चउरो आलावगा इमे होंति ।**
**जाव य अरिहंताणं, भगवंताणं च इच्चाई ॥४६०॥**

अथ सप्तमविरतौ चत्वार आलापका इमे भवन्ति ।
यावच्च अर्हतां भगवतां चेत्यादि ॥४६०॥

मूलम्- **"जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि"** इति ।

હવે સાતમી સંપાદામાં ચાર આલાવા (પદો) આ પ્રમાણે છે– जाव अरिहंताणं भगवंताणं વગેરે.

**વિશેષાર્થઃ–** जाव अरिहंताणं પહેલું પદ, भगवंताणं બીજું પદ, नमुक्कारेणं ત્રીજું પદ, न पारेमि ચોથું પદ, એમ ચાર પદ છે. (૪૬૦)

**जाव य सद्दो अवधारणम्मि कालप्पमाणविसयम्मि ।**
**अरहंता भगवंता, भणियसरूवा इमेसिं च ॥४६१॥**

यावच्च शब्दोऽवधारणे कालप्रमाणविषये ।
अर्हन्तो भगवन्तो भणितस्वरूपा एषां च ॥४६१॥

**होउ नमो अरहंताणं ति एवंरूवो भवे नमुक्कारो ।**
**तेणं ति तदुच्चारणपुव्वमहं जा न पारेमि ॥४६२॥**

भवतु नमोऽर्हद्भ्य इत्येवंरूपो भवेद् नमस्कारः ।
तेनेति तदुच्चारणपूर्वमहं यावद् न पारयामि ॥४६२॥

**ताव त्ति तप्पमाणं, कालमहं वोसिरामि अप्पाणं ।**
**पयसंबंधो एसो, केहि पुणो करणभूएहिं ? ॥४६३॥**

तावदिति तत्प्रमाणं कालमहं व्युत्सृजाम्यात्मानम् ।
पदसंबन्ध एष कैः पुनः करणभूतैः ? ॥४६३॥

**काओ देहो तस्स उ ठाणं उड्ढाइणा पगारेण ।**
**संठावणमेत्थं पुण, उद्धट्ठाणं खलु पहाणं ॥४६४॥**

कायो देहस्तस्य तु स्थानमूर्ध्वादिना प्रकारेण ।
संस्थापनमत्र पुनरूर्ध्वस्थानं खलु प्रधानम् ॥४६४॥

**तेण उ उस्सग्गेणं, उस्सग्गो एस मज्झ दट्ठव्वो ।**
**मोणेण उ वायाए, निरोहरूवेण करणेण ॥४६५॥**

तेन तु उत्सर्गेणोत्सर्ग एष मम द्रष्टव्यः ।
मौनेन तु वाचो निरोधरूपेण करणेन ॥४६५॥

**झाणेण पंचपरमेट्ठिसंथुईपमुहवत्थुचिंताए ।**
**किरियातिगेण सहिओ, अप्पाणं वोसिरामि त्ति ॥४६६॥**

ध्यानेन पञ्चपरमेष्ठिसंस्तुतिप्रमुखवस्तुचिन्तया ।
क्रियात्रिकेण सहित आत्मानं व्युत्सृजामीति ॥४६६॥

जाव શબ્દ કાયોત્સર્ગના કાલ પ્રમાણનું અવધારણ કરવાના અર્થમાં છે. अरिहंतઅને भगवंतએ બે શબ્દોનું સ્વરૂપ પૂર્વે (नमुत्थुणंસૂત્રના અર્થના વર્ણનમાં) કહી દીધું છે. એ અરિહંત ભગવંતોને नमो अरिहंताणं (= અરિહંતોને નમસ્કાર થાઓ) એ પ્રમાણે બોલવાથી નમસ્કાર થાય છે. જ્યાં સુધી હુંनमो अरिहंताणंએવા ઉચ્ચારણ પૂર્વક અરિહંત ભગવંતોને નમસ્કાર કરીને કાયોત્સર્ગને ન પારું તેટલા કાળ સુધી હું આત્માને વોસિરાવું છું એ પ્રમાણે પદોનો સંબંધ છે. કેવા પ્રકારની ક્રિયાથી આત્માને વોસિરાવું છું ? (એ પ્રશ્નના જવાબમાં કહે છે કે) (कायं ठाणेणं=) કાય એટલે દેહ. તેનું સ્થાન એટલે કાયાને ઊર્ધ્વ વગેરે રીતે રાખવી, અર્થાત્ કાયાને ઊભી રાખવી વગેરે અનેક રીતે કાયસ્થાન છે. પણ અહીં ઊર્ધ્વસ્થાન (કાયાને ઊભી રાખવી) જ મુખ્ય કાયસ્થાન છે, અર્થાત્ ઊભા રહીને કાયોત્સર્ગ કરવાની પ્રધાનતા છે=ઊભા રહીને કાયોત્સર્ગ કરવો જોઈએ. ઉત્સર્ગથી ઊર્ધ્વસ્થાન વડે જ આ મારો કાયોત્સર્ગ જાણવો. મૌન એટલે વાણીનો નિરોધ= કશું બોલવું નહિ. મૌન રૂપ ક્રિયાથી આત્માને વોસિરાવું છું. ધ્યાન એટલે પાંચ પરમેષ્ઠિની સ્તુતિ વગેરે પારમર્થિક ચિંતન. ધ્યાનરૂપ ક્રિયાથી આત્માને વોસિરાવું છું. આ પ્રમાણે ત્રણ ક્રિયાથી સહિત હું આત્માને વોસિરાવું છું. (૪૬૧ થી ૪૬૬)

**कायं च वोसिरामी, ठाणाईएहिं करणभूएहिं ।**
**अप्पाणं ति य निययं, पयघडणा होइ एवं पि ॥४६७॥**

कायं च व्युत्सृजामि स्थानादिकैः करणभूतैः ।
आत्मानमिति च निजकं पदघटना भवति एवमपि ॥४६७॥

ક્રિયાના સ્થાન વગેરે પ્રકારોથી કાયાને વોસિરાવું છું. अप्पाणं એટલે પોતાની ક્રિયાના સ્થાન-મૌન-ધ્યાન એ ત્રણ પ્રકારથી પોતાની કાયાને વોસિરાવું છું. એ પ્રમાણે પણ પદઘટના થાય છે.

**વિશેષાર્થઃ–** "એ પ્રમાણે પણ પદઘટના થાય છે" એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે– પૂર્વે ૪૬૨-૪૬૩ એ બે ગાથાઓમાં જે પદઘટના કરી તે પ્રમાણે પદઘટના થાય છે = થઈ શકે છે. અને આ ગાથામાં જે પદઘટના કરી તે પ્રમાણે પણ પદઘટના થાય છે = થઈ શકે છે. ૪૬૨-૪૬૩ એ બે ગાથાઓમાં કરેલી પદઘટના અને આ ગાથામાં કરેલી પદઘટનામાં તફાવત આ

પ્રમાણે છે– ૪૬૨-૪૬૩મી ગાથામાં अप्पाणं પદનો અર્થ आत्मानं એવો કરીને "આત્માને વોસિરાવું છું" એવો અર્થ છે. તેમાં કાયાને વોસિરાવવાની વાત નથી. આ ગાથામાં अप्पाणं પદનો અર્થ आत्मीय એવો કરીને "પોતાની કાયાને વોસિરાવું છું" એવો અર્થ છે. "આત્માને વોસિરાવું છું" એવા અર્થમાં कायं ठाणेणं એમાં ષષ્ઠીતત્પુરુષ સમાસવાળો પ્રયોગ સમજવો. આથી જ ૪૬૪મી ગાથામાં काओ देहो तस्स उ ठाणं ઈત્યાદિ કહ્યું છે. તથા કાય પદને અંતે આવેલો અનુસ્વાર અલાક્ષણિક (વ્યાકરણના નિયમ વિના આવેલો) સમજવો. "કાયાને વોસિરાવી દઉં છું" એનો અર્થ એ છે કે– ઊર્ધ્વસ્થાન, મૌન અને ધ્યાન સિવાયની બીજી ક્રિયાના સંબંધને આશ્રયીને કાયાનો ત્યાગ કરું છું, અર્થાત્ કાયાથી ઊર્ધ્વસ્થાન વગેરે ત્રણ ક્રિયા સિવાય કોઈ ક્રિયા નહિ કરું. "આત્માને વોસિરાવું છું" એનો અર્થ પણ ઊર્ધ્વસ્થાન વગેરે ત્રણ ક્રિયા સિવાય કોઈ ક્રિયા નહિ કરું એવો છે. (૪૬૭)

**एत्थ उ भणेज्ज कोइ, निरत्थया खासियाइआगारा ।**
**भणिऊण नमुक्कारं, करेइ खासाइचेट्ठाओ ॥४६८॥**

अत्र तु भणेत् कश्चिद् निरर्थकाः कासिताद्याकाराः ।
भणित्वा नमस्कारं करोति कासादिचेष्टाः ॥४६८॥

અહીં કોઈ કહે કે ખાંસી આદિ આગારો બિનજરૂરી છે. नमो अरिहंताणं એમ નમસ્કાર કહીને ખાંસી આદિની ક્રિયા કરે. (૪૬૮)

**नवकारपाढमेरो, काउस्सग्गो इहं पडिन्नाओ ।**
**तं पुण साहीणं चिय, किं पुण आगारकरणेण ? ॥४६९॥**

नमस्कारपाठमर्यादः कायोत्सर्ग इह प्रतिज्ञातः ।
तत् पुनः स्वाधीनमेव किं पुनराकारकरणेन ? ॥४६९।

નમસ્કારના ઉચ્ચાર સુધી જ કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરી છે. નમસ્કારનો ઉચ્ચાર સ્વાધીન જ છે. તેથી આગારો કરવાથી (= રાખવાથી) શું ? અર્થાત્ આગારોની જરૂર નથી. (૪૬૯)

**ऊससियं नीससियं, मोत्तुं अंगाइसुहुमचलणं च ।**
**सेसा णिरत्थय च्चिय, आगारा एत्थ गुरुराह ॥४७०॥**

उच्छ्वसितं निःश्वसितं मुक्त्वाऽङ्गादिसूक्ष्मचलनं च ।
शेषा निरर्थका एव आकारा अत्र गुरुराह ।।४७०।।

ઉચ્છ્શ્વાસ, નિઃશ્વાસ અને અંગ આદિના સૂક્ષ્મ સંચારને છોડીને બાકીના આગારો નિરર્થક જ છે. અહીં ગુરુ (નીચે પ્રમાણે) ઉત્તર આપે છે. (૪૭૦)

**सच्चमिह वंदणाए, अट्ठुस्सासंतकाउसग्गेसु ।**
**सहज-निओगजवज्जा, पायं न घडंति आगारा ॥४७१॥**

सत्यमिह वन्दनाया अष्टोच्छ्वासान्तकायोत्सर्गेषु ।
सहज-नियोगजवर्ज्याः प्रायो न घटन्त आकाराः ।।४७१।।

અહીં ચૈત્યવંદનના આઠ શ્વાસોચ્છ્વાસ સુધીના કાયોત્સર્ગમાં સહજ અને નિયોગ એ બે પ્રકારના આગારોને છોડીને બાકીના આગારો પ્રાયઃ ઘટતા નથી = સંભવતા નથી. (૪૭૧)

**किंतु जिणसासणे इह, गुरु-गुरुतरगा वि होंति उस्सग्गा ।**
**पक्ख-चउम्मासगाइसु, भासियमेयं जओ सुत्ते ॥४७२॥**

किन्तु जिनशासने इह गुरु-गुरुतरका अपि भवन्ति उत्सर्गाः ।
पक्ष-चतुर्मासकादिषु भाषितमेतद् यतः सूत्रे ।।४७२।।

પણ અહીં જિનશાસનમાં પાક્ષિક અને ચાતુર્માસિક વગેરે પ્રતિક્રમણમાં મોટા કે અતિશય મોટા પણ કાયોત્સર્ગ હોય છે. કારણ કે સૂત્રમાં (આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૫૩૦માં) આ (નીચેની ગાથામાં કહેવાશે તે) કહ્યું છે. (૪૭૨)

**सायसयं गोसि ऽद्धं, तिन्नेव सया हवंति पक्खम्मि ।**
**पंच य चाउम्मासे, अट्ठसहस्सं च वरिसम्मि ॥४७३॥**

श्वासशतं गोषेऽर्धं त्रीण्येव शतानि भवन्ति पक्षे ।
पञ्च च चतुर्मासे अष्टसहस्रं च वर्षे ।।४७३।।

કાયોત્સર્ગમાં સાંજે સો, સવારે પચાસ, પક્ષમાં ત્રણસો, ચાતુર્માસમાં પાંચસો અને વર્ષમાં આઠ અધિક એક હજાર શ્વાસોચ્છ્વાસ થાય છે.

**વિશેષાર્થ:**– ચંદેસુ નિમ્મલયરા સુધી એક લોગસ્સના ૨૫ શ્વાસોચ્છ્વાસ થાય છે. આથી સાંજના પ્રતિક્રમણમાં ચાર (ક્રમશઃ ૨-૧-૧ એમ ચાર) લોગ્ગસ્સ, સવારના પ્રતિક્રમણમાં બે (ક્રમશઃ ૧-૧ એમ બે) લોગસ્સ, પાક્ષિક પ્રતિક્રમણમાં બાર લોગસ્સ, ચોમાસી પ્રતિક્રમણમાં ૨૦ લોગસ્સ અને સંવત્સરી પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ + ૧ નવકાર કાયોત્સર્ગનું પ્રમાણ થાય છે. (૪૭૩)

**कारणनियमविसेसा, एत्तो ऊणाहिया ऽवि विज्जंति ।**
**सव्वेसि तेसि करणे, एगो च्चिय दंडओ एसो ॥४७४॥**

कारणनियमविशेषादित ऊनाधिका अपि विद्यन्ते ।
सर्वेषां तेषां करणे एक एव दण्डक एषः ॥४७४॥

કારણવિશેષથી કે નિયમવિશેષથી આનાથી ન્યૂન-અધિક પણ કાયોત્સર્ગો હોય છે. એ બધા કાયોત્સર્ગો કરવામાં આ (= अन्नत्थ ऊससिएणं એ ) એક જ દંડક (= આલાવો) બોલાય છે. (૪૭૪)

**नूणं तयत्थमेए, परूविया बहुविहा ऽवि अववाया ।**
**नवकारपढणसीमाकरणे पुण एस भावत्थो ॥४७५॥**

नूनं तदर्थमेते प्ररूपिता बहुविधा अपि अपवादाः ।
नमस्कारपठनसीमाकरणे पुनरेष भावार्थः ॥४७५॥

તે માટે જ આ ઘણા પ્રકારના પણ અપવાદો (= આગારો) જણાવ્યા છે. અને કાયોત્સર્ગમાં નમસ્કાર ઉચ્ચારની જે મર્યાદા કરવામાં આવી છે તેનો ભાવાર્થ આ (= નીચેની ગાથામાં કહેવાશે તે) છે. (૪૭૫)

**पुन्नम्मि वि उस्सग्गे, अभणियनवकारपारणे भंगो ।**
**भणिए ऽवि तम्मि भंगो, नियनियमाणे अपुन्नम्मि ॥४७६॥**

पूर्णेऽप्युत्सर्गेऽभणितनमस्कारपारणे भङ्गः ।
भणितेऽपि तस्मिन् भङ्गः निजनिजमानेऽपूर्णे ।।४७६।।

કાયોત્સર્ગ પૂર્ણ થવા છતાં (એક લોગસ્સ વગેરે જેટલો કાયોત્સર્ગ કરવાનો હોય તેટલો કાયોત્સર્ગ થઈ જવા છતાં) નમસ્કારનો ઉચ્ચાર કર્યા વિના પારવામાં આવે તો ભંગ થાય, અને નમસ્કારનો ઉચ્ચાર કરવા છતાં તે તે કાયોત્સર્ગનું પોત પોતાનું જે પ્રમાણ હોય તે પ્રમાણ પૂર્ણ ન થયું હોય તો પણ કાયોત્સર્ગનો ભંગ થાય. આનો ભાવાર્થ એ થયો કે કાયોત્સર્ગના પ્રમાણની પૂર્ણતા પૂર્વક નમસ્કારનો ઉચ્ચાર એ કાયોત્સર્ગની મર્યાદા છે. (૪૭૬)

**ता सव्वं निरवज्जं, दंडयसुत्तं इमं मुणेयव्वं ।**
**कायव्वो उस्सग्गो, दोसविमुक्को इमे ते उ ।।४७७।।**

तस्मात् सर्वं निरवद्यं दण्डकसूत्रमिदं ज्ञातव्यम् ।
कर्तव्य उत्सर्गो दोषविमुक्त इमे ते तु ।।४७७।।

તેથી આ (= अन्नत्थ ऊससिएणं ઈત્યાદિ) સંપૂર્ણ દંડકસૂત્ર નિર્દોષ જાણવું. કાયોત્સર્ગ દોષરહિત કરવો જોઈએ. તે દોષો આ (= હવે કહેવાશે તે) છે. (૪૭૭)

**घोडग लया य खंभे, कुड्डे माले य सबरि वहु नियले ।**
**लंबुत्तर थण उद्धी, संजय खलिणे य वायस कविट्ठे ।।४७८।।**

घोटको लता च स्तम्भः, कुड्यं मालश्च शबरी वधूः निगडः ।
लम्बोत्तरं स्तनः ऊर्ध्वी, संयतः खलिनश्च वायसः कपित्थम् ।।४७८।।

**सीसोकंपिय मूई, अंगुलि भमुहा य वारुणी पेहा ।**
**नाभीकरयलकुप्परऊसारियपारियम्मि थुई ।।४७९।।**

शीर्षावकम्पितं मूकी अङ्गुली भ्रूश्च वारुणी प्रेक्षा ।
नाभीकरतलकूर्परोत्सारितपारिते स्तुतिः ।।४७९।।

नाभिकरयलकुप्परउस्सारपारियंमि थुइत्ति निर्युक्तिगाथाशकलं लेशतोऽदुष्टकायोत्सर्गावस्थानप्रदर्शनपरं विध्यन्तरसंग्रहपरं च, तत्र 'नाभि' त्ति नाभिओ हेट्ठो चोलपट्टो

कायव्वो, करयलेत्ति सामण्णेणं हेट्ठा पलंबकरयले 'जाव कोप्परे' त्ति सोऽविय कोप्परेहिं धरेयव्वो, एवंभूतेन कायोत्सर्गः कार्यः उस्सारिए य काउस्सग्गे पारिए नमोक्कारेण अवसाणे थुई दायव्वेति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्तिगाथा- १५४७)

(૧) ઘોટક (૨) લતા (૩) સ્તંભ (૪) કુડ્ય (૫) માળ (૬) શબરી (૭) વધૂ (૮) નિગડ (૯) લંબુત્તર (૧૦) સ્તન (૧૧) ઊર્ધ્વી (૧૨) સંયતી (૧૩) ખલિન (૧૪) વાયસ (૧૫) કપિત્થ (૧૬) શિરઃકંપ (૧૭) મૂક (૧૮) અંગુલી (૧૯) ભ્રૂ (૨૦) વારુણી (૨૧) પ્રેક્ષા- આ પ્રમાણે કાયોત્સર્ગના એકવીસ દોષો છે. (ચૈત્યવંદન લઘુભાષ્યમાં ૧૯ દોષો બતાવ્યા છે. અહીં કુડ્ય અને ભ્રૂ એ બે દોષો અધિક છે.)

ગાથાનો नाभीकरयलकुप्परऊसारियपारियंमि थुई આ ઉત્તરાર્ધ કાયોત્સર્ગની નિર્દોષ અવસ્થા બતાવવા માટે અને અન્ય વિધિના સંગ્રહ માટે છે. તેનો અર્થ આ પ્રમાણે છે–

**નાભિઃ**– સાધુએ ચોલપટ્ટો નાભિથી નીચે રાખવો. **કરતલઃ**– હાથના તળિયા સામાન્યથી નીચે લટકતા રાખવા, અર્થાત્ બંને હાથ લટકતા રાખવા. **કૂર્પરઃ**– ચોલપટ્ટાને હાથની બે કોણીઓથી ધારણ કરવો. આ પ્રમાણે કાયોત્સર્ગ કરવો જોઈએ. કાયોત્સર્ગ (ऊसारिय =) પૂર્ણ થતાં (पारियंमि =) નમસ્કાર વડે પારે છતે. (थुई =) અંતે સ્તુતિ બોલવી. (૪૭૮-૪૭૯)

**आसो व्व विसमपायं, गायं ठावित्तु ठाइ उस्सग्गं ।**
**कंपइ काउस्सग्गे, लय व्व खरपवणसंगेण ॥४८०॥**

१ अश्व इव विषमपादं गात्रं स्थापयित्वा तिष्ठत्युत्सर्गम्।
२ कम्पते कायोत्सर्गे लतेव खरपवनसंगेन ॥४८०॥

**खंभे वा कुड्डे वा, अवथंभिय कुणइ काउस्सग्गं तु ।**
**माले व उत्तमंगं, अवथंभिय कुणइ (ठाइ) उस्सग्गं ॥४८१॥**

३ स्तम्भे वा ४ कुड्ये वा अवष्टभ्य करोति कायोत्सर्गं तु ।
५ माले वा उत्तमाङ्गमवष्टभ्य करोति (तिष्ठति) उत्सर्गम् ॥४८१॥

**सबरी वसणविरहिया, करेहि सागरियं जह ठएइ ।**
**ठइऊण गुज्झदेसं, करेहि इय कुणइ उस्सग्गं ॥४८२॥**

६ शबरी वसनविरहिता करैः सागारिकं यथा स्थगयति ।
स्थगयित्वा गुह्यदेशं करैरिति करोत्युत्सर्गम् ॥४८२॥

**अवणामिउत्तिमंगो, ठाउ(काउ)स्सग्गं जहा कुलवहुस्स ।**
**निगलियओ विव चलणे, वित्थारिय अहव मेलविउं ॥४८३॥**

७ अवनामितोत्तमाङ्गस्तिष्ठति (काय) उत्सर्गं यथा कुलवध्वाः ।
८ निगडित इव चरणान् विस्तार्य अथवा मेलयितुम् ॥४८३॥

**काऊण चोलपट्टं, अविहीए नाहिमंडलस्सुवरिं ।**
**हिट्ठा य जाणुमेत्तं, चिट्ठइ लंबुत्तरुस्सग्गं ॥४८४॥**

९ कृत्वा चोलपट्टमविधिना नाभिमण्डलस्योपरि ।
अधश्च जानुमात्रं तिष्ठति लम्बोत्तरोत्सर्गम् ॥४८४॥

**उच्छाइऊण य थणे, चोल(ग)पट्टेण ठाइ उस्सग्गं ।**
**दंसाइरक्खणट्ठा, अहवा अन्नाणदोसेण ॥४८५॥**

१० अवच्छाद्य च स्तनान् चोल(क) पट्टेन तिष्ठत्युत्सर्गम् ।
दंशादिरक्षणार्थमथवा अज्ञानदोषेण ॥४८५॥

**मेलित्तु पण्हियाओ, चलणे वित्थारिऊण बाहिरओ ।**
**ठाउस्सग्गं एसो, बाहिरउद्धी मुणेयव्वो ॥४८६॥**

११ मेलयित्वा पृष्णिकाश्चरणान् विस्तार्य बाह्यतः ।
तिष्ठत्युत्सर्गमेष बाह्योर्ध्वी ज्ञातव्यः ॥४८६॥

**अंगुट्ठे मेलविउं, वित्थारिय पण्हियाओ बाहिं तु ।**
**ठाउस्सग्गं एसो, भणिओ अब्भिंतरुद्धि त्ति ॥४८७॥**

अङ्गुष्ठान् मेलयित्वा विस्तार्य पृष्णिका बहिस्तु ।
तिष्ठत्युत्सर्गमेष भणितोऽभ्यन्तरोर्ध्वीति ॥४८७॥

**कर्प्यं वा पट्टं वा पाउणिउं संजई व उस्सग्गे ।**
**ठाइ य खलिणं व जहा, रयहरणं अग्गओ काउं ॥४८८॥**

१२ कल्पं वा पट्टं वा प्रगुणयित्वा संयतीवोत्सर्गे ।
१३ तिष्ठति च खलिनमिव यथा रजोहरणमग्रतः कृत्वा ।।४८८।।

**भामेइ तहा दिट्ठिं, चलचित्तो वायसो व उस्सग्गे ।**
**छप्पइआण भएण व, कुणेई पट्टं कविट्ठं व ॥४८९॥**

१४ भ्रामयति तथा दृष्टिं चलचित्तो वायस इवोत्सर्गे ।
१५ षट्पदिकानां भयेन व करोति पट्टं कपित्थमिव ।।४८९।।

**सीसं पकंपमाणो, जक्खाइट्ठो व्व कुणइ उस्सग्गं ।**
**मूओ व हुंहुयंतो, तहेव छिज्जंतमाईसु ॥४९०॥**

१६ शीर्षं प्रकम्पमानो यक्षाविष्ट इव करोत्युत्सर्गम् ।
१७ मूक इव हुंहुकयन् तथैव छेद्यमानादिषु ।।४९०।।

**अंगुलि-भमुहाओ वि य चालिंतो तह [य] कुणइ उस्सग्गं**
**आलावयगणणट्ठा, संठवणत्थं च जोगाणं ॥४९१॥**

१८ अङ्गुली-भ्रुवोऽपि च चालयन् तथा [च] करोति उत्सर्गम् ।
१९ आलापकगणनार्थं संस्थापनार्थं च योगानाम् ।।४९१।।

**काउस्सग्गम्मि ठिओ, सुरा जहा बुडबुडेइ अव्वत्तं ।**
**अणुपेहंतो तह वानरो व्व चालेइ उट्ठउडे ॥४९२॥**

२० कायोत्सर्गे स्थितः सुरा यथा बुडबुडयति अव्यक्तम् ।
२१ अनुप्रेक्षमाणस्तथा वानर इव चालयति ओष्ठपुटानि ।।४९२।।

**(१) घोटकः**— ઘોટક એટલે અશ્વ. અશ્વની જેમ બે પગો વિષમ રહે (વાંકા, ઊંચા કે નીચા રહે) તેમ શરીર રાખીને કાયોત્સર્ગ કરે, અર્થાત્ પગની જિનમુદ્રા ન કરે.

**(२) लताः**— લતા એટલે વેલડી. ઉગ્રપવનના સંગથી જેમ વેલડી હાલે તેમ

કાયોત્સર્ગમાં શરીર હાલે.

(૩-૪) **સ્તંભ-કુડ્યઃ**- સ્તંભ એટલે થાંભલો. કુડ્ય એટલે ભીંત. થાંભલાને કે ભીંતને ટેકો દઈને કાયોત્સર્ગ કરે.

(૫) **માળઃ**— માળ એટલે માળિયું. માળિયાને મસ્તકનો ટેકો દઈને કાયોત્સર્ગ કરે.

(૬) **શબરીઃ**— શબરી એટલે ભિલડી. જેવી રીતે વસ્ત્ર રહિત ભિલડી હાથોથી ગુપ્ત અંગોને ઢાંકે તેમ હાથોથી ગુપ્ત ભાગને ઢાંકીને કાયોત્સર્ગ કરે.

(૭) **વધૂઃ**— કૂલવધૂની માફક મસ્તક નીચું રાખીને કાયોત્સર્ગ કરે.

(૮) **નિગડઃ**— નિગડ એટલે બેડી. પગોમાં બેડી હોય તેમ પગોને પહોળા કરીને કે ભેગા કરીને કાયોત્સર્ગ કરે.

(૯) **લંબુત્તરઃ**— અવિધિથી ચોલપટ્ટાને ઉપર નાભિમંડલની ઉપર રાખીને અને નીચે જાનુ સુધી રાખીને કાયોત્સર્ગ કરે. (ચોલપટ્ટો નાભિથી ચાર આંગળ નીચે અને જાનુથી ચાર આંગળ ઉપર રાખવાનો મૂળ વિધિ છે.)

(૧૦) **સ્તનઃ**— ડાંસ-મચ્છર આદિ ન કરડે એ માટે અથવા અજ્ઞાનતાથી ચોલપટ્ટાથી સ્તનોને ઢાંકીને કાયોત્સર્ગ કરે.

(૧૧) **ઊર્ધ્વીઃ**— ઊર્ધ્વી એટલે ગાડાની ઉધ (કે ઉંધ). ઉધ ગાડાનું આગળનું એક અંગ છે. તે પ્રારંભમાં જરાક સાંકડું હોય પછી ક્રમશઃ જરા જરા પ્રહોળું હોય છે. ગાડાની ઉધની જેમ બંને પગની પેનીઓને ભેગી કરીને અને બહારથી પગ પહોળા કરીને કાયોત્સર્ગ કરે એ બાહ્ય ઊર્ધ્વી દોષ જાણવો. બંને પગના અંગુઠા ભેગા કરીને અને બહારથી પેનીઓને પહોળી કરીને કાયોત્સર્ગ કરે તેને અભ્યંતર ઉર્ધ્વી દોષ કહ્યો છે.

(૧૨) **સંયતીઃ**- સાધ્વીની જેમ આખા શરીરે કપડો કે ચોલપટ્ટો ઓઢીને કાયોત્સર્ગમાં રહે.

(૧૩) **ખલિનઃ**— ખલિન એટલે ઘોડાના મોઢામાં રહેતું ચોકઠું. તેની જેમ રજોહરણની દશીઓ આગળ (અને દાંડી પાછળ) રહે તે રીતે રજોહરણ પકડીને કાયોત્સર્ગ કરે.

(૧૪) **વાયસઃ**— વાયસ એટલે કાગડો. ભમતા ચિત્તવાળો જીવ કાયોત્સર્ગમાં કાગડાની જેમ દૃષ્ટીને ફેરવે.

(૧૫) **કપિત્થઃ**— કપિત્થ એટલે કોઠો. જુના ભયથી (= જુ કરડે એવા ભયથી) ચોલપટ્ટાને કોઠાની જેમ ગુંચળાવાળું કરે.

(૧૬) **શિરઃકંપઃ**— યક્ષથી અધિષ્ઠિત પુરુષની જેમ મસ્તકને કંપાવતો કાયોત્સર્ગ કરે.

(૧૭) **મૂકઃ**— આડ પડતી હોય વગેરે પ્રસંગે મૂંગા માણસની જેમ હું હું કરે.

**વિશેષાર્થઃ**— छिज्जंतमाइसु પ્રયોગની સંસ્કૃત છાયા छिद्यमानादिषु થાય. छिद्यमानादिषु = છેદાઈ રહ્યું હોય વગેરેમાં. છેદાઈ રહ્યું હોય એટલે કાયોત્સર્ગ કરનાર અને સ્થાપનાચાર્યની વચ્ચેનું અંતર છેદાઈ રહ્યું હોય, અર્થાત્ આડ પડતી હોય. આડ પડવાનો પ્રસંગ આવે ત્યારે આડ ન પડે એટલા માટે આડ પાડનારને રોકવા માટે હું હું કરે.

(૧૮) **અંગુલિઃ**— આલાવાઓને (= નવકાર વગેરેને) ગણવા માટે આંગળીઓ ફેરવવી.

(૧૯) **ભ્રૂઃ**— યોગોની શાંતિ માટે નેત્રનાં ભવાં આમ તેમ ફેરવવા.

**વિશેષાર્થઃ**— કોઈને નેત્રનાં ભવાં સ્થિર રાખવાથી અકળામણ થતી હોય અને તેથી મનમાં શાંતિ ન રહેતી હોય. આથી મનોયોગની શાંતિ માટે નેત્રનાં ભવાં આમ તેમ ફેરવે.

(૨૦) **વારુણીઃ**— વારુણી એટલે સુરા (દારૂ). કાયોત્સર્ગમાં રહેલો જીવ સુરાની જેમ અવ્યક્ત બુડ બુડ અવાજ કરે.

(૨૧) **પ્રેક્ષાઃ**— કાયોત્સર્ગમાં અનુપ્રેક્ષા કરતો જીવ વાનરની જેમ હોઠ હલાવ્યા કરે. (૪૮૦ થી ૪૯૨)

**एए काउस्सग्गं, कुणमाणेण विबुहेण दोसा ओ ।**
**सम्मं परिहरियव्वा, जिणपडिकुट्ठ त्ति काऊणं ॥४९३॥**

एते कायोत्सर्गं कुर्वता विबुधेन दोषास्तु ।
सम्यक् परिहर्तव्या जिनप्रतिक्रुष्टा इति कृत्वा ।।४९३।।

કાયોત્સર્ગ કરનાર બુધ પુરુષે આ દોષોનો સારી રીતે ત્યાગ કરવો. કારણકે જિનેશ્વરોએ આ દોષોનો નિષેધ કર્યો છે.

**વિશેષાર્થઃ**– સારી રીતે ત્યાગ કરવો એટલે જરા પણ દોષ ન લાગે તે રીતે ત્યાગ કરવો. (૪૯૩)

**एए सामन्नेणं, दोसा एगवीस हौंति उस्सग्गे ।**
**अहिगारिविसेसाओ, केइ कस्सइ न हि घडंति ॥४९४॥**

एते सामान्येन दोषा एकविंशतिर्भवन्ति उत्सर्गे ।
अधिकारिविशेषात् केचित् कस्यचिद् न हि घटन्ते ।।४९४।।

કાયોત્સર્ગમાં સામાન્યથી આ એકવીસ દોષો થાય છે. અધિકારી વિશેષની અપેક્ષાએ કોઈક દોષો કોઈકને ઘટતા નથી = થતા નથી. (૪૯૪)

**लंबुत्तर-थणछायण, संजइदोसा न हुंति समणीणं ।**
**वहुलंबुत्तर-थणछायणं च दोसा न सड्ढीणं ॥४९५॥**

लम्बोत्तर-स्तनच्छादन संयतीदोषा न भवन्ति श्रमणीनाम् ।
वधू-लम्बोत्तर-स्तनच्छादनं च दोषा न श्राद्धीनाम् ।।४९५।।

લંબુત્તર, સ્તનછાદન અને સંયતી આ ત્રણ દોષો સાધ્વીઓને ન હોય. વધૂ, લંબુત્તર, અને સ્તનછાદન. એ દોષો શ્રાવિકાઓને ન હોય.

**વિશેષાર્થઃ**– સાધ્વીઓનું સંપૂર્ણ શરીર ઢાંકેલું હોવું જોઈએ. આથી તેમને લંબુત્તર વગેરે દોષો ન હોય. શ્રાવિકાની દૃષ્ટિ નીચી હોવી જોઈએ. કારણકે નીચી દૃષ્ટિથી લજ્જા ગુણ વ્યક્ત થાય છે. લજ્જા સ્ત્રીનું ભૂષણ છે. માટે શ્રાવિકાને વધૂ દોષ ન હોય. શ્રાવિકાને સંયતીદોષ પણ ન હોય. અહીં એનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી. પણ ગાથામાં રહેલા च શબ્દના પ્રયોગથી સમજી લેવો જોઈએ. (૪૯૫)

**खलिण-कविट्ठदुगं पुण, अगीइसेहाइयाण संभवइ ।**
**संभवइ गिहत्थाणऽवि, कयाइ एगत्तभावम्मि ॥४९६॥**

खलिन-कपित्थद्विकं पुनरगीत-शैक्षादिकानां संभवति ।
संभवति गृहस्थानामपि कदाचिदेकत्वभावे ।।४९६।।

ખલિન અને કપિત્થ એ બે દોષો અગીતાર્થ અને નૂતન દીક્ષિત વગેરેને સંભવે છે. ક્યારેક એકલા હોય ત્યારે ગૃહસ્થોને પણ આ બે દોષો સંભવે છે. (૪૯૬)

**इय दोसविप्पमुक्को, उस्सग्गे चिंतिऊण मंगलगं ।**
**भणिऊण नमोक्कारं, पारइ विहिणा असंभंतो ॥४९७॥**

इति दोषविप्रमुक्त उत्सर्गे चिन्तयित्वा मङ्गलकम् ।
भणित्वा नमस्कारं पारयति विधिनाऽसंभ्रान्तः ।।४९७।।

આ પ્રમાણે દોષોથી અત્યંત મુક્ત જીવ કાયોત્સર્ગમાં મંગલને (= નમસ્કાર મંત્રને) ચિંતવે. પછી સંભ્રમ રહિત તે નમો અરિહંતાણં બોલીને વિધિથી કાયોત્સર્ગને પારે. (૪૯૭)

**परमेट्ठिनमोक्कारं, सक्कइभासाइ भणइ थुइसमए ।**
**पुरिसो न चेव इत्थी, पायइभासानिबद्धं पि ॥४९८॥**

परमेष्ठिनमस्कारं संस्कृतभाषया भणति स्तुतिसमये ।
पुरुषो नैव स्त्री प्राकृतभाषानिबद्धमपि ।।४९८।।

કાયોત્સર્ગ પાર્યા પછી સ્તુતિના સમયે (= સ્તુતિ બોલ્યા પહેલાં) સંસ્કૃત ભાષામાં પરમેષ્ઠિ નમસ્કાર કહે, અર્થાત્ नमोऽर्हत्सिद्धा० સૂત્ર બોલે. આ પરમેષ્ઠિ નમસ્કાર (= नमोऽर्हत् સૂત્ર) પુરુષો જ બોલે, સ્ત્રી ન બોલે. આ પરમેષ્ઠિ નમસ્કાર પ્રાકૃતભાષામાં રચાયેલું હોય તો પણ સ્ત્રી ન જ બોલે. (૪૯૮)

**जइ एगो देइ थुइं, अहऽणेगे तो थुइं पढइ एगो ।**
**अन्ने उस्सग्गट्ठिया, सुणंति जा सा परिसमत्ता ॥४९९॥**

यद्येकः ददाति स्तुतिमथानेके ततः स्तुतिं पठत्येकः ।
अन्ये उत्सर्गस्थिताः शृण्वन्ति यावत्सा परिसमाप्ता ।।४९९।।

જો એકલો ચૈત્યવંદન કરતો હોય તો નમોऽર્હત્૦ સૂત્ર બોલીને સ્તુતિ બોલે, હવે જો ઘણા ભેગા મળીને ચૈત્યવંદન કરતા હોય તો કોઈ એક નમોऽર્હત્૦ સૂત્ર કહીને સ્તુતિ બોલે અને બીજા બધા સ્તુતિ પૂરી થાય ત્યાં સુધી કાયોત્સર્ગમાં રહેલા જ સાંભળે. (૪૯૯)

**एत्थ य पुरिसथुईए वंदइ देवे चउव्विहो संघो ।**
**इत्थीथुइए दुविहो, समणीओ साविया चेव ।।५००।।**

अत्र च पुरुषस्तुतौ वन्दते देवान् चतुर्विधः सङ्घः ।
स्त्रीस्तुतौ द्विविधः श्रमण्यः श्राविकाश्चैव ।।५००।।

અહીં પુરુષસ્તુતિમાં ચાર પ્રકારનો સંઘ દેવવંદન કરે અને સ્ત્રી-સ્તુતિમાં સાધ્વી-શ્રાવિકાઓ એ બે પ્રકારનો સંઘ દેવવંદન કરે.

**વિશેષાર્થઃ**– અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– ચાર પ્રકારનો સંઘ દેવવંદન કરતો હોય ત્યારે પુરુષ જ સ્તુતિ બોલે. સાધ્વીઓ અને શ્રાવિકાઓ દેવવંદન કરે ત્યારે સ્ત્રી સ્તુતિ બોલે. (૫૦૦)

**बिंबस्स जस्स पुरओ, पारद्धा वंदणा थुई तस्स ।**
**चेइयगेहे सामन्नवंदणे मूलबिंबस्स ।।५०१।।**

बिम्बस्य यस्य पुरतः प्रारब्धा वन्दना स्तुतिस्तस्य ।
चैत्यगेहे सामान्यवन्दने मूलबिम्बस्य ।।५०१।।

જિનમંદિરમાં સામાન્યથી ચૈત્યવંદન કરવાનું હોય ત્યારે મૂલનાયક પ્રતિમાની સ્તુતિ કહેવી. (વિશેષથી તો) જે જિનબિંબની સમક્ષ ચૈત્યવંદન શરૂ કર્યું હોય તે જિનબિંબની સ્તુતિ કહેવી. (૫૦૧)

**तओ–**

**जेसिं भावजिणाणं, विहियं सक्कत्थएण संथवणं ।**
**जेसिं च चेइयाणं, कओ मए वंदणुस्सग्गो ॥५०२॥**

ततः—
येषां भावजिनानां विहितं शक्रस्तवेन संस्तवनम् ।
येषां च चैत्यानां कृतो मया वन्दनोत्सर्गः ।।५०२।।

**तेसिं भुवणगुरूणं, ससुरासुरमणुयवंदियकमाणं ।**
**नामाणुकित्तणेणं, करेमि सुकयत्थमप्पाणं ॥५०३॥**

तेषां भुवनगुरूणां ससुराऽसुरमनुजवन्दितक्रमाणाम् ।
नामानुकीर्तनेन करोमि सुकृतार्थमात्मानम् ।।५०३।।

**ત્યાર બાદ—**

સુરોથી સહિત અસુરોએ અને મનુષ્યોએ જેમના ચરણોને વંદન કર્યું છે, અને જગતના ગુરુ એવા જે ભાવજિનોની શક્રસ્તવથી મેં સ્તુતિ કરી અને જે પ્રતિમાઓના વંદન માટે મેં કાયોત્સર્ગ કર્યો, તેમનું નામથી કીર્તન કરવા વડે આત્માને સારી રીતે કૃતાર્થ કરું. (૫૦૨-૫૦૩)

**अहवा भारहवासे, एए आसन्नकालभावित्ता ।**
**आसन्ना मे उवयारहेयवो उसहपमुहजिणा ॥५०४॥**

अथवा भारतवर्षे एते आसन्नकालभावित्वात् ।
आसन्ना मम उपकारहेतव ऋषभप्रमुखजिनाः ।।५०४।।

અથવા ભરતક્ષેત્રમાં આ ઋષભદેવ વગેરે અરિહંતો નજીકના કાળમાં થઈ ગયેલા હોવાથી મારા નજીકના ઉપકાર હેતુ છે = મારા નજીકના ઉપકારી છે. (૫૦૪)

**तम्हा जुज्जइ विहिणा, सविसेसमिमेसि वंदणं काउं ।**
**नामुक्कित्तणपुव्वं, करेमि ता गरुयभत्तीए ॥५०५॥**

तस्माद् युज्यते विधिना सविशेषमेषां वन्दनं कर्तुम् ।
नामोत्कीर्तनपूर्वं करोमि ततो गुरुकभक्त्या ।।५०५।।

આથી તેમને વિધિથી સવિશેષ વંદન કરવું એ યોગ્ય છે, તેથી અતિશય ભક્તિથી નામકીર્તન પૂર્વક તેમને વંદન કરું. (૫૦૫)

**एवं परिभावंतो, पाए पाए पवत्तवीसामो ।**
**चउवीसत्थयसुत्तं, पढइ ठिओ जोगमुद्दाओ ।।५०६।।**

एवं परिभावयन् पादे पादे प्रवृत्तविश्रामः ।
चतुर्विंशतिस्तवसूत्रं पठति स्थितो योगमुद्रातः ।।५०६।।

આ પ્રમાણે ભાવના ભાવતો, દરેક પદે અટકતો અને યોગમુદ્રામાં રહેલો તે ચતુર્વિંશતિસ્તવ (= લોગસ્સ) સૂત્ર બોલે. (૫૦૬)

**"लोगस्सुज्जोयगरे" इत्यादि ।**

**लोगस्स उज्जोयगरे धम्मतित्थयरे जिणे ।**
**अरिहन्ते कित्तइस्सं चउवीसं पि केवली ।।**

**एगो एत्थ सिलोगो, छक्कं गाहाण होइ विन्नेयं ।**
**तह पायपमाणाओ, अट्ठावीसं च विरईओ ।।५०७।।**

एकोऽत्र श्लोकः षट्कं गाथानां भवति विज्ञेयम् ।
तथा पादप्रमाणाद् अष्टाविंशतिश्च विरतयः ।।५०७।।

"લોગસ્સ ઉજ્જોઅગરે" ઈત્યાદિ ચતુર્વિંશતિસ્તવમાં એક શ્લોક છે, અને ગાથાઓ છ જાણવી. તથા પાદ પ્રમાણે અઠ્ઠાવીસ સંપદાઓ છે.

**વિશેષાર્થઃ**— છંદના અક્ષરછંદ અને માત્રાછંદ એમ બે પ્રકાર છે. તેમાં અક્ષરોની સંખ્યાથી થતા છંદો અક્ષરછંદ છે, અને માત્રાની સંખ્યાથી થતા છંદો માત્રાછંદો છે. અક્ષરછંદને 'શ્લોક' કહેવામાં આવે છે અને માત્રાછંદને ગાથા કહેવામાં આવે છે. અક્ષર છંદના અનુષ્ટુપ્ વગેરે અનેક ભેદો છે. માત્રાછંદના પણ

આર્યા વગેરે અનેક ભેદો છે. પ્રસ્તુતમાં ચતુર્વિંશતિસ્તવમાં પહેલાં અક્ષરછંદ છે માટે તે શ્લોક છે. પછીના છ માત્રાછંદ છે માટે તે ગાથાઓ છે.

આમાં જેટલા પાદ છે તેટલી જ સંપદાઓ છે. પાદ એટલે ગાથાનો કે શ્લોકનો ચોથો ભાગ. દરેક શ્લોકના કે દરેક ગાથાના ચાર ભાગ હોય છે. આથી લોગસ્સ સૂત્રમાં ૨૮ પાદ હોવાથી સંપદાઓ પણ ૨૮ છે. (૫૦૭)

**एत्थं पुण अरिहंते, कम्मपयं कित्तइस्समिइ किरिया ।**
**एयारो पुण सिद्धो, बीयविभत्तीए बहुवयणं ॥५०८॥**

अत्र पुनर् 'अर्हतः' कर्मपदं 'कीर्तयिष्यामि' इति क्रिया ।
एकारः पुनः सिद्धः द्वितीयाविभक्तौ बहुवचनम् ॥५०८॥

વળી અહીં अरिहंते એ કર્મપદ છે. कित्तइस्सं એ ક્રિયાપદ છે. વળી उज्जोअगरे વગેરે પદોમાં 'એ'કાર બીજી વિભક્તિનું બહુવચન છે. બીજી વિભક્તિના બહુવચનમાં 'એ'કાર નો પ્રયોગ વ્યાકરણથી સિદ્ધ થયેલ છે. (૫૦૮)

**भणियं च पाइयलक्खणे –**
**ए होइ अयारंते, एयम्मि बीयाए बहुसु पुँलिंगे ।**
**तह तइयाछट्ठीसत्तमीणमेगम्मि महिलत्थे ॥५०९॥**

भणितं च प्राकृतलक्षणे–
'ए' भवति अकारान्ते एकस्मिन्, द्वितीयाया बहुषु पुंलिङ्गे ।
तथा तृतीया-षष्ठी-सप्तमीनामेकस्मिन् महिलार्थे(स्त्रीलिङ्गे) ॥५०९॥

**પ્રાકૃતવ્યાકરણમાં કહ્યું છે કે–**

પુલ્લિંગમાં અકારાંત શબ્દમાં (સાતમી વિભક્તિના) એક વચનમાં, અને બીજી વિભક્તિના બહુવચનમાં એકાર થાય છે. તથા સ્ત્રીલિંગમાં ત્રીજી-છઠ્ઠી-સાતમી (અને પાંચમી) વિભક્તિના એક વચનમાં એકાર થાય છે. (૫૦૯)

**एत्थ उदाहरणं –**
**तावंतीए अमित्ते, तुह असिलट्ठीए पत्थिव ! रणम्मि ।**
**निव्वावंतीएँ मणं, विप्फुरियं नियजसेणाए ॥५१०॥**

अत्रोदाहरणम् –

तापयन्त्या अमित्रान् तव असियष्ट्या पार्थिव ! रणे ।
निर्वापयन्त्या मनाग् विस्फुरितं निजकसेनया ।।५१०।।

**અહીં ઉદાહરણ આ પ્રમાણે છે–**

હે રાજન્ ! યુદ્ધમાં તલવારરૂપી લાકડીથી તારા શત્રુઓને તપાવતી અને કંઈક શાંત કરતી પોતાની સેના વડે કંપાવાયું.

**વિશેષાર્થઃ**– तावंतीए, अमित्ते, असिलट्ठीए, निव्वावंतीए અને निययसेणाए એ પ્રયોગોમાં અંતે 'એ' કાર થયો છે એ અહીં બતાવ્યું છે. (૫૧૦)

**अट्ठविहपाडिहेरं, जम्हा अरहंति तेण अरिहंता ।**
**लोगस्सुज्जोयगरा, एयं तु विसेसणं तेसिं ।।५११।।**

अष्टविधप्रातीहार्यं यस्मादर्हन्ति तेनार्हन्तः ।
लोकस्योद्द्योतकरा एतत् तु विशेषणं तेषाम् ।।५११।।

આઠ પ્રકારના પ્રાતિહાર્યને યોગ્ય છે માટે અરિહંત કહેવાય છે. લોકના ઉદ્યોતને કરનારા (=લોકને પ્રકાશિત કરનારા) એ પદ અરિહંતોનું વિશેષણ છે. (૫૧૧)

**नामाइभेयभिन्नो, लोगो बहुहा जिणागमे भणिओ ।**
**पंचत्थिकायरूवो, घेत्तव्वो एत्थ पत्थावे ।।५१२।।**

नामादिभेदभिन्नो लोको बहुधा जिनागमे भणितः ।
पञ्चास्तिकायरूपो ग्रहीतव्योऽत्र प्रस्तावे ।।५१२।।

**હવે** 'लोगस्स उज्जोअगरे' **એ પદનો અર્થ કહે છે–**

જિનાગમમાં નામ આદિ ભેદોથી ભિન્ન લોક અનેક પ્રકારનો કહ્યો છે. પણ પ્રસ્તુતમાં પંચાસ્તિકાયરૂપ લોક સમજવો.

**વિશેષાર્થઃ**–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એમ પંચાસ્તિકાયરૂપ લોક અહીં વિવક્ષિત છે. (૫૧૨)

**उज्जोओ वि हु दुविहो, नायव्वो दव्वभावसंजुत्तो ।**
**दव्वे चंदाइकओ, केवलनाणुब्भवो भावो ॥५१३॥**

उद्द्योतोऽपि खलु द्विविधो ज्ञातव्यो द्रव्यभावसंयुक्तः ।
द्रव्ये चन्द्रादिकृतः केवलज्ञानोद्भवो भावः ।।५१३।।

ઉદ્યોત પણ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારનો છે. ચંદ્ર આદિથી કરાયેલો ઉદ્યોત દ્રવ્ય ઉદ્યોત છે. કેવલજ્ઞાનથી કરાયેલો ઉદ્યોત ભાવ ઉદ્યોત છે. (૫૧૩)

**भणियं च –**

**दव्वुज्जोउज्जोओ, पगासई परिमियंमि खित्तंमि ।**
**भावुज्जोउज्जोओ, लोयालोयं पयासेइ ॥५१४॥**

भणितं च :-

द्रव्योद्द्योतोद्द्योतः प्रकाशयति परिमिते क्षेत्रे ।
भावोद्द्योतोद्द्योतो लोकालोकं प्रकाशयति ।।५१४।।

**व्याख्या–** द्रव्योद्द्योतोद्द्योतः- द्रव्योद्द्योतप्रकाश उक्तलक्षण एवेत्यर्थः पुद्गलात्मकत्वात्तथाविधपरिणामयुक्तत्वाच्च प्रकाशयति प्रभासते वा परिमिते क्षेत्रे, अत्र यदा प्रकाशयति तदा प्रकाश्यं वस्त्वध्याह्रियते, यदा तु प्रभासते तदा स एव दीप्यत इति गृह्यते, 'भावोद्द्योतोद्द्योतो लोकालोकं प्रकाशयति' प्रकटार्थम्, अयं गाथार्थः । (आवश्यकसूत्रनिर्युक्तिगाथा- १०६२)

**કહ્યું છે કે–**

દ્રવ્ય ઉદ્યોતનો પ્રકાશ પુદ્ગલ સ્વરૂપ હોવાથી અને તેવા પ્રકારના પરિણામથી યુક્ત હોવાથી પરિમિત ક્ષેત્રમાં રહેલી વસ્તુને પ્રકાશિત કરે છે = પ્રગટ કરે છે. ભાવ ઉદ્યોતનો પ્રકાશ લોક-અલોકને પ્રકાશિત કરે છે. (૫૧૪)

**लोगस्सुज्जोयगरा, दव्वुज्जोएण न हु जिणा होंति ।**
**भावुज्जोयकरा पुण, होंति जिणवरा चउव्वीसं ॥५१५॥**

लोकस्योद्द्योतकरा द्रव्योद्द्योतेन न खलु जिना भवन्ति ।
भावोद्द्योतकराः पुनर्भवन्ति जिनवराश्चतुर्विंशतिः ।।५१५।।

**व्याख्या**— लोकस्योद्द्योतकरा द्रव्योद्द्योतेन नैव जिना भवन्ति, तीर्थकरनामानुकर्मोदयतोऽतुलसत्त्वार्थकरणात् भावोद्द्योतकराः पुनर्भवन्ति जिनवराश्चतुर्विंशतिरिति, अत्र पुनःशब्दो विशेषणार्थः, आत्मानमेवाधिकृत्योद्द्योतकरास्तथा लोकप्रकाशकवचनप्रदीपापेक्षया च शेषभव्यविशेषानधिकृत्यैवेति,अत एवोक्तं 'भवन्ति' न तु भवन्त्येव, कांश्चन प्राणिनोऽधिकृत्योद्द्योतकरत्वस्यासम्भवादिति, चतुर्विंशतिग्रहणं चाधिकृतावसर्पिणीगततीर्थकरसङ्ख्याप्रतिपादनार्थमिति गाथार्थः ।।(आवश्यकसूत्र-निर्युक्तिगाथा- १०५१)

ચોવીસ જિનવરો દ્રવ્ય ઉદ્યોતથી લોકના ઉદ્યોત કરનારા થતા જ નથી, કિંતુ ભાવ ઉદ્યોત કરનારા થાય છે.

**ટીકાર્થઃ**— તીર્થંકર નામકર્મના ઉદયથી જીવોનું અનુપમ પરમાર્થ (હિત) કરનારા હોવાથી ભાવ ઉદ્યોત કરે છે. ગાથામાં પુનઃ શબ્દનો પ્રયોગ વિશેષ અર્થ જણાવવા માટે છે. તે આ પ્રમાણે— આત્માને (= પોતાના આત્માને) જ આશ્રયીને ઉદ્યોત કરનારા છે, અર્થાત્ કેવલજ્ઞાનથી પોતાના આત્મામાં જ ઉદ્યોત કરે છે. (જેમ ઘરમાં દીપક હોય તો ઘરમાં જ પ્રકાશ થાય, બહાર ન થાય. તેમ કેવલજ્ઞાન આત્મામાં જ પ્રગટતું હોવાથી આત્મામાં જ ઉદ્યોત કરે છે.) તથા લોકને પ્રકાશિત કરનાર વચન રૂપ દીપકની અપેક્ષાએ શેષ ભવ્ય વિશેષોને (= પોતાના સિવાય બીજા પ્રકારના ભવ્ય જીવોને) આશ્રયીને જ પ્રકાશ કરનારા થાય છે. આથી જ ગાથામાં "થાય છે" એમ કહ્યું છે, "થાય જ છે" એમ કહ્યું નથી. કારણકે કોઈક જીવોને આશ્રયીને ઉદ્યોત કરવાનો અસંભવ છે.

ગાથામાં 'ચોવીશ' સંખ્યાનો ઉલ્લેખ પ્રસ્તુત અવસર્પિણીમાં થયેલા તીર્થંકરોની સંખ્યા જણાવવા માટે છે. (૫૧૫)

**दव्वे वत्थुसहावो, धम्मो गम्माइणं च ववहारो ।**
**कुप्पावयणगओ वा, भावे सुय-चरणरूवो त्ति ।।५१६।।**

द्रव्ये वस्तुस्वभावो धर्मो गम्याऽऽदीनां च व्यवहारः ।
कुप्रावचनगतो वा भावे श्रुत-चरणरूप इति ।।५१६।।

હવે 'धम्म तित्थयरे' એ પદનો અર્થ કહે છે–

ધર્મના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. તેમાં વસ્તુનો સ્વભાવ એ દ્રવ્યધર્મ છે, તથા ગમ્યાગમ્ય આદિનો વ્યવહાર દ્રવ્યધર્મ છે. (કોઈક લોકોમાં મામાની પુત્રી અગમ્ય છે.) મિથ્યાદૃષ્ટિઓમાં રહેલો ધર્મ દ્રવ્યધર્મ છે. ભાવધર્મ શ્રુત-ચારિત્રરૂપ છે.

**વિશેષાર્થઃ– વસ્તુનો સ્વભાવ–** જેમકે સુંઠનો ગરમી કરવાનો સ્વભાવ છે. સૂર્યનો પ્રકાશ કરવાનો સ્વભાવ છે. હરડેનો રેચ કરવાનો સ્વભાવ છે. આકાશનો અવગાહ આપવાનો સ્વભાવ છે. ધર્માસ્તિકાયનો ગતિમાં સહાય કરવાનો અને અધર્માસ્તિકાયનો સ્થિતિમાં સહાય કરવાનો સ્વભાવ છે.

**ગમ્યાગમ્યવ્યવહાર–** કોઈક લોકમાં મામાની પુત્રી ગમ્ય છે (= એની સાથે લગ્ન કરી શકાય છે.) તો કોઈક લોકોમાં મામાની પુત્રી અગમ્ય છે. (= એની સાથે લગ્ન ન કરી શકાય.) આદિ શબ્દથી તે તે લોકોમાં તે તે પ્રકારનો જે વ્યવહાર પ્રસિદ્ધ હોય તે વ્યવહાર સમજવો.

**ભાવધર્મઃ–** વાચના વગેરે પાંચ પ્રકારનો સ્વાધ્યાય શ્રુતધર્મ છે. ક્ષમાદિ દશ પ્રકારનો શ્રમણધર્મ ચારિત્રધર્મ છે. (૫૧૬)

**दोग्गइगमणपवत्तं, जीवं धारेइ धरइ मुद्धाणे ।**
**तो होइ भावधम्मो, सो नऽन्नो नाणचरणाणं ॥५१७॥**

दुर्गतिगमनप्रवृत्तं जीवं धारयति धरति मूर्ध्नि ।
ततो भवति भावधर्मः सो नान्यो ज्ञानचरणयोः ॥५१७॥

ધર્મ દુર્ગતિમાં જવા માટે પ્રવૃત્ત થયેલા જીવને ધારણ કરે છે = મસ્તકે ધારણ કરે છે, અર્થાત્ ઉચ્ચગતિમાં ધારણ કરે છે, તેથી ભાવધર્મ કહેવાય છે. તે ભાવધર્મ જ્ઞાન-ચારિત્ર સિવાય બીજો કોઈ નથી. (૫૧૭)

**तित्थं जेण तरिज्जइ, दव्वे नइ-सागराण ओयारो ।**
**जेणुत्तरंति लोया, सुहेण समभूमिरूवेण ॥५१८॥**

तीर्थं येन तीर्यते द्रव्ये नदी-सागराणामवतारः ।
येनोत्तरन्ति लोकाः सुखेन समभूमिरूपेण ।।५१८।।

જેનાથી તરાય તે તીર્થ. તીર્થના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. સમભૂમિરૂપ જે સ્થાનથી લોકો સુખપૂર્વક નદી-સમુદ્રને ઉતરે છે = પાર કરે છે તે નદી-સમુદ્રનો ઘાટ દ્રવ્યતીર્થ છે. (૫૧૮)

**तं कह णु दव्वतित्थं, जम्हा नेगंतओ तहिं तरणं ? ।**
**जं तेणाऽवि पइट्ठा, बुड्डुंता केइ दीसंति ।।५१९।।**

तत्कथं नु द्रव्यतीर्थं यस्माद् नैकान्ततस्तत्र तरणम् ? ।
यत्तेनाऽपि प्रविष्टा ब्रुडन्तः केचिद् दृश्यन्ते ।।५१९।।

**પ્રશ્નઃ**— નદી-સમુદ્રનો ઘાટ દ્રવ્યતીર્થ કેમ છે ?

**ઉત્તરઃ**— ઘાટથી પણ નદી-સમુદ્રમાં પ્રવેશેલા કોઈ જીવો બુડતા દેખાય છે. આથી ઘાટથી તરાય જ એવો એકાંત નથી. (૫૧૯)

**अच्चंतियं पि नो तं, पुणो पुणो तत्थ तरणसंभवओ ।**
**तम्हा तव्विवरीयं, विन्नेयं भावओ तित्थं ।।५२०।।**

आत्यन्तिकमपि नो तत् पुनः पुनस्तत्र तरणसंभवतः ।
तस्मात् तद्विपरीतं विज्ञेयं भावतस्तीर्थम् ।।५२०।।

તથા ઘાટરૂપ તીર્થ આત્યંતિક પણ નથી, અર્થાત્ ઘાટથી એકવાર નદી-સમુદ્રને તરી ગયા પછી ફરી ન તરવું પડે એવું પણ નથી. ત્યાં વારંવાર તરવાનો સંભવ છે. તેથી ઘાટ રૂપ તીર્થ દ્રવ્યતીર્થ છે. ભાવતીર્થ તેનાથી (= દ્રવ્યતીર્થથી) વિપરીત જાણવું.

**વિશેષાર્થઃ**— "ભાવતીર્થ દ્રવ્યતીર્થથી વિપરીત જાણવું" એ કથનનો ભાવ આ પ્રમાણે છે— દ્રવ્યતીર્થ એકાંતિક અને આત્યંતિક નથી, જ્યારે ભાવતીર્થ એકાંતિક અને આત્યંતિક છે. જે વસ્તુ પોતાનું કાર્ય અવશ્ય કરે તે એકાંતિક કહેવાય. અને જેનાથી કરેલું કામ ફરી ન કરવું પડે તે આત્યંતિક કહેવાય.

દ્રવ્યતીર્થ તારે જ એવો નિયમ નથી, માટે દ્રવ્યતીર્થ એકાંતિક નથી. દ્રવ્યતીર્થથી નદી-સમુદ્રને એકવાર તરી ગયા પછી ફરી નદી-સમુદ્રને તરવું ન પડે એવો નિયમ નથી, માટે દ્રવ્યતીર્થ આત્યંતિક પણ નથી. જ્યારે ભાવ તીર્થ એકાંતિક અને આત્યંતિક છે. ભાવતીર્થ અવશ્ય તારે છે, અને ભાવતીર્થથી એકવાર તરી ગયા પછી ફરીવાર તરવું પડતું નથી. (૫૨૦)

**तरणिज्जो भवजलही, तित्थं तु चउव्विहो समणसंघो ।**
**जे केइ भव्वजीवा, तरणत्थी तारुआ ते उ ॥५२१॥**

तरणीयो भवजलधिः तीर्थं तु चतुर्विधः श्रमणसङ्घः ।
ये केऽपि भव्यजीवास्तरणार्थिनः तारकास्ते तु ।।५२१।।

સંસારરૂપ-સમુદ્ર તરવા યોગ્ય છે. શ્રમણની પ્રધાનતાવાળો ચાર પ્રકારનો સંઘ તીર્થ છે. જે કોઈ ભવ્ય જીવો તરવાની ઈચ્છાવાળા છે, તે તરનારા છે. (૫૨૧)

**एयम्मि संपविट्ठा, तरंति संसारसायरं नियमा ।**
**तिन्नो पुण भवजलही, न होइ भुज्जो वि तरियव्वो ॥५२२॥**

एतस्मिन् संप्रविष्टास्तरन्ति संसारसागरं नियमात् ।
तीर्णः पुनर्भवजलधिर्न भवति भूयोऽपि तरितव्यः ।।५२२।।

આ તીર્થમાં પ્રવેશેલા જીવો નિયમા સંસાર સાગરને તરે છે. અને તરાયેલો સંસાર સાગર ફરી પણ તરવો પડતો નથી. (૫૨૨)

**अहवा –**
**दाहोवसमं तण्हाइच्छेयणं मलपवाहणं चेव ।**
**तिहिं अत्थेहिं निउत्तं, तम्हा तं दव्वओ तित्थं ॥५२३॥**

अथवा –
दाहोपशमः तृष्णादिच्छेदनं मलप्रवाहणं चैव ।
त्रिभिरर्थैर्नियुक्तं तस्मात् तत् द्रव्यतस्तीर्थम् ।।५२३।।

**व्याख्या:**— इह द्रव्यतीर्थं मागधवरदामादि परिगृह्यते, बाह्यदाहादेरेव तत उपशमसद्भावात्, तथा चाह— 'दाहोपशम' मिति, तत्र, दाहो - बाह्यसन्तापस्तस्योपशमो यस्मिन् तद्दाहोपशमनं, 'तण्हाइछेअणं' ति, तृषः- पिपासायाश्छेदनं, जलसङ्घातेन तदपनयनात्, 'मलप्रवाहणं चैवे'त्यत्र मलः बाह्य एवाङ्गसमुत्थोऽभिगृह्यते तत्प्रवाहणं, जलेनैव तत्प्रवाहणात्, ततः प्रक्षालनादिति भावः, एवं त्रिभिरर्थैः करणभूतैस्त्रिषु वाऽर्थेषु 'नियुक्तं', निश्चयेन युक्तं नियुक्तं प्रथमव्युत्पत्तिपक्षे प्ररूपितं द्वितीये तु नियोजितं, यस्मादेवं बाह्यदाहादिविषयमेव तस्मात्तन्मागधादि द्रव्यतस्तीर्थं, मोक्षासाधकत्वादिति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्तिगाथा - १०६६)

**અથવા**—

અહીં દ્રવ્યતીર્થ તરીકે માગધ-વરદામ વગેરે તીર્થોને જાણવાં, કારણકે તેનાથી બાહ્ય દાહ વગેરેનો જ ઉપશમ થાય છે. ગ્રંથકાર પ્રસ્તુત ગાથામાં તે પ્રમાણે કહે છે— દાહોપશમ, તૃષાછેદન અને મલપ્રવાહન આ ત્રણ અર્થોથી તીર્થ પ્રરૂપાયેલું છે = તીર્થ કહેવાયેલું છે. તેથી તે દ્રવ્યતીર્થ છે.

(૧) **દાહોપશમઃ**— દાહ એટલે બાહ્ય (= શારીરિક) સંતાપ. તેનો ઉપશમ જેમાં થાય તે દાહોપશમ. દાહોપશમ કરવાના કારણે માગધ વગેરેને તીર્થ કહેવામાં આવે છે.

(૨) **તૃષાછેદનઃ**— તૃષાછેદન એટલે તૃષાને છેદનાર. માગધ વગેરે તીર્થ જલસમૂહથી પાણીની તૃષાને દૂર કરવાના કારણે તૃષાને છેદનાર છે.

(૩) **મલપ્રવાહણઃ**— અહીં શરીરમાં ઉત્પન્ન થયેલો બાહ્ય જ મલ સમજવો. મલપ્રવાહણ એટલે મલને દૂર કરનાર. પાણીથી શરીરને ધોવાથી મેલ દૂર થાય છે. માટે માગધ આદિ તીર્થ પાણીથી જ મેલ દૂર કરનાર છે.

ટીકામાં अर्थैः करणभूतैः એમ કહીને અર્થોને કરણભૂત કહ્યા છે. કરણ એટલે નિમિત્ત. આ ત્રણ અર્થો નિમિત્તભૂત છે, અર્થાત્ તીર્થ શબ્દના પ્રયોગમાં નિમિત્ત થયેલા છે. તે આ પ્રમાણે— દાહનો ઉપશમ કરે છે એ નિમિત્તે તીર્થ કહેવાય છે. તૃષા દૂર કરે છે એ નિમિત્તે તીર્થ કહેવાય છે. મેલ દૂર કરે છે

માટે તીર્થ કહેવાય છે.

ત્રિષુ વાऽર્થેષુ ઈત્યાદિનો ભાવાર્થ આ પ્રમાણે છે— તીર્થ શબ્દ દાહોપશમ વગેરે ત્રણ અર્થોમાં નિશ્ચયથી યોજાયેલો છે, અર્થાત્ દાહોપશમ વગેરે ત્રણ કાર્યો કરનાર સ્થાન માટે તીર્થ શબ્દનો પ્રયોગ નિશ્ચિત થયેલો છે. આમ માગધ આદિ તીર્થો બાહ્યદાહ આદિમાં જ ઉપયોગી હોવાના કારણે મોક્ષના સાધક ન હોવાથી દ્રવ્યથી તીર્થ છે. (૫૨૩)

**कोहम्मि उ निग्गहिए, दाहस्स पसमणं हवइ तत्थं ।**
**लोहम्मि उ निग्गहिए, तण्हावोच्छेयणं होइ ॥५२४॥**

क्रोधे तु निगृहीते दाहस्य प्रशमनं भवति तथ्यं ।
लोभे तु निगृहीते तृष्णाव्युच्छेदनं भवति ।।५२४।।

**व्याख्या:—** इह भावतीर्थं क्रोधादिनिग्रहसमर्थं प्रवचनमेव गृह्यते, तथा चाह- - क्रोध एव निगृहीते 'दाहस्य' द्वेषानलजातस्यान्तः प्रशमनं भवति, तथ्यं निरुपचरितं, नान्यथा, लोभ एव निगृहीते सति, किं ?— 'तण्हाए छेअणं होइ' त्ति, तृषः अभिष्वङ्गलक्षणायाः किं ?— 'छेदनं भवति' व्यपगमो भवतीति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्तिगाथा - १०६७)

અહીં ભાવતીર્થ તરીકે ક્રોધાદિનો નિગ્રહ કરવા સમર્થ એવું જિન પ્રવચન જ ગ્રહણ કરાય છે. ગ્રંથકાર પ્રસ્તુત ગાથામાં તે પ્રમાણે કહે છે— ક્રોધનો જ નિગ્રહ કર્યે છતે અંતરમાં થયેલા દ્વેષરૂપ અગ્નિનું શમન થાય છે. આ સાચું (પારમાર્થિક) શમન છે. ક્રોધનો નિગ્રહ કર્યા વિના સાચું શમન થતું નથી. લોભનો જ નિગ્રહ કર્યે છતે રાગરૂપ તૃષ્ણાનો સાચો છેદ થાય છે. (૫૨૪)

**अट्ठविहं कम्मरयं, बहुएहिं भवेहिं संचियं जम्हा ।**
**तव-संजमेण धोयइ, तम्हा तं भावओ तित्थं ॥५२५॥**

अष्टविधं कर्मरजो बहुकैर्भवैः सञ्चितं यस्मात् ।
तपः - संयमेन धावति तस्मात् तद् भावतस्तीर्थम् ।।५२५।।

**व्याख्याः**— 'अष्टविधम्' अष्टप्रकारं, किं ?— 'कर्मरजः' कर्मैव जीवानुरञ्जनाद् रजः कर्मरज इति, बहुभिर्भवैः सञ्चितं यस्मात्तपः संयमेन 'धाव्यते' शोध्यते, तस्मात्तत् - प्रवचनं भावतः तीर्थं, मोक्षसाधनत्वादिति गाथार्थः ।। (आवश्यकसूत्रनिर्युक्तिगाथा - १०६८)

ઘણા ભવોથી સંચિત કરેલી આઠ પ્રકારની કર્મરજને તપ-સંયમથી શુદ્ધ કરાય છે = દૂર કરાય છે, તેથી જિન પ્રવચન ભાવતીર્થ છે. જિનપ્રવચન મોક્ષને સાધી આપનાર હોવાથી ભાવતીર્થ છે.

**વિશેષાર્થ:**— કર્મ જીવને મલિન કરે છે. માટે અહીં કર્મ એ જ રજ છે. (૫૨૫)

**इय भावधम्मतित्थस्स करणसीले जिणे त्ति एसत्थो ।**
**जियरागदोसमोहे, अरहंते कित्तइस्सं ति ।।५२६।।**

इति भावधर्मतीर्थस्य करणशीलान् जिनानित्येषोऽर्थः ।
जितराग-दोष-मोहानर्हतः कीर्तयिष्ये इति ।।५२६।।

આ પ્રમાણે અરિહંતો ભાવધર્મતીર્થને કરવાના સ્વભાવવાળા છે. जिनान् એ પદનો અર્થ આ પ્રમાણે છે— જેમણે રાગ-દ્વેષ-મોહને જીત્યા છે તે જિન. જેમણે રાગ-દ્વેષ-મોહને જિત્યા છે એવા અરિહંતોનું હું કીર્તન કરીશ. (૫૨૬)

**चउवीसं ति य संखा, भारहवासुब्भवाण अरहाणं ।**
**अवि सद्दाओ वंदे, महाविदेहाइपभवेऽवि ।।५२७।।**

चतुर्विंशतिरिति च संख्या भारतवर्षोद्भवानामर्हताम् ।
अपि शब्दाद् वन्दे महाविदेहादिप्रभवान् अपि ।।५२७।।

ભરતક્ષેત્રમાં થનારા અરિહંતોની સંખ્યા ચોવીસ છે. માટે चउवीसं પદ છે. अपि શબ્દથી મહાવિદેહ વગેરે ક્ષેત્રોમાં થનારા પણ અરિહંતોને વંદન કરું છું. (૫૨૭)

**कसिणं केवलकप्पं, लोगं जाणंति तह य पासंति ।**
**केवलचरित्तनाणी, तम्हा ते केवली हुंति ।।५२८।।**

कृत्स्नं केवलकल्पं लोकं जानन्ति तथा च पश्यन्ति ।
केवलचरित्रज्ञानिनस्तस्मात् ते केवलिनो भवन्ति ।।५२८।।

**व्याख्या**— 'कृत्स्नं' सम्पूर्णं 'केवलकल्पं' केवलोपमम् इह कल्पशब्द औपम्ये गृह्यते, उक्तं च— 'सामर्थ्ये वर्णनायां च छेदने करणे तथा । औपम्ये चाधिवासे च, कल्पशब्दं विदुर्बुधाः ।।१।।' 'लोकं' पञ्चास्तिकायात्मकं जानन्ति विशेषरूपतया, तथैव सम्पूर्णमेव, च शब्दस्यावधारणार्थत्वात् पश्यन्ति सामान्यरूपतया, इह च ज्ञानदर्शनयोः सम्पूर्णलोकविषयत्वे च बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति, नवरं – 'निर्विशेषं विशेषाणां, ग्रहो दर्शनमुच्यते । विशिष्टग्रहणं ज्ञानमेवं सर्वत्रगं द्वयम् ।।१।।' इत्यनया दिशा स्वयमेवाभ्यूह्यमिति, यतश्चैवं केवलचारित्रिणः केवलज्ञानिनश्च तस्मात्ते केवलिनो भवन्ति, केवलमेषां विद्यत इति केवलिन इतिकृत्वा । आह— इहाकाण्ड एव केवलचारित्रिण इति किमर्थम् ?, उच्यते, केवलचारित्रिप्राप्तिपूर्विकैव नियमतः केवलज्ञानावाप्तिरिति न्यायप्रदर्शनेन नेदमकाण्डमिति गाथार्थः ।। (आवश्यकसूत्र निर्युक्तिगाथा - १०७९)

અરિહંતો કેવલકલ્પ લોકને સંપૂર્ણ જાણે છે, અને સંપૂર્ણ જ જુએ છે, તેથી કેવલચારિત્રી અને કેવલજ્ઞાની છે. કેવલચારિત્રી અને કેવલજ્ઞાની હોવાથી કેવલી છે.

**વિશેષાર્થઃ— કેવલકલ્પ—** અહીં કેવલ એટલે અનંત, કલ્પ એટલે સમાન. લોક કેવલકલ્પ છે એટલે કે અનંત સમાન છે. લોક અનંત નથી કેમ કે તેનો અંત છે. પણ લોક એટલો બધો મોટો છે કે જાણે અનંત છે = અંતરહિત હોય તેવો જણાય છે. માટે લોક કેવલકલ્પ = કેવલસમાન છે. કલ્પ શબ્દનો ઉપમા અર્થમાં પ્રયોગ થાય છે. એ વિષે કહ્યું છે કે— "વિબુધ પુરુષો કલ્પ શબ્દને સામર્થ્ય, વર્ણન, છેદન, કરણ, ઉપમા અને અધિવાસ આટલા અર્થમાં જાણે છે."

**લોક** = પંચાસ્તિકાય સ્વરૂપ લોક સમજવો. **જાણે છે** = પદાર્થને વિશેષરૂપે જાણે છે. **જુએ છે** = પદાર્થને સામાન્યરૂપે જુએ છે.

અહીં જ્ઞાન-દર્શન અંગે અને જ્ઞાન-દર્શનનો વિષય સંપૂર્ણ લોક છે એ અંગે ઘણું કહેવા જેવું છે, પણ ગ્રંથવિસ્તારના ભયથી તે કહેવાતું નથી. આમ છતાં આટલું કહીએ છીએ કે— "પદાર્થોનો સામાન્ય બોધ એ દર્શન કહેવાય છે, અને વિશેષ બોધ એ જ્ઞાન કહેવાય છે. આ પ્રમાણે સર્વ પદાર્થો વિષે જ્ઞાન-દર્શન

એ બંને પ્રવર્તે છે." આ રીતે જાતે જ વિચારવું.

**કેવલી છે**– આ પ્રમાણે (=પૂર્વે કહ્યું તેમ) અરિહંતો કેવલ ચારિત્રવાળા છે, કેવલજ્ઞાનવાળા છે, આથી કેવલી છે. કારણકે (વ્યાકરણના નિયમ પ્રમાણે) જેમની પાસે કેવલ હોય તે કેવલી કહેવાય છે.

**પ્રશ્નઃ**– અહીં અરિહંતો કેવલી = કેવલજ્ઞાની છે એ વિષયનું વર્ણન થઈ રહ્યું છે. તેથી અરિહંતો કેવલજ્ઞાની છે એમ કહેવું એ અવસરોચિત છે. પણ અહીં ચારિત્ર સંબંધી કોઈ વર્ણન ન હોવાથી કેવલચારિત્રી એવું કથન અવસરોચિત નથી, એટલે પ્રશ્ન થાય છે કે અવસર વિના જ કેવલચારિત્રી (=કેવલચારિત્રવાળા) એમ કેમ કહ્યું ?

**ઉત્તરઃ**– અહીં કેવલચારિત્રી એમ કહીને "નિયમા કેવલચારિત્રની પ્રાપ્તિપૂર્વક જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે" એ નિયમ બતાવ્યો છે. આથી કેવલચારિત્રી એવું કથન અવસર વિનાનું નથી. (૫૨૮)

**इह अक्खेव-पसिद्धी उ –**

**जह पडदेसम्मि पडो, गामो वा गामएगदेसम्मि ।**
**लोगस्स एगदेसे, वट्टइ तह लोगसद्दोऽवि ॥५२९॥**

इहाक्षेप-प्रसिद्धी तु–

यथा पटदेशे पटो ग्रामो वा ग्रामैकदेशे ।
लोकस्यैकदेशे वर्तते तथा लोकशब्दोऽपि ॥५२९॥

**અહીં શંકા-સમાધાન (અથવા ચાલના-પ્રત્યવસ્થાન) આ પ્રમાણે છે–**

જેવી રીતે પટના એક ભાગમાં પટનો પ્રયોગ થાય છે, ગામના એક ભાગમાં ગામ શબ્દનો પ્રયોગ થાય છે, તેવી રીતે લોકના એક ભાગમાં લોક શબ્દનો પણ પ્રયોગ થાય છે. (૫૨૯)

**लोगस्सुज्जोयगरा, चंदाईयाऽवि तेण भन्नंति ।**
**तेसिं वोच्छेयत्थं, भणियमिणं धम्मतित्थगरे ॥५३०॥**

लोकस्योद्द्योतकराश्चन्द्रादिका अपि तेन भण्यन्ते ।
तेषां व्युच्छेदार्थं भणितमिदं धर्मतीर्थकरान् ॥५३०॥

ચંદ્ર વગેરે પણ લોકના ઉદ્યોત કરનારા કહેવાય છે. આથી ચંદ્ર વગેરેનો વ્યવચ્છેદ કરવા માટે (=ચંદ્ર વગેરે લોકના ઉદ્યોત કરનારા નથી એ જણાવવા માટે) "ધર્મતીર્થંકર" એમ કહ્યું છે. (ચંદ્ર વગેરે ધર્મતીર્થંકર નથી.) (૫૩૦)

**नइमाईओयारं, धम्मत्थं जे कुणंतीह सुगमं ।**
**तेऽवि हु जणे पसिद्धिं लहंति किर धम्मतित्थयरा ॥५३१॥**

नद्याद्यवतारं धर्मार्थं ये कुर्वन्तीह सुगमम् ।
तेऽपि खलु जने प्रसिद्धिं लभन्ते किल धर्मतीर्थकराः ॥५३१॥

જે લોકો ધર્મ માટે નદી આદિનો સુગમ ઘાટ કરે છે તે લોકો પણ લોકમાં "આ ધર્મતીર્થંકર છે" એવી પ્રસિદ્ધિને મેળવે છે. (૫૩૧)

**तेसिमजिणत्तभावा, विसेसणं इह जिण त्ति निद्दिट्ठं ।**
**ते उण छउमत्थजिणाऽवि हुंति तो केवली भणिया ॥५३२॥**

तेषामजिनत्वभावाद् विशेषणमिह जिन इति निर्दिष्टम् ।
ते पुनश्छद्मस्थजिना अपि भवन्ति ततः केवलिनो भणिताः ॥५३२॥

આથી (તેમનો વ્યવચ્છેદ કરવા) 'જિન' એવું વિશેષણ કહ્યું છે. કારણકે ધર્મ માટે નદી આદિનો ઘાટ બનાવનારા લોકો જિન નથી. વળી છદ્મસ્થજિન પણ જિન હોય છે. તેથી (છદ્મસ્થ જિનનો નિષેધ કરવા) કેવલીઓ કહ્યા છે = કેવલી એવું વિશેષણ કહ્યું છે. (૫૩૨)

**केवलनाणगुणाओ, सामन्नाऽवि हु हवंति केवलिणो ।**
**तेसिं अइसायणत्थं, अरहंते इय पयं भणियं ॥५३३॥**

केवलज्ञानगुणात् सामान्या अपि खलु भवन्ति केवलिनः ।
तेषामतिशायनार्थम् - अर्हत इति पदं भणितम् ॥५३३॥

કેવલજ્ઞાનના ગુણથી સામાન્ય પણ કેવળીઓ હોય છે. તેથી તેમનાથી વિશેષતા બતાવવા માટે अरिहंते એવું પદ કહ્યું છે. (આનાથી અહીં એ જણાવ્યું કે અહીં સામાન્ય કેવલી વિવક્ષિત નથી, કિંતુ વિશેષ કેવલી = તીર્થંકર કેવલી વિવક્ષિત છે. (૫૩૩)

**नामाइभेयभिन्नाऽवि, जिणवरा संभवंति अरहंता ।**
**भावारिहंतपडिवत्तिकारयं केवली - वयणं ॥५३४॥**

नामादिभेदभिन्ना अपि जिनवराः संभवन्त्यर्हन्तः ।
भावार्हत्प्रतिपत्तिकारकं केवलि-वचनम् ।।५३४।।

નામ વગેરે ભેદોથી અરિહંત જિનવરો અનેક પ્રકારના પણ સંભવે છે. કેવલી એવું વચન ભાવ અરિહંતનું જ્ઞાન કરાવનાર છે, અર્થાત્ શ્લોકમાં રહેલું કેવલીપદ અહીં ભાવ અરિહંત વિવક્ષિત છે, એમ સૂચવે છે. (આથી અહીં નામ, સ્થાપના અને દ્રવ્ય અરિહંતનો નિષેધ થાય છે.) (૫૩૪)

**एवं खलु अन्नोन्नं, कायव्वा चालणा पइट्ठा उ ।**
**बुद्धिनिउणेहि इहयं, दिसिमेत्तं दरिसियं एयं ॥५३५॥**

एवं खलु अन्योन्यं कर्तव्या चालना प्रतिष्ठा तु ।
बुद्धिनिपुणैरिह दिङ्मात्रं दर्शितमेतत् ।।५३५।।

સૂક્ષ્મ બુદ્ધિવાળા પુરુષોએ અહીં આ પ્રમાણે પરસ્પર ચાલના અને પ્રત્યવસ્થાન કરવા. આ સંક્ષેપમાં બતાવ્યું છે. (૫૩૫)

**एसो संखेवेणं, पढमसिलोगस्स भासिओ अत्थो ।**
**वित्थरओ घेत्तव्वो, सिद्धंतमहानिहाणाओ ॥५३६॥**

एष संक्षेपेण प्रथमश्लोकस्य भाषितोऽर्थः ।
विस्तरतो ग्रहीतव्यः सिद्धान्तमहानिधानात् ।।५३६।।

આ પ્રમાણે સંક્ષેપથી પ્રથમ શ્લોકનો અર્થ કહ્યો. વિસ્તારથી અર્થ સિદ્ધાંતના મહાન નિધાનથી (= આવશ્યક વગેરે સૂત્રોથી) જાણવો. (૫૩૬)

उसभमजियं च गाहा ।।१।। सुविहिं च पुप्फदंतं गाहा ।।२।।
कुंथुं अरं च गाहा ।।३।।

उसभमजिअं च वंदे संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं जिणं च चंदप्पहं वंदे ।।२।।
सुविहिं च पुप्फदंतं सीअल-सिज्जंस-वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं धम्मं संतिं च वंदामि ।।३।।
कुंथुं अरं च मल्लिं वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामिऽरिट्ठनेमिं पासं तह वद्धमाणं च ।।४।।

**अट्ठट्ठ उ नामाइं, भणियाइं एक्कमेक्कगाहाए ।**
**चउवीसंत्थयसुत्ते, चउवीसाए जिणवराणं ॥५३७॥**

अष्टाष्ट तु नामानि भणितानि एकैकगाथायाम् ।
चतुर्विंशतिस्तवसूत्रे चतुर्विंशतेर्जिनवराणाम् ।।५३७।।

(હવે ગાથાઓનો અર્થ શરૂ કરે છે—)

ચતુર્વિંશતિસ્તવ સૂત્રમાં એક ગાથામાં આઠ આઠ નામો એમ ચોવીસ જિનવરોનાં નામ કહ્યાં છે. (૫૩૭)

**जं पुण वंदइ किरिया-भणणं सुत्ते पुणो पुणो एत्थ ।**
**आयरपगासगत्ता, पुणरुत्तं तं न दोसगरं ॥५३८॥**

यत् पुनर् 'वन्दते' क्रिया-भणनं सूत्रे पुनः पुनरत्र ।
आदरप्रकाशकत्वात् पुनरुक्तं तत्र दोषकरम् ।।५३८।।

વળી ચતુર્વિંશતિસ્તવસૂત્રમાં (वंदे, वंदामि એમ) વંદનક્રિયાનો વારંવાર જે પ્રયોગ કર્યો છે તે આદરને બતાવનાર હોવાથી પુનરુક્તિદોષને કરનારો નથી.

**વિશેષાર્થઃ—**

सज्झाय-झाण-तव-ओसहेसु उवएस-थुइ-पयाणेसु ।
संतगुणकित्तणेसु य न हुंति पुनरुत्तदोसा उ ।

સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધ, ઉપદેશ, સ્તુતિ, દાન અને ઉત્તમ પુરુષોના ગુણોના કીર્તનમાં પુનરુક્તિ દોષો થતા નથી.

**પ્રશ્નઃ**– અહીં વારંવાર વંદન છે, વારંવાર સ્તુતિ નથી.

**ઉત્તરઃ**– વંદન પણ સ્તુતિ જ છે. આ. નિ. ગા. ૧૦૯૨માં કહ્યું છે કે– સ્તુતિ, સ્તવન, વંદન, નમસ્કાર આ બધા શબ્દો એકાર્થક છે. (૫૩૮)

**एएसिं नामाणं, जे अत्था कारणाइं जाइं वा ।**
**इच्छामि नाउमेयं, पुच्छइ सीसो गुरू आह ॥५३९॥**

एतेषां नाम्नां येऽर्थाः कारणानि यानि वा ।
इच्छामि ज्ञातुमेतत् पृच्छति शिष्यो गुरुराह ।।५३९।।

આ નામોના જે અર્થો છે અને નામ પાડવાનાં જે કારણો છે તેમને જાણવાને ઈચ્છું છું એમ શિષ્ય નિવેદન કરે છે અને ગુરુ (નીચે પ્રમાણે) કહે છે. (૫૩૯)

**उसहो पहाणवसहो, दुव्वहभरवहणपच्चलो होइ ।**
**इय दुव्वहधम्मधुरावहणखमो तो जिणो उसहो ॥५४०॥**

ऋषभः प्रधानवृषभो दुर्वहभरवहनप्रत्यलो भवति ।
इति दुर्वहधर्मधुरावहनक्षमस्ततो जिन ऋषभः ।।५४०।।

ઋષભ એટલે શ્રેષ્ઠ બળદ. ઋષભ મુશ્કેલીથી વહન કરી શકાય તેવા ભારને વહન કરવામાં સમર્થ હોય છે. એ પ્રમાણે પ્રથમ જિન મુશ્કેલીથી વહન કરી શકાય તેવી ધર્મરૂપી ધુરાને વહન કરવામાં સમર્થ હોવાથી ઋષભ કહેવાય છે. (૫૪૦)

**जइ वा वसो त्ति धम्मो, भावइ दढं तेण तो भवे वसभो ।**
**जइ एवं सव्वे वि हु, वसहा किर किं न भन्नंति ? ॥५४१॥**

यदि वा वृष इति धर्मः, भावयति दृढं तेन ततो भवेद् वृषभः ।
यद्येवं सर्वेऽपि खलु वृषभाः किल किं न भण्यन्ते ? ।।५४१।।

**सच्चमिणं किंतु फुडं, अन्नं पि हु एत्थ कारणं अत्थि ।**
**[1] एयस्स ऊरुजुयले, तवियसुवन्नुज्जलं धवलं ॥५४२॥**
सत्यमिदं किंतु स्फुटमन्यदपि खल्वत्र कारणमस्ति ।
एतस्योरुयुगले तप्तसुवर्णोज्ज्वलं धवलम् ।।५४२।।

१. यानि चात्र तीर्थंकरनामप्रदानकारणानि दर्शितानि तानि सर्वाण्येव श्रीआवश्यके क्वचित् प्रकारान्तरेण सकथानकानि १०८०-१०९१ गाथासु सुस्पष्टितानि–आवश्यके (पृ० ५०२-५०६)

**अन्नोन्नाभिमुहं किर, वसहजुगं लंछणं रुइरमासि ।**
**सुमिणम्मि पढममुसभो, चोद्दससुमिणाण मज्झम्मि ॥५४३॥**
अन्योन्याभिमुखं किल वृषभयुगं लाञ्छनं रुचिरमासीत् ।
स्वप्ने प्रथममृषभश्चतुर्दशस्वप्नानां मध्ये ।।५४३।।

**दिट्ठो मरुदेवीए, तेण कयं उसहनाममेयस्स ।**
**तुट्ठेणाऽमरवइणा, अन्नेसिं पुण ठिई एसा ॥५४४॥**
दृष्टो मरुदेव्या तेन कृतमृषभनामैतस्य ।
तुष्टेनाऽमरपतिना अन्येषां पुनः स्थितिरेषा ।।५४४।।

અથવા વૃષભ એવું નામ છે. તેમાં વૃષ અને ભ એ બે પદો મળીને વૃષભ શબ્દ બન્યો છે. વૃષ એટલે ધર્મ અને ભ એટલે ભાવિત કરનાર. આત્માને ધર્મથી દૃઢ ભાવિત કરે છે તેથી વૃષભ છે.

**પ્રશ્નઃ–** જો આમ છે તો બધાય જિનો વૃષભ કેમ ન કહેવાય ? અર્થાત્ આ પ્રમાણે તો બધાય જિનો વૃષભ છે.

**ઉત્તરઃ–** આ સાચું છે. પણ આમાં અન્ય પણ સ્પષ્ટ કારણ છે. તે આ પ્રમાણે– આ જિનના બે સાથળમાં તપેલા સુવર્ણ જેવું ઉજ્જ્વળ, શ્વેત, પરસ્પર સન્મુખ અને મનોહર એવું વૃષભયુગલ ચિહ્ન હતું. તથા મરુદેવા માતાએ સ્વપ્નમાં જોયેલા ચૌદ સ્વપ્નોમાં સર્વ પ્રથમ ઋષભને જોયો હતો. તેથી તુષ્ટ થયેલા ઇંદ્રે આ જિનનું **ઋષભ** નામ કર્યું. બીજા જિનોને આશ્રયીને સ્વપ્નોનો ક્રમ

આ પ્રમાણે (= હવે કહેવાશે તે પ્રમાણે) છે. (૫૪૧ થી ૫૪૪)

**गय-वसह-सीह-अभिसेय-दाम-ससि-दिणयरं ज्झयं कुंभं ।**
**पउमसर-सागर-विमाण-भवण-रयणुच्चय-सिहिं च ॥५४५॥**

गज-वृषभ-सिंह-अभिषेक-दाम-शशि-दिनकरं ध्वजं कुम्भम् ।
पद्मसरः-सागर-विमान-भवन-रत्नोच्चय-शिखिनं च ।।५४५।।

**परिवाडीइ इमाए, जणणीओ सुमिणयाइँ पेच्छंति ।**
**गब्भावयारसमए, तित्थंकर-चक्कवट्टीणं ॥५४६॥**

परिपाट्याऽनया जनन्यः स्वप्नान् प्रेक्षन्ते ।
गर्भावतारसमये तीर्थकर-चक्रवर्तिनोः ।।५४६।।

તીર્થંકરો અને ચક્રવર્તીઓ માતાના ગર્ભમાં આવે ત્યારે તેમની માતાઓ ગજ, વૃષભ, સિંહ, અભિષેક (જેનો અભિષેક થઈ રહ્યો છે તેવી લક્ષ્મીદેવી), પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કળશ, પદ્મસરોવર (પદ્મોથી શોભતું સરોવર), સાગર, વિમાન-ભવન, રત્નરાશિ (રત્નોનો ઢગલો) અને (ધૂમરહિત) અગ્નિ એ ક્રમથી સ્વપ્નોને જુએ છે. (આવ. ભા. ગા. ૪૬) (૫૪૫-૫૪૬)

**इंदिय विसय कसायाइएहिँ घोरंतरंगवेरीहिं ।**
**न जिओ मणयं पि जओ, भन्नइ अजिओ जिणो तेण ॥५४७॥**

इन्द्रिय-विषय-कषायादिकैर्घोरान्तरङ्गवैरिभिः ।
न जितो मनागपि यतो भण्यतेऽजितो जिनस्तेन ।।५४७।।

ઇંદ્રિય, વિષય અને કષાય વગેરે ભયંકર અંતરંગ વૈરીઓથી જરા પણ જિતાયા નહિ, તેથી **અજિત** જિન કહેવાય છે. (૫૪૭)

**अन्ने वि तेहि न जिया, अजिया तो ते वि किं न उच्चंति ? ।**
**भन्नइ विसेसकारणमन्नं पि हु भगवओ अत्थि ॥५४८॥**

अन्येऽपि तैर्न जिता अजितास्ततस्तेऽपि किं नोच्यन्ते ? ।
भण्यते विशेषकारणमन्यदपि खलु भगवतोऽस्ति ।।५४८।।

**પ્રશ્નઃ—** બીજા જિનો પણ અંતરંગ વૈરીઓથી જરા પણ જિતાયા નથી તો તે પણ અજિત કેમ કહેવાતા નથી ?

**ઉત્તરઃ—** આ ભગવાનનું અજિત એવું નામ થવામાં બીજું પણ વિશેષ કારણ છે. (૫૪૮)

**जियसत्तुनिवेण समं, कीलंती अक्खजूयकीलाए ।**
**न कयाइ जयं पत्ता, विजया देवी पुरा काले ॥५४९॥**

जितशत्रुनृपेण समं क्रीडन्ती अक्षद्यूतक्रीडायाम् ।
न कदाचिद् जयं प्राप्ता विजया देवी पुरा काले ।।५४९।।

**गब्भगए भगवंते, न जिया ईसिं पि सा नरेंदेण ।**
**जायस्स तेण पिउणा, अजिओ त्ति पइट्ठियं नाम ॥५५०॥**

गर्भगते भगवति न जिता ईषदपि सा नरेन्द्रेण ।
जातस्य तेन पित्रा 'अजितः' इति प्रतिष्ठितं नाम ।।५५०।।

પૂર્વે જિતશત્રુ રાજાની સાથે સોગઠા બાજી રમતા વિજયા દેવી ક્યારે પણ જિત મેળવી શક્યા નહિ. પણ ભગવાન જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે રાજા વડે જરા પણ ન જિતાયા, તેથી જન્મ પામેલા ભગવાનનું પિતાએ **અજિત** એવું નામ સ્થાપિત કર્યું. (૫૪૯-૫૫૦)

**सं सोक्खं ति पवुच्चइ, दिट्ठे तं होइ सव्वजीवाणं ।**
**तो संभवो जिणेसो, सव्वे वि हु संभवा एवं ॥५५१॥**

सं सौख्यमिति प्रोच्यते दृष्टे तद् भवति सर्वजीवानाम् ।
ततः संभवो जिनेशः सर्वेऽपि खलु संभवा एवम् ।।५५१।।

**भन्नंति भुवणगुरुणो, नवरं अन्नं पि कारणं अत्थि ।**
**सावत्थीनयरीए, कयाइ कालस्स दोसेण ॥५५२॥**

भण्यन्ते भुवनगुरवः, नवरमन्यदपि कारणमस्ति ।
श्रावस्तीनगर्यां कदाचित् कालस्य दोषेण ।।५५२।।

**जाए दुब्भिक्खभरे, दुत्थीभूए जणे समत्थे वि ।**
**अवयरिओ एस जिणो, सेणादेवीए उयरम्मि ॥५५३॥**

जाते दुर्भिक्षभरे दुःस्थीभूते जने समस्तेऽपि ।
अवतीर्ण एष जिनः सेनादेव्या उदरे ।।५५३।।

**सयमेवागम्म सुराहिवेण संपूइया तओ जणणी ।**
**वद्धाविया य भुवणेक्कभाणुतणयस्स लाभेणं ॥५५४॥**

स्वयमेवाऽऽगत्य सुराधिपेन संपूजिता ततो जननी ।
वर्धिता (वर्धापिता) च भुवनैकभानुतनयस्य लाभेन ।।५५४।।

**तद्दियहं चिय सहसा, समत्थसत्थेहि धन्नपुन्नेहिं ।**
**सव्वत्तो इंतेहिं, सुहं सुभिक्खं तहिं जायं ॥५५५॥**

तद्दिवसादेव सहसा समर्थसार्थैर्धान्यपूर्णैः ।
सर्वत आयद्भिः सुखं सुभिक्षं तत्र जातम् ।।५५५।।

**संभवियाइं जम्हा, समत्तसस्साइं संभवे तस्स ।**
**तो संभवो त्ति नामं, पइट्ठियं जणणि-जणएहिं ॥५५६॥**

संभूतानि यस्मात् समस्तसस्यानि संभवे तस्य ।
ततः संभव इति नाम प्रतिष्ठितं जननी-जनकाभ्याम् ।।५५६।।

સંભવ શબ્દમાં સં અને ભવ એમ બે વિભાગ છે. સં એટલે સુખ. ભવ એટલે થવું. ભગવાનના દર્શન થયે છતે સર્વ જીવોને સુખ થાય છે તેથી ત્રીજા ભગવાન સંભવ છે. આ પ્રમાણે તો બધાય ભગવાન સંભવ કહેવાય. કિંતુ બીજું પણ કારણ છે. તે આ પ્રમાણે- શ્રાવસ્તિ નગરીમાં ક્યારેક કાલદોષથી અતિશય દુકાળ થયો. સઘળોય લોક ખરાબ સ્થિતિવાળો થયો. આ સમયે આ જિન સેનાદેવીના ઉદરમાં અવતર્યા. તેથી ઈંદ્રે સ્વયં જ આવીને માતાની પૂજા કરી, અને માતાને ભુવનના અસાધારણ સૂર્ય એવા પુત્રના લાભની વધામણી આપી. તે જ દિવસથી સહસા ચારે બાજુથી આવતા અને ધાન્યથી પૂર્ણ એવા

સમર્થ સાર્થોથી સુખ કરનારો સુકાળ ત્યાં થયો. ભગવાનનું માતાના ઉદરમાં આગમન થતાં સઘળા ધાન્યો સારી રીતે (= ઘણા પ્રમાણમાં) થયા. તેથી માતા-પિતાએ **સંભવ** એવું નામ સ્થાપિત કર્યું. (૫૫૧ થી ૫૫૬)

**अभिणंदइ आणंदइ, रूवाइगुणेहि तिहुयणं सयलं ।**
**अभिणंदणो जिणो तो, अन्नं पि हु कारणं बीयं ॥५५७॥**

अभिनन्दति आनन्दति रूपादिगुणैस्त्रिभुवनं सकलम् ।
अभिनन्दनो जिनस्ततोऽन्यदपि खलु कारणं द्वितीयम् ।।५५७।।

રૂપ વગેરે ગુણોથી સંપૂર્ણ ત્રિભુવનને અભિનંદે છે = આનંદ પમાડે છે, તેથી જિન અભિનંદન કહેવાય છે. આમાં બીજું પણ કારણ જાણવું.

**વિશેષાર્થઃ**– ગાથામાં बीयंના સ્થાને णेयं હોવું જોઈએ. કારણકે अन्नं અને बीयं એ બંનેનો એક જ અર્થ છે. (૫૫૭)

**गब्भगए तम्मि जओ, जणणीमच्चंतभत्तिसंजुत्तो ।**
**अभिनंदइ अभिक्खं, सक्को अभिणंदणो तेण ॥५५८॥**

गर्भगते तस्मिन् यतो जननीमत्यन्तभक्तिसंयुक्तः ।
अभिनन्दत्यभीक्ष्णं शक्रोऽभिनन्दनस्तेन ।।५५८।।

ભગવાન માતાના ગર્ભમાં રહ્યા તે દરમિયાન અત્યંત ભક્તિથી યુક્ત ઇંદ્રે માતાની વારંવાર સ્તુતિ-પ્રશંસા કરી તેથી **અભિનંદન** એવું નામ થયું. (૫૫૮)

**पावायारनिअट्टा, मोक्खाभिमुहा सुहा मई जस्स ।**
**सो सुमई तित्थयरो, जइ एवं सुमइणो सव्वे ॥५५९॥**

पापाचारनिवृत्ता मोक्षाभिमुखा शुभा मतिर्यस्य ।
स सुमतिस्तीर्थकरो यद्येवं सुमतयः सर्वे ।।५५९।।

પાપાચારથી નિવૃત્ત થયેલી અને મોક્ષની સન્મુખ થયેલી શુભ મતિ જેની છે તે સુમતિ તીર્થંકર છે. આ પ્રમાણે તો બધાય તીર્થંકરો સુમતિ છે. (૫૫૯)

एत्थ विसेसकारणं–

**अचिरागयवणिमरणे, दोण्ह सवत्तीण दारओ एगो ।**
**बालग्गहग्गह दोण्ह वि, ववहारो मेहनिवपुरओ ॥५६०॥**

अत्र विशेषकारणम् –

अचिरागदवणिग्मरणे द्वयोः सपत्न्योर्दारक एकः ।
बालग्रहग्रहो द्वयोरपि व्यवहारो मेघनृपपुरतः ॥५६०॥

**रन्नो चिंताइसओ सगे-यरा कहमिमीण विन्नेया ।**
**चिंताकारणपुच्छा, देवीए राइणओ कहियं ॥५६१॥**

राज्ञश्चिन्तातिशयः स्वके-तरा कथमनयोर्विज्ञेया ।
चिन्ताकारणपृच्छा देव्या राज्ञः कथितम् ॥५६१॥

**तीएँ भणियाओ ताओ, पुत्तं वित्तं च कुणह दोभाए ।**
**पडिवन्नममायाए, मायाए जंपियं देवि ! ॥५६२॥**

तथा भणिते ते पुत्रं वित्तं च कुरुत द्विभागे ।
प्रतिपन्नममात्रा मात्रा कथितं देवि ! ॥५६२॥

**मा माऽऽणवेसु एवं, दव्वं सव्वं पि देहि एयाए ।**
**अप्पेहि मज्झ पुत्तं, जीवंतं जेण पेच्छामि ॥५६३॥**

मा माऽऽज्ञापय एवं द्रव्यं सर्वमपि देहि एतस्यै ।
अर्पय मम पुत्रं जीवन्तं येन प्रेक्षे ॥५६३॥

**एसा सग त्ति नाउं, पुत्तो वित्तं च तीइ दिन्नाइं ।**
**निद्धाडिया य इयरी, रन्ना अलिय त्ति कुविएण ॥५६४॥**

एषा स्वकेति ज्ञात्वा पुत्रो वित्तं च तस्यै दत्तानि ।
निर्धाटिता चेतरा राज्ञाऽलीकेति कुपितेन ॥५६४॥

**गब्भगए जं जाया, मंगलदेवीएँ एरिसा सुमई ।**
**तुट्ठेण ततो रन्ना, जिणस्स सुमई कयं नामं ॥५६५॥**

गर्भगते यद् जाता मङ्गलदेव्या एतादृशी सुमतिः ।
तुष्टेन ततो राज्ञा जिनस्य सुमतिः कृतं नाम ।।५६५।।

**અહીં વિશેષ કારણ આ પ્રમાણે છે–**

રોગથી એક વણિકનું જલદી મૃત્યુ થયું. તેની બે પત્નીઓ હતી. બાળક એક હતો. બંને શોક્યો બાળકને ગ્રહણ કરવાનો આગ્રહ કર્યો, અર્થાત્ બંને શોક્યો આ બાળક મારો છે એવા આગ્રહવાળી બની. તે બંનેએ આનો નિર્ણય કરવા મેઘ રાજાને વિનંતી કરી. આ બેમાં કઈ સાચી જાણવી અને કઈ શોક્ય માતા જાણવી એમ રાજાને અતિશય ચિંતા થઈ. રાણીએ ચિંતાનું કારણ પૂછ્યું. રાજાએ કારણ કહ્યું. રાણીએ શોક્યોને કહ્યું: પુત્રના અને ધનના બે ભાગ કરો. શોક્ય માતાએ આનો સ્વીકાર કર્યો. સાચી માતાએ કહ્યું: હે દેવી ! આવી આજ્ઞા ન કરો. બધુંય દ્રવ્ય એને આપો. મને પુત્ર આપો. જેથી તેને જીવતો જોઉં. આ સાચી માતા છે એમ જાણીને પુત્ર અને ધન એ બંને એને આપ્યાં. બીજી ખોટી છે એમ જાણીને ગુસ્સે થયેલા રાજાએ બીજીને બહાર કાઢી. ભગવાન ગર્ભમાં હતા ત્યારે મંગલા રાણીને આવી સુંદર મતિ થઈ તેથી ખુશ થયેલા રાજાએ ભગવાનનું **સુમતિ** એવું નામ કર્યું. (૫૬૦ થી ૫૬૫)

**पउमं बहुप्पयारं, तहवि हु रत्तुप्पलं इहं पगयं ।**
**तस्सरिसी जस्स पहा, सो खलु पउमप्पहो अरहा ।।५६६।।**

पद्मं बहुप्रकारं तथाऽपि खलु रक्तोत्पलमिह प्रगतम् ।
तत्सदृशी यस्य प्रभा स खलु पद्मप्रभोऽर्हन् ।।५६६।।

પદ્મ અનેક પ્રકારના છે. તો પણ અહીં રક્ત પદ્મ પ્રસ્તુત છે. રક્ત પદ્મ જેવી જેની પ્રભા છે તે અરિહંત પદ્મપ્રભ છે. (૫૬૬)

**जइ वि इह वासुपुज्जो, एरिसवन्नो तहाऽवि हु विसेसो ।**
**पउमसयणम्मि जणणीएँ डोहलो तेण पउमाभो ।।५६७।।**

यद्यपि इह वासुपूज्य एतादृशवर्णस्तथाऽपि खलु विशेषः ।
पद्मशयने जनन्या दोहदस्तेन पद्माभः ।।५६७।।

જો કે અહીં વાસુપૂજ્ય પણ આવા વર્ણવાળા છે. તો પણ આમાં વિશેષ કારણ છે. ભગવાન ગર્ભમાં હતા ત્યારે માતાને પદ્મની શય્યામાં સુવાનો દોહલો થયો હતો તેથી **પદ્મપ્રભ** એવું નામ છે. (૫૬૭)

**पासा देहविभागा, सुसोहणा जस्स सो खलु सुपासो ।**
**सव्वे वि एरिस च्चिय, एत्थ वि हेऊ इमो अन्नो ॥५६८॥**

पार्श्वानि देहविभागाः सुशोभना यस्य स खलु सुपार्श्वः ।
सर्वेऽप्येतादृशा एवात्राऽपि हेतुरयमन्यः ॥५६८॥

પાર્શ્વ એટલે દેહના પડખાં. જેના દેહના પડખાં અત્યંત સુંદર છે તે સુપાર્શ્વ. બધાય તીર્થંકરો આવા જ (=સુંદર પડખાંવાળા) છે. અહીં પણ બીજો હેતુ છે. (૫૬૮)

**गब्भगए जं जणणी, जायसुपासा तओ सुपासजिणो ।**
**चंदसमा देहपहा, जस्स उ चंदप्पहो सो उ ॥५६९॥**

गर्भगते यद् जननी जातसुपार्श्वा ततः सुपार्श्वजिनः ।
चन्द्रसमा देहप्रभा यस्य तु चन्द्रप्रभः स तु ॥५६९॥

ભગવાન માતાના ગર્ભમાં હતા ત્યારે માતા સુંદર પડખાંવાળી બની. તેથી જિનનું **સુપાર્શ્વ** એવું નામ થયું. જેના શરીરની પ્રભા ચંદ્ર સમાન છે તે ચંદ્રપ્રભ. (૫૬૯)

**सुविहिजिणो वि हु एवंविहो त्ति भन्नइ विसेसहेऊ त्तो ।**
**चंदपियणम्मि जणणीएँ डोहलो तेण चंदाभो ॥५७०॥**

सुविधिजिनोऽपि खल्वेवंविध इति भण्यते विशेषहेतुस्ततः ।
चन्द्रपाने जनन्या दोहदस्तेन चन्द्राभः ॥५७०॥

સુવિધિ જિન પણ આવા છે, તેથી વિશેષ હેતુ કહેવાય છે. ભગવાન ગર્ભમાં હતા ત્યારે માતાને ચંદ્રપાનનો દોહલો થયો હતો, તેથી **ચંદ્રપ્રભ** એવું નામ છે. (૫૭૦)

**सुविहिं च पुप्फदंतं, सुविही नामं विसेसणं बीयं ।**
**तत्थऽवि विही विहाणं, किरिया सा सोहणा जस्स ॥५७१॥**

सुविधिं च पुष्पदन्तं सुविधिर्नाम विशेषणं द्वितीयम् ।
तत्राऽपि विधिर्विधानं क्रिया सा शोभना यस्य ।।५७१।।

**सो सुविही नामसत्थो, कारणमेयस्स जेण से जणणी ।**
**सव्वविहीसु वि कुसला, गब्भगए तेण सुविहिजिणो ॥५७२॥**

स सुविधिर्नामसार्थः (शस्तः) कारणमेतस्य येन तस्य जननी ।
सर्वविधिष्वपि कुशला गर्भगते तेन सुविधिजिनः ।।५७२।।

सुविहिं च पुप्फदंतं એ પદમાં સુવિધિ એ નામ છે અને પુષ્પદંત એ વિશેષણ છે. તેમાં વિધિ એટલે વિધાન. વિધાન એટલે ક્રિયા. ક્રિયા જેની સુંદર છે તે સુવિધિ. આમ સુવિધિ ભગવાન અન્વર્થ નામવાળા છે. સુવિધિ એવા નામનું કારણ આ છે– ભગવાન જ્યારે ગર્ભમાં હતા ત્યારે તેમની માતા બધી વિધિઓમાં કુશળ બન્યા તેથી ભગવાનનું 'સુવિધિ' એવું નામ થયું. (૫૭૧-૫૭૨)

**कुंदकुसुमाणुरूवा, दंता जं तस्स पुप्फदंतो तो ।**
**अन्ने एयं नामं, सुविहिं च विसेसणं देंति ॥५७३॥**

कुन्दकुसुमानुरूपा दन्ता यत्तस्य पुष्पदन्तस्ततः ।
अन्ये एतन्नाम सुविधिं च विशेषणं ददति ।।५७३।।

મોગરાના ફૂલ જેવા જેના દાંત છે તે પુષ્પદંત. પુષ્પદંત એ નામ છે અને સુવિધિ વિશેષણ છે એમ બીજાઓ કહે છે. (૫૭૩)

**सीयलवयणो लेसाएँ, सीयलो तेण सीयलो भयवं ।**
**सव्वे वि एरिस च्चिय, विसेसहेऊ इमस्सेसो ॥५७४॥**

शीतलवच(द)नो लेश्यया शीतलस्तेन शीतलो भगवान् ।
सर्वेऽपि एतादृशा एवं विशेषहेतुरस्यैषः ।।५७४।।

**गब्भट्ठिए जिणेंदे, जणणीहत्थेण फुसियदेहस्स ।**
**पिउणो दाहोवसमो, संजातो सीयलो तेण ॥५७५॥**

गर्भस्थिते जिनेन्द्रे जननीहस्तेन स्पृष्टदेहस्य ।
पितुर्दाहोपशमः संजातः शीतलस्तेन ॥५७५॥

શીતલ વચનવાળા છે અને લેશ્યાથી શીતલ છે તેથી ભગવાન શીતલ કહેવાય છે. સર્વે તીર્થંકરો આવા જ છે. શીતલ નામનો વિશેષ હેતુ આ છે– ભગવાન માતાના ગર્ભમાં હતા ત્યારે પિતાના શરીરે દાહ થયો. માતાએ પોતાના હાથથી ભગવાનના પિતાના દેહને સ્પર્શ કર્યો, એથી દાહ શાંત થઈ ગયો. તેથી ભગવાનનું **શીતલ** એવું નામ થયું. (૫૭૪-૫૭૫)

**सेया पसंसणिज्जा, अंसा देहस्स अवयवा जस्स ।**
**सो सेज्जंसो भन्नइ, एसो अन्नो वि पज्जाओ ॥५७६॥**

श्रेयांसः(श्वेताः) प्रशंसनीया अंशा देहस्य अवयवा यस्य ।
स श्रेयांसो भण्यते एष अन्योऽपि पर्यायः ॥५७६॥

**महरिहसेज्जारुहणम्मि डोहलो आसि जेण जणणीए ।**
**गब्भगए भगवंते, सा किर सेज्जा अपरिभोगा ॥५७७॥**

महार्हशय्यारोहणे दोहद आसीद् येन जनन्याः ।
गर्भगते भगवति सा किल शय्या अपरिभोगा ॥५७७॥

**कुलदेवयाणुभावा, न सहइ सयणंतरस्स अन्नस्स ।**
**तत्थ य सुत्ता देवी, सहसा कुलदेवया नट्ठा ॥५७८॥**

कुलदेवतानुभावाद् न सहते स्वजनान्तरस्यान्यस्य ।
तत्र च सुप्ता देवी सहसा कुलदेवता नष्टा ॥५७८॥

**तुट्ठेण तओ पिउणा, सेजं(ज्जं)सो एस जिणवरो भणिओ ।**
**तह होइ वासुपुज्जो, वसुपुज्जनिवस्स जमवच्चं ॥५७९॥**

तुष्टेन ततः पित्रा श्रेयांस एष जिनवरो भणितः ।
तथा भवति वासुपूज्यो वसुपूज्यनृपस्य यदपत्यम् ।।५७९।।

શ્રેયાંસ શબ્દમાં શ્રેય અને અંશ એમ બે વિભાગ છે. તેમાં શ્રેય એટલે પ્રશંસનીય. અંશ એટલે શરીરના અંગો. જેના શરીરનાં અંગો પ્રશંસનીય છે તે શ્રેયાંસ કહેવાય. બીજો પણ આ ગુણ છે— ભગવાન ગર્ભમાં હતા ત્યારે માતાને કિંમતી શય્યા ઉપર આરૂઢ થવાનો દોહલો થયો. તે શય્યા કુલદેવતાના પ્રભાવથી અપરિભોગ્ય હતી = તેના ઉપર કોઈ આરૂઢ થઈ શકતું ન હતું. કારણકે કુલદેવતા અન્ય કોઈ સ્વજન તે શય્યા ઉપર આરૂઢ થાય તે સહન કરી શકતો ન હતો. (જે તેના ઉપર આરૂઢ થાય તેને કુલદેવતા ઉપદ્રવ કરતો હતો. દેવતાથી અધિષ્ઠિત આ શય્યા પરંપરાથી આવેલ હતી, અને તેની પૂજા કરાતી હતી. તેનો ઉપયોગ થતો ન હતો.) રાણી તે શય્યામાં સૂતી એટલે દેવતા સહસા નાશી ગયો. તેથી પ્રસન્ન થયેલ પિતાએ આ જિનવરનું **'શ્રેયાંસ'** એવું નામ કર્યું. (૫૭૬ થી ૫૭૯ પૂર્વાર્ધ.)

**अहवा—**

**पूएइ वासवो जं जणणिं गब्भट्ठियम्मि जिणनाहे ।**
**आणंदनिब्भरमणो, वत्थाहरणेहिं अणवरयं ।।५८०।।**

अथवा—

पूजयति वासवो यद् जननीं गर्भस्थिते जिननाथे ।
आनन्दनिर्भरमना वस्त्राभरणैरनवरतम् ।।५८०।।

**तम्हा तिलोयपहुणो, पिऊणा तुट्ठेण सयणपच्चक्खं ।**
**नामं पि वासुपुज्जो, पइट्ठियं भुवणसुपसिद्धं ।।५८१।।**

तस्मात् त्रिलोकप्रभोः पित्रा तुष्टेन स्वजनप्रत्यक्षम् ।
नामाऽपि वासुपूज्यः प्रतिष्ठितं भुवनसुप्रसिद्धम् ।।५८१।।

તથા વસુપૂજ્ય રાજાનો પુત્ર તે વાસુપૂજ્ય. (અહીં અપત્ય અર્થમાં તદ્ધિતનો अण् પ્રત્યય લાગવાથી વાસુપૂજ્ય શબ્દ બન્યો છે.) ભગવાન માતાના ગર્ભમાં હતા ત્યારે આનંદથી પૂર્ણ મનવાળો ઇંદ્ર માતાની વસ્ત્ર-આભૂષણોથી

સતત પૂજા કરતો હતો. તેથી ખુશ થયેલા પિતાએ સ્વજનોની સમક્ષ ત્રણ લોકના પ્રભુનું **વાસુપૂજ્ય** એવું નામ સ્થાપિત કર્યું. આ નામ જગતમાં સારી રીતે પ્રસિદ્ધ છે. (૫૭૯ ઉત્તરાર્ધથી ૫૮૧.)

**अंगमलं कम्ममलं, विगयं दुविहं मलं जिणिंदस्स ।**
**विमलो त्ति तेण वुच्चइ, सव्वे वि हु किं न तो विमला ? ॥५८२॥**

अङ्गमलः कर्ममलो विगतो द्विविधो मलो जिनेन्द्रस्य ।
विमल इति तेनोच्यते सर्वेऽपि खलु किं न ततो विमलाः ? ॥५८२॥

ભગવાનનો શરીરમલ અને કર્મમલ એ બંને પ્રકારનો મલ ચાલ્યો ગયો છે તેથી ભગવાન વિમલ કહેવાય છે. તેથી શું બધા તીર્થંકરો વિમલ નથી? અર્થાત્ બધા જ તીર્થંકરો વિમલ છે. (૫૮૨)

**अत्थि विसेसनिमित्तं, जह भणियं सुमइनाममायाए ।**
**पुत्तविवाए महिलादुगस्स नवरं अह विसेसो ॥५८३॥**

अस्ति विशेषनिमित्तं यथा भणितं सुमतिनाममातुः ।
पुत्रविवादे महिलाद्विकस्य नवरमथ विशेषः ॥५८३॥

વિમલ નામ થવામાં વિશેષ કારણ છે. સુમતિ નામ થવાના કારણમાં બે સ્ત્રીઓના પુત્રવિવાદમાં માતા વડે જે રીતે કહેવાયું તે રીતે અહીં જાણવું. પણ વિશેષ આ પ્રમાણે છે. (૫૮૩)

**रायंगणम्मि चिट्ठइ, एसो अहिणवसमुग्गओ भूओ ।**
**पुत्तो य मज्झ उदरे, अत्थि महाबुद्धिसंपन्नो ॥५८४॥**

राजाङ्गणे तिष्ठति एष अभिनवसमुद्गतो भूतः ।
पुत्रश्च ममोदरेऽस्ति महाबुद्धिसंपन्नः ॥५८४॥

(વિવાદનો નિર્ણય કરાવવા માટે આવેલી બે સ્ત્રીઓને શ્યામા માતાએ કહ્યું કે) રાજાના (= રાજમહેલના) આંગણે આ નવું ઉત્પન્ન થયેલું વૃક્ષ છે, અને મારા ઉદરમાં મહાબુદ્ધિમાન પુત્ર છે. (૫૮૪)

**एसो जोव्वणपत्तो, इमस्स वरपायवस्स छायाए ।**
**एयं तुम्ह विवायं, छिंदिस्सइ नेत्थ संदेहो ॥५८५॥**

एष यौवनप्राप्तोऽस्य वरपादपस्य छायायाम् ।
एतं तव विवादं छेत्स्यति नाऽत्र संदेहः ।।५८५।।

યૌવનને પામેલો આ પુત્ર આ શ્રેષ્ઠ વૃક્ષની છાયામાં તમારા આ વિવાદને છેદશે. આમાં જરાય સંદેહ નથી. (૫૮૫)

**तत्तियमेत्तं कालं, ता चिट्ठह ताव निब्भुया तुब्भे ।**
**पडिवन्नममायाए, माया न खमइ मुहुत्तं पि ॥५८६॥**

तावन्मात्रं कालं ततः तिष्ठत तावत् निभृता यूयम् ।
प्रतिपन्नममातृकया माता न क्षमते मुहूर्तमपि ।।५८६।।

**भणइ य फिट्टइ गेहं, एवं दुण्ह वि विभिन्नचित्ताणं ।**
**जं वा तं वादाओ अप्पिज्जइ देवि ! मम पुत्तो ॥५८७॥**

भणति च स्फेटयति गेहमेवं द्वयोरपि विभिन्नचित्तयोः ।
यद् वा तद् वादादर्प्यते देवि ! मम पुत्रः ।।५८७।।

તેથી તેટલા કાળ સુધી તમે બંને શાંત રહો. જે સાચી માતા ન હતી તેણે આ સ્વીકાર્યું. સાચી માતા એક મુહૂર્ત પણ સહન કરતી નથી, અને કહે છે કે– આ પ્રમાણે ભિન્ન ચિત્તવાળી અમારા બેનું ઘર ભાંગે છે. હે દેવી ! જે તે વાદથી મારો પુત્ર આપો. (૫૮૬-૫૮૭)

**नियमइ कोसल्लेणं, सामा नाऊण तासि परमत्थं ।**
**छिंदइ तं ववहारं, पुव्वुत्तकमेण नीसेसं ॥५८८॥**

नियमयति कौशलेन श्यामा ज्ञात्वा तयोः परमार्थम् ।
छिनत्ति तं व्यवहारं पूर्वोक्तक्रमेण निःशेषम् ।।५८८।।

શ્યામા માતા કુશલતાથી તે બેનો પરમાર્થ જાણીને નિશ્ચય કરે છે. પછી પૂર્વોક્ત (૫૬૨-૩-૪ ગાથાઓમાં કહેલ) ક્રમથી સઘળા વિવાદને છેદે છે,

અર્થાત્ ન્યાય આપીને વિવાદનો અંત લાવે છે. (૫૮૮)

**एवं विमलं बुद्धिं, कयवम्मनराहिवेण नाऊण ।**
**एसो गब्भपभावो, सुयस्स विमलो कयं नाम ॥५८९॥**

एवं विमलां बुद्धिं कृतवर्मनराधिपेन ज्ञात्वा ।
एष गर्भप्रभावः सुतस्य विमलः कृतं नाम ॥५८९॥

આ પ્રમાણે માતાની વિમલ બુદ્ધિને જાણીને કૃતવર્મ રાજાએ આ ગર્ભનો પ્રભાવ છે એમ વિચારીને પુત્રનું **વિમલ** એવું નામ કર્યું. (૫૮૯)

**नाणं जेण अणंतं, बलं च विरियं च सासयसुहं च ।**
**तेण जिणेंदोऽनंतो, अन्नं पि हु कारणं अत्थि ॥५९०॥**

ज्ञानं येन अनन्तं बलं च वीर्यं च शाश्वतसुखं च ।
तेन जिनेन्द्रोऽनन्तो ऽन्यदपि खलु कारणमस्ति ॥५९०॥

**जम्हाऽवयारसमए, जएक्कनाहस्स दिट्ठमंबाए ।**
**रयणविचित्तमणंतं, दामं सुमिणे तओऽणंतो ॥५९१॥**

यस्मादवतारसमये जगदेकनाथस्य दृष्टमम्बया ।
रत्नविचित्रमनन्तं दाम स्वप्ने ततोऽनन्तः ॥५९१॥

અનંતજ્ઞાન, અનંતબલ, અનંતવીર્ય અને અનંત શાશ્વત સુખ હોવાના કારણે જિનેંદ્ર અનંત કહેવાય છે. બીજું પણ કારણ છે. ભગવાન માતાના ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ સ્વપ્નમાં રત્નોથી જડેલો અનંત=મોટો હાર જોયો. તેથી પ્રભુનું **અનંત** એવું નામ થયું. (૫૯૦-૫૯૧)

**धम्मफलभूयरूवाइगुणगणो धम्मदेसओ सो सो ।**
**पच्चक्खो धम्मो इव, भन्नइ धम्मो जिणो तेण ॥५९२॥**

धर्मफलभूतरूपादिगुणगणो धर्मदेशकः स सः ।
प्रत्यक्षो धर्म इव भण्यते धर्मो जिनस्तेन ॥५९२॥

ધર્મના ફલ સ્વરૂપ રૂપ વગેરે ગુણસમૂહથી યુક્ત અને ધર્મના દેશક ભગવાન જાણે સાક્ષાત્ ધર્મ છે એથી ભગવાન ધર્મ કહેવાય છે. (૫૯૨)

**अहवा –**

**अहिओ धम्मुच्छाहो, जाओ जणणीए तम्मि उअरत्थे ।**
**तुट्ठेण तेण पिउणा, जिणस्स धम्मो कयं नाम ॥५९३॥**

अथवा–

अधिको धर्मोत्साहो जातो जनन्याः तस्मिन्नुदरस्थे ।
तुष्टेन तेन पित्रा जिनस्य धर्मः कृतं नाम ॥५९३॥

**અથવા**– ભગવાન માતાના ઉદરમાં હતા ત્યારે માતાને ધર્મમાં અધિક ઉત્સાહ થયો, તેથી તુષ્ટ થયેલા પિતાએ જિનનું **ધર્મ** એવું નામ કર્યું. (૫૯૩)

**संती पसमो भन्नइ, अव्वइरित्तो य तीए तो सन्ती ।**
**रागद्दोसविउत्तो, भावत्थो होइ एयस्स ॥५९४॥**

शान्तिः प्रशमो भण्यतेऽव्यतिरिक्तश्च तया ततः शान्तिः ।
रागद्वेषवियुक्तो भावार्थो भवत्येतस्य ॥५९४॥

શાંતિ એટલે પ્રશમ. ભગવાન પ્રશમથી ભિન્ન નથી = પ્રશમ સ્વરૂપ છે. તેથી ભગવાન શાંતિ કહેવાય છે. આનો ભાવાર્થ એ છે કે ભગવાન રાગ-દ્વેષથી રહિત છે. (૫૯૪)

**अन्नं पि एत्थ कारणमिमस्स नामस्स गयउरे नयरे ।**
**जायं महंतमसिवं, खुद्दसुरकोवदोसेण ॥५९५॥**

अन्यदप्यत्र कारणमस्य नाम्नो गजपुरे नगरे ।
जातं महदशिवं क्षुद्रसुरकोपदोषेण ॥५९५॥

**अइरादेवीउयरे, अवयरिए सोलसम्मि तित्थयरे ।**
**असिवं ज्झत्ति पणट्ठं, तिमिरं व समुग्गए सूरे ॥५९६॥**

अचिरादेव्युदरेऽवतीर्णे षोडशे तीर्थकरे ।
अशिवं झटिति प्रणष्टं तिमिरमिव समुद्गते सूर्ये ।।५९६।।

**जाया पुरम्मि संती, तत्तो तुट्ठेण वीससेणेणं ।**
**संति त्ति कयं नामं, तिलोयचूडामणिजिणस्स ।।५९७।।**

जाता पुरे शान्तिः ततस्तुष्टेन विश्वसेनेन ।
शान्तिरिति कृतं नाम त्रिलोकचूडामणिजिनस्य ।।५९७।।

શાંતિ એવા નામનું બીજું પણ કારણ છે. ગજપુરનગરમાં ક્ષુદ્રદેવના કોપદોષથી મહાન ઉપદ્રવ થયો. સોળમાં તીર્થંકરનું અચિરા દેવીના ઉદરમાં અવતરણ (= આગમન) થતાં જેવી રીતે સૂર્યોદય થતાં અંધકાર નાશ પામે તેમ ઉપદ્રવ તરત નાશ પામી ગયો. નગરમાં શાંતિ થઈ. તેથી તુષ્ટ થયેલા વિશ્વસેન રાજાએ ત્રિલોક ચૂડામણિ એવા જિનનું **શાંતિ** એવું નામ કર્યું. (૫૯૫ થી ૫૯૭)

**रयणमयमहाथूभं, दट्ठूण घरंगणागयं सुमिणे ।**
**जं पडिबुद्धा देवी सुयस्स कुंथू कयं नाम ।।५९८।।**

रत्नमयमहास्तूपं दृष्ट्वा गृहाङ्गणागतं स्वप्ने ।
यत् प्रतिबुद्धा देवी सुतस्य कुन्थुः कृतं नाम ।।५९८।।

(કુંથુ એટલે સ્તુપ.) ભગવાનના માતા સ્વપ્નમાં ઘરના આંગણે આવેલ રત્નમય મહાન સ્તુપને જોઈને જાગી ગયા, તેથી પુત્રનું '**કુંથુ**' એવું નામ કર્યું. (૫૯૮)

**नो राइ नो पयच्छइ, सावं वाऽणुग्गहं च जीवाणं ।**
**राग-द्दोसविउत्तो, होइ जिणेंदो अरो तेण ।।५९९।।**

नो राति नो प्रयच्छति शापं वाऽनुग्रहं च जीवानाम् ।
राग-द्वेषवियुक्तो भवति जिनेन्द्रोऽरस्तेन ।।५९९।।

અર શબ્દના અ અને ર એમ બે વિભાગ છે. અનો નિષેધ અર્થ છે. ર એટલે આપનાર. રાગ-દ્વેષથી રહિત ભગવાન જીવોને શાપ કે અનુગ્રહ આપતા નથી તેથી અર છે. (૫૯૯)

**अहवा –**

**उत्तमरहंगजोगो, लद्धो सुमहारिओ अरो सुविणे ।**

**जणणीए तेण कयं, अरो त्ति नामं जिणेंदस्स ॥६००॥**

अथवा–

उत्तमरथाङ्गयोगो लब्धः सुमहार्होऽरः स्वप्ने ।

जनन्या तेन कृतमर इति नाम जिनेन्द्रस्य ।।६००।।

**અથવા-** માતાએ સ્વપ્નમાં ઉત્તમ રથની સાથે જોડાયેલો અતિ સુંદર અને અતિ કિંમતી ચક્રનો આરો જોયો. તેથી ભગવાનનું **અર** એવું નામ કર્યું.

**વિશેષાર્થઃ–** અહીં उत्तमरथाङ्गयोगो એ પદનો વિગ્રહ આ પ્રમાણે છે उत्तमानि यानि रथाङ्गानि तेषु (तैः सह वा) योगः = सम्बन्धः यस्यासौ उत्तमरथाङ्गयोगः । આનો ભાવાર્થ "ઉત્તમ રથની સાથે જોડાયેલો" એવો છે. કારણકે રથની સાથે જોડાય તો જ એનો રથનાં અંગોની સાથે સંબંધ થાય. (૬૦૦)

**मोहाइमल्लमहणो, विज्जइ मल्लो परिग्गहे जम्हा ।**

**सुक्कज्झाणऽभिहाणो, भन्नइ तम्हा जिणो मल्ली ॥६०१॥**

मोहादिमल्लमथनो विद्यते मल्लः परिग्रहे यस्मात् ।

शुक्लध्यानाभिधानो भण्यते तस्माद् जिनो मल्लिः ।।६०१।।

**अन्नं च–**

**कुच्छिगए जिणनाहे, देवीएँ पभावईएँ उप्पन्नो ।**

**वरसुरहिमल्लसयणम्मि डोहलो तेण मल्लिजिणो ॥६०२॥**

अन्यच्च –

कुक्षिगते जिननाथे देव्याः प्रभावत्या उत्पन्नः ।

वरसुरभिमाल्यशयने दोहदस्तेन मल्लिजिनः ।।६०२।।

મોહાદિરૂપ મલ્લનો નાશ કરે છે. કારણકે શુક્લ ધ્યાન નામનો મલ્લ સર્વ પરિગ્રહોનો નાશ કરે છે. તેથી જિન મલ્લિ કહેવાય છે. બીજું કારણ આ

છે– ભગવાન માતાની કુક્ષિમાં ગયા (=આવ્યા) ત્યારે પ્રભાવતી રાણીને શ્રેષ્ઠ સુગંધી પુષ્પમાળાઓથી બનાવેલી શય્યામાં સુવાનો દોહલો થયો. તેથી જિનનું **મલ્લિ** એવું નામ થયું. (૬૦૧-૬૦૨)

**मुणइ तिकालावत्थं, जयस्स जं सो भवे मुणी तेण ।**
**सोहणवएहिं जुत्तो, त्ति सुव्वओ पयदुगं नामं ॥६०३॥**

जानाति त्रिकालावस्थां जगतो यत् स भवेद् मुनिस्तेन ।
शोभनव्रतैर्युक्त इति सुव्रतः पदद्विकं नाम ।।६०३।।

**जइ वि हु सव्वे एवंविह त्ति तह वि हु इमम्मि गब्भगए ।**
**जाया जणणी जं सुव्वय त्ति मुनिसुव्वओ तम्हा ॥६०४॥**

यद्यपि खलु सर्वे एवंविधा इति तथाऽपि खल्वस्मिन् गर्भगते ।
जाता जननी यत् सुव्रता इति मुनिसुव्रतस्तस्मात् ।।६०४।।

જે જગતની ત્રણ કાળની અવસ્થાને (=સ્વરૂપને) જાણે છે તે મુનિ છે. શુભવ્રતોથી યુક્ત હોવાથી સુવ્રત છે. મુનિસુવ્રત એ નામ બે પદવાળું છે. જો કે સર્વ તીર્થંકરો આવા છે. તો પણ વિશેષ કારણ આ છે– ભગવાન માતાના ગર્ભમાં ગયા ત્યારે માતા શુભવ્રતોવાળાં થયાં તેથી **મુનિસુવ્રત** એવું નામ છે. (૬૦૩-૬૦૪)

**उत्तमगुणगणगरुयत्तणेण नमिया सुरासुरा जम्हा ।**
**चलणेसु भुवणगुरुणो, तेण नमी भन्नए भयवं ॥६०५॥**

उत्तमगुणगणगुरुकत्वेन नताः सुराऽसुरा यस्मात् ।
चरणयोर्भुवनगुरोस्तेन नमिर्भण्यते भगवान् ।।६०५।।

**तह वि विसेसनिमित्तं, विजयनरेंदस्स मंदिरे सोउं ।**
**विबुहनिवहेहि विहियं, सुयजम्ममहामहं रम्मं ॥६०६॥**

तथाऽपि विशेषनिमित्तं विजयनरेन्द्रस्य मन्दिरे श्रुत्वा ।
विबुधनिवहैर्विहितं सुतजन्ममहामहं रम्यम् ।।६०६।।

**ईसा-मच्छरगरुयत्तणेण आगामिपरिभवभयाओ ।**
**रुद्धा पच्चंतियपत्थवेहि तुरियं पुरीमहिला ॥६०७॥**

ईर्ष्या-मत्सरगुरुकत्वेन आगामिपरिभवभयात् ।
रुद्धा प्रत्यन्तिकपार्थिवैस्त्वरितं पुरीमिथिला ॥६०७॥

**वड्डियचिंते लोए, विजयनरिंदम्मि वाउलीभूए ।**
**मूढम्मि मंतिवग्गे, अइघोरे कोट्टरोहम्मि ॥६०८॥**

वृद्धचिन्ते लोके विजयनरेन्द्रे व्याकुलीभूते ।
मूढे मन्त्रिवर्गे अतिघोरे कोट्टरोहे(धे) ॥६०८॥

**चिंतइ वप्पाएवी, सुरवइमहियस्स मज्झ तणयस्स ।**
**मज्झण्हंदिणयरस्स व, तेयं विसहंति कह रिउणो ? ॥६०९॥**

चिन्तयति वप्रादेवी सुरपतिमहितस्य मम तनयस्य ।
मध्याह्नदिनकरस्येव तेजो विषहन्ते कथं रिपवः ? ॥६०९॥

**तम्हा दंसेमि इमं, गोसे सव्वेसि दुट्ठराईणं ।**
**पणमंति पलायंति व, सयराहं जेण सव्वे वि ॥६१०॥**

तस्माद् दर्शयामीमं गोषे सर्वेषां दुष्टराजानाम् ।
प्रणमन्ति पलायन्ते वा शीघ्रं येन सर्वेऽपि ॥६१०॥

**मग्गाणुसारिपरिणामियाएँ बुद्धीए भाविऊणेवं ।**
**उच्छंगधरियबाला, सूरुदए सालमारूढा ॥६११॥**

मार्गानुसारिपारिणामिक्या बुद्ध्या भावयित्वैवम्
उत्सङ्गधृतबाला सूर्योदये शालमारूढा ॥६११॥

**दट्ठूण जिणवरेंदं, रायाणो माण-मच्छरविउत्ता ।**
**पणमंति पणयसारं, सेवगभावं पवन्नंति ॥६१२॥**

दृष्ट्वा जिनवरेन्द्रं राजानो मान-मत्सरवियुक्ताः ।
प्रणमन्ति प्रणत(य)सारं सेवकभावं प्रपन्नयन्ति ॥६१२॥

**जं नमिया सयलनिवा, जिणस्स अच्चंतबलसमुन्नद्धा ।**
**तेण विजएण रन्ना, नमि त्ति नामं विणिम्मवियं ॥६१३॥**

यद् नताः सकलनृपा जिनस्यात्यन्तबलसमुन्नद्धाः ।
तेन विजयेन राज्ञा 'नमिः' इति नाम विनिर्मापितम् ।।६१३।।

ભગવાન ઉત્તમગુણોના સમૂહથી મહાન હોવાથી જગદ્ગુરુ એવા ભગવાનનાં ચરણોમાં સુરો અને અસુરો નમ્યા તેથી ભગવાન નમિ કહેવાય છે. તો પણ આમાં વિશેષ નિમિત્ત આ છે– વિજય રાજાના મહેલમાં દેવોના સમુદાયે પુત્ર જન્મનો મનોહર મહોત્સવ કર્યો. આ સાંભળીને નજીક દેશના રાજાઓ ઈર્ષ્યા અને દ્વેષથી ભારે બન્યા. તથા તેમને ભવિષ્યમાં વિજયરાજા અમારો પરાભવ કરશે એવો ભય ઉત્પન્ન થયો. આથી તે રાજાઓએ તુરત મિથિલાનગરીને ઘેરી લીધી. અતિ ભયંકર નગરઘેરો થતાં લોકો ઘણી ચિંતામાં પડ્યા. વિજય રાજા વ્યાકુલ થયો. મંત્રી વર્ગ મૂઢ બની ગયો. વપ્રાદેવી વિચારે છે કે– ઈંદ્રોથી પૂજાયેલા મારા પુત્રના તેજને શત્રુઓ મધ્યાહ્નના સૂર્યના તેજની જેમ કેવી રીતે સહન કરે ? અર્થાત્ સહન ન કરી શકે. તેથી સર્વ દુષ્ટરાજાઓને આ પુત્ર બતાવું. જેથી બધાય રાજા જલદી પ્રણામ કરે કે પલાયન થઈ જાય. માર્ગને અનુસરનારી પારિણામિકી બુદ્ધિથી આ પ્રમાણે વિચારીને બાળકને ખોળામાં ધારણ કરીને સૂર્યોદય થતાં વપ્રાદેવી નગરના કોટ ઉપર ચઢી. શ્રેષ્ઠ જિનેન્દ્રને જોઈને માન અને દ્વેષથી રહિત બનેલા રાજાઓ જિનને પ્રણામ કરે છે, અને સ્નેહની મુખ્યતાવાળા સેવકભાવને સ્વીકારે છે. બલથી અત્યંત અભિમાની સર્વ રાજાઓ જિનને નમ્યા તેથી વિજય રાજાએ **નમિ** એવું નામ સ્થાપિત કર્યું. (૬૦૫ થી ૬૧૩)

**भन्नइ अरिट्ठमसुहं, नेमी चक्काउहस्स खलु धारा ।**
**असुहस्स नेमिभूओ, अरिट्ठनेमी जिणो तेण ॥६१४॥**

भण्यतेऽरिष्टमसुभं नेमिश्चक्रायुधस्य खलु धारा ।
अशुभस्य नेमिभूतोऽरिष्टनेमिर्जिनस्तेन ।।६१४।।

**अहवा सिवादेवीए, दिट्ठं सुमिणम्मि तुट्ठिसंजणयं ।**
**रिट्ठरयणं च नेमिं, उप्पयमाणं तओ नेमी ॥६१५॥**

अथवा शिवादेव्या दृष्टं स्वप्ने तुष्टिसंजनकम् ।
रिष्टरत्नं च नेमिमुत्पतत् ततो नेमिः ।।६१५।।

અરિષ્ટનેમિ શબ્દમાં અરિષ્ટ અને નેમિ એમ બે વિભાગ છે. તેમાં અરિષ્ટ એટલે અશુભ. નેમિ એટલે ચક્ર નામના શસ્ત્રની ધારા. અશુભને છેદવા માટે ચક્ર સ્વરૂપ હોવાથી જિન અરિષ્ટનેમિ છે. અથવા શિવાદેવીએ સ્વપ્નમાં સંતોષજનક અને રિષ્ટ રત્નમય નેમિને = ચક્રધારાને ઊંચે જતો જોયો એથી **નેમિ** એવું નામ થયું. (૬૧૪-૬૧૫)

**पासइ लोया-ऽलोयं, तीया-ऽणागए य पज्जाए ।**
**तम्हा भन्नइ पासो, दुइयं पि हु कारणं एयं ।।६१६।।**

पश्यति लोका-ऽलोकम् अतीता-ऽनागतांश्च पर्यायान् ।
तस्माद् भण्यते पार्श्वः, द्वितीयमपि खलु कारणमेतत् ।।६१६।।

**सप्पं सयणे जणणी, जं पासइ तमसि तेण पासजिणो ।**
**पासम्मि समीवम्मि (य) नाणेण जणस्स तो पासो ।।६१७।।**

सर्पं शयने जननी यद् पश्यति तमसि तेन पार्श्वजिनः ।
पार्श्वे समीपे च ज्ञानेन जनस्य ततः पार्श्वः ।।६१७।।

લોકાલોકને અને ભૂતકાળ-ભવિષ્યકાળના પર્યાયોને જુએ છે તેથી પાર્શ્વ કહેવાય છે. બીજું પણ કારણ આ છે– માતાએ અંધકારમાં પણ શય્યામાં સાપને જોયો તેથી જિન **પાર્શ્વ** કહેવાય છે. (અથવા) જ્ઞાનથી લોકની (પાર્શ્વે =) નજીકમાં છે તેથી પાર્શ્વ છે. (૬૧૬-૬૧૭)

**जम्हा जम्मप्पभिई रूवेण बलेण नाण-चरणेहिं ।**
**जाओ पवड्ढमाणो, तेण जिणो वद्धमाणु त्ति ।।६१८।।**

यस्माद् जन्मप्रभृति रूपेण बलेन ज्ञान-चरणैः ।
जातः प्रवर्धमानः तेन जिनो वर्धमान इति ।।६१८।।

**जइ वा–**

**गय-तुरय-कोस-कोट्ठागार-गाम-नगरेहि भिच्च-रयणेहिं ।**
**जायं पवड्ढमाणं, नायकुलं जेण अणुदियहं ॥६१९॥**

यदि वा—

गज-तुरग-कोश-कोष्ठागार-ग्राम-नगरैर्भृत्य-रत्नैः ।
जातं प्रवर्धमानं ज्ञातकुलं येनाऽनुदिवसम् ॥६१९॥

**तिसलादेवीगब्भे, संकंते चरिमजिणवरे जेण ।**
**तुट्ठेण ततो पिउणाऽवि वद्धमाणो कयं नामं ॥६२०॥**

त्रिशलादेवीगर्भे संक्रान्ते चरमजिनवरे येन ।
तुष्टेन ततः पित्राऽपि वर्धमानः कृतं नाम ॥६२०॥

જિન જન્મથી જ રૂપ, બલ, જ્ઞાન અને ચારિત્રથી વધતા રહ્યાં તેથી વર્ધમાન છે. અથવા અંતિમ જિનવર ત્રિશલાદેવીના ગર્ભમાં આવ્યા ત્યારથી જ્ઞાતકુલ હાથી, અશ્વ, ભંડાર, કોઠાર, ગામ, નોકર અને રત્નોથી પ્રતિદિન વધતું રહ્યું. તેથી ખુશ થયેલા પિતાએ **વર્ધમાન** નામ કર્યું (૬૧૮ થી ૬૨૦)

**"एवं मए"** गाहासूत्रम् ॥

पूर्णमूलम्—

**एवं मए अभिथुआ विहुयरयमला पहीणजरमरणा ।**
**चउवीसं पि जिणवरा तित्थयरा मे पसीअंतु ॥५॥**

**एवं ति भणियविहिणा, मए त्ति अप्पाणमाह वंदारू ।**
**अभिमुहभावेण थुया, अभित्थुया नो पमत्तेण ॥६२१॥**

एवमिति भणितविधिना मयेत्यात्मानमाह वन्दारुः ।
अभिमुखभावेन स्तुता अभिष्टुता नो प्रमत्तेन ॥६२१॥

एवं मए **ઈત્યાદિ ગાથાસૂત્રનો અર્થ આ પ્રમાણે છે—**

एवं એટલે ઉક્ત રીતે. मए એટલે મારા વડે. मए પદથી વંદન કરનાર પોતાને સૂચવે છે. अभि એટલે અભિમુખ ભાવથી=સન્મુખભાવથી. थुआ એટલે

સ્તવાયા. સન્મુખ ભાવથી એટલે ચોવીસે જિનો મારી સામે રહેલા છે એ પ્રમાણે મનમાં ધારણાથી. આનાથી એ સૂચિત કર્યું કે– જિનવરો પ્રમત્તભાવથી સ્તુતિ કરાયા નથી, કિંતુ અપ્રમત્તભાવથી સ્તુતિ કરાયા છે. (૬૨૧)

**कम्मं रय त्ति वुच्चइ, बज्झंतं बद्धयं मलं होइ ।**
**विहुयमवणीयमुभयं पि जेहि ते विहुयरयमलया ॥६२२॥**

कर्म रज इति उच्यते बध्यमानं बद्धकं मलो भवति ।
विधूतमपनीतम्, उभयमपि यैस्ते विधूतरजो-मलकाः ।।६२२।।

અહીં આવશ્યક નિર્યુક્તિની ટીકા આ પ્રમાણે છે–

रजश्च मलश्च रजोमलौ विधूतौ– प्रकम्पितौ, अनेकार्थत्वाद् वा अपनीतौ रजोमलौ यैस्ते तथाविधाः, तत्र बध्यमानं कर्म रजो भण्यते, पूर्वबद्धं तु मल इति, अथवा बद्धं रजः निकाचितं मलः, अथवेर्यापथं रजः साम्परायिकं मल इति ।

**ટીકાર્થ** - રજ અને મલ એ બંનેને જેમણે દૂર કર્યા છે તે વિહુયરયમલા. તેમાં રજ એટલે વર્તમાનમાં બંધાતું કર્મ, અને મલ એટલે પૂર્વે બંધાયેલું કર્મ. અથવા પૂર્વે બંધાયેલું કર્મ રજ કહેવાય છે, અને નિકાચિતકર્મ મલ કહેવાય છે. અથવા ઈર્યાપથિકી રજ કહેવાય છે, અને સાંપરાયિક કર્મ મલ કહેવાય છે. (૬૨૨)

**जेसि पहीणं नट्ठं, जरमरणं ते पहीणजर-मरणा ।**
**चउवीसं ति य गणणा, अवि-सद्दाओ तदन्नेऽवि ॥६२३॥**

येषां प्रहीणं नष्टं जरा-मरणं ते प्रहीणजरा-मरणाः ।
चतुर्विंशतिरिति च गणना अपि-शब्दात् तदन्येऽपि ।।६२३।।

**रागाइजएण जिणा, ओही-मणनाणिणोऽवि किर हुंति ।**
**तेसि वरा केवलिणो, ते सामन्नाऽवि हु भवंति ॥६२४॥**

रागादिजयेन जिना अवधि-मनोज्ञानिनोऽपि किल भवन्ति ।
तेषु वराः केवलिनस्ते सामान्या अपि खलु भवन्ति ।।६२४।।

**तो भन्नइ तित्थयरा, तेसिं अत्थो वियाहिओ चेव ।**
**मे मज्झ पसीयंतु त्ति तोषवंतो सया होंतु ॥६२५॥**

ततो भण्यते तीर्थकराः, तेषामर्थो व्याख्यात एव ।
मे मम प्रसीदन्तु इति तोषवन्तः सदा भवन्तु ।।६२५।।

જેમના જરા-મરણ નાશ પામી ગયા છે તે પહીણ-જર-મરણા. ચોવીસ એ સંખ્યા છે. अपि શબ્દથી ચોવીસથી બીજા તીર્થંકરો પણ જાણવા. રાગાદિને જિતવાથી જિન. અવધિજ્ઞાનીઓ અને મનઃપર્યવજ્ઞાનીઓ પણ જિન છે. માટે 'જિનવર' એમ કહ્યું. જિનોમાં શ્રેષ્ઠ તે જિનવર. જિનવર એટલે કેવલી. સામાન્ય કેવલી પણ કેવલી હોય છે. તેથી તીર્થંકરો એમ કહ્યું. (સામાન્ય કેવલી તીર્થંકર નથી.) તીર્થંકર શબ્દના અર્થનું વ્યાખ્યાન પૂર્વે (નમુત્થુણં સૂત્રના વર્ણનમાં) કહી દીધું છે. मे એટલે મને (= મારા ઉપર). पसीयंतु એટલે સદા પ્રસન્ન થાઓ. (૬૨૩-૪-૫)

**चोयगो –**
**तूसंति संथुया जे, नियमा रूसंति निंदिया ते उ ।**
**कह वीयरागसद्दं, वहंति ? ते कह व थोयव्वा ? ॥६२६॥**

चोदकः--
तुष्यन्ति संस्तुता ये नियमाद् रुष्यन्ति निन्दितास्ते तु ।
कथं वीतरागशब्दं वहन्ति ? ते कथं वा स्तोतव्याः ? ।।६२६।।

**अह ते न पसीयंति हु, कज्जं भणिएण ता किमेएण ? ।**
**सच्चं ते भगवंतो, विरागदोसा न तूसंति ॥६२७॥**

अथ ते न प्रसीदन्ति खलु कार्यं भणितेन ततः किमेतेन ?
सत्यं ते भगवन्तो विरागद्वेषा न तुष्यन्ति ।।६२७।।

**भत्तिभणिएण इमिणा, कम्मक्खउवसमभावओ तह वि ।**
**भवियाण सुकल्लाणं, कसायफल(? खय)भूयमल्लियइ ॥६२८॥**

भक्तिभणितेनाऽनेन कर्मक्षयो-पशमभावतस्तथाऽपि ।
भव्यानां सुकल्याणं कषायफल(? क्षय)भूतमालीयते ।।६२८।।

અહીં પ્રશ્નકાર કહે છે–

**પ્રશ્નઃ**– સ્તુતિ કરાયેલા જે પ્રસન્ન થાય, નિંદા કરાયેલા તે રોષ કરે. જે પ્રસન્ન થાય અને રોષ કરે તે વીતરાગ શબ્દને કેવી રીતે ધારણ કરે ? અર્થાત્ તેમને વીતરાગ કેવી રીતે કહી શકાય ? તથા તે કેવી રીતે સ્તુતિ કરવા લાયક થાય ? હવે જો તે પ્રસન્ન થતા નથી, તો આ કહેવાનું શું કામ છે ?

**ઉત્તરઃ**– તે સાચી વાત છે કે વીતરાગ ભગવંતો પ્રસન્ન થતા નથી. તો પણ ભક્તિથી કરાયેલા આ કથનથી (= સ્તુતિથી) કર્મોનો ક્ષય-ઉપશમ ભાવ થાય છે અને એનાથી ભવ્યોનું કષાયક્ષય સ્વરૂપ સુકલ્યાણ થાય છે.

**વિશેષાર્થઃ**– ભગવાન પ્રસન્ન ન થતા હોવા છતાં સ્તુતિથી ઈષ્ટ ફળની પ્રાપ્તિ વિષે અગ્નિનું દૃષ્ટાંત છે. અગ્નિ ઠંડીથી પીડાતા ઉપર દ્વેષ કરતો નથી, અને રાગ પણ કરતો નથી. છતાં વિધિ પૂર્વક અગ્નિનું સેવન કરનાર ઈષ્ટફળ (ગરમી-સ્ફૂર્તિ) મેળવે છે. તેવી રીતે અંતઃકરણની શુદ્ધિથી સ્તુતિ કરનારાઓને સ્તુતિપૂર્વક જ ઈષ્ટફળની (= કષાયશાંતિ વગેરેની) પ્રાપ્તિ થાય છે.

[અહીં कसायफलभूयं ના સ્થાને कषायखयभूयं એમ હોવું જોઈએ એમ સમજીને અર્થ કર્યો છે.

कसायफलभूयं એવા પ્રયોગથી અર્થ બેસી જતો હોય તો બેસાડવો. મુને એ પ્રયોગથી અર્થ બેઠો નથી.] (૬૨૬-૭-૮)

**"कित्तिय-वंदिय-महिया"** गाहासूत्रम् ।। पूर्णमूलम्–

**कित्तिय-वंदिय-महिया जे ए लोगस्स उत्तमा सिद्धा ।**
**आरुग्ग-बोहिलाभं समाहि वरमुत्तमं दिंतु ॥६॥**

**नामेहि समुच्चरिया, कित्तिया वंदिया सिरोनमणा ।**
**पुप्फाइएहि महिया, मय त्ति वा वायणा सुगमा ॥६२९॥**

नामभिः समुच्चरिताः कीर्तिता वन्दिताः शिरोनमनात् ।
पुष्पादिकैर्महिता मयेति वा वाचना सुगमा ।।६२९।।

**जे पच्चक्खा एए, लोगस्स सुरा-ऽसुराइरूवस्स ।**
**उच्छन्नतमत्ता उत्तम त्ति सिद्धा सिवं पत्ता ॥६३०॥**

ये प्रत्यक्षा एते लोकस्य सुरा-ऽसुरादिरूपस्य ।
उच्छन्नतमस्त्वाद् उत्तमा इति सिद्धाः शिवं प्राप्ताः ॥६३०॥

હવે कित्तिय-वंदिय-महिया એ **ગાથાસૂત્રનો અર્થ કહે છે—**

કીર્તિત એટલે નામથી સમ્યક્ કહેવાયેલા, મસ્તક નમાવવાથી વંદિત = વંદાયેલા. પુષ્પ આદિથી મહિત=પૂજાયેલા. मया પદનું વ્યાખ્યાન સુગમ છે. (मया પદ एवं मए એ પૂર્વની ગાથામાંથી અહીં લીધું છે.) મારાથી કીર્તિત, વંદિત અને મહિત. जे ऐ = જે આ પ્રત્યક્ષ છે તે. लोगस्स उत्तमा = અજ્ઞાનરૂપ અંધકારનો નાશ થવાથી સુર-અસુર આદિ લોકમાં ઉત્તમ. सिद्धा = મોક્ષને પામેલા. (૬૨૯-૬૩૦)

**रोगाभावं आरोग्गमाहु तस्साहु(ह)गो उ जो पेच्चा ।**
**बोहीलाभो जिणधम्मसंपया तं महं दिंतु ॥६३१॥**

रोगाऽभावं आरोग्यमाहुः तत्साधु(ध)कस्तु यः प्रेत्य ।
बोधिलाभो जिनधर्मसंपदा तं मह्यं ददतु ॥६३१॥

રોગાભાવને આરોગ્ય કહે છે. આરોગ્યને સાધી આપનાર જે બોધિલાભ (= પરલોકમાં જિનધર્મ પ્રાપ્તિ) તે મને આપો. (૬૩૧)

**मणनिव्वुई समाही, तेण वरं देंतु बोहिलाभं मे ।**
**तस्स वि सव्वपहाणत्तसाहगं उत्तमं भणियं ॥६३२॥**

मनोनिर्वृतिः समाधिः तेन वरं ददतु बोधिलाभं मम ।
तस्याऽपि सर्वप्रधानत्वसाधकमुत्तमं भणितम् ॥६३२॥

સમાધિ એટલે મનની શાંતિ, સમાધિથી વર=શ્રેષ્ઠ એવો બોધિલાભ મને આપો. સમાધિના પણ સર્વપ્રધાનપણાના સાધક = સર્વોત્કૃષ્ટ સમાધિના સાધક બોધિલાભને ઉત્તમ કહ્યો છે. તાત્પર્ય— સર્વોત્કૃષ્ટ સમાધિને સિદ્ધ કરી આપે તેવો ઉત્તમ બોધિલાભ મને આપો.

**વિશેષાર્થઃ**— અહીં બોધિલાભ મુખ્ય છે. બીજા પદો બોધિલાભના વિશેષણો છે. તે આ પ્રમાણે— બોધિલાભની માગણી આરોગ્ય (= મોક્ષ) માટે છે. એથી आरोग्यार्थं बोधिलाभः आरोग्यबोधिलाभः એવો મધ્યમપદ લોપી સમાસ છે. બીજું વિશેષણ સમાધિવર છે. સમાધિથી વર = શ્રેષ્ઠ એવો બોધિલાભ મને આપો. અહીં સમાધિથી શ્રેષ્ઠ એવા બોધિલાભની માગણી એટલા માટે કરી છે કે બોધિલાભ થવા છતાં સમાધિ વિના મોક્ષ ન થાય. મોક્ષ માટે બોધિલાભ જોઈએ. બોધિલાભ મોક્ષ ત્યારે જ સાધી આપે કે જ્યારે સમાધિની સહાયતા મળે. માટે અહીં સમાધિથી શ્રેષ્ઠ બોધિલાભની માગણી કરી છે. સમાધિના દ્રવ્યસમાધિ અને ભાવસમાધિ એમ બે ભેદ છે. ઔષધ વગેરે દ્રવ્યસમાધિ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર ભાવ સમાધિ છે. ત્રીજું વિશેષણ ઉત્તમ છે. ઉત્તમ બોધિલાભ મને આપો.

**પ્રશ્નઃ**— બોધિલાભ તો ઉત્તમ જ છે. તો પછી અહીં બોધિલાભનું ઉત્તમ વિશેષણ કેમ મૂક્યું ?

**ઉત્તરઃ**— બોધિલાભ ઉત્તમ હોવા છતાં તેમાં અનેક તરતમતા હોય છે. આથી અહીં એવો ઉત્તમ બોધિલાભ વિવક્ષિત છે કે જે બોધિલાભ સર્વ પ્રધાન=સર્વોત્કૃષ્ટ સમાધિનો સાધક હોય. સમાધિની પણ અનેક તરતમતા હોય છે. આથી અહીં સર્વોત્કૃષ્ટ સમાધિ કહી છે. આમ અહીં એટલો બધો ઉચ્ચ પ્રકારનો બોધિલાભ વિવક્ષિત છે કે જે બોધિલાભ સામાન્ય નહિ, મધ્યમ નહિ, કિંતુ સર્વોત્કૃષ્ટ સમાધિને સાધી આપે.

**આ વિષે આવશ્યક નિર્યુક્તિની ટીકા આ પ્રમાણે છે—**

अरोगस्य भावः आरोग्यं-सिद्धत्वं, तदर्थं बोधिलाभः, प्रेत्य जिनधर्मप्राप्तिर्बोधिलाभोऽभिधीयते, तं, स चानिदानो मोक्षायैव प्रशस्यते इति, तदर्थमेव च तावत् किं? तत आह- समाधानं समाधिः, स च द्रव्य-भावाभेदाद् द्विविधः, तत्र द्रव्यसमाधिर्यदुपयोगं (? यदुपयोगात्) स्वास्थ्यं भवति येषां वाऽविरोध इति,भावसमाधिस्तु ज्ञानादिसमाधानमेव, तदुपयोगादेव परमस्वास्थ्ययोगादिति, यतश्चायमित्थं द्विधाऽतो द्रव्यसमाधिव्यवच्छेदार्थमाह-वरं प्रधानं, भावसमाधिरित्यर्थः, असावपि तारतम्यभेदादनेकधैव, अतः आह- उत्तमं = सर्वोत्कृष्टम्.

ટીકાનો અર્થ વિશેષાર્થમાં આવી ગયો છે. येषां वाऽविरोधः એ પદોનો અર્થ આ પ્રમાણે છે— અથવા જે દ્રવ્યોનો પરસ્પર વિરોધ ન હોય તે

દ્રવ્યસમાધિ છે. જેમકે દૂધ-સાકર. (૬૩૧-૬૩૨)

**चोयगो –**

**आरोग्गबोहिलाभं, समाहिवरमुत्तमं च मे दिंतु ।**

**किं नु हु नियाणमेयं ? ति विभासा एत्थ कायव्वा ॥६३३॥**

चोदकः–

आरोग्य-बोधिलाभं समाधिवरमुत्तमं च मम ददतु ।

किं नु खलु निदानमेतद् ? इति विभाषाऽत्र कर्तव्या ।।६३३।।

**व्याख्या–** आरोग्याय बोधिलाभः आरोग्यबोधिलाभस्तं, भावार्थः प्रागुक्त एव, तथा समाधिवरमुत्तमं च 'मे' मम ददत्विति यदुक्तम्, अत्र काक्वा पृच्छति- 'किं नु हु णियाणमेअंति तत्र किमिति परप्रश्ने, नु इति वितर्के, हु तत्समर्थने, निदानमेतदिति?,- यदुक्तमारोग्यादि ददतु, यदि निदानमलमनेन, सूत्रे प्रतिषिद्धत्वात्, न चेद् व्यर्थमेवोच्चारणमिति, गुरुराह– 'विभासा एत्थ कायव्व' त्ति विविधा भाषा विभाषा-विषयविभागव्यवस्थापनेन व्याख्येत्यर्थः, अत्र कर्तव्या, इयमिह भावना-नेदं निदानं, कर्मबन्धहेतुत्वाभावात्, तथाहि मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः, न च मुक्तिप्रार्थनायाममीषामन्यतरस्यापि सम्भव इति, न च व्यर्थमेव तदुच्चारणमिति, ततोऽन्तःकरणशुद्धेरिति गाथार्थः।(आवश्यकसूत्रनिर्युक्तिगाथा - १०९४)

**અહીં પ્રશ્નકાર કહે છે–**

સમાધિથી શ્રેષ્ઠ અને ઉત્તમ એવો આરોગ્ય બોધિલાભ મને આપો, એવી આ પ્રાર્થના શું નિદાન નથી ? અહીં વિભાષા કરવી જોઈએ.

અહીં આવશ્યકનિર્યુક્તિની ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે–

આરોગ્ય માટે જે બોધિલાભ તે આરોગ્ય બોધિલાભ. આનો ભાવાર્થ પૂર્વે કહી જ દીધો છે. સમાધિથી શ્રેષ્ઠ અને ઉત્તમ એવો આરોગ્ય બોધિલાભ મને આપો એમ જે કહ્યું એ વિષે શિષ્ય માગણીને નિરર્થક સમજીને પ્રશ્ન કરે છે– જો આ માગણી નિદાન છે તો માગણી ન કરવી જોઈએ. કારણ કે નિદાનનો સૂત્રમાં નિષેધ છે. હવે જો નિદાન નથી તો આનું ઉચ્ચારણ વ્યર્થ જ છે.

ગુરુ આનો ઉત્તર આપે છે– અહીં વિભાષા કરવી જોઈએ, એટલે કે વિષયના વિભાગની વ્યવસ્થા કરવા પૂર્વક વ્યાખ્યા કરવી જોઈએ. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– આ માગણી નિદાન નથી. કારણ કે આ માગણી કર્મબંધનો હેતુ નથી. મિથ્યાદર્શન, અવિરતિ, કષાય અને યોગ એ ચાર કર્મ બંધના હેતુઓ છે. મુક્તિની પ્રાર્થનામાં આમાંના એકનો પણ સંભવ નથી. તથા એનું ઉચ્ચારણ વ્યર્થ નથી. કારણ કે આ માગણીથી અંતઃકરણની શુદ્ધિ થાય છે.

**વિશેષાર્થઃ**- આવી પ્રાર્થના એ નિયાણું નથી. કેમ કે નિયાણાનું લક્ષણ આમાં ઘટતું નથી. કારણકે રાગ-દ્વેષ-મોહથી જે પ્રાર્થના થાય તે નિયાણું કહેવાય. જેમકે ધર્મ અધિક થાય એ માટે હીનકુલ આદિની પ્રાર્થના કરવી. ધર્મથી રાજ્ય મળે વગેરે ઋદ્ધિની આસક્તિથી મને ધર્મની પ્રાપ્તિ થાઓ એવી પ્રાર્થના કરવી. સત્કાર-સન્માન-પૂજા વગેરે મળે એવાં ઈરાદાથી તીર્થંકરપદની પ્રાર્થના કરવી. આ ત્રણે પ્રાર્થનામાં મોહ રહેલો છે. કારણકે હીનકુલ એ ધર્મપ્રાપ્તિનું કારણ નથી. અહીં પહેલી માગણીમાં અજ્ઞાનતા કારણ છે. બીજી બે માગણીમાં ભૌતિક સુખનો રાગ કારણ છે.

પ્રસ્તુત પ્રાર્થનામાં રાગ-દ્વેષ-મોહ કારણ નથી, કિંતુ ભક્તિ કારણ છે. જેમ આ પ્રાર્થના નિયાણું નથી, તેમ આ પ્રાર્થના નિરર્થક પણ નથી. કારણકે भत्तीइ जिणवराणं खिज्जंती पुव्वसंचिआ कम्मा = જિનવરોની ભક્તિથી અનેક ભવોમાં ઉપાર્જન કરેલાં કર્મો ક્ષય પામે છે. કારણકે જિનભક્તિનો આવો સ્વભાવ જ છે. આ પ્રમાણે વીતરાગ પ્રસન્ન ન થતાં હોવા છતાં અંતઃકરણની શુદ્ધિથી કરેલી પ્રાર્થનાથી આરોગ્ય સાધક, સમાધિથી શ્રેષ્ઠ અને ઉત્તમ એવા બોધિલાભની પ્રાપ્તિ થાય છે. (૬૩૩)

**आयरिओ –**

**भासा असच्चमोसा, नवरं भत्तीएँ भासिया एसा ।**

**न हु खीणपेज्जदोसा, दिंति समाहिं च बोहिं च ॥६३४॥**

आचार्यः–

भाषा असत्यमृषा नवरं भक्त्या भाषितैषा ।

न खलु क्षीण-प्रेमद्वेषा ददति समाधिं च बोधिं च ।।६३४।।

**व्याख्या**— भाषा असत्यामृषेयं वर्तते, सा चामन्त्रण्यादिभेदादनेकविधा, तथा चोक्तम् – 'आमंतणि आणवणी जायणि तह पुच्छणी य पन्नवणी । पच्चक्खाणी भासा भासा इच्छाणुलोमा य ।।१।। अणभिग्गहिया भासा भासा य अभिग्गहंमि बोद्धव्वा। संसयकरणी भासा वोयड अव्वोयडा चेव ।।२।।' (दशवै० नि. २७८)इत्यादि, तत्रेह याचन्याधिकार इति, यतो याञ्चायां वर्तते यदुत'आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु' त्ति । आह– रागादिरहितत्वादारोग्यादि-प्रदानविकलास्ते, ततश्च किमनयेति ?, उच्यते, सत्यमेतत्, नवरं भक्त्या भाषितैषा, अन्यथा नैव 'क्षीणप्रेमद्वेषाः' क्षीणरागद्वेषा इत्यर्थः, 'ददति' प्रयच्छन्ति, किं न प्रयच्छन्ति ?, अत आह-समाधिं च बोधिं चेति गाथार्थः (आवश्यकसूत्रनिर्युक्तिगाथा - १०९५)

**આચાર્ય કહે છે—**

આ પ્રાર્થના અસત્યામૃષા (સાચી નહિ તેમ જુઠી પણ નહિ એવી) ભાષા છે, અને કેવળ ભક્તિથી બોલાયેલ છે. જેમના રાગ-દ્વેષ ક્ષીણ થઈ ગયા છે તેવા પ્રભુ સમાધિ અને બોધિ આપતા નથી.

આવશ્યકસૂત્રનિર્યુક્તિ ગાથાનો અર્થ આ પ્રમાણે છે—

આ ભાષા અસત્યામૃષા છે. તે ભાષા 'આમંત્રણી' આદિ અનેક પ્રકારની છે. કહ્યું છે કે- આમંત્રણી, આજ્ઞાપની, યાચની, પ્રચ્છની, પ્રતાપની, પ્રત્યાખ્યાની, ઈચ્છાનુલોમા, અનભિગૃહીતા, અભિગૃહીતા, સંશયકરણી, વ્યાકૃતા અને અવ્યાકૃતા આ અસત્યામૃષા ભાષા છે.

(૧) **આમંત્રણી** - હે દેવદત્ત! એ પ્રમાણે આમંત્રણ (= સંબોધન) કરવું.

(૨) **આજ્ઞાપની** - આ કામ કર એ પ્રમાણે આજ્ઞા કરવી.

(૩) **યાચની** - ભિક્ષા આપ એ પ્રમાણે માગણી કરવી.

(૪) **પ્રચ્છની** - આ શું છે? એમ પૂછવું.

(૫) **પ્રજ્ઞાપની** - હિંસામાં પ્રવૃત્ત થયેલો દુઃખી થાય છે એમ નિરૂપણ કરવું.

(૬) **પ્રત્યાખ્યાની** - "આપવાની ઈચ્છા નથી" એમ નિષેધ કરવો.

(૭) **ઈચ્છાનુલોમા** - દેવદત્તને યજ્ઞદત્તે કહ્યું કે આપણે સાધુની પાસે જઈએ. દેવદત્તે કહ્યું : આ સારું છે. આમ ઈચ્છાને અનુકુળ એવી ભાષા તે ઈચ્છાનુલોમા ભાષા છે.

(૮) **અનભિગૃહીતા** - 'ડિત્થ' વગેરે અર્થ વિનાની ભાષા બોલવી.

(૯) **અભિગૃહીતા** - 'ઘટ' વગેરે અર્થ વાળી ભાષા બોલવી.

(૧૦) **સંશયકરણી** - અનેક અર્થવાળી ભાષા બોલવી. જેમકે-સામેથી હરિ આવે છે. *અહીં હરિશબ્દના સિંહ, અશ્વ, વાનર, વગેરે અનેક અર્થો છે.*

(૧૧) **વ્યાકૃતા** - આ દેવદત્તનો ભાઈ છે એમ સ્પષ્ટ ભાષા બોલવી.

(૧૨) **અવ્યાકૃતા** - બાળકોની જેમ અસ્પષ્ટ અર્થવાળી ભાષા બોલવી.

અહીં બોધિલાભની માગણી 'યાચની' ભાષા છે.

**પ્રશ્ન** - જિન રાગાદિથી રહિત હોવાથી બોધિલાભને આપતા નથી. તેથી આ માગણી કરવાથી શું ?

**ઉત્તર** - તમારું કહેવું સાચું છે. પણ ભક્તિથી આ માગણી કરી છે. (૬૩૪)

**किंतु–**

**भत्तीएँ जिणवराणं, परमाए खीणपेज्ज-दोसाणं ।**
**आरोग्ग-बोहिलाभं, समाहिमरणं च पावेंति ॥६३५॥**

किन्तु–

भक्त्या जिनवराणां परमया क्षीणप्रेम-द्वेषाणाम् ।
आरोग्य-बोधिलाभं समाधिमरणं च प्राप्नुवन्ति ।।६३५।।

**व्याख्या–** भक्त्या जिनवराणां, किंविशिष्टया ?- 'परमया' प्रधानया भावभक्त्येत्यर्थः, 'क्षीणप्रेमद्वेषाणां' जिनानां किम् ?, आरोग्यबोधिलाभं समाधिमरणं च प्राप्नुवन्ति प्राणिन इति, इयमत्र भावना- जिनभक्त्या कर्मक्षयस्ततः सकलकल्याणावाप्तिरिति, अत्र समाधिमरणं च प्राप्नुवन्तीत्येतदारोग्यबोधिलाभस्य हेतुत्वेन द्रष्टव्यं, समाधिमरणप्राप्तौ नियमत एव तत्प्राप्तिरिति गाथार्थः । (आवश्यकसूत्र निर्युक्तिगाथा - १०९८)

**વીતરાગ પ્રસન્ન થતા નથી તો પણ–**

જેમના રાગ-દ્વેષ-મોહ ક્ષીણ થયા છે એવા જિનવરોની પરમ (=ભાવવાળી) ભક્તિથી આરોગ્યસાધક બોધિલાભ અને સમાધિમરણ જીવો પામે છે.

**ટીકાભાવાર્થ:**—જિનભક્તિથી કર્મક્ષય થાય છે. કર્મક્ષયથી સર્વ કલ્યાણોની પ્રાપ્તિ થાય છે. સમાધિમરણ આરોગ્યસાધક બોધિલાભનું કારણ છે. કારણ કે સમાધિમરણની પ્રાપ્તિ થતાં આરોગ્યસાધક બોધિલાભની પ્રાપ્તિ અવશ્ય થાય છે. માટે અહીં સમાધિમરણનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (૬૩૫)

''चंदेसु निम्मलयरा'' सूत्रम् ।।

पूर्णमूलम् –

**चंदेसु निम्मलयरा आइच्चेसु अहिअं पयासयरा ।**
**सागरवरगंभीरा सिद्धा सिद्धिं मम दिसंतु ।।७।।**

**सत्तमियाबहुवयणं, नेयं इह पञ्चमीएँ अत्थम्मि ।**
**चंदेहिंतो वि तओ, नायव्वा निम्मलतरा ते ।।६३६।।**

सप्तमिकाबहुवचनं ज्ञेयमिह पञ्चम्या अर्थे ।
चन्द्रेभ्योऽपि ततो ज्ञातव्या निर्मलतरास्ते ।।६३६।।

હવે चंदेसु निम्मलयरा. **એ ગાથાસૂત્રનો અર્થ કહે છે**—

અહીં સપ્તમીબહુવચન પાંચમી વિભક્તિના અર્થમાં જાણવું. તેથી અર્થ આ પ્રમાણે થાય— જિનવરો ચંદ્રોથી પણ અધિક નિર્મલ જાણવા. (૬૩૬)

**आइच्चा दिवसयरा, तेहिंतो वि अहियं पयासयरा ।**
**लोआलोउज्जोयगकेवलनाणप्पगासेण ।।६३७।।**

आदित्या दिवसकराः तेभ्योऽप्यधिकं प्रकाशकराः ।
लोकालोकोद्द्योतककेवलज्ञानप्रकाशेन ।।६३७।।

આદિત્ય એટલે સૂર્ય. જિનવરો લોકાલોકમાં અજવાળું કરનાર કેવળજ્ઞાનના પ્રકાશથી સૂર્યો કરતાં પણ અધિક પ્રકાશ કરનારા છે. (૬૩૭)

**सागरवरो समुद्दो, सयंभुरमणो तओ वि गंभीरा ।**
**सिद्ध त्ति निट्ठियट्ठा, सिद्धिं मुत्तिं मम दिसंतु ।।६३८।।**

सागरवरः समुद्रः स्वयंभूरमणस्ततोऽपि गम्भीराः ।
सिद्धा इति निष्ठितार्थाः सिद्धिं मुक्तिं मम दिशन्तु ।।६३८।।

સાગરવર એટલે સ્વયંભૂરમણ સમુદ્ર. જિનવરો સ્વયંભૂરમણ સમુદ્રથી પણ અધિક ગંભીર છે. સિદ્ધ એટલે કૃતકૃત્ય. સિદ્ધિ એટલે મુક્તિ. मम दिसंतु = મને આપો. (૬૩૮)

**जह एग चेइयगिहे, एगक्खेत्तुब्भवे जिणवरिंदे ।**
**आसज्ज कया एसाऽभिवंदणा भत्तिजुत्तेहिं ।।६३९।।**

यथैकचैत्यगृहान् एकक्षेत्रोद्भवान् जिनवरेन्द्रान् ।
आसाद्य कृतैषाऽभिवन्दना भक्तियुक्तैः ।।६३९।।

**इय सव्वचेइयाण वि, कायव्वा वंदणा सुहत्थीहिं ।**
**सव्वे (वि) जिणेंदा एरिस त्ति पणिहाणजुत्तेहिं ।।६४०।।**

इति सर्वचैत्यानामपि कर्तव्या वन्दना सुखा(शुभा)र्थिभिः ।
सर्वे(ऽपि)जिनेन्द्रा एतादृशा इति प्रणिधानयुक्तैः ।।६४०।।

**वंदामि चेइयाइं, काउस्सग्गेण तो असेसाइं ।**
**इय उल्लसंतभावो, पुणो वि एयं समुच्चरइ ।।६४१।।**

वन्दे चैत्यानि कायोत्सर्गेण ततोऽशेषाणि ।
इत्युल्लसद्भावः पुनरप्येतत् समुच्चरति ।।६४१।।

જેવી રીતે એક જિનમંદિરમાં એક ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોને પામીને ભક્તિયુક્ત ધાર્મિકોથી આ વંદના કરવામાં આવી, તેવી રીતે શુભાર્થી ધાર્મિકોએ બધાય તીર્થંકરો આવા જ = સમાન છે એવા ઉપયોગવાળા બનીને સર્વ જિનબિંબોને પણ વંદના કરવી જોઈએ. તેથી કાયોત્સર્ગ વડે સર્વ જિનબિંબોને હું વંદના કરું છું, એ પ્રમાણે ઉછળતા ભાવવાળો સાધક ફરી પણ આ પ્રમાણે (= નીચે પ્રમાણે) બોલે. (૬૩૯ થી ૬૪૧)

सव्वलोए अरिहंतचेइयाणं इत्यादि पूर्ववद् अवसेयम् ।

**सव्वो त्ति निरवसेसो, उड्डाऽहो-तिरियभेयपडिभिन्नो ।**
**लोगो त्ति खेत्तलोगो, सिद्धंते सुप्पसिद्धं जं ॥६४२॥**

सर्व इति निरवशेष ऊर्ध्वा-ऽधस्तिर्यग्भेदप्रतिभिन्नः ।
लोक इति क्षेत्रलोकः सिद्धान्ते सुप्रसिद्धं यत् ।।६४२।।

**आगासस्स पएसा, उड्ढं च अहे य तिरियलोगे य ।**
**जाणाहि खेत्तलोगं, अणंत जिणदेसियं सम्मं ॥६४३॥**

आकाशस्य प्रदेशा ऊर्ध्वं च अधश्च तिर्यग्लोके च ।
जानीहि क्षेत्रलोकमनन्तजिनदेशितं सम्यक् ।।६४३।।

**व्याख्या–** आकाशस्य प्रदेशाः-प्रकृष्टा देशाः प्रदेशास्तान् 'उर्ध्वं च' इत्यूर्ध्वलोके च 'अधश्च' इत्यधोलोके च तिर्यग्लोके च, लोक्यत इति च लोक इति, ऊर्ध्वादिलोकविभागस्तु सुज्ञेयः, 'अनन्त' मित्यलोकाकाशप्रदेशापेक्षया चानन्तम्, अनुस्वारलोपोऽत्र द्रष्टव्यः, 'जिनदेशितम्' इति जिनकथितं 'सम्यक्'-शोभनेन विधिनेति गाथार्थः । (आवश्यकसूत्रनिर्युक्तिगाथा - १९७)

**હવે** सव्वलोए अरिहंतचेइयाणं **સૂત્રનો અર્થ આ પ્રમાણે છે–**

સર્વ એટલે ઊર્ધ્વ-અધો-તિર્ચ્છા એ ત્રણ ભેદથી ભિન્ન સંપૂર્ણ, લોક એટલે ક્ષેત્રલોક, એમ સિદ્ધાંતમાં સુપ્રસિદ્ધ છે. (આવ. સૂત્ર ભા. ગાથા ૧૯૭માં) કહ્યું છે કે– ઊર્ધ્વ, અધો અને તિર્યગ્લોકમાં આવેલા આકાશપ્રદેશોને તું ક્ષેત્રલોક જાણ. અલોકાકાશની અપેક્ષાએ ક્ષેત્રલોક અનંત છે. (લોકાકાશની અપેક્ષાએ તો ક્ષેત્રલોક અસંખ્યાત છે.) આ પ્રમાણે જિનેશ્વરોએ સમ્યક્ કહ્યું છે. (૬૪૨-૬૪૩)

**तत्थ किर उड्डलोए, चउरासी चेइयाण लक्खाइं ।**
**सत्ताणउइसहस्सा, तह तेवीसं विमाणा उ ॥६४४॥**

तत्र किलोर्ध्वलोके चतुरशीतिश्चैत्यानां लक्षाणि ।
सप्तनवतिसहस्राणि तथा त्रयोविंशतिर्विमानानि तु ।।६४४।।

તેમાં ઊર્ધ્વલોકમાં (૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તરમાં) ૮૪ લાખ,

૯૭ હજાર ને ૨૩ વિમાનો છે. (દરેક વિમાનમાં એક એક જિન મંદિર છે. આથી જેટલાં વિમાનો છે તેટલાં જિનમંદિરો છે.) (૬૪૪)

**सत्तेव य कोडीओ, हवंति बावत्तरी सयसहस्सा ।**
**अहलोए सासयचेइयाण नेया इमा संखा ॥६४५॥**

सप्तैव च कोट्यो भवन्ति द्वासप्ततिः सहस्राः ।
अधोलोके शाश्वतचैत्यानां ज्ञेया इयं संख्या ।।६४५।।

અધોલોકમાં (ભવનોમાં) શાશ્વત ચૈત્યોની સંખ્યા ૭ ક્રોડ અને ૭૨ લાખ છે. (૬૪૫)

**जिणभवणाइं तिरियं, संखाईयाइँ भोमनगरेसु ।**
**जोइसियविमाणेसु य, तत्तो वि हु संखगुणियाइं ॥६४६॥**

जिनभवनानि तिर्यक् संख्यातीतानि भौमनगरेषु ।
ज्योतिषिकविमानेषु च ततोऽपि खलु संख्यगुणितानि ।।६४६।।

તિર્ચ્છાલોકમાં વ્યંતર દેવોના નગરોમાં અસંખ્ય જિનભવનો છે. જ્યોતિષ્ક વિમાનોમાં તેનાથી પણ સંખ્યાતગુણાં જિનભવનો છે. (૬૪૬)

**वासहर-मेरु-वक्खार-दहवई-माणुसुत्तरनगेसु ।**
**नंदीसर-कुंडल-रुयग-वट्टवेयड्ढमाईसु ॥६४७॥**

वर्षधर-मेरु-वक्षस्कार-द्रहपति-मानुषोत्तरनगेषु ।
नन्दीश्वर-कुण्डल-रुचक-वृत्तवैताढ्यादिषु ।।६४७।।

**पंचदसकम्मभूमिसु, सासय-कित्तिमयभेयभिन्नाइं ।**
**अरहंतचेइयाइं, तिरियंलोगम्मि तेसिमहं ॥६४८॥**

पञ्चदशकर्मभूमिषु शाश्वत-कृत्रिमकभेदभिन्नानि ।
अर्हच्चैत्यानि तिर्यग्लोके तेषामहम् ।।६४८।।

વર્ષધર, મેરુ, વક્ષસ્કાર, દ્રહપતિ, (= જેની ઉપર દ્રહ હોય તેવા

પર્વતો) અને માનુષોત્તર એ બધા પર્વતોમાં, નંદીશ્વર, કુંડલ અને રુચકદ્વીપમાં તથા વૃત્તવૈતાઢ્ય પર્વતો વગેરેમાં, પંદર કર્મભૂમિઓમાં, આ બધા સ્થાનોમાં તિર્યગ્લોકમાં શાશ્વત અને અશાશ્વત જે અરિહંત ચૈત્યો છે, તે અરિહંત ચૈત્યોને ભવ્યાત્માઓથી કરાતા વંદનાદિનો (અનુમોદનાથી) લાભ મેળવવા માટે હું કાયોત્સર્ગ કરું છું. (૬૪૭-૬૪૮)

**अरहंतचेइयाणं, करेइ इच्चाइदंडगं पढिउं ।**
**पुव्विं व काउसग्गं, करेज्ज झाएज्ज मंगलगं ॥६४९॥**

अर्हच्चैत्यानां करोति इत्यादिदण्डकं पठित्वा ।
पूर्वमिव कायोत्सर्गं कुर्याद् ध्यायेद् मङ्गलकम् ।।६४९।।

सव्वलोए अरिहंतचेइयाणं करेमि० ઈત્યાદિ દંડક (આલાવો) બોલીને પૂર્વની જેમ કાયોત્સર્ગ કરે. કાયોત્સર્ગમાં એક નમસ્કાર મહામંત્રનું (= નવકારનું) ચિંતન કરે. (૬૪૯)

**पुव्वं व पारिऊणं, परमेट्ठीणं थुई अ काऊणं ।**
**देज्जा ऽणेगजिणाणं, थुई समुद्दामसद्देण ॥६५०॥**

पूर्वमिव पारयित्वा परमेष्ठिनां स्तुतीश्च कृत्वा ।
दद्यादनेकजिनानां स्तुतिः समुद्दामशब्देन ।।६५०।।

પૂર્વની જેમ પારીને પરમેષ્ઠીઓની સ્તુતિ કરીને (= નમોઽર્હત્સૂત્ર બોલીને) ગંભીર શબ્દોથી અનેક જિનોની સ્તુતિ કહે. (૬૫૦)

**दंसणसुद्धिनिमित्तं, तित्थंकरवंदणा कया एसा ।**
**नाणविसुद्धिनिमित्तं, एत्तो वंदामि सुयणाणं ॥६५१॥**

दर्शनशुद्धिनिमित्तं तीर्थकरवन्दना कृतैषा ।
ज्ञानविशुद्धिनिमित्तमितो वन्दे श्रुतज्ञानम् ।।६५१।।

આ તીર્થંકર વંદના દર્શનશુદ્ધિ નિમિત્તે કરી. હવે જ્ઞાન શુદ્ધિ નિમિત્તે શ્રુતજ્ઞાનને વંદન કરું છું. (૬૫૧)

**तं मिच्छसम्मभेया, दुविहं मिच्छसुयवज्जणट्ठाए ।**
**जेहिं पणीयं सम्मं, नाणं ते वंदए एवं ॥६५२॥**

तद् मिथ्या-सम्यग्भेदाद् द्विविधं मिथ्याश्रुतवर्जनार्थाय ।
यैः प्रणीतं सम्यग् ज्ञानं तान् वन्दते एवम् ।।६५२।।

શ્રુતજ્ઞાનના મિથ્યા અને સમ્યક્ એમ બે ભેદ છે. મિથ્યાશ્રુતજ્ઞાનનો ત્યાગ કરવા માટે જેમણે સમ્યક્ શ્રુતજ્ઞાનની રચના કરી છે, તેમને આ પ્રમાણે (= નીચે કહેવાશે તે પ્રમાણે) વંદન કરે છે. (૬૫૨)

पुक्खरवरदीवड्ढे इत्यादि ।

पूर्णमूलम् –

**पुक्खरवरदीवड्ढे धायइसंडे य जंबुद्दीवे य ।**
**भरहेरवय विदेहे धम्माइगरे नमंसामि ॥१॥**

**तत्थ –**

**उद्धारसागराणं, अड्ढाइज्जाण जत्तिया समया ।**
**एत्थ किर तिरियलोए, दीवसमुद्दा उ एवइया ॥६५३॥**

तत्र–

उद्धारसागराणामर्धतृतीयानां यावन्तः समयाः ।
अत्र किल तिर्यग्लोके द्वीप-समुद्रास्तु एतावन्तः ।।६५३।।

**હવે 'पुक्खरवरदीवड्ढे०' ઈત્યાદિ સૂત્રનો અર્થ કહે છે–**

**તેમાં–** અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમયો થાય તેટલા દ્વીપ સમુદ્રો આ તિર્યગ્લોકમાં છે. (૬૫૩)

**अब्भिंतरओ दीवो-दहीण पडिपुन्नचंदसंठाणो ।**
**जंबुद्दीवो लक्खं, विक्खंभायामओ होइ ॥६५४॥**

अभ्यन्तरको द्वीपो-दधीनां प्रतिपूर्णचन्द्रसंस्थानः ।
जम्बूद्वीपो लक्षं विष्कम्भा-ऽऽयामतो भवति ।।६५४।।

દ્વીપ સમુદ્રોની મધ્યમાં પૂર્ણ ચંદ્રના જેવી આકૃતિવાળો (= પૂર્ણ ચંદ્ર જેવો ગોળ) જંબૂદ્વીપ છે. તે એક લાખ યોજન લાંબો-પહોળો છે. (૬૫૪)

**तं पुण लवणसमुद्दो, परिखिवई दुगुणलक्खविक्खंभो ।**
**तं पुण धायइसंडो, तं दुगुणं तं च कालोओ ॥६५५॥**

तं पुनर्लवणसमुद्रः परिक्षिपति द्विगुणलक्षविष्कम्भः ।
तं पुनर्धातकीषण्डः(खण्डः) तं द्विगुणं तं च कालोदः ।।६५५।।

બે લાખ યોજન પહોળો લવણસમુદ્ર જંબૂદ્વીપને વીંટે છે = વીંટળાઈને રહેલો છે. લવણસમુદ્રને ધાતકીખંડ વીંટે છે. લવણસમુદ્રથી બમણા ઘાતકી ખંડને કાલોદધિસમુદ્ર વીંટે છે. (૬૫૫)

**सो पुण पुक्खरदीवेण वेढिओ पुव्वदुगुणमाणेणं ।**
**इय दुगुणदुगुणमाणा, सव्वे दीवा समुद्दा य ॥६५६॥**

स पुनः पुष्करद्वीपेन वेष्टितः पूर्वद्विगुणमानेन ।
इति द्विगुणद्विगुणमानाः सर्वे द्वीपाः समुद्राश्च ।।६५६।।

કાલોદધિસમુદ્રપુષ્કરવરદ્વીપથીવીંટળાયેલોછે.પુષ્કરવરદ્વીપકાલોદધિથી બમણો છે. આ પ્રમાણે સર્વ દ્વીપ-સમુદ્રો પૂર્વ પૂર્વથી બમણા બમણા છે. (૬૫૬)

**तेसु किर तइयदीवो, सोलसलक्खप्पमाणविक्खंभो ।**
**पुक्खरवरो त्ति भन्नइ, तस्सद्धं पुक्खरवरद्धं ॥६५७॥**

तेषु किल तृतीयद्वीपः षोडशलक्षप्रमाणविष्कम्भः ।
पुष्करवर इति भण्यते तस्यार्धं पुष्करवरार्धम् ।।६५७।।

તે દ્વીપ-સમુદ્રોમાં ત્રીજો દ્વીપ સોળ લાખ યોજન પહોળો છે. તેનું 'પુષ્કરવર' નામ છે. તેનો અર્ધો ભાગ તે પુષ્કરવરાર્ધ. (૬૫૭)

**पायारसंठिएणं, परिखित्तं माणुसनगेणं ।**
**एयं मणुस्सखेत्तं, बाहिं तिरिया य देवा य ॥६५८॥**

प्राकारसंस्थितेन परिक्षिप्तं मानुषनगेन ।
एतद् मनुष्यक्षेत्रं बहिस्तिर्यञ्चश्च देवाश्च ।।६५८।।

પુષ્કરવર દ્વીપનો અર્ધો ભાગ કોટના આકારવાલા માનુષોત્તર નામના પર્વતથી વીંટળાયેલો છે. આ મનુષ્યક્ષેત્ર છે, અર્થાત્ માનુષોત્તર પર્વત સુધીના (= અઢી દ્વીપ-સમુદ્ર પ્રમાણ) ક્ષેત્રને મનુષ્યક્ષેત્ર કહેવામાં આવે છે. (કારણકે મનુષ્યો ત્યાં સુધી જ હોય છે.) મનુષ્યક્ષેત્રની બહાર તિર્યંચો અને દેવો હોય છે. (૬૫૮)

**पुक्खरवरदीवड्ढे, धायइसंडे दुइयदीवम्मि ।**
**जंबुद्दीवम्मि य आइमम्मि सव्वेसि दीवाणं ॥६५९॥**

पुष्करवरद्वीपार्धे धातकीखण्डे द्वितीयद्वीपे ।
जम्बूद्वीपे चादिमे सर्वेषां द्वीपानाम् ।।६५९।।

पुक्खरवरदीवड्ढे० **એ સૂત્રની પહેલી ગાથાના પૂર્વાર્ધનો અર્થ આ પ્રમાણે છે–**

પુષ્કરવર દ્વીપના અર્ધાભાગમાં, બીજા ધાતકીખંડદ્વીપમાં અને સર્વ દ્વીપોમાં પહેલા એવા જંબૂદ્વીપમાં. (૬૫૯)

**पच्छाणुपुव्वियाए, निद्देसो एस खित्तगुरुयत्ता ।**
**भरहे-रवय-विदेहे, एस समाहारदंदो उ ॥६६०॥**

पश्चानुपूर्वितया निर्देश एष क्षेत्रगुरुकत्वात् ।
भरतै-रावत-विदेहे एष समाहारद्वन्द्वस्तु ।।६६०।।

પછી પછીનું ક્ષેત્ર મોટું હોવાથી પશ્ચાનુપૂર્વીથી આ નિર્દેશ કર્યો છે. भरहेरवयविदेहे એ સમાહાર દ્વન્દ્વ છે. (૬૬૦)

**एक्केक्कं पञ्चगुणं, जम्हा भरहाइयाण एयाण ।**
**पनरससु कम्मभूमिसु, भावत्थो होइ एयस्स ॥६६१॥**

एकैकं पञ्चगुणं यस्माद् भरतादिकानामेतेषाम् ।
पञ्चदशसु कर्मभूमिषु भावार्थो भवति एतस्य ।।६६१।।

આ ભરત આદિ એક એક ક્ષેત્ર પાંચ પાંચ છે. અર્થાત્ ભરત પાંચ છે, ઐરાવત પાંચ છે, અને મહાવિદેહ પાંચ છે. આથી भरहेरवय-विदेहे એ પદનો "પંદર કર્મભૂમિમાં" એવો ભાવાર્થ છે. (૬૬૧)

**धम्मो इह सुयधम्मो, आइगरा होंति तस्स तित्थयरा ।**
**ते उ नमंसामि अहं, वंदामि विसुद्धचित्तेणं ॥६६२॥**

धर्म इह श्रुतधर्म आदिकरा भवन्ति तस्य तीर्थकराः ।
तांस्तु नमस्याम्यहं वन्दे विशुद्धचित्तेन ।।६६२।।

અહીં ધર્મ એટલે શ્રુતધર્મ સમજવો. શ્રુતધર્મના આદિકર તીર્થંકરો છે, અર્થાત્ શ્રુતધર્મનો પ્રારંભ તીર્થંકરો કરે છે. શ્રુતધર્મનો પ્રારંભ કરનારા તીર્થંકરોને હું વિશુદ્ધ ચિત્તથી नमंसामि = વંદન કરું છું. (૬૬૨)

**धम्माइगरे एवं, थोऊण सुयस्स संथवं कुणइ ।**
**तमतिमिरपडलविद्धंसणस्स एगाएँ गाह्मए ॥६६३॥**

धर्मादिकरानेवं स्तुत्वा श्रुतस्य संस्तवं करोति ।
तमस्तिमिरपटलविद्धंसनस्य एकया गाथया ।।६६३।।

આ પ્રમાણે ધર્મના આદિકરોની સ્તુતિ કરીને तमतिमिरपडल-विद्धंसणस्स એ એક ગાથાથી શ્રુતની સ્તુતિ કરે. (૬૬૩)

सा च इयं गाथा –
**तमतिमिरपडलविद्धंसणस्स सुरगण-नरिंदमहिअस्स ।**
**सीमाधरस्स वंदे पप्फोडिअमोहजालस्स ॥२॥**

**तत्थ तमो अन्नाणं, रूविज्जइ तम्मि तिमिरपडलं व ।**
**विद्धंसणो विणासी, तस्स उ जिणभणियसिद्धंतो ॥६६४॥**

तत्र तमोऽज्ञानं रूप्यते तस्मिन् तिमिरपटलमिव ।
विद्धंसनो विनाशी तस्य तु जिनभणितसिद्धान्तः ।।६६४।।

**तस्स त्ति सुरा पयडा, गणो य संघो फुड च्चिय नरिंदो ।**
**तेहि महियस्स परिपूइयस्स गुरुभत्तिराएण ॥६६५॥**

तस्येति सुराः प्रकटा गणश्च सङ्घः स्फुट एव नरेन्द्रः ।
तैर्महितस्य परिपूजितस्य गुरुभक्तिरागेण ॥६६५॥

તેમાં તમ એટલે અજ્ઞાન. તેમાં रुप्यते = ઉપમા અપાય છે. તે આ પ્રમાણે– અજ્ઞાન તિમિરપટલ જેવું છે. તિમિર પટલ એટલે અંધકારનો સમૂહ. આનો ભાવાર્થ એ થયો કે અજ્ઞાનરૂપ અંધકારસમૂહ. જિનોક્ત સિદ્ધાંત (= શ્રુતધર્મ) અજ્ઞાનરૂપ અંધકારસમૂહનો વિદ્ધંસણ = વિનાશ કરનાર છે. તેને, અર્થાત્ અજ્ઞાનરૂપ અંધકારપટલનો નાશ કરનારને. (અહીં તમતિમિરપડલ વિદ્ધંસણસ્સ પદનો અર્થ પૂરો થયો.)

સુરો (= દેવો) પ્રસિદ્ધ છે. ગણ એટલે સંઘ (= સમૂહ). નરેન્દ્રનો અર્થ સ્પષ્ટ જ છે. તેમનાથી મહિત = અતિશય ભક્તિરાગથી પૂજાયેલા. (૬૬૪-૬૬૫)

**सीमा मेरा तं जो, धरई धम्मस्स तह अहम्मस्स ।**
**तं वंदे भत्तीए, छट्ठविभत्ती उ बीयत्थे ॥६६६॥**

सीमा मर्यादा तां यो धरति धर्मस्य तथाऽधर्मस्य ।
तं वन्दे भक्त्या षष्ठीविभक्तिस्तु द्वितीयार्थे ॥६६६॥

સીમા એટલે મર્યાદા. ધર્મની અને અધર્મની મર્યાદાને ધારણ કરે તેને હું ભક્તિથી વંદન કરું છું. અહીં છઠ્ઠી વિભક્તિ બીજી વિભક્તિના અર્થમાં છે.

**વિશેષાર્થ:–** સીમા એટલે મર્યાદા (= વ્યવસ્થા). કર્તવ્ય-અકર્તવ્ય, હેય-ઉપાદેય, ભક્ષ્ય-અભક્ષ્ય, પુણ્ય-પાપ ઈત્યાદિ સર્વ વ્યવસ્થા શ્રુતધર્મથી જ થાય છે. માટે શ્રુતધર્મ સીમાધર છે. (૬૬૬)

**पप्फोडियमइसयचुन्नियं ति जेणेह मोहमहजालं ।**
**वंदे तं सिद्धंतं, अहवा तस्सेव माहप्पं ॥६६७॥**

प्रस्फोटितमतिशयचूर्णितमिति येनेह मोहमहाजालम् ।
वन्दे तं सिद्धान्तमथवा तस्यैव माहात्म्यम् ।।६६७।।

પ્રસ્ફોટિત એટલે અતિશય ચૂરો કરેલ = તોડી નાખેલ. જેણે મોહની મહાજાળને અતિશય તોડી નાખી છે, તે પ્રસ્ફોટિત મોહ મહાજાળ. તે સિદ્ધાંતને હું વંદન કરું છું, અથવા તે સિદ્ધાંતના માહાત્મ્યને હું વંદન કરું છું. (૬૬૭)

तहा– **"जाई-जरा-मरण"** इत्यादि सूत्रम् ।।

पूर्णमूलम् –

**जाई-जरा-मरण-सोगपणासणस्स कल्लाणपुक्खलविसालसुहावहस्स ।**
**को देव-दाणव-नरिंदगणच्चिअस्स धम्मस्स सारमुवलब्भ करे पमायं ३**

**जाइ त्ति मासनवगं, गब्भे वसिऊण गरुयदुक्खेणं ।**
**नेरइयस्स व घडियालयाओ जीवस्स णिग्गमणं ।।६६८।।**

जातिरिति मासनवकं गर्भे उषित्वा गुरुकदुःखेन ।
नैरयिकस्येव घटिकाऽऽलयाद् जीवस्य निर्गमनम् ।।६६८।।

હવે जाइ-जरा-मरण० **ઈત્યાદિ સૂત્રનો અર્થ કહે છે–**

નરકનો જીવ ઘટિકાલયમાંથી નીકળે તે રીતે નવ મહિના સુધી ઘણા દુઃખથી ગર્ભમાં રહીને જીવનું ગર્ભમાંથી બહાર નીકળવું. તે જાતિ = જન્મ છે. (૬૬૮)

**होइ जरा वुड्डत्तं, ववसायपहुत्तरूवबलमहणी ।**
**जा परिभवदवदड्ढं, जीवंतमयं जणं कुणइ ।।६६९।।**

भवति जरा वृद्धत्वं व्यवसाय-प्रभुत्व-रूप-बलमथनी ।
या परिभवदवदग्धं जीवन्मृतं जनं करोति ।।६६९।।

જરા એટલે વૃદ્ધાવસ્થા. વૃદ્ધાવસ્થા ઉદ્યમ, પ્રભુતા, રૂપ અને બલનો નાશ કરે છે, તથા પરિભવરૂપ અગ્નિથી બળેલા લોકને જીવતો મરેલો કરે છે. (૬૬૯)

**मरणं पुण पंचत्तं, भयंकरं सयलजीवलोयस्स ।**
**निययमनायागमणं, दुहावहं वेरिचक्कं व ॥६७०॥**

मरणं पुनः पञ्चत्वं भयंकरं सकलजीवलोकस्य ।
नियतमज्ञातागमनं दुःखावहं वैरिचक्रमिव ॥६७०॥

મરણ એટલે મૃત્યુ. મૃત્યુ સકલ જીવ લોકને ગભરાવે છે, નિયત છે = અવશ્ય આવે છે, પણ તેનું આગમન અજ્ઞાત છે. મૃત્યુ વૈરીના ચક્રની જેમ દુઃખ પમાડે છે. (૬૭૦)

**सोओ मण-देहाणं, संतावयरो जणस्स परिणामो ।**
**धणहरण-बंधुमरणाइसंभवो भवभ्रमनिमित्तं ॥६७१॥**

शोको मनो-देहयोः संतापकरो जनस्य परिणामः ।
धनहरण-बन्धुमरणादिसंभवो भवभ्रमनिमित्तम् ॥६७१॥

શોક લોકના મન-શરીરના સંતાપને કરનારો માનસિક પરિણામ છે. તે ધનહરણ અને માતા-પિતાદિ બંધુજનના મૃત્યુથી ઉત્પન્ન થાય છે, અને ભવભ્રમણનું કારણ છે. (૬૭૧)

**एएसिमणिट्ठाणं, पणासणो जो जिणेंदसुयधम्मो ।**
**तस्सोवलब्भ सारं, एमाइपयाण संबंधो ॥६७२॥**

एतेषामनिष्टानां प्रणाशनो यो जिनेन्द्रश्रुतधर्मः ।
तस्योपलभ्य सारमेवमादिपदानां संबन्धः ॥६७२॥

અનિષ્ટ જાતિ-જરા-મરણનો અત્યંત નાશ કરનારા જિનપ્રણીત શ્રુતધર્મના સારને જાણીને ઈત્યાદિ પદોનો સંબંધ છે. (૬૭૨)

**असुहनिवारणसत्ती, पाएणेएण तस्स विद्दिट्ठा ।**
**सुहसंपयाण सत्ती, भन्नइ बीएण पाएण ॥६७३॥**

अशुभ(असुख) निवारणशक्तिः पादेनैतेन (प्रायेणैतेन) तस्य निर्दिष्टा ।
सुख (शुभ) संपदां शक्तिर्भण्यते द्वितीयेन पादेन ॥६७३॥

જાઈ૦ એ પાદથી (=ચરણથી) શ્રુતધર્મની અશુભ નિવારણની શક્તિ જણાવી. બીજા પાદથી શુભ સંપત્તિઓની (શુભ સંપત્તિઓ પમાડવાની) શક્તિને કહે છે. (૬૭૩)

**कल्लं सायं जम्हा, अणेइ वाहरइ तेण कल्लाणं ।**
**पुक्खलमिति संपुन्नं, सव्वपहाणं पुण विसालं ॥६७४॥**

कल्यं सातं यस्माद् अणति व्याहरति तेन कल्याणम् ।
पुष्कलमिति संपूर्णं सर्वप्रधानं पुनर्विशालम् ॥६७४॥

**तिविहविसेसणजुत्तं, सुहमावहई करेइ जीवाणं ।**
**जो तस्स भणियमिमिणा, सुयस्स सुहदाणसामत्थं ॥६७५॥**

त्रिविधविशेषणयुक्तं सुखमावहति करोति जीवानाम् ।
यस्तस्य भणितमनेन श्रुतस्य सुखदानसामर्थ्यम् ॥६७५॥

કલ્ય એટલે સાતા. કલ્યને અણે = બોલાવે તે કલ્યાણ, પુષ્કલ એટલે સંપૂર્ણ. વિશાલ એટલે સર્વમાં પ્રધાન, અર્થાત્ સર્વોત્કૃષ્ટ. આ ત્રણ વિશેષણોથી યુક્ત જીવોના સુખને આવહે = કરે તે કલ્યાણ-પુષ્કલ-સુહાવહ, તે ધર્મના સારને જાણીને ઈત્યાદિ પદ સંબંધ છે. આ બીજા પાદથી શ્રુતધર્મનું સુખ આપવાનું સામર્થ્ય કહ્યું. (૬૭૪-૬૭૫)

**को त्ति सयन्नो पुरिसो, देवाईया य पायडा चेव ।**
**तेसिं गणेहि दढमच्चियस्स परिपूइयस्स त्ति ॥६७६॥**

क इति सकर्णः पुरुषो देवादिकाश्च प्रकटाश्चैव ।
तेषां गणैर्दृढमर्चितस्य परिपूजितस्येति ॥६७६॥

કોણ એટલે કયો વિદ્વાન પુરુષ. દેવ વગેરે શબ્દોનો અર્થ પ્રસિદ્ધ જ છે. દેવ-દાનવ-નરેન્દ્રના સમુદાયોથી અતિશય પૂજાયેલા. (૬૭૬)

**धम्मो सुयधम्मो च्चिय, एए उ सारो य तस्स माहप्पं ।**
**उवलब्भ जाणिऊणं, करेइ लुत्तो इकारो त्थ ॥६७७॥**

धर्मः श्रुतधर्म एव एते तु सारश्च तस्य माहात्म्यम् ।
उपलभ्य ज्ञात्वा करोति लुप्त इकारोऽत्र ।।६७७।।

ધર્મ એટલે શ્રુતધર્મ જ. જન્મનાશ વગેરે શ્રુતધર્મનો સાર = માહાત્મ્ય છે. उवलब्भ એટલે જાણીને. करे એ સ્થળે करेइ એમ સમજવું. અહીં इકારનો લોપ થયો છે. (૬૭૭)

**सिढिलित्तमिह पमाओ, भेओ अत्थाओ तम्मि विसयम्मि ।**
**जाणियजिणवयणाणं, न एस जुत्तो त्ति भावत्थो ।।६७८।।**

शिथिलत्वमिह प्रमादो भेदोऽर्थात् तस्मिन् विषये ।
ज्ञातजिनवचनानां नैष युक्त इति भावार्थः ।।६७८।।

અહીં પ્રમાદ એટલે શિથિલતા, અર્થાત્ ભેદ, તે વિષયમાં = શ્રુતધર્મને વિષે. શ્રુતધર્મને વિષે શિથિલતા = ભેદ. જિનવચનના જાણકારને શ્રુતધર્મ વિષે પ્રમાદ યોગ્ય નથી.

**વિશેષાર્થઃ**– भेओ अत्थाओ એ પ્રયોગનો તાત્પર્ય આ પ્રમાણે છે– શબ્દાર્થની અપેક્ષાએ પ્રમાદનો અર્થ શિથિલતા ગણાય, પણ પરમાર્થની અપેક્ષાએ પ્રમાદનો અર્થ ભેદ થાય. ભેદ એટલે વિનાશ. પ્રાકૃત ભાષામાં ભેદ શબ્દનો વિનાશના અર્થમાં પણ પ્રયોગ થાય છે. શ્રુતધર્મમાં પ્રમાદ કરવાથી શ્રુતધર્મનો વિનાશ થાય છે. પ્રમાદથી ભણેલું ભૂલી જાય અથવા શાસ્ત્ર ગ્રંથોનું સંરક્ષણ વગેરે ન કરે ઈત્યાદિ અનેક રીતે શ્રુતનો વિનાશ થાય. આમ પરમાર્થથી પ્રમાદ શબ્દનો ભેદ અર્થ છે.

અથવા શ્રુતધર્મ વિષે અર્થથી ભેદ=ફેરફાર, અર્થાત્ શબ્દનો જે અર્થ થતો હોય તે અર્થ ન કરતાં બીજો અસંગત અર્થ કરવો. શબ્દનો અસંગત અર્થ કરવો એ પ્રમાદ છે = મહા પ્રમાદ છે. કારણકે અર્થભેદથી ક્રિયાભેદ થાય. ક્રિયાભેદથી મોક્ષ અભાવ થાય. મોક્ષના અભાવમાં સર્વવિરતિ વગેરે બધું નિષ્ફળ થાય. (૬૭૮)

तहा– **"सिद्धे भो ! पयओ"** वृत्तं सूत्रम् ।।

पूर्णमूलम् –

सिद्धे भो ! पयओ णमो जिणमए नंदी सया संजमे,
देवं-नाग-सुवण्ण-किण्णरगणस्सब्भूअभावच्चिए ।
लोगो जत्थ पइट्ठिओ जगमिणं तेलुक्कमच्चासुरं,
धम्मो वड्ढउ सासओ विजयऊ धम्मुत्तरं वड्ढउ ॥४॥

**सिद्धे लद्धपइट्ठे, अक्खलिए कुमयसत्थनिवहेण ।**
**अहवा सिद्धे णिच्चे, तिकालभाविप्पहावेण ॥६७९॥**

सिद्धान् लब्धप्रतिष्ठान् अस्खलितान् कुमतशास्त्रनिवहेन ।
अथवा सिद्धान् नित्यान् त्रिकालभाविप्रभावेण ॥६७९॥

હવે सिद्धे भो! पयओ० **એ સૂત્રનો અર્થ કહે છે–**

સિદ્ધ એટલે પ્રતિષ્ઠાને પામેલું. જિનમત પ્રતિષ્ઠાને પામેલું છે તેનું કારણ એ છે કે કુમતના શાસ્ત્રસમૂહથી સ્ખલના પામ્યું નથી. અથવા સિદ્ધ એટલે નિત્ય. જિનમતનો પ્રભાવ ત્રણે કાળ રહેતો હોવાથી જિનમત નિત્ય છે. (૬૭૯)

**सिद्धे वा विक्खाए, सदेव-मणुयऽसुरम्मि लोयम्मि ।**
**भो आमंतणसद्दो, अइसयनाणीण सव्वाणं ॥६८०॥**

सिद्धा वा विख्याताः सदेव-मनुजा-ऽसुरे लोके ।
भोः आमन्त्रणशब्दोऽतिशयज्ञानिनां सर्वेषाम् ॥६८०॥

અથવા સિદ્ધ એટલે દેવ-મનુષ્ય-અસુરથી સહિત લોકમાં વિખ્યાત બનેલું. भो એ આમંત્રણ વાચક શબ્દ છે. વિશિષ્ટ જ્ઞાની બધાને આમંત્રણ છે કે આપ જુઓ. (૬૮૦)

**भो ! पेच्छह अइसइणो, पमायचाएण एस पयओ हं ।**
**वयणेण तं पयासइ, होउ नमो मे जिणमयस्स ॥६८१॥**

भोः ! प्रेक्षध्वमतिशयिनः प्रमादत्यागेन एष प्रयतोऽहम् ।
वचनेन तत् प्रकाशते भवतु नमो मम जिनमतस्य ॥६८१॥

હે વિશિષ્ટ જ્ઞાનીઓ ! આપ જુઓ કે આ હું પ્રમાદનો ત્યાગ કરીને જિનમતમાં પ્રયત્નવાળો થયો છું. તેને (હું જિનમતમાં પ્રયત્નવાળો થયો છું એ બાબતને) વચનથી પ્રકાશિત કરે છે કે णमो जिणमए = જિનમતને મારો નમસ્કાર થાઓ. (૬૮૧)

**छट्ठीसत्तमियाणं, नत्थि विभत्तीणमत्थभेओ त्ति ।**
**तेण चउत्थी-अत्थे, निद्दिट्ठा सत्तमी सुत्ते ॥६८२॥**

षष्ठी-सप्तमीकानां नास्ति विभक्तीनामर्थभेद इति ।
तेन चतुर्थ्यर्थे निर्दिष्टा सप्तमी सूत्रे ।।६८२।।

પ્રાકૃત ભાષામાં છઠ્ઠી-સાતમી વિભક્તિઓમાં અર્થભેદ નથી. (તથા ચોથી વિભક્તિના સ્થાને છઠ્ઠી વિભક્તિ મૂકાય છે.) તેથી સૂત્રમાં સાતમી વિભક્તિ ચોથી વિભક્તિના અર્થમાં કહી છે. (૬૮૨)

**अहवा वि नमो अव्वयमवगयतइयाविभत्तियं नेयं ।**
**पयओ नमणेणाऽहं, जिणमयविसए त्ति वक्कत्थो ॥६८३॥**

अथवाऽपि 'नमस्' अव्ययमपगततृतीयाविभक्तिकं ज्ञेयम् ।
प्रयतो नमनेनाऽहं जिनमतविषये इति वाक्यार्थः ।।६८३।।

અથવા णमो એ સ્થળે જેમાંથી તૃતીયા વિભક્તિ ચાલી ગઈ છે તેવું नमस् પદ જાણવું, તેથી વાક્યાર્થ આ પ્રમાણે છે— હું નમસ્કાર કરવા વડે જિનમતને વિષે પ્રયત્નવાળો થયો છું. (૬૮૩)

**अहवा वि न-मा-सद्दा, पडिसेहत्था परोप्परं दो वि ।**
**पगयं गमेंति अत्थं, पयओ ऽहं जिणमए सिद्धे ॥६८४॥**

अथवाऽपि 'न-मा'-शब्दौ प्रतिषेधार्थौ परस्परं द्वावपि ।
प्रकृतं गमयतोऽर्थं प्रयतोऽहं जिनमते सिद्धे ।।६८४।।

અથવા નમો એ શબ્દના સ્થાને ન અને મા એ બે શબ્દો સમજવા. એ બંને શબ્દોનો નિષેધ અર્થ છે. પરસ્પર નિષેધ અર્થવાળા આ બંને શબ્દો પ્રસ્તુત

અર્થને જણાવે છે. તેથી અર્થ આ પ્રમાણે થાય— હું સિદ્ધ એવા જિનમતમાં પ્રયત્નવાળો થયો છું.

**વિશેષાર્થઃ**— વ્યાકરણ શાસ્ત્રમાં द्वौ नञौ प्रकृतार्थं गमयतः = "બે નિષેધ પ્રસ્તુત અર્થને જણાવે છે" એવો ન્યાય છે. પ્રસ્તુતમાં पयओ ण मा એમ બે નિષેધ છે. આનો અર્થ આ પ્રમાણે થાય— હું પ્રયત્નવાળો નથી એમ નથી, અર્થાત્ પ્રયત્નવાળો છું. (૬૮૪)

**जिणमयमिह सुयधम्मो, थोउं सो चेव पत्थुओ जम्हा ।**
**होइ जियाणं नंदी, जेण सया संजमे तत्तो ॥६८५॥**

जिनमतमिह श्रुतधर्मः स्तोतुं स एवं प्रस्तुतो यस्मात् ।
भवति जीवानां नन्दिर्येन सदा संयमे ततः ॥६८५॥

અહીં જિનમત એટલે શ્રુતધર્મ. કારણકે તે જ સ્તુતિ કરવા માટે પ્રસ્તુત છે. (येन =) હું જિનમતમાં પ્રયત્નવાલો એટલા માટે થયો છું કે (ततः =) જિનમતથી જીવોને સંયમમાં સદા નંદી થાય છે. (૬૮૫)

**नंदी परमसमिद्धी, सया वि णिच्चं पि संजमे चरणे ।**
**तस्स विसेसणमेयं, देव-न्नागाइ विन्नेयं ॥६८६॥**

नन्दिः परमसमृद्धिः सदाऽपि नित्यमपि संयमे चरणे ।
तस्य विशेषणमेतद् देव-नागादि विज्ञेयम् ॥६८६॥

નંદી એટલે પરમ સમૃદ્ધિ. સદાય એટલે હંમેશા પણ. સંયમમાં એટલે ચારિત્રમાં. દેવ-નાગ૦ એ પદ સંયમનું વિશેષણ જાણવું. (૬૮૬)

**देवा विमाणवासी, जोइसियाई उ उवरिमा सव्वे ।**
**नाग-सुवन्ना भवणाहिवासि उवलक्खणं भणियं ॥६८७॥**

देवा विमानवासिनो ज्योतिषिकादयस्तु उपरिमाः सर्वे ।
नाग-सुवर्णा भवनाधिवासिन उपलक्षणं भणितम् ॥६८७॥

દેવો એટલે વિમાનમાં રહેનારા જ્યોતિષ્ક વગેરે ઉપરના બધા દેવો. नाग-सुवण्ण એ ભવનવાસી દેવોનું ઉપલક્ષણ કહ્યું છે. (નાગ અને સુવર્ણ ભવનપતિ દેવોની જાતિ છે.) આથી નાગસુવર્ણ શબ્દોથી ભવનપતિ દેવો સમજવા. (૬૮૭)

**किन्नरगणगहणाओ, संगहिया सयलवंतरा देवा ।**
**चउविहसुरेहि सब्भूयभावओ परमभत्तीए ।।६८८।।**

किन्नरगणग्रहणात् संगृहीताः सकलव्यन्तरा देवाः ।
चतुर्विधसुरैः सद्भूतभावतः परमभक्त्या ।।६८८।।

**दढमच्चियम्मि परिपूइयम्मि नंदी जओ हवइ चरणे ।**
**सव्वायरेण संपइ, पयओ ऽहं तम्मि सुयधम्मे ।।६८९।।**

दृढमर्चिते परिपूजिते नन्दिर्यतो भवति चरणे ।
सर्वादरेण संप्रति प्रयतोऽहं तस्मिन् श्रुतधर्मे ।।६८९।।

किन्नरगणना પ્રયોગથી સઘળા વ્યંતર દેવોનો સંગ્રહ કર્યો છે. (આ પ્રમાણે અહીં ચારે પ્રકારના દેવોનો સંગ્રહ કરી લીધો છે.) ચાર પ્રકારના દેવોથી સદ્ભૂત ભાવથી એટલે પરમભક્તિથી, અતિશય અર્ચિત એટલે પરિપૂજિત. જે શ્રુતધર્મથી ચાર પ્રકારના દેવો વડે પરમભક્તિથી પરિપૂજિત એવા સંયમમાં પરમસમૃદ્ધિ થાય છે, તે શ્રુતધર્મમાં હમણાં હું સર્વાદરથી પ્રયત્નવાળો થયો છું. (૬૮૮-૬૮૯)

**सब्भूय-[1]नागसद्दक्खराण पढमाणमेत्थ दुब्भावो ।**
**छंदोभंगभयाओ, पाययलक्खणबलाओ वि ।।६९०।।**

सद्भूत-नाग-शब्दाक्षराणां प्रथमानामत्र द्विर्भावः ।
छन्दोभङ्गभयात् प्राकृतलक्षणबलादपि ।।६९०।।

१. तहा-"क्वचित् छन्दःपूरणेऽपि (अनुस्वारः)-देवं-नाग-सुवण्ण ।" ८-१-२६ इति अनुस्वारविधायके सूत्रे श्रीहेमचन्द्राचार्याः ।

અહીં सब्भूअ અને नाग એ બે શબ્દોના પહેલા અક્ષરનો જે દ્વિર્ભાવ કર્યો છે તે છંદનો ભંગ થવાના ભયથી અને પ્રાકૃત વ્યાકરણના બલથી પણ કર્યો છે.

**વિશેષાર્થઃ**– દેવં-નાગ એમ વ ની ઉપર જે અનુસ્વાર છે તે નાગ શબ્દનો પ્રથમ અક્ષર જે न् તે न् અક્ષરના દ્વિર્ભાવથી છે. गणस्सब्भूअ એ સ્થળે गण શબ્દ પછી જે स् છે તે सब्भूअ શબ્દનો પ્રથમ અક્ષર જે स्, તે स् ના દ્વિર્ભાવથી છે. અહીં દ્વિર્ભાવ ન કરવામાં આવે તો છંદનો ભંગ થાય. सिद्धे भो એ શ્લોક શાર્દૂલવિક્રીડિત છંદમાં છે. તે છંદના નિયમ પ્રમાણે બીજો અને બારમો અક્ષર ગુરુ હોવો જોઈએ. न् અને स् નો દ્વિર્ભાવ કરવામાં આવે તો જ બીજો અને બારમો અક્ષર ગુરુ થાય. જો બીજો અને બારમો અક્ષર ગુરુ ન હોય તો છંદનો ભંગ થાય. આમ અહીં છંદનો ભંગ ન થાય એટલા માટે न् અને स् એ બેનો દ્વિર્ભાવ કરવામાં આવ્યો છે.

અહીં પ્રશ્ન થાય કે દ્વિર્ભાવ કરવાથી શબ્દના અર્થમાં ફેર ન પડે ? અર્થ બદલાઈ ન જાય ? આના જવાબમાં અહીં કહ્યું કે પ્રાકૃત વ્યાકરણના બલથી પણ આ દ્વિર્ભાવ કર્યો છે. પ્રાકૃત વ્યાકરણના નિયમ પ્રમાણે દ્વિર્ભાવ કરવા છતાં અર્થમાં ફેર ન પડે. આ નિયમ નીચેની ગાથામાં જણાવે છે. (૬૯૦)

**भणियं च तत्थ –**

**नीया लोयमभूया, य आणिया दोन्नि बिंदु-दुब्भावा ।**
**अत्थं गमंति तं चिय, जो तेसिं पुव्वमेवासि ॥६९१॥**

भणितं च तत्र –

नीतौ लोपमभूतौ च आनीतौ द्वौ बिन्दु-द्विर्भावौ ।
अर्थं गमयतः तमेव यस्तेषां पूर्वमेवाऽऽसीत् ॥६९१॥

**પ્રાકૃત વ્યાકરણમાં કહ્યું છે કે–**

રહેલા હોવા છતાં લોપ કરાયેલા અને નહિ રહેલા હોવા છતાં લવાયેલા બિંદુ અને દ્વિર્ભાવ શબ્દોના તે જ અર્થને જણાવે છે, કે જે અર્થ પૂર્વે હતો.

**વિશેષાર્થઃ**– શબ્દની અંદર બિંદુ કે દ્વિર્ભાવ હોય પણ તેનો લોપ કરી દેવામાં આવે, અથવા શબ્દની અંદર બિંદુ કે દ્વિર્ભાવ ન હોય પણ નવા ઉમેરી દેવામાં આવે, તો પૂર્વે (લોપ કર્યા પહેલાં કે ઉમેર્યા પહેલાં) શબ્દનો જે અર્થ થતો હોય તે જ અર્થ થાય.

બિંદુ અને દ્વિર્ભાવના લોપથી કે ઉમેરાથી અર્થમાં ભેદ ન પડે. (૬૯૧)

**लोइज्जइ दिस्सइ जं, जहट्ठिओ केवलेण णाणेण ।**
**पंचत्थिकायमइओ, तो लोगो एत्थ घेत्तव्वो ॥६९२॥**

लोक्यते दृश्यते यद् यथास्थितः केवलेन ज्ञानेन ।
पञ्चास्तिकायमयोऽतो लोकोऽत्र ग्रहीतव्यः ।।६९२।।

કેવલજ્ઞાન વડે જે યથાસ્થિત લોકાય=દેખાય તે લોક. લોક શબ્દની આ વ્યુત્પત્તિથી અહીં પંચાસ્તિકાયમય લોક સમજવો. (૬૯૨)

**जत्थ त्ति जम्मि सुयधम्मदप्पणे अवितहोवलंभाओ ।**
**चिट्ठइ पइट्ठिओ इव, पच्चक्खं जयमिणं सो उ ॥६९३॥**

यत्रेति यस्मिन् श्रुतधर्मदर्पणेऽवितथोपलम्भात् ।
तिष्ठति प्रतिष्ठित इव प्रत्यक्षं जगदिदं स तु ।।६९३।।

जत्थ એટલે જે શ્રુતધર્મરૂપ દર્પણમાં पइट्ठिओ એટલે શ્રુતધર્મરૂપ દર્પણમાં યથાર્થ દેખાવાથી-જણાવાથી જાણે પ્રતિષ્ઠિત (=સ્થિર) કરેલો હોય તેમ રહેલો છે. તે લોક એટલે આ પ્રત્યક્ષ દેખાતું જગત. (૬૯૩)

**नरलोयमेत्तमेयं ति संसयावगमकारणे भणियं ।**
**तेलोक्कं उड्ढा-ऽहो-तिरियविभेयं तिहुयणं पि ॥६९४॥**

नरलोकमात्रमेतदिति संशयापगमकारणे भणितम् ।
त्रैलोक्यं-ऊर्ध्वा-ऽध-स्तिर्यग्विभेदं त्रिभुवनमपि ।।६९४।।

આ પ્રત્યક્ષ દેખાતું જગત મનુષ્યલોકમાત્ર છે, એવો સંશય દૂર કરવા માટે કહ્યું કે— तेलुक्क० = ઊર્ધ્વ-અધો-તિર્યગ્ એ ત્રણે ભુવન. (૬૯૪)

**तस्स विसेससरूवं, नेयं मच्चासुरं ति इह मच्चा ।**
**भणिया मणुया असुरा वि दाणवा तेसि एगत्तं ॥६९५॥**

तस्य विशेषस्वरूपं ज्ञेयं मर्त्याऽसुरमिति इह मर्त्याः ।
भणिता मनुजा असुरा अपि दानवास्तयोरैक्यम् ।।६९५।।

मच्चासुरं એ ત્રણ ભુવનનું વિશેષ સ્વરૂપ જાણવું. અહીં मच्चा (= મર્ત્યા) એટલે મનુષ્યો. અસુરા એટલે દાનવો. मच्च અને असुर એ બે શબ્દનો એકત્વભાવ (સમાહાર સમાસ) છે. (૬૯૫)

**एवं किर दंडो इव, मज्झग्गहणेण एत्थ संगहिओ ।**
**सुर-नारयाइरूवो, लोगो सव्वो वि दट्ठव्वो ॥६९६॥**

एवं किल दण्ड इव मध्यग्रहणेनाऽत्र संगृहीतः ।
सुर-नारकादिरूपो लोकः सर्वोऽपि द्रष्टव्यः ।।६९६।।

આ પ્રમાણે અહીં દંડની જેમ મધ્યભાગનું ગ્રહણ કરવાથી દેવ-નરકાદિ સ્વરૂપ સઘળોય લોક જાણવો.

**विशेषार्थः**– दण्डमध्यग्रहणे आद्यन्तस्यापि ग्रहणम् = દંડનો મધ્યભાગ લેવાથી (= પકડવાથી) દંડના આદિ અને અંત્યભાગનું પણ ગ્રહણ થઈ જાય છે, તે રીતે પ્રસ્તુતમાં લોકના મધ્યભાગમાં રહેલા મનુષ્યો અને દાનવોનું ગ્રહણ કરવાથી લોકના ઉપરના ભાગમાં રહેલા દેવો અને નીચેના ભાગમાં રહેલા નારકો વગેરેનું ગ્રહણ થઈ જાય છે. (૬૯૬)

**एवं संखेवेणं, काउं सुयधम्मसंथवो भव्वो ।**
**अइभत्तिभरियचित्तो, आसीवायं इमं पढइ ॥६९७॥**

एवं संक्षेपेण कृत्वा श्रुतधर्मसंस्तवं भव्यः ।
अतिभक्तिभृतचित्त आशीर्वादमिमं पठति ।।६९७।।

ભવ્ય જીવ આ પ્રમાણે સંક્ષેપથી શ્રુતધર્મની સ્તુતિ કરીને અતિશય ભક્તિથી ભરેલા ચિત્તવાળો તે આ (= નીચે કહેવાશે તે) આશીર્વાદ કહે છે. (૬૯૭)

**धम्मो त्ति सुत्तधम्मो, वड्ढउ पावेइ उन्नइं परमं ।**
**सासयमणवरयं चिय, विजयाओ दुम्मयचमूणं ॥६९८॥**

धर्म इति सूत्रधर्मो वर्धतां प्राप्नोति उन्नतिं परमाम् ।
शाश्वतमनवरतमेव विजयाद् दुर्मतचमूनाम् ।।६९८।।

धम्मो એટલે શ્રુતધર્મ. वड्डउ એટલે વધો = પરમ ઉન્નતિને પામો. सासओ એટલે શાશ્વત = સતત જ(= કદી નાશ ન પામે તે રીતે સદા). विजयओ એટલે કુમતરૂપ સૈન્યો ઉપર વિજય મેળવવાથી.

**વિશેષાર્થઃ**— અહીં શ્રુતધર્મ વધો એમ કહેવું છે. શ્રુતધર્મ એકવાર વધી જાય પણ પછી ઘટી જાય તો ? નાશ પામે તો ? માટે કહ્યું કે—सासओ = કદીય ઘટે નહિ એ રીતે સદા વધો. આ ત્યારે જ બને કે જો કુમત ઉપર વિજય મેળવવામાં આવે તો. માટે કહ્યું કે— विजयओ = કુમતોરૂપ સૈન્યો ઉપર વિજય મેળવવાથી શ્રુતધર્મ શાશ્વત વધો. (૬૯૮)

**धम्मो चरित्तधम्मो, तेण जहा उत्तरं अइपहाणं ।**
**होइ तह च्चिय वड्डउ, सुयधम्मो एस भगवं ति ॥६९९॥**

धर्मश्चारित्रधर्मः तेन यथा-उत्तरमतिप्रधानम् ।
भवति तथैव वर्धतां श्रुतधर्म एष भगवानिति ।।६९९।।

धम्मुत्तरं પદમાં ધર્મ એટલે ચારિત્રધર્મ. ચારિત્રધર્મથી ઉત્તર = અતિશય પ્રધાન થાય તે રીતે જ આ શ્રુતધર્મ ભગવાન પરમ ઉન્નતિને પામો.

**વિશેષાર્થઃ**— શ્રુતધર્મનું ફળ ચારિત્રધર્મ છે. એથી જેમ જેમ શ્રુતધર્મ વધે તેમ તેમ ચારિત્રધર્મ વધવો જોઈએ. શ્રુતધર્મની પ્રધાનતા ચારિત્રધર્મના કારણે છે, એટલે કે શ્રુતધર્મ ચારિત્રધર્મનું કારણ છે માટે શ્રુતધર્મ પ્રધાન છે. આથી જ અહીં કહ્યું કે— ચારિત્રધર્મથી અતિશય પ્રધાન થાય તે રીતે શ્રુતધર્મ વધો. (૬૯૯)

**आयरसूयणहेउं, वड्डउ भणियं पुणो इममदुट्ठं ।**
**उवविस उवविस भुंजसु, दीसइ लोए वि ववहारो ॥७००॥**

आदरसूचनहेतु 'वर्धताम्' भणितं पुनरिदमदुष्टम् ।
उपविश उपविश भुङ्क्ष्व दृश्यते लोकेऽपि व्यवहारः ।।७००।।

ફરી वड्डउ = વધો એમ જે કહ્યું તે આદરનું સૂચન કરવા માટે હોવાથી દુષ્ટ નથી. લોકમાં પણ આદર સૂચવવા માટે એક જ શબ્દ બે વાર બોલવાનો વ્યવહાર દેખાય છે. જેમકે બેશો, બેશો, ભોજન કરો. (૭૦૦)

**सिद्धिसमूसुयहियओ, न हु एत्तियवंदणेण परितुट्ठो ।**
**तव्वंदणाइहेउं, कुणइ पुणो एवमुस्सग्गं ॥७०१॥**

सिद्धिसमुत्सुकहृदयो न खलु एतावद्वन्दनेन परितुष्टः ।
तद्वन्दनादिहेतुं करोति पुनरेवमुत्सर्गम् ॥७०१॥

**"सुयस्स भगवओ करेमि काउस्सग्गमिच्चाइ जाव वोसिरामि"**

મોક્ષમાં જવા માટે અત્યંત ઉત્સુક થયેલો જીવ આટલા વંદનથી સંતુષ્ટ થતો નથી. આથી તેના (શ્રુતધર્મના) વંદનાદિ માટે (= અનુમોદનાથી વંદનાદિનો લાભ મેળવવા માટે) ફરી આ પ્રમાણે (= નીચે પ્રમાણે) કાયોત્સર્ગ કરે છે.

**વિશેષાર્થઃ**— सुअस्स भगवओ करेमि काउस्सग्गं ઈત્યાદિથી આરંભી अप्पाणं वोसिरामि સુધી બોલીને કાયોત્સર્ગ કરે. (૭૦૧)

**पुव्वं व कायचायं, काउं परिचिंतिऊण मंगलयं ।**
**विहिपारियउस्सग्गो, सुयनाणथुइं तओ देज्जा ॥७०२॥**

पूर्वमिव कायत्यागं कृत्वा परिचिन्त्य मङ्गलकम् ।
विधिपारितोत्सर्गः श्रुतज्ञानस्तुतिं ततो दद्यात् ॥७०२॥

પૂર્વની જેમ કાયોત્સર્ગ કરીને, કાયોત્સર્ગમાં એક નવકારમંત્ર ચિંતવીને વિધિ પૂર્વક કાયોત્સર્ગ પારીને, શ્રુતજ્ઞાનની સ્તુતિ બોલે. (૭૦૨)

**पढमत्थएँ भावजिणा, बीए ठवणाजिणा जिणहरत्था ।**
**तइए पुण नामजिणा, तिलोयठवणाजिणा य थुया ॥७०३॥**

प्रथमस्तवे भावजिना द्वितीये स्थापनाजिना जिनगृहस्थाः ।
तृतीये पुनर्नामजिनास्त्रिलोकस्थापनाजिनाश्च स्तुताः ॥७०३॥

પ્રથમ સ્તવમાં (= નમુત્થુણં સૂત્રમાં) ભાવજિનોની સ્તુતિ કરી. બીજા સ્તવમાં (= અરિહંત ચેઈઆણં સૂત્રમાં) જિનમંદિરમાં રહેલા સ્થાપના જિનોની સ્તુતિ કરી. ત્રીજા સ્તવમાં (= લોગસ્સ સૂત્રમાં) નામ જિનોની અને (સવ્વલોએ અરિહંતચેઈઆણં સૂત્રમાં) ત્રણ લોકના સ્થાપનાજિનોની સ્તુતિ કરી. (૭૦૩)

**इह पुक्खरवरदंडे, दव्वरिहंताण वंदणा विहिया ।**
**तित्थयरनामबंधनिबंधणं जेण सुयणाणं ॥७०४॥**

इह पुष्करवरदण्डे द्रव्यार्हतां वन्दना विहिता ।
तीर्थकरनामबन्धननिबन्धनं येन श्रुतज्ञानम् ।।७०४।।

અહીં પુક્ખરવરદંડકમાં દ્રવ્ય અરિહંતોને વંદના કરી છે. (શ્રુતજ્ઞાન દ્રવ્ય અરિહંત છે.) કારણકે શ્રુતજ્ઞાન તીર્થંકર નામ કર્મના બંધનું કારણ છે. (૭૦૪)

**भणियं च –**

**[१]भूयस्स भाविणो वा, भावस्सिह कारणं तु जं लोए ।**
**तं दव्वं सव्वन्नू, सचेयणाऽचेयणं बेंति ॥७०५॥**

भणितं च –

भूतस्य भाविनो वा भावस्येह कारणं तु यल्लोके ।
तद् द्रव्यं सर्वज्ञाः सचेतना-ऽचेतनं ब्रुवन्ति ।।७०५।।

१. एतत्समानं संस्कृतम् – "भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके ।
तद्द्रव्यं तत्त्वज्ञैः सचेतना-ऽचेतनं गदितम्"– विशेषावश्यके ५८४ गाथाटीकायाम् - (पृ० ३११).

કહ્યું છે કે—

આ લોકમાં જે જીવ કે અજીવ ભૂતકાળના અને ભવિષ્યકાળના ભાવનું (= અવસ્થાનું) કારણ બને તેને સર્વજ્ઞો દ્રવ્ય કહે છે. (૭૦૫)

**तहाहि –**

**अप्पुव्वनाणगहणे, सुयभत्ती पवयणे पभावणया ।**
**एएहिं कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो ॥७०६॥**

तथाहि-

अपूर्वज्ञानग्रहणे श्रुतभक्तिः प्रवचने प्रभावनता ।
एतैः कारणैः तीर्थकरत्वं लभते जीवः ।।७०६।।

**શ્રુતજ્ઞાન તીર્થંકર નામકર્મના બંધનું કારણ છે, તે આ પ્રમાણે–**

અપૂર્વ જ્ઞાન ગ્રહણ કરવાથી (= નવું નવું ભણવાથી) શ્રુતભક્તિ થાય છે, અને પ્રવચનની પ્રભાવના થાય છે. આ કારણોથી જીવ તીર્થંકરપણાને પામે છે. (૭૦૬)

**एवं चउप्पगारा, अरहंता ताव वंदिया एए ।**
**संपइ कमपत्ताणं, सिद्धाण करेमि संथवणं ॥७०७॥**

एवं चतुष्प्रकारा अर्हन्तस्तावद् वन्दिता एते ।
संप्रति क्रमप्राप्तानां सिद्धानां करोमि संस्तवनम् ।।७०७।।

આ પ્રમાણે (ભાવ વગેરે) ચાર પ્રકારના અરિહંતોને વંદન કર્યું. હવે ક્રમથી પ્રાપ્ત થયેલા સિદ્ધોની સ્તુતિ કરું છું.

**વિશેષાર્થઃ**– અરિહંતપદ પછી સિદ્ધપદ આવે છે, માટે અહીં "ક્રમથી પ્રાપ્ત થયેલા" એમ કહ્યું છે. (૭૦૭)

**अहव चिइवंदणाओ, सिद्धत्तं जेहि पावियं पुव्विं ।**
**तप्पयलाभनिमित्तं, सिद्धे वंदामि ते इण्हिं ॥७०८॥**

अथवा चैत्यवन्दनात् सिद्धत्वं यैः प्राप्तं पूर्वम् ।
तत्पदलाभनिमित्तं सिद्धान् वन्दे तानिदानीम् ।।७०८।।

અથવા ચૈત્યવંદનથી જેમણે પૂર્વે સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરી છે તે સિદ્ધોને સિદ્ધપદની પ્રાપ્તિ માટે હવે વંદન કરું છું. (૭૦૮)

**जह गारुडिओ गरुडं, विज्जो धन्नंतरिं सया सरइ ।**
**विज्जासिद्धं विज्जाहरो वि इट्ठत्तसिद्धत्थं ॥७०९॥**

यथा गारुडिको गरुडं, वैद्यो धन्वन्तरिं सदा स्मरति ।
विद्यासिद्धं विद्याधरोऽपि इष्टत्वसिद्ध्यर्थम् ।।७०९।।

**एवं सिद्धपयत्थी, करेमि सिद्धाण संथवमियाणिं ।**
**इय भावंतो सम्मं, सिद्धाण थुइं पढइ (पयओ) ॥७१०॥**

एवं सिद्धपदाऽर्थी करोमि सिद्धानां संस्तवमिदानीम् ।
इति भावयन् सम्यक् सिद्धानां स्तुतिं पठति (प्रयतः) ।।७१०।।

જેવી રીતે ઈષ્ટની સિદ્ધિ માટે ગારુડિક ગરુડનું, વૈદ્ય ધન્વંતરીનું અને વિદ્યાધર વિદ્યાસિદ્ધનું સદા સ્મરણ કરે છે, તેવી રીતે સિદ્ધપદનો અર્થી હું હવે સિદ્ધોની સ્તુતિ કરું છું, એ પ્રમાણે સમ્યક્ ભાવના ભાવતો જીવ પ્રયત્નશીલ બનીને સિદ્ધોની સ્તુતિ બોલે.

**વિશેષાર્થઃ**— ગારુડિક એટલે ઝેર ઉતારનાર વૈદ્ય. ગરુડ એટલે ઝેરને ઉતારવાનું મંત્ર. ધન્વંતરી શ્રી નેમિનાથ ભગવાનના સમયમાં દ્વારિકાનગરીમાં મોટો વૈદ્ય હતો. જેને ઘણી વિદ્યાઓ સિદ્ધ થઈ હોય તે વિદ્યાસિદ્ધ કહેવાય. વિદ્યાધર એટલે વિદ્યાને ધારણ કરનાર, પણ અહીં જે વિદ્યાધર વિદ્યા સાધી રહ્યો હોય તેવો વિદ્યાધર સમજવો. (૭૦૯-૭૧૦)

**"सिद्धाणं बुद्धाणं"** इत्यादि सूत्रम् ।।

पूर्णमूलम्–
सिद्धाणं बुद्धाणं पारगयाणं परंपरगयाणं ।
लोयग्गमुवगयाणं नमो सया सव्वसिद्धाणं ।।१।।

**सिद्धा निप्फन्ना खलु, सक्कारंतरपवित्तिनिरवेक्खा ।**
**सव्वुत्तमपयपत्ता, जेसिं परिकम्मणा नत्थि ॥७११॥**

सिद्धा निष्पन्नाः खलु सत्कारान्तरप्रवृत्तिनिरपेक्षाः ।
सर्वोत्तमपदप्राप्ता येषां परिकर्मणा नास्ति ।।७११।।

**હવે** सिद्धाणं बुद्धाणं **સૂત્રનો અર્થ કહે છે**—

સિદ્ધ એટલે કૃતકૃત્ય થયેલા, સત્કાર્યમાં પ્રવૃત્તિથી નિરપેક્ષ થયેલા, સર્વોત્તમપદને પામેલા, હવે જેમને ગુણોનું સ્થાપન કરવાનું રહ્યું નથી તેવા. (૭૧૧)

**विज्जा-जोगं-जण-धाउवायसिद्धाइया वि लोगम्मि ।**
**सिद्धा चेव पसिद्धा, विसेसणं तेण बुद्धाणं ॥७१२॥**

विद्या-योगा-ऽञ्जन-धातुवादसिद्धादिका अपि लोके ।
सिद्धा एव प्रसिद्धा विशेषणं तेन बुद्धेभ्यः ।।७१२।।

લોકમાં વિદ્યાસિદ્ધ, યોગસિદ્ધ, અંજનસિદ્ધ, ધાતુવાદસિદ્ધ વગેરે સિદ્ધો જ પ્રસિદ્ધ છે. તેથી સિદ્ધોનું 'बुद्धाणं' એવું વિશેષણ છે.

**વિદ્યાસિદ્ધ:**– જેનો અધિષ્ઠાયક સ્ત્રીદેવતા હોય તે વિદ્યા. જેને વિદ્યાઓ સિદ્ધ થઈ હોય તે વિદ્યાસિદ્ધ. જેમકે ખપુટાચાર્ય.

**યોગસિદ્ધ:**– અનેક ઔષધિઓ ભેગી કરી લેપ વગેરે બનાવી પાણીમાં ચાલવું વગેરે શક્તિ જેને પ્રાપ્ત થઈ હોય તે યોગસિદ્ધ. જેમકે આર્ય સમિતાચાર્ય.

**અંજનસિદ્ધ:**– અનેક ઔષધિઓ ભેગી કરી અંજન બનાવીને તેને આંખોમાં આંજીને અદૃશ્ય થવાની શક્તિ જેને પ્રાપ્ત થઈ હોય તે અંજનસિદ્ધ. જેમકે દુકાળમાં એક સ્થળે રહેલા સુસ્થિત આચાર્યના બે ક્ષુલ્લક મુનિઓ.

**ધાતુવાદસિદ્ધ:**– ઔષધિ આદિ મેળવીને તામ્ર આદિને સુવર્ણ આદિ બનાવવાની કળા તે ધાતુવાદ. ધાતુવાદમાં નિષ્ણાત તે ધાતુવાદસિદ્ધ. (૭૧૨)

**बुज्झंति जे समग्गं, वट्टंतमणागयं अईयं पि ।**
**भवभाविवत्थुतत्तं, तेसिं बुद्धाण सिद्धाणं ॥७१३॥**

बोधन्ति ये समग्रं वर्तमानमनागतमतीतमपि ।
भवभाविवस्तुतत्त्वं तेभ्यो बुद्धेभ्यः सिद्धेभ्यः ।।७१३।।

જેઓ વર્તમાનકાળના, ભૂતકાળના અને ભવિષ્યકાળના પણ સંસારમાં થનારા સંપૂર્ણ વસ્તુસ્વરૂપને જાણે છે તે બુદ્ધ. તે બુદ્ધ સિદ્ધોને. (૭૧૩)

**मुत्तिं पत्ता वि सुरा, परिभूयं जाणिऊण नियतित्थं ।**
**संसारे अवयारं, कुणंति केसिंचि मयमेयं ॥७१४॥**

मुक्तिं प्राप्ता अपि सुराः परिभूतं ज्ञात्वा निजतीर्थम् ।
संसारे अवतारं कुर्वन्ति केषाञ्चिद् मतमेतत् ।।७१४।।

**तेसिं पडिबोहणत्थं, पारगयाणं विसेसणं भणियं ।**
**न हु हुंति तारिसा जं, पारगया भवसमुद्दस्स ॥७१५॥**

तेषां प्रतिबोधनार्थं 'पारगतेभ्यो' विशेषणं भणितम् ।
न खलु भवन्ति तादृशा यत् पारगता भवसमुद्रस्य ।।७१५।।

**पारं पज्जंतं खलु, गयाण पत्ताण भवमहोयहिणो ।**
**अच्चंतियगमणेणं, भुज्जो वि तदप्पवेसाओ ॥७१६॥**

पारं पर्यन्तं खलु गतेभ्यः प्राप्तेभ्यो भवमहोदधेः ।
आत्यन्तिकगमनेन भूयोऽपि तदप्रवेशात् ।।७१६।।

મુક્તિને પામેલા પણ દેવો પોતાના તીર્થનો પરાભવ થઈ રહ્યો છે એ જાણીને સંસારમાં અવતાર કરે છે = સંસારમાં પાછા આવે છે એમ કેટલાકોનો મત છે. તેમને પ્રતિબોધ પમાડવા માટે पारगयाणं વિશેષણ કહ્યું છે. સંસાર સમુદ્રના પારને પામેલા જીવો ફરી સંસારમાં આવતા નથી. પાર એટલે અંત. ગયેલા એટલે પામેલા. ભવરૂપ મહાસમુદ્રના અંતને પામેલા. અંત ન આવે તે રીતે ભવરૂપ સમુદ્રના પારને પામવાના કારણે ફરી પણ સંસારમાં પ્રવેશ થતો ન હોવાથી સિદ્ધો ફરી સંસારમાં આવતા નથી. (૭૧૪ થી ૭૧૬)

**ते वि हु अणाइसिद्धा, केहि वि इट्ठ त्ति तन्निरासत्थं ।**
**भन्नइ विसेसणंतर-मन्नं पि परंपरगयाणं ॥७१७॥**

तेऽपि खलु अनादिसिद्धाः कैरपि इष्टा इति तन्निरासार्थम् ।
भण्यते विशेषणान्तरमन्यदपि परंपरागतेभ्यः ।।७१७।।

આવા પણ સિદ્ધોને કોઈક અનાદિસિદ્ધ = અનાદિથી સિદ્ધ છે એમ

માને છે. તેમના મતનું ખંડન કરવા બીજું પણ परंपरगयाणं એવું વિશેષણ કહેવામાં આવે છે. (૭૧૭)

**एगुवएसादन्नो, तओ वि अन्नो तओ वि अन्नयरो ।**
**एवं परंपराए, गयाण पत्ताण मुत्तिपयं ॥७१८॥**

एकोपदेशादन्यः, ततोऽपि अन्यः, ततोऽपि अन्यतरः ।
एवं परंपरया गतेभ्यः प्राप्तेभ्यो मुक्तिपदम् ॥७१८॥

એક જીવના ઉપદેશથી અન્ય જીવ સિદ્ધ થયો. તેનાથી બીજો જીવ સિદ્ધ થયો. તેનાથી વળી બીજો જીવ સિદ્ધ થયો. એમ પરંપરાથી મુક્તિપદને પામેલાઓને. (૭૧૮)

**न य वत्तव्वं पढमो, कस्सुवएसेण सिवपयं पत्तो ? ।**
**कालस्स व पढमत्तं, नत्थि च्चियं जेण कस्सा वि ॥७१९॥**

न च वक्तव्यं प्रथमः कस्योपदेशेन शिवपदं प्राप्तः ? ।
कालस्य इव प्रथमत्वं नास्त्येव येन कस्यापि ॥७१९॥

પહેલો જીવ કોના ઉપદેશથી મોક્ષપદને પામ્યો ? એમ ન કહેવું = ન પૂછવું. કેમ કે કાળની જેમ કોઈની પણ આદિ નથી. (૭૧૯)

**किं च–**
**विणया नाणं नाणा, उ दंसणं दंसणाओ चरणं तु ।**
**चरणाहिंतो मोक्खो, परंपरा इमा एवं ॥७२०॥**

किं च–
विनयाद् ज्ञानं, ज्ञानात्तु दर्शनं दर्शनाच्चरणं तु ।
चरणेभ्यो मोक्षः परंपरा इयमेवम् ॥७२०॥

**વળી–**

વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર, ચારિત્રથી મોક્ષ. આ પ્રમાણે આ પરંપરા છે. આ પરંપરાથી મોક્ષને પામેલાઓને. (૭૨૦)

**निववीरिएण अहवा, कालसहावाइणो वसे काउं ।**
**भवियव्वयनामाए, विसालसोवाणमालाए ॥७२१॥**

निजवीर्येण अथवा काल-स्वभावादीन् वशे कृत्वा ।
भवितव्यतानाम्न्या विशालसोपानमालया ॥७२१॥

**मिच्छत्तमहाकूवा, निग्गंतूण ऽज्जिऊण य कमेण ।**
**संमत्तदेसविरई—चरणाइपरंपरं परमं ॥७२२॥**

मिथ्यात्वमहाकूपाद् निर्गत्य अर्जित्वा च क्रमेण ।
सम्यक्त्व-देशविरति-चरणादिपरंपरां परमाम् ॥७२२॥

અથવા પોતાના આત્મબળથી કાલ અને સ્વભાવ વગેરેને વશ કરીને ભવિતવ્યતા નામની વિશાળ સોપાન શ્રેણિથી મિથ્યાત્વરૂપ કૂવામાંથી બહાર નીકળીને ક્રમે કરીને ઉત્કૃષ્ટ સમ્યક્ત્વ-દેશવિરતિ-સર્વવિરતિ આદિ પરંપરાને મેળવીને મોક્ષને પામેલાઓને.

**વિશેષાર્થઃ—** અહીં આત્મબળની પ્રધાનતા જણાવી છે. જીવ જો પોતાના આત્મબળને ફોરવે તો કાલ અને સ્વભાવ વગેરે પોતાને આધીન બનાવી દે. અને ભવિતવ્યતા વગેરે પણ અનુકૂળ થવા માંડે. (૭૨૧-૭૨૨)

**एवं परंपराए, गयाण मोक्खं सया नमो होउ ।**
**जस्स जहिं मलविगमो, तस्स तहिं चेव मुत्तिपयं ॥७२३॥**

एवं परंपरया गतेभ्यो मोक्षं सदा नमो भवतु ।
यस्य यत्र मलविगमः तस्य तत्रैव मुक्तिपदम् ॥७२३॥

**एवंविहदुन्नयनिर-सणत्थमच्चंतसुद्धबुद्धीहिं ।**
**लोयग्गमुवगयाणं, पयमेवं पयडमुवइट्ठं ॥७२४॥**

एवंविधदुर्नयनिरसनार्थमत्यन्तशुद्धबुद्धिभिः ।
लोकाग्रमुपगतेभ्यः पदमेवं प्रकटमुपदिष्टम् ॥७२४॥

આ પ્રમાણે પરંપરાથી મોક્ષને પામેલાઓને સદા નમસ્કાર કરું છું. જે જીવનો જ્યાં મલનો (=કર્માદિનો) ક્ષય થાય તેનું ત્યાં જ મુક્તિપદ છે. આવા પ્રકારના કુમતનું નિરાકરણ કરવા માટે અત્યંત શુદ્ધ બુદ્ધિવાળાઓ (મહર્ષિઓ)થીलोअग्गमुवगयाणं એવું પ્રગટ પદ કહેવાયું છે. (૭૨૩-૭૨૪)

**लोगो चउदसरज्जू, इसिपब्भाराभिहाणवरपुढवी ।**
**लोयग्गथूभिया सा, सीया य जिणागमपसिद्धा ॥७२५॥**

लोकश्चतुर्दशरज्जुरीषत्प्राग्भाराभिधानवरपृथिवी ।
लोकाग्रस्तूभिता सा सिता च जिनागमप्रसिद्धा ।।७२५।।

લોક ચૌદરજ્જુ પ્રમાણ છે. લોકના અગ્રભાગે (ઉપરના ભાગે) ઈષત્પ્રાગભારા નામની શ્રેષ્ઠ પૃથ્વી સ્થિર રહેલી છે. તે પૃથ્વી શ્વેત છે, અને જિનાગમમાં પ્રસિદ્ધ છે. (૭૨૫)

**तिसे उवरिं गंतू-ण जोयण तस्स उवरिमे कोसे ।**
**उवरिमछब्भायम्मी, लोयग्गं सिवपयं मुत्ती ॥७२६॥**

तस्या उपरि गत्वा योजनं तस्योपरिमे क्रोशे ।
उपरिमषड्भागे लोकाग्रं शिवपदं मुक्तिः ।।७२६।।

તે પૃથ્વીની ઉપર એક યોજનના છેલ્લા ગાઉનો છેલ્લો છઠ્ઠો ભાગ લોકાગ્ર છે. તેને શિવપદ કે મુક્તિ કહેવામાં આવે છે. (૭૨૬)

**तं ठाणमुवगयाणं, असेसकम्मक्खएण पत्ताणं ।**
**सव्वेसु वि संबज्झइ, नमो सया सव्वसिद्धाणं ॥७२७॥**

तत् स्थानमुपगतेभ्योऽशेषकर्मक्षयेण प्राप्तेभ्यः ।
सर्वेष्वपि संबध्यते 'नमः सदा सर्वसिद्धेभ्यः ।।७२७।।

સર્વ કર્મોના ક્ષયથી તે સ્થાનને उवगयाणं = પામેલાઓને. नमो सया सव्व सिद्धाणं એ પદનો સર્વ પદોમાં સંબંધ છે.

**विशेषार्थः**— नमो सया सव्वसिद्धाणं એ પદનો સર્વપદોમાં સંબંધ છે

એ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે– "સર્વસિદ્ધોને સદા નમસ્કાર કરું છું." એટલું જ ન કહેવું, કિંતુ સિદ્ધ થયેલા, બુદ્ધ થયેલા, સંસારના પારને પામેલા, પરંપરાએ સિદ્ધ થયેલા, લોકાગ્રે રહેલા એવા સર્વસિદ્ધોને સદા નમસ્કાર કરું છું એમ કહેવું. (૭૨૭)

**सव्वं सिद्धं जेसिं, सज्झं थेवं पि किं पि नहि अत्थि ।**
**ते हुंति सव्वसिद्धा, जइ वा अन्नो इमो अत्थो ॥७२८॥**

सर्वं सिद्धं येषां, साध्यं स्तोकमपि किमपि नहि अस्ति ।
ते भवन्ति सर्वसिद्धा यदि वा अन्योऽयमर्थः ।।७२८।।

જેમનું સઘળુંય સિદ્ધ થઈ ગયું છે, જરા પણ કંઈ પણ સિદ્ધ કરવાનું બાકી રહ્યું નથી, તે સર્વ સિદ્ધો છે. અથવા સર્વસિદ્ધ શબ્દનો આ (હવે કહેવાશે તે) બીજો અર્થ છે. (૭૨૮)

**तित्थातित्थाहि(इ)उवा-हिभेयओ ऽणेगहा जिणमयम्मि ।**
**सिद्धा हुंति पसिद्धा, सव्वग्गहणेण ते गहिया ॥७२९॥**

तीर्थातीर्थाद्युपाधिभेदतोऽनेकधा जिनमते ।
सिद्धा भवन्ति प्रसिद्धाः सर्वग्रहणेन ते गृहीताः ।।७२९।।

જિનમતમાં તીર્થ અને અતીર્થ વગેરે વિશેષણોના ભેદથી અનેક પ્રકારે સિદ્ધો પ્રસિદ્ધ છે, અર્થાત્ તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ વગેરે અનેક પ્રકારના સિદ્ધો છે, તે સર્વ સિદ્ધો સર્વ શબ્દના ગ્રહણથી ગ્રહણ કરાયેલા છે. (૭૨૯)

**भणियं च–**
**सिद्धा अणेयभेया, तित्थंतित्थयरतदियरा चेव ।**
**सय-पत्तेयविबुद्धा, बुहबोहिय स-ऽन्न-गिहिलिंगे ॥७३०॥**

भणितं च –
सिद्धा अनेकभेदाः तीर्थकर-तदितराश्चैव ।
स्वयं-प्रत्येकविबुद्धा बुधबोधिताः स्वा-ऽन्य-गृहिलिङ्गे ।।७३०।।

**इत्थी-पुरिस-नपुंसक-एगा-ऽणेग तह समयभिन्ना य ।**
**तग्गहणत्थं भणियं, नमो सया सव्वसिद्धाणं ॥७३१॥**

स्त्री-पुरुष-नपुंसक-एका-ऽनेकाः तथा समयभिन्नाश्च ।
तद्ग्रहणार्थं भणितं नमः सदा सर्वसिद्धेभ्यः ।।७३१।।

**કહ્યું છે કે—**

સિદ્ધો અનેક ભેદવાળા છે. તે આ પ્રમાણે— તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, તીર્થંકરસિદ્ધ, અતીર્થંકરસિદ્ધ, સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ, બુદ્ધબોધિતસિદ્ધ, સ્વલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ, ગૃહલિંગસિદ્ધ, સ્ત્રીલિંગસિદ્ધ, પુરુષલિંગસિદ્ધ, નપુંસકલિંગસિદ્ધ, એકસિદ્ધ, અનેકસિદ્ધ એમ પંદર પ્રકારના સિદ્ધો છે. તથા સમયભિન્ન સિદ્ધો છે. આ બધા સિદ્ધોનું ગ્રહણ કરવા માટે સર્વસિદ્ધોને સદા નમસ્કાર કરું છું એમ કહ્યું છે.

**વિશેષાર્થઃ**— સમયભિન્ન સિદ્ધો એટલે જુદા જુદા સમયે સિદ્ધ થયેલા સિદ્ધો. તે આ પ્રમાણે— ઉત્સર્પિણીકાળમાં સિદ્ધ થયેલા, અવસર્પિણીકાળમાં સિદ્ધ થયેલા, ત્રીજા આરામાં સિદ્ધ થયેલા, ચોથા આરામાં સિદ્ધ થયેલા, વિવક્ષિત કોઈ એક સમયે સિદ્ધ થયેલા, ત્યાર પછીના સમયે સિદ્ધ થયેલા, ત્યાર પછીના સમયે સિદ્ધ થયેલા એમ અનેક રીતે સમયભિન્ન સિદ્ધો છે. (૭૩૦-૭૩૧)

**सामन्नेण जिणाई, वंदित्ता वंदई विसेसेण ।**
**आसन्नुवयारित्ता, वीरं वट्टंततित्थयरं ॥७३२॥**

सामान्येन जिनादीन् वन्दित्वा वन्दते विशेषेण ।
आसन्नोपकारित्वाद् वीरं वर्तमानतीर्थकरम् ।।७३२।।

સામાન્યથી જિન વગેરેને વંદન કરીને હવે નજીકના ઉપકારી હોવાથી વર્તમાન તીર્થને કરનારા વીરભગવાનને વિશેષથી વંદન કરે છે. (૭૩૨)

जो देवाण वि गाहा, सूत्रम् ।।

पूर्णमूलम् -

जो देवाण वि देवो, जं देवा पंजली नमंसंति ।
तं देवदेवमहिअं, सिरसा वंदे महावीरं ।।२।।

**एयस्स अक्खरत्थो, सुगमो साहेमि नवरं भावत्थं ।**
**जो देवाण वि देवो, निच्चं सुरसेवियत्ताओ ।।७३३।।**

एतस्याक्षरार्थः सुगमः कथयामि नवरं भावार्थम् ।
यो देवानामपि देवो नित्यं सुरसेवितत्वात् ।।७३३।।

**હવે** जो देवाण वि० **એ ગાથાસૂત્રના અર્થને કહે છે–**

આ સૂત્રનો અક્ષરાર્થ સુગમ છે. કેવળ ભાવાર્થને કહું છું. સદા દેવોથી સેવાયેલા હોવાથી (जो देवाण वि देवो =) જે દેવોના પણ દેવ છે. (૭૩૩)

**तद्यहि–**

**इंतेहिं जंतेहिं य, बोहिनिमित्तं ति संपयत्थीहिं ।**
**अविरहियं देवेहिं, जिणपयमूलं सयाकालं ।।७३४।।**

तथाहि–

आयद्भिर्याद्भिश्च बोधिनिमित्तमिति संपदर्थिभिः ।
अविरहितं देवैर्जिनपदमूलं सदाकालम् ।।७३४।।

**તે આ પ્રમાણે–**

જિનચરણોનું મૂલ (= જિનચરણોની પાસેનું સ્થાન) સમ્યક્પદના (= મોક્ષપદના) અર્થી અને એથી જ બોધિ નિમિત્તે જિનની પાસે આવતા અને જતા એવા દેવોથી રહિત ક્યારેય હોતું નથી.

**વિશેષાર્થઃ–** કોઈ પણ વસ્તુના નીચેના ભાગને મૂળ કહેવામાં આવે છે. જિનચરણોનું મૂલ એટલે જિનચરણોનો નીચેનો ભાગ. આ શબ્દાર્થ છે. ભાવાર્થ તો "જિનની પાસે દેવો સદા હોય છે" એવો છે. (૭૩૪)

**बाहिरिगा वि हु सेवा, संभवइ अओ विसेसओ भणियं ।**
**जं देवा पंजलिणो, भत्तिवसाओ नमंसंति ॥७३५॥**

बाह्याऽपि खलु सेवा संभवत्यतो विशेषतो भणितम् ।
यं देवाः प्राञ्जलयो भक्तिवशाद् नमस्यन्ति ।।७३५।।

બાહ્ય (= દેખાવની) પણ સેવા સંભવે છે, માટે વિશેષથી કહ્યું કે— (जं देवा पंजली नमंसंति) જેને દેવો ભક્તિના કારણે વિનયપૂર્વક બે હાથની અંજલિ કરીને નમસ્કાર કરે છે. (૭૩૫)

**सेवा-नमंसणाइं, सुरेहिं कीरंति सुरवईणं पि ।**
**तं देवदेवमहियं, सुरवइमहियं ति संलत्तं ॥७३६॥**

सेवा-नमस्यने सुरैः क्रियेते सुरपतीनामपि ।
तद् देवदेवमहितं सुरपतिमहितमिति संलपितम् ।।७३६।।

દેવો ઈંદ્રોની પણ સેવા અને નમસ્કાર કરે છે. તેથી (देवदेवमहिअं =) "ઈંદ્રોથી પૂજિત" એ પ્રમાણે કહ્યું.

**વિશેષાર્થઃ**— દેવો જેમની સેવા કરે છે એવા ઈંદ્રોથી પણ પ્રભુ પૂજાયેલા છે. પ્રભુ માત્ર દેવોથી પૂજાયેલા છે એવું નથી, કિંતુ ઈંદ્રોથી પણ પૂજાયેલા છે. પ્રભુ જો માત્ર દેવોથી જ પૂજાયેલા હોય તો પ્રભુના માહાત્મ્યમાં ન્યૂનતા રહે. કારણકે દેવોથી તો ઈંદ્રો પણ પૂજાય છે. એથી ઈંદ્રમાં અને પ્રભુમાં ભેદ ન રહ્યો. આથી કહ્યું કે— "ઈંદ્રોથી પૂજાયેલા." (૭૩૬)

**काऊण नमोक्कारं, [१] संसइ तस्सेवऽणप्पमाहप्पं ।**
**फलसवणाओ जम्हा, बुद्धिपहाणा पवत्तंति ॥७३७॥**

१. 'सीसइ' इत्यपि पाठः ।

कृत्वा नमस्कारं शंसति तस्यैवानल्पमाहात्म्यम् ।
फलश्रवणाद् यस्माद् बुद्धिप्रधानाः प्रवर्तन्ते ।।७३७।।

નમસ્કાર કરીને હવે નમસ્કારના જ અતિશય માહાત્મ્યને કહે છે.

કારણકે બુદ્ધિપ્રધાન જીવો ફલને સાંભળીને પ્રવૃત્તિ કરે છે.

**विशेषार्थः**– बुद्धिः प्रधानं येषां ते बुद्धिप्रधानाः એવો વિગ્રહ છે. બુદ્ધિપ્રધાન એટલે બુદ્ધિની પ્રધાનતાવાળા, અર્થાત્ વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા. બુદ્ધિપ્રધાન જીવો કોઈ પણ કાર્યમાં ફલને સાંભળીને = જાણીને પ્રવૃત્તિ કરે છે. જે પ્રવૃત્તિથી લાભ દેખાય તેવી પ્રવૃત્તિ કરે છે. આથી બુદ્ધિપ્રધાન જીવો નમસ્કારમાં પ્રવૃત્તિ કરે એ માટે નમસ્કારનું ફળ કહેવું જોઈએ. આથી હવે પછીની ગાથામાં નમસ્કારનું ફળ કહે છે. (૭૩૭)

"इक्को वि नमोक्कारो" गाहा ।। पूर्णमूलम्-

इक्को वि नमोक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स ।
संसारसागराओ, तारेइ नरं व नारिं वा ।।३।।

**एक्को सव्वपहाणो, अब्बीओ वावि एत्थ नायव्वो ।**
**वीरस्स नमोक्कारो, किं पुण बहुग त्ति अविअत्थो ।।७३८।।**

एकः सर्वप्रधानोऽद्वितीयो वाऽप्यत्र ज्ञातव्यः ।
वीरस्य नमस्कारः किं पुनर्बहुक इति अपि-अर्थः ।।७३८।।

હવે इक्को वि नमुक्कारो **એ ગાથાનો અર્થ કહે છે**–

અહીં એક એટલે સર્વપ્રધાન (= સર્વશ્રેષ્ઠ) અથવા અદ્વિતીય જાણવો. વીરને કરાતો એક પણ નમસ્કાર સંસારથી તારે છે, તો પછી બહુ નમસ્કાર સંસારથી તારે તેમાં તો શું કહેવું ? એમ अपि શબ્દનો અર્થ છે. (૭૩૮)

**ओहि-मणपज्जवनाणिणो वि सामन्नओ जिणा होंति ।**
**जियबहुगुरुकम्मत्ता, तेसि वरा हुंति केवलिणो ।।७३९।।**

अवधि-मनःपर्यवज्ञानिनोऽपि सामान्यतो जिना भवन्ति ।
जितबहुगुरुकर्मत्वात् तेषां वरा भवन्ति केवलिनः ।।७३९।।

**तेहिंतो वि पहाणो, जिणवरवसभो त्ति वद्धमाणजिणो ।**
**तस्स नमोक्कारो जो, माहप्पं भन्नए तस्स ।।७४०।।**

तेभ्योऽपि प्रधानो जिनवरवृषभ इति वर्धमानजिनः ।
तस्य नमस्कारो यो माहात्म्यं भण्यते तस्य ।।७४०।।

અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાનીઓ પણ સામાન્યથી જિન છે. ઘણા ભારે કર્મોને જિતવાના કારણે જિનોમાં શ્રેષ્ઠ તે જિનવર. જિનવર એટલે કેવલી. (અવધિજ્ઞાની વગેરે જિન છે પણ કેવલી નથી.) કેવલીઓમાં પણ મુખ્ય તે જિનવરવૃષભ. જિનવરવૃષભ એવા વર્ધમાન જિનને કરાતો જે નમસ્કાર તે નમસ્કારનું માહાત્મ્ય (નીચેની ગાથામાં) કહેવાય છે. (૭૩૯-૭૪૦)

**संसारसागराओ, तारेइ धुवं नरं व नारिं वा ।**
**नरगहणा नरजाई, लद्धा किं नारिगहणेण ? ।।७४१।।**

संसारसागरात् तारयति ध्रुवं नरं वा नारीं वा ।
नरग्रहणाद् नरजातिर्लब्धा किं नारीग्रहणेन ? ।।७४१।।

**अन्नाणवसा केई, सिद्धिं नेच्छंति चेव नारीणं ।**
**तेसिं पडिबोहणत्थं, नारीगहणं इमं एत्थ ।।७४२।।**

अज्ञानवशात् केचित् सिद्धिं नेच्छन्ति चैव नारीणाम् ।
तेषां प्रतिबोधनार्थं नारीग्रहणमिदमत्र ।।७४२।।

વર્ધમાનજિનને કરાતો એક પણ નમસ્કાર પુરુષને કે સ્ત્રીને સંસારરૂપ સાગરથી નિયમા તારે છે.

**પ્રશ્નઃ**— નર શબ્દને ગ્રહણ કરવાથી નારી જાતિ આવી જાય છે, અને તેથી સ્ત્રી પણ આવી જ જાય છે, તો પછી નારી શબ્દને ગ્રહણ કરવાની શી જરૂર છે ?

**ઉત્તરઃ**— અજ્ઞાનતાના કારણે કેટલાકો સ્ત્રીની મુક્તિને માનતા નથી, તેમને પ્રતિબોધ પમાડવા માટે અહીં નારી શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું છે. (૭૪૧-૭૪૨)

**संसारसमुद्दाओ, संतरणं सिद्धिपयंगमानत्तं ।**
**तं नारीणं पि धुवं, जायइ जिणवरनमोक्कारा ।।७४३।।**

संसारसमुद्रात् संतरणं सिद्धिपदकमाज्ञप्तम् ।
तन्नारीणामपि ध्रुवं जायते जिनवरनमस्कारात् ।।७४३।।

સંસારસમુદ્રથી તરવું એટલે સિદ્ધિપદને પામવું એમ કહ્યું છે. જિનવરને કરાતા નમસ્કારથી નારીને પણ નિયમા સિદ્ધિપદની પ્રાપ્તિ થાય છે. (૭૪૩)

**आह फुडं नहि मुणिमो, विहिवाओ एस किं व थुइवाओ ? ।**
**अह विहिवयणं एयं, निरत्थयं सेसणुट्ठाणं ॥७४४॥**

आह स्फुटं नहि जानीमो विधिवाद एषः किं वा स्तुतिवादः ? ।
अथ विधिवचनमेतद् निरर्थकं शेषानुष्ठानम् ।।७४४।।

**एसो च्चिय कायव्वो, निच्चं पुरिसेण सिद्धिकामेण ।**
**सो वि न जुत्तो बीओ, एकादवि कज्जसिद्धीओ ॥७४५॥**

एष एव कर्तव्यो नित्यं पुरुषेण सिद्धिकामेन ।
सोऽपि न युक्तो द्वितीय एकस्मादपि कार्यसिद्धितः ।।७४५।।

### ૭૪૪મી ગાથાની ભૂમિકા

શાસ્ત્રવચનના અર્થવાદ, વિધિવાદ અને અનુવાદ એમ ત્રણ પ્રકાર છે.

**અર્થવાદઃ**– જે વચન માત્ર પ્રશંસા કે નિંદાના સૂચક હોય, પરંતુ વસ્તુસ્વરૂપના સૂચક ન હોય તે અર્થવાદ છે. જેમકે जले विष्णुः स्थले विष्णुः विष्णुः पर्वतमस्तके = જલમાં વિષ્ણુ છે, સ્થલમાં વિષ્ણુ છે, અને પર્વતના શિખરે વિષ્ણુ છે. આ વચન વિષ્ણુનું સ્વરૂપ બતાવતું નથી, કિંતુ પ્રશંસા કરે છે. વિષ્ણુ બધું જાણે છે માટે જ્ઞાન દ્વારા બધે રહેલા છે.

**વિધિવાદઃ**– જે વચન કર્તવ્ય-અકર્તવ્યની સૂચના કરે તે વિધિવાદ. જેમકે–सुखार्थी सदा जिनपूजां कुर्यात् = સુખના અર્થીએ હંમેશા જિનપૂજા કરવી જોઈએ. આ વચન સુખની ઈચ્છાવાળાને જિનપૂજારૂપ કર્તવ્યનું સૂચન કરે છે. सुखार्थी मा हिंस्यात् भूतानि = સુખના અર્થીએ જીવોની હિંસા ન કરવી જોઈએ. આ વચન જીવહિંસા અકર્તવ્ય છે એમ સૂચવે છે.

**અનુવાદ:**— જે વચન વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવે છે તે અનુવાદ વચન છે. જેમકે— द्वादशमासाः संवत्सरः = બારમાસનો એક સંવત્સર=એક વર્ષ થાય. આ વચન વર્ષનું સ્વરૂપ જણાવે છે.

**અહીં શિષ્ય કહે છે**— "એક પણ નમસ્કાર સંસારથી તારે છે" એ વિધિવાદ છે કે સ્તુતિવાદ છે તે અમે સ્પષ્ટ જાણતા નથી. હવે જો આ વિધિવચન છે તો બીજા અનુષ્ઠાનો નિરર્થક છે. સિદ્ધિના અભિલાષી પુરુષે સદા નમસ્કાર જ કરવો જોઈએ. તે નમસ્કાર પણ બીજો યુક્ત નથી = બીજો ન કરવો જોઈએ, કારણકે એકથી પણ કાર્યસિદ્ધિ થઈ જાય છે. (૭૪૪-૭૪૫)

**अह थुइवाओ एसो, थुव्वइ वेयालिएहिँ जह रन्नो ।**
**कुंतस्स सत्तपाया-लभेयणे नूण सामत्थं ॥७४६॥**

अथ स्तुतिवाद एष स्तूयते वैतालिकैर्यथा राज्ञः ।
कुन्तस्य सप्तपातालभेदने नूनं सामर्थ्यम् ॥७४६॥

**अलियवयणं खु एयं, भन्नइ सव्वन्नुणो पुरो कह णु ? ।**
**लोए वि पसिद्धमिणं, देवा सत्ता (सच्चा) वि गेज्झ त्ति ॥७४७॥**

अलीकवचनं खल्वेतद् भण्यते सर्वज्ञस्य पुरः कथं नु ? ।
लोकेऽपि प्रसिद्धमिदं देवाः सत्त्वादपि ? (सत्यादपि) ग्राह्या इति ॥७४७॥

હવે જો આ સ્તુતિવાદ છે તો આ વચન અસત્ય છે. જેમકે— વૈતાલિકો રાજાની સ્તુતિ કરતાં કહે કે" રાજાના ભાલામાં ખરેખર ! સાત પાતાલને ભેદવાનું સામર્થ્ય છે." આ વચન અસત્ય છે. જેમ આ વચન અસત્ય છે તેમ "એક પણ નમસ્કાર સંસારથી તારે છે" એ વચન પણ અસત્ય છે. સર્વજ્ઞની આગળ અસત્ય કેમ બોલાય ? લોકમાં પણ આ પ્રસિદ્ધ છે કે— સત્યથી જ દેવોનો સ્વીકાર કરવો જોઈએ, અર્થાત્ જે દેવ ગુણસંપન્ન હોવાના કારણે સાચા હોય તેને જ દેવ તરીકે માનવા જોઈએ અને તે દેવમાં જે ગુણો હોય તે જ ગુણો કહેવા જોઈએ, જે ગુણો ન હોય તે ન કહેવા જોઈએ.

**વિશેષાર્થઃ**— ૭૪૭મી ગાથામાં સત્તા એ સ્થળે સચ્ચા પાઠ હોવો જોઈએ એમ મને જણાય છે. મેં સચ્ચા એ પાઠના આધારે અર્થ લખ્યો છે. જો સત્તા એ પાઠના આધારે અર્થ સંગત થતો હોય તો કરવો. (૭૪૬-૭૪૭)

**अलियवयणं पि पाव-स्स कारणं वन्नियं जिणेंदेहिं ।**
**संतगुणकित्तणा वि य, जिणाण जं वंदणा इट्ठा ॥७४८॥**

अलीकवचनमपि पापस्य कारणं वर्णितं जिनेन्द्रैः ।
सद्गुणकीर्तनाऽपि च जिनानां यद् वन्दना इष्टा ॥७४८॥

જિનેન્દ્રોએ અસત્ય વચનને પાપનું કારણ કહ્યું છે. વિદ્યમાન ગુણોનું જ કીર્તન જિનવંદના તરીકે ઈષ્ટ છે. (= અસદ્ગુણોનું કીર્તન જિનવંદના નથી.) આથી સ્તુતિવચન અસત્યવચન છે. (૭૪૮)

**एयं दुहा वि एवं, चिंतिज्जंतं न संगयं भाइ ।**
**गाहासुत्तं भंते !, ता सीसउ एत्थ परमत्थो ॥७४९॥**

एतद् द्विधाऽपि एवं चिन्त्यमानं न संगतं भाति ।
गाथासूत्रं भगवन् ! ततः शिष्यतामत्र परमार्थः ॥७४९॥

આ પ્રમાણે બંને રીતે વિચારાતું આ ગાથાસૂત્ર સંગત જણાતું નથી. માટે હે ભગવંત ! અહીં પરમાર્થ શો છે તે ફરમાવો. (૭૪૯)

**भणइ गुरू भो ! तुमए, वियप्पकल्लोललोलहियएण ।**
**मोहं कओ पयासो, भावत्थमबुज्झमाणेण ॥७५०॥**

भणति गुरुर्भोः ! त्वया विकल्पकल्लोललोलहृदयेन ।
मोघं कृतः प्रयासो भावार्थमबुध्यमानेन ॥७५०॥

ગુરુ કહે છે— હે મહાનુભાવ ! વિકલ્પરૂપ તરંગોથી ચંચલ ચિત્ત વડે ભાવાર્થને નહિ જાણતા એવા તેં મહેનત નિષ્ફળ કરી.

**વિશેષાર્થઃ**— કોઈપણ વિષયનો ભાવાર્થ જાણવો હોય તો પહેલાં ચિત્તને સ્થિર કરવું જોઈએ. જ્યારે અહીં વિધિવાદ છે કે સ્તુતિવાદ ? ઈત્યાદિ વિકલ્પોથી

ચિત્ત અસ્થિર છે. અસ્થિર ચિત્તથી ભાવાર્થ સમજવાની મહેનત કરવા છતાં ભાવાર્થ સમજાય નહિ. આથી ભાવાર્થને સમજવાની કરેલી મહેનત નિષ્ફળ જાય. માટે અહીં કહ્યું કે વિકલ્પ રૂપ તરંગોથી ચંચલ ચિત્ત વડે ભાવાર્થને નહિ જાણતા એવા તેં મહેનત નિષ્ફળ કરી. (૭૫૦)

**नणु सिद्धमेव भगवओ, एसो सव्वोत्तमो नमोक्कारो ।**
**आणाणुपालणत्थं, भावनमोक्कारख्व त्ति ॥७५१॥**

ननु सिद्धमेव भगवत एष सर्वोत्तमो नमस्कारः ।
आज्ञानुपालनार्थं भावनमस्काररूप इति ॥७५१॥

ભગવાનને કરાતો આ નમસ્કાર સર્વોત્તમ સિદ્ધ જ છે, અર્થાત્ આ નમસ્કાર સર્વોત્તમ છે એ (આગમ પ્રમાણથી) સિદ્ધ થયેલું જ છે. તથા ભાવ નમસ્કાર સર્વોત્તમ નમસ્કાર છે. ભાવ નમસ્કાર આજ્ઞાપાલન રૂપ છે.

**વિશેષાર્થઃ–** સંસ્કૃત શબ્દકોષમાં अर्थ શબ્દનો 'વસ્તુનો સ્વભાવ' એવો પણ અર્થ છે. સ્વભાવ એટલે સ્વરૂપ. આથી અહીં आज्ञानुपालनार्थ પદનો 'આજ્ઞાપાલનરૂપ' એવો અર્થ કર્યો છે. અથવા આજ્ઞાપાલન પ્રયોજન છે જેનું એવો ભાવનમસ્કાર, એવો શબ્દાર્થ પણ કરી શકાય. પણ ભાવાર્થ તો "આજ્ઞાપાલનરૂપ" એવો જ છે. (૭૫૧)

**आणाणुपालणाओ, तत्तो सव्वुत्तमा भवतरणं ।**
**होइ धुवं भवियाणं, गाहासुत्तं कहमजुत्तं ? ॥७५२॥**

आज्ञानुपालनात् ततः सर्वोत्तमाद् भवतरणम् ।
भवति ध्रुवं भव्यानां गाथासूत्रं कथमयुक्तम् ? ॥७५२॥

સર્વોત્તમ તે આજ્ઞાપાલનથી નિયમા ભવ્યો ભવને તરી જાય છે. તેથી ગાથાસૂત્ર અયુક્ત કેવી રીતે છે ? અર્થાત્ અયુક્ત નથી. (૭૫૨)

**ता विहिवाओ एसो, थुइवाओ वा न दोसमावहइ ।**
**सब्भूयभासणाओ, संतगुणुक्कित्तणा चेव ॥७५३॥**

ततो विधिवाद एषः स्तुतिवादो वा न दोषमावहति ।
सद्भूतभाषणात् सद्गुणोत्कीर्तना एव ।।७५३।।

તેથી આ વિધિવાદ હોય કે પછી સ્તુતિવાદ હોય, પણ દોષને કરનારો નથી. કારણકે સત્ય કહેવાના કારણે વિદ્યમાન ગુણોનું જ કીર્તન છે. (૭૫૩)

**नणु तणुसत्ता नारी, तीसे कह घडइ एरिसं विरियं ? ।**
**उत्तमवीरियसज्झा, होइ जओ मुत्तिसंपत्ती ॥७५४॥**

ननु तनुसत्त्वा नारी तस्यां कथं घटते एतादृशं वीर्यम् ?
उत्तमवीर्यसाध्या भवति यतो मुक्तिसंपत्तिः ।।७५४।।

**સ્ત્રીમુક્તિસિદ્ધાંતની સ્થાપના**

અહીં પ્રશ્નકાર પ્રશ્ન કરે છે કે– સ્ત્રી અલ્પસત્ત્વવાળી હોય છે. અલ્પસત્ત્વવાળી સ્ત્રીને આવું (= મુક્તિ પમાડે તેવું) પ્રબલ વીર્ય કેવી રીતે ઘટે? કારણકે મુક્તિરૂપી સંપત્તિ ઉત્તમવીર્યથી સાધી શકાય તેવી છે. (૭૫૪)

**वीरियविरहाओ च्चिय, सत्तमपुढवीगई वि नो तीसे ।**
**ता कह नेव्वाणगमो, मुणिवर ! घडइ ? त्ति गुरुराह ॥७५५॥**

वीर्यविरहादेव सप्तमपृथिवीगतिरपि नो तस्याः ।
ततः कथं निर्वाणगमो मुनिवर ! घटते ? इति गुरुराह ।।७५५।।

**विरिएण होइ हीणो, इत्थीहिंतो नपुंसओ लोए ।**
**सो वच्चइ नेव्वाणं, महातमं चाविगाणेणं ॥७५६॥**

वीर्येण भवति हीनः स्त्रीभ्यो नपुंसको लोके ।
स व्रजति निर्वाणं महातमां चाऽविगानेन ।।७५६।।

(પ્રબલ) વીર્યના અભાવથી જ સ્ત્રી સાતમી નરકમાં પણ જતી નથી. તેથી હે મુનિવર ! સ્ત્રીને મોક્ષગતિ કેવી રીતે ઘટે ?

**ગુરુ જવાબ આપે છે**– લોકમાં નપુંસક સ્ત્રીઓથી પણ વીર્ય વડે હીન હોય છે. છતાં તે કોઈ જાતના વિવાદ વિના મોક્ષમાં અને સાતમી

નરકમાં જાય છે. (૭૫૫-૭૫૬)

**ता कीस न इच्छिज्जइ, सिद्धी नारीण निउणबुद्धीहिं ? ।**
**अह सत्तमपुढवीए, गमणाभावो इहं नायं ॥७५७॥**

ततः कस्माद् नेष्यते सिद्धिर्नारीणां निपुणबुद्धिभिः ? ।
अथ सप्तमपृथिव्यां गमनाऽभाव इह ज्ञातम् ।।७५७।।

**नणु भावविसेसाओ, सिद्धिं नरयं च पाणिणो जंति ।**
**नारीणमसुहभावो, न हु तिव्वो होइ पयईए ॥७५८॥**

ननु भावविशेषात् सिद्धिं नरकं च प्राणिनो यान्ति ।
नारीणामशुभभावो न खलु तीव्रो भवति प्रकृत्या ।।७५८।।

**तम्हा सत्तमपुढवीं, न जंति ताओ निसग्गओ चेव ।**
**वच्चंति मुत्तिमुत्तम ! सुहपरिणामोवलंभाओ ॥७५९॥**

तस्मात् सप्तमपृथिवीं न यान्ति ता निसर्गादेव ।
व्रजन्ति मुक्तिमुत्तम ! शुभपरिणामोपलम्भात् ।।७५९।।

તેથી સૂક્ષ્મ બુદ્ધિમાન પુરુષો સ્ત્રીની મુક્તિને કેમ નથી ઈચ્છતા ? = કેમ નથી માનતા ? કદાચ અહીં એમ કહેવામાં આવે કે સ્ત્રી સાતમી નરકમાં જતી નથી એ અહીં દૃષ્ટાંત છે, અર્થાત્ સ્ત્રી મુક્તિમાં ન જાય એ વિષે સ્ત્રી સાતમી નરકમાં જતી નથી એવું શાસ્ત્રવચન પ્રમાણ છે. આનું સમાધાન આ પ્રમાણે છે– જીવો મોક્ષમાં અને નરકમાં ભાવવિશેષથી (= વિશિષ્ટ ભાવથી) જાય છે. સ્ત્રીને પ્રકૃતિથી જ તીવ્ર અશુભ ભાવ થતો નથી. હે ઉત્તમ ! તેથી સ્ત્રીઓ સ્વભાવથી જ સાતમી નરકમાં જતી નથી, અને શુભ પરિણામ થવાથી મુક્તિમાં જાય છે. (૭૫૭ થી ૭૫૯)

**सत्तममहिगामित्ता(त्तं), जइ हेऊ होज्ज उड्डगमणस्स ।**
**ता कीस सहस्सारा, उवरिं मच्छा न गच्छंति ? ॥७६०॥**

सप्तममहीगामित्वं यदि हेतुर्भवेदूर्ध्वगमनस्य ।
ततः कस्मात् सहस्रारादुपरि मत्स्या न गच्छन्ति ? ।।७६०।।

જો સાતમી પૃથ્વીમાં ગમન એ ઊર્ધ્વગમનનો હેતુ હોય તો માછલાં આઠમા દેવલોકથી ઉપર કેમ જતા નથી ? (માછલાંઓ સાતમી પૃથ્વીમાં જાય છે માટે ઉક્ત હેતુ પ્રમાણે આઠ દેવલોકથી ઉપર જવા જોઈએ, પણ જતા નથી. માટે તમારો હેતુ ખોટો છે.) (૭૬૦)

**जह जाइपच्चयाओ, मच्छाईणं न अत्थि सिद्धिगमो ।**
**तह सत्तमपुढविगई, नारीण निसग्गओ नत्थि ॥७६१॥**

यथा जातिप्रत्ययाद् मत्स्यादीनां नास्ति सिद्धिगमः ।
तथा सप्तमपृथ्वीगतिर्नारीणां निसर्गतो नास्ति ।।७६१।।

જેવી રીતે માછલાં વગેરેને તિર્યંચજાતિના કારણે મોક્ષગતિ નથી, તે રીતે સ્ત્રીઓને પણ સ્વભાવથી સાતમી નરકગતિ નથી. (૭૬૧)

**तह वि हु जुत्ता मुत्ती, जम्हा दीसइ अणुत्तरं विरियं ।**
**धम्मविसयम्मि तासिं, तहातहाउज्जु(ज्ज) मंतीणं ॥७६२॥**

तथाऽपि खलु युक्ता मुक्तिर्यस्माद् दृश्यतेऽनुत्तरं वीर्यम् ।
धर्मविषये तासां तथातथोद्यच्छन्तीनाम् ।।७६२।।

તો પણ (= સાતમી નરકમાં ન જતી હોવા છતાં) સ્ત્રીઓને મુક્તિ યુક્ત છે = ઘટે છે. કારણકે ધર્મમાં તે તે રીતે ઉદ્યમ કરતી સ્ત્રીઓમાં અનુત્તર (= પ્રબલ) વીર્ય દેખાય છે. (૭૬૨)

**किं बहुणा ? सिद्धमिणं, लोए लोउत्तरे वि नारीणं ।**
**नियनियधम्मायरणं, पुरिसेहिंतो विसेसेणं ॥७६३॥**

किं बहुना ? सिद्धमिदं लोके लोकोत्तरेऽपि नारीणाम् ।
निजनिजधर्माचरणं पुरुषेभ्यो विशेषेण ।।७६३।।

વિશેષ કહેવાથી શું ? લોકમાં અને લોકોત્તરમાં પણ આ પ્રસિદ્ધ છે

કે સ્ત્રીઓમાં પોતપોતાનું ધર્માચરણ પુરુષોથી વિશેષ હોય છે. (૭૬૩)

**सुहभावसालिणीओ, दाण-दया-सील-संजमधरीओ ।**
**सुत्तस्स पमाणत्ता, लहंति मुत्तिं सुनारीओ ॥७६४॥**

शुभभावशालिन्यो दान-दया-शील-संयमधर्यः ।
सूत्रस्य प्रमाणत्वाद् लभन्ते मुक्तिं सुनार्यः ।।७६४।।

જિનવચન પ્રમાણ હોવાથી શુભભાવથી શોભતી અને દાન-દયા-શીલ-સંયમને ધારણ કરનારી સન્નારીઓ મુક્તિ પામે છે. (૭૬૪)

**इय वद्धमाणतित्था-हिनायगं वंदिऊण भावेण ।**
**कल्लाणत्तयकित्तण-पुव्वं नेमीजिणं थुणइ ॥७६५॥**

इति वर्तमानतीर्थाधिनायकं वन्दित्वा भावेन ।
कल्याणकत्रयकीर्तनपूर्वं नेमिजिनं स्तौति ।।७६५।।

આ પ્રમાણે વર્તમાનતીર્થના અધિપતિને ભાવથી વંદન કરીને હવે ત્રણ કલ્યાણકના કીર્તનપૂર્વક નેમિજિનની સ્તુતિ કરે છે. (૭૬૫)

**"उज्जिंतसेलसिहरे"** गाहासूत्रम् ।।

पूर्णमूलम् –
उज्जिंतसेलसिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स ।
तं धम्मचक्कवट्टिं, अरिट्ठनेमिं नमंसामि ।।४।।

**सुत्तत्थो सुगमो च्चिय, किं पुण कारणमिमस्स संथवणं ? ।**
**कीरइ भुवणच्चब्भुय-विसेसचरियाणुसरणत्थं ॥७६६॥**

सूत्रार्थः सुगम एव किं पुनः कारणमस्य संस्तवनम् ? ।
क्रियते भुवनात्यद्भुतविशेषचरितानुस्मरणार्थम् ।।७६६।।

હવે उज्जिंतसेलसिहरे **એ ગાથાસૂત્રનો અર્થ કહે છે–**

સૂત્રાર્થ સહેલો જ છે.

**પ્રશ્નઃ**– શ્રી નેમિજિનની સ્તુતિ કરવાનું કારણ શું છે ?

**ઉત્તરઃ**– લોકમાં અતિ અદ્ભૂત એવા વિશેષ ચરિત્રનું સ્મરણ કરવા માટે શ્રી નેમિજિનની સ્તુતિ કરાય છે. (૭૬૬)

**अहवा–**

**भत्ती नमिजिणंदे, होइ पसिद्धी तहा सुतित्थस्स ।**
**कल्लाणयतियपूया-संपायणमेय गाहाए ॥७६७॥**

अथवा–

भक्तिर्नेमिजिनेन्द्रे भवति प्रसिद्धिः तथा सुतीर्थस्य ।
कल्याणकत्रिकपूजासंपादनमेतद्गाथया ॥७६७॥

**અથવા–**

આ ગાથાથી શ્રીનેમિજિનેન્દ્રની ભક્તિ થાય છે, સુતીર્થની પ્રસિદ્ધિ થાય છે, ત્રણ કલ્યાણકની પૂજાનું સંપાદન થાય છે = ત્રણ કલ્યાણકની પૂજા કરાય છે. (૭૬૭)

**सुकयमणुमोइअव्वं, मुणो पुणो साणुबंधफलहेऊ ।**
**इय वंदिय देवाणं, भुज्जो अणुकित्तणं कुणइ ॥७६८॥**

सुकृतमनुमोदितव्यं पुनः पुनः सानुबन्धफलहेतुः ।
इति वन्दित्वा देवेभ्यो भूयोऽनुकीर्तनं करोति ॥७६८॥

સુકૃતનું વારંવાર અનુમોદન કરવું જોઈએ. વારંવાર સુકૃતનું અનુમોદન અનુબંધવાળા ફલનું કારણ છે. આથી દેવોને વંદન કરીને ફરી દેવોનું અનુકીર્તન કરે છે.

**વિશેષાર્થઃ**– સુકૃત કરતી વખતે અનુબંધરહિત પુણ્ય બંધાયું હોય, અને પછી વારંવાર તે સુકૃતની અનુમોદના કરવામાં આવે તો એ પુણ્ય અનુબંધવાળું બને. આમ અનુમોદનાનું ઘણું મહત્ત્વ છે. પ્રસ્તુતમાં પૂર્વે જે દેવવંદનરૂપ સુકૃત કર્યું છે તેની અનુમોદના નિમિત્તે चत्तारि० એ ગાથા બોલે છે. (૭૬૮)

**'चत्तारि अट्ठ दस दो य वंदिया'** गाहासूत्रम् ।।

पूर्णमूलम् -

चत्तारि अट्ठ दस दो य, वंदिआ जिणवरा चउव्वीसं ।।
परमट्ठनिट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु ।।५।।

**चउरो उसभजिणाओ, अट्ठ य सुमईजिणाओ आरब्भ ।**
**विमलजिणाओ दस दो, अ वंदिया पास-वीरजिणा ।।७६९।।**

चत्वार ऋषभजिनाद् अष्टौ च सुमतिजिनादारभ्य ।
विमलजिनाद्दश द्वौ च वन्दितौ पार्श्व-वीरजिनौ ।।७६९।।

**હવે** चत्तारि अट्ठ **એ ગાથાસૂત્રનો અર્થ કહે છે–**

ઋષભજિનથી આરંભી ચાર જિનો, સુમતિ જિનથી આરંભી આઠ જિનો, વિમલ જિનથી આરંભી દશજિનો તથા પાર્શ્વ-વીર જિન એ બે જિનો મારા વડે વંદાયા છે. (૭૬૯)

**सव्वे वि जिणवरा ते, चउवीसं भरहखेत्तसंभूया ।**
**परमट्ठनिट्ठियट्ठा, कयकिच्चा नोवयारेणं ।।७७०।।**

सर्वेऽपि जिनवरास्ते चतुर्विंशतिर्भरतक्षेत्रसंभूताः ।
परमार्थनिष्ठितार्थाः कृतकृत्या नोपचारेण ।।७७०।।

તે બધાય જિનવરો ચોવીસ છે, અને ભરતક્ષેત્રમાં થયેલા છે. તથા પરમાર્થથી (= વાસ્તવિકપણે) કૃતકૃત્ય છે, ઉપચારથી કૃતકૃત્ય નથી. (૭૭૦)

**एवं बहुप्पयारा, सिद्धा सव्वे वि दिंतु मे सिद्धिं ।**
**आइन्नयपामन्ना, वक्खायं गाहदुगमेयं ।।७७१।।**

एवं बहुप्रकाराः सिद्धाः सर्वेऽपि ददतु मम सिद्धिम् ।
आचीर्णकप्रामाण्याद् व्याख्यातं गाथाद्विकमेतत् ।।७७१।।

આ પ્રમાણે બહુપ્રકારવાળા બધાય સિદ્ધો મને મુક્તિ આપો.

**पूर्वपक्षः**— આ બે ગાથા ગણધરકૃત નથી. આથી આ બે ગાથાનું વ્યાખ્યાન ન કરવું જોઈએ.

**ઉત્તરપક્ષ:**— પૂર્વમહાપુરુષોએ આચરેલું પ્રમાણભૂત હોવાથી આ બે ગાથાઓનું વ્યાખ્યાન કર્યું છે. (૭૭૧)

**सुत्ताऽभणियं ति न संगयं ति एयं न जुज्जए वोत्तुं ।**
**सब्भावबुद्धिजणगं, सव्वं सुत्ते भणियमेव ॥७७२॥**

सूत्राऽभणितमिति न संगतमित्येतद् न युज्यते वक्तुम् ।
सद्भावबुद्धिजनकं सर्वं सूत्रे भणितमेव ॥७७२॥

સૂત્રમાં કહેલું ન હોવાથી અસંગત છે એમ કહેવું યોગ્ય નથી. કેમ કે સદ્ભાવવાળી બુદ્ધિને ઉત્પન્ન કરનારું બધું સૂત્રમાં કહેલું જ છે. (૭૭૨)

**वड्ढइ विसुद्धभावो भवियाणमिमेण गाहजुयलेण ।**
**अणुहवसिद्धं एयं, भावपहाणाण भव्वाणं ॥७७३॥**

वर्धते विशुद्धभावो भव्यानामनेन गाथायुगलेन ।
अनुभवसिद्धमेतद् भावप्रधानानां भव्यानाम् ॥७७३॥

ભવ્યજીવોને વિશુદ્ધભાવ આ બે ગાથાઓથી વધે છે. આ હકીકત ભાવની પ્રધાનતાવાળા ભવ્યજીવોને અનુભવથી સિદ્ધ થયેલી છે. (૭૭૩)

**थुइ-थोत्त-चित्तपमुहं, गुणकरमन्नं पि संमयं जह वा ।**
**एयं पि तह्म नेयं, मज्झत्थमणेहिं विउसेहिं ॥७७४॥**

स्तुति-स्तोत्र-चित्रप्रमुखं गुणकरमन्यदपि संमतं यथा वा ।
एतदपि तथा ज्ञेयं मध्यस्थमनोभिर्विद्वद्भिः ॥७७४॥

જેવી રીતે લાભ કરનાર વિવિધ સ્તુતિ-સ્તોત્રો વગેરે બીજું પણ સંમત છે, તેવી જ રીતે મધ્યસ્થમનવાળા વિદ્વાનોએ આ બે ગાથાઓને પણ સંમત જાણવી જોઈએ. (૭૭૪)

**जिणवंदणावसाणे, जिणगिहवासीण देव-देवीणं ।**
**संबोहणत्थमहुणा, काउस्सग्गं कुणइ एवं ॥७७५॥**

जिनवन्दनावसाने जिनगृहवासिनां देव-देवीनाम् ।
संबोधनार्थमधुना कायोत्सर्गं करोत्येवम् ॥७७५॥

દેવવંદનના અંતે જિનમંદિરમાં રહેલા દેવ-દેવીઓના સંબોધન માટે (જાગ્રત કરવા માટે) આ પ્રમાણે કાયોત્સર્ગ કરે છે.

**વિશેષાર્થ:**— લલિત વિસ્તરા વગેરે ગ્રંથોમાં "વૈયાવચ્ચગરાણં" સૂત્ર બોલવાનો હેતુ આ પ્રમાણે જણાવ્યો છે— उचितेषूपयोगफलमेतदिति ज्ञापनार्थं पठन्ति वैयावच्चगराणं........ચૈત્યવંદન ઉચિતમાં ઉપયોગના (= પ્રણિધાનના) ફલવાળું છે, અર્થાત્ ચૈત્યવંદન કરનારે ઉચિતમાં ઉપયોગ (= પ્રણિધાન) કરવો જોઈએ, એ જણાવવા માટે વૈયાવચ્ચગરાણં સૂત્ર બોલે.

જેવી રીતે નમુત્થુણં વગેરે સૂત્રો દ્વારા અરિહંત વગેરે ઉચિતમાં (= યોગ્યમાં) ઉપયોગ થાય છે તેવી રીતે વૈયાવચ્ચગરાણં સૂત્ર દ્વારા ઉચિત (= યોગ્ય) એવા વૈયાવચ્ચ કરનારા દેવોમાં ઉપયોગ થાય છે.

**તાત્પર્ય:**— ધર્મી જીવે સદા ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. પ્રસ્તુતમાં અરિહંત આદિને વંદનાદિ કર્યા પછી વૈયાવૃત્ત્યકર દેવોનું સ્મરણ કરવું એ ઉચિત છે, સ્મરણ ન કરવું એ અનુચિત છે. આથી ઉચિત કરવા માટે વૈયા૦સૂત્ર બોલીને કાયોત્સર્ગ કરવો જરૂરી છે.

જેમ અરિહંત આદિના ઉપયોગથી (= પ્રણિધાનથી) શુભભાવો પ્રગટે છે. તેમ વૈયાવૃત્ત્યકર દેવોના ઉપયોગથી (= પ્રણિધાનથી) પણ શુભ ભાવો પ્રગટે છે. (૭૭૫)

वेयावच्चगराणं संतिगराणं सम्मद्दिट्ठि-समाहिगराणं
करेमि काउस्सग्गं अन्नत्थूससिएणं इत्यादि सूत्रम् ।।

**वेयावच्चं जिणगिह-रक्खण-परिट्ठवणाइजिणकिच्चं ।**
**संती पडणीयकओ-वसग्गविनिवारणं भवणे ॥७७६॥**

वैयावृत्त्यं जिनगृहरक्षणपरिष्ठा(प्रतिष्ठा)पनादि जिनकृत्यम् ।
शान्तिः प्रत्यनीककृतोपसर्गाविनिवारणं भवने ।।७७६।।

હવે વેયાવચ્ચગરાણં **એ સૂત્રનો અર્થ કહે છે–**

જિનમંદિરનું રક્ષણ કરવું, જિનમંદિરની પ્રસિદ્ધિ કરવી (અથવા જિનમંદિરનો મહિમા વધારવો) વગેરે વૈયાવૃત્ય છે. જિનમંદિરમાં શત્રુઓએ કરેલા ઉપદ્રવોનું નિવારણ કરવું એ શાંતિ છે. (૭૭૬)

**सम्मद्दिट्ठी संघो, तस्स समाही मणोदुहाभावो ।**
**एएसि करणसीला, सुरवरसाहम्मिया जे उ ॥७७७॥**

सम्यग्दृष्टिः संघः, तस्य समाधिर्मनोदुःखाऽभावः ।
एतेषां करणशीलाः सुरवरसाधर्मिका ये तु ।।७७७।।

**तेसिं संमाणत्थं, काउस्सग्गं करेमि एत्ताहे ।**
**अन्नत्थूससियाई-पुव्वुत्तागारकरणेणं ॥७७८॥**

तेषां सम्मानार्थं कायोत्सर्गं करोमीदानीम् ।
अन्यत्रोच्छ्वसितादिपूर्वोक्ता ऽऽकारकरणेन ।।७७८।।

સંઘ સમ્યગ્દૃષ્ટિ છે. સંઘની સમાધિ એટલે માનસિક દુ:ખોનો અભાવ. વૈયાવૃત્ય, શાન્તિ અને સમ્યગ્દૃષ્ટિની સમાધિને કરવાના સ્વભાવવાળા જે સાધર્મિક ઉત્તમ દેવો છે તેમના સન્માન માટે હવે કાયોત્સર્ગ કરું છું. આ કાયોત્સર્ગ ઉચ્છ્વાસ સિવાય વગેરે પૂર્વોક્ત આગારોને રાખવા પૂર્વક કરું છું. (૭૭૭-૭૭૮)

**एत्थ उ भणेज्ज कोई, अविरइगंधाण ताणमुस्सग्गो ।**
**न हु संगच्छइ अम्हं, सावय-समणेहि कीरंतो ॥७७९॥**

अत्र तु भणेत् कश्चिद् अविरतिकान्धानां तेषामुत्सर्गः ।
न खलु संगच्छतेऽस्माभिः श्रावक-श्रमणैः क्रियमाणः ।।७७९।।

**गुणहीणवंदणं खलु, न हु जुत्तं सव्वदेस-विरयाणं ।**
**भणइ गुरू सच्चमिणं, एत्तो च्चिय एत्थ नहि भणियं ॥७८०॥**

गुणहीनवन्दनं खलु न खलु युक्तं सर्व-देशविरतानाम् ।
भणति गुरुः सत्यमिदमित एवात्र नहि भणितम् ।।७८०।।

**वंदण-पूयण-सक्का-रणाइहेउं करेमि उस्सग्गं ।**
**वच्छल्लं पुण जुत्तं, जिणमयजुत्ते तणुगुणे वि ।।७८१।।**

वन्दन-पूजन-सत्कारणादिहेतुं करोम्युत्सर्गम् ।
वात्सल्यं पुनर्युक्तं जिनमतयुक्ते तनुगुणेऽपि ।।७८१।।

**પૂર્વપક્ષઃ**— અવિરતિથી અંધ બનેલા દેવોને ઉદ્દેશીને શ્રાવક અને શ્રમણ એવા આપણાથી કરાતો કાયોત્સર્ગ સંગત નથી = ઘટતો નથી. સર્વવિરતિધરો અને દેશવિરતિધરો ગુણહીનને (= વિરતિથી રહિતને) વંદન કરે એ યોગ્ય નથી.

**ઉત્તરપક્ષઃ**— આ સાચું છે. એથી જ અહીં વંદન-પૂજન-સત્કાર આદિ માટે કાયોત્સર્ગ કરું છું એમ કહ્યું નથી, પણ અલ્પગુણવાળા પણ જિનમતથી યુક્ત (= સમ્યગ્દષ્ટિ) જીવમાં વાત્સલ્ય કરવું એ યોગ્ય છે. (૭૭૯ થી ૭૮૧)

**ते हु पमत्ता पायं, काउस्सग्गेण बोहिया धणियं ।**
**पडिउज्जमंति फुडपा-डिहेरकरणे ददुच्छाहा ।।७८२।।**

ते खलु प्रमत्ताः प्रायः कायोत्सर्गेण बोधिता भृशम् ।
प्रत्युद्यच्छन्ति स्फुटप्रातीहार्यकरणे दत्तोत्साहाः ।।७८२।।

તે દેવો પ્રાયઃ પ્રમાદવાળા હોય છે. કાયોત્સર્ગથી અત્યંત બોધ પમાડાયેલા (= જાગ્રત કરાયેલા) દેવો ઉત્સાહવાળા બનીને પ્રગટ રીતે સાંનિધ્ય કરવામાં ઉદ્યમ કરે છે. (૭૮૨)

**सुव्वइ सिरिकंताए, मणोरमाए तह्य सुभद्दाए ।**
**अभयाईणं पि कयं, सन्नेज्झं सासणसुरेहिं ।।७८३।।**

श्रूयते श्रीकान्ताया मनोरमायास्तथा सुभद्रायाः ।
अभयादीनामपि कृतं सांनिध्यं शासनसुरैः ।।७८३।।

શાસ્ત્રોમાં સંભળાય છે કે શાસન દેવોએ શ્રીકાંતા, મનોરમા, સુભદ્રા અને અભય વગેરેનું સાંનિધ્ય કર્યું હતું. (= પ્રગટ થઈને સહાય આપી હતી.)

**વિશેષાર્થઃ**— મનોરમા સતીનો વૃત્તાંત સંક્ષેપમાં આ પ્રમાણે છે— અભયારાણીએ સુદર્શન શેઠ ઉપર અનાચારનો આરોપ મૂક્યો. આથી રાજાએ સુદર્શનશેઠને શૂળી ઉપર ચઢાવીને વધ કરવાની સેવકોને આજ્ઞા આપી. આથી રાજસેવકો સુદર્શનશેઠને શૂળી ઉપર ચઢાવવા માટે લઈ જવા લાગ્યા. આ જાણીને સુદર્શનશેઠની પત્ની મનોરમાએ જિનમંદિરના ગભારામાં જઈને જિનપૂજા કરીને કાયોત્સર્ગ કર્યો. કાયોત્સર્ગમાં તેણે શાસનદેવને મનમાં કહ્યું કે— હે જિનશાસન દેવો ! તમે સાંભળો. કલંકરહિત શ્રાવકને આ ઉપદ્રવ આવ્યો છે. જો તમે સાંનિધ્ય કરશો તો હું કાયોત્સર્ગ પારીશ, અન્યથા મારે અનશન છે. પછી તેણે આ પ્રમાણે દિવ્ય વાણી સાંભળી— હે વત્સે ! ખિન્ન ન થા, અમે સાંનિધ્ય કરીશું. આ તરફ રાજસેવકોએ સુદર્શન શેઠને શૂળી ઉપર ચઢાવ્યા. તે જ વખતે શૂળી સુવર્ણકમળનું આસન બની ગયું.

સુભદ્રાસતીનો વૃત્તાંત સંક્ષેપમાં આ પ્રમાણે છે— એક વાર તપસ્વી એનાં ઘરે ભિક્ષા માટે પધાર્યા. ઘાસનું એક તણખલું પવનથી ઉડીને તેમની આંખમાં પડ્યું. શરીરની કોઈપણ જાતની સેવા નહિ કરનારા તે તપસ્વીએ આંખમાંથી તણખલું કાઢ્યું નહિ. ભિક્ષા આપતાં સુભદ્રાને તપસ્વીની આંખમાં પીડા થતી હોવી જોઈએ એવી શંકા થઈ. તેથી તેણે જીભથી જલદી આંખમાંથી તણખલું કાઢી નાખ્યું. તે વખતે સુભદ્રાના સેંથામાંથી સિન્દૂર તપસ્વીના કપાળે ચોંટી ગયું. માતાએ બુદ્ધદાસને કપાળમાં અલ્પસિન્દૂરના ચિહ્નવાળા મુનિને બતાવતાં કહ્યું: હે વત્સ ! સતી વહુને જો. ચિહ્નના બળે બુદ્ધદાસ પણ માતાના કથનને માનીને સુભદ્રા ઉપર વિરાગવાળો થયો. તેણે વિચાર્યું કે— જો આ મહા ભાગ્યવંતી પણ નિંદ્ય કાર્ય કરે છે તો નિરાધાર અને વ્યાકુળ બનેલા ગુણો પાતાલમાં ચાલ્યા જાઓ. પતિને સ્નેહ વગરના જોઈને મહાસતીએ વિચાર્યું કે, દોષના મૂળવાળા આ ગૃહસ્થાવાસમાં કલંક લાગે એ આશ્ચર્યકારી નથી. પણ અમૃત જેવા નિર્મલ શ્રી જિનશાસનનો ઓચિંતો આ જે અવર્ણવાદ થયો તે મારા

હૃદયમાં વિષાદ કરે છે. જ્યાં સુધી આ શાસનમાલિન્ય દૂર નહિ થાય ત્યાં સુધી હું ચોક્કસ કાયોત્સર્ગ નહિ પારું એમ સંધ્યા સમયે વિચારીને, જિનેશ્વરની પૂજા કરીને, શાસનદેવીનું ધ્યાન કરીને, તે એકાંતમાં કાયોત્સર્ગમાં રહી. એકાગ્ર ચિત્તવાળી તે કાયોત્સર્ગમાં રહી તે જ ક્ષણે શાસનદેવીએ પ્રગટ થઈને તેને અત્યંત સ્પષ્ટ કહ્યું કે– હે પુત્રી ! જેમ તપથી પ્રેરાઈને દેવો આવે તેમ હું તારા સત્ત્વથી પ્રેરાઈને આવી છું. જલદી કહે, જેથી હું તારું વાંછિત કરું. આનંદ પામેલી સુભદ્રાએ કાયોત્સર્ગ પારીને શાસનદેવીને નમીને કહ્યું: શાસનને લાગેલાં આ કલંકને દૂર કરો. શાસનદેવીએ સુભદ્રાને ફરી કહ્યું: હે વત્સે ! ખેદ ન કર. સવારે તારી શુદ્ધિ કરવા સાથે ધર્મપ્રભાવના કરીશ. સુભદ્રાને આ પ્રમાણે કહીને શાસનદેવી અદૃશ્ય થઈ ગઈ. સુભદ્રાએ શેષ રાત ધર્મમાં જ ચિત્ત રાખીને પસાર કરી.

સવાર થતાં દ્વારપાલો નગરના દરવાજાઓને જોરથી ખેંચીને ઉઘાડવા લાગ્યા તો પણ કોઈ પણ રીતે દરવાજા ઉઘડ્યા નહિ. આથી આક્રંદન કરતા પશુ અને સઘળાય નગરજનો વ્યગ્ર બની ગયા. વ્યાકુલ ચિત્તવાળા રાજાએ આ કામ દેવે કરેલું છે એમ માન્યું. પવિત્ર થઈને, ધોયેલાં વસ્ત્રો પહેરીને, બીજા પાસે ધૂપ ધારણ કરાવીને અને અંજલિ જોડીને રાજા બોલ્યો. હે દેવો અને દાનવો ! અહીં જે કોઈ કુપિત થયા હોય તે જલદી મારા ઉપર પ્રસન્ન થાઓ. રાજાએ આ પ્રમાણે કહ્યું એટલે આકાશમાં સ્પષ્ટ વાણી પ્રગટ થઈ. તે આ પ્રમાણે– "જો તમારે જલદી દરવાજા ઉઘાડવા હોય તો કોઈ મહાસતી (કાચા) સૂતરના તાંતણાથી બાંધેલી ચાલણીથી કૂવામાં પાણી કાઢે, અને તે પાણી નગરના દરવાજાઓને ત્રણ અંજલિઓથી છાંટે." આ સાંભળીને નગરની સ્ત્રીઓ તે જ વખતે તૈયાર થઈ ગઈ. બ્રાહ્મણી, ક્ષત્રિયાણી, વણિકસ્ત્રી અને શૂદ્રસ્ત્રી એવી કોઈ ન હતી કે જે ચાલણીથી પાણી કાઢતી વિલખી ન બની હોય. કોઈ સ્ત્રી સૂતરથી બાંધતી વખતે, કોઈ સ્ત્રી ચાલણીમાંથી પાણી નીકળી ગયું ત્યારે, કોઈ સ્ત્રી ચાલણીને કૂવામાં નાખતી હતી ત્યારે ફજેત થઈ. હવે વિનયવતી સુભદ્રાએ સાસુને મધુરતાથી કહ્યું: હે માતા ! જો આપ કહો તો હમણાં હું પણ પોતાને જોઉં. સાસુએ ઉપહાસપૂર્વક

કહ્યું: તારું સતીપણું પહેલાં અમોએ જાણેલું જ છે, હમણાં નગરજનોમાં ફજેત ન થા. આ સ્ત્રીઓ સતી હોવા છતાં નગરના દરવાજા ઉઘાડવા સમર્થ ન બની. સુભદ્રાએ કહ્યું: હે માતા ! આપે આ યોગ્ય કહ્યું છે. જો કે હમણાં (શીલપાલનનું) સત્ત્વ હોવું એ દુઃશક્ય છે, તો પણ હું પાંચ આચારોથી પોતાની પરીક્ષા કરીશ. સાસુએ સતીત્વની તો ઠેકડી ઉડાવી. આથી સુભદ્રાએ સતીત્વથી પોતાની પરીક્ષા કરવાનું ન કહેતાં પાંચ આચારોથી પોતાની પરીક્ષા કરીશ એમ કહ્યું. સુભદ્રાએ સ્નાન કર્યા પછી ધોયેલાં વસ્ત્રો પહેરીને, પંચનમસ્કારમંત્રનું સ્મરણ કર્યું. પછી જાણે ગુણોથી બાંધી હોય તેમ સૂતરના તાંતણાથી ચાલણીને બાંધી. એ ચાલણીને લોકસમૂહના દેખતાં આશ્ચર્ય રીતે કૂવામાં નાખી. પછી પાણીથી ભરેલી ચાલણી કૂવામાંથી બહાર કાઢી. કૌતુકની આકાંક્ષાવાળા દેવોએ ચાલણીના છિદ્રોને બંધ કરી દીધા. સૂતરના તાંતણા સુભદ્રાના શીલરૂપી સિદ્ધચૂર્ણથી જાણે વજ્ર જેવા દૃઢ બની ગયા હોય તેમ આટલો બધો ભાર હોવા છતાં જલદી રક્ષણ કરાયા, અર્થાત્ શીલના પ્રભાવથી સૂતરના તાંતણા જરા પણ તૂટ્યા નહિ.

પરિવાર સહિત ત્યાં આવીને અંજલિ જોડીને રાજાએ કહ્યું: હે સતી ! સારું થયું. સારું થયું. જલદી નગરનાં દરવાજા ઉઘાડો. જાણે જગતને જિતનારું યંત્ર હોય તેવા પાણીને ધારણ કરતી, સુભદ્રા પૂર્વના દરવાજા તરફ ચાલી. તેની પાછળ મંત્રીઓ, સામંતો, રાજા અને નગરજનો ચાલી રહ્યા હતા. સ્તુતિપાઠકો જય જય એવા શબ્દો ઉચ્ચારી રહ્યા હતા. આ રીતે તે નગરના પૂર્વ દરવાજા પાસે આવી પહોંચી. પછી પરમેષ્ઠિ નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરતી સુભદ્રાએ ત્રણ અંજલિઓથી તે પાણી દ્વાર ઉપર છાંટ્યું. બે દરવાજા ઉઘડી ગયા અને દુષ્ટ મનુષ્યોના બે કાન પણ ઉઘડી ગયા. આકાશમાં દુંદુભિઓ વાગી. નગરજનોએ સુભદ્રાની પ્રશંસા કરી. દેવોએ જૈનધર્મનો જય થાઓ, જૈનધર્મનો જય થાઓ, એમ જય જયકાર કર્યો. સુભદ્રાએ દક્ષિણ અને પશ્ચિમ દિશાના દરવાજાઓ પણ ઉઘાડીને સાસુ અને નણંદ વગેરે દુર્જનોના મોઢાઓને બંધ કર્યા. ઉત્તર દિશાના દરવાજા પાસે આવીને સુભદ્રા બોલી: જે કોઈ બીજી સ્ત્રી સતીત્વનું ગર્વ ધારણ કરતી હોય તે આ દરવાજાને ઉઘાડશે. સુભદ્રા મહાસતીના

શીલમાહાત્મ્યનું સૂચન કરતો ઉત્તર દિશાનો દરવાજો ચંપાનગરીમાં આજે પણ બંધ પડેલો છે. પૃથ્વીતલમાં સુભદ્રાનો આ શીલરૂપી દીપક અપૂર્વ છે. તે દીપક શત્રુરૂપી પાણીના પૂરના સંસર્ગથી વધારે પ્રદીપ્ત બન્યો. જાણે ત્રણ વર્ગની સિદ્ધિ પોતાના હાથમાં રહેલી છે એમ બતાવતી હોય તેમ સુભદ્રા સતી નગરીના ત્રણ દરવાજા ઉઘાડ્યા. ચંપાપૂરીના લોકો જેના અનેક ગુણો ગાઈ રહ્યા છે એવી સુભદ્રાએ નગરજનો અને રાજાની સાથે ચૈત્યપરિપાટી કરી. પછી રાજાએ સુભદ્રાને ઉત્સવપૂર્વક ઘરે મોકલી. સુભદ્રાએ બધાની સમક્ષ જૈનધર્મનો ઉપદેશ આપ્યો. રાજા જૈનધર્મને સ્વીકારીને અને સુભદ્રાની પ્રશંસા કરીને પોતાના મહેલમાં ગયો. આશ્ચર્યયુક્ત બનેલા બધા લોકો પોતપોતાના ઘરે ગયા. પશ્ચાત્તાપ કરતા કુટુંબે પણ તેનું સન્માન કર્યું.

અભયકુમારનો વૃત્તાંત સંક્ષેપમાં આ પ્રમાણે છે—એક વખત શ્રેણિક રાજાએ વિચાર કર્યો કે ચેલ્લણાદેવી મને સર્વ સ્ત્રીઓ કરતાં વધારે પ્રિય છે, તો બીજી રાણીઓથી તેણી ઉપર વિશેષ પ્રસાદ શો કરવો ? તેણીને માટે હું એકસ્તંભવાળો પ્રાસાદ કરાવું કે જેમાં રહીને વિમાનમાં રહેલી ખેચરીની જેમ તે સ્વેચ્છાએ ક્રીડા કરે.' આવો નિશ્ચય કરીને શ્રેણિકે અભયકુમારને આજ્ઞા કરી કે, 'હે વત્સ ! ચેલણાદેવીને માટે એકસ્તંભનો પ્રાસાદ કરાવ.' અભયકુમારે તરત જ તેવા સ્તંભને યોગ્ય કાષ્ઠ લાવવાને સૂત્રધારને આજ્ઞા કરી, એટલે સુથાર તેવા કાષ્ઠને માટે અરણ્યમાં ગયો. અટવીમાં પ્રત્યેક વૃક્ષો જોતાં જોતાં સર્વ લક્ષણવાળું એક વૃક્ષ તેના જોવામાં આવ્યું. તેણે વિચાર્યું કે, 'ઘાટી છાયાવાળું, આકાશ સુધી ઉંચું, ઘણા પુષ્પ ફળવાળું. મોટી શાખાવાળું અને મોટા થડવાળું આ વૃક્ષ સામાન્ય જણાતું નથી. જેવું તેવું પણ સ્થાન દેવતા વગરનું હોતું નથી, તો આ વૃક્ષરાજ તો તેની શોભા વડે પ્રગટ દેવાધિષ્ઠિત જણાય છે. માટે પ્રથમ આ વૃક્ષના અધિષ્ઠાયક દેવતાને તપસ્યાથી આરાધું કે જેથી તેને છેદતાં મને કે મારા સ્વામીને વિઘ્ન ન થાય.' પછી સુથારે ભક્તિપૂર્વક ઉપવાસ કરી, ગંધ, ધૂપ, માલ્ય વિગેરે વસ્તુઓથી તે વૃક્ષને અધિવાસિત કર્યું. તે સમયે તે વૃક્ષને આશ્રિત થઈને રહેલા વ્યંતરે પોતાના આશ્રયની રક્ષાને માટે અને તેમના અર્થની સિદ્ધિને માટે અભયકુમારની પાસે આવીને કહ્યું કે, 'તું મારા આશ્રયરૂપ વૃક્ષને છેદાવીશ નહીં, આ સુથારને તે કામ કરતાં નિવાર,

હું એકસ્તંભવાળો પ્રાસાદ કરી આપીશ, વળી તેની ફરતું સર્વ ઋતુઓથી મંડિત તથા સર્વ વનસ્પતિઓથી શોભિત નંદનવનની જેવું એક ઉદ્યાન પણ કરી આપીશ.' આ પ્રમાણે તે વ્યંતરના કહેવાથી અભયકુમારે પેલા સુથારને વનમાંથી તરત બોલાવી લીધો અને 'પોતાનું વાંછિત સિદ્ધ થયું' એમ કહ્યું. પછી વ્યંતરે પોતાની કબુલાત પ્રમાણે એકસ્તંભવાળો મહેલ અને ઉદ્યાન કરી આપ્યું. "વાણીથી બંધાયેલા દેવતાઓ સેવકોથી પણ અધિક છે." સર્વ ઋતુઓના વનથી મંડિત તે એકસ્તંભી પ્રાસાદ અભયકુમારે શ્રેણિકરાજાને બતાવ્યો. રાજાએ પ્રસન્ન થઈને કહ્યું કે— 'વત્સ! મને માત્ર એકસ્તંભવાળા મહેલની ઈચ્છા હતી, તેમાં આ સર્વ ઋતુવાળુ વન થયું, તે તો દૂધનું પાન કરતાં તેમાં સાકર પડવા જેવું થયું.' પછી મગધપતિએ ચેલણાને તે પ્રાસાદમાં રાખી, જેથી લક્ષ્મીદેવી વડે પદ્મદ્રહની જેમ તે પ્રાસાદ તેનાથી અલંકૃત થઈ ગયો. ત્યાં રહી સતી ચેલ્લણા સર્વ ઋતુના પુષ્પોની માળાઓ પોતાને હાથે ગુંથીને સર્વજ્ઞપ્રભુની પૂજા કરવા લાગી. (૭૮૩)

**संघुस्सग्गा पायं, वड्डइ सामत्थमिह सुराणं पि ।**
**जह सीमंधरमूले, गमणे माहिलविवायम्मि ॥७८४॥**

संघोत्सर्गात् प्रायो वर्धते सामर्थ्यमिह सुराणामपि ।
यथा सीमंधरमूले गमने माहिलविवादे ॥७८४॥

શાસનદેવને ઉદ્દેશીને સંઘે કરેલા કાયોત્સર્ગથી શાસનદેવોનું પણ સામર્થ્ય વધે છે. જેમકે— ગોષ્ઠામાહિલના વિવાદમાં શ્રીસીમંધર સ્વામી પાસે જવામાં સંઘે કાયોત્સર્ગ કર્યો હતો, અને એથી શાસનદેવીની શક્તિ વધી હતી.

**વિશેષાર્થઃ**— ગોષ્ઠામાહિલના વિવાદની વિગત સંક્ષેપમાં આ પ્રમાણે છે— ગોષ્ઠામાહિલ માનતો હતો કે (૧) જીવ-કર્મનો સંબંધ ક્ષીર-નીરવત્ નહિ, કિંતુ સર્પ-કંચુકવત્ છે, તથા (૨) "જાવજ્જીવાએ" એમ સપરિમાણ પચ્ચક્ખાણ કરવા યોગ્ય નથી, કિંતુ અપરિમાણ પચ્ચક્ખાણ કરવું જોઈએ. પુષ્પમિત્ર આચાર્યે સર્પ-કંચુકવત્ જીવ-કર્મનો સંબંધ અને અપરિમાણ પચ્ચક્ખાણ શાસ્ત્રથી અને યુક્તિથી વિરુદ્ધ છે એમ ગોષ્ઠામાહિલને સમજાવ્યું. છતાં ગોષ્ઠામાહિલે તે કબુલ ન કર્યું, ત્યારે તેને બીજા ગચ્છના બહુશ્રુતસ્થવિરોની પાસે લઈ ગયા. સ્થવિરોએ આચાર્યનું કથન સત્ય કહ્યું,

અને ગોષ્ઠામાહિલનું અસત્ય કહ્યું. ગોષ્ઠામાહિલે સ્થવિરોને કહ્યું કે– હું પ્રરૂપણા કરું છું તેવું જ તીર્થંકરોએ પ્રરૂપેલું છે. હે ઋષિઓ ! તમે શું જાણો છો ? ત્યારે તેમણે કહ્યું: તમે મિથ્યા અભિમાની છો. ભગવાનની (=તીર્થંકરોની) આશાતના કરો નહિ. ગોષ્ઠામાહિલે તે પણ ન માન્યું, એટલે તેમણે શ્રીસંઘને બોલાવ્યો, શ્રી સંઘે કાયોત્સર્ગ કરીને દેવીને બોલાવી. તેમના પ્રભાવથી દેવીએ પ્રગટ થઈને કાર્ય માટે સંઘની આજ્ઞા માગી. શ્રી સંઘે પ્રસ્તુત અર્થને જાણવા છતાં સર્વલોકની પ્રતીતિ માટે કહ્યું. કે– મહાવિદેહમાં જિનેશ્વર પાસે જઈને પૂછો, (કે દુર્બલિકાપુષ્પમિત્રાદિ સર્વ સંઘ કહે છે તે સત્ય છે કે ગોષ્ઠામાહિલ કહે છે તે સત્ય છે ?) દેવીએ કહ્યું કે– મને મહાવિદેહમાં જતાં વિઘ્નના દૂર થવા માટે કાયોત્સર્ગ કરો. સંઘે તેમ કરવાથી દેવીએ તદનુસાર જિનેશ્વરને પૂછીને કહ્યું કે– આચાર્યાદિ શ્રી સંઘ કહે છે તે સત્ય છે, અને ગોષ્ઠામાહિલ તો મિથ્યાવાદી તેમ જ સાતમો નિહ્નવ છે, એમ જિનેશ્વરે કહ્યું છે. (આ સાંભળીને ગોષ્ઠામાહિલે કહ્યું કે) આ બિચારી અલ્પ ઋદ્ધિવાળી કટપૂતનાનું એવું સામર્થ્ય ક્યાંથી હોય કે તે જિનેશ્વર પાસે જઈ શકે ? આથી શ્રી સંઘે નિહ્નવ જાણીને ગોષ્ઠામાહિલને સંઘ બહાર કર્યો. (૭૮૪)

**जक्खाए वा सुव्वइ, सीमंधरसामिपायमूलम्मि ।**
**नयणं देवीएँ कयं, काउस्सग्गेण सेसाणं ॥७८५॥**

यक्षाया वा श्रूयते सीमंधरस्वामिपादमूले ।
नयनं देव्या कृतं कायोत्सर्गेण शेषाणाम् ॥७८५॥

તથા શેષ (= યક્ષાસાધ્વીજી સિવાય બીજા) શ્રાવક વગેરેએ કરેલા કાયોત્સર્ગથી દેવી યક્ષાસાધ્વીજીને શ્રી સીમંધરસ્વામી પાસે લઈ ગઈ એમ શાસ્ત્રમાં સમ્ભળાય છે.

**વિશેષાર્થ:**– આ વિગત સંક્ષેપમાં આ પ્રમાણે છે– એક વાર પર્યુષણ પર્વના દિવસે શ્રીસ્થૂલભદ્ર મહારાજાના બહેન યક્ષા સાધ્વીએ સાધુ બનેલા પોતાના લઘુ બંધુ શ્રીયકને પોરિસિ આદિના ક્રમે ઉપવાસનું પચ્ચક્ખાણ કરાવ્યું. તે જ રાતે ક્ષુધાની પીડાથી શ્રીયકમુનિ સમાધિથી મરણ પામીને સ્વર્ગમાં ગયા. યક્ષા સાધ્વીજીને થયું કે મેં ઋષિઘાત કર્યો. આથી તે (પ્રાયશ્ચિત્ત કરવા માટે

શ્રમણસંઘની પાસે ગઈ. એટલે સંઘે કહ્યું કે– "આ કાર્ય તમે શુદ્ધ ભાવથી કર્યું છે, માટે આ સંબંધમાં તમારે કંઈ પણ પ્રાયશ્ચિત્ત કરવું પડે તેમ નથી." સાધ્વીજીએ કહ્યું કે "જો આ વાત સાક્ષાત્ તીર્થંકર મને કહે તો મારા હૃદયમાં ખાત્રી થાય. અન્યથા મારું હૃદય શાંત થાય તેમ નથી."

પછી શ્રીસંઘે શાસનદેવીને આરાધવા કાયોત્સર્ગ કર્યો એટલે શાસનદેવીએ પ્રગટ થઈને કહ્યું કે– કહો, શું કાર્ય કરું ? સંઘે કહ્યું કે– આ સાધ્વીને સીમંધરસ્વામી પાસે લઈ જાઓ.' એટલે દેવીએ કહ્યું કે– મારું અને તેમનું નિર્વિઘ્ન ગમન થવાને માટે તમે કાયોત્સર્ગમાં જ રહો. પછી શ્રીસંઘે તેમ કરવા સ્વીકાર્યું. એટલે સાધ્વીજીને તે દેવી જિનેશ્વરની પાસે લઈ ગઈ. ત્યાં ભગવાન્ સીમંધરસ્વામીને સાધ્વીજીએ વાંદ્યા. ભગવંત બોલ્યા કે– "ભરતક્ષેત્રમાંથી આવેલી આ આર્યા નિર્દોષ છે." આથી સાધ્વીજીનો સંદેહ દૂર થયો. એટલે દેવી પુનઃ સાધ્વીજીને સ્વસ્થાને લાવી. તે વખતે કૃપાળુ શ્રીમાન સીમંધરસ્વામીએ શ્રીસંઘને સાધ્વીજીના મુખથી ચાર અધ્યયનોની ભેટ મોકલી. ભાવના, વિમુક્તિ, રતિકલ્પ અને વિવિક્તચર્યા એ નામના ચાર અધ્યયનોને એક વાચનામાં સાધ્વીજીએ ધારી લીધાં અને તે તથાપ્રકારના વ્યાખ્યાન પૂર્વક શ્રીસંઘને કહી સંભળાવ્યા. એટલે શ્રીસંઘે પ્રથમના બે અધ્યયનને આચારાંગ સૂત્રની બે ચૂલિકા તરીકે યોજિત કર્યા, અને બીજા બે અધ્યયનને દશવૈકાલિકની ચૂલિકા તરીકે યોજિત કર્યા. (૭૮૫)

**एमाइकारणेहिं, साहम्मियसुरवराण वच्छल्लं ।**
**पुव्वपुरिसेहिं कीरइ, व वंदणाहेउमुस्सग्गो ॥७८६॥**

एवमादिकारणैः साधर्मिकसुरवराणां वात्सल्यम् ।
पूर्वपुरुषैः क्रियते न वन्दनाहेतुमुत्सर्गः ॥७८६॥

ઈત્યાદિ કારણોથી પૂર્વપુરુષો વડે સાધર્મિક ઉત્તમ દેવોનું વાત્સલ્ય કરાય છે. વંદના માટે કાયોત્સર્ગ કરાતો નથી. (૭૮૬)

**पुव्वपुरिसाण मग्गे, वच्चंतो नेय चुक्कइ सुमग्गा ।**
**पाउणइ भावसुद्धिं, मुच्चई मिच्छाविगप्पेहिं ॥७८७॥**

पूर्वपुरुषाणां मार्गे व्रजन् नैव भ्रश्यति सुमार्गात् ।
प्राप्नोति भावशुद्धिं मुच्यते मिथ्याविकल्पैः ।।૭૮૭।।

પૂર્વ પુરુષોના માર્ગે જતો સાધક સુમાર્ગથી ભ્રષ્ટ થતો નથી જ, ખોટા *વિકલ્પોથી મૂકાય છે, અને ભાવશુદ્ધિને પામે છે.*

**વિશેષાર્થઃ**– શાસનદેવના કાયોત્સર્ગ વિષે લલિતવિસ્તરા ગ્રંથમાં જણાવેલી વિશેષ વિગત આ પ્રમાણે છે–(લ૦) नवरमेषां वैयावृत्त्यकराणां तथा तद्भाववृद्धेरित्युक्तप्रायं, तदपरिज्ञानेऽप्यस्मात् तच्छुभसिद्धाविदमेव वचनं ज्ञापकम्। न चासिद्धमेतत्, अभिचारकादौ तथेक्षणात् । सदौचित्त्यप्रवृत्त्या सर्वत्र प्रवर्तितव्यमित्यैदम्पर्यमस्य । तदेतत् सफलयोगबीजम् । वन्दनादिप्रत्ययमित्यादि न पठ्यते अपि त्वन्यत्रोच्छ्वसितेनेत्यादि, तेषामविरतत्वात्, सामान्यप्रवृत्तेरित्थमेवोपकारदर्शनात्, वचनप्रामाण्यादिति व्याख्यातं सिद्धेभ्य इत्यादिसूत्रम् ।

**અર્થઃ**– કિંતુ આ વૈયાવચ્ચ કરનારની વૈયાવચ્ચભાવની વૃદ્ધિ આ રીતે થાય છે એ (સૂત્રથી જ) કહેવાયા જેવું છે. વૈયાવચ્ચકારી જીવોને સ્વસંબંધી કાયોત્સર્ગ થયાનું જાણમાં ન હોય તો પણ આ કાયોત્સર્ગથી કાયોત્સર્ગ કરનારને વિઘ્નોપશમ અને પુણ્યબંધાદિ શુભ સિદ્ધ થાય. એમાં જ્ઞાપક આ (કાયોત્સર્ગ પ્રવર્તક) સૂત્ર જ છે; અને એ પ્રમાણસિદ્ધ નથી એમ નહિ; કેમ કે (થોભણ-સ્તંભનાદિ) અભિચાર પ્રયોગમાં (મંત્રતંત્રાદિ કર્મમાં) તેવું (જેને ઉદ્દેશીને એ કર્મ કર્યું હોય એની અજાણતા છતાં કરનારની ઈષ્ટ સિદ્ધિ થવાનું) દેખાય છે. સર્વ વિષયોમાં સદા ઔચિત્ય-પ્રવૃત્તિથી પ્રવર્તવું જોઈએ, એ આ (સૂત્રકાયોત્સર્ગ)નું તાત્પર્ય છે. એટલા માટે એ સમસ્ત યોગનું બીજ છે. 'વંદણવત્તિયાએ' એ (અહીં) નથી બોલવામાં આવતું; કિન્તુ 'અન્નત્થ ઊસસિએણં' વગેરે બોલાય છે; કેમકે એ (વૈયાવચ્ચકારી) અવિરતિવાળા છે. સામાન્ય પ્રવૃત્તિથી એ જ રીતે ઉપકાર થવાનું દેખાય છે. એનું કારણ વચનપ્રમાણ છે. આ પ્રમાણે 'સિદ્ધાણં' વગેરે સૂત્રની વ્યાખ્યા થઈ.

**વિવેચન–**

**વૈયાવચ્ચકર અર્થે કાયોત્સર્ગથી કોને લાભ ?**

અહીં વિશેષ આટલું સમજવાનું છે કે જે વૈયાવચ્ચ કરનારના નિમિત્તે આ કાયોત્સર્ગ કરવામાં આવે છે, એનાથી એમને વૈયાવચ્ચ કરવાના ભાવ વધે છે, એ આ સૂત્રથી જ કહેવાયા જેવું છે. ભલે શબ્દશઃ નહિ તો ગર્ભિત રીતે. સૂત્ર મહર્ષિરચિત છે, મહર્ષિ નિરર્થક વચન-નિષ્ફળ વચન કહે નહિ. એમણે વૈયાવચ્ચ કરનારના નિમિત્તે કાયોત્સર્ગ કરવાનું સૂચવ્યું, એ જ બતાવે છે કે એ કરવાથી વૈયાવચ્ચ કરનારને વૈયાવચ્ચનો ભાવ વધે છે, એ હકીકત છે. માટે તો આ સૂત્રથી કાયોત્સર્ગ કરવાનું કહે છે. એમ જો ભાવ વધવાનું ન બનતું હોય તો સૂત્ર બોલીને એ રીતે કાયોત્સર્ગ કરવાનું નિષ્ફળ જાય, અને એવું કરાવનાર આ સૂત્ર નિરર્થક ઠરે ! માત્ર ઉપચારવિધિ જેવું જ ઠરે ! અર્થાત્ ઔપચારિક વચન ઠરે ! પણ મહર્ષિવચન વ્યભિચારી યાને નિષ્ફળ હોય નહિ.

**પ્રશ્નઃ–** કાયોત્સર્ગ કરનાર અહીં જેના નિમિત્તે કાયોત્સર્ગ કરે છે એની દૂર રહેલા એ કાયોત્સર્ગના વિષયભૂત વૈયાવચ્ચકારીને ખબર હોય જ એવું બનતું નથી. પછી એનો ભાવ શી રીતે વધે ? ખબર હોય તો તો એથી એ વૈયાવચ્ચકર કાયોત્સર્ગ કરનાર ભાવિકની ઈચ્છા જાણીને વૈયાવચ્ચમાં ઉત્સાહિત થાય એ બને. પરંતુ એવું ન બનવાથી કાયોત્સર્ગ નિષ્ફળ નહિ ?

**ઉત્તરઃ–** ના, કાયોત્સર્ગ નિષ્ફળ નથી, કેમકે ભલે જેને ઉદ્દેશીને કાયોત્સર્ગ કરાય છે તેને એની ખબર ન હોય, પરંતુ કાયોત્સર્ગ કરનારને તો અવશ્ય શુભફળ મળે છે. અહીં મૂળની વ્યાખ્યા ટીકાકાર શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજ આ પ્રમાણે લખે છે–

तदपरिज्ञाने'त्यादि, –तैः =वैयावृत्त्यकरादिभिः, अपरिज्ञानेऽपि स्वविषयकायोत्सर्गस्य, 'अस्मात्'=कायोत्सर्गात् 'तस्य'=कायोत्सर्गकर्तुः, शुभसिद्धौ'=विघ्नोपशमपुण्यबन्धादिसिद्धौ, 'इदमेव'= कायोत्सर्गप्रवर्तकं वचनं, 'ज्ञापकं'= गमकम्, आप्तोपदिष्टत्वेन अव्यभिचारित्वात् । प्रयोगो, यदाप्तोपदेशपूर्वकं कर्म्म तद्विषयेणाज्ञातमपि कर्तुरिष्टफलकारि भवति यथा स्तोभनस्तम्भनादि कर्म......।

અર્થાત્ વૈયાવચ્ચકારી શાન્તિકારી.... વગેરેને સ્વસંબંધી કાયોત્સર્ગ થઈ રહ્યાની ખબર ન પડતી હોય, તો પણ કાયોત્સર્ગથી કાયોત્સર્ગના કર્તાને વિઘ્નશમન-પુણ્યબંધાદિ શુભ પ્રાપ્ત થાય છે.

આ શુભ સિદ્ધ થવામાં પ્રમાણ તરીકે આ 'વૈયાવચ્ચગરાણં કરેમિ કાઉસ્સગ્ગં' એ કાયોત્સર્ગ-પ્રવર્તક વચન જ છે. આપ્ત પુરુષનું વચન નિરર્થક હોય નહિ. વચન જો છે તો એ વચન વૈયાવચ્ચ કરનારના નિમિત્તે કાયોત્સર્ગ કરવાનું કહેતું હોવાથી કરનારને એ ક્રિયા ફલ લાવનારી હોવી જ જોઈએ.

**અભિચાર પ્રયોગનું દૃષ્ટાન્ત–**

કાયોત્સર્ગ કરનારને શુભ તરીકે વિઘ્નોપશમ યાને અંતરાય કર્મનો ક્ષયોપશમ અને પુણ્યબન્ધ વગેરે પ્રાપ્ત થાય છે. આ ફળ પ્રમાણ- પ્રતિષ્ઠિત નથી એમ નહિ, કેમકે અભિચાર પ્રયોગ આદિમાં, જેવા કે કોઈને થોભાવી-થંભાવી કે મોહ પમાડી નાખવાના મંત્રતંત્ર પ્રયોગમાં, એમ બનતું દેખાય છે. એમ શાન્તિક-પૌષ્ટિકાદિ શુભ ફળવાળા કર્મમાં પણ એવું બનતું દેખાય છે. ત્યાં જેને ઉદ્દેશીને એ પ્રયોગ કરવામાં આવે છે એને આ પ્રયોગની કશી ખબર નથી. પરંતુ સચોટ તેમ જ બને. એટલે કે એ વ્યક્તિ થોભી જાય, થંભી જાય, મોહ પામી આકર્ષાઈ જાય, યા શાન્ત થઈ જાય, કે અનુકૂળ બની જાય. એવી ચોક્કસ પ્રકારની મંત્ર-તંત્રાદિની સાધના બતાવનાર આપ્ત પુરુષના કથનના અનુસારે બરાબર એ સાધના કરવામાં આવે છે, તો એની અસર પેલી ખબર વિનાની વ્યક્તિ પર પડે છે. એ થોભણ, થંભણ, મોહન, કે શાંતિપુષ્ટિ વગેરે પામી જાય છે. (કલિકાલ-સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્ર સૂરિજી મહારાજે મંત્રપ્રયોગ કર્યો અને કંટકેશ્વરી દેવીને થોભી જવું પડ્યું. માનદેવસૂરિજીએ રચેલ મંત્રગર્ભિત લઘુશાન્તિસ્તવ શ્રી સંઘે ભણવાનું કર્યું ને ઉપદ્રવ કરનાર દેવતાને શાંત થઈ જવું પડ્યું.) આમાં પ્રયોગકર્તાને જનમતું તેવું કર્મ યા અંતરાયક્ષય કારણભૂત છે.

અહીં કાયોત્સર્ગકર્તાને ફળ થવા અંગે અનુમાન આ પ્રમાણે થઈ શકે—જે આપ્ત પુરુષના કથનના અનુસારે મંત્રતંત્રાદિ કર્મ કરાય છે, તે

એના ઉદ્દેશ્યભૂત વિષયને જ્ઞાન ન હોય છતાં કર્મકર્તાને ઈષ્ટ ફળ સાધી આપનારું બને છે. જેમકે, થોભણ-સ્તંભનાદિ કર્મ; એમજ આ વૈયાવચ્ચકારીને ઉદ્દેશીને કરાતી કાયોત્સર્ગ ક્રિયા છે, તો એ કાયોત્સર્ગ-કર્તાને ફળ કેમ ન પેદા કરે ? એ ફળ અંતરાય-નાશ અને પુણ્યબંધ આદિ છે.

**પ્રશ્ન:**— ભલે એ અંતરાયનાશ આદિ ફળ કાયોત્સર્ગકર્તાને મળો, પણ તેથી જેને ઉદ્દેશીને એ કાયોત્સર્ગ કરાય છે, એ વૈયાવચ્ચકારીને શું આવ્યું ?

**ઉત્તર:**— જેવી રીતે થોભણ-સ્તંભનાદિ કે શાંતિક-પૌષ્ટિક શુભ કર્મમાં કર્મ કરનારને તેવા પ્રકારનો કોઈ પુણ્યબંધ અને વિઘ્નશમન (અંતરાય-ક્ષય) થાય અને એની અસરથી સામાને થોભાવા-આકર્ષાયાનું બને; એવી રીતે પ્રસ્તુતમાં કાયોત્સર્ગકર્તાને ઉત્પન્ન થયેલ અંતરાયક્ષય અને પુણ્યની અસરથી વૈયાવચ્ચકારીને વૈયાવચ્ચનો ઉત્સાહ વધે. દેખાય છે કે કોઈને યશનામકર્મ-આદેયનામકર્મનો ઉદય થાય ત્યારે લોકો પર એની અસર પડી જવાથી એ એનો યશ ગાતા અને એનું વચન ઝીલતા થઈ જાય છે. એમ તેવા તેવા અંતરાયકર્મનો નાશ થતાં ઈષ્ટવસ્તુ સહજ રીતે અનુકૂળ બની આવે છે. બસ, એ જ રીતે પ્રસ્તુતમાં વૈયાવૃચ્ચકારીનો વૈયાવચ્ચઉત્સાહ, કાયોત્સર્ગકર્તાના અંતરાયક્ષય-પુણ્યોદયપ્રભાવે, જાગવા-વધવાનું બને એમાં આશ્ચર્ય નથી.

**ભાવથી બીજા પર સીધી અસર ખરી ?**

(આ પરથી એમ સૂચિત થાય છે કે કાયોત્સર્ગ કરનારના શુભ ભાવની અસર સીધી વૈયાવચ્ચકારી ઉપર પડી કાર્ય કરાવવાને બદલે અસર પોતાના ઉપર પડી અંતરાયક્ષય-પુણ્યબંધાદિ ઉત્પન્ન કરે છે, અને તે અંતરાયક્ષય-પુણ્યબંધાદિ વૈયાવચ્ચકારીમાં કાર્ય કરાવે છે. આ વસ્તુ શાન્તિક-પૌષ્ટિકકાર્ય, પ્રાર્થના વગેરેમાં પણ બને છે. આ વાત યુક્તિગમ્ય પણ લાગે છે; નહિતર જો ભાવની બીજા પર સીધી અસર હોય તો તો ક્ષપકશ્રેણિ માંડનારના શુક્લધ્યાનનો ભાવ તો એટલો બધો પ્રબળ હોય છે કે શાસ્ત્ર કહે છે કે જો બીજા આત્માના કર્મનું આ આત્મામાં સંક્રમણ થઈ શકતું હોત તો એ કર્મને પણ બાળી નાખત, તો પછી એટલા બધા ઉત્કૃષ્ટ શુભ ભાવની અસર સીધી

બીજા પર કેમ ન પડે? માટે પડતી નથી એ હકીકત છે.)

**વૈયાવચ્ચી દેવો કેમ સ્મરણીય ?–**

અહીં ચૈત્યવંદનમાં વૈયાવચ્ચકારીનું સ્મરણ અને એનું સૂત્ર શા માટે? એની ભૂમિકા બાંધતાં પ્રારંભે કહ્યું હતું કે उचितेषु उपयोगफलमेतद् અર્થાત્ લોકોત્તર શુભ ભાવમાં કારણભૂત હોઈને યોગ્ય અરિહંત આદિનું પ્રણિધાન કરાવનારું આ ચૈત્યવંદન છે, એ સૂચવવા 'વૈયાવચ્ચગરાણં.....' સૂત્ર બોલે છે, ને કાયોત્સર્ગ કરે છે. એથી આપણી લોકોત્તર શુભ ભાવની આરાધનામાં ઉપયોગી ચિત્તસ્વસ્થતા માટે સમ્યગ્દષ્ટિ દેવો પણ વૈયાવચ્ચ શાંતિ-સમાધિકારકતાગુણે સ્મરણ-પ્રણિધાન કરવા યોગ્ય છે. એમના એ ગુણના પ્રભાવે દ્વેષી દેવો આદિ દ્વારા આપણી ચિત્તસ્વસ્થતા ન હણાય, અને તેથી આપણે લોકોત્તર શુભ ભાવ ભાવી શકીએ. પછી એ વૈયાવચ્ચકારીનું સ્મરણ પણ ન કરીએ એ અનુચિત છે; સ્મરણ કરવું એ જ ઉચિત છે. તે આ સૂત્રથી અને કાયોત્સર્ગથી કરાય છે. એટલે પ્રસ્તુત સૂત્ર-કાયોત્સર્ગનું તાત્પર્ય આ જ નીકળે છે કે, औचित्यप्रवृत्त्या सर्वत्र प्रवर्त्तितव्यम्' અર્થાત્ ઔચિત્યસૂચક પ્રવૃત્તિથી જ બધે પ્રવર્તવું. ચૈત્યવંદન એ પણ મહાન યોગ છે, તો એ પણ ઔચિત્યની પ્રવૃત્તિવાળો જ હોવો જોઈએ. ઔચિત્ય ન પાળે એ યોગ શું સાધી શકે ? સાધવા માટે યોગ્ય જ નથી, અધિકારી જ નથી. નહિતર ચૈત્યવંદન એટલે અરિહંત પરમાત્માને વંદના; એમાં વળી વૈયાવચ્ચ-શાંતિ-સમાધિકારકને યાદ કરવાનું અને એમના નિમિત્તે કાયોત્સર્ગ કરવાનું શું કામ ? પણ નહિ, ચૈત્યવંદન એ મહાન યોગ છે, તે ઔચિત્ય પ્રવૃત્તિવાળો જ શોભે, એ આ સૂત્ર સૂચવી રહ્યું છે. તેથી ફલિત થાય છે કે 'एतत्सकलयोगबीजम्' –ઔચિત્ય પ્રવૃત્તિ સમસ્ત યોગ-સાધનાનું બીજ છે. એ બીજ વિના યોગવૃક્ષ કેવું ?

**ઔચિત્યપ્રવૃત્તિ સકલયોગબીજ કેમ ?–**

બીજ આ રીતે છે કે પ્રથમ પગથિયે સહજમલહ્રાસનો યોગ સધાય છે ત્યાં દુઃખી પ્રત્યે અત્યન્ત દયા અને ગુણવાન પ્રત્યે અ-માત્સર્યની જેમ

સર્વત્ર ઔચિત્ય પણ હોય જ. એમ, અપુનર્બંધકતાયોગમાં પણ પાપમાં તીવ્રભાવ અકરણ અને ભવ-અબહુમાનની જેમ ઉચિત પ્રવૃત્તિ પણ ખરી. એ પછી અધ્યાત્મ આદિ પાંચ યોગમાં ય પ્રારંભે ઔચિત્યપાલન ખરૂં. એવી રીતે દર્શન-જ્ઞાન ચારિત્ર-તપ રૂપ યોગ તથા જ્ઞાનાચારાદિ પંચાચારયોગમાં અને યમ-નિયમાદિ-સહિત અદ્વેષ-જિજ્ઞાસાદિથી સાધ્ય આઠ યોગદૃષ્ટિમાં પણ ઔચિત્ય પાયામાં જરૂરી છે.

'વૈયાવચ્ચગરાણં' સૂત્ર પછી 'વંદણવત્તિયાએ' સૂત્ર નથી બોલાતું, - કિન્તુ સીધું 'અન્નત્થ ઊસસિએણં૦ સૂત્ર બોલાય છે. એનું કારણ એ કે સમ્યગ્દૃષ્ટિ વૈયાવચ્ચઆદિ કરનાર દેવો અવિરતિવાળા છે. કાયોત્સર્ગ કરનાર વિરતિધર આત્માઓ ઊંચા ગુણસ્થાનકે હોઈ એમને વંદન કરે નહિ, એ આથી સૂચિત થાય છે. માટે એમની વંદના નિમિત્તે કાયોત્સર્ગ કરવાનો હોય નહિ.

**સામાન્ય પ્રવૃત્તિથી પણ ઉપકાર–**

**પ્રશ્નઃ–** તો પછી એમના માટે કાયોત્સર્ગ એ તો સામાન્ય પ્રવૃત્તિ થશે, એથી શો લાભ ?

**ઉત્તરઃ–** સામાન્ય પ્રવૃત્તિરૂપે પણ આ રીતે કાયોત્સર્ગ કરવાથી ઉપકાર થાય છે એવું દેખાય છે. દા. ત. કોઈ વિઘ્ન-આપત્તિ વખતે શાસનદેવતા નિમિત્તે કાયોત્સર્ગ કરવાથી દેવતા હાજર થઈ વિઘ્ન-નિવારણ કરી આપે છે. સુદર્શન શેઠ પર કલંક અને શૂલિએ ચઢવાનું વિઘ્ન આવ્યું. તો એમની પત્ની મનોરમાએ કાયોત્સર્ગથી શાસનદેવતાને આકર્ષ્યા, અને શૂળીનું સિંહાસન થયું, ને કલંક ટળી યશવાદ થયો ! માટે 'વંદનાદિલાભરૂપ વિશેષ નિમિત્ત રાખ્યા વિના, ખાલી કાયોત્સર્ગરૂપી સામાન્ય પ્રવૃત્તિથી શું થાય ?' એવી શંકા ન રાખવી; એમ પણ લાભ થાય છે એમાં આ સૂત્રવચન જ પ્રમાણ છે, એમ જ લાભ થવાનું સૂત્રથી પ્રમાણિત છે. (પરમતેજ ગ્રંથમાંથી સાભાર ઉદ્ધૃત) (૭૮૭)

**पारियकाउस्सग्गो, परमेट्ठीणं च कयनमोक्कारो ।**
**वेयावच्चगराणं, देज्ज थुइं जक्खपमुहाणं ॥७८८॥**

पारितकायोत्सर्गः परमेष्ठिनां च कृतनमस्कारः ।
वैयावृत्त्यकराणां दद्यात् स्तुतिं यक्षप्रमुखाणाम् ।।७८८।।

કાયોત્સર્ગને પારીને અને પરમેષ્ઠીઓને નમસ્કાર કરીને (=નમોઽર્હત્૦ બોલીને) વૈયાવૃત્ય કરનારા યક્ષ વગેરે દેવોની સ્તુતિ કહે. (૭૮૮)

**कयसिद्धनमोक्कारो, पुणो वि पणिवायदंडगाईयं ।**
**बीयथुइजुयलएणं, पुव्विं पिव वंदणं कुणइ ।।७८९।।**

कृतसिद्धनमस्कारः पुनरपि प्रणिपातदण्डकादिकम् ।
द्वितीयस्तुतियुगलकेन पूर्वमिव वन्दनां करोति ।।७८९।।

પૂર્વે सिद्धाणं बुद्धाणं० ઈત્યાદિ બોલીને જેણે સિદ્ધોને નમસ્કાર કર્યો છે તેવો સાધક ફરી नमुत्थुणं વગેરે સૂત્રો કહે, અને બીજા થોયજોડાથી (=ચાર થોયોથી) પૂર્વની જેમ વંદન કરે. (૭૮૯)

**पुणरुत्तं पि न दुट्ठं, दट्ठव्वमिणं जिणागमन्नूहिं ।**
**जिणगुणथुइरूवत्ता, कम्मक्खयकारणत्तेण ।।७९०।।**

पुनरुक्तमपि न दुष्टं द्रष्टव्यमिदं जिनागमज्ञैः ।
जिनगुणस्तुतिरूपत्वात् कर्मक्षयकारणत्वेन ।।७९०।।

જિનાગમના જ્ઞાતાઓએ આ પુનરુક્ત (=ફરી વાર કહેવાયેલું) હોવા છતાં દુષ્ટ ન જાણવું. કારણકે જિનગુણોની સ્તુતિરૂપ હોવાથી કર્મક્ષયનું કારણ છે. (૭૯૦)

**सइ चित्तसमाहाणे, अहियं पि जिणिंदवंदणं सेयं ।**
**कम्मक्खयहेउत्ता, पंचनमोक्कारगुणणं व ।।७९१।।**

सदा चित्तसमाधानेऽधिकमपि जिनेन्द्रवन्दनं श्रेयः ।
कर्मक्षयहेतुत्वात् पञ्चनमस्कारगुणनमिव ।।७९१।।

ચિત્તમાં સમાધિ રહે તો સદા અધિક પણ ચૈત્યવંદન નમસ્કાર મહામંત્ર ગણવાની જેમ કલ્યાણકારી છે. કારણકે કર્મક્ષયનો હેતુ છે.

**વિશેષાર્થઃ**— ચૈત્યવંદનથી કર્મક્ષય થાય એ વિષે લલિત વિસ્તરા ગ્રંથમાં કહ્યું છે કે— चैत्यवन्दनतः सम्यक् शुभो भावः प्रजायते । ततः कर्मक्षयः सर्वं ततः कल्याणमश्नुते ॥ ચૈત્યવંદનથી સમ્યક્ (=લોકોત્તર) શુભ ભાવ ઉત્પન્ન થાય છે. તેનાથી કર્મક્ષય થાય છે. કર્મક્ષયથી જીવ કલ્યાણ પામે છે. (૭૯૧)

**भणियं च पव्वदिवसे, पत्तेयं चेइयाइँ सव्वाइं ।**
**समणेहिं सावएहिं य, सत्तीए वंदणिज्जाइं ॥७९२॥**

भणितं च पर्वदिवसे प्रत्येकं चैत्यानि सर्वाणि ।
श्रमणैः श्रावकैश्च शक्त्या वन्दनीयानि ॥७९२॥

**કહ્યું છે કે**— પ્રત્યેક પર્વ દિવસે સાધુઓએ અને શ્રાવકોએ શક્તિ હોય તો સર્વ મંદિરોમાં ચૈત્યવંદન કરવું જોઈએ. (૭૯૨)

**जह विसविघायणत्थं, पुणो पुणो मंतमंतणं सुहयं ।**
**तह मिच्छत्तविसहरं, विन्नेयं वंदणाई वि ॥७९३॥**

यथा विषविघातनार्थं पुनः पुनः मन्त्रमन्त्रणं शुभकम् ।
तथा मिथ्यात्वविषहरं विज्ञेयं वन्दनाद्यपि ॥७९३॥

જેવી રીતે વિષનો નાશ કરવા માટે વારંવાર મંત્રોચ્ચાર શુભ છે (અથવા સુખ આપનાર છે.) તેવી રીતે મિથ્યાત્વરૂપ વિષને દૂર કરનાર ચૈત્ય-વંદન પણ વારંવાર કરવું એ શુભ છે. (૭૯૩)

**भणियं च—**
**मिच्छदंसणमहणं, सम्मदंसणविसुद्धिहेउं च ।**
**चिइवंदणाइ विहिणा, पन्नत्तं वीयरागेहिं ॥७९४॥**

भणितं च –
मिथ्यादर्शनमथनं सम्यग्दर्शनविशुद्धिहेतु च ।
चैत्यवन्दनादि विधिना प्रज्ञप्तं वीतरागैः ॥७९४॥

**કહ્યું છે કે**— મિથ્યાત્વનો નાશ કરનાર અને સમ્યગ્દર્શનની વિશુદ્ધિનું

કારણ એવું ચૈત્યવંદન વગેરે વિધિપૂર્વક કરવાનું વીતરાગોએ કહ્યું છે. (૭૯૪)

**जइ वि बहुहा न तीरइ, दो वाराओ अवस्स कायव्वं ।**
**संविग्गमुणीहिं जओ, आइन्नं वन्नियं चेव ॥७९५॥**

यद्यपि बहुधा न शक्यते द्वौ वारौ अवश्यकर्तव्यम् ।
संविग्नमुनिभिर्यत आचीर्णं वर्णितमेव ।।७९५।।

સંવિગ્ન મુનિઓએ ચૈત્યવંદન જો અનેકવાર ન કરી શકાય તો બે વાર અવશ્ય કરવું જોઈએ. કારણકે તે પ્રમાણે આચરેલું છે, અને શાસ્ત્રમાં વર્ણવેલું જ છે. (૭૯૫)

**सुहभाववुड्ढिहेउं, निच्चं जिणवंदणा सिवत्थीहिं ।**
**संपुन्ना कायव्वा, विसेसओ गेहवासीहिं ॥७९६॥**

शुभभाववृद्धिहेतुं नित्यं जिनवन्दना शिवार्थिभिः ।
संपूर्णा कर्तव्या विशेषतो गेहवासिभिः ।।७९६।।

મોક્ષાર્થીઓએ શુભ ભાવની વૃદ્ધિ થાય એ માટે સદા સંપૂર્ણ (= ઉત્કૃષ્ટ) ચૈત્યવંદન કરવું જોઈએ, અને ગૃહસ્થોએ તો વિશેષથી (= ખાસ) સંપૂર્ણ ચૈત્યવંદન કરવું જોઈએ. (૭૯૬)

**आह किमेसा तुब्भे, विसेसओ सावयाणमुवइट्ठा ? ।**
**किं साहूण न नियमो ? भणइ गुरू सुणसु परमत्थं ॥७९७॥**

आह किमेषा युष्माभिर्विशेषतः श्रावकाणामुपदिष्टा ? ।
किं साधूनां न नियमः ? भणति गुरुः शृणु परमार्थम् ।।७९७।।

અહીં પ્રશ્નકાર પ્રશ્ન કરે છે કે તમે શ્રાવકોને વિશેષથી સંપૂર્ણ ચૈત્યવંદન કરવાનો ઉપદેશ કેમ આપો છો ? શું સાધુઓને વિશેષથી સંપૂર્ણ ચૈત્યવંદન કરવાનો નિયમ નથી ? ગુરુ ઉત્તર આપે છે- પરમાર્થને સાંભળ. (૭૯૭)

**समणाण सावयाण य, उस्सग्गो एस चेव दट्ठव्वो ।**
**गिहिणा विसेसभणणे, बिंतीमं कारणं गुरुणो ॥७९८॥**

श्रमणानां श्रावकाणां चोत्सर्ग एष एव द्रष्टव्यः ।
गृहिणा विशेषभणने ब्रुवन्तीदं कारणं गुरवः ॥७९८॥

સાધુઓ અને શ્રાવકોને ઉત્સર્ગથી તો સંપૂર્ણ ચૈત્યવંદન કરવું જોઈએ. ગૃહસ્થે વિશેષથી સંપૂર્ણ ચૈત્યવંદન કરવું જોઈએ એમ કહેવામાં ગુરુઓ આ (નીચે કહેવાશે તે) કારણને કહે છે. (૭૯૮)

**चरणट्ठियाण किरिया, सव्वा वि जिणेंदवंदणा चेव ।**
**आणाणुपालणं चिय, जम्हा तं बिंति तत्तविऊ ॥७९९॥**

चरणस्थितानां क्रिया सर्वापि जिनेन्द्रवन्दना एव ।
आज्ञानुपालनमेव यस्मात् तद् ब्रुवते तत्त्वविदः ॥७९९॥

ચારિત્રમાં રહેલાઓને સઘળીય ક્રિયા ચૈત્યવંદન જ છે. કારણકે તત્ત્વના જ્ઞાતાઓ આજ્ઞાપાલનને જ ચૈત્યવંદન કહે છે. (૭૯૯)

**चरणकरणाविरोहा, साहू वंदंति हीणमहियं वा ।**
**किरियंतरे वि तेसिं, परिणामो तग्गओ चेव ॥८००॥**

चरणकरणाऽविरोधात् साधवो वन्दते हीनमधिकं वा ।
क्रियान्तरेऽपि तेषां परिणामस्तद्गत एव ॥८००॥

ચરણ-કરણમાં વિરોધ ન આવે તે રીતે સાધુઓ ન્યૂન કે અધિક ચૈત્યવંદન કરે છે. અન્ય ક્રિયામાં પણ તેમના પરિણામ ચૈત્યવંદન સંબંધી જ હોય છે. (૮૦૦)

**गिहिणो पुण सो भावो, ताव त्ति य जाव वंदणं कुणइ ।**
**आरंभपरिग्गहवा-वडस्स न उ सेसकालम्मि ॥८०१॥**

गृहिणः पुनः स भावस्तावदिति च यावद्वन्दनां करोति ।
आरम्भपरिग्रहव्यापृतस्य न तु शेषकाले ॥८०१॥

આરંભ-પરિગ્રહમાં પરોવાયેલા ગૃહસ્થને તો જ્યાં સુધી ચૈત્યવંદન કરે ત્યાં સુધી જ ચૈત્યવંદનનો ભાવ હોય છે. શેષ કાલે હોતો નથી. (૮૦૧)

**तम्हा संपुन्न च्चिय, जुत्ता जिणवंदणा गिहत्थाणं ।**
**सुहभाववुड्डिओ जं, जायइ कम्मक्खओ विउलो ॥८०२॥**

तस्मात् संपूर्णा एव युक्ता जिनवन्दना गृहस्थानाम् ।
शुभभाववृद्धेर्यद् जायते कर्मक्षयो विपुलः ।।८०२।।

તેથી ગૃહસ્થોને સંપૂર્ણ જ ચૈત્યવંદન કરવું એ યોગ્ય છે. કારણકે શુભભાવની વૃદ્ધિથી ઘણો કર્મક્ષય થાય છે. (૮૦૨)

**संपुन्नपक्खवाई, वित्तिविरोहाइकारणा कह वि ।**
**डहरतरं पि कुणंतो, संपुन्नाए फलं होइ(लहइ) ॥८०३॥**

संपूर्णपक्षपाती वृत्तिविरोधादिकारणात् कथमपि ।
लघुतरामपि कुर्वन् संपूर्णायाः फलं भवति (लभते) ।।८०३।।

સંપૂર્ણ ચૈત્યવંદનનો પક્ષપાતી જીવ આજીવિકામાં વિરોધ વગેરે કારણોથી કોઈ પણ રીતે અતિશય નાનું પણ ચૈત્યવંદન કરે તો પણ સંપૂર્ણ ચૈત્યવંદનનું ફળ પામે છે. (૮૦૩)

**जो पुण पमायसीलो, कुग्गहगरलेण वावि हयसन्नो ।**
**संपुन्नकरणमणो-रहं पि हियए न धारेइ ॥८०४॥**

यः पुनः प्रमादशीलः कुग्रहगरलेन वाऽपि हतसंज्ञः ।
संपूर्णकरणमनोरथमपि हृदये न धारयति ।।८०४।।

**सो मोहतिमिरछाइय-दिट्ठी बहुदुक्खसावयाइन्ने ।**
**संमग्गमपावंतो, परिभमइ चिरं भवारन्ने ॥८०५॥**

स मोहतिमिरच्छादितदृष्टिर्बहुदुःखश्वापदाकीर्णे ।
सन्मार्गमप्राप्नुवन् परिभ्रमति चिरं भवारण्ये ।।८०५।।

પણ જે પ્રમાદશીલ છે, અથવા કદાગ્રહરૂપી ઝેરથી જેનું સમ્યગ્દર્શન નાશ પામી ગયું છે અને (એથી જ) હૃદયમાં સંપૂર્ણ ચૈત્યવંદન કરવાનો મનોરથ પણ ધારણ કરતો નથી, મોહરૂપી અંધકારથી ઢંકાયેલ દૃષ્ટિવાળો અને (એથી જ) સન્માર્ગને નહિ પામતો તે ઘણાં દુઃખો રૂપી જંગલી પશુઓથી ભરપૂર ભવરૂપ જંગલમાં લાંબાકાળ સુધી પરિભ્રમણ કરે છે. (૮૦૪-૮૦૫)

**तो तिक्कालं गिहिणो, पंचहि सक्कत्थएहिँ सा जुत्ता ।**
**जइ ताव वित्तिबाहा, असमाहिकरी न संभवइ ॥८०६॥**

ततस्त्रिकालं गृहिणः पञ्चभिः शक्रस्तवैः सा युक्ता ।
यदि तावद् वृत्तिबाधा असमाधिकरी न संभवति ॥८०६॥

તેથી જો આજીવિકાનો વિરોધ (= મુશ્કેલી) અસમાધિ ન કરે તો ગૃહસ્થે ત્રિકાળ પાંચ શક્રસ્તવોથી (= નમુત્થુણં સૂત્રોથી) ચૈત્યવંદન કરવું જોઈએ.

**વિશેષાર્થઃ–** અહીં આજીવિકાનો વિરોધ હોવા છતાં જો અસમાધિ ન થતી હોય તો ત્રિકાળ સંપૂર્ણ ચૈત્યવંદન કરવાનું કહ્યું તો પછી જેને આજીવિકાનો વિરોધ ન હોય તેણે તો સુતરાં ત્રિકાળ સંપૂર્ણ ચૈત્યવંદન કરવું જોઈએ. (૮૦૬)

**तब्भावे उ अवस्सं, नवभेयाए इमीएँ अन्नयरी ।**
**पडिसुद्धा कायव्वा, दंसणसुद्धिं महंतेण ॥८०७॥**

तद्भावे तु अवश्यं नवभेदाया अस्या अन्यतरा ।
परिशुद्धा कर्तव्या दर्शनशुद्धिं [1]काङ्क्षता ॥८०७॥

१. "काङ्क्षेर् आहा-ऽहिलंघा-ऽहिलंख-वच्च-वम्फ-मह-सिह-विलुंपाः" ।- ८-४-१९२ ॥ इति हैमवचनात् काङ्क्षेर्महः ।

જો આજીવિકાનો વિરોધ અસમાધિ કરે તો દર્શનશુદ્ધિને ઈચ્છતા ગૃહસ્થે નવભેદવાલા ચૈત્યવંદનમાંથી કોઈ પણ એક ચૈત્યવંદન અવશ્ય કરવું જોઈએ, અને અત્યંત શુદ્ધ (= પૂર્ણ વિધિ સહિત) કરવું જોઈએ. (૮૦૭)

**नवभेया पुण एसा, भणिया पुरिसेहि तत्तवेईहिं ।**
**संपुन्नमचायंतो, मा कोइ चएज्ज सव्वं पि ॥८०८॥**

नवभेदा पुनरेषा भणिता पुरुषैस्तत्त्ववेदिभिः ।
संपूर्णमशक्नुवन् मा कोऽपि त्यजेत् सर्वमपि ।।८०८।।

તત્ત્વવેદી પુરુષોએ આ ચૈત્યવંદન નવભેદવાળું એટલા માટે કહ્યું છે કે— સંપૂર્ણ ચૈત્યવંદન ન કરી શકતો કોઈ જીવ સર્વથા ચૈત્યવંદનનો ત્યાગ ન કરે. (૮૦૮)

**आह किमेवइय च्चिय, उयाहु अहिया वि संगया एसा ? ।**
**पडिभणइ गुरू सुंदर !, अइभरियं नत्थि धम्मम्मि ॥८०९॥**

आह किमेतावत्येव उताहो अधिकाऽपि संगता एषा ।
प्रतिभणति गुरुः सुन्दर ! अतिभृतं नास्ति धर्मे ।।८०९।।

**શિષ્ય પ્રશ્ન કરે છે કે**— આ ચૈત્યવંદના આટલી જ સંગત (=ઉચિત) છે કે (પાંચ શક્રસ્તવથી કરાતી ચૈત્યવંદનાથી) અધિક પણ સંગત છે?

**ગુરુ જવાબ આપે છે**— હે સુંદર ! ધર્મમાં (કોઈપણ ક્રિયાનો) અતિરેક (=અતિવધારે) નથી. (૮૦૯)

**एत्तो अहिगतराऽवि हु, कीरंती गरुयभत्तिराएण ।**
**कल्लाणयपव्वाइसु, गुणावहा चेव भत्ताणं ॥८१०॥**

इतोऽधिकतराऽपि खलु क्रियमाणा गुरुकभक्तिरागेण ।
कल्याणकपर्वादिषु गुणावहा एव भक्तानाम् ।।८१०।।

**वड्डइ धम्मज्झाणं, फुरंति हियए गुणा जिणिंदाणं ।**
**उच्छलइ तेसु भत्ती, कम्मिंधणहुयवहसमाणा ॥८११॥**

वर्धते धर्मध्यानं स्फुरन्ति हृदये गुणा जिनेन्द्राणाम् ।
उच्छलति तेषु भक्तिः कर्मेन्धनहुतवहसमाना ।।८११।।

**अन्नेसिं भव्वाणं, उवइट्ठो होइ उत्तमो मग्गो ।**
**इय विविहा हुंति गुणा, पुणो पुणो वंदणाकरणे ॥८१२॥**

अन्येषां भव्यानामुपदिष्टो भवति उत्तमो मार्गः ।
इति विविधा भवन्ति गुणाः पुनः पुनर्वन्दनाकरणे ।।८१२।।

કલ્યાણકપર્વ આદિ પ્રસંગે અતિશય ભક્તિરાગથી આનાથી અધિક પણ કરવામાં આવતી ચૈત્યવંદના ભક્તોને લાભ કરનારી જ છે. (કારણકે) ધર્મધ્યાનની વૃદ્ધિ થાય છે. હૃદયમાં જિનેન્દ્રોના ગુણો વિકસે છે = ખીલે છે. જિનેન્દ્રો ઉપર કર્મરૂપ કાષ્ઠને બાળવા માટે અગ્નિસમાન ભક્તિ ઉછળે છે. અન્ય ભવ્યજીવોને ઉત્તમ માર્ગ ઉપદેશાયેલો થાય છે. આ પ્રમાણે વારંવાર ચૈત્યવંદન કરવામાં વિવિધ લાભો થાય છે.

**વિશેષાર્થ:**— ચૈત્યવંદન કરનારાઓને જોઈને અન્ય ભવ્ય જીવોના મનમાં થાય કે આપણે પણ આ પ્રમાણે કરવું જોઈએ, અને તેથી તેઓ પણ ચૈત્યવંદન કરતા થઈ જાય છે. ચૈત્યવંદન કરવાથી આ પ્રમાણે અન્ય ભવ્ય જીવોને ઉત્તમ માર્ગ વગર બોલે ઉપદેશાયેલો થાય છે. (૮૧૦ થી ૮૧૨)

**अन्नं च–**

**भावुल्लासेण विणा, अहिगपवित्ती न होइ धम्मम्मि ।**
**सो खलु सुप्पणिहाणं, भन्नइ विन्नायसमएहिं ॥८१३॥**

अन्यच्च–

भावोल्लासेन विना अधिकप्रवृत्तिर्न भवति धर्मे ।
स खलु सुप्रणिधानं भण्यते विज्ञातसमयैः ॥८१३॥

**વળી બીજું–**

ભાવોલ્લાસ વિના ધર્મમાં અધિક પ્રવૃત્તિ થતી નથી. શાસ્ત્રજ્ઞાતાઓ ભાવોલ્લાસને શુભધ્યાન કહે છે, અર્થાત્ ભાવોલ્લાસ શુભધ્યાન છે એમ કહે છે.

**વિશેષાર્થ:**— ભાવોલ્લાસ એટલે શુભભાવના કારણે અંતરમાં થતો હર્ષ. અથવા ભાવોલ્લાસ એટલે શુભભાવની વૃદ્ધિ. (૮૧૩)

**सुव्वइ दुग्गयनारी, जयगुरुणो सिंदुवारकुसुमेहिं ।**
**पूयापणिहाणेणं, उववण्णा तियसलोयम्मि ॥८१४॥**

श्रूयते दुर्गतनारी जगद्गुरोः सिन्दुवारकुसुमैः ।
पूजाप्रणिधानेन उपपन्ना त्रिदशलोके ॥८१४॥

**व्याख्या–** श्रूयत आकर्ण्यते जिनेन्द्रप्रवचने । किं तदित्याह-दुर्गतिनारी दारिद्र्योपहतयोषा । जगद्गुरोस्त्रिभुवननाथस्य । सिन्दुवारकुसुमैर्निर्गुडपुष्पैः करणभूतैः। या पूजाऽर्चनं तत्र यत्प्रणिधानं पूजां करोमीत्येवंविधमैकाग्र्यं तत्पूजाप्रणिधानम् । इह च कुसुमशब्दसापेक्षत्वेऽपि पूजाशब्दस्य प्रणिधानशब्देन सह समासो देवदत्तस्य गुरुकुलमित्यादाविव न दोषायेति । तेन पूजाप्रणिधानेन करणभूतेन । पूजां विनैव भावमात्रेणैवेति हृदयम् । उपपन्नोत्पन्ना । त्रिदशलोके स्वर्गे । इत्यक्षरार्थः। कथानकं पुनरेवं पूज्याः प्रतिपादयन्ति-श्रीमन्महावीरवर्धमानस्वामी इक्ष्वाकुकुलनन्दन प्रसिद्धसिद्धार्थपार्थिवपुत्रः पुत्रीयितनिखिलभुवनजनो जनितजनमनश्चमत्कारगुणग्रामो ग्रामाकरनगरपुरपौरपृथुं पृथिवीं विहरन्नन्यदा कदाचित्काकन्दीनामिकायां पुरि समाजगाम। तत्र चामरवरविसरविरचितसमवसरणमध्यवर्तिनि भगवति धर्मदेशनां विदधति, तथा नानाविधयानवाहनसमारूढप्रौढपत्तिपरिगते सिन्धुरस्कन्धमधिष्ठिते छत्रच्छन्नभस्तले मागधोद्गीतगुणगणे भेरीभाङ्कारभरिताम्बरतले नरपतौ, तथा द्विजवरवैश्यादिके पुरजने, तथा गन्धधूपपुष्पपटलप्रभृतिपूजापदार्थ-व्यग्रकरकिङ्करीनिकरपरिगते विविधवसनाभरणरमणीयतरशरीरे नगरनारीनिकरे, भगवतो वन्दनार्थं प्रव्रजति सति एकया वृद्धदरिद्रयोषिता जलेन्धनाद्यर्थं बहिर्निर्गतया कश्चिन्नरः पृष्टः- "क्वायं लोक एकमुखस्त्वरितं याति ?" । तेनोक्तम्– "जगदेकबान्धवस्य देहिनां जन्मजरामरणरोगशोकदुर्गत्यादिदुःखच्छिदुरस्य श्रीमन्महावीरस्य वन्दनपूजाद्यर्थं" । ततस्तच्छ्रवणात्तस्या भगवति भक्तिरभवत्, अचिन्तयच्च- – "अहमपि भगवतः पूजार्थं यत्नं करोमि, केवलमहमतिदुर्गता पुण्यरहिता विहिता पूजाङ्गवर्जितेति" । ततोऽरण्यदृष्टानि मुधालभ्यानि सिन्दुवारकुसुमानि स्वयमेव गृहीत्वा भक्तिभरनिर्भराङ्गी-अहो धन्या पुण्या कृतार्था कृतलक्षणाहं, सुलब्धं मम जन्म, जीवितफलं चाहमवाप्तेतिभावनया पुलककण्टकितकाया प्रमोदजलप्लावितकपोला भगवन्तं प्रति प्रयान्ती समवसरणकाननयोरन्तराल एव वृद्धतया क्षीणायुष्कतया च झगिति मृतिमुपागता। ततोऽसावविहितपूजापि पूजाप्रणिधानोल्लसितमानसतया देवत्वमवाप्तवती । ततस्तस्याः कडेवरमवनिपीठलोठितमवलोक्यानुकम्पापरीतान्तःकरणो लोको मूर्च्छितेयमिति मन्यमानोऽम्भसा सिषेच । ततस्तामपरिस्पन्दामवलोक्य लोको भगवन्तं पप्रच्छ- "भगवन्नसौ वृद्धा किं मृतोत जीवतीति" । भगवांस्तु व्याजहार यथा-मृतासौ देवत्वं चावाप्ता । ततः

पर्याप्तिभावमुपागत्य प्रयुक्तावधिः पूर्वभवानुभूतमवगम्य वन्दनार्थमागतः। स चायं मत्पुरोवर्ती देव इति । ततो भगवदभिहितमिदमनुश्रुत्य समस्तः स समवसरणधरणीगतो जनः परमविस्मयमगमत् । यथा - "अहो पूजाप्रणिधानमात्रेऽपि कथममरतामवाप्तासाविति"। ततो भगवान् गम्भीरां धर्मकथामकथयत् यथा-"स्तोकोऽपि शुभाध्यवसायो विशिष्टगुणपात्रविषयो महाफलो भवति । यतः– **एगं पि उदगबिंदु** गाहा, **उत्तमगुण** गाहा," । ततो भगवांस्तत्संबन्धिनं भाविभवव्यतिकरमकथयत् । यथा– 'अयं दुर्गतनारीजीवो देवसुखान्यनुभूय ततश्च्युतः सन् कनकध्वजो नाम नृपो भविष्यति, स च कदाचित् प्राज्यं राज्यसुखमनुभवन् मण्डूकं सर्पेण सर्पं कुररेण कुररमजगरेण तमपि महाहिना ग्रस्यमानमवलोक्य भावयिष्यति- - यथा—"एते मंडूकादयः परस्परं ग्रसमाना महाहेर्मुखमवशाद्विशन्ति, एवमेतेऽपि जना बलवन्तो दुर्बलान् यथाबलं बाधयन्तो यमराजमुखं विशन्ति" इति भावयंश्च प्रत्येकबुद्धो भविष्यति । ततो राज्यसंपदमवधूय श्रमणत्वमुपगम्य देवत्वमवाप्स्यति । एवं भवपरंपरयाऽयोध्याया नगर्याः शक्रावतारनाम्नि चैत्ये केवलश्रियमवाप्य सेत्स्यति । इति गाथार्थः ।। (पञ्चाशक - ४/४९)

શાસ્ત્રમાં સંભળાય છે કે- એક દરિદ્ર વૃદ્ધસ્ત્રી સિંદુવારના પુષ્પોથી જગત્ગુરુની પૂજા કરવાના શુભધ્યાનથી દેવલોકમાં ઉત્પન્ન થઈ.

**વિશેષાર્થઃ**— સિંદુવાર વૃક્ષવિશેષ છે. અથવા સિંદુવાર એટલે નગોડનું વૃક્ષ. દરિદ્ર વૃદ્ધ સ્ત્રીનો વૃત્તાંત પંચાશકની ટીકાના આધારે સંક્ષેપમાં આ પ્રમાણે છે—

ભગવાન મહાવીરસ્વામી પૃથ્વીતલને પાવન કરતાં કરતાં એક વખત કાકંદી નગરીમાં પધાર્યા. ધર્મદેશના માટે દેવોએ ભક્તિથી સમવસરણની રચના કરી. ભગવાનની ધર્મદેશના સાંભળવા અને વંદન-પૂજન કરવા માટે રાજા વગેરે નગરના લોકો આવવા લાગ્યા. ભગવાનની પૂજા માટે લોકોના હાથમાં ગંધ, ધૂપ, પુષ્પ વગેરે પૂજાની સામગ્રી હતી. આ વખતે એક વૃદ્ધા પાણી માટે બહાર જઈ રહી હતી. નગરના ઘણા લોકોને ઉતાવળે ઉતાવળે એક દિશા તરફ જતા જોઈને વૃદ્ધાએ એક ભાઈને પુછ્યું: લોકો આમ ઉતાવળે ઉતાવળે ક્યાં જાય છે ? તે ભાઈએ કહ્યું કે ભગવાન મહાવીરસ્વામીના વંદન-પૂજન માટે જાય

છે. આ સાંભળી વૃદ્ધાને પણ ભગવાન મહાવીરસ્વામી પ્રત્યે ભક્તિભાવ જાગ્યો.

તે વિચારવા લાગી કે- હું પણ ભગવાનની પૂજા કરું, પણ હું ગરીબ હોવાથી પૂજાના સાધનોથી રહિત છું. આ લોકો ભગવાનની પૂજા માટે ધૂપ વગેરે ઉત્તમ સામગ્રી લઈને જાય છે. હું તેના વિના શી રીતે પૂજા કરું ? કંઈ નહિ, મને જંગલમાં ગમે ત્યાંથી પુષ્પો મળી જશે. એ પુષ્પોથી હું ભગવાનની પૂજા કરું. આમ વિચારી વૃદ્ધા જંગલમાંથી સિંદુવારનાં પુષ્પો લઈ આવી. પુષ્પો લઈને હર્ષથી સમવસરણ તરફ જઈ રહી હતી. પણ વૃદ્ધાવસ્થાના કારણે રસ્તામાં જ આયુષ્યનો ક્ષય થતાં મૃત્યુ પામી. રસ્તા ઉપર તેનું મડદું જોઈને દયાળુ માણસોએ આ વૃદ્ધા મૂર્છા પામી છે એમ સમજીને તેના ઉપર પાણી છાંટ્યું. થોડો વખત મૂર્છાના ઉપચાર કરવા છતાં જરા પણ ચેતના આવી નહિ. એટલે લોકોએ ભગવાનને પુછ્યું કે– આ વૃદ્ધા મરી ગઈ છે કે જીવતી છે ? ભગવાને કહ્યું: તે મૃત્યુ પામી છે. તેનો જીવ દેવરૂપે ઉત્પન્ન થયો છે. દેવરૂપે ઉત્પન્ન થયેલો વૃદ્ધાનો જીવ દેવલોકમાં ઉત્પન્ન થયા પછી તરત અવધિજ્ઞાનથી પૂર્વભવ જાણીને મને વંદન કરવા આવ્યો છે. તે આ રહ્યો, એમ કહીને ભગવાને પોતાની પાસે ઊભેલા દેવને બતાવ્યો. ભગવાન પાસે આ વૃત્તાંત સાંભળીને સમવસરણમાં રહેલા બધા લોકો વિસ્મય પામીને વિચારવા લાગ્યા કે અહો ! પૂજાની ભાવનાથી પણ કેટલો બધો લાભ થાય છે. પછી ભગવાને થોડા પણ શુભ અધ્યવસાયથી બહુ લાભ થાય છે એમ કહી જિનપૂજાનું મહત્ત્વ સમજાવ્યું. ત્યારબાદ ભગવાને વૃદ્ધાના જીવનો વૃત્તાંત જણાવતાં કહ્યું કે વૃદ્ધાનો જીવ દેવલોકમાંથી ચ્યવી વિશાળરાજ્યનો માલિક કનકધ્વજ નામનો રાજા થશે. એક વખત દેડકાને સર્પ, એ સર્પને કુરર, એ કુરરને અજગર, એ અજગરને મોટો સર્પ ખાઈ જવા મથે છે. એ બનાવ જોઈને તે વિચારશે કે- જેમ અહીં એક-બીજાને ખાવાને મથતા દેડકો વગેરે પ્રાણીઓ આખરે મહાસર્પના મુખમાં જ જવાના છે, તેમ સંસારમાં જીવો "મત્સ્યગલાગલ" ન્યાયથી પોતપોતાના બળ પ્રમાણે પોતાનાથી ઓછા બળવાળાને દુ:ખી કરે છે-દબાવે છે, પણ આખરે બધા યમરાજના મુખમાં પ્રવેશ કરે છે. આથી આ સંસાર અસાર છે એમ વિચારીને પ્રત્યેકબુદ્ધ બનશે.

દીક્ષાનું સુંદર પાલન કરીને દેવલોકમાં ઉત્પન્ન થશે. પછી ક્રમે કરીને અયોધ્યા નગરીના શક્રાવતાર નામના મંદિરમાં કેવલજ્ઞાન પામી મોક્ષે જશે. (૮૧૪)

**वंदणपणिहाणाओ, सुविसुद्धाओ पवड्ढमाणाओ ।**

**सुव्वइ जिणेंदसमए, देवत्तं दद्दुरो पत्तो ॥८१५॥**

वन्दनप्रणिधानात् सुविशुद्धात् प्रवर्धमानात् ।

श्रूयते जिनेन्द्रसमये देवत्वं दर्दुरः प्राप्तः ॥८१५॥

જિનેન્દ્રના શાસ્ત્રમાં સંભળાય છે કે— વંદન કરવાના સુવિશુદ્ધ અને વધતા એવા શુભધ્યાનથી દેડકો દેવપણાને પામ્યો.

**વિશેષાર્થઃ**— દેડકાનો સંક્ષેપમાં વૃત્તાંત આ પ્રમાણે છે— રાજગૃહી નગરીમાં મણીયાર નામનો શ્રાવક હતો. તેણે શ્રી મહાવીરસ્વામીની દેશના સાંભળીને વૈરાગ્ય થવાથી સમ્યક્ત્વ સહિત બાર વ્રતોનો સ્વીકાર કર્યો હતો. એક વાર તેણે ઉનાળામાં પૌષધ સહિત ચોવિહાર અઠ્ઠમ તપ કર્યો. પૌષધમાં રહેલા તેને ત્રીજી રાતે પાણીની ખૂબ તરસ લાગી. તૃષાથી પીડાયેલા તેણે વિચાર્યું કે- "જેમણે નગરની બાજુમાં પવિત્ર જળથી ભરેલી સુંદર વાવડી બંધાવી છે તે લોકો ધન્ય છે. અને કૃતપુણ્ય છે. કારણકે વાવડીઓમાં નગરના લોકો પાણી પીને તૃષા શાંત કરે, સ્નાન વગેરે કરે. આથી વાવડી બંધાવવાથી મોટું પુણ્ય થાય. પુણ્યબંધના નવ કારણો છે. (૧) અન્યને ભોજન આપવું. (૨) અન્યને પાણી પીવડાવવું, (૩) અન્યને પહેરવા વસ્ત્રો આપવાં, (૪) અન્યને બેસવા આસન આપવું, (૫) અન્યને સુવા પથારી આપવી, (૬) મનથી અન્યનું હિત ચિંતવવું, (૭) અન્ય માટે હિતકર વચન બોલવાં. (૮) અન્યના સારા કામ આદિની પ્રશંસા કરવી, (૯) અન્ય માટે હિતકર પ્રવૃત્તિ કરવી. જેમકે- અન્યની સેવા કરવી, સત્કાર કરવો, સહાયતા આપવી. આ નવમાં પાણીનો પણ સમાવેશ થાય છે. અન્યને પાણી આપવાથી પુણ્ય બંધાય. વાવડી બંધાવનાર અન્યને પાણી આપીને પુણ્ય બાંધે છે. આથી હું વાવડી બનાવીશ."

સવાર થતાં પૌષધ પારીને સ્નાનાદિ કાર્યો કર્યા પછી તે ભેટણું લઈને

રાજા પાસે ગયો. રાજાને ભેટણું ધરવાપૂર્વક પ્રણામ કરીને વાવડી બનાવવાની રજા માંગી. રાજાએ સંમતિ આપી. આથી તેણે થોડા જ સમયમાં વાવડી બંધાવી. આ વાવડી સામાન્ય ન હતી, કિંતુ આકર્ષક અને અનેક સગવડો વાળી હતી. વાવડીની ચારે બાજુ કોતરણીવાળો સુંદર કિલ્લો બનાવ્યો હતો. વાવડીની અંદર વિવિધ જાતનાં સુગંધી કમળો રોપ્યાં હતાં. આથી આજુ-બાજુનું વાતાવરણ સુગંધી રહેતું હતું. વાવડીની ચારે બાજુ ચાર વિશાળ બગીચાઓ બનાવ્યા હતા. દરેક બગીચાને ફરતી વાડ બનાવી હતી. આ વાડ ખેડૂતો બનાવે તેવી કાંટાવાળી ન હતી, કિંતુ વિવિધ વૃક્ષો અને અનેક લતાઓથી સદા લીલીછમ અને સુગંધી રહેતી હતી. ચાર બગીચાઓમાં પણ ચિત્રશાળા વગેરે શાળાઓ બનાવી હતી. એક બગીચામાં ચિત્રશાળા હતી. તેમાં કાષ્ઠની અને માટીની વિવિધ પૂતળીઓ ગોઠવવામાં આવી હતી. પડદા ઉપર વિવિધ નયનરમ્ય ચિત્રો ચિતર્યાં હતાં. ભીંતો ઉપર અનેક પ્રકારનું આકર્ષક ચિત્રામણ અને શિલ્પશાસ્ત્ર પ્રમાણે વિવિધ કોતરણીઓ વગેરે હતું. તેમાં જ એક તરફ વિશાળ નૃત્યશાળા હતી. એ નૃત્યશાળામાં દરરોજ મનોરંજન કરે તેવાં વિવિધ નૃત્યો બતાવવામાં આવતાં હતાં. એક તરફ કથાશાળા પણ હતી. તેમાં કથાકારો માણસને જકડી રાખે તેવી કથાઓ કરતા હતા. આ બધું ચિત્રશાળામાં હતું. બીજા બગીચામાં ભોજનશાળા હતી. તેમાં મુસાફરો, યાત્રિકો, ગરીબો, ભિખારીઓ, સંતો વગેરેને સ્વચ્છ અને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવતું હતુ. ત્રીજા બગીચામાં ઔષધશાળા હતી. તેમાં સારા સારા વૈદ્યો રાખ્યા હતા. બધી જ દવાઓ ત્યાંજ સારા વૈદ્યોની દેખરેખ નીચે બનાવવામાં આવતી હતી. ચોથા બગીચામાં ધર્મશાળા હતી. ત્યાં યાત્રિકો, મુસાફરો વગેરે ઉતરતા હતા. તેમાં સંડાસ-બાથરૂમ વગેરે સર્વ પ્રકારની સુવિધાઓ હતી.

આવી આકર્ષક વાવડી ધીમે ધીમે પ્રસિદ્ધ બનવા લાગી. સમય જતાં આ વાવડી આખી રાજગૃહી નગરીમાં, આખા મગધ દેશમાં અને પરદેશમાં પ્રસિદ્ધ બની. કોઈ ઔષધ માટે, કોઈ નૃત્ય જોવા માટે, તો કોઈ વાવડી જોવા માટે દૂર દૂરથી ત્યાં આવતા હતા. વગર પૈસે કે નજીવી કિંમતથી આવી અનુકૂળતાઓ અને મોજશોખ મળતા હોય એટલે લોકો વાવડીની અને વાવડી બંધાવનારની પ્રશંસા કરે એ સ્વાભાવિક છે. લોકો

નંદમણીયારનીમુક્ત કંઠે પ્રશંસા કરતા હતા. પ્રશંસા સાંભળીને શેઠ આનંદ પામતા હતા. શેઠની છાતી ગજ ગજ ઉછળતી હતી. શેઠ દિવસે દિવસે વાવડીમાં ખૂબ આસક્ત બનતો ગયો. "આ વાવડી મેં બંધાવી, આ વાવડી મેં બંધાવી" એમ અહંકારથી ફૂલાતો ગયો." આ વાવડી મારી, આ વાવડી મારી" એમ મમતાવાળો બનતો ગયો.

જીવનના અંતે તેના શરીરમાં ૧૬ રોગ ઉત્પન્ન થયા. વૈદ્યોએ અનેક ઉપચારો કર્યા પણ બધા ઉપચારો નકામા ગયા. તેણે નગરમાં જાહેરાત કરી કે- "મારા આ રોગોમાંથી એક પણ રોગનો નાશ જે કરશે તેને દરિદ્રતાનો નાશ થાય તેટલું ધન આપીશ." આ સાંભળીને દૂર દૂરથી સારા વૈદ્યો ત્યાં આવ્યા અને ઉપચારો કર્યા છતાં કોઈ પણ વૈદ્ય તેના એક પણ રોગને દૂર કરી શક્યો નહિ. અંતે આર્તધ્યાનથી મરીને એ જ વાવડીમાં દેડકો થયો.

વાવડીમાં રહેલા તેને લોકોના મુખેથી બોલાતા 'આવી વાવડી બંધાવનાર નંદ મણીયાર શેઠને ધન્ય છે" વગેરે શબ્દો સાંભળીને જાતિસ્મરણ જ્ઞાન થયું. ગુરુયોગનો અભાવ વગેરે કારણોથી મેં મળેલા દેશવિરતિ ધર્મને ગુમાવ્યો, વગેરે તેના ખ્યાલમાં આવ્યું. હવે ફરીથી ભાવથી દેશવિરતિની હું આરાધના કરું એવો નિર્ણય તેણે કર્યો. પછી અભિગ્રહ કર્યો કે- આજથી સદા છઠ્ઠના પારણે છઠ્ઠતપ કરીશ. પારણામાં જુની-સુકી શેવાળ, જલનો મેલ વગેરે અચિત્ત વસ્તુનો ઉપયોગ કરીશ. આ અભિગ્રહને બરાબર પાળવા લાગ્યો. સમય જતાં એક દિવસ શ્રીમહાવીરસ્વામી રાજગૃહી નગરી પધાર્યા. વાવડીમાં સ્નાન વગેરે કરતા લોકોના મોઢે "શ્રીમહાવીરસ્વામી પધાર્યા છે," એમ તેણે જાણ્યું. આથી તે મહાવીરસ્વામીના દર્શન કરવા ઉત્સુક બન્યો. પાણી ભરતી સ્ત્રીના પાણીના બેડામાં પ્રવેશીને તે બહાર આવ્યો. પછી શ્રીમહાવીરસ્વામી તરફ ઉતાવળથી ચાલવા લાગ્યો. પણ રસ્તામાં જ શ્રેણિક રાજાના ઘોડાના પગ નીચે ચગદાઈ ગયો. તરત અનશનનો સ્વીકાર કરીને પ્રભુનું સ્મરણ કરવા લાગ્યો. સમાધિથી મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દર્દુરાંક નામે દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે, અને ચારિત્ર લઈને મુક્તિમાં જશે. (૮૧૫)

**एत्तो च्चिय सुहमइणो, बहुसो वंदंति पव्वदियहेसु ।**
**तित्थाणि मणे धरिउं, अट्ठावय-रेवयाईणि ॥८१६॥**

इत एव शुभमतयो बहुशो वन्दन्ते पर्वदिवसेषु ।
तीर्थानि मनसि धृत्वा अष्टापद-रैवतादीनि ।।८१६।।

આથી જ શુભમતિવાળા જીવો પર્વ દિવસોમાં અષ્ટાપદ અને ગિરનાર વગેરે તીર્થોને મનમાં ધારણ કરીને અનેકવાર ચૈત્યવંદન કરે છે. (૮૧૬)

**सुत्तम्मि वि भणियमिणं, अट्ठमि-चाउद्दसीसु सङ्घेण ।**
**सव्वाइँ चेइयाइं, विसेसओ वंदियव्वाइं ।।८१७।।**

सूत्रेऽपि भणितमिदमष्टमी-चतुर्दशीषु सङ्घेन ।
सर्वाणि चैत्यानि विशेषतो वन्दितव्यानि ।।८१७।।

સૂત્રમાં પણ આ કહ્યું છે કે– સંઘે આઠમ અને ચૌદશે સર્વ જિનચૈત્યો વિશેષથી વાંદવા જોઈએ. (૮૧૭)

**तह सावगो वि एवं, वन्निज्जइ पुव्वपुरिससत्थेसु ।**
**पूयाविसेसकारी, पव्वेसु इमं जओ सुत्तं ।।८१८।।**

तथा श्रावकोऽपि एवं वर्ण्यते पूर्वपुरुषशास्त्रेषु ।
पूजाविशेषकारी पर्वसु इदं यतः सूत्रम् ।।८१८।।

તથા પૂર્વ પુરુષોએ રચેલાં શાસ્ત્રોમાં શ્રાવકને પણ આ પ્રમાણે ઉપદેશ આપ્યો છે કે– શ્રાવક પર્વ દિવસોમાં વિશેષથી પૂજા કરે. કારણકે આ (હવે કહેવાશે તે) સૂત્ર છે. (૮૧૮)

**संवच्छर-चाउम्मासिएसु अट्ठाहियासु वि तिहीसु ।**
**सव्वायरेण लग्गइ, जिणवरपूआ-तवगुणेसु ।।८१९।।**

संवत्सर-चातुर्मासिकेषु अष्टाहिकास्वपि तिथिषु ।
सर्वादरेण लगति जिनवरपूजातपोगुणेषु ।।८१९।।

સંવત્સરી, ત્રણ ચોમાસી (તથા ચૈત્ર-આસો માસની એમ છ) અઠ્ઠાઈઓ તથા અષ્ટમી આદિ પર્વ તિથિઓમાં સર્વ પ્રયત્નથી (=પ્રયત્નમાં ખામી રાખ્યા વિના)

જિનપૂજા, તપ અને બ્રહ્મચર્ય વગેરે ગુણોમાં આદરવાળા બનવું જોઈએ. (૮૧૯)

**इय पूय च्चिय एगा, भणिया न य वंदण त्ति मा बुज्झ ।**
**नहि संपुन्ना पूया, वंदणविगला जओ होइ ॥८२०॥**

इति पूजा एवैका भणिता न च वन्दनेति मा बुध्यस्व ।
नहि संपूर्णा पूजा वन्दनविकला यतो भवति ॥८२०॥

આ પ્રમાણે (૮૧૯મી ગાથામાં કહ્યું તે પ્રમાણે) એક પૂજા જ કહી છે, વંદન કહ્યું નથી એમ ન સમજવું. કારણકે વંદન વિના પૂજા સંપૂર્ણ થતી નથી. (૮૨૦)

**निच्चं चिय किच्चमिणं, न य सव्वो तरइ निच्चसो काउं ।**
**इय सव्वपरिच्चाया, उवइट्ठा पव्वदियहेसु ॥८२१॥**

नित्यमेव कृत्यमिदं न च सर्वः शक्नोति नित्यशः कर्तुम् ।
इति सर्वपरित्यागाद् उपदिष्टा पर्वदिवसेषु ॥८२१॥

વિશેષથી ચૈત્યવંદન કરવું એ નિત્ય જ કર્તવ્ય છે. પણ બધા જીવો નિત્ય કરવા માટે શક્તિમાન ન બને. આથી સર્વ દિવસોનો ત્યાગ કરીને પર્વ દિવસોમાં વિશેષથી ચૈત્યવંદન કરવાનો ઉપદેશ આપ્યો છે.

**વિશેષાર્થ:**— પર્વ દિવસોમાં વિશેષથી ચૈત્યવંદન કરવાનો ઉપદેશ આપ્યો છે એનો અર્થ એ નથી કે પર્વ દિવસો સિવાય વિશેષથી ચૈત્યવંદન ન કરવું, પણ દરરોજ ન બની શકે તો પર્વ દિવસોમાં તો ખાસ વિશેષથી ચૈત્યવંદન કરવું, એવો અર્થ છે. આ વિષે કહ્યું છે કે—

जइ सव्वेसु दिणेसु पालह किरियं तओ हवइ लट्ठं ।

जं पुण तहा न सक्कइ, तह विहु पालिज्ज पव्वदिणं ॥

"જો તમે સર્વ દિવસોમાં ધર્મ ક્રિયા કરો તો ઉત્તમ છે. પણ જો તેમ ન બની શકે તો પર્વ દિવસોમાં તો અવશ્ય પાલન કરવું, અર્થાત્ પર્વ દિવસોમાં તો ધર્મક્રિયા અવશ્ય કરવી." (૮૨૧)

**सुत्ते एगविह च्चिय, भणिया तो भेयसाहणमजुत्तं ।**
**इय थूलमई कोई, जंपइ सुत्तं इमं सरिउं ॥८२२॥**

सूत्रे एकविधा एव भणिता ततो भेदकथनमयुक्तम् ।
इति स्थूलमतिः कश्चित् कथयति सूत्रमिदं स्मृत्वा ।।८२२।।

સ્થૂલમતિવાળો કોઈક નીચેના (હવે કહેવાશે તે) સૂત્રને યાદ કરીને કહે છે કે— સૂત્રમાં એક જ પ્રકારનું ચૈત્યવંદન કહ્યું છે, તેથી ભેદો કહેવા તે યુક્ત નથી. (૮૨૨)

**तिन्नि वा कड्ढई जाव, थुईओ तिसिलोइया ।**
**ताव तत्थ अणुन्नायं, कारणेण परेण वि ॥८२३॥**

तिस्रो वा कर्षति यावत् स्तुतीस्त्रिश्लोकिकाः ।
तावत् तत्र अनुज्ञातं कारणेन परेणापि ।।८२३।।

**व्याख्या**— श्रुतस्तवानन्तरं तिस्रः स्तुतीः त्रिश्लोकिकीः श्लोकत्रयप्रमाणा यावत्कर्षते तावत्तत्र चैत्यायतने स्थानमनुज्ञातं, कारणेन कारणवशात्परेणाप्यवस्थानमनुज्ञातमिति – (व्यवहारसूत्र उ. ९. गा. ७३)

સાધુઓને મુખ્યતયા દેવવંદનમાં શ્રુતસ્તવ (= પુક્ખરવરદીવડ્ઢે) પછી ત્રણ શ્લોક પ્રમાણ સ્તુતિઓ કહેવાય ત્યાં સુધી જિનમંદિરમાં રહેવાની અનુજ્ઞા છે. કારણ હોય તો તેથી વધારે સમય સુધી પણ રહેવાની અનુજ્ઞા છે. (૮૨૩)

**भणइ गुरू तं सुत्तं, चिइवंदणविहिपरूवगं न भवे ।**
**निक्कारणजिणमंदिरपरिभोगनिवारगत्तेण ॥८२४॥**

भणति गुरुस्तत् सूत्रं चैत्यवन्दनविधिप्ररूपकं न भवेत् ।
निष्कारणजिनमन्दिरपरिभोगनिवारकत्वेन ।।८२४।।

ગુરુ કહે છે— તે સૂત્ર નિષ્કારણ જિનમંદિરમાં રહેવાનો નિષેધ કરનારું હોવાથી ચૈત્યવંદનની વિધિનું પ્રરૂપક નથી. (૮૨૪)

**जं वा-सद्दो पयडो, पक्खंतरसूयगो तहिं अत्थि ।**
**संपुन्नं वा वंदइ, कड्ढइ वा तिन्नि उ थुईओ ॥८२५॥**

यद् 'वा' शब्दः प्रकटः पक्षान्तरसूचकस्तत्राऽस्ति ।
संपूर्णां वा वन्दते, कर्षति वा तिस्रस्तु स्तुतीः ।।८२५।।

**एसो वि हु भावत्थो, संभाविज्जइ इमस्स सुत्तस्स ।**
**ता अन्नत्थं सुत्तं, अन्नत्थ न जोइउं जुत्तं ॥८२६॥**

एषोऽपि खलु भावार्थः संभाव्यतेऽस्य सूत्रस्य ।
ततोऽन्यार्थं सूत्रमन्यत्र न योजयितुं युक्तम् ।।८२६।।

અથવા તે સૂત્રમાં અન્ય પક્ષનો (= વિકલ્પનો) સૂચક 'વા' શબ્દ સ્પષ્ટ રહેલો છે. તેથી તે સૂત્રનો અર્થ એ થાય કે– સંપૂર્ણ ચૈત્યવંદન કરે અથવા ત્રણ સ્તુતિઓ કહે. આ સૂત્રનો આવો પણ ભાવાર્થ સંભવે છે. તેથી અન્ય અર્થવાળા સૂત્રને અન્ય અર્થમાં જોડવું એ યોગ્ય નથી. (૮૨૫-૮૨૬)

**जइ एत्तियमेत्तं चिय, जिणवंदणमणुमयं सुए हुत्तं ।**
**थुइ-थोत्ताइपवित्ती, निरत्थिया होज्ज सव्वाऽवि ॥८२७॥**

यदि एतावन्मात्रमेव जिनवन्दनमनुमतं श्रुते भवत् ।
स्तुति-स्तोत्रादिप्रवृत्तिर्निरर्थिका भवेत् सर्वाऽपि ।।८२७।।

જો સૂત્રમાં આટલું જ ચૈત્યવંદન અનુમત હોય તો સ્તુતિ-સ્તોત્રાદિ સંબંધી સઘળીય પ્રવૃત્તિ નિરર્થક થાય. (૮૨૭)

**संविग्गा विहिरसिया, गीयत्थतमा य सूरिणो पुरिसा ।**
**कह ते सुत्तविरुद्धं, सामायारीं परूवेंति ? ॥८२८॥**

संविग्ना विधिरसिका गीतार्थतमाश्च सूरयः पुरुषाः ।
कथं ते सूत्रविरुद्धां सामाचारीं प्ररूपयन्ति? ।।८२८।।

આચાર્ય ભગવંતો સંવિગ્ન, વિધિરસિક અને સર્વોત્કૃષ્ટ ગીતાર્થ હોય છે. આવા તે આચાર્ય ભગવંતો સૂત્રવિરુદ્ધ સામાચારીની પ્રરૂપણા કેવી રીતે

કરે ? અર્થાત્ ન જ કરે.

**વિશેષાર્થઃ**– પ્રાકૃત શબ્દકોષમાં પુરુષનો ઈશ્વર અર્થ પણ જણાવ્યો છે. માટે અનુવાદમાં આચાર્ય ભગવંતો એવો પ્રયોગ કર્યો છે. (૮૨૮)

**अहवा–**

**चीवंदणा उ दुविहा, निच्चा इयरा उ होइ नायव्वा ।**
**तव्विसयमिमं सुत्तं, मुणंति गीया उ परमत्थं ॥८२९॥**

अथवा –

चैत्यवन्दना तु द्विविधा नित्या इतरा तु भवति ज्ञातव्या ।
तद्विषयमिदं सूत्रं जानन्ति गीतास्तु परमार्थम् ।।८२९।।

**અથવા–**

નિત્ય અને અનિત્ય (= નૈમિત્તિક) એમ બે પ્રકારનું ચૈત્યવંદન જાણવું. તેમાં આ સૂત્ર અનિત્ય ચૈત્યવંદન સંબંધી છે એવો પરમાર્થ ગીતાર્થો જાણે છે.

**વિશેષાર્થઃ**– નિત્ય એટલે દરરોજ કરવામાં આવે તે. અનિત્ય (= નૈમિત્તક) એટલે તે તે વિશિષ્ટ નિમિત્તથી કરવામાં આવે તે. (૮૨૯)

**सम्ममवियारिऊणं, सओ य परओ य समयसुत्ताइं ।**
**जो पवयणं विकोवइ, सो नेओ दीहसंसारी ॥८३०॥**

सम्यगविचार्य स्वतश्च परतश्च समयसूत्राणि ।
यः प्रवचनं विगोपायति स ज्ञेयो दीर्घसंसारी ।।८३०।।

જે શાસ્ત્રના સૂત્રોને જાતે સારી રીતે વિચાર્યા વિના અને બીજાઓની પાસે વિચારણા કર્યા વિના સિદ્ધાંતને (= સૂત્રાર્થને) પ્રકાશિત કરે છે તેને દીર્ઘ સંસારી જાણવો. (૮૩૦)

**दूसमदोसा जीवो, जं वा तं वा मिसंतरं पप्प ।**
**चयइ बहुं करणिज्जं, थेवं पडिवज्जइ सुहेण ॥८३१॥**

दुषमदोषाद् जीवो यद् वा तद् वा मिषान्तरं प्राप्य ।
त्यजति बहु करणीयं स्तोकं प्रतिपद्यते सुखेन ।।८३१।।

દૂષમકાળના દોષથી જીવ જે તે બીજું બહાનું મેળવીને કરવા યોગ્ય ઘણું છોડી દે છે અને સુખથી થોડું સ્વીકારે છે.

**વિશેષાર્થઃ**— દુષમ = પાંચમો આરો. સુખથી થોડું સ્વીકારે છે, એટલે કે જરાય તકલીફ ન પડે અને સુખપૂર્વક થઈ શકે તેવું થોડું સ્વીકારે છે. આ વિષે વર્તમાનમાં મૂર્તિપૂજા, જીવદયા વગેરેનો નિષેધ કરનારાઓ દૃષ્ટાંતરૂપ છે. (૮૩૧)

**एक्कं न कुणइ मूढो, सुयमुद्दिसिऊण नियकुबोहम्मि ।**
**जणमन्नं पि पवत्तइ, एवं बीयं महापावं ।।८३२।।**

एकं न करोति मूढः श्रुतमुद्दिश्य निजकुबोधे ।
जनमन्यमपि प्रवर्तयति एवं द्वितीयं महापापम् ।।८३२।।

મૂઢ જીવ શ્રુતને (= શાસ્ત્રને) લક્ષ્યમાં રાખીને એક તો પોતે કરતો નથી અને બીજા લોકોને પણ પોતાના કુબોધમાં પ્રવર્તાવે છે = બીજાને પણ કુબોધવાળા કરે છે એમ બીજું પાપ કરે છે. (૮૩૨)

**उप्पन्नसंसया जे, सम्मं पुच्छंति नेव गीयत्थे ।**
**चुक्कंति सुद्धमग्गा, ते पल्लवगाहिपंडिच्चा ।।८३३।।**

उत्पन्नसंशया ये सम्यक् पृच्छन्ति नैव गीतार्थान् ।
भ्रश्यन्ति शुद्धमार्गात् ते पल्लवग्राहिपाण्डित्याः ।।८३३।।

સૂત્રાર્થમાં સંશયવાળા જેઓ બીજા ગીતાર્થોને બરોબર પૂછતા નથી, ઉપર ઉપરથી થોડું થોડું ભણીને પંડિત બનેલા તેઓ શુદ્ધમાર્ગથી ભ્રષ્ટ થાય છે. (૮૩૩)

**अलमेत्थ वित्थरेणं, वंदिय सन्निहियचेइयाणेवं ।**
**अवसेसचेइयाणं, वंदणपणिहाणकरणत्थं ।।८३४।।**

अलमत्र विस्तरेण वन्दित्वा सन्निहितचैत्यान्येवम् ।
अवशेषचैत्यानां वन्दनप्रणिधानकरणार्थम् ।।८३४।।

**पुव्वविहाणेण पुणो, भणित्तु सक्कत्थयं तओ कुणइ ।**
**जिणचेइयपणिहाणं, संविग्गो मुत्तसुत्तीए ॥८३५॥**

पूर्वविधानेन पुनर्भणित्वा शक्रस्तवं ततः करोति ।
जिनचैत्यप्रणिधानं संविग्नो मुक्ताशुक्त्या ॥८३५॥

અહીં વિસ્તારથી સર્યું. આ પ્રમાણે નજીકમાં રહેલી પ્રતિમાઓને વંદન કરીને બાકીની પ્રતિમાઓના વંદન સંબંધી શુભધ્યાન કરવા માટે પૂર્વોક્ત વિધિથી ફરી શક્રસ્તવ કહીને પછી સંવિગ્ન બનેલો તે મુક્તાશુક્તિમુદ્રાથી જિનપ્રતિમા સંબંધી શુભધ્યાન કરે, અર્થાત્ जावंति चेइआइं० એ સૂત્ર બોલે. (૮૩૪-૮૩૫)

**मूलम् –**
**जावंति चेइयाइं, उड्ढे य अहे य तिरियलोए य ।**
**सव्वाइँ ताइँ वंदे, इह संतो तत्थ संताइं ॥८३६॥**

यावन्ति चैत्यानि ऊर्ध्वं चाधश्च तिर्यग्लोके च ।
सर्वाणि तानि वन्दे इह सन् तत्र सन्ति ॥८३६॥

ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં જેટલી પ્રતિમા છે, ત્યાં રહેલી તે સર્વ પ્રતિમાઓને અહીં રહેલો હું વંદન કરું છું. (૮૩૬)

**सक्कत्थएण इमिणा, एयाइं चेइयाइँ वंदामि ।**
**सक्कथयस्स य भणणे, एयं खु पओयणं भणियं ॥८३७॥**

शक्रस्तवेनाऽनेन एतानि चैत्यानि वन्दे ।
शक्रस्तवस्य च भणने एतत्खलु प्रयोजनं भणितम् ॥८३७॥

આ શક્રસ્તવ વડે આ પ્રતિમાઓને વંદન કરું છું. શક્રસ્તવ કહેવાનું આ પ્રયોજન જણાવ્યું.

**વિશેષાર્થઃ**– અહીં ભાવાર્થ આ છે– હમણાં ( जावंति चेइआइं સૂત્ર બોલતાં પહેલાં) જે શક્રસ્તવ કહ્યું, તે શક્રસ્તવથી હું સર્વ પ્રતિમાઓને વંદન કરું

છું. આનો અર્થ એ થયો કે— એ શક્રસ્તવ સર્વ પ્રતિમાઓને વંદન કરવા માટે બોલાયું છે. એથી જાવંતિ૦ સૂત્રની પહેલાં શક્રસ્તવ કહેવાનું પ્રયોજન સર્વ પ્રતિમાઓને વંદન કરવું એ છે. (૮૩૭)

**तत्तो य भावसारं, भणिऊणं छोभवंदणं विहिणा ।**
**साहुगयं पणिहाणं, करेइ एयाएँ गाहाए ॥८३८॥**

ततश्च भावसारं भणित्वा स्तोभवन्दनं विधिना ।
साधुगतं प्रणिधानं करोति एतया गाथया ॥८३८॥

ત્યારબાદ ભાવપૂર્વક વિધિથી થોભવંદન કહીને (= ખમાસમણું આપીને) સાધુ સંબંધી શુભધ્યાન આ (= નીચેની) ગાથાથી કરે. (૮૩૮)

**मूलम् –**
**जावंत केइ साहू, भरहे-रवय(ए)महाविदेहे य ।**
**सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंडविरयाणं ॥८३९॥**

यावन्तः केऽपि साधवो भरतै-रवते महाविदेहे च ।
सर्वेषां तेषां प्रणतः त्रिविधेन त्रिदण्डविरतानाम् ॥८३९॥

ભરત, ઐરવત અને મહાવિદેહમાં ત્રિવિધથી ત્રણ પ્રકારના દંડથી વિરામ પામેલા જે કોઈ સાધુઓ છે તે સર્વ સાધુઓને હું નમેલો છું. (૮૩૯)

**तत्तो अतित्तचित्तो, जिणेंदगुणवन्नणेण भुज्जो वि ।**
**सुकइनिबद्धं सुद्धं, थयं च थोत्तं च [१] वज्जरइ ॥८४०॥**

१. कथेर् वज्जर-पज्जर- इत्यादि ॥ ८-४-२ ॥ हैमप्राकृतव्याकरणसूत्रात् 'वज्जरइ' – कथयति ।

ततोऽतृप्तचित्तो जिनेन्द्रगुणवर्णनेन भूयोऽपि ।
सुकविनिबद्धं शुद्धं स्तवं च स्तोत्रं च कथयति ॥८४०॥

ત્યારબાદ જિનેંદ્રગુણોના વર્ણનથી અતૃપ્ત ચિત્તવાળો તે ફરી પણ સુકવિએ રચેલા શુદ્ધ સ્તવ અને સ્તોત્રને કહે છે. (૮૪૦)

**सक्कयभासाबद्धो, गंभीरत्थो थओ त्ति विक्खाओ ।**
**पाययभासाबद्धं, थोत्तं विविहेहिं छंदेहिं ॥८४१॥**

संस्कृतभाषाबद्धो गम्भीरार्थः स्तव इति विख्यातः ।
प्राकृतभाषाबद्धं स्तोत्रं विविधैश्छन्दोभिः ॥८४१॥

સંસ્કૃત ભાષામાં રચાયેલ અને ગંભીર અર્થવાળો (શ્લોક) સ્તવ તરીકે પ્રસિદ્ધ છે. વિવિધ છંદોથી જે પ્રાકૃતભાષામાં રચાયું હોય તે સ્તોત્ર છે. (૮૪૧)

**गंभीरमहुरघोसं, तह तह थोत्ताइयं भणेज्जाह ।**
**जह जायइ संवेगं, सुणमाणाणं परेसिं पि ॥८४२॥**

गम्भीरमधुरघोषं तथा तथा स्तोत्रादिकं भणेत ।
यथा जायते संवेगः शृण्वतां परेषामपि ॥८४२॥

સ્તોત્ર વગેરેને ગંભીર અને મધુર અવાજથી (= સ્વરથી) તે તે પ્રમાણે કહે કે જે પ્રમાણે સાંભળનારા બીજાઓને પણ સંવેગ ઉત્પન્ન થાય. (૮૪૨)

**विविहमहाकइरइओ, वन्निज्जंतो विचित्तउत्तीहिं ।**
**कस्स न हरेइ हिययं, तित्थंकरगुणगणो गुरुओ ? ॥८४३॥**

विविधमहाकविरचितो वर्ण्यमानो विचित्रोक्तिभिः ।
कस्य न हरति हृदयं तीर्थकरगुणगणो गुरुकः? ॥८४३॥

વિવિધ મહાકવિઓથી રચાયેલો અને વિવિધ વચનોથી (= સ્વરોથી) વર્ણવાતો તીર્થંકરનો ઉત્કૃષ્ટ ગુણસમૂહ કોના હૃદયને ન હરે ? અર્થાત્ બધાના હૃદયને હરે. (૮૪૩)

**भत्तिभरनिब्भरमणो, वंदित्ता सव्वजगइबिंबाइं ।**
**मूलपडिमाइ पुरओ, पुणो वि सक्कत्थयं पढइ ॥८४४॥**

भक्तिभरनिर्भरमना वन्दित्वा सर्वजगतीबिम्बानि ।
मूलप्रतिमायाः पुरतः पुनरपि शक्रस्तवं पठति ॥८४४॥

ભક્તિસમૂહથી ભરપૂર મનવાળો તે લોકમાં રહેલા સર્વ બિંબોને વંદન કરીને (=જંકિંચિ૦ સૂત્ર બોલીને) ફરી પણ મૂળબિંબની આગળ શક્રસ્તવ કહે. (૮૪૪)

**चीवंदणकयकिच्चो, पमोयरोमंचचच्चियसरीरो ।**
**सक्कथएणं वंदिय, अहिमयफलपत्थणं कुणइ ॥८४५॥**

चैत्यवन्दनकृतकृत्यः प्रमोदरोमाञ्चचर्चितशरीरः ।
शक्रस्तवेन वन्दित्वा अभिमतफलप्रार्थनां करोति ॥८४५॥

ચૈત્યવંદનથી કૃતકૃત્ય બનેલો અને હર્ષથી વિકસ્વર બનેલી રોમરાજીથી લેપાયેલા શરીરવાળો તે શક્રસ્તવથી વંદન કરીને (નીચે પ્રમાણે) ઈષ્ટફલની પ્રાર્થના કરે. (૮૪૫)

**दुक्खक्खय कम्मक्खय समाहिमरणं च बोहिलाभो य ।**
**संपज्जउ मह एयं, तुह नाह ! पणामकरणेणं ॥८४६॥**

दुःखक्षयः कर्मक्षयः समाधिमरणं च बोधिलाभश्च ।
संपद्यतां ममैतत्तव नाथ ! प्रणामकरणेन ॥८४६॥

હે નાથ ! તમને પ્રણામ કરવાથી મને દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ, બોધિલાભ આ પ્રાપ્ત થાઓ. (૮૪૬)

**अहवा–**
**जय वीयराय ! जगगुरु ! होउ ममं तुह पभावओ भयवं ! ।**
**भवनिव्वेओ मग्गाणुसारिया इट्ठफलसिद्धी ॥८४७॥**

अथवा–
जय वीतराग ! जगद्गुरो ! भवतु मम तव प्रभावतो भगवन् ! ।
भवनिर्वेदो मार्गानुसारिता इष्टफलसिद्धिः ॥८४७॥

**लोगविरुद्धच्चाओ, गुरुजणपूया परत्थकरणं च ।**
**सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा ॥८४८॥**

लोगविरुद्धत्यागो गुरुजनपूजा परार्थकरणं च ।
शुभगुरुयोगस्तद्वचनसेवना आभवमखण्डा ।।८४८।।

**व्याख्या–** जयेति विपक्षनिरासेन विजयस्वेति भक्तिभरप्रभवमाशीर्वचनं । हे वीतराग ! हे व्यपेताभिष्वङ्ग ! विरागतासहचरत्वात् द्वेषाद्यभावस्य हे वीतद्वेष हे वीतमोहेत्य-पि दृश्यं । तथा जगतः सचराचरभुवनस्य गुणैर्गुरुत्वात्, जगतां वा जङ्गमानां यथावद्वस्तुतत्त्वोपदेशनात्तेषामेव वा गौरवार्हत्वात् गुरुस्तस्यामन्त्रणं हे जगद्गुरो!। भवतु संपद्यतां । ममेत्यात्मनिर्देशे । तव प्रभावतो-भवतो माहात्म्यात्। हे भगवन् ! समग्रैश्वर्यादिगुणयुत! भवनिर्वेदः संसारविरागः । मार्गानुसारिता मोक्षमार्गानुसरणं। इष्टफलसिद्धिरभिमतार्थनिष्पत्तिरिहलौकिकी ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, ततश्च धर्मे प्रवृत्तिः स्यादिति ।।३३।। तथा लोकविरुद्धत्यागः सर्वजननिन्दादिलोक-विरुद्धानुष्ठानवर्जनं। गुरुजनपूजा-मातापितृधर्माचार्यादिपूजनं। परार्थकरणं च– परप्रयोजनकारिता च । शुभगुरुयोगः– सुन्दरधर्माचार्यसंबन्धः। तद्वचनसेवना-गुरुवचनसेवा । आभवमासंसारं। अखंडा संपूर्णा भवतु । इति गाथाद्वयार्थः ।।३४।। (पञ्चाशक-४/३३-३४)

અથવા–

હે વીતરાગ ! હે જગદ્ગુરુ ! આપ જય પામો. હે ભગવંત ! આપના પ્રભાવથી મને (૧) ભવનિર્વેદ, (૨) માર્ગાનુસારિતા, (૩) ઈષ્ટફલસિદ્ધિ, (૪) લોકવિરુદ્ધત્યાગ, (૫) ગુરુજનપૂજા, (૬) પરાર્થકરણ, (૭) શુભગુરુયોગ, (૮) મોક્ષ ન મળે ત્યાં સુધી અખંડ શુભગુરુવચનસેવા- આ આઠ ભાવ પ્રાપ્ત થાઓ.

પંચાશકની ટીકાનો ભાવાર્થ આ પ્રમાણે છે–

જય એટલે વિપક્ષને દૂર કરીને વિજય પામો. વિજય પામો એ ભક્તિ સમૂહથી બોલાયેલું આશીર્વચન છે. વીતરાગ એટલે સ્નેહથી (= આસક્તિથી) રહિત. ભગવાન ગુણોથી મહાન હોવાથી જંગમ અને સ્થાવર એ બંને પ્રકારના જગતના ગુરુ છે. અથવા વસ્તુઓ જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે બતાવવાથી ભગવાન જંગમ જગતના ગુરુ છે. અથવા જંગમ જગતના ગૌરવને યોગ્ય હોવાથી જગદ્ગુરુ છે.

પ્રભાવથી એટલે મહાત્મ્યથી. ભગવાન એટલે ઐશ્વર્ય વગેરે ગુણોથી યુક્ત.

ભવનિર્વેદ વગેરે શબ્દોનો ભાવાર્થ આ પ્રમાણે છે–

(૧) **ભવનિર્વેદઃ**— સંસાર ઉપર કંટાળો— અણગમો. ધર્મસાધનામાં આ ગુણ પાયાનો છે. ભવનિર્વેદ વિનાનો ધર્મ એટલે પાયા વિનાનું મકાન. ધર્મ મોક્ષ માટે છે. જેને સંસાર ઉપર કંટાળો નથી— રાગ છે તે મોક્ષ માટે પ્રયત્ન કેવી રીતે કરે ? કારણકે સંસાર અને મોક્ષ બંને વિરુદ્ધ છે. જેને સંસાર ઉપર રાગ છે તેને મોક્ષ ઉપર રાગ નથી. જેને મોક્ષ ઉપર રાગ નથી તે મોક્ષ માટે પ્રયત્ન કરે નહિ. સંસાર ઉપર રાગવાળા જીવમાં કદાચ કોઈ કારણસર બહારથી મોક્ષપ્રયત્ન (= ધર્મ) દેખાતો હોય તો પણ તે વાસ્તવિક મોક્ષપ્રયત્ન નથી, કિન્તુ જડની ક્રિયા તુલ્ય છે.

(૨) **માર્ગાનુસારિતાઃ**— માર્ગને અનુસરવું તે માર્ગાનુસારિતા. તાત્ત્વિક-સત્ય માર્ગને અનુસરવું તે માર્ગાનુસારિતા. તાત્ત્વિક-સત્યમાર્ગ તો જ અનુસરાય જો કદાગ્રહ ન હોય. કદાગ્રહી માણસ પોતાનું માનેલું જ સાચું છે એમ માને. આથી એ બીજા પાસે સાચી વાત સમજવા પ્રયત્ન કરે નહિ. કદાચ બીજા તેને સામે આવીને સમજાવે તો પણ તે માનવા તૈયાર ન થાય. કદાગ્રહના કારણે સાચી વાત સમજાય નહિ, સમજાય તો પણ પોતાનું માનેલું ખોટું હોવા છતાં છૂટે નહિ. આથી કદાગ્રહી સત્યને પામી શકે નહિ, કદાગ્રહથી સાચું પમાય નહિ એટલું જ નહિ બલકે પામેલું પણ જતું રહે. સાચું પામ્યા પછી જો કોઈ વિષયમાં પોતાની ગેરસમજ થઈ જાય અને બીજાના સમજાવવા છતાં અહંકાર આદિના કારણે કદાગ્રહ થઈ જાય તો પામેલું સાચું જતું રહે. નિહ્નવો આ વિષયમાં દૃષ્ટાંત રૂપ છે. આથી સત્યને પામવા કદાગ્રહ ઉપર વિજય મેળવવો જોઈએ. કદાગ્રહ ઉપર વિજય મેળવીને સત્યને અનુસરવાની વૃત્તિ તે માર્ગાનુસારિતા. કદાગ્રહરહિત માણસ ખોટા રસ્તે હોય તો પણ સીધા-સાચા રસ્તે આવી જાય છે. અપુનર્બંધક જીવ આમાં દૃષ્ટાંતરૂપ છે. અપુનર્બંધક જીવ હજી સમ્યગ્દર્શનને પામેલો ન હોવાથી સાચા માર્ગથી દૂર છે, છતાં તેનામાં કદાગ્રહ ન હોવાથી તેવાં નિમિત્તો મળતાં (સમ્યગ્દર્શનાદિ) સાચા માર્ગને પામી જાય છે. આથી કદાગ્રહ

રહિત બનીને તાત્ત્વિક સત્ય માર્ગને અનુસરવું તે માર્ગાનુસારિતા. મોક્ષમાર્ગ એ જ તાત્ત્વિક-સત્ય માર્ગ છે. માટે માર્ગાનુસારિતા શબ્દનો મોક્ષમાર્ગને અનુસરવું એવો અર્થ પણ થાય. આથી જ પંચાશકની ટીકામાં માર્ગાનુસારિતા = મોક્ષમાર્ગાનુસરણં એવો ઉલ્લેખ કર્યો છે.

(૩) **ઈષ્ટફલસિદ્ધિઃ**– જેનાથી ચિત્તની સ્વસ્થતા ટકાવી રાખવા દ્વારા ધર્મમાં પ્રવૃત્તિ થાય તેવી આ લોક સંબંધી અવિરોધી કાર્યની સિદ્ધિ. જીવનમાં અનેક જરૂરિયાતો ઊભી થાય છે. જીવન જરૂરિયાતની વસ્તુ ન મળે ત્યારે સમાધિ રહેવી અને ધર્મમાં સ્થિર રહેવું એ ઘણું કઠીન છે. અપ્રમત્તાવસ્થા વગેરે ઉચ્ચકક્ષાને નહિ પામેલા સાધકને જીવન જરૂરિયાતની વસ્તુ ન મળે ત્યારે એનું મન અસ્વસ્થ બની જાય એ શક્ય છે. આમ બને તો ધર્મમાં ઉત્સાહ ઘટી જાય. ધર્મમાં ઉત્સાહ ઘટી જતાં તેની ધર્મમાં પ્રવૃત્તિ ન થાય કે ઉલ્લાસ વિના થાય. આથી સાધક ઉલ્લાસપૂર્વક ધર્મમાં પ્રવૃત્તિ કરી શકે એ માટે તેને જીવન જરૂરિયાતની વસ્તુ મળવી જોઈએ. આથી સાધક વર્તમાન જીવનમાં ચિત્તની સ્વસ્થતા ટકી રહે અને ધર્મમાં પ્રવૃત્તિ થાય એ માટે ભગવાન પાસે અવિરોધી ઈષ્ટ વસ્તુની સિદ્ધિની માગણી કરે તે જરા ય અનુચિત ન કહેવાય. પણ અહીં એ ખ્યાલ રાખવાનું છે કે ઈષ્ટવસ્તુની માગણી વિરોધી એટલે કે ધર્મદૃષ્ટિએ વિરોધવાળી ન હોવી જોઈએ. જેમકે– તદ્દન ગરીબ સાધક જીવન જરૂરિયાત પૂરતા ધનની માગણી કરે તો તે વિરોધી ન ગણાય, પણ ભોગવિલાસ કરી શકાય તેટલા ધનની માગણી કરે તો તે વિરોધી ગણાય. અન્યાય, હિંસક વ્યાપાર આદિથી ધન મેળવવાની ઈચ્છા પણ વિરોધી ગણાય. લગ્ન કર્યા વિના રહી શકાય તેમ ન હોય તો પત્ની અનુકૂળ સ્વભાવવાળી ધાર્મિક વૃત્તિવાળી મળે તો સારું આવી ઈચ્છા વિરોધી ન ગણાય, પણ રૂપાળી મળે તો સારું આવી ઈચ્છા વિરોધી ગણાય. આનો સીધો અર્થ એ થાય કે ભગવાન પાસે સીધી રીતે કે પરંપરાએ ધર્મમાં સહાયક બનનારી વસ્તુ મંગાય, પણ રાગાદિ દોષો વધે તેવી એક પણ વસ્તુ ન મંગાય.

(૪) **લોકવિરુદ્ધત્યાગઃ**– લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગ.

**લોકવિરુદ્ધકાર્યોઃ**- કોઈની પણ નિંદા કરવી એ લોક વિરુદ્ધ છે. તથા

ગુણસંપન્ન આત્માઓની = જ્ઞાનદિગુણોથી સમૃદ્ધ આચાર્ય વગેરેની નિંદા કરવી એ વધારે લોકવિરુદ્ધ છે. મંદબુદ્ધિવાળા જીવોની સ્વબુદ્ધિ અનુસાર કરવામાં આવતી ધર્મક્રિયા ઉપર હસવું-મશ્કરી કરવી. લોકપૂજ્ય રાજા, મંત્રી, શેઠ, તેમના ગુરુ વગેરેનો તિરસ્કાર કરવો-મશ્કરી વગેરે કરવું, ઘણા લોકો જેની વિરુદ્ધ હોય તેનો સંપર્ક કરવો, દેશ-ગામ-કુલ વગેરે પ્રસિદ્ધ (યોગ્ય) આચારોનું ઉલ્લંઘન કરવું, વસ્ત્ર વગેરેથી હલકા માણસો કરે તેવી શરીરની શોભા કરવી એ લોકવિરુદ્ધ છે. કેટલાક આચાર્યોના મતે દેશ, કાલ, વૈભવ, વય, અવસ્થા આદિને અનુચિત દાન, તપ વગેરે કરીને લોકમાં જાહેરાત કરવી એ પણ લોક વિરુદ્ધ છે. કારણ કે લોક તે રીતે દાનાદિ કરનારનો ઉપહાસ કરે. અહીં લોકમાં જાહેરાત કરવામાં ગંભીરતાનો અભાવ કારણ છે. રાજા આદિ તરફથી સારા માણસોને થયેલી આપત્તિમાં આનંદ પામવો, સારા માણસોની આપત્તિનો છતી શક્તિએ પ્રતિકાર ન કરવો વગેરે લોક વિરુદ્ધ કાર્યો જાણવાં. (આદિ શબ્દથી પૈશૂન્ય વગેરે સમજવું.)

જેની નિંદા કરવામાં આવે તે લોકનિંદા કરનાર પ્રત્યે વિરોધવાળો બને છે. માટે કોઈની પણ નિંદા લોક વિરુદ્ધ છે. અહીં કોઈની પણ નિંદા લોક વિરુદ્ધ છે એમ કહેવામાં ગુણસંપન્ન આત્માઓની નિંદાનો પણ સમાવેશ થઈ જાય છે, છતાં તેનો જુદો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે સામાન્ય જીવોની નિંદા કરતાં ગુણસંપન્ન આત્માઓની નિંદા વિશેષ લોકવિરુદ્ધ છે. ગુણસંપન્નના પક્ષમાં ઘણા લોકો હોય છે. આથી તેની નિંદા કરનાર પ્રત્યે ઘણા લોકો વિરોધવાળા બની જાય છે.

ધર્મક્રિયા કરનારા જીવોમાં મોટા ભાગના લોકો મંદબુદ્ધિવાળા જ હોય છે. તેમના ધાર્મિક આચારો ઉપર "આ લોક ધૂર્તોથી ઠગાયા છે," (એમને કશી ગતાગમ નથી વગેરે કહેવું. જાહેરમાં ભૂલો કહેવી.) વગેરે રીતે ઉપહાસ કરવાથી એ લોકો વિરોધવાળા જ બની જાય છે.

**પ્રયોજનઃ-** જો ધર્મી જીવ લોકવિરુદ્ધ કાર્યો કરે તો લોક તેની વિરુદ્ધ થાય. પરિણામે તેને મુશીબતમાં મુકાવું પડે. ધર્મ કરવામાં મુશીબત ઊભી થાય, મનમાં

આર્ત-રૌદ્ર ધ્યાન થાય, વિરુદ્ધ બનેલા લોકો પ્રત્યે દ્વેષભાવ જાગે, દેવ-ગુરુ-ધર્મની નિંદા થાય....આમ અનેક નુકશાનો થાય. નિંદા આદિ લોકવિરુદ્ધ કાર્યો કરવા છતાં તેવા પુણ્યોદયથી કે તેવા સંયોગો આદિથી લોકો વિરુદ્ધ ન થાય એથી આ લોકની દૃષ્ટિએ નુકશાન ન થાય તો પણ અશુભ કર્મબંધ આદિથી પરલોકની દૃષ્ટિએ તો અવશ્ય નુકશાન થાય. નિંદા આદિથી આત્મામાં શુભ પરિણામ જાગે નહિ. જાગેલા પણ શુભ પરિણામ મંદ બની જાય કે જતા રહે એવું પણ બને. તથા લોક વિરુદ્ધ કાર્ય કરવાથી લોકોના ચિત્તમાં દ્વેષ આદિ સંક્લેશ થાય. પરિણામે તેમને પણ અશુભ કર્મનો બંધ, ધર્મ ભાવનાનો હ્રાસ કે સર્વથા અભાવ વગેરે અનર્થ થાય. આથી લોકવિરુદ્ધ કાર્ય કરનાર ધર્મી પરના પણ અનર્થનું કારણ બને છે. આમ લોક વિરુદ્ધ કાર્ય કરવાથી સ્વ-પરને એકાંતે નુકશાન છે. આથી ધર્મી જીવો હિંસા આદિ બીજા પાપોનો ત્યાગ અલ્પ થઈ શકે કે સર્વથા ન થઈ શકે તો પણ લોક વિરુદ્ધ કાર્યોનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

**લાલબત્તી:-** અહીં લોકશબ્દથી અજ્ઞાન, અસદાચારી વગેરે ગમે તેવા લોકો નહીં, કિંતુ શિષ્ટ (વિવેકી) લોકો સમજવા. એટલે ગમે તે લોક વિરોધ કરે તેનો ત્યાગ કરવો એમ નહિ પણ શિષ્ટ લોકમાં જે વિરુદ્ધ ગણાતાં હોય તે કાર્યોનો ત્યાગ કરવો. અજ્ઞાન લોકો તો સારાં કામોમાં પણ વિરોધ કરે. અજ્ઞાન લોકો વિરોદ્ધ કરે તેટલા માત્રથી સારાં કામો નહિ છોડવા જોઈએ.

**(૫) ગુરુજનપૂજા:–** ગુરુજનોની ઉચિત સેવા-ભક્તિ કરવી. અહીં ગુરુ શબ્દનો "જે ગૌરવને-બહુમાનને યોગ્ય હોય તે ગુરુ" એવો અર્થ હોવાથી ગુરુજન શબ્દથી ત્યાગી સાધુ જ નહિ, કિંતુ માતા વગેરે પણ સમજવાં. યોગબિંદુ ગ્રંથ (ગા. ૧૧૦) માં કહ્યું છે કે– માતા, પિતા, વિદ્યાગુરુ, માતાદિ ત્રણના ભાઈ-બહેન વગેરે સંબંધીઓ, જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ અને ધર્મોપદેશક એ બધા શિષ્ટ પુરુષોને ગુરુ તરીકે માન્ય છે. ધર્મ પામવા માટે આ ગુણ અનિવાર્ય છે. જ્યાં સુધી અહંકાર તીવ્ર હોય ત્યાં સુધી વાસ્તવિક કોટિનો ધર્મ આવતો નથી. તીવ્ર અહંકારી જીવમાં વાસ્તવિક ધર્મ ન હોય એટલું જ નહિ પણ ધર્મ પામવાની લાયકાત પણ ન હોય. ધર્મનું મૂળ વિનય છે. અહંકાર ઘટ્યા વિના વિનય આવે નહિ. વિનય વિના ગુરુજનપૂજા પણ

ન થઈ શકે. આથી દિલથી ગુરુજનની પૂજા કરનાર જીવમાં અહંકાર ઘટ્યો હોવાથી ધર્મ પામવાની લાયકાત આવી છે એ સૂચિત થાય છે. ધર્મ પામવાની લાયકાત માટે કૃતજ્ઞતા ગુણ પણ જરૂરી છે. ગુરુજન પૂજાથી કૃતજ્ઞતા ગુણ પણ સૂચિત થાય છે. ગુરુજનની પૂજા કેવી રીતે કરવી તે અંગે યોગબિંદુ ગ્રંથ (ગા. ૧૧૧ વગેરે) માં નીચે મુજબ જણાવ્યું છે—

(૧) માતા, પિતા આદિને સવાર, બપોર અને સાંજ એમ ત્રણ વખત નમસ્કાર કરવો. કારણસર સાક્ષાત્ નમસ્કાર ન થઈ શકે તો મનમાં માતા આદિની સ્પષ્ટ ધારણા કરીને મનથી નમસ્કાર કરવો. (૨) ગુરુજન બહારથી આવે ત્યારે ઊભા થવું, બેસવા આસન આપવું, વગેરે વિનય કરવો. (૩) ગુરુજન પાસે ઉદ્ધતાઈનો ત્યાગ કરી એમનાથી નીચા આસને બેસવું-બેઠક નીચી રાખવી. પગ ઉપર પગ ન ચઢાવવા વગેરે રીતે વિવેકથી બેસવું. (૪) ઝાડો-પેશાબ વગેરે કરતાં કે ઝાડો-પેશાબ વગેરેથી અપવિત્ર જગ્યામાં ગુરુજનના નામનો ઉચ્ચાર ન કરવો. (૫) ક્યારે પણ એમનો અવર્ણવાદ (-નિંદા, પરાભવ વગેરે) ન સાંભળવો. (૬) સ્વશક્તિ પ્રમાણે વસ્ત્ર, ભોજન, અલંકાર વગેરે સારાં આપવાં. (૭) સદા તેમની પાસે દેવપૂજા, અતિથિભક્તિ, અનુકંપાદાન વગેરે પરલોકમાં હિતકર સારાં કામો કરાવવાં. (૮) તેમને જે પ્રવૃત્તિ (-વ્યવહાર)ન ગમતી હોય તે પ્રવૃત્તિનો ત્યાગ કરવો અને ગમતી પ્રવૃત્તિ કરવી. અહીં એટલું ખ્યાલમાં રાખવું કે આ વાત ધર્મ સિવાય છે. અર્થાત્ ગુરુજનને અણગમતું ન કરવામાં અને ગમતું કરવામાં ધર્મને બાધ ન આવવો જોઈએ. જો ગુરુજનને અણગમતું ન કરવામાં ધર્મને બાધ આવતો હોય (ધર્મથી વંચિત રહેવું પડતું હોય કે અધર્મ (-પાપ) થતો હોય) તો અણગમતું પણ કરવું જોઈએ. તેવી રીતે ગુરુજનને ગમતું કરવામાં ધર્મને બાધ આવતો હોય તો ગમતું ન કરવું જોઈએ. અર્થાત્ ધર્મને બાધ ન આવે તેમ ગુરુજનને અનુકૂળ વર્તવું. (૯) ગુરુજનની આસન, શય્યા, પલંગ, વાસણ વગેરે વસ્તુનો ઉપયોગ નહિ કરવો જોઈએ. અર્થાત્ જે વસ્તુ ગુરુજન વાપરતા હોય તે વસ્તુ અન્ય માટે નહિ વાપરવી જોઈએ. જેમકે માતા જે થાળીમાં જમતા હોય તે થાળીમાં બીજા કોઈએ

નહિ જમવું જોઈએ, તે થાળી માતાના જમવા માટે જ અલગ રાખવી જોઈએ. (૧૦) માતા આદિના મૃત્યુ પછી તેમના અલંકાર આદિ ધનનો પોતાના માટે ઉપયોગ ન કરતાં તીર્થ સ્થાન વગેરેમાં ધર્મ માટે ઉપયોગ કરવો જોઈએ. (૧૧) માતા આદિની છબી વગેરે બનાવીને તેની પુષ્પ, ધૂપ વગેરેથી પૂજા કરવી જોઈએ. અહીં કેટલાકોનું કહેવું છે કે માતા આદિએ કરાવેલા દેવની મૂર્તિ વગેરેની પુષ્પ, ધૂપ વગેરેથી પૂજા કરવી જોઈએ. (૧૨) માતા આદિનું મૃત્યુ થતાં તેમના મૃત્યુ સંબંધી દેવપૂજા વગેરે કાર્યો આદરપૂર્વક કરવાં જોઈએ.

(૬) **પરાર્થકરણઃ**— પરોપકારનાં કાર્યો કરવાં. મોહાધીન દરેક જીવ પોતાના કાર્યોમાં લીન હોય છે, તેને બીજાનાં કાર્યોની પડી હોતી નથી. આનું કારણ તીવ્ર સ્વાર્થ છે. સ્વાર્થી જીવમાં બીજાનું કામ કરવાની વૃત્તિ જ હોતી નથી. જ્યાં સુધી સ્વાર્થ તીવ્ર હોય ત્યાં સુધી જીવનમાં વાસ્તવિક ધર્મ આવી શકતો નથી, એટલું જ નહિ, પણ ધર્મ પામવાની લાયકાત પણ આવી શકતી નથી. આથી ધર્મ પામવાની લાયકાત મેળવવા માટે પણ સ્વાર્થ ઘટાડવો જોઈએ. સ્વાર્થવૃત્તિ ઘટે ત્યારે જ બીજાનું કાર્ય કરવાની ભાવના જાગે છે, અને શક્ય પ્રયત્ન થાય છે. આથી પરોપકાર કરનાર વ્યક્તિમાં સ્વાર્થવૃત્તિનો હ્રાસ-ઘટાડો થયો હોવાથી ધર્મની લાયકાત છે એ સિદ્ધ થાય છે. ધર્મ પામવા માંટે પ્રથમ ધર્મ પામવાને લાયક બનવું જોઈએ. અમુક જીવ ધર્મ પામ્યો છે કે નહિ અથવા ધર્મ પામવાને લાયક બન્યો છે કે નહિ તે નિઃસ્વાર્થભાવે પરોપકારથી જાણી શકાય છે. માટે જ લલિત વિસ્તરા ગ્રંથમાં પરોપકાર એ જીવનનો સાર છે અને ધર્મપુરુષાર્થનું લક્ષણ છે એમ કહ્યું છે.

ભવનિર્વેદથી પરાર્થકરણ સુધીના છ ભાવો લૌકિક સૌંદર્ય છે. સૌંદર્ય એટલે સારાપણું. સૌંદર્ય લૌકિક અને લોકોત્તર એમ બે જાતનુ છે. લૌકિક સૌંદર્ય એટલે જિનધર્મને નહિ પામેલા જીવોમાં પણ થનારું સૌંદર્ય. લોકોત્તર સૌંદર્ય એટલે જિનધર્મને પામેલા જીવોમાં થનારું સૌંદર્ય. સમ્યગ્દર્શન વગેરે લોકોત્તર સૌંદર્ય છે. સમ્યગ્દર્શનાદિ લોકોત્તર સૌંદર્ય પામવા માટે શુભગુરુયોગ અને

શુભગુરુવચનસેવા જરૂરી હોવાથી એ બે પણ લોકોત્તર સૌંદર્ય છે. ભવનિર્વેદ વગેરે છ ભાવો જિનધર્મને નહિ પામેલા જીવોમાં પણ હોઈ શકે છે માટે તે લૌકિક સૌંદર્ય છે. લૌકિક સૌંદર્ય જેનામાં આવે તે જ લોકોત્તર સૌંદર્ય પામવાને માટે લાયક છે. લૌકિક સૌંદર્ય આવ્યા વિના લોકોત્તર સૌંદર્યરૂપ સમ્યગ્દર્શન આદિ ધર્મ પામી શકાય જ નહિ. લૌકિક સૌંદર્ય વિના લોકોત્તર સૌંદર્ય પમાડનાર શુભગુરુયોગ વગેરે મળી જાય તો પણ લાભને બદલે નુકશાન થાય એવું બને. પચાવવાની તાકાત વિનાના રોગીને પૌષ્ટિક ખોરાક મળી જાય તેમ. એટલે લોકોત્તર સૌંદર્ય પામવા માટે લૌકિક સૌંદર્ય અનિવાર્ય છે. માટે પ્રથમ ભવનિર્વેદ વગેરે લૌકિક સૌંદર્યની માગણી કર્યા પછી શુભગુરુયોગ અને શુભગુરુવચન સેવા રૂપ લોકોત્તર સૌંદર્યની માગણી કરી છે.

**(૭) શુભગુરુયોગઃ**— ચારિત્રાદિ ગુણસંપન્ન ઉત્તમ આચાર્યનો સંબંધ. અહીં ચારિત્રાદિ ગુણોની મુખ્યતા છે. ગુરુ મળી જાય, પણ ચારિત્રવિહીન હોય તો કદાચ લાભને બદલે નુકશાન પણ થાય, ભૂખ્યાને ઝેરમિશ્રિત લાડવા મળી જાય તેમ.

**(૮) શુભગુરુવચનસેવાઃ**— ઉપર્યુક્ત આચાર્યની આજ્ઞાનું પાલન. શુભગુરુનો યોગ થઈ જાય, પણ તેમનો ઉપદેશ સાંભળીને તેનો અમલ ન થાય તો શું કામનું ? માટે મોક્ષ ન મળે ત્યાં સુધી અખંડ રીતે શુભગુરુના ઉપદેશનું પાલન પણ અનિવાર્ય છે. અહીં અખંડ શબ્દના કાળ અને પ્રમાણ એ બે દૃષ્ટિએ અર્થ થઈ શકે. કાળની દૃષ્ટિએ અખંડ એટલે અમુક સમય થાય, અમુક સમય ન થાય એમ નહિ, કિંતુ સતત થાય. પ્રમાણની દૃષ્ટિએ અખંડ એટલે થોડા પ્રમાણમાં થાય-એમ નહિ, કિંતુ સંપૂર્ણ થાય. જેમકે— ગુરુના અમુક વચનનું પાલન થાય, અમુક વચનનું પાલન ન થાય એમ નહિ, કિન્તુ પ્રત્યેક વચનનું પાલન થાય.

**પ્રશ્નઃ**— 'आभवमखण्डा' પદોનો અન્વય ભવનિર્વેદ આદિ બધા સાથે છે કે શુભગુરુવચનસેવા સાથે છે ?

**ઉત્તરઃ**— બંને સાથે લઈ શકાય. શબ્દાર્થની દૃષ્ટિએ વિચારીએ તો તેનો

અન્વય શુભગુરુવચનસેવા સાથે છે. કારણકે अखण्डा શબ્દનો પ્રયોગ સ્ત્રીલિંગમાં છે. જો બધા સાથે તેનો અન્વય હોય તો ભવનિર્વેદાદિ શબ્દો પુલ્લિંગ વગેરે જુદા જુદા લિંગમાં હોવાથી अखण्डा નો સ્ત્રીલિંગમાં પ્રયોગ ન થાય. તથા आभवं પદ अखण्डा પદની પહેલાં હોવાથી તેનો અન્વય પણ तव्वयणसेवणा સાથે કરવો ઠીક છે. અથવા आभवंનો અન્વય ભવનિર્વેદ આદિ બધા સાથે પણ થઈ શકે. કારણકે તે ક્રિયાવિશેષણ રૂપે છે. હવે ભાવાર્થની દૃષ્ટિએ વિચારીએ તો आभवं અને अखण्डा એ બંનેનો અન્વય ભવનિર્વેદ આદિ બધા સાથે છે. કારણકે શુભગુરુવચનના પાલનમાં ભવનિર્વેદ આદિ ભાવો આવી જાય છે. ગુરુના ઉપદેશમાં સંસાર અસાર છે, તત્ત્વ-મોક્ષમાર્ગ અનુસરવા જેવો છે વગેરે જ આવવાનું છે. એટલે પરમાર્થથી શુભગુરુવચનસેવાની માગણીમાં ભવનિર્વેદ આદિની માગણી આવી જ જાય છે. આથી શુભગુરુવચનસેવાની પ્રાર્થના જેવા સ્વરૂપે થાય તેવા સ્વરૂપે ભવનિર્વેદ આદિની પ્રાર્થના પણ થાય.

**પ્રશ્નઃ**— હે વીતરાગ! હે જગદ્ગુરુ ! આ પ્રમાણે આમંત્રણ કરવાનું શું કારણ ?

**ઉત્તરઃ**— ભગવાન પાસે માગણી કરવાની છે. મૌખિક વચન દ્વારા માગણી જે નજીકમાં હોય તેની પાસે થઈ શકે. ભગવાન તો મોક્ષમાં કે મહાવિદેહક્ષેત્રમાં છે. ત્યાંથી ભગવાન અહીં આવે નહિ. આથી દ્રવ્યથી-બાહ્યથી દૂર રહેલા ભગવાન ભાવથી-અંતરથી હૃદયમાં વસે એટલા માટે હે વીતરાગ ! હે જગદ્ગુરુ ! એ પ્રમાણે આમંત્રણ કરવામાં આવે છે.

**પ્રશ્નઃ**— ભગવાન કૃતકૃત્ય બની ગયા છે, જયવંતા જ છે. તો તેમને 'આપ જયવંતા વર્તો' એમ આશીર્વાદ આપવાની શી જરૂર છે ?

**ઉત્તરઃ**— ભગવાનને આશીર્વાદની જરૂર નથી, પણ ભક્તિના આવેશથી ભક્ત સાધકના મુખમાંથી આવા ઉદ્ગાર સહજ નીકળી જાય છે. ભગવાન પાસે જે કંઈ કહેવાનું છે કે કરવાનું છે તે ભગવાન માટે નહિ, પણ સાધક માટે છે. વીતરાગના જયમાં જ સાધકનો જય થાય. એટલે આનાથી 'મારો જય થાવ' એમ પણ ગર્ભિત રીતે સૂચન છે. તથા વીતરાગનો જય એટલે વીતરાગના શાસનનો

જય. એટલે વીતરાગ જયવંતા વર્તો એનો અર્થ વીતરાગનું શાસન જયવંતુ વર્તો એવો પણ થાય. વીતરાગનું શાસન જયવંતુ વર્તે એની તો સાધકને જરૂર હોય જ. કારણકે વીતરાગના શાસન વિના કોઈનું કલ્યાણ થવાનું નથી.

**પ્રણિધાન શબ્દનો અર્થ:–** પ્રણિધાન સંબંધી ૮૪૭-૮૪૮ એ બે ગાથાઓ વર્તમાનમાં 'जयवीयराय' તરીકે પ્રસિદ્ધ છે. એ जयवीयराय સૂત્રનું પ્રણિધાન સૂત્ર એવું નામ છે. પ્રણિધાન શબ્દના એકાગ્રતા, ધ્યાન, નિર્ણય, ધ્યેય વગેરે અનેક અર્થો થાય છે. ત્રીજા પંચાશકની ૨૯મી ગાથાની ટીકામાં પ્રણિધાનનો प्रार्थनागर्भमैकाग्र्यं = "પ્રાર્થના ગર્ભિત (ચિત્તની) એકાગ્રતા" એવો અર્થ કર્યો છે. આ અર્થ સુસંગત છે. કારણકે એકાગ્રતા અનેક વિષયની હોય છે. તેમાં અહીં પ્રાર્થના સંબંધી એકાગ્રતા વિવક્ષિત છે. પ્રસ્તુત સૂત્રથી પ્રભુ સમક્ષ એકાગ્ર ચિત્તે ભવનિર્વેદ આદિની પ્રાર્થના-માગણી કરવામાં આવે છે. આ પ્રમાણે પ્રણિધાન શબ્દનો એકાગ્રતાની પ્રધાનતાની દૃષ્ટિએ પ્રાર્થનાગર્ભિત એકાગ્રતા એવો અર્થ થાય. હવે જો પ્રાર્થનાની પ્રધાનતા કરવામાં આવે તો પ્રણિધાન શબ્દનો એકાગ્ર ચિત્તે પ્રાર્થના (-માગણી) એવો અર્થ પણ થઈ શકે. પ્રભુ સમક્ષ પ્રણિધાન કરવું જોઈએ, એટલે કે પ્રભુ સમક્ષ એકાગ્ર ચિત્તે શુભ પ્રાર્થના-માગણી કરવી જોઈએ. લલિત વિસ્તરા ગ્રંથમાં પ્રણિધાનનો અર્થ જણાવતાં કહ્યું છે કે—

विशुद्धभावनासारं, तदर्थार्पितमानसम् ।
यथाशक्तिक्रियालिङ्गं, प्रणिधानं मुनिर्जगौ ॥

"તે તે વિષયમાં વિશુદ્ધભાવનાપ્રધાન મનની એકાગ્રતાને મહર્ષિઓ પ્રણિધાન કહે છે." ચિત્તની એકાગ્રતા પ્રણિધાન છે. પણ ગમે તેવા— અશુભ ભાવના યુક્ત મનની એકાગ્રતા અહીં અભિપ્રેત નથી. માટે કહ્યું છે કે— વિશુદ્ધભાવના પ્રધાન મનની એકાગ્રતા પ્રણિધાન છે.

અહીં પ્રશ્ન થાય કે વિશુદ્ધભાવના કે અવિશુદ્ધભાવના આંતરિક ભાવ હોવાથી છદ્મસ્થ જીવોને દેખાય નહિ. તો અમુક વ્યક્તિમાં પ્રણિધાન છે કે નહિ તે શી રીતે જાણી શકાય ? આ પ્રશ્નના સમાધાનમાં અહીં કહ્યું કે--यथाशक्ति क्रियालिङ्गं = "પ્રણિધાન શક્તિમુજબની બાહ્યક્રિયાઓથી જાણી શકાય છે." આનો

અર્થ એ થયો કે જેનામાં પ્રણિધાન હોય તેનામાં કેવળ આંતરિક ભાવ જ હોય એમ નહિ, કિંતુ શક્તિમુજબ બાહ્યક્રિયા પણ હોય. આથી પ્રણિધાન કેવળ આંતરિકભાવરૂપ નથી, બાહ્યક્રિયારૂપ પણ છે. કારણકે જ્યાં આંતરિક ભાવ પેદા થાય છે ત્યાં શક્તિ મુજબ બાહ્યક્રિયા પણ થાય છે. આથી એકલા ધ્યાન ઉપર ભાર મૂકનારાઓને આ વિષય વિચારવાની જરૂર છે. (૮૪૭-૮૪૮)

**वारिज्जइ जइ वि नियाणबंधणं वीअराय ! तुह समए ।**
**तहवि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं ॥८४९॥**

वार्यते यद्यपि निदानबन्धनं वीतराग ! तव समये ।
तथापि मम भवेत्सेवा भवे भवे युष्माकं चरणानाम् ॥८४९॥

હે વીતરાગ ! જો કે તમારા શાસનમાં નિદાનરૂપ બંધનનો નિષેધ કરાય છે તો પણ મને ભવે ભવે તમારા ચરણોની સેવા થાઓ = મળો.

**વિશેષાર્થઃ—** બંધન એટલે કર્મબંધનું કારણ. નિદાન કર્મબંધનું કારણ હોવાથી અહીં નિદાનને બંધનની ઉપમા આપી છે. (૮૪૯)

**एएसिं एगयरं, पणिहाणं नियमओ य कायव्वं ।**
**पणिहाणंता जम्हा, संपुन्ना वंदणा भणिया ॥८५०॥**

एतेषामेकतरत् प्रणिधानं नियमतश्च कर्तव्यम् ।
प्रणिधानान्ता यस्मात् संपूर्णा वन्दना भणिता ॥८५०॥

આમાંથી કોઈ પણ એક પ્રણિધાન અવશ્ય કરવું જોઈએ. કારણકે જેના અંતે પ્રણિધાન છે તેવી વંદનાને સંપૂર્ણ વંદના કહી છે. (૮૫૦)

**उल्लासविसेसाओ, एत्तो अहियं पि चित्तउत्तीहिं ।**
**पयडियभावाइसयं, कीरंतं गुणकरं चेव ॥८५१॥**

उल्लासविशेषाद् इतोऽधिकमपि चित्रोक्तिभिः ।
प्रकटितभावातिशयं क्रियमाणं गुणकरमेव ॥८५१॥

વિશેષ ઉલ્લાસથી આનાથી અધિક પણ કરાતું અને વિવિધ શબ્દોથી

જેમાં અતિશય ભાવ પ્રગટ થયાં છે તેવું વંદન લાભ કરનારું જ છે. (૮૫૧)

**अहिए भावुल्लासे, अहियाहियकरणपरिणई होइ ।**
**तह भाववंदणाए, लक्खणमेयं जओ भणियं ॥८५२॥**

अधिके भावोल्लासे अधिकाधिककरणपरिणतिर्भवति ।
तथा भाववन्दनाया लक्षणमेतद् यतो भणितम् ।।८५२।।

અધિક ભાવોલ્લાસ થતાં અધિક અધિક કરવાના પરિણામ થાય છે. કારણ કે તેવા પ્રકારની ભાવવંદનાનું આ (= નીચે કહેવાશે તે) લક્ષણ કહ્યું છે. (૮૫૨)

**वेलाए विहाणेण य, तग्गयचित्ताइणा य विन्नेओ ।**
**तव्वुड्ढिभावभावेहिं, तह य दव्वे-यरविसेसो ॥८५३॥**

वेलायां विधानेन च तद्गतचित्तादिना च विज्ञेयः ।
तद्वृद्धिभावभावैस्तथा च द्रव्ये-तरविशेषः ।।८५३।।

**व्याख्या—** वेलया नियतकालरूपया सन्ध्यादिकया-ऽनाराध्यमानया आराध्यमानया च क्रमेण द्रव्येतरविशेषो ज्ञेय इति सम्बन्धः । एवं सर्वपदेषु । तथा विधाने चैत्यवन्दनाविधौ नैषेधिकीत्रितयादिरूपेऽसति सति च । तच्चेदम्-"तिण्णि निसीही तिण्णि य पयाहिणा तिण्णि चेव य पणामा । तिविहा पूया य तहा अवत्थतियभावणा चेव ।।१।। तिदिसि निरिक्खणविरती पयभूमिपमज्जणं च तिक्खुत्तो । वण्णाइतियं मुद्दातियं च तिविहं च पणिहाणं ।।२।।" पुष्पामिषस्तोत्रभेदात् पूजात्रैविध्यं, छद्मस्थकेवलिसिद्धभेदेनावस्थात्रैविध्यं, वर्णादित्रयं वर्णार्थालम्बनरूपं, मनोवाक्कायभेदेन प्रणिधानत्रैविध्यमिति । तथा तद्गतचित्तादिना चैत्यवन्दनाविषयमनःप्रभृतिना असता सता चेति गम्यम् । आदिशब्दाद्वन्दनागतवाक्कायपरिग्रहः । चशब्दः समुच्चयार्थः । विज्ञेयो ज्ञातव्यः । तथा तद्वृद्धेश्चैत्यवन्दनवृद्धेः स्तवादिपाठापाठाभ्यां यौ भावाभावौ सत्त्वासत्त्वे तौ तथा ताभ्यां यथायोग्यं द्रव्येतरविशेषो ज्ञेयः । अथवा तद्वृद्धिश्च भावाभावश्च रोमाञ्चादिलिङ्गचभक्तिसद्भावः (वाभावः) । अथवा तद्वृद्धिभावश्चाभावश्चेति तद्वृद्धिभावाभावौ ताभ्यामसद्भ्यां सद्भ्यां चेति गम्यम् । 'तह य त्ति' यथा वेलादिना

तथैव च तद्वृद्धिभावाभावाभ्यां च । द्रव्यं द्रव्यवन्दनमितरच्च भाववन्दनं द्रव्येतरे तयोर्विशेषो भेदो द्रव्येतरविशेषः। इति गाथार्थः ।।पञ्चाशक ३/१०।।

કાલ, વિધિ, તદ્ગતચિત્ત વગેરેથી તથા ચૈત્યવંદનવૃદ્ધિના ભાવથી અને અભાવથી દ્રવ્ય અને ભાવ વંદનામાં ભેદ છે. અર્થાત્ સૂત્રોક્ત નિયત સમયે ચૈત્યવંદન કરવું, નિસીહિત્રિક આદિ વિધિપૂર્વક ચૈત્યવંદન કરવું, ચૈત્યવંદન કરતાં તેમાં જ ઉપયોગ રાખવો, સ્તવન વગેરે અધિક બોલીને ચૈત્યવંદનની વૃદ્ધિ કરવી, (અથવા) ચૈત્યવંદનની વૃદ્ધિ માટે સૂત્રો શુદ્ધ અને શાંતિથી બોલવાં વગેરે ભાવવંદનનાં લક્ષણો છે. નિયત સમયે ચૈત્યવંદન ન કરવું, નિસીહિત્રિક આદિ વિધિનું પાલન ન કરવું, ચૈત્યવંદનમાં ઉપયોગ ન રાખવો, સ્તવન વગેરે બોલવું નહિ (અથવા) સૂત્રો જલદી જલદી ગમે તેમ બોલીને ચૈત્યવંદન જલદી પતાવી દેવું વગેરે દ્રવ્યવંદનનાં લક્ષણો છે.

ત્રણ નિસીહિ, ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ, ત્રણ પ્રકારની પૂજા, ત્રણ અવસ્થા ભાવવી, ત્રણ દિશામાં નિરીક્ષણનો ત્યાગ કરવો, ત્રણવાર પાદભૂમિનું પ્રમાર્જન, વર્ણાદિ ત્રણ, ત્રણ મુદ્રા અને ત્રણ પ્રકારનું પ્રણિધાન આ ચૈત્યવંદનનો વિધિ છે. (૮૫૩)

**इह कस्सइ होज्ज मई, नियाणकरणं इमं तु पच्चक्खं ।**
**जं पत्थणपणिहाणं, कीरइ परिथूलबुद्धिहिं ॥८५४॥**

इह कस्यचिद् भवेद् मतिर्निदानकरणमिदं तु प्रत्यक्षम् ।
यत् प्रार्थनाप्रणिधानं क्रियते परिस्थूलबुद्धिभिः ।।८५४।।

અહીં કોઈને એવી મતિ થાય કે આ પ્રાર્થનાપ્રણિધાન પ્રત્યક્ષ નિદાનકરણ છે, અર્થાત્ પ્રાર્થનાપ્રણિધાન એ નિદાન છે. કારણકે અત્યંત સ્થૂલ બુદ્ધિવાળાઓ પ્રાર્થનાપ્રણિધાન કરે છે (સૂક્ષ્મબુદ્ધિવાળાઓ નથી કરતા).

**વિશેષાર્થઃ**— પ્રાર્થનાપ્રણિધાન એટલે પ્રાર્થનારૂપ પ્રણિધાન, અથવા પ્રાર્થના ગર્ભિત પ્રણિધાન. પ્રાર્થના એટલે માગણી. પ્રણિધાન એટલે ચિત્તની એકાગ્રતા. (૮૫૪)

**सुव्वइ य दसाईसुं, तित्थयरम्मि वि नियाणपडिसेहो ।**
**तम्हा न जुत्तमेयं, पणिहाणं अह गुरू भणइ ॥८५५॥**

श्रूयते च दशादिषु तीर्थकरेऽपि निदानप्रतिषेधः ।
तस्माद् न युक्तमेतत् प्रणिधानमथ गुरुर्भणति ।।८५५।।

સંભળાય છે કે— દશા શ્રુતસ્કંધ આદિ શાસ્ત્રોમાં તીર્થંકર સંબંધી (= હું તીર્થંકર થાઉં એવા) નિયાણાનો પણ નિષેધ કર્યો છે. માટે આ પ્રણિધાન યુક્ત નથી. હવે ગુરુ (નીચે મુજબ) કહે છે. (૮૫૫)

**जं संसारनिमित्तं, पणिहाणं तं खु भन्नइ नियाणं ।**
**तं तिविहं इयलोए, परलोए कामभोगेसु ॥८५६॥**

यत् संसारनिमित्तं प्रणिधानं तत् खलु भण्यते निदानम् ।
तत् त्रिविधम्— इहलोके परलोके कामभोगेषु ।।८५६।।

જે પ્રણિધાન સંસાર નિમિત્ત હોય, એટલે કે સંસાર સુખ માટે હોય, તે નિદાન કહેવાય છે. તે નિદાન ઈહલોક સંબંધી, પરલોક સંબંધી અને કામભોગ સંબંધી એમ ત્રણ પ્રકારે છે. (૮૫૬)

**सोहग्ग-रज्ज-बल-रूवसंपया माणुसम्मि लोगम्मि ।**
**जं पत्थिज्जइ धम्मा, इहलोयनियाणमेयं तु ॥८५७॥**

सौभाग्य-राज्य-बल-रूवसंपदा मानुषे लोके ।
यत् प्राथ्यंते धर्माद् इहलोकनिदानमेतत् तु ।।८५७।।

ધર્મથી મનુષ્યલોકમાં સૌભાગ્ય, રાજ્ય, બલ અને રૂપની પ્રાપ્તિની જે પ્રાર્થના કરાય, અર્થાત્ સૌભાગ્ય આદિ માટે ધર્મ કરાય, તે ઈહલોક સંબંધી નિદાન છે. (૮૫૭)

**वेमाणियाइसिद्धी, इंदत्ताईण पत्थणा जा उ ।**
**परलोयनियाणमिणं, परिहरियव्वं पयत्तेण ॥८५८॥**

वैमानिकादिसिद्धिरिन्द्रत्वादीनां प्रार्थना या तु ।
परलोकनिदानमिदं परिहर्तव्यं प्रयत्नेन ।।८५८।।

ધર્મથી વૈમાનિક આદિની સંપત્તિની અને ઈંદ્રત્વાદિની જે પ્રાર્થના કરાય, અર્થાત્ પરલોકમાં ભૌતિક સુખો મળે એ માટે ધર્મ કરાય, તે પરલોક સંબંધી નિદાન છે. પ્રયત્નથી આ નિદાનનો ત્યાગ કરવો જોઈએ.

**વિશેષાર્થ:**– वेमाणियाइसिद्धी એ દ્વિતીય વિભક્તિ છે, પણ જોઈએ છઠ્ઠી. કારણકે એનો સંબંધ પ્રાર્થના પદની સાથે છે. પ્રાકૃતભાષામાં ``सुपां सुपो भवन्ति'' (= એક વિભક્તિના સ્થાને અન્ય વિભક્તિ થાય છે.) એ નિયમથી અહીં છઠ્ઠી વિભક્તિના અર્થમાં દ્વિતીયા વિભક્તિ છે. અથવા वेमाणियाइसिद्धीइंदत्ताईणं એમ સંપૂર્ણ સમાસ છે, અને પ્રાકૃતના નિયમથી द्धि માં इ દીર્ઘ થયો છે. (૮૫૮)

**जो पुण सुकयसुधम्मो, पच्छा मग्गइ भवे भवे भोत्तुं ।**
**सद्दाइकामभोगे, भोगनियाणं इमं भणियं ।।८५९।।**

यः पुनः सुकृतसुधर्मः पश्चाद् मार्गयति भवे भवे भोक्तुम् ।
शब्दादिकामभोगान् भोगनिदानमिदं भणितम् ।।८५९।।

જેણે સુધર્મને સારી રીતે આરાધ્યો છે એવો જીવ સુધર્મની સારી રીતે આરાધના કર્યા પછી ભવે ભવે શબ્દાદિ કામ-ભોગોની માગણી કરે, અર્થાત્ આરાધેલા ધર્મના પ્રભાવથી મને ભવે ભવે શબ્દાદિ કામ-ભોગોની પ્રાપ્તિ થાઓ એ પ્રમાણે માગણી કરે, તેને કામ-ભોગ સંબંધી નિદાન કહ્યું છે.

**વિશેષાર્થ:**– આલોક સંબંધી નિદાનમાં અને પરલોક સંબંધી નિદાનમાં પ્રારંભથી જ ધર્મ આલોકના અને પરલોકના સુખ માટે કરે છે. કામ-ભોગ સંબંધી નિદાનમાં ધર્મ આત્મકલ્યાણ માટે કરે છે. પણ પાછળથી તેવું નિમિત્ત મળતાં બુદ્ધિ બગડે છે અને એથી અત્યાર સુધી કરેલા ધર્મના ફળરૂપે કામ-ભોગોની માગણી કરે છે.

કામ એટલે શબ્દ અને રૂપ. ભોગ એટલે ગંધ, રસ અને સ્પર્શ. (૮૫૯)

**तह जं कोवाइसया, वह-बंधण-मारणाइपणिहाणं ।**
**दीवायणपमुहाणं, तं पि नियाणं महापावं ॥८६०॥**

तथा यत् कोपातिशयाद् वध-बन्धन-मारणादिप्रणिधानम् ।
द्वैपायनप्रमुखाणां तदपि निदानं महापापम् ।।८६०।।

તથા અતિશય ક્રોધથી દ્વૈપાયન ઋષિ આદિએ કરેલું વધ, બંધન અને મારી નાખવા આદિનું જે પ્રણિધાન તે પણ નિદાન છે, અને તે મહાપાપ છે. (૮૬૦)

**एएसि नियाणाणं, लक्खणमेगं पि नत्थि पणिहाणे ।**
**ता कह भणसि नियाणं ?, तहाहिभावेहि तस्सत्थं ॥८६१॥**

एतेषां निदानानां लक्षणमेकमपि नास्ति प्रणिधाने ।
ततः कथं भणसि निदानं तथाऽधिभावय तस्यार्थम् ।।८६१।।

આ નિદાનોનું એક પણ લક્ષણ પ્રણિધાનમાં નથી. તેથી તું તેને નિદાન કેમ કહે છે ? જે પ્રમાણે તેનો (=નિદાનનો) અર્થ છે તે પ્રમાણે તેના અર્થનો વિચાર કર. (૮૬૧)

**सारीर-माणसाणं, दुक्खाण खओ त्ति होइ दुक्खखओ ।**
**नाणावरणाईणं, कम्माण खओ उ कम्मखओ ॥८६२॥**

शारीर-मानसानां दुःखानां क्षय इति भवति दुःखक्षयः ।
ज्ञानावरणादीनां कर्मणां क्षयस्तु कर्मक्षयः ।।८६२।।

હવે दुक्खक्खओ० એ ગાથાનો અર્થ કહે છે–

શારીરિક-માનસિક દુઃખોનો ક્ષય તે દુઃખક્ષય છે. જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય તે કર્મક્ષય છે. (૮૬૨)

**भन्नइ समाहिमरणं, रागद्दोसेहिं विप्पमुक्काणं ।**
**देहस्स परिच्चाओ, भवंतकारी चरित्तीणं ॥८६३॥**

भण्यते समाधिमरणं राग-द्वेषैर्विप्रमुक्तानाम् ।
देहस्य परित्यागो भवान्तकारी चरित्रिणाम् ।।८६३।।

રાગ-દ્વેષથી અતિશય મુક્ત એવા ચારિત્ર સંપન્ન જીવોનો ભવના અંતને કરનારો દેહત્યાગ સમાધિમરણ કહેવાય છે.

**વિશેષાર્થઃ**– ભવના અંતને કરનારો એટલે સંપૂર્ણ સંસારના અંતને કરનારો એવો અર્થ નથી, કિંતુ વર્તમાન ભવના અંતને કરનારો એવો અર્થ છે. કારણકે દેહના ત્યાગથી વર્તમાનભવનો અંત થાય છે. સમાધિપૂર્વક થયેલા દેહત્યાગથી ચારગતિરૂપ સંસારનો અંત થાય કે ન પણ થાય. જેને હજી ભવો બાકી છે તે આત્મા સમાધિથી દેહત્યાગ કરે તો પણ ચારગતિરૂપ ભવનો અંત ન આવે. પણ વર્તમાનભવનો અંત અવશ્ય થાય. માટે અહીં ભવના અંતને કરનારો એટલે વર્તમાન ભવના અંતને કરનારો એવો અર્થ સમજવો જોઈએ.

અહીં રાગ-દ્વેષથી અતિશય મુક્ત એવા ચારિત્ર સંપન્ન જીવના દેહત્યાગને સમાધિમરણ કહેલ છે. આનાથી એ સમજાય છે કે– અહીં મુખ્યતયા સર્વવિરતિધરનું મરણ સમાધિમરણ તરીકે વિવક્ષિત છે. અપેક્ષાએ આ બરોબર છે. સત્તર પ્રકારના મરણમાં સર્વવિરતિધરના મરણને જ પંડિતમરણ કહ્યું છે. દેશવિરતિધરના મરણને બાલપંડિત અને અવિરતસમ્યગ્દષ્ટિના મરણને બાલમરણ કહ્યું છે. (૮૬૩)

**सम्मचरणाइ बोही, तीसे लाभो भवे भवे पत्ती ।**
**कम्मक्खयहेउत्ता, सिद्धफलो नियमओ एसो ।।८६४।।**

सम्यक्चरणादि बोधिः तस्या लाभो भवे भवे प्राप्तिः ।
कर्मक्षयहेतुत्वात् सिद्धफलो नियमत एषः ।।८६४।।

બોધિ એટલે સમ્યક્ચારિત્ર વગેરે. તેનો લાભ એટલે ભવે ભવે પ્રાપ્તિ. આ બોધિલાભ કર્મક્ષયનો હેતુ હોવાથી નિયમા સિદ્ધિ ફલવાળો છે.

**વિશેષાર્થઃ**– આદિ શબ્દથી સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શન સમજવાં.

અર્થાત્ બોધિ એટલે સમ્યગ્દર્શન વગેરે મોક્ષમાર્ગ. આ ગ્રંથમાં ૩૩૨મી ગાથામાં બોધિ એટલે ભવાંતરમાં શુદ્ધધર્મની પ્રાપ્તિ એમ કહ્યું છે. સમ્યગ્દર્શન વગેરે જ શુદ્ધ ધર્મ છે. ૬૩૧મી ગાથામાં બોધિલાભ એટલે જિનધર્મની પ્રાપ્તિ એમ કહ્યું છે. આ બધી વ્યાખ્યાઓનો ભાવ એક જ છે.

અહીં સિદ્ધ શબ્દનો અર્થ સિદ્ધિ છે. કર્મણિભૂતકૃદંતનો त પ્રત્યય ભાવ અર્થમાં પણ આવે છે. જેમકે ગત એટલે ગતિ એવો પણ અર્થ થાય. (૮૬૪)

**संपज्जउ मह एयं, तुह नाह पणामकरणओ सुगमं ।**
**मोक्खंगमेव सकलं, पत्थियमेयम्मि पणिहाणे ॥८६५॥**

संपद्यतां ममैतत् तव नाथ ! प्रणामकरणतः सुगमम् ।
मोक्षाङ्गमेव सकलं प्रार्थितमेतस्मिन् प्रणिधाने ॥८६५॥

**दुइयम्मि वि पणिहाणे, भवनिव्वेयाइ सिवफलं चेव ।**
**तो नत्थि अत्थभेओ, वंजणरयणा परं भिन्ना ॥८६६॥**

द्वितीयस्मिन्नपि प्रणिधाने भवनिर्वेदादि शिवफलमेव ।
ततो नास्ति अर्थभेदो व्यञ्जनरचना परं भिन्ना ॥८६६॥

संपज्जउ मह एयं तुह नाह *पणामकरणओ એ પદોનો અર્થ સુગમ* છે. (૮૪૬મી ગાથામાં અર્થ લખ્યો છે.) આ પ્રણિધાનમાં જે માગેલું છે તે સઘળું મોક્ષનું જ કારણ છે = મોક્ષપ્રાપ્તિમાં સહાયક છે. બીજા પ્રણિધાનમાં પણ ભવનિર્વેદ વગેરે મોક્ષફળવાળું જ છે. તેથી અર્થ ભેદ નથી, ફક્ત શબ્દોની રચના જુદી છે. (૮૬૫-૮૬૬)

**एत्तो च्चिय एगयरं, पणिहाणं नियमओ य कायव्वं ।**
**इय पुव्विं उवइट्ठं, दुहाऽवि नियाणमेयं ति ॥८६७॥**

इत एव एकतरत् प्रणिधानं नियमतश्च कर्तव्यम् ।
इति पूर्वमुपदिष्टं द्विधाऽपि न निदानमेतदिति ॥८६७॥

આથી જ કોઈપણ એક પ્રણિધાન અવશ્ય કરવું જોઈએ, એ પ્રમાણે પૂર્વે

(૮૫૦મી ગાથામાં) કહ્યું છે. બંને પ્રકારનું આ પ્રણિધાન નિદાન નથી. (૮૬૭)

**कम्मक्खयत्थमीडा, तत्तो नियमेण होइ किर मोक्खो ।**
**जइ सो वि न पत्थिज्जइ, धम्मे आलंबणं कयरं ? ॥८६८॥**

कर्मक्षयार्थमीडा ततो नियमेन भवति किल मोक्षः ।
यदि सोऽपि न प्रार्थ्यते धर्मे आलम्बनं कतरत् ? ॥८६८॥

કર્મક્ષય માટે સ્તુતિ છે, અર્થાત્ પ્રભુને સ્તુતિ-વંદન વગેરે જે કાંઈ કરવાનું છે તે કર્મક્ષય માટે કરવાનું છે. કર્મક્ષયથી અવશ્ય મોક્ષ થાય છે. જો કર્મક્ષય પણ ન મંગાય તો ધર્મમાં કયું આલંબન છે ? અર્થાત્ ધર્મ કરવામાં કર્મક્ષય સિવાય બીજું કાંઈ આલંબન નથી. (કારણકે કર્મક્ષય માટે જ ધર્મ કરવાનો છે.) (૮૬૮)

**आलंबणनिरवेक्खा, किरिया नियमेण दव्वकिरिय त्ति ।**
**संमुच्छिमपायाणं, पायं तुच्छप्फला होइ ॥८६९॥**

आलम्बननिरपेक्षा क्रिया नियमेन द्रव्यक्रियेति ।
संमूर्च्छिमप्रायाणां प्रायः तुच्छफला भवति ॥८६९॥

આલંબનથી નિરપેક્ષ (= રહિત) ક્રિયા નિયમા દ્રવ્યક્રિયા છે. આથી (આલંબન રહિત હોવાના કારણે) સમૂર્ચ્છિમ જેવા જીવોની દ્રવ્યક્રિયા પ્રાયઃ તુચ્છ ફલ આપનારી થાય છે.

**વિશેષાર્થઃ–** અહીં પ્રાયઃ એટલા માટે કહ્યું છે કે– તેવું નિમિત્ત મળતાં કોઈક જીવની દ્રવ્યક્રિયા ભાવક્રિયા બની જાય અને એથી વિશેષ ફળ મળે. ભાવ ક્રિયાનું કારણ બનવા દ્વારા દ્રવ્યક્રિયા ઉત્તમફલ આપનારી પણ બને. (૮૬૯)

**अहवा–**
**सुत्तम्मि चेव भणियं, पत्थणमारोग-बोहिलाभस्स ।**
**तम्हा कायव्वमिणं, पणिहाणं नो खलु नियाणं ॥८७०॥**

अथवा–

सूत्रे एव भणितं प्रार्थनमारोग्य-बोधिलाभस्य ।
तस्मात् कर्तव्यमिदं प्रणिधानं नो खलु निदानम् ।।८७०।।

**અથવા–** ચતુર્વિંશતિસ્તવ સૂત્રમાં જ આરોગ્ય-બોધિલાભની પ્રાર્થના કહી છે. તેથી આ પ્રણિધાન કરવું જોઈએ. પ્રણિધાન નિદાન નથી જ. (૮૭૦)

**जो वि भणिओ दसाइसु, तित्थगरम्मि वि नियाणपडिसेहो ।**
**तित्थगररिद्धिअभिसंगभावओ सो वि जुत्तो त्ति ॥८७१॥**

योऽपि भणितो दशादिषु तीर्थकरेऽपि निदानप्रतिषेधः ।
तीर्थकरर्द्ध्यभिषङ्गभावतः सोऽपि युक्त इति ।।८७१।।

દશાશ્રુતસ્કંધ આદિ સૂત્રમાં તીર્થંકરપદના પણ નિદાનનો જે નિષેધ કરવામાં આવ્યો છે તે તીર્થંકરની ઋદ્ધિની આસક્તિના કારણે કરવામાં આવ્યો છે. તેથી તે પ્રતિષેધ પણ યુક્ત છે. (૮૭૧)

**न य पत्थिया वि लब्भइ, साभिस्संगेहिं तारिसा पयवी ।**
**निस्संगभावसज्झा, जम्हा सा मुत्तिहेउत्ता ॥८७२॥**

न च प्रार्थिताऽपि लभ्यते साभिष्वङ्गैस्तादृशी पदवी ।
निस्सङ्गभावसाध्या यस्मात् सा मुक्तिहेतुत्वात् ।।८७२।।

માંગેલી પણ તે પદવી આસક્તિવાળા જીવોથી મેળવી શકાતી નથી. કારણકે તે પદવી મુક્તિનું કારણ હોવાથી આસક્તિરહિત ભાવથી સાધી શકાય છે. (૮૭૨)

**भणियं च–**
**एवं च दसाईसुं तित्थयरम्मि वि नियाणपडिसेहो ।**
**जुत्तो भवपडिबद्धं, साहिस्संगं तयं जेण ॥८७३॥**

भणितं च–
एवं च दशादिषु तीर्थकरेऽपि निदानप्रतिषेधः ।
युक्तो भवप्रतिबद्धं साभिषङ्गं, तकं येन ।।८७३।।

**व्याख्या**— एवं चानेन पूर्वोक्तेन प्रकारेण मोक्षाङ्गप्रार्थनाया एवानिदानताप्रतिपादनलक्षणेन । दशादिषु दशाश्रुतस्कन्धप्रभृतिषु । आदिशब्दाद् ध्यानशतकादिपरिग्रहः। तीर्थकरेऽपि भवभवनभीतजननिर्वाणनगरगमन- सार्थवाहकल्पे जिनेऽपि विषये, आस्तां संसारावर्तपातनिमित्तभूतभूपतित्वादौ । निदानस्य 'अमुतो धर्मात्तीर्थकरो भूयासं' इत्येवं प्रार्थनस्य प्रतिषेधो विधेयतया निषेधो निदानप्रतिषेधः । किमित्याह-युक्तः संगतो वर्तते । केन कारणेनेत्याह— भवप्रतिबद्धं संसारानुषक्तं । येन यस्मात्कारणात् । 'तयं त्ति' तकं तीर्थकरत्वप्रार्थनं भवप्रतिबद्धमेव । कुत इत्याह-यतः साभिष्वङ्गं रागोपेतं । यतस्तीर्थकरसत्कस्यामरवरनिर्मितसमवसरणकनक- कमलप्रमुखविभवस्य दर्शनात् श्रवणाद्वा संजाततदभिलाषः कोऽपि विकल्पं करोति भवभ्रमणतोऽप्यहं तीर्थकरो भूयासं । इति गाथार्थः ।।(पञ्चाशक - ४/३७)

**કહ્યું છે કે—**

દશાશ્રુતસ્કંધ, ધ્યાનશતક વગેરે ગ્રંથોમાં તીર્થંકર બનવાની આશંસાનો નિષેધ કર્યો છે તે યોગ્ય છે. કારણકે તેવી આશંસા અપ્રશસ્ત રાગયુક્ત હોવાથી સંસારનું કારણ છે.

પંચાશકની ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે—

પૂર્વે કહ્યું તેમ મોક્ષનું કારણ બને તેવી પ્રાર્થના જ અનિદાન છે એમ જણાવ્યું હોવાથી, સંસારના ચક્કરમાં પડવાનું નિમિત્ત એવા રાજ્ય વગેરેના નિદાનનો નિષેધ યોગ્ય છે એ તો ઠીક, કિંતુ સંસારમાં જન્મથી ભય પામેલા લોકોને મોક્ષનગરમાં જવા માટે સાર્થવાહ સમાન તીર્થંકર બનવાના પણ નિદાનનો દશાશ્રુતસ્કંધ અને ધ્યાનશતક વગેરે ગ્રંથોમાં કરેલો નિષેધ યોગ્ય છે. કારણ કે તીર્થંકરપદની પ્રાર્થના રાગયુક્ત હોવાથી સંસારના સંબંધવાળી છે, અર્થાત્ સંસારનું કારણ છે.

**પ્રશ્નઃ**- તીર્થંકરપણાની પ્રાર્થના રાગયુક્ત કેમ છે ?

**ઉત્તરઃ**- દેવોએ બનાવેલ સમવસરણ અને સુવર્ણકમલ વગેરે તીર્થંકરનો વૈભવ જોઈને અથવા સાંભળીને તેની ઈચ્છાવાળો થયેલો કોઈ વિચારે છે કે ભવભ્રમણ કરીને પણ હું (આ ધર્મના પ્રભાવથી) તીર્થંકર બનું.

**વિશેષાર્થઃ**– તીર્થંકરની દેવોએ કરેલી સમવસરણ વગેરે ઋદ્ધિ જોઈને કે સાંભળીને હું તીર્થંકર બનું, જેથી મને પણ આવી ઋદ્ધિ મળે. આ પ્રમાણે તીર્થંકરની ઋદ્ધિની ઈચ્છાથી તીર્થંકર બનવાની આશંસામાં અપ્રશસ્ત રાગ કારણ છે. આમાં ઉપકારની ભાવના નથી, પણ ઋદ્ધિની પ્રાપ્તિરૂપ સ્વાર્થની ભાવના છે. આવી આશંસાથી તીર્થંકરપણું મળે જ નહિ, અને પાપકર્મનો બંધ થાય તે નફામાં. આથી તીર્થંકરની ઋદ્ધિની ઈચ્છાથી તીર્થંકરપણાની આશંસા નિદાનરૂપ છે. આથી દશાશ્રુતસ્કંધ વગેરેમાં તેનો જે નિષેધ કર્યો છે તે યોગ્ય જ છે. (૮૭૩)

**कयमेत्थ पसंगेणं, एवं पणिहाणसंगया एसा ।**
**संपुन्ना उक्कोसा, निद्दिट्ठा वंदणा लद्धा ॥८७४॥**

कृतमत्र प्रसङ्गेन एवं प्रणिधानसङ्गतैषा ।
संपूर्णा उत्कृष्टा निर्दिष्टा वन्दना लब्धा ॥८७४॥

અહીં પ્રાસંગિક વર્ણન આટલું બસ છે. આ પ્રમાણે શાસ્ત્રમાં નિર્દેશ કરાયેલી પ્રણિધાનથી યુક્ત આ સર્વોત્કૃષ્ટ વંદના પ્રાપ્ત થઈ. (? સમાપ્ત થઈ.) (૮૭૪)

**उस्सग्गेणं स च्चिय, कायव्वा सुद्धमग्गगामीहिं ।**
**सेसा उ देसकालादवेक्खणा होइ अट्ठविहा ॥८७५॥**

उत्सर्गेण सैव कर्तव्या शुद्धमार्गगामिभिः ।
शेषा तु देशकालाद्यपेक्षणाद् भवति अष्टविधा ॥८७५॥

શુદ્ધ માર્ગે ચાલનારાઓએ ઉત્સર્ગથી ઉત્કૃષ્ટ જ વંદના કરવી જોઈએ. બાકીની આઠ પ્રકારની વંદના દેશ-કાળ આદિની અપેક્ષાએ (અપવાદથી) છે.

**વિશેષાર્થઃ**– પૂર્વે ૧૫૩મી ગાથાથી આરંભી ૧૬૦મી ગાથા સુધીમાં ચૈત્યવંદનના નવ પ્રકાર જણાવ્યા છે. તેમાં નવમા પ્રકારનું ચૈત્યવંદન સર્વોત્કૃષ્ટ છે. ઉત્સર્ગથી સર્વોત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું જોઈએ. તેવા પ્રકારના દેશમાં અને તેવા પ્રકારના કાળમાં ઉત્કૃષ્ટ ચૈત્યવંદન ન થઈ શકે ત્યારે આઠ પ્રકારમાંથી કોઈ એક ચૈત્યવંદન કરી શકાય. આથી અહીં કહ્યું કે– બાકીની આઠ પ્રકારની વંદના દેશ-કાળ આદિની અપેક્ષાએ (અપવાદથી) છે. (૮૭૫)

**वित्तिकिरियाऽविरोहो, अववायनिबंधणं गिहत्थाणं ।**
**किरियंतरकालाइक्कमाइभावो सुसाहूणं ॥८७६॥**

वृत्तिक्रियाऽविरोधोऽपवादनिबन्धनं गृहस्थानाम् ।
क्रियान्तरकालातिक्रमादिभावः सुसाधूनाम् ॥८७६॥

આજીવિકાના ઉપાયનો વિરોધ એ ગૃહસ્થોને અપવાદનું કારણ છે અને અન્યક્રિયાના કાલનો અતિક્રમ વગેરેનું થવું એ સાધુઓને અપવાદનું કારણ છે.

**વિશેષાર્થઃ—** આજીવિકાના ઉપાયનો વિરોધ એટલે આજીવિકાના ઉપાયને ધક્કો લાગવો. આજીવિકાના ઉપાયને ધક્કો લાગે તે રીતે ચૈત્યવંદન કરવામાં આવે તો સંભવ છે કે— આજીવિકાનો વિચ્છેદ થાય. આજીવિકાનો વિચ્છેદ થતાં ગૃહસ્થની ધર્મની અને વ્યવહારની બધી ક્રિયાઓ સીદાય (= જે રીતે થવી જોઈએ તે રીતે ન થાય.)

ગૃહસ્થ આજીવિકા બંધ થાય તે કાળે જિનપૂજા કરે તો અવસરે જરૂરી ઔચિત્ય આદિનું પાલન ન કરી શકે, ધનના અભાવે સ્વજનો દુઃખનાં કારણે આર્તધ્યાન આદિ કરે, ધર્મથી વિમુખ બની જાય, જૈનેતરો પણ આવી પરિસ્થિતિ જોઈને ધર્મની નિંદા કરે, પોતે પણ વિકટ પરિસ્થિતિમાં મૂકાઈ જતાં આર્તધ્યાન આદિ કરે...... આમ પરિણામે ઘણું નુકશાન થાય. બુદ્ધિશાળી માણસ પરિણામ તરફ જુએ છે. બુદ્ધિશાળી માણસ વર્તમાનમાં લાભ દેખાય, પણ પરિણામે નુકશાન થાય તેવા કાર્યને છોડી દે છે, અને જે કાર્યથી વર્તમાનમાં થોડુંક નુકશાન હોવા છતાં પરિણામે લાભ દેખાય તે કાર્ય કરે છે.

અન્ય ક્રિયાના કાલનો અતિક્રમ વગેરે સાધુઓને અપવાદનું કારણ છે. જેમકે— ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવાથી ભિક્ષાનો કાળ વીતી જાય તેમ હોય, ગ્લાન સાધુની સેવામાં હાનિ થાય તેમ હોય, ગુરુભક્તિમાં ખામી આવે તેમ હોય, વિહારમાં વિલંબ થતો હોય વગેરે પ્રસંગે અપવાદથી ઉત્કૃષ્ટ સિવાય અન્ય કોઈ ચૈત્યવંદન કરે. (૮૭૬)

जओ–

**दव्वाइएहि जुत्तस्सुस्सग्गो तदुचियं अणुट्ठाणं ।**
**रहियस्स तमववाओ, जहोचियं जुत्तमुभयं पि ॥८७७॥**

यतः—

द्रव्यादिकैर्युक्तस्योत्सर्गस्तदुचितमनुष्ठानम् ।
रहितस्य तदपवादो यथोचितं युक्तमुभयमपि ॥८७७॥

કારણકે–

દ્રવ્યાદિથી યુક્ત સાધુને પરિપૂર્ણ દ્રવ્યાદિને યોગ્ય જે શુદ્ધ અન્ન-પાનાદિની ગવેષણાદિ રૂપ અનુષ્ઠાન તે ઉત્સર્ગમાર્ગ છે. દ્રવ્યાદિથી રહિત સાધુને અપરિપૂર્ણ દ્રવ્યાદિને યોગ્ય જે પંચક આદિની હાનિથી તેવા પ્રકારના દોષિત અન્નપાનાદિનું સેવન કરવા રૂપ જે અનુષ્ઠાન તે અપવાદમાર્ગ છે. યથાયોગ્ય બંને ય પ્રકારના અનુષ્ઠાનો યુક્ત છે.

**વિશેષાર્થઃ**– દ્રવ્યાદિથી એ સ્થળે આદિ શબ્દથી ક્ષેત્ર, કાલ, સંઘયણ, રોગ વગેરે સમજવું. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– જે સાધુ શુદ્ધ અન્નપાનાદિથી નિર્વાહ કરી શકે તેના માટે ઉત્સર્ગ માર્ગ છે. જે સાધુ શુદ્ધ અન્ન-પાનાદિથી નિર્વાહ ન કરી શકે તેના માટે અપવાદ માર્ગ છે. દરેક સાધુએ પોતાની પરિસ્થિતિનો સમ્યક્ વિચાર કરીને જ્યારે જે ઉત્સર્ગ કે અપવાદથી નિર્વાહ કરી શકાય ત્યારે તે ઉત્સર્ગ કે અપવાદનું સેવન કરવું જોઈએ. ઉત્સર્ગના સ્થાને અપવાદનું અને અપવાદના સ્થાને ઉત્સર્ગનું સેવન કરવાથી જિનાજ્ઞાની વિરાધના થાય છે. "પંચક આદિની હાનિથી" એ સ્થળે પંચક એ પ્રાયશ્ચિત્તની સંજ્ઞા છે. જ્યારે દોષિત આહાર-પાણી લેવા પડે ત્યારે પહેલાં પંચક પ્રાયશ્ચિત્ત આવે તેવા આહાર-પાણી લેવા. તેવા ન મળે તો તેનાથી થોડું વધારે પ્રાયશ્ચિત્ત આવે તેવા આહાર પાણી લેવા. તેવાય ન મળે તો તેનાથી પણ થોડું વધારે પ્રાયશ્ચિત્ત આવે તેવા આહાર-પાણી લેવા. દોષિત આહાર-પાણી લેવા પડે તો જેમ બને તેમ ઓછા દોષવાળા આહાર-પાણી મેળવવાનો પ્રયત્ન કરવો એ અહીં તાત્પર્ય છે. આ જ ગાથા થોડા ફેરફારથી ઉપદેશપદ (૭૮૪) ગ્રંથમાં છે. (૮૭૭)

**चेइयपरिवाडीए, कालं तह चेइयाइं आसज्ज ।**
**सव्वा वि जहाजोगं, कायव्वा सुद्धबोहेहिं ॥८७८॥**

चैत्यपरिपाट्यां कालं तथा चैत्यानि आसाद्य ।
सर्वाऽपि यथायोगं कर्तव्या शुद्धबोधैः ॥८७८॥

ચૈત્યપરિપાટીમાંકાલનેતથાજિનમંદિરોનેપામીને(=જાણીને)શુદ્ધબોધવાળા જીવોએ યથાયોગ્ય સર્વપ્રકારની ચૈત્યવંદના કરવી જોઈએ. (૮૭૮)

**सब्भावसुंदरं जं, थेवं व बहुं व धम्मणुट्ठाणं ।**
**होइ सुविसुद्धफलयं, तव्विवरीयं न उ बहुं पि ॥८७९॥**

सद्भावसुन्दरं यत् स्तोकं वा बहु वा धर्मानुष्ठानम् ।
भवति सुविशुद्धफलदं तद्विपरीतं न तु बहु अपि ॥८७९॥

થોડું કે બહુ જે અનુષ્ઠાન સદ્ભાવથી સુંદર હોય તે સુવિશુદ્ધ ફલ આપે છે. તેનાથી વિપરીત ધર્માનુષ્ઠાન ઘણું હોય તો પણ સુવિશુદ્ધ ફલ આપતું નથી.

**વિશેષાર્થઃ**– સદ્ભાવ એટલે ભવનિર્વેદ અને મોક્ષાભિલાષરૂપ ભાવ. તેનાથી વિપરીત એટલે ભૌતિક સુખની આશંસાથી યુક્ત. (૮૭૯)

**किंच–**
**इह छेय-कूड-रूवगनायं विन्नायसमयसब्भावा ।**
**वन्नेंति पुव्वमुणिणो, तं पुण एयं मुणेयव्वं ॥८८०॥**

किंच–
इह छेक-कूट-रूपकज्ञातं विज्ञातसमयसद्भावाः ।
वर्णयन्ति पूर्वमुनयस्तत् पुनरेतद् ज्ञातव्यम् ॥८८०॥

અહીં જેમણે શાસ્ત્રોના સદ્ભાવોને (= રહસ્યોને) જાણ્યા છે, તેવા પૂર્વમુનિઓ (= શ્રી ભદ્રબાહુસ્વામી વગેરે) શુદ્ધ-અશુદ્ધ રૂપિયાના દૃષ્ટાંતનું વર્ણન કરે છે. તે દૃષ્ટાંત આ (= નીચેની ગાથામાં કહેવાશે તે) જાણવું. (૮૮૦)

**दव्वेण य टंकेण य, जुत्तो छेओ हु रूवगो होइ ।**
**टंकविहूणो दव्वे वि न खलु एगंतछेउ त्ति ॥८८१॥**

द्रव्येण च टङ्केन च युक्तश्छेकः खलु रूपको भवति ।
टङ्कविहीनो द्रव्येऽपि न खलु एकान्तछेक इति ॥८८१॥

**अद्दव्वे टंकेण य, कूडो तेण उ विणा उ मुद्द त्ति ।**
**बालाइविप्पयारणमेत्तफला नियमओ होइ ॥८८२॥**

अद्रव्ये टङ्केन च कूटस्तेन तु विना तु मुद्रेति ।
बालादिविप्रतारणमात्रफला नियमतो भवति ॥८८२॥

સોનું કે રૂપું આદિ દ્રવ્યથી અને મુદ્રાથી (= છાપથી) યુક્ત રૂપિયો શુદ્ધ છે. સોનું કે રૂપું આદિ દ્રવ્ય હોય પણ મુદ્રા ન હોય તો રૂપિયો પૂર્ણ શુદ્ધ નથી. મુદ્રા હોય, પણ સુવર્ણ વગેરે દ્રવ્ય ન હોય તો પણ રૂપિયો પૂર્ણ શુદ્ધ નથી. મુદ્રા અને દ્રવ્ય એ બંનેથી રહિત રૂપિયો ચિહ્નમાત્ર છે. મુદ્રા (ચિહ્નમાત્ર) નિયમા બાલ વગેરે પ્રકારના જીવોને છેતરવાના ફળવાળી છે.

**વિશેષાર્થઃ**– રૂપિયાના ચાર પ્રકારમાં ફળ રૂપિયાના પ્રકાર પ્રમાણે જ મળે છે, અર્થાત્ પૂર્ણ શુદ્ધ રૂપિયાથી પૂર્ણ ફળ મળે છે. અપૂર્ણ શુદ્ધ રૂપિયાથી કાંઈક ઓછું ફળ મળે. અશુદ્ધ રૂપિયાથી જરાય ફળ ન મળે. તેવી જ રીતે ચૈત્યવંદનના પક્ષમાં શુદ્ધ કે અશુદ્ધ જે પ્રકારનું ચૈત્યવંદન હોય તે પ્રકારનું ફળ મળે. તથા જેમ ખોટા રૂપિયાથી બીજાને છેતરવાનું ફળ મળે છે તેમ અશુદ્ધ ચૈત્યવંદનથી પણ (અભયકુમારને ઠગનાર વેશ્યા આદિની જેમ) બાલ જીવો વગેરેને છેતરવાનું ફળ મળે છે. (૮૮૧-૮૮૨)

**एत्थ पुण वंदणाए, रुप्पसमो होइ चित्तबहुमाणो ।**
**टंकसमा विन्नेया, संपुन्ना बाहिरा किरिया ॥८८३॥**

अत्र पुनर्वन्दनायां रूप्यसमो भवति चित्तबहुमानः ।
टङ्कसमा विज्ञेया संपूर्णा बाह्या क्रिया ॥८८३॥

**दोण्हं पि समाओगो, सुवंदणा छेयरूवगसरिच्छा ।**
**बीयगरूवगतुल्ला, पमाइणो भत्तिजुत्तस्स ॥८८४॥**

द्वयोरपि समायोगः सुवन्दना छेकरूपकसदृक्षा ।
द्वितीयकरूपकतुल्या प्रमादिनो भक्तियुक्तस्य ।।८८४।।

અહીં વંદનામાં માનસિક બહુમાન સુવર્ણ (કે ચાંદી) સમાન છે, સંપૂર્ણ બાહ્યક્રિયા મુદ્રા સમાન છે. બંનેના યોગથી શુદ્ધ રૂપિયા સમાન સુવંદના છે. ભક્તિથી યુક્ત પ્રમાદી જીવોને બીજા રૂપિયા સમાન વંદના હોય છે. (૮૮૩-૮૮૪)

**लाभाइनिमित्ताओ, अखंडकिरियं पि कुव्वओ तइया ।**
**उभयविहूणा नेया, अवंदणा चेव तत्तेणं ॥८८५॥**

लाभादिनिमित्ताद् अखण्डक्रियामपि कुर्वतस्तृतीया ।
उभयविहीना ज्ञेया अवन्दना एव तत्त्वेन ।।८८५।।

ભૌતિક સુખનો લાભ આદિ નિમિત્તથી અખંડ પણ ક્રિયા કરનારને ત્રીજી વંદના હોય છે. શુદ્ધભાવ અને શુદ્ધ ક્રિયા એ બંનેથી રહિત વંદના પરમાર્થથી અવંદના જ જાણવી. (૮૮૫)

**एसो इह भावत्थो, कायव्वा देसकालमासज्ज ।**
**अप्पा वा बहुगा वा, विहिणा बहुमाणजुत्तेण ॥८८६॥**

एष इह भावार्थः कर्तव्या देशकालमासाद्य ।
अल्पा वा बहुका वा विधिना बहुमानयुक्तेन ।।८८६।।

અહીં ભાવાર્થ આ છે— દેશ-કાલને પામીને અલ્પ કે બહુ વંદના બહુમાન યુક્ત વિધિથી કરવી જોઈએ.

**વિશેષાર્થઃ**—ચૈત્યવંદનામાંનાની-મોટીનુંએટલુંમહત્ત્વનથીકેજેટલુંમહત્ત્વ બહુમાનયુક્ત વિધિનું છે. ચૈત્યવંદનમાં બહુમાન અને વિધિ એ બંનેનું ઘણું મહત્ત્વ છે. આનો ભાવ એ છે કે— બહુમાન અને વિધિથી રહિત મોટી ચૈત્યવંદના કરતાં

બહુમાન-વિધિયુક્ત નાની પણ ચૈત્યવંદનાનું ફળ અધિક છે. (૮૮૬)

**अन्नं च जिणमयम्मी, [१] चउव्विहं वन्नियं अणुट्ठाणं ।**
**पीइजुयं भत्तिजुयं, वयणपहाणं असंगं च ॥८८७॥**

अन्यच्च जिनमते चतुर्विधं वर्णितमनुष्ठानम् ।
प्रीतियुतम्, भक्तियुतम्, वचनप्रधानम्, असङ्गं च ॥८८७॥

१. एतच्चैवं संस्कृतम्–
तत्प्रीति-भक्ति वचना–ऽसंगोपपदं चतुर्विधं गीतम् ।
तत्त्वाभिज्ञैः परमपदसाधनं सर्वमेवैतत् ॥२॥

यत्राऽऽदरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्तुः ।
शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ॥३॥

गौरवविशेषयोगाद् बुद्धिमतो यद् विशुद्धतरयोगम् ।
क्रियये-तरतुल्यमपि ज्ञेयं तद् भक्त्यनुष्ठानम् ॥४॥

अत्यन्तवल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति ।
तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात् प्रीति-भक्तिगतम् ॥५॥

वचनात्मिका प्रवृत्तिः सर्वत्रौचित्ययोगतो या तु ।
वचनानुष्ठानमिदं चारित्रवतो नियोगेन ॥६॥

यत्त्वभ्यासातिशयात् सात्मीभूतमिव चेष्ट्यते सद्भिः ।
तदसंगानुष्ठानं भवति त्वेतत् तदावेधात् ॥७॥
चक्रभ्रमणं दण्डात् तदभावे चैव यत् परं भवति ।
वचना-ऽसंगानुष्ठानयोस्तु तद् ज्ञापकं ज्ञेयम् ॥८॥
षोडशकप्रकरणे दशमे षोडशे

**વળી બીજું–** જિનાગમમાં પ્રીતિયુક્ત, ભક્તિયુક્ત, વચનપ્રધાન અને અસંગ એમ ચાર પ્રકારના અનુષ્ઠાનનું વર્ણન કર્યું છે. (૮૮૭)

**जं कुणओ पीइरसो, वड्डइ जीवस्स उजुसहावस्स ।**
**बालाईण व रयणे, पीइअणुट्ठाणमेयं तु ॥८८८॥**

यत् कुर्वतः प्रीतिरसो वर्धते जीवस्य ऋजुस्वभावस्य ।
बालादीनामिव रत्ने प्रीत्यनुष्ठानमेतत् तु ॥८८८॥

બાળક વગેરેને રત્નમાં જેવી રીતે પ્રીતિ હોય તેવી રીતે સરળ સ્વભાવવાળા જીવનો જે અનુષ્ઠાન કરતાં (અનુષ્ઠાનમાં) પ્રીતિરસ વધે એ પ્રીતિ અનુષ્ઠાન છે.

**વિશેષાર્થઃ**– બાળક વગેરેને રત્નમાં જેવી રીતે પ્રીતિ હોય એ કથનનો ભાવાર્થ આ છે– બાળકને રત્નના મહત્ત્વનું જ્ઞાન હોતું નથી, કેવળ તેનો બહારનો ચળકાટ જોઈને તેને રત્ન ગમે છે. તેવી રીતે પ્રારંભમાં ધર્મમાં જોડાતા બાલ જીવોને ધર્મક્રિયાના મહત્ત્વનું વિશેષજ્ઞાન હોતું નથી. આમ છતાં કુદરતી રીતે જ તેને ધર્મક્રિયા પ્રત્યે પ્રેમ થાય છે, તેથી ધર્મક્રિયા કરે છે. ધર્મક્રિયા કરતાં કરતાં તેનો પ્રેમરસ વધતો જાય છે. (૮૮૮)

**बहुमाणविसेसाओ, मंदविवेगस्स भव्वजीवस्स ।**
**पुव्विल्लसमं करणं, भत्तिअणुट्ठाणमाहंसु ॥८८९॥**

बहुमानविशेषाद् मन्दविवेकस्य भव्यजीवस्य ।
पौर्वात्यसमं करणं भक्त्यनुष्ठानमाहुः ॥८८९॥

અલ્પવિવેકવાળા જીવનું વિશેષ બહુમાનથી કરાતું પ્રીતિ અનુષ્ઠાન તુલ્ય જે અનુષ્ઠાન તેને ભક્તિ અનુષ્ઠાન કહે છે. (૮૮૯)

**तुल्लं पि पालणाई, जाया-जणणीण पीइ-भत्तिगयं ।**
**पीई-भत्तिसु(जु)याणं, भेओ नेओ तहेहं पि ॥८९०॥**

तुल्यमपि पालनादि जाया-जनन्योः प्रीति-भक्तिगतम् ।
प्रीति-भक्तियुतयोः भेदो ज्ञेयस्तथेहाऽपि ॥८९०॥

જેવી રીતે પત્ની અને માતા એ બંનેની ભોજનાદિ દ્વારા પાલનાદિની

ક્રિયા સમાન હોવાં છતાં પત્નીની પાલનાદિ ક્રિયા પ્રીતિવાળી છે, અને માતાની પાલનાદિની ક્રિયા ભક્તિવાળી છે, તેમ અહીં પણ પ્રીતિ-ભક્તિયુક્ત જીવોનો ભેદ જાણવો.

**વિશેષાર્થઃ**– કોઈ યુવાન પુરુષ પત્ની અને માતા એ બંનેનું પાલન વગેરે કરે છે. એથી એ બંનેના પાલન આદિ માટે થતી યુવાનની બાહ્ય ક્રિયા એક સરખી હોય છે, આમ છતાં બંને પ્રત્યે ભાવમાં અંતર હોય છે. પત્ની પ્રત્યે પ્રીતિનો અને માતા પ્રત્યે ભક્તિનો ભાવ હોય છે. માતા પ્રત્યે ભક્તિનો ભાવ હોવાથી પત્નીના પાલનની ક્રિયાની અપેક્ષાએ માતાના પાલનની ક્રિયામાં ચોક્કસાઈ, કાળજી વગેરે દ્વારા વિશેષ વિશુદ્ધિ હોય છે.

તેવી જ રીતે ધર્મક્રિયામાં બાહ્ય ક્રિયા સમાન હોવા છતાં જે ધર્મક્રિયામાં વિશેષ બહુમાનભાવ ન હોય પણ પ્રીતિ હોય તે પ્રીતિ અનુષ્ઠાન છે, અને વિશેષ બહુમાનથી કરાતું તે જ અનુષ્ઠાન ભક્તિ અનુષ્ઠાન છે. અહીં અનુષ્ઠાનમાં ભેદ બાહ્યક્રિયાના કારણે નથી, કિંતુ અંતરના ભાવના કારણે છે. જે અનુષ્ઠાનમાં પ્રીતિની પ્રધાનતા હોય તે પ્રીતિ અનુષ્ઠાન અને જે અનુષ્ઠાનમાં બહુમાનની પ્રધાનતા હોય તે ભક્તિ અનુષ્ઠાન છે. એથી જ પ્રીતિથી કરાતા અનુષ્ઠાનમાં જો વિશેષ બહુમાનભાવ થઈ જાય તો તે જ અનુષ્ઠાન ભક્તિ અનુષ્ઠાન બની જાય. આથી જ અહીં ૮૮૯મી ગાથામાં કહ્યું કે– "વિશેષ બહુમાનથી કરાતું પ્રીતિ અનુષ્ઠાન તુલ્ય જે અનુષ્ઠાન તેને ભક્તિ અનુષ્ઠાન કહે છે." (૮૯૦)

**जो पुण जिणगुण(? गण) चेईसुत्तविहाणेण वंदणं कुणइ ।**
**वयणाणुट्ठाणमिणं, चरित्तिणो होइ नियमेण ॥८९१॥**

यः पुनर्जिनगुण (?गण)चैत्येषूक्तविधानेन वन्दनां करोति ।
वचनानुष्ठानमिदं चारित्रिणो भवति नियमेन ॥८९१॥

જિનસમૂહવાળા જિનમંદિરોમાં જે ઉક્તવિધિથી ચૈત્યવંદન કરે છે તેનું ચૈત્યવંદન વચન અનુષ્ઠાન છે. આ વચન અનુષ્ઠાન નિયમા ચારિત્રીને = સાધુને હોય છે.

**વિશેષાર્થઃ**— ગાથામાં ગુણ શબ્દ સ્થાને ગણ શબ્દ હોવો જોઈએ એમ મને જણાય છે. એથી અનુવાદમાં ગણ શબ્દના આધારે અર્થ કર્યો છે. (૮૯૧)

**जं पुण अब्भासरसा, सुयं विणा कुणइ फलनिरासंसो ।**
**तमसंगाणुट्ठाणं, विन्नेयं निउणदंसीहिं ॥८९२॥**

यत् पुनरभ्यासरसात् श्रुतं विना करोति फलनिराशंसः ।
तदसङ्गानुष्ठानं विज्ञेयं निपुणदर्शिभिः ।।८९२।।

ફલની આશંસાથી રહિત જીવ અનુષ્ઠાનનો અતિશય અભ્યાસ થવાના કારણે શ્રુત વિના (= શાસ્ત્રનું સ્મરણ કર્યા વિના) સહજ ભાવથી જે અનુષ્ઠાન કરે તેને સૂક્ષ્મદર્શીઓએ અસંગ અનુષ્ઠાન જાણવું.

**વિશેષાર્થઃ**— રસ શબ્દનો પ્રાકૃત શબ્દકોષમાં સ્વભાવ એવો અર્થ બતાવ્યો છે. સ્વભાવ એટલે સહજભાવ. (૮૯૨)

**कुंभारचक्कभमणं, पढमं दंडा तओ वि तयभावे ।**
**वयणा-ऽसंगाणुट्ठाणभेयकहणे इमं नायं ॥८९३॥**

कुम्भकारचक्रभ्रमणं प्रथमं दण्डात् ततोऽपि तदभावे ।
वचना-ऽसङ्गानुष्ठानभेदकथने इदं ज्ञातम् ।।८९३।।

કુંભારના ચક્રનું ભ્રમણ પહેલાં દંડથી થાય છે. પછી દંડ વિના જ ચક્રભ્રમણ થાય છે. વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાનમાં ભેદ કહેવામાં આ (= ચક્રભ્રમણ) દૃષ્ટાંત છે.

**વિશેષાર્થઃ**— કુંભાર ઘડો બનાવવા માટે પહેલાં દંડથી ચક્રને ફેરવે છે. એથી ચક્ર જોશથી ભમવા લાગે છે. પછી દંડ વિના જ સ્વયં ચક્ર ભમ્યા કરે છે. તેવી રીતે પ્રસ્તુતમાં વચન અનુષ્ઠાનમાં દરેક અનુષ્ઠાન "આ અનુષ્ઠાન શાસ્ત્રમાં આ પ્રમાણે કરવાનું કહ્યું છે" એમ શાસ્ત્રને યાદ કરીને થાય છે. અસંગ અનુષ્ઠાનમાં દરેક અનુષ્ઠાન શાસ્ત્રને યાદ કર્યા વિના જ સહજ ભાવે થાય છે. અસંગ અનુષ્ઠાનમાં સંસ્કાર એટલા બધા દૃઢ થઈ ગયા હોય છે કે અનુષ્ઠાન કરતી

વખતે શાસ્ત્રસ્મરણની જરૂર જ રહેતી નથી. જેમ પ્રારંભમાં ચક્રને ફેરવવા દંડની પ્રેરણાની જરૂર રહે છે, ભ્રમણનો વેગ વધી ગયા પછી દંડની પ્રેરણા વિના પણ સંસ્કારથી જ તે ફરે છે, તેમ પ્રસ્તુતમાં પ્રારંભમાં ઉચિત અનુષ્ઠાન માટે શાસ્ત્રપ્રેરણાની આવશ્યક્તા રહે છે. શાસ્ત્રપ્રેરણાથી અનુષ્ઠાનના સંસ્કાર અતિશય દૃઢ થઈ ગયા પછી આત્મામાં એ અનુષ્ઠાનના સંસ્કાર અતિશય દૃઢ થઈ જવાથી, જેમ ચંદનમાં સુગંધ સ્વાભાવિક હોય છે તેમ, સહજપણે અનુષ્ઠાન થયા કરે છે. જિનકલ્પી આદિ વિશિષ્ટ સાધુને અસંગ અનુષ્ઠાન હોય છે. (૮૯૩)

**पढमं भावलवाओ, पायं बालाइयाण संभवइ ।**
**तत्तो वि उत्तरुत्तरसंपत्ती नियमओ होइ ॥८९४॥**

प्रथमं भावलवात् प्रायः बालादिकानां संभवति ।
ततोऽपि उत्तरोत्तरसंप्राप्तिर्नियमतो भवति ॥८९४॥

બાલ વગેરે જીવોને પહેલાં થોડો ભાવ થવાથી પ્રાયઃ પ્રીતિ અનુષ્ઠાન સંભવે છે. ત્યારબાદ પછી પછીના અનુષ્ઠાનની પ્રાપ્તિ નિયમા થાય છે. (૮૯૪)

**तम्हा चउव्विहं पि हु, नेयमिणं पढमरूवगसमाणं ।**
**जम्हा मुणीहिं सव्वं, परमपयनिबंधणं भणियं ॥८९५॥**

तस्मात् चतुर्विधमपि खलु नेय(ज्ञेय)मिदं प्रथमरूपकसमानम् ।
यस्माद् मुनिभिः सर्वं परमपदनिबन्धनं भणितम् ॥८९५॥

તેથી ચારે પ્રકારનું અનુષ્ઠાન પહેલા રૂપિયા સમાન જાણવું. કારણકે મુનિઓએ સર્વ (= ચારેય) અનુષ્ઠાનને મોક્ષનું કારણ કહ્યું છે. (૮૯૫)

**बीयगरूवसमं पि हु, सम्माणुट्ठाणकारणत्तेण ।**
**एगंतेण न दुट्ठं, पुव्वायरिया जओ बेंति ॥८९६॥**

द्वितीयकरूपसममपि खलु सम्यगनुष्ठानकारणत्वेन ।
एकान्तेन न दुष्टं पूर्वाचार्या यतो ब्रुवते ॥८९६॥

બીજા રૂપિયા સમાન અનુષ્ઠાન પણ શુદ્ધ અનુષ્ઠાનનું કારણ હોવાથી એકાંતે દુષ્ટ નથી. કારણકે પૂર્વાચાર્યો (નીચે પ્રમાણે) કહે છે. (૮૯૬)

**असढस्स अपरिसुद्धा, किरिया सुद्धाएँ कारणं होइ ।**
**अ(ज)त्तो विमलं रयणं, सुहेण बज्झं मलं चयइ ॥८९७॥**

अशठस्य अपरिशुद्धा क्रिया शुद्धायाः कारणं भवति ।
यतो विमलं रत्नं सुखेन बाह्यं मलं त्यजति ॥८९७॥

સરળ જીવની અશુદ્ધ ક્રિયા શુદ્ધ ક્રિયાનું કારણ થાય છે. કારણકે નિર્મલરત્ન સુખપૂર્વક બાહ્યમલનો ત્યાગ કરે છે. (૮૯૭)

**तइयगरूवगतुल्ला, मायामोसाएँ दोससंसत्ता ।**
**कारिमरूवयववहारिणो व्व कुज्जा महाणत्थं ॥८९८॥**

तृतीयकरूपकतुल्या मायामृषया दोषसंसक्ता ।
कृत्रिमरूपकव्यवहारिण इव कुर्याद् महानर्थम् ॥८९८॥

ત્રીજા રૂપિયા સમાન ક્રિયા માયા-મૃષાવાદના કારણે દોષસંસક્ત છે, અને ખોટા રૂપિયાનો વ્યવહાર કરનારની જેમ મહાન અનર્થને કરે છે.

**વિશેષાર્થઃ**— બજારમાં ખોટો રૂપિયો ચલાવનારને જેવી રીતે અપકીર્તિ અને દંડ વગેરે અનર્થ થાય છે તેવી રીતે ત્રીજા રૂપિયા જેવી ધર્મક્રિયા મહાન અનર્થને કરે છે. પૂર્વે ૮૮૫મી ગાથામાં કહ્યું છે કે— ભૌતિક સુખના લાભ માટે ધર્મક્રિયા કરનારને ત્રીજા રૂપિયા સમાન ક્રિયા હોય છે. ભૌતિક સુખના લાભ માટે ધર્મક્રિયા કરનારને ધર્મક્રિયાના પ્રભાવથી પુણ્યનો (=સાતાવેદનીય વગેરેનો) બંધ થાય છે, અને સાથે અશુદ્ધભાવના કારણે મોહનીયકર્મ પણ બંધાય છે. પછી જ્યારે પુણ્યનો ઉદય થાય ત્યારે મોહનીયકર્મનો પણ ઉદય થાય છે. મોહનીય કર્મના ઉદયથી ભૌતિક સુખ ભોગવવામાં રાગ વગેરે અને જીવહિંસા વગેરે પાપો કરે છે. એથી તે મૃત્યુ પામીને દુર્ગતિમાં જાય છે. આમ ત્રીજા રૂપિયા સમાન ક્રિયા મહાન અનર્થ કરે છે. (૮૯૮)

**होइ य पाएणेसा, अन्नाणाओ असद्दहाणाओ ।**
**कम्मस्स गुरुत्ताओ, भवाभिनंदीण जीवाणं ॥८९९॥**

भवति च प्रायेणैषा अज्ञानाद् अश्रद्धानात् ।
कर्मणो गुरुत्वाद् भवाभिनन्दिनां जीवानाम् ।।८९९।।

ત્રીજા રૂપિયા સમાન ધર્મક્રિયા અજ્ઞાનતાથી, અશ્રદ્ધાથી અને ભારે કર્મોનાં કારણે પ્રાયઃ ભવાભિનંદી જીવોને હોય છે. (૮૯૯)

**उभयविहूणा उ पुणो, नियमाराहणविराहणारहिया ।**
**विसयब्भासगुणाओ, कयाइ होज्जा सुहनिमित्तं ॥९००॥**

उभयविहीना तु पुनर्नियमाराधनविराधनारहिता ।
विषयाभ्यासगुणात् कदाचिद् भवेत् शुभनिमित्तम् ।।९००।।

શુદ્ધભાવ અને શુદ્ધવિધિ એ ઉભયથી રહિત ક્રિયા નિયમા આરાધનાથી અને વિરાધનાથી રહિત છે. વિષયાભ્યાસગુણના કારણે ક્યારેક શુભનું (= શુદ્ધભાવ-શુદ્ધક્રિયાનું) કારણ બને છે.

**વિશેષાર્થઃ**— સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસ એમ ત્રણ પ્રકારે ધર્મનાં અનુષ્ઠાનો છે. તેમાં પહેલા કરતાં બીજું અને બીજાથી ત્રીજું શ્રેષ્ઠ છે. માતા-પિતાદિપ્રત્યે વિનય વગેરેનો સતત અભ્યાસ=પ્રવૃત્તિ તે સતતાભ્યાસ. શ્રી અરિહંતરૂપ વિષયમાં અભ્યાસ તે વિષયાભ્યાસ. અર્થાત્ અરિહંતની પૂજા વગેરે પ્રવૃત્તિ વિષયાભ્યાસ છે. ભાવનો અભ્યાસ = પરિશીલન તે ભાવાભ્યાસ. અર્થાત્ સંસાર પ્રત્યે વૈરાગ્યપૂર્વક સમ્યગ્દર્શનાદિભાવોનું પરિશીલન કરવું તે ભાવાભ્યાસ. વ્યવહાર નયથી સતતાભ્યાસ વગેરે ત્રણે અનુષ્ઠાનો ધર્મરૂપ છે. નિશ્ચયનયથી ભાવાભ્યાસ જ ધર્મરૂપ છે. (ઉ. પ. ગા. ૯૪૯ વગેરે) (૯૦૦)

**जह सावगस्स पुत्तो, बहुसो जिणबिंबदंसणगुणेणं ।**
**अकयसुकओ वि मरिउं, मच्छभवे पाविओ सम्मं ॥९०१॥**

यथा श्रावकस्य पुत्रो बहुशो जिनबिम्बदर्शनगुणेन ।
अकृतसुकृतोऽपि मृत्वा मत्स्यभवे प्राप्तः सम्यक्त्वम् ।।९०१।।

જેમકે— શ્રાવકનો પુત્ર જિનબિંબના વારંવાર દર્શનગુણથી સુકૃત ન કર્યું હોવા છતાં મરીને માછલાના ભવમાં સમ્યક્ત્વને પામ્યો.

**વિશેષાર્થઃ- શ્રાવક પુત્રનું દૃષ્ટાંત આ પ્રમાણે છે—**

એક શેઠ જિનધર્મમાં અતિશય શ્રદ્ધાળુ હતા. પણ તેમનો પુત્ર તેમનાથી વિપરીત હતો. તેને ધર્મ પ્રત્યે જરાય શ્રદ્ધા ન હતી. એટલું જ નહિ, વધારામાં તે સાતેય વ્યસનમાં પૂરો હતો. શેઠ તેને ધર્મ કરવા માટે ઘણું સમજાવતા હતા, પણ તેની કોઈ અસર થતી ન હતી. ધર્મ પામવાની આવી સુંદર સામગ્રી પામ્યા પછી પણ આ જીવ ધર્મ નહિ પામે તો મરીને દુર્ગતિમાં જશે એ વિચારથી શેઠનું હૃદય બળતું હતું. શેઠે કોઈ પણ રીતે તેને ધર્મ પમાડવાનો નિર્ણય કર્યો. શેઠે તેને કહ્યું તું બીજું કાંઈ ન કરે તો પણ રોજ મંદિરમાં જઈને ભગવાનના દર્શન તો કર. છોકરાએ તે પણ ન માન્યું. આથી શેઠે ઘરમાં પેશવાના દરવાજાની સામે જ સારા સ્થાને જિનપ્રતિમા સ્થાપન કરી. શેઠને એમ હતું કે— ઘરમાં ભગવાન હશે અને તે પણ દરવાજાની તદ્દન સામે હશે તો છોકરો દર્શન-વંદન કરશે. પણ શેઠની આ ધારણા ખોટી પડી. છોકરો રોજ જિનમૂર્તિને જુએ છે, પણ બે હાથ જોડીને નમતો નથી, સ્તુતિ-વંદન કરતો નથી. આથી શેઠે ઈચ્છા વિના પણ છોકરો જિનપ્રતિમાને નમે એ આશયથી ઘરમાં પેશવાનું બારણું નીચું કરાવ્યું. આથી છોકરો નીચે નમીને પેશે છે. સામે જ જિનમૂર્તિ છે. આમ શેઠ દરરોજ ભાવ વિના પણ છોકરાને જિનમૂર્તિ સામે નમાવે છે. છોકરો આ રીતે જીવન પર્યંત ભાવ વિના જ જિનમૂર્તિને નમ્યો. મરીને તે અંતિમ સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલારૂપે ઉત્પન્ન થયો.

નળિયા અને બંગડી એ બે સિવાય દરેક વસ્તુના આકારવાળા માછલાં સ્વયંભૂરમણ સમુદ્રમાં હોય છે. એકવાર જિનમૂર્તિના આકારવાળા માછલાને જોઈને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવનો વૃત્તાંત જાણીને તેને ખૂબ પશ્ચાત્તાપ

થયો. અહો ! મારા પિતાએ મને ધર્મ પમાડવાનો ઘણો પ્રયત્ન કર્યો. પણ હું ધર્મ ન પામ્યો. આથી અત્યારે આ સ્થિતિ પામ્યો છું. જો મેં ભાવથી જિનપૂજા-ભક્તિ કરી હોત તો મારી આ સ્થિતિ ન થાત. હવે માછલાના ભવમાં શો ધર્મ થાય ? કંઈ નહિ, જે થવાનું હતું તે થઈ ગયું. હવે આ ભવમાં પણ જેટલો ધર્મ થાય તેટલો ધર્મ કરી લઉં. પછી તેણે જલમાંથી બહાર નીકળીને અનશન કર્યું, ત્રણ દિવસ અનશન પાળી સમાધિથી મરીને તે જીવ દેવલોકમાં ઉત્પન્ન થયો.

અવધિજ્ઞાનથી પૂર્વભવની વિગત જાણીને દેવલોકમાં રહેલી શાશ્વતી જિનપ્રતિમાઓની વિશેષ રૂપે ભક્તિ કરવા લાગ્યો. એકવાર તેણે સમવસરણમાં બિરાજમાન જિનની પાસે આવીને બાર પર્ષદા સમક્ષ જિનને કહ્યું: હે પ્રભુ ! આપની મૂર્તિ પણ સાક્ષાત્ પ્રભુની જેમ ભવ્ય જીવોનું કલ્યાણ કરે છે, એમ હું માનું છું. કારણકે આનો મને જાત અનુભવ થયો છે. પછી તે જિનસમક્ષ નૃત્ય કરીને સ્વર્ગમાં ગયો. સભાએ ભગવાનને એ દેવની વિગત પૂછી, એટલે ભગવાને તેનો સઘળો વૃત્તાંત કહ્યો. (૯૦૧)

**संपुन्नवंदणविही, भणिओ एसो गुरूवएसेण ।**
**संपुन्नो कायव्वो, संपुन्नफलत्थिणा निच्चं ॥९०२॥**

संपूर्णवन्दनविधिर्भणित एष गुरूपदेशेन ।
संपूर्णः कर्तव्यः संपूर्णफलार्थिना नित्यम् ।।९०२।।

ગુરુના ઉપદેશથી ચૈત્યવંદનનો આ સંપૂર્ણ વિધિ કહ્યો. સંપૂર્ણ ફલના અર્થીએ નિત્ય સંપૂર્ણ વિધિ કરવી જોઈએ. (૯૦૨)

**पवयणववहाराओ, बज्झं जं किंचि इह मए रइयं ।**
**तं सोहिंतु समत्थं, मज्झत्था जे सुगीयत्था ॥९०३॥**

प्रवचनव्यवहाराद् बाह्यं यत् किंचिद् इह मया रचितम् ।
तत् शोधयन्तु समस्तं मध्यस्था ये सुगीतार्थाः ।।९०३।।

અહીં મારાથી આગમ અને આચરણાથી બાહ્ય જે કંઈ રચાયું હોય તે

સર્વને મધ્યસ્થ સુગીતાર્થો સુધારે.

**વિશેષાર્થ:**— આગમમાં જે ન કહ્યું હોય, અથવા જેની આચરણા ન હોય તેવું અહીં જે કંઈ કહેવાયું હોય તેને સુધારવાની ગ્રંથકારે મધ્યસ્થ સુગીતાર્થોને વિનંતિ કરી છે. (૯૦૩)

**संघसमायारमिमं, कहिऊण मए जमज्जियं पुन्नं ।**
**संघम्मि सुद्धभत्ती, सिद्धफला मे तओ होज्जा ॥९०४॥**

सङ्घसमाचारमिमं कथयित्वा मया यदर्जितं पुण्यम् ।
सङ्घे शुद्धभक्तिः सिद्धफला मम ततो भूयात् ॥९०४॥

સંઘના આ સમ્યક્ આચારને કહીને મારાથી જે પુણ્ય ઉપાર્જિત કરાયું તેનાથી મારી સંઘમાં સિદ્ધફલવાળી (= મોક્ષફળવાળી) શુદ્ધ ભક્તિ થાઓ. (૯૦૪)

**संघो महाणुभावो, तित्थंकरवंदिओ तदायारो ।**
**सूइज्जंतो सम्मं, रिसिगुणसंपायगो होइ ॥९०५॥**

सङ्घो महानुभावस्तीर्थङ्करवन्दितस्तदाचारः ।
सूच्यमानः सम्यग् ऋषिगुणसंपादको भवति ॥९०५॥

સંઘ માહાત્મ્યવાળો છે અને તીર્થંકરથી વંદાયેલ છે. સમ્યગ્ સૂચન કરાતો આવા શ્રી સંઘનો આચાર મુનિગણનો સંપાદક થાય છે, અર્થાત્ શ્રીસંઘના આચારનું પાલન કરનાર જીવ મુનિના ક્ષમા વગેરે ગુણોને (= ચારિત્રને) પામે છે.

**વિશેષાર્થ:**— તીર્થંકર દેશના પહેલાં नमो तित्थस्स = "તીર્થને (= સંઘને) નમસ્કાર હો" એમ કહીને સંઘને વંદન કરે છે. તીર્થંકર સંઘને વંદન કરે છે તેનાં કારણો આ ગ્રંથની છઠ્ઠી ગાથાના વિશેષાર્થમાં જણાવ્યાં છે. (૯૦૫)

**जो अवमन्नइ संघं, अन्नाणतमोहमोहिओ जीवो ।**
**सो पावइ दुक्खाइं, सगरसुयाणं व संदाहो ॥९०६॥**

योऽवमन्यते सङ्घमज्ञानतमओघमोहितो जीवः ।
स प्राप्नोति दुःखानि सगरसुतानामिव संदाहः ।।९०६।।

અજ્ઞાનરૂપી અંધકારના સમૂહથી મુગ્ધ કરાયેલો જે જીવ સંઘની અવજ્ઞા કરે છે તે દુઃખોને પામે છે. જેમકે સગરચક્રીના પુત્રોનો સારી રીતે દાહ થયો, અર્થાત્ જ્વલનપ્રભદેવની વિષમય દૃષ્ટિથી સગરચક્રીના પુત્રો બળી ગયા.

**વિશેષાર્થઃ**— સગરચક્રીના પુત્રોનો પ્રસંગ આ પ્રમાણે છે— સગરચક્રીના જહ્નુ વગેરે સાઠ હજાર પુત્રોએ પોતાના પૂર્વજોએ બનાવેલાં તીર્થોમાં દર્શન-વંદન કરવા વિશાળ સૈન્ય આદિ સહિત પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં અષ્ટાપદ પર્વત પાસે આવ્યા. ભરતે કરાવેલા સિંહનિષદ્યા નામના જિનમંદિરમાં જિનોની દર્શન-વંદન-પૂજન આદિથી ભક્તિ કરી. જહ્નુકુમારે પોતાના બંધુઓને કહ્યુંઃ દિવસો જતાં આપણા પૂર્વજોના ધર્મસ્થાનનો કોઈ નાશ કરશે, લોભી મનુષ્યોને સો યોજન પણ કાંઈ દૂર હોતા નથી, માટે અહીં આપણે રક્ષા કરવા માટે એક મજબૂત ખાઈ આ તીર્થની ફરતી ખોદીએ.' આવો પરસ્પર વિચાર કરી ચક્રવર્તી સગરના પુત્રો વાહન અને પરિવાર સહિત મોટી ખાઈ ખોદવાનો ઉદ્યમ કરવા લાગ્યા. પૃથ્વીના પિંડ જેટલી ઊંડી ખાઈ ખોદાતાં તેઓના ઘાથી નીચે નાગલોકમાં રજની વૃષ્ટિ થવા માંડી. તેથી નાગના મણિને મલિન કરતો, તેમની આંખોને ઢાંકી દેતો અને કોપની વૃદ્ધિ કરવામાં ચૂર્ણસમાન એવો ધૂળનો સમૂહ છિદ્રમાં પડવા માંડ્યો. તે વખતે આકુળવ્યાકુળ થયેલાં નાગકુલોમાં મોટો કોલાહલ થયો, તે કારણને લીધે તેના સર્વ સ્વામીઓ પણ કોપ કરવા લાગ્યા. તેથી જ્વલનપ્રભ નામે નાગપતિ ઘણા કોપથી પ્રજ્વલિત થયો. અવધિજ્ઞાનવડે રજ પડવાનું કારણ વિચારતાં ચક્રવર્તીના પુત્રો તેના કારણ તરીકે તેના જાણવામાં આવ્યા એટલે તત્કાલ તે નાગપતિ કોપ છોડી દઈને વેગથી ત્યાં આવ્યો અને નમ્રતાથી મીઠાં વચને તેણે સગરચક્રવર્તીના પુત્રોને કહ્યુંઃ 'અરે વત્સો ! ચક્રવર્તીના પુત્રો ! તમે ઉત્તમ એવા ભરતના વંશજ છો, અને વિવેકી છો, છતાં આવો મોટો ઉદ્યમ શા માટે આરંભ્યો છે ? તમારા ખોદવાના ઘાતથી આજે નાગલોક પીડાય છે, માટે સ્નેહવૃદ્ધિ કરવા સારુ આ પ્રયાસથી તમે અટકો. અમારા

સ્વામી શ્રી યુગાદીશ છે; અમે તેમના સેવકો છીએ અને તમે તેમના કુલમાં ઉત્પન્ન થયા છો; તેથી આપણો સ્નેહ સ્થિર છે,' આ પ્રમાણે કહીને તેના ગયા બાદ તે સર્વે સગરના પુત્રો ખોદવાના કામથી વિરામ પામ્યા, પરંતુ થોડીવારે પાછા એકઠા મળીને કુમારો વિચાર કરવા લાગ્યા કે; 'આ ખાઈ જળ વગરની છે, તેથી કાળે કરીને પૂરાઈ જવાથી કોઈ વખત ઉલ્લંઘન કરી શકાય તેવી થઈ જશે, કેમકે, ત્રણ જગતમાં લોભીને અસાધ્ય શું છે ?' આવો વિચાર કરી જહ્નુકુમારે દંડરત્નવડે સમુદ્રમાંથી ગંગાનદીનો પ્રવાહ ખેંચી લાવી તેના જળવડે એકદમ તે ખાઈ પૂરી દીધી. હવે પોતાનાં ભવનો ભાંગવાથી નાગકુમાર દેવો તે સમયે ક્ષોભ પામ્યા અને કાદવ પડવાથી આર્ત્તનાદપૂર્વક જ્વલનપ્રભદેવ કુપિત થયો. તેણે વિચાર્યું કે,' અરે ! આ સગરચક્રવર્તીના પુત્રો મૂર્ખ અને રાજ્યમદે કરીને ભરેલા જણાય છે. અમારૂ કહેવું ઘટિત છતાં તેઓ તે માનતા નથી, માટે મદને ધિક્કાર છે.' આ પ્રમાણે ચિંતવી જ્વલનપ્રભ બીજા નાગપતિઓ સહિત મોટા કોપથી ફણાના આટોપને ધારણ કરતો, તેમજ ફુંફાડા મારતો એકદમ પાતાલમાંથી નીકળીને ત્યાં આવ્યો, પછી પોતાની વિષમય દૃષ્ટિથી એકસાથે સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રોને બાળી નાખ્યા. આવો મહાદાહ કરીને જ્વલનપ્રભ નાગપતિ પોતાના સ્થાનકમાં પાછો ચાલ્યો ગયો.

એકવાર સગરચક્રી દેશના બાદ શ્રી અજિતનાથને પૂછવા લાગ્યાઃ 'હે સ્વામી ! આ જગત સર્વ કર્મને આધીન છે, તો આ મારા સાઠ હજાર પુત્રોએ એકીસાથે તેવું શું કરેલુ હતું કે જેથી તેઓને તે કર્મ એકસાથે મૃત્યુદાયક થઈ પડ્યું ?' આ પ્રમાણે પૂછાયેલા, અને જ્ઞાન વડે જોયા છે ત્રણ લોક જેમણે એવા અજિતનાથ પ્રભુએ તેવા પ્રકારના કર્મબંધનના કારણરૂપ તેઓના ભવો આ પ્રમાણે કહ્યાં—

કોઈ એક પલ્લીમાં (નેહડામાં) ચોરીનો ધંધો કરનારા, નિર્દય અને પોતાના દુષ્ટ ચિત્તમાં નિરંતર પરધન અને પરસ્ત્રીનું જ ધ્યાન ધરનારા એવા આ સાઠ હજાર ભીલ્લો હતા. એક વખતે તે ભિલ્લોએ ઘણા દ્રવ્યથી ભરપૂર કોઈ સંઘ ભદ્દિલપુરથી શત્રુંજય તરફ જતો જોયો. લોભ વડે અંધ થયેલા તે લૂંટારાઓ વિચાર કરવા લાગ્યા કે, 'આ સંઘને માર્ગમાં જતાં રાત્રિએ આપણે લૂંટી લેવો.'

સાઠ હજાર ભીલ્લોએ તે વચન કબૂલ કર્યું. તે વખતે તે સાંભળી કોઈ ભદ્રક કુંભારે કહ્યું કે, 'આપણા આવા વિચારને ધિક્કાર છે, આપણી પાસે બીજું ધન હોવા છતાં પણ આવી રીતે યાત્રાળુ લોકોને આપણે લૂંટીએ છીએ તે કોઈ રીતે સારું નથી. આ સારા આશયવાળા યાત્રિકો પોતાનું ધન ઉત્તમ ક્ષેત્રમાં વાવશે, તે ધન આપણે ગ્રહણ કરીએ તે મોટું અધર્મીપણું છે. પૂર્વના પાપથી આપણને હમણાં આવો કુત્સિત જન્મ તો મળેલો છે, છતાં પાછાં આવા લૂંટારાપણાના પાપ વડે આપણી શી ગતિ થશે ? આ યાત્રાળુઓ પૂર્વના પુણ્યાનુબંધી પુણ્યથી અહીં દાનવીર થયેલા છે અને આ ભવમાં આ તીર્થરાજની યાત્રા કરવાથી આગામી ભવમાં પણ પાછા સુખી થશે. હે મિત્રો ! કદી તમે મને સર્વથા કાયર અને ભીરુ કહો તથાપિ આ કાર્ય કરવામાં તો હું તમને અનુસરનાર કે અનુમતિ આપનાર થઈશ નહિ.' આ પ્રમાણે બોલતા અને પોતાના વિચારથી જુદા પડેલા તે કુંભારને કારાગૃહની જેવા પોતાના નેહડામાંથી તે લોકોએ સર્વથા કાઢી મૂક્યો. પછી તે ઉદ્ધત અને કપટપૂર્વક ઘા કરનારા પાપીઓએ ભેગા મળીને નજીકમાં છે રસ્તો જેનો એવા તે શ્રી સંઘને જતો લૂંટી લીધો. તે વખતે જેમ દુરાચારથી યશ અને પિશુનપણાથી સદ્‌ગુણ નાશ પામે, તેમ તેઓના આવી પડવાથી સંઘના લોકો દરેક દિશાઓમાં નાસવા લાગ્યા. તે સંઘને લૂંટીને પાપના સમૂહથી દુષ્ટ બુદ્ધિવાળા તે વક્ર ગતિવાળા નારકની જેમ પોતાના સ્થાને આવ્યા.

આ બાજુ ભદ્દિલપુરના રાજાએ તે ખબર સાંભળીને મોટા સૈન્ય સાથે વેગથી આવી તેઓની પલ્લી ઉપર ઘેરો નાંખ્યો. તે મોટા સૈન્યને જોઈ સર્વ લૂંટારા ભિલ્લો ઘણો ભય પામીને નિગોદના જીવોની પેઠે પોતાના કિલ્લામાં ભરાઈ રહ્યા. તે વખતે જાણે તેમનાં કુકર્મોએ પ્રેર્યો હોય તેમ વાયુથી પ્રેરાયેલો અગ્નિ તે નગરની અંદર લોકોને બાળતો ઊંચે જવા લાગ્યો. જેમ પુણ્યને ક્રોધ અને સદ્‌ગુણોને દુર્જન બાળે, તેમ એ અગ્નિ જળથી વારવા છતાં પણ તે પુરને બાળવાને સમર્થ થયો. અગ્નિથી બળતા તે ભિલ્લો ધૂમાડાવડે આકુલવ્યાકુલ થઈ કુંભીપાકના દુઃખને સહન કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, 'પાપી એવા આપણને ધિક્કાર છે કે આપણે આ સંઘને લૂંટ્યો, મહાદારુણ કુકર્મનું આ ફળ

શીઘ્ર આપણને મળ્યું. નિર્લોભી અને પુણ્યવાન તે બિચારો કુંભાર આપણને વારતો હતો, તથાપિ કુકર્મી જનો જેમ ઉત્તમ પુરુષને કાઢી મૂકે તેમ આપણે તેને કાઢી મૂક્યો.'

આ પ્રમાણે ધ્યાનમાં તત્પર તે કિરાત લોકો સર્વ પરિવાર સહિત અગ્નિરૂપ શસ્ત્ર વડે એકીસાથે મૃત્યુ પામ્યા. **'કર્મની સ્થિતિ એવી જ છે.'** જે સંઘ શ્રી અરિહંતને પણ પૂજ્ય છે અને જે તીર્થનું પણ તીર્થ છે, તેવા સંઘનું જે અહિત કરે છે, તે ખરેખરા નારકો જ છે, માટે સર્વદા સંઘની આરાધના કરવી, કદીપણ તેની વિરાધના કરવી નહિ, સંઘની આરાધનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે અને તેની વિરાધનાથી નરક પ્રાપ્ત થાય છે. જેઓ તીર્થે જતા યાત્રાળુઓને માર્ગમાં પીડે છે, તેઓ ગોત્રસહિત વિનાશ પામે છે અને અવશ્ય કુગતિમાં જાય છે.

અગ્નિથી મરીને પશ્ચાત્તાપની પીડાથી તેઓ નરકમાં ગયા. ત્યાંથી નીકળી સમુદ્રમાં માછલાં થયા. માછીમાર લોકોએ તે સર્વને એકસાથે જાળમાં બાંધી લીધાં. ત્યાંથી કર્ણશૃગાલી (=એક જાતનું જનાવર) થયા. ત્યારબાદ આ રીતે ઘણા ભવોમાં ભમીને પાછા શિકારમાં તત્પર એવા તેઓ ભિલ્લ થયા. એક વખત વનમાં ફરતાં તે ભિલ્લોએ એક શાંત પ્રકૃતિવાળા મુનિને જોયા. સારી ભાવના ધરીને તેઓએ મુનિને નમસ્કાર કર્યા. જ્ઞાનવાન મુનિએ તેમને ધર્મોપદેશ આપ્યો, તેથી અનીતિથી જાણે શંકાવાળા થયા હોય તેમ તેઓએ ભદ્રિકપણું પ્રાપ્ત કર્યું. આસન્ન ઉદયવાલા તેમને ધર્મનો વિશેષ લાભ આપવાને માટે એ જ્ઞાનધારી મુનિ ચાતુર્માસ તેમના નગરમાં રહ્યા. પ્રથમ માસે તેઓએ સાતેય વ્યસનો છોડી દીધાં, બીજે માસે અનંતકાયનો ત્યાગ કર્યો, ત્રીજે માસે રાત્રિભોજનનો ત્યાગ કર્યો, અને ચોથે માસે અનશન કરી રહેલા તે વિદ્યુત્પાતથી એકસાથે મૃત્યુ પામ્યા. હે ચક્રવર્તી ! ત્યાંથી તેઓ તમારે ઘેર પુત્રપણે અવતર્યા. કર્મની સર્વત્ર પ્રધાનતા છે. જે પેલા કુંભારે સંઘ લુંટવાને સંમતિ આપી નહોતી, તેણે તે જ ભવમાં મોટી સમૃદ્ધિવાળું રાજ્ય પ્રાપ્ત કર્યું. શુભભાવનાથી ઉત્તરોત્તર ઉત્તમ ભવને પ્રાપ્ત કરી છેવટે તમારા જહ્નુનો પુત્ર આ મહોદયવાન ભગીરથ થયેલ છે. હે રાજા ! પૂર્વકર્મના યોગથી તમારા પુત્રો એકસાથે મૃત્યુ પામ્યા

છે, માટે આ તત્ત્વ તમે મનમાં ધારણ કરજો કે, 'કોઈપણ ડાહ્યા માણસે મનથી પણ સંઘની અવજ્ઞા કરવી નહિ; કારણકે– તે બોધિવૃક્ષને બાળવામાં અગ્નિરૂપ અને કુગતિને આપનાર થઈ પડે છે. વળી જેઓ તીર્થે જનારા લોકોને વસ્ત્ર, અન્ન અને જલ વગેરે આપવા વડે પૂજે છે, તેઓને તીર્થયાત્રાનું મોટું ફળ મળે છે. સંઘ એ જ પ્રથમ તીર્થ છે, અને તે વળી તીર્થયાત્રાએ જતો હોય ત્યારે તો કલ્યાણની ઈચ્છાવાળા પુરુષને વારંવાર વિશેષપણે પૂજવા યોગ્ય છે. હે રાજા! તેથી ધર્મનો દ્રોહ કરનાર આ (પુત્ર મરણ સંબંધી) શોક જરાપણ ન કરવો. ઉપાર્જન કરેલાં કર્મોવડે ઉત્પન્ન થયેલા તેઓ (તમારા પુત્રો) વિનાશ પામ્યા છે. હે રાજા ! રાજ્યમાં, પુત્રમાં અને કલત્રમાં તમે હજી શા માટે મોહ રાખો છો? આત્મહિત કરો; ફરીવાર મનુષ્યભવ ક્યાંથી મળશે ?' આ પ્રમાણે પ્રભુના શ્રીમુખથી પોતાના પુત્રના પૂર્વભવને જાણીને સગરરાજા શોકમુક્ત થઈ હૃદયમાં પરમ વૈરાગ્યને પામ્યા. (૯૦૬)

**जो उ महग्घे संघे, पभावणं कुणइ निययसत्तीए ।**
**सो होइ वंदणिज्जो, देवाण वि वइरसामि व्व ॥९०७॥**

यस्तु महार्घे सङ्घे प्रभावनां करोति निजकशक्त्या ।
स भवति वन्दनीयो देवानामपि वज्रस्वामीव ॥९०७॥

જે મહાસન્માન્ય સંઘમાં પોતાની શક્તિ પ્રમાણે પ્રભાવના કરે છે, અર્થાત્ સંઘનું ગૌરવ કરે છે, તે વજસ્વામીની જેમ દેવોને પણ વંદનીય બને છે.

**વિશેષાર્થઃ**– એક વખત વજસ્વામી પુરીકા નામની નગરીમાં વિચરી રહ્યા હતા. તે વખતે ત્યાં શ્રાવકો અને બૌદ્ધ ધર્મીઓ પરસ્પર સ્પર્ધાથી પોતપોતાના દેવની પુષ્પપૂજા કરતા હતા. પણ બધા સ્થળે બૌદ્ધ ધર્મીઓ પાછળ પડી જતા હતા. રાજા (બૌદ્ધસાધુઓનો ભક્ત હોવાથી) તેમને અનુકૂળ હતો. આથી તેમણે રાજાને પ્રાર્થના કરી. રાજાએ શ્રાવકોને મંદિરમાં પુષ્પો ચઢાવવાનો નિષેધ કરી દીધો. પર્યુષણના દિવસે પુષ્પપૂજા ન થવાથી શ્રાવકો દુઃખી બની ગયા. આથી આબાલવૃદ્ધ બધા શ્રાવકો આર્યવજસ્વામી પાસે આવ્યા અને કહ્યું:– આપના જેવા તીર્થના નાથ વિદ્યમાન હોવા છતાં શાસનની અપભ્રાજના થાય છે. આ

અપભ્રાજનાથી શું થાય છે તે આપ જાણો જ છો. આથી આર્યવજ્રસ્વામી આકાશમાં ઉડીને માહેશ્વરીનગરી ગયા. ત્યાં હુતાશન નામનું વ્યંતરમંદિર હતું. એ મંદિરના બગીચામાં દરરોજ એક કુંભ (માપ વિશેષ) જેટલાં પુષ્પો ઉત્પન્ન થતાં હતાં. આર્યવજ્રસ્વામીના પિતાનો મિત્રદેવ તે બગીચાનો માળી હતો. આર્યવજ્રસ્વામીને આવેલા જોઈને તેણે સંભ્રમ સહિત પૂછ્યું: આપને અહીં આવવાનું શુ પ્રયોજન છે ? આથી આર્યવજ્રસ્વામીએ કહ્યું: મારે પુષ્પોની જરૂર છે. માળીએ કહ્યું: 'આપે મારા ઉપર ઉપકાર કર્યો. આ પુષ્પો સ્વીકારો.' વજ્રસ્વામીએ કહ્યું: 'હું બીજે જઈને આવું છું. ત્યાં સુધીમાં તું આ પુષ્પો એકઠાં કરી રાખ.' પછી આર્યવજ્રસ્વામી ત્યાંથી ઉડીને (લઘુ) હિમવાન નામના મોટા પર્વત પર શ્રીદેવી પાસે ગયા. તે વખતે શ્રીદેવીએ જિનમૂર્તિની પૂજા કરવા માટે એક મોટું કમલ તોડ્યું હતું. આથી શ્રીદેવીએ આર્યવજ્રસ્વામીને વંદન્ કરીને એ પુષ્પ સ્વીકારવાની વિનંતિ કરી. આર્યવજ્રસ્વામી એ પુષ્પ લઈને હુતાશન નામના વ્યંતરમંદિરમાં આવ્યા. ત્યાં તેમણે વિમાનની રચના કરી. વિમાનમાં કુંભ પ્રમાણ પુષ્પો મૂકીને જાંભકદેવતાઓના સમુદાયથી પરિવરેલા અને દિવ્ય ગાંધર્વગીતોનાં ધ્વનિથી આકાશને પૂરી દેતા આર્યવજ્રસ્વામી માહેશ્વરી નગરીથી પુરિકા નગરીમાં આવ્યા. જાંભક નિકાયના દેવોથી ભરેલા આકાશને જોઈને બૌદ્ધ ભક્તો દેવો અમારું સાન્નિધ્ય કરે છે એમ વિચારવા લાગ્યા અને પોતાના ઘરોમાંથી પૂજાની સામગ્રી લઈને તેની સામે ગયા. પણ દેવસમુદાયથી પરિવરેલા શ્રી આર્યવજ્રસ્વામી જિનમંદિરમાં ગયા. ત્યાં દેવોએ મહાન મહિમા કર્યો. આથી લોકોને જિનશાસન પ્રત્યે બહુ જ બહુમાન થયું. રાજા પણ આકર્ષાઈને શ્રાવકનો બન્યો. (૯૦૭)

**पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य ।**
**विज्जासिद्धो य कवी, अट्ठेव पभावगा भणिया ॥९०८॥**

प्रवचनी धर्मकथी वादी नैमित्तिकस्तपस्वी च ।
विद्यासिद्धश्च कविरष्टावेव प्रभावका भणिताः ॥९०८॥

પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, સિદ્ધ અને

કવિ એ આઠેને પ્રભાવક કહ્યા છે.

**વિશેષાર્થઃ**– આઠ પ્રભાવકોનું વર્ણન આ ગ્રંથની ૧૨૮મી ગાથાના વિશેષાર્થમાં આવી ગયું છે. (૯૦૮)

**एएहिं परिग्गहिओ, जिणवीरपवत्तिओ महाभागो ।**
**मिच्छत्तमभिभवंतो, दुप्पसहंतो जयइ संघो ॥९०९॥**

एतैः परिगृहीतो जिनवीरप्रवर्तितो महाभागः ।
मिथ्यात्वमभिभवन् दुप्पसहान्तो जयति सङ्घः ।।९०९।।

આ આઠ પ્રભાવકોથી સ્વીકારાયેલો, શ્રીવીરજિન વડે પ્રવર્તાવાયેલો, મહાનુભાવ, અને મિથ્યાત્વનો પરાભવ કરતો છતો દુપ્પસહસૂરિ સુધી રહેનારો એવો શ્રીસંઘ જય પામે છે. (૯૦૯)

**भुवणभवणप्पईवो, तियसेंद-नरिंदविंदकयसेवो ।**
**सिरिवद्धमाणवीरो, होउ सया मंगलं तुम्ह ॥९१०॥**

भुवनभवनप्रदीपस्त्रिदशेन्द्र-नरेन्द्रवृन्दकृतसेवः ।
श्रीवर्धमानवीरो भवतु सदा मङ्गलं युष्माकम् ।।९१०।।

જગતમાં રહેલા પદાર્થોને પ્રકાશિત કરવા માટે પ્રદીપ સમાન, દેવેન્દ્રોથી અને ચક્રવર્તીઓથી સેવા કરાયેલા, અને પરાક્રમી એવા શ્રીવર્ધમાનસ્વામી સદા તમારું મંગલ કરનારા થાઓ. (૯૧૦)

।। इति श्रीशान्त्याचार्यविरचितं चैत्यवन्दनमहाभाष्यं संपूर्णम् ।।

।।ग्रंथाग्रम् ११८०।।

## અનુવાદકારની પ્રશસ્તિ

શ્રી શાંતિચંદ્રસૂરિવિરચિત ચૈત્યવંદન મહાભાષ્યનો સિદ્ધાંત મહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સ્વ. પરમગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય આચાર્ય રાજશેખરસૂરિએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ થયો.

**પ્રારંભ સમય**

વિ. સં. ૨૦૫૩ ચૈત્રવદ પાંચમ

**સમાપ્તિ સમય**

વિ. સં. ૨૦૫૩ વૈશાખવદ બારસ
(શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાની
૨૯મી સ્વર્ગારોહણ તિથિના
બીજા દિવસે)

**પ્રારંભ સ્થળ**

ઓશવાળ યાત્રિક ગૃહ, પાલીતણા (સૌ.)

**સમાપ્તિસ્થળ**

શ્રી સંઘવી જગજીવન જેઠાભાઈ,
શ્વે.મૂ. જૈન ઉપાશ્રય
સાવરકુંડલા (સૌરાષ્ટ્ર)

# परिशिष्ट - १

## चैत्यवन्दनमहाभाष्यगाथावर्णानुक्रमणिका ।


| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| **अ** | | अत्थं भासइ अरिहा | ३०० |
| अइगुरुयभत्तिबहुमा- | ९ | अत्थि विसेसनिमित्तं | ५८३ |
| अइरादेवीउयरे | ५९६ | अद्दव्वे टंकेण य | ८८२ |
| अकए काउस्सग्गे | ४२५ | अद्धावणयपमाणं | १८९ |
| अक्खलियसुत्तुच्चारण- | २७२ | अन्ने च जिणमयम्मी | ८८७ |
| अगणि त्ति पलीवणयं | ४४६ | अन्नट्ठा दिट्ठंता | ११८ |
| अगणीउ व छिंदेज्ज व | ४४५ | अन्नत्थाऽभणियं पि हु | २५६ |
| अंगमलं कम्ममलं | ५८२ | अन्नत्थूससियाओ | ४२९ |
| अंगम्मि पढमपूया | १९९ | अन्नं पि एत्थ कारण | ५९५ |
| अंगाईसंचाला | ४३९ | अन्नं पि तिप्पयारं | २५३ |
| अंगुट्ठे मेलविउं | ४८७ | अन्नाणवसा केई | ७४२ |
| अंगुलिभमुहाओ वि य | ४९१ | अन्ना वि तिहा पूया | २०८ |
| अंगोवंगपइन्नय- | १९ | अन्ने अट्ठुवयारं | २११ |
| अचिरागयवणिमरणे | ५६० | अन्ने बेंति अजुत्तं | १४५ |
| अच्चंतिअं पि नो तं | ५२० | अन्ने वि तेहि न जिया | ५४८ |
| अट्ठट्ठ उ नामाइं | ५३७ | अन्नेसिं भव्वाणं | ८१२ |
| अट्ठविहपाडिहेरं | ५११ | अन्नोन्नंतरियंगुलि- | २३८ |
| अट्ठविहं कम्मरयं | ५२५ | अन्नोन्नाभिमुहं किर | ५४३ |
| अट्ठविहं पि य कम्मं | २८३ | अन्नो भणेज्ज कोई | १३८ |
| अट्ठसयं पडिमाणं | ४६ | अप्पडिहयमक्खलियं | ३४५ |
| अणुपेहा मंगलग- | ४२० | अप्पुव्वनाणगहणे | ७०६ |
| अणुवकयपराणुग्गह- | ३२९ | अब्भिंतरओ दीवो- | ६५४ |
| अणुहवसिद्धं एयं | ६८ | अब्भुवगमो निमित्तं | ३९३ |

| गाथा | नंबर |
| --- | --- |
| अभयाइपयत्थाणं | ३२६ |
| अभिणंदइ आणंदइ | ५५७ |
| अभिमुह हया अभिहया | ३७६ |
| अरहंतचेइयाणं | ६४९ |
| अरहंता पुव्वुत्ता | ३९५ |
| अरहंता भगवंता | ७८ |
| अरिहंति वंदणनमं- | २७९ |
| अरुयं रोगाभावा | ३५४ |
| अलमेत्थ वित्थरेणं | १४७ |
| अलमेत्थ वित्थरेणं | ८३४ |
| अलियवयणं खु एयं | ७४७ |
| अलियवयणं पि पाव | ७४८ |
| अवगयकेसं सीसं | २२१ |
| अवणामिउतिमंगो | ४८३ |
| अवसउणकप्पणाए | १०५ |
| अविहिमरणं अकाले | ४५८ |
| अव्वाबाहं भणियं | ३५५ |
| असढस्स अपरिसुद्धा | ८९७ |
| असुइमलपुरियंगा | ७१ |
| असुहनिवारणसत्ती | ६७३ |
| असोगरुक्खो सुरपु- | २७८ |
| अह कोइ सबुद्धीए | ४२ |
| अह छट्ठसंपयाए | ३३३ |
| अह तं न करेसि तुमं | ९५ |
| अह ते न पसीयंति हु | ६२७ |
| अह थुइवाओ एसो | ७४६ |
| अह पुव्वं चिय केणइ | १९६ |
| अह भणति सुत्तवुत्तं | १२१ |
| अहव चिइवंदणाओ | ७०८ |
| अहव सिवादेवीए | ६१५ |
| अहवा अरिणो सत्तू | २८२ |
| अहवा चउदिसिधारं | ३४३ |
| अहवा जत्थ वि तत्थ वि | १४ |
| अहवा भारहवासे | ५०४ |
| अहवा वि न-मा-सद्दा | ६८४ |
| अहवा वि नमो अव्वय- | ६८३ |
| अहवा वि भावभेया | १७४ |
| अहवा संसयतामस- | ३२३ |
| अंह सत्तमविरईए | ४६० |
| अहिए भावुल्लासे | ८५२ |
| अहिओ धम्मुच्छाहो | ५९३ |
| अहिगारिणा उ काले | १० |
| अहिगारीणमिमेसिं | १७८ |
| **आ** | |
| आइगरा ते भणिया | २९९ |
| आइच्चा दिवसयरा | ६३७ |
| आगंतुगा य दुविहा | ४५० |
| आगारेहि अभग्गो | ४४४ |
| आगासस्स पएसा | ६४३ |
| आणाणुपालणाओ | ७५२ |
| आयरसूयणहेउं | ७०० |
| आरोग्गबोहिलाभं | ६३३ |
| आलंवणनिरवेक्खा | ८६९ |
| आलावयरूवाइं | २७४ |

| गाथा | नंबर |
|---|---|
| आलोयचलं चक्खुं | २२७ |
| आलोयचलं चक्खुं | ४४१ |
| आसायणा अवन्ना | ५९ |
| आसो व्व विसमपायं | ४८० |
| आह करेमि भणित्ता | ४२३ |
| आह किमेवइय च्चिय | ८०९ |
| आह किमेसा तुब्भे | ७९७ |
| आह जह पुव्वपुरिसा | ११४ |
| आह परो जिणवंदण- | १४८ |
| आह फुडं नहि मुणिमो | ७४४ |
| आह भुवणेक्कपहुणो | ४५३ |
| आहरणं पुण एत्थं | ९९ |
| **इ** | |
| इच्चाइसुत्तविहिणा | ३८८ |
| इड्ढीपत्तो सड्ढो | १८३ |
| इत्थीपुरिसनपुंसक | ७३१ |
| इंतेहिं जंतेहि ये | ७३४ |
| ईंदियविसयकसाया- | ५४७ |
| इय जत्थ जिणो विहरइ | ३१३ |
| इय दहतियपरिसुद्धं | २५२ |
| इय दोसविप्पमुक्को | ४९७ |
| इय पाडिहेररिद्धी | २२३ |
| इय पूय च्चिय एगा | ८२० |
| इय बहुविहबिंबाइं | ३१ |
| इय भावधम्मतित्थ- | ५२६ |
| इय वट्टमाणतित्था- | ७६५ |
| इय सव्वचेइयाण वि | ६४० |
| इय सुत्तपमाणाओ | ४९ |
| इरियावहियाए विरा- | ३६९ |
| इरियावहियासुत्तं | ३८२ |
| इह कस्सइ होज्ज मई | ८५४ |
| इह छेयकूडरूवग- | ८८० |
| इह धम्मो होइ रहो | ३३९ |
| इह पुक्खरवरदंडे | ७०४ |
| इह पुण छट्ठविभत्ती | २९७ |
| इह वीसामा अट्ठ उ | ३६६ |
| इह साहू सड्ढो वा | २६३ |
| ईसरियं पि पहुत्तं | २८९ |
| ईसा मच्छरगरुय- | ६०७ |
| **उ** | |
| उक्कोस सत्तरिसयं | ३० |
| उक्कोसा तिविहा वि हु | १६१ |
| उचियत्तं पूआए | १९७ |
| उचियपवित्ती सव्वा | ५५ |
| उच्छाइऊण य थणे | ४८५ |
| उज्जोओ वि हु दुविहो | ५१३ |
| उट्ठित्तु असंभंतो | ३६४ |
| उट्ठित्तु ठिओ संतो | ३९१ |
| उत्तमगुणगणगरुय | ६०५ |
| उत्तमगुणसंपन्ना | २८० |
| उत्तमरहंगजोगो | ६०० |
| उत्तरओ हिमवंतो | ३४१ |
| उद्दविया कयमुच्छा | ३७८ |
| उद्दामसरं वेया- | २६७ |

| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| उद्धट्ठाणठियाओ | ७९ | एक्को सव्वपहाणो | ७३८ |
| उद्धारसागराणं | ६५३ | एगनमोक्कारेणं | १५४ |
| उप्पन्नसंपया जे | ८३३ | एगंतापामन्ने | १२४ |
| उभयकरधरियकलसा | २१८ | एगपया पंचमिया | ३७५ |
| उभयविहूणा उ पुण | ९०० | एगम्मि वि जिणबिंबे | ६७ |
| उल्लासविसेसाओ | ८५१ | एगस्सायरसारा | ४० |
| उसभो अरिट्ठनेमी | ८० | एगुवएसादन्नो | ७१८ |
| उसहो पहाणवसहो | ५४० | एगो एत्थ सिलोगो | ५०७ |
| उस्सग्गेणं स च्चिय | ८७५ | एगो एसालावो | ३५२ |
| ऊससियं नीससियं | ४५२ | एत्तो अहिगतरा वि हु | ८१० |
| ऊससियं नीससियं | ४७० | एत्तो च्चिय एगयरं | ८६७ |
| ऊसासं न निरुंभइ | ४३१ | एत्ता च्चिय एगाए | ९० |
| **ए** | | एत्तो च्चिय सुहमइणो | ८१६ |
| एए काउस्सग्गं | ४९३ | एत्तो य वामदाहिण- | २२६ |
| एएण थोत्तपढणं | २४६ | एत्थ उ भणेज्ज कोई | ४६८ |
| एए सामन्नेणं | ४९४ | एत्थ उ भणेज्ज कोई | ७७९ |
| एएसि नियाणाणं | ८६१ | एत्थ पुण वक्कछक्कं | ३९२ |
| एएसि पयाण अत्थो | ३६८ | एत्थ पुण वंदणाए | ८८३ |
| एएसिमणिट्ठाणं | ६७२ | एत्थं पि लोगसद्दो | ३१८ |
| एएसिं सव्वेसिं | ४४३ | एत्थं पुण अरिहंते | ५०८ |
| एएसिं अत्थो पुण | २७६ | एत्थं पुण बहुवयणं | ३६१ |
| एएसिं एगयरं | ८५० | एत्थ य तइय विभत्ती | ४२८ |
| एएसिं नामाणं | ५३९ | एत्थ य पुरिसथुईए | ५०० |
| एएसिं भेयाणं | १६५ | एमाइ अंगपूया | २०३ |
| एएहि परिग्गहिओ | ९०९ | एमाइ कारणेहिं | ७८६ |
| एक्कं न कुणइ मूढो | ८३२ | एयं दुहा वि एवं | ७४९ |
| एक्केक्कं पंचगुणं | ६६१ | एयं परमं तत्तं | २६५ |

| गाथा | नंबर |
|---|---|
| एयं पि जुत्तिजुत्तं | १७२ |
| एयं पुण तिविहं पि हु | २५१ |
| एयम्मि संपविट्ठा | ५२२ |
| एयस्स अक्खरत्थो | ७३३ |
| एयस्स उ वक्खाणं | २७० |
| एयस्स य भरहाई | ३४२ |
| एयाए भावत्थं | ३६३ |
| एयासिं गाहाणं | १८२ |
| एयासिं निद्देसो | ४२१ |
| एवं विमलं बुद्धिं | ५८९ |
| एवंविहदुन्नयनिर- | ७२४ |
| एवं संखेवेणं | ६९७ |
| एवं संवेगरसा- | २६६ |
| एवं सिद्धपयत्थी | ७१० |
| एवं सुहभावजुयं | ९८ |
| एवमवत्थाण तियं | २२५ |
| एवं किर दंडो इवं | ६९६ |
| एवं खलु अन्नोन्नं | ५३५ |
| एवं खलु तित्थयरा | ३०८ |
| एवं चउप्पयारा | ७०७ |
| एवं चं खासियाओ | ४३२ |
| एवं च दसाईसु | ८७३ |
| एवं चिय मेहाए | ४१८ |
| एवं जिणभवणम्मि वि | ४४ |
| एवं जिणुत्तमेहिं | ३३८ |
| एवं ति भणियविहिणा | ६२१ |
| एवं परंपराए | ७२३ |
| एवं परिभवंतो | ५०६ |
| एवं बहुप्पयारा | ७७१ |
| एसा चउत्थ विरई | ४३८ |
| एसा चउपयमाणा | ३५० |
| एसा तइया विरई | ३७२ |
| एसा नवप्पयारा | १६० |
| एसा सग त्ति नाउं | ५६४ |
| एसु वि जिणेहि जयणा | ४३६ |
| एसो इह भावत्थो | ८८६ |
| एसो च्चिय कायव्वो | ७४५ |
| एसो छब्भेयभगो | २९६ |
| एसो जोव्वणपत्तो | ५८५ |
| एसो पयसंटंको | ३९६ |
| एसो वि हु भावत्थो | ८२६ |
| एसो संखेवेणं | ५३६ |
| ए होइ अयारंते | ५०९ |
| **ओ** | |
| ओहिमणपज्जवनाणि- | ७३९ |
| **क** | |
| कंकिल्लि कुसुमवुट्ठी | २२२ |
| कंटाइसल्लरहिओ | ३८७ |
| क त्ति कडं मे पावं | ३८१ |
| कप्पं वा पट्टं वा | ४८८ |
| कमसो वि संभवंता | २४२ |
| कम्मं रय त्ति वुच्चइ | ६२२ |
| कम्मक्खयत्थमीडा | ८६८ |
| कयकिच्चाण जिणाणं | १९८ |

| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| कयपंचंगपणामो | २३५ | कुग्गाहदूसियमणो | १५० |
| कयपंचंगपणामो | २६८ | कुच्छिगए जिणनाहे | ६०२ |
| कयमेत्थ पसंगेणं | १११ | कुंदकुसुमाणुरूवा | ५७३ |
| कयमेत्थ पसंगेणं | ८७४ | कुंभारचक्कभमणं | ८९३ |
| कयसिद्धनमोक्कारो | ७८९ | कुलदेवयाणुभावा | ५७८ |
| करधरियजोगमुद्दो | १९१ | केवलनाणगुणाओ | ५३३ |
| कल्लं सायं जम्हा | ६७४ | केवलिणो उवओगो | २४४ |
| कल्लाणगाइकज्जा | ५३ | कोटरजलंतजलणो | १५१ |
| कल्लाणयतवमहवा | २९ | को त्ति सयन्नो पुरिसो | ६७६ |
| कसिणं केवलकप्पं | ५२८ | कोहम्मि उ निग्गहिए | ५२४ |
| कह नाम भवारन्ने | १०८ | ख | |
| कह वा तित्थयरोवरि | ९३ | खंडियविराहियाणं | ३८४ |
| काउस्सग्गम्मि ठिओ | ४९२ | खंभे वा कुड्डे वा | ४८१ |
| काऊण चोलपट्टं | ४८४ | खलिणकविट्ठदुगं | ४९६ |
| काऊण नमोक्कारं | ३८९ | खासखुयजंभिए मा | ४३३ |
| काऊण नमोक्कारं | ७३७ | खासियमाई पयडा | ४३४ |
| काओ देहो तस्स उ | ४६४ | ग | |
| का भत्ती तित्थयरे | ४५५ | गणहरपुव्वधराई- | १२६ |
| कायं च वोसिरामी | ४६७ | गंधव्वगीयवाइय- | १८४ |
| कायस्स परिच्चाओ | ४२६ | गंधव्वनट्टवाइय | २०५ |
| कारणनियमविसेसा | ४७४ | गब्भगए जं जणणी | ५६९ |
| कारणरहियं कज्जं | ४२२ | गब्भगए जं जाया | ५६५ |
| कारवणे पुन्नं विव | ५७ | गब्भगए तम्मि जओ | ५५८ |
| किंतु जिणसासणे इह | ४७२ | गब्भगए भगवंते | ५५० |
| किंतु सुहझाणजणगं | २० | गब्भट्ठिए जिणंदे | ५७५ |
| किन्नरगणगहणाओ | ६८८ | गंभीरमहुरघोसं | ८४२ |
| किं बहुणा सिद्धमिणं | ७६३ | गयतुरयकोसकोट्ठा- | ६१९ |

| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| गयवंसहसीहअभिसे- | ५४५ | **छ** | |
| गिहिचेइएसु न घडइ | १९२ | छज्जीवकायसंजमो | ४०८ |
| गिहिणो पुण सो भावो | ८०१ | छट्ठीसत्तमियाणं | ६८२ |
| गुणहीणवंदणं खलु | ७८० | छव्विहनिमित्तमुत्तं | ४१६ |
| **घ** | | छुप्पंति न एक्केण वि | ३०९ |
| घयखीरमज्जणाइ वि | ११३ | **ज** | |
| घयदुद्धदहियगंधो- | २०२ | जइ आजम्मदरिद्दा | ११५ |
| घोडगलया य खंभे | ४७८ | जइ आसायणभीरू | ६६ |
| **च** | | जइ एगो देइ थुइं | ४९९ |
| चउगइअंतकरं ता | ३४४ | जइ एत्तियमेत्तं चिय | ८२७ |
| चउमुहतिदारमुहपे- | ४७ | जइ एवं किं भणिया | ३४ |
| चउवीसं ति य संखा | ५२७ | जइ कम्मवसा केई | १३४ |
| चउरो उसभजिणाओ | ७६९ | जइ गुरुपरंपराए | १२३ |
| चत्तारि अंगुलाइं | २३९ | जइ ताव जारचोरा | ११६ |
| चरणकरणाविरोहा | ८०० | जइ ता ससरीराण वि | ७६ |
| चरणट्ठियाण किरिया | ७९९ | जइ पडिबिंबनिमित्ता | ९२ |
| चिइवंदणा तिभेया | १५३ | जइ वा वसो त्ति धम्मो | ५४१ |
| चिइवंदणासरूवं | १७९ | जइ वि इह वासुपुज्जो | ५६७ |
| चित्तसमाही धीई | ४१९ | जइ वि बहुहा न तीरइ | ७९५ |
| चिंतइ न अन्नकज्जं | २४८ | जइ वि हु सव्वे एवं- | ६०४ |
| चिंतइ वप्पाएवी | ६०९ | जं वायगेण भणियं | ५६ |
| चिंतेयव्वो सम्मं | २३३ | जं वा-सद्दो पयडो | ८२५ |
| चीवंदणकयकिच्चो | ८४५ | जं संठाणं तु इहं | ८१ |
| चीवंदणा उ दुविहा | ८२९ | जं सम्मवंदणाए | २६१ |
| चेइयगय साहुगयं | २५४ | जं संसारनिमित्तं | ८५६ |
| चेइयपरिवाडीए | ८७८ | जक्खाए वा सुव्वइ | ७८५ |
| चेइयहरेण केई | १४३ | जं कुणओ पीइरसो | ८८८ |

| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| जं नमिया सयलनिवा | ६१३ | जाए दुब्भिक्खभरे | ५५३ |
| जं पुण अब्भासरसा | ८९२ | जाया पुरम्मि संती | ५९७ |
| जं पुण असरीराणं | ७७ | जारिसतारिसवेसो | ६१ |
| जं पुण भणंति केई | ८३ | जावंत केइ साहू | ८३९ |
| जं पुण लोगविरुद्धं | ७० | जावंति चेइयाइं | ८३६ |
| जं पुण वंदइ किरिया | ५३८ | जाव य सद्दो अवधा- | ४६१ |
| जं पुण सुत्ते भणिअं | ४१४ | जिणगिहपमज्जणं तो | १९५ |
| जं भणसि सुत्तवुत्तं | १२५ | जिणजलसंगनिवारण- | ९४ |
| जत्थ त्ति जम्मि सुयध- | ६९३ | जिणदिट्ठिगोयरगओ | १८५ |
| जम्मुहमहद्दहाओ | ४ | जिणपडिछंदो पडिमा | १३९ |
| जम्हा जम्मप्पभिई | ६१८ | जिणबिंबपायपंकय- | २६९ |
| जम्हाऽवयारसमए | ५९१ | जिणबिंबाभावे पुण | १३ |
| जय वीयराय जगगुरु | ८४७ | जिणभवणबिंबपूआ | १४२ |
| जलमज्झे घोलंतं | ७३ | जिणभवणाइं तिरियं | ६४६ |
| जह एगचेइयगिहे | ६३९ | जिणमयमिह सुयधम्मो | ६८५ |
| जह एगं जिणबिंबं | २६ | जिणरिद्धिदंसणत्थं | २७ |
| जह कणरक्खणहेउं | १३६ | जिणवंदणापयट्टो | ४५४ |
| जह गंधहत्थिगंधं | ३१२ | जिणवंदणावसाने | ७७५ |
| जह गारुडिओ गरुडं | ७०९ | जियसत्तुनिवेण समं | ५४९ |
| जह जाइपच्चयाओ | ७६१ | जीवियपुव्वं जीवइ | २४ |
| जह पडदेसम्मि पडो | ५२९ | जुत्तो सो ववहारो | ७२ |
| जह मिम्मयपडिमाए | ५४ | जे तित्थयरपणीया | ८ |
| जह वा कुसलो विज्जो | ९७ | जे पच्चक्खा एए | ६३० |
| जह विसविघायणत्थं | ७९३ | जेसिं पहीणं नट्ठं | ६२३ |
| जह सारही सुकुसलो | ३३७ | जेसिं भावजिणाणं | ५०२ |
| जह सावगस्स पुत्तो | ९०१ | जो अवमन्नइ संघं | ९०६ |
| जाइ ति मासनवगं | ६६८ | जो उ महग्घे संघे | ९०७ |

| गाथा | नंबर |
|---|---|
| जो एगचेइअगिहे | ६९ |
| जोगो असंतदाणं | ३१९ |
| जो जिणसंघं हीलइ | १३३ |
| जो जो अ सुअग्गाहो | १३० |
| जो पंचवन्नसत्थिय- | २०४ |
| जो पुण जिणगुणचेई- | ८९१ |
| जो पुण पमायसीलो | ८०४ |
| जो पुण संतासंते | १३५ |
| जो पुण सुकयसुधम्मो | ८५९ |
| जो मंदरागदोसो | १०२ |
| जो मोहकलुसियमणो | १०३ |
| जो वि भणिओ दसाइसु | ८७१ |
| **झ** | |
| झाणेण पंचपरमे- | ४६६ |
| **ठ** | |
| ठाऊण उचियदेसे | २२९ |
| ठावंति मणे नूणं | २१९ |
| **ण** | |
| ण्हाणोदगाइसंगो | ४१ |
| **त** | |
| तइयगरुवगतुल्ला | ८९८ |
| तइयपयं पयडत्थं | ३६० |
| तं सम्मं पत्ताणं | ३५९ |
| तं कह णु दव्वतित्थं | ५११ |
| तं ठाणमुवगयाणं | ७२७ |
| तत्तियमेत्तं कालं | ५८६ |
| तत्तो अतित्तचित्तो | ८४० |
| तत्तो निसीहियाए | १९३ |
| ततो य भावसारं | ८३८ |
| तत्थ किर उड्ढलोए | ६४४ |
| तत्थ जिणा भगवंतो | ६५१ |
| तत्थ तमो अन्नाणं | ६६४ |
| तत्थत्थे रोयंतो | १७७ |
| तत्थ भगो छब्भेओ | २८८ |
| तद्दियहं चिय सहसा | ५५५ |
| तब्भावे उ अवस्सं | ८०७ |
| तं पुण लवणसमुद्दो | ६५५ |
| तम्बोलं कुसुमाइं | १८६ |
| तम्बोलपाणभोयण- | ६३ |
| तम्मि उ पाणाईणं | ३७१ |
| तं मिच्छसम्मभेया | ६५२ |
| तम्हा अनायमूला | २५ |
| तम्हा कुग्गाहविसं | १५२ |
| तम्हा चउव्विहं पि हु | ८९५ |
| तम्हा जुज्जइ विहिणा | ५०५ |
| तम्हा तस्सऽववाया | ४२७ |
| तम्हा तिलोयपहुणो | ५८१ |
| तम्हा दंसेमि इमं | ६१० |
| तम्हा नेगंतेणं | ४१३ |
| तम्हा सतमपुढवी | ७५९ |
| तम्हा संपुत्र च्चिय | ८०२ |
| तयणु हरिसुल्लसंतो | १९४ |
| तरणिज्जे भवजलही | ५२१ |
| तस्स त्ति सुरा पयडा | ६६५ |

| गाथा | नंबर |
|---|---|
| तस्स य मच्छामि दुक्क- | ३७९ |
| तस्स विसेससरूवं | ६९५ |
| तह जं कोवाइसया | ८६० |
| तह ते लोगपईवा | ३२२ |
| तह बाहिओ न भयवं | १०० |
| तह वि विसेसनिमित्तं | ६०६ |
| तहविहविसुद्धभावा | १०१ |
| तह वि हु जुत्ता मुत्ती | ७६२ |
| तह वि हु नामियगीवो | २२८ |
| तह संपयनामाई | २७३ |
| तह सावगो वि एवं | ८१८ |
| तहियं पंचुवयारा | २१० |
| ता एयसमायारो | ७ |
| ता एसो परमत्थो | ८८ |
| ता कोस न इच्छिज्जइ | ७५७ |
| ता पुप्फगंधभूसण- | १४४ |
| ताव त्ति तप्पमाणं | ४६३ |
| तावितीए अमित्ते | ५१० |
| ता विहिवाओ एसो | ७५३ |
| ता सव्वं निरवज्जं | ४७७ |
| ता सुत्ताऽपडिसिद्धा | ३३ |
| तिगछगसत्तगनवगं | ३९४ |
| तित्थं जणेहि भणियं | ३०२ |
| तित्थं जेण तरिज्जइ | ५१८ |
| तित्थ पभावयंता | १२७ |
| तित्थयरो चउनाणी | २९५ |
| तित्थातित्थाइउवा- | ७२९ |
| तिदिसिनिरक्खणविरई | १८१ |
| तिन्नि निसीही तिन्नि य | १८० |
| तिन्नि वा कड्डई जाव | ८२३ |
| तिविहतिविहेण वहकर- | ३२७ |
| तिविहं पणिहाणं पुण | २४७ |
| तिविहविसेसणजुत्तं | ६७५ |
| तिसलादेवीगब्भे | ६२० |
| तिसे उवरिं गंतू- | ७२६ |
| तीए भणियाओ ताओ | ५६२ |
| तीसे करणविहाणं | १५ |
| तहुण तुओ पिउणा | ५७९ |
| तुममणवज्जं किरियं | १२० |
| तुल्लं पि पालणाई | ८९० |
| तूसंति संथुया जे | ६२६ |
| तेण उ उस्सग्गेणं | ४६५ |
| तेणं चिय सूरिवरा | ८५ |
| ते वि हु अणाइसद्धा | ७१७ |
| तेसिं भुवनगुरूणं | ५०३ |
| तेसिं संमाणत्थं | ७७८ |
| तेसि गमणागमाई | ३८३ |
| तेसि पडिबोहणत्थं | ७१५ |
| तेसिमजिणत्तभावा | ५३२ |
| तेसु किर तइयदीवो | ६५७ |
| तेहिंतो वि पहाणो | ७४० |
| ते हु पमत्ता पायं | ७८२ |
| तो तिक्कालं गिहिणो | ८०६ |
| तो भन्नइ तित्थयरा | ६२५ |

| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| तो सक्कत्थयविहिणा | ३९० | दुग दुग चउरो सत्तग | ३६७ |
| **थ** | | दुविहो वि हु संपज्जइ | ३३४ |
| थुइजुयलजुयलएणं | १५८ | दूसमादोसा जीवो | ८३१ |
| थुइथोत्तचित्तपमुहं | ७७४ | देवा विमाणवासी | ६८७ |
| थुइदंडाईवन्ना | २३२ | दोगइगमणपवत्तं | ५१७ |
| थुइपूआ विन्नेया | २०७ | दो जाणू दोन्नि करा | २३७ |
| थोत्तपणिवायदंडग- | १५९ | दोण्हं पि समाओगो | ८८४ |
| **द** | | दो ति य चउरो पंच य | २७५ |
| दंसणनाणचरित्ता- | २८ | **ध** | |
| दंसणसुद्धिनिमित्तं | ६५१ | धन्नो हं कयपुन्नो | २६४ |
| दट्ठुण जिणवरिंदं | ६१२ | धम्मत्थिणा हु पढमं | १०९ |
| दड्ढम्मि जहा बीए | २८६ | धम्मत्थी मुद्धजणो | १०७ |
| दड्ढम्मि जहा बीए | ३५७ | धम्मफलभूयरूवा- | ५९२ |
| दढमच्चियम्मि परिपू- | ६८९ | धम्मवरचाउरंता- | ३४० |
| दव्वत्थयाणुविद्धो | ४१५ | धम्माइगरे एवं | ६६३ |
| दव्वविसोही वत्था | ३८६ | धम्माभिमुहो पुरिसो | ११९ |
| दव्वाइणंहि जुत्तस्सु- | ८७७ | धम्मो इह सुयधम्मो | ६६२ |
| दव्वुज्जोउज्जोओ | ५१४ | धम्मो चरित्तधम्मो | ६९९ |
| दव्वेण टंकेण य | ८८१ | धम्मोज्जमो पयत्तो | २९४ |
| दव्वे वत्थुसहावो | ५१६ | धम्मो त्ति सुत्तधम्मो | ६९८ |
| दाहोवसमं तण्हा | ५२३ | धम्मो विहु एएसिं | २९३ |
| दिट्ठो मरुदेवीए | ५४४ | धम्मो सुयधम्मो च्चिय | ६७७ |
| दीसइ सामन्नेणं | १७ | **न** | |
| दीहो त्ति दीहपट्ठो | ४४७ | नइमाई ओयारं | ५३१ |
| दुइयम्मि वि पणिहाणे | ८६६ | न कुणइ निमेसजुत्तं | ४४२ |
| दुक्करराया विउसा | २६० | नणु अट्ठ वि कम्माइं | ३४७ |
| दुक्खक्खय कम्मक्खय | ८४६ | नणु तणुसत्ता नारी | ७५४ |

| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| नणु पूआसक्कारा | ४०७ | निम्मल्लं पि न एवं | ८९ |
| नणु भावविसेसाओ | ७५८ | नियमइ कोसल्लेणं | ५८८ |
| नणु सिद्धमेवभगवओ | ७५१ | नियमा कुणंति पूयं | ४०४ |
| नंदीकरणे जिणपा- | ४१२ | नियवीरिएण अहवा | ७२१ |
| नंदो परमसमिद्धी | ६८६ | निस्सकडमनिस्सकडे | १६४ |
| नंदीसरे वि दीवे | ४८ | नीया लोयमभूया | ६९१ |
| नमिऊण समणसंघं | ५ | नूणं तयत्थमेए | ४७५ |
| न य पत्थिया वि लब्भइ | ८७२ | नो देहरक्खणट्ठा | ४५६ |
| न य वत्तव्वं पढमो | ७१९ | नो राइ नो पयच्छइ | ५९९ |
| नरलोयमेत्तमेयं | ६९४ | **प** | |
| न रहंति न चिट्ठंती | २८९ | पउमं बहुप्पयारं | ५६६ |
| नवकारपाढमेरा | ४६९ | पङ्के जायं सलिले- | ३०७ |
| नवकारेण जहन्ना | १६६ | पच्छाणुपुव्वियाए | ६६० |
| नवकारेण जहन्ना | १६७ | पंचंगो पणिवाओ | २३६ |
| नवभेया पुण एसा | ८०८ | पंचत्थिकायमइयं | ३२० |
| नवरं पुच्छामि अहं | १२२ | पंचदसकम्मभूमिसु | ६४८ |
| नाणं जेण अणंतं | ५९० | पंचोवयारजुत्ता | २०९ |
| नापत्थुयमेत्थ जओ | १४९ | पडिबिंब पडिरूवं | ७५ |
| नामाइचउब्भेया | २८७ | पडिभणइ गुरू सुंदर | ४०३ |
| नामाइभेयभिन्ना- | ५३४ | पडिमापडिबिंबाणं | ७४ |
| नामाभेयभिन्नो | ५१२ | पडिवुत्तं चेव इमं | १४६ |
| नामेहि समुच्चरिया | ६२९ | पढमत्थए भावजिणा | ७०३ |
| नायगसेवगबुद्धी | ५० | पढमं भावलवाओ | ८९४ |
| नावत्तइ नागच्छइ | ३५६ | पणमह पणमंतसुरा- | १ |
| निग्गंथाण न अत्थो | ४०६ | पणिवायदंडगेणं | १६९ |
| निच्चं चिय किच्चमिणं | ८२१ | पप्फोडियमइसयचु- | ६६७ |
| निच्चं चिय संपुन्ना | २१६ | परमेट्ठिनमोक्कारं | ४९८ |

| गाथा | नंबर |
| --- | --- |
| परहियकरणेक्करया | ३३५ |
| परिवाडीइ इमाए | ५४६ |
| पलियंकसन्निसन्नो | २२४ |
| पवयणपभावणकरं | १२९ |
| पवयणववहाराओ | ९०३ |
| पवरं पुप्फाईयं | २१४ |
| पविसंतो चेव बला- | १८८ |
| पाढकिरियाणुसारा | १७३ |
| पायपसारण पल्ल- | ६० |
| पायारसंठिएणं | ६५८ |
| पायारोसरणाई | २९२ |
| पारं पज्जंतं खलु | ७१६ |
| पारियकाउस्सग्गो | ७८८ |
| पावं छिंदइ जम्हा | ३८५ |
| पावं न तिव्वभावा | १७६ |
| पावयणी धम्मकही | १२८ |
| पावयणी धम्मकही | ९०८ |
| पावायारनिमित्ता | ५५९ |
| पासइ लोयालोयं | ६१६ |
| पासा देहविभागा | ५६८ |
| पुक्खरवरदीवड्ढे | ६५९ |
| पुच्छइ सीसो जइंता | ४०१ |
| पुच्छइ सीसो भयवं | १६ |
| पुणरुत्त पि न दुट्ठं | ७९० |
| पुन्नम्मि वि उस्सग्गे | ४७६ |
| पुरिसवरगंधहत्थी- | ३१५ |
| पुरिसवरपुंडरिया | ३०६ |
| पुरिसा वि जिणा एवं | ३११ |
| पुरिसा संसारिजिया | ३०४ |
| पुव्वं व कायचायं | ७०२ |
| पुव्वं व पारिऊणं | ६५० |
| पुव्वपुरिसपवन्ने | ११२ |
| पुव्वपुरिसाण मग्गे | ७८७ |
| पुव्व विहाणेण पुणो | ८३५ |
| पुव्वुप्पन्ना रोगा | ३१४ |
| पूआइदंसणाओ | १४१ |
| पूआवंदणमाई | ३९ |
| पूएइ वासवो जं | ५८० |
| पूयंगपाणिपरिवा- | १९० |
| पूयादुगं पि एयं | २०६ |
| पूयाफलपरिकहणं | ४११ |
| पेच्च जिणधम्मलाभो | ४०० |
| पेहंतपमज्जंतो | २५० |
| **ब** | |
| बहुमाणविसेसाओ | ८८९ |
| बहुवयणेण दुवयणं | २९८ |
| बहुसुयकमाणुपत्ता | २३ |
| बाहिरिगा वि हु सेवा | ७३५ |
| बिंबं महंतमेगं | ३८ |
| बिंबस्स जस्स पुरओ | ५०१ |
| बीयगरूवसमं पि हु | ८९६ |
| बाहंति न चेव जओ | ३०५ |
| बुज्झंति जे समग्गं | ७१३ |
| बुद्धा अवगयतत्ता | ३४९ |

| गाथा | नंबर |
|---|---|
| बोही जिणेहि भणिया | ३३२ |
| **भ** | |
| भग्गो सव्वविणट्ठो | ४४८ |
| भणइ गुरू तं सुत्तं | ८२४ |
| भणइ गुरू भो तुमए | ७५० |
| भणइ गुरू मुत्ताणं | १४० |
| भणइ परो सच्चमिणं | ४५ |
| भणइ य फिट्टइ गेहं | ५८७ |
| भणिऊण नमुक्कारे | १७१ |
| भणियं च पव्वदिवसे | ७९२ |
| भणियस्स तत्तमेयं | १३७ |
| भत्तिभणिएण इमिणा | ६२८ |
| भत्तिभरनिब्भरमणो | ८४४ |
| भत्तिभरनिब्भरमाण- | ९१ |
| भत्तीए जिणवराणं | ६३५ |
| भत्ती नेमिजिणिंदे | ७६७ |
| भद्द तुमं वायाडो | ११७ |
| भन्नइ अरिहुमसुहं | ६१४ |
| भन्नइ किरियाकालो | ४२४ |
| भन्नइ गुरुणा भद्दय | ४१० |
| भन्नइ तिविहपइट्ठा | ३६ |
| भन्नइ विराहणा खलु | ३७० |
| भन्नइ समाहिमरणं | ८६३ |
| भन्नंति भुवणगुरुणो | ५५२ |
| भमलो पित्तुदयाओ | ४३५ |
| भरियभुवणंतरालो | २९१ |
| भवभीयाण जियाणं | ३३१ |
| भामेइ तहा दिट्ठिं | ४८९ |
| भावजिणप्पमुहाणं | १२ |
| भावारिहंतपमुहं | २३४ |
| भावियजिणवयणाणं | ४५९ |
| भावुल्लासेण विणा | ८१३ |
| भावेज्ज अवत्थतियं | २१७ |
| भावेज्ज य वंदंतो | २३१ |
| भासा असच्चमोसा | ६३४ |
| भिन्नविसय निसिद्धं | २४५ |
| भुवणभवणप्पईवो | ११० |
| भुवणे वि सुंदरं जं | २१५ |
| भूयस्स भाविणो वा | ७०५ |
| भोगो दसप्पवारो | ६२ |
| भो पेच्छह अइसइणो | ६८१ |
| **म** | |
| मग्गाणुसारिपरिणा- | ६११ |
| मज्झिमकणिट्ठिगेसा | १५६ |
| मज्झिमजेट्ठा स च्चिय | १५७ |
| मणनिव्वुई समाहो | ६३२ |
| मरणं पुण पंचत्तं | ६७० |
| मलरहियाणं ण्हाणं | ८७ |
| महरिहसेज्जारुहण- | ५७७ |
| मा माऽऽणवेसु एवं | ५६३ |
| मिच्छत्तमहाकूवा | ७२२ |
| मिच्छत्तुक्कोसठिई | १७५ |
| मिच्छादंसणमहणं | ७९४ |
| मिच्छासायणदंसी | ५८ |

| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| मि त्ति मिउमद्दवत्ते | ३८० | लोगो चउदसरज्जू | ७२५ |
| मुणइ तिकालावत्थं | ६०३ | लोगो व जीवलोगो | ३२१ |
| मुत्तासुत्ती मुद्दा | २४० | लोगो वि सुद्धबुद्धी | ३२४ |
| मुत्तिपयसंठियाण वि | ८२ | लोयकरणेण पीडं | ९६ |
| मुत्तिं पत्ता वि सुरा | ७१४ | लोय(ए) पज्जोयगरा | ३२५ |
| मेलित्तु पण्हियाओ | ४८६ | **व** | |
| मोहंधो जंतुगणो | ३२८ | वच्चइ दुवारनियडं | १८७ |
| मोहाइमल्लमहणो | ६०१ | वड्डइ धम्मज्झाणं | ८११ |
| **र** | | वड्डइ विसुद्धभावो | ७७३ |
| रंजिज्जइ मुद्धजणो | ४०२ | वड्डंति य उवयारे | ३१० |
| रन्नो चिंताइसओ | ५६१ | वड्डियचिंते लोए | ६०८ |
| रयणमयमहाथूभं | ५९८ | वत्तिपइट्ठा एगा | ३५ |
| रागद्दोसकसाए | २८४ | वत्थाहरणविलेवण- | २०० |
| रागद्दोसजयाओ | ३४८ | वत्थाहरणविलेवण- | २२० |
| रागाइजएण जिणा | ६२४ | वत्थेण बंधिऊणं | २०१ |
| रागेण व दोसेण व | ६४ | वंदइ उभओकालं | १६२ |
| रायंगणम्मि चिट्ठइ | ५८४ | वंदणपणिहाणाओ | ८१५ |
| रोगाभावं आरो० | ६३१ | वंदणपूयणबलिढो- | ५२ |
| **ल** | | वंदणपूयणसक्का- | ७८१ |
| लम्बुत्तरथणछायए | ४९५ | वंदणमभिवायणयं | ३९८ |
| लाभाईनिमित्ताओ | ८८५ | वंदणवत्तियाए | ३९७ |
| लोइज्जइ दिस्सइ जं | ६९२ | वंदणविहाणमेयं | २५५ |
| लोगविरुद्धच्चाओ | ८४८ | वंदामि चेइयाइं | ६४१ |
| लोगस भव्वलोगस्स | ३१७ | वन्नाइसु उवओगो | २४१ |
| लोगस्सुज्जोयगरा | ५१५ | वयभंगो गुरुदोसो | ४५७ |
| लोगस्सुज्जोयगरा | ५३० | ववहारो पुण पढमं | ५१ |
| लोगाईया पंच उ | ३१६ | वायनिसग्गुड्डोए | ४३७ |

| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| वायनिसग्गुड्डोया | ४५१ | संसारसागराओ | ७४१ |
| वारिज्जइ जइ वि निया | ८४९ | संसिज्जइ नियकिरिया | १३२ |
| वासहरमेरुवक्खा- | ६४७ | सं सोक्खं ति पवुच्चइ | ५५१ |
| विकहा धरणयदाणं | ६५ | संहिया य पयं चेव | २७१ |
| विगहाविवायरहितो | २४९ | सक्कत्थएण इमिणा | ८३७ |
| विग्घोवसामिगेगा | २१३ | सक्कयभासाबद्धो | ८४१ |
| विज्जाजोगं जणधा | ७१२ | संगमयामरगयऽमा | २ |
| विणया नाणं नाणा | ७२० | संघसमायारमिमं | ९०४ |
| विणियट्टं ति पणट्ठं | ३४६ | संघं अवमन्नंतो | १३१ |
| विणिवारिउं न सक्का | ४३ | संघाइया य पुंजा- | ३७७ |
| वित्तिकिरियाविरोहो | ८७६ | संघुस्सग्गी पायं | ७८४ |
| विरिएण होइ हीणो | ७५६ | संघेगयरो जीवो | ११ |
| विविहमहाकइरइओ | ८४३ | संघो महाणुभावो | ६ |
| विसयबहुत्ते किरिया | ३६२ | संघो महाणुभावो | ९०५ |
| वीरियविरहाओ च्चिय | ७५५ | सच्चमिणं किन्तु फुडं | ५४२ |
| वीरियसजोगयाए | ४४० | सच्चमिह वंदणाए | ४७१ |
| वेमाणियाइसिद्धी | ८५८ | स च्चिय सक्कत्थयंता | १५५ |
| वेयावच्चं जिणगिह | ७७६ | संजमविरुद्धकिच्चे | ४०९ |
| वेलाए विहाणेण य | ८५३ | सत्तमभहिगामित्तं | ७६० |
| वोच्छिन्ने मूलसुए | २२ | सत्तमिया बहुवयणं | ६३६ |
| स | | सत्तेव य कोडीओ | ६४५ |
| सइ चित्तसमाहाणे | ७९१ | सद्धा निओऽभिलासो | ४१७ |
| संवच्छरचाउम्मा- | ८१९ | सन्ताणो समुदाओ | ३७४ |
| संविग्गा विहिरसिया | ८२८ | संतो पसमो भन्नइ | ५९४ |
| संसारगहिरसायर- | ३ | सन्निहियं भावगुरुं | ३६५ |
| संसारवल्लरे जं | २८५ | सप्पं सयणे जणणी | ६१७ |
| संसारसमुद्दाओ | ७४३ | सबरो वसणविरहिया | ४८२ |

| गाथा | नंबर | गाथा | नंबर |
|---|---|---|---|
| सब्भावसुंदरं जं | ८७९ | सागरवरो समुद्दो | ६३८ |
| सब्भूयनागसद्द- | ६९० | सामन्नेन जिणाई | ७३२ |
| समइपवित्ती सव्वा | ११० | सामाइयाइया वा | ३०१ |
| समणाण सावयाण य | ७९८ | सायसयं गोसिऽद्धं | ४७३ |
| समणा महाणुभावा | ४०५ | सारीरमाणसाणं | ८६२ |
| सममिउपम्हलचेलं- | २३० | सासस्स उड्डगमणं | ४३० |
| संपज्जउ मह एयं | ८६५ | सिंहासणे निसन्नो | ८४ |
| संपुन्नपक्खवाई | ८०३ | सिज्झंति तत्थ जीवा | ३५८ |
| संपुन्नवंदणविही | ९०२ | सिढिलत्तमिह पमाओ | ६७८ |
| संपुन्ना उक्कोसा | १६८ | सिद्धपडिमासु एवं | ८६ |
| संभवियाइ जम्हा | ५५६ | सिद्धा अणेयभेया | ७३० |
| सम्मचरणाइ बोहो | ८६४ | सिद्धा निप्फन्ना खलु | ७११ |
| सम्मंजिणवंदणं पुण | २६२ | सिद्धिसमूसुयहियओ | ७०१ |
| सम्मद्दंसणदिट्ठो | ३३० | सिद्धे लद्धपयट्ठे | ६७९ |
| सम्मद्दिट्ठी संघो | ७७७ | सिद्धे वा विक्खाए | ६८० |
| सम्ममवियारिऊणं | ८३० | सिवमुवसग्गविउत्तं | ३५३ |
| सम्माणो माणसपी- | ३९९ | सीमा मेरा तं जो | ६६६ |
| सयमेव जओ सम्मं | ३०३ | सीयलवयणो लेसा- | ५७४ |
| सयमेवागम्म सुरा- | ५५४ | सीसं पकंपमाणो | ४९० |
| सव्वं सिद्धं जेसिं | ७२८ | सीसोकंपिय मूई | ४७९ |
| सव्वत्थ वि पणिहाणं | २४३ | सुकयमणुमोइअव्वं | ७६८ |
| सव्वप्पवायमूलं | २१ | सुत्तत्थो सुगमो च्चिय | ७६६ |
| सव्वमसंगयमेयं | ३७ | सुत्तम्मि चेव भणियं | ८७० |
| सव्वसुरा जइ रूवं | २९० | सुत्तम्मि वि भणियमिणं | ८१७ |
| सव्वे वि जिणवरा ते | ७७० | सुत्ताऽभणियं ति न सं- | ७७२ |
| सव्वो त्ति निरवसेसो | ६४२ | सुत्ताविरुद्धकिरियं | १०६ |
| सव्वोवयारजुत्ता | २१२ | सुत्ते एगविह च्चिय | ८२२ |

| गाथा | नंबर |
|---|---|
| सुत्ते पुण अट्ठसयं | ३२ |
| सुद्धं पि भत्तपाणं | १०४ |
| सुविहिजिणो वि हु एवं- | ५७० |
| सुविहिं च पुप्फदंतं | ५७१ |
| सुव्वइ दुग्गइनारी | ८१४ |
| सुव्वइ य दसाईसु | ८५५ |
| सुव्वइ सिरिकंताए | ७८३ |
| सुहगहणधारणत्थं | २५८ |
| सुहभाववुड्ढिहेउं | ७९६ |
| सुहभावसालिणीओ | ७६४ |
| सूयणमेत्तं सुत्तं | १८ |
| सूरिपरंपरपत्तो | २५७ |
| सेया पसंसणिज्जा | ५७६ |
| सेवानमंसणाइं | ७३६ |
| सेसा पुण छब्भेया | १६३ |

| गाथा | नंबर |
|---|---|
| सोओ मणदेहाणं | ६७१ |
| सो पुण पुक्खरदीवे- | ६५६ |
| सो पुण पुव्वकईहिं | २५१ |
| सो पुण होइ विसिट्ठो | ३३६ |
| सो मोहतिमिरछाइय | ८०५ |
| सोलसभेयागारा | ४४१ |
| सो सुविही नामत्थो | ५७२ |
| सोहग्गरज्जबलरूव- | ८५७ |
| **ह** | |
| हत्थसयाओ मज्झे | १७० |
| हरतणुंगमाहु अन्ने | ३७३ |
| होइ जरा वुड्ढत्तं | ६६१ |
| होइ य पाएणेसा | ८११ |
| होउ नमो अरहंता- | ४६२ |
| होउ पणामो एसो | २७७ |